ગાંધીજી

એક અધ્યયન

શાંતિલાલ
દેસાઈ



ગૂજરાત
વિદ્યાપીઠ
અમદાવાદ

ગાંધીજી

એક અધ્યયન

શાંતિલાલ મગનલાલ દેસાઈ



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

શ્રી મહાદેવ દેસાઈ સ્મારક માળા પુ.૧

ગાંધીજી — એક અધ્યયન

શાંતિલાલ દેસાઈ



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૫૦૦

ચાર રૂપિયા　　　　એપ્રિલ, ૧૯૫૨

પ્રકાશકનું નિવેદન

મને યાદ છે તે પ્રમાણે, કેટલાક વખત ઉપર રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુએ — ઘણું કરીને કોઈક યુનિ૰ના પદવીદાન નિમિત્તે બોલતાં — એવી સૂચના કરી હતી કે, આપણી કૉલેજો ને યુનિવર્સિટીઓએ ગાંધીજીના વિચારોનું ગંભીરપણે અધ્યયન કરવાનું ઉપાડી લેવું જોઈએ. કદાચ તે પરથી વડી સરકારના શિક્ષણ સલાહકાર બોર્ડે ઠરાવ બહાર પાડેલો કે, જુદાં જુદાં રાજ્યોનાં શિક્ષણ ખાતાંએ ગાંધી-સાહિત્યનો અભ્યાસ શાળામહાશાળાઓમાં ચાલે એને ઉત્તેજન આપવું. અને એ દિશામાં પગલાં ભરવાં. પરંતુ આ વસ્તુની ઝાઝી અસર થઈ હોય એમ દેખાતું નથી. અને તેનું કારણ છે. આપણે ત્યાં દોઢ સો વરસથી ચાલતી આવેલી અંગ્રેજી કેળવણી એને માટે આભારી છે. એની આંખો અને કાન એક જ તરફ રહેલાં છે — અંગ્રેજી અને તે મારફત મળતી પશ્ચિમી વાતો. આ એકેન્દ્રિયતાથી સ્વતંત્ર દૃષ્ટિ અને વિચાર કુંઠિત થયાં છે, રૂંધાયાં છે; પરંતુ બલિહારી એ છે કે, એમ મળતી પરાઈ પંડિતાઈનો અહંકાર તો એવો જામ્યો છે કે, તેના ભાર નીચે દબાયેલી યુનિ૰એ પોતાની મેળે થઈને ગાંધી જેવા યુગબળને અભ્યાસ-પાત્ર પણ લેખ્યું નથી! અને તે ભાર એટલો બધો દાખવે છે કે, સ્વરાજ આવ્યે પણ એ વસ્તુ હટી શકતી નથી. ગયા સૈકાના ઉત્તરાર્ધમાં યુરોપમાં કાર્લ માર્ક્સ થયો. યુરોપીય વિચાર-જગતમાં તેણે એક જબરદસ્ત આંધી જગવી. તેને વિષે અપાર અધ્યયન જાગ્યું. યુનિવર્સિટીઓએ પોતાની વિધવિધ વિદ્યાઓના અધ્યયન અધ્યાપનમાં એના વિચારને વણ્યો, ચકાસ્યો, અને આગળ લીધો. આવી વસ્તુ ગાંધીજીના યુગકાર્ય પરત્વે હિંદના શિક્ષણ-જગતમાં ન થઈ — જોઈએ તેવી ન થઈ; બલ્કે, તે સામે અચલાયતન-વૃત્તિ ધારીને યુનિ૰ઓએ તે બાજુ બારીબારણાં જ

પોતાનાં બંધ રાખ્યાં અને ઊલટું માન્યું તો એમ કે, અમે વિશેષ ઉદાર વૃત્તિવાળા છીએ; ગાંધીજીની વસ્તુ સંકુચિત છે. આમ સિદ્ધ કરતો પણ એકાદ વિદ્યાપૂર્ણ પ્રમાણગ્રંથ લખ્યો હોત તોય સારું. પરંતુ તેવુંય કાંઈ બન્યું નથી. અનેક વાર બન્યું છે એમ, ભણેલા ગણાતા હિંદે ગાંધીજી બાબતમાં પણ, પશ્ચિમમાંથી કદર થઈને આવ્યા પછી, પોતે પોતાની આંખ ઉઘાડી. પશ્ચિમે તો ઈ. સ. ૧૯૨૩-૪થી ગાંધીજી વિષે પોતાની અભ્યાસશક્તિ બતાવી છે. ૧૯૧૦ પૂર્વેના રેવરંડ ડોકના ગાંધી-ચરિત્ર બાદ ૧૯૨૩-૪માં રોમાં રોલાંએ ગાંધીજી પર પોતાનો મશહૂર નિબંધ બહાર પાડ્યો. ત્યાર બાદ એકધારું સાહિત્ય યુરોપમાં બહાર પડે છે. તેની સરખામણીમાં અહીં શું છે? આ વિષે હકીકતી ચિતાર મેળવવો હોય તો મારા મિત્ર શ્રી. પાંડુરંગ દેશપાંડેએ તૈયાર કરેલી ગાંધી ગ્રંથસૂચિ તરફ નજર કરવા જેવી છે. પણ એ વસ્તુ એટલે છોડીએ. આપણા રાષ્ટ્રીય વિદ્યાજીવનની આ કરુણ કથા ખરું જોતાં આપણી અંગ્રેજી કેળવણીની જ ગુલામ-કથા છે. તે વિષે લંબાણ કરવાની જરૂર નથી. પરંતુ શ્રી શાંતિલાલ દેસાઈનો આ મહાનિબંધ પ્રસિદ્ધ કરતી વખતે એ પરત્વે ખ્યાલ ગયો, તે પૂરતો આ વિચાર અહીં નોંધું છું.

શ્રી શાંતિલાલ દેસાઈ મુંબઈ યુનિ૦ના ગુજરાતીના એમ.એ. છે. તે પછી તેમણે પીએચ. ડી.ની દૃષ્ટિએ નિબંધ તૈયાર કરવા વિચાર્યું અને તેમાં તેમણે ગાંધીજી વિષે અભ્યાસ કરી તે ઉપર મહાનિબંધ તૈયાર કરવા ઠરાવ કર્યો. તેને સારુ તે ગાંધીજી સેવાગ્રામ હતા તે દરમિયાન ત્યાં રહી આવ્યા છે. ત્યાં રહી પોતાના નિબંધના વસ્તુનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો. એમ મહેનત કરીને તૈયાર કરેલો આ નિબંધ કેટલાક ગાંધી સાહિત્યના અભ્યાસીઓ પાસે ચર્ચ્યો અને તે અનુસાર તેને મઠારી લીધો છે. અને હવે તેમણે એને પ્રસિદ્ધ કરવા વિદ્યાપીઠને જણાવ્યું. તે વિદ્યાપીઠે સ્વીકાર્યું છે અને તે મુજબ આ પુસ્તક બહાર પડે છે.

ઉપર શરૂમાં કહ્યું તેમ, ગાંધીજી જેવા યુગપ્રવર્તક પુરુષના વિચારને હિંદના સાંસ્કૃતિક ઇતિહાસમાં હમેશનું સ્થાન મળ્યું છે. તે વિચારની ઇતિહાસ-પૂત સમીક્ષા થવી જોઈએ; હિંદની અને હિંદુ ધર્મની જગજ્જૂની પરંપરામાં ગાંધીજી કયું સ્થાન લે છે, ક્યાં આગળ વિચારને આગળ લે છે કે નવીનતા આપે છે, વગેરે તપાસીને તેનું મૂલ્યાંકન થવું જોઈએ. આમ આપણે કહીએ છીએ તો ખરા, પણ તેમ થતું નથી. શ્રી શાંતિલાલની ચોપડી એ દિશામાં નમ્ર પ્રયત્ન હોઈ કદરને પાત્ર ગણાય. આપણા વિવિધ પ્રશ્નો ગાંધીજીની દૃષ્ટિએ પણ વિચારાય અને તેનો તુલનાત્મક અભ્યાસ વધે, એ જરૂરી છે. તે દૃષ્ટિએ વિદ્યાપીઠે શ્રી મહાદેવ દેસાઈના નામે એક સ્વતંત્ર ગ્રંથમાળા યોજવાનું ઠરાવ્યું છે. શ્રી મહાદેવભાઈ આવા એક આદર્શ અભ્યાસી હતા. તેમને નામે વિદ્યાપીઠમાં સમાજસેવા મહાવિદ્યાલય ચાલે છે. તેના વિદ્યાર્થીઓના અભ્યાસમાં એક વિષય એ છે કે, પોતાના અભ્યાસને અંતે, પોતે પસંદ કરેલા કોઈ એક પ્રશ્નની તપાસ કરી તે ઉપર નિબંધ રજૂ કરવો. આવા નિબંધો એ વરસથી વિદ્યાપીઠ પાસે આવતા થયા છે. તેમાં લેવાયેલા કેટલાક સવાલો* નીચે ટીપમાં નોંધું તો વાચકને તેમાં રસ પડશે માનું છું. આ નિબંધો તે તે વિષયના તદ્વિદની દેખરેખ અને દોરવણીથી તૈયાર થાય છે. તેમને જોઈ

---

*૧. કાઠિયાવાડની ખાદીપ્રવૃત્તિ
૨. નળકાંઠાના પઢાર
૩. મજૂરમહાજન સંઘ, અમદાવાદ, નો વિકાસ અને તેની હાલની પ્રવૃત્તિઓ
૪. મજૂર કલ્યાણ પ્રવૃત્તિ
૫. ચમનપુરાના વાઘરીઓ
૬. ગુજરાતની વર્ધાયોજનાની શાળાઓ
૭. ગુજરાતનું ગોધન
૮. સુરત જિલ્લાના રાનીપરજ
૯. પંચમહાલની સહકારી પ્રવૃત્તિ
૧૦. નળકાંઠાના રબારીઓ
૧૧. ધોળકા તાલુકાના વણકરો
૧૨. ગુજરાતની વિદ્યાર્થી-પ્રવૃત્તિ
૧૩. મહીકાંઠાના ક્ષત્રિયો
૧૪. સાબરકાંઠાના આદિવાસીઓ
૧૫. સુરત જિલ્લાના રાનીપરજમાં સહકારી પ્રવૃત્તિ
૧૬. મજૂરોની ફુરસદનો ઉપયોગ

જઈને જો તદ્વિદો કહે કે, સામાન્ય વાચકને પણ તે આપવા જેવા છે, તો તે પુસ્તિકાઓ રૂપે શ્રી મહાદેવભાઈ સ્મારક માળામાં પ્રસિદ્ધ કરવાનું વિચાર્યું છે. શ્રી શાંતિલાલ દેસાઈનો આ ગ્રંથ એ જ જાતનો અને તેનાથી ચડતી કોટીનો ગણાય. તેને આ સ્મારક માળાના પહેલા ગ્રંથ તરીકે લેવાનું બને છે, એ સારી વાત છે. ગાંધીજીના વિચારોનો અભ્યાસ કરનારાને આ પુસ્તક ઉપયોગી નીવડશે એવી આશા છે.

૨૨-૩-'૫૨

અર્પણ

જીવનને ઉચ્ચ બનાવવાની સદૈવ પ્રેરણા આપનાર

પૂજ્ય પ્રિય માતાપિતાને—

અનુક્રમણિકા

ગાંધીજી – એક અધ્યયન

પ્રવેશક

वीतरागविषयं वा चित्तम् ।*

પાતંજલદર્શનનું આ સૂત્ર દરેક અભ્યાસીને માટે વ્યવહારસૂત્ર છે. પણ જેને ચિત્તના અભ્યાસની સાથે દૃશ્ય જગતનાં શાસ્ત્રો, વાદો અને વ્યવહારોનો અભ્યાસ કરવો છે તેને માટે પણ આ સૂત્ર ખૂબ માર્ગદર્શક થઈ પડે એમ છે. ચિત્તશુદ્ધિના ઉપાય બતાવતાં યોગદર્શન રાગદ્વેષ વગરના ચિત્તનું ચિંતન કરવાનું કહે છે. પણ એવું ચિત્ત કલ્પનાથી ઊભું કરવું મુશ્કેલ છે. એનો જો વ્યવહાર જગતમાં પ્રત્યક્ષ નમૂનો મળે તો અભ્યાસીને ભારે સુગમતા મળે. એટલે તેણે રાગદ્વેષ વગરના મનુષ્યને પ્રત્યક્ષ વ્યવહારમાં જ શોધવો રહ્યો.

આ સૂત્રના આ અર્થને વ્યવહારુ કરવાના પ્રયત્નમાં જ મને ગાંધીજીનો અભ્યાસ કરવાની તક મળી ગઈ. રાગદ્વેષ વગરનું ગાંધીજીનું ચિત્ત તેમની પોતાની ઝડપી ઊર્ધ્વગતિ કરવાની સાથે જ કેટકેટલા મનુષ્યોના જીવનને ઊંચું લાવી શક્યું છે! તેમના શુદ્ધ કાર્યદક્ષ ચિત્તે પ્રજાને, દેશને અને દુનિયાને ઊંચે જવામાં કેવો નવો અને સરળ માર્ગ બતાવ્યો છે!

આમ ગાંધીજીના વીતરાગ વિષય ચિત્તના અભ્યાસમાં સુગમતા, સરળતા અને વ્યવહારુ માર્ગ મળવાથી ગાંધીજીનો અભ્યાસ શરૂ થયો. જીવન સમસ્તને આવરી લેવાના ગાંધીજીના આ અભ્યાસને લીધે જીવનનાં બીજાં ક્ષેત્રો, શાસ્ત્રો અને વાદોનો પણ અભ્યાસ કરવાની તક મળે છે. એક લેખકના અભ્યાસમાં આવી તક ભાગ્યે જ મળે. વળી ગાંધીજીના અભ્યાસથી અભ્યાસની વૃત્તિ પણ ખૂબ વધે છે એ નાનોસૂનો લાભ નથી.

---

* પાતંજલ દર્શન, પ્રથમપાદ, સૂ. ૩૭

મહાકાવ્યોના દુકાળના આજના જમાનામાં ગાંધીજી મહાકાવ્યના એક ઉત્તમ વિષય છે. એમનાં જીવન, કાર્યો અને સાહિત્યમાંથી મહા-કાવ્યના સર્જકને અનેક પ્રેરણા મળે એટલો મસાલો પડ્યો છે. એ પર કોઈ મહાકાવ્ય સર્જે ત્યારે ખરું; પણ એમના જીવન અને સાહિત્યનું સાચું મૂલ્યાંકન કરી, એમનાં જીવનકાર્યોનાં પ્રેરક બળો અને અંતર-પ્રવાહોનું શોધન કરી પ્રજા તેનો લાભ ઉઠાવે એનો સમય તો ક્યારનોય પાકી ગયો છે. હર વિષયમાં, હર પ્રસંગે બાપુને યાદ કરનાર પ્રજા એમનું કેવળ નામ જ રટ્યા કરે છે તેથી એને કશો લાભ થવાનો નથી. ગાંધીજીને સાચી રીતે યાદ કરવા અને એમનો પૂરો લાભ ઉઠાવવા માટે ગાંધીજીને પ્રજાએ બરાબર સમજી લેવા જોઈએ.

ગાંધીજીને સમજવા માટે એમનું પોતાનું વિપુલ સાહિત્ય પ્રજા પાસે પડ્યું પાથર્યું છે. એટલું જ નહીં પણ એમના ઉપર દેશ અને પરદેશના અનેક વિદ્વાન લેખકોએ પણ ખૂબ લખ્યું છે. એમના ગાઢ સંબંધમાં આવેલા અને અનુયાયી ગણાય એવા મહાનુભાવોએ પણ ગાંધીજીવનદર્શન પર સારી પેઠે લખ્યું છે. એ દર્શનને સ્પષ્ટ કરવા અનેક પ્રયાસો થયા છે.

પરંતુ ગાંધીજી એક સંશોધનનો વિષય છે અને ગાંધીજીને સંશો-ધનની નજરે નિહાળવા જરૂરી છે—એવી વિવેચનની દૃષ્ટિથી તો બહુ જ ઓછા પ્રયાસ થયા છે. શ્રી કિશોરલાલભાઈએ ગાંધીજીને આ દૃષ્ટિએ જોવાનો સારી પેઠે પ્રયાસ કર્યો છે. શ્રી મગનભાઈ દેસાઈએ 'સત્યા-ગ્રહની મીમાંસા'માં આવો જ પ્રયાસ કરી સત્યાગ્રહના તત્ત્વની તત્ત્વચર્ચા કરી છે. પણ આ અને આવા થોડા પ્રયાસો બાદ કરતાં ગાંધીજીને સંશોધનની દૃષ્ટિએ જોવાના પ્રયાસો બહુ ઓછા ગણાય. એમના જીવન અને જીવનદર્શનનું આમૂલાગ્ર વિવેચન તો થાય ત્યારે થાય; પરંતુ એ થાય તે પહેલાં એમના સાહિત્ય અને વ્યક્તિત્વનો સંશોધનની દૃષ્ટિએ અભ્યાસ થવો ખાસ જરૂરી છે જ.

સંશોધનની દષ્ટિએ ગાંધીજીનું સ્થાન બહુ ઊંચું આવે છે. ગાંધીજી એટલે માનવ વિકાસનું એક ઉત્તુંગ શિખર. એ શિખરને નિહાળતાં અનેક પથિકોને ઉપર જવાનો માર્ગ મળ્યો છે, મળ્યા કરે છે અને હજારો વર્ષ સુધી મળ્યા કરશે. માનવ જાત આખીય ખૂબ આગળ વધશે અને માનવજાતિમાં અનેક ગાંધી પેદા થશે ત્યારેય ગાંધીજીનું જીવન જીવનવિકાસના એક ઉત્તમ માર્ગસ્તંભ તરીકેનું કામ કરશે. ગાંધીજીનું સ્થાન આ રીતનું છે એમ તો ઘણા સ્વીકારે છે. એવો સ્વીકાર કરતાં એમના પર અનેક પુસ્તક લખાયાં છે. પરંતુ એમાં વિવેચન કરતાં કદર અને સંશોધન કરતાં સ્તુતિભાવ વિશેષ હોય છે. જ્યાં વિરુદ્ધ દષ્ટિથી ટીકા થઈ છે ત્યાં વિચારણા કરતાં વિરોધ ભાવ જ વધુ પ્રગટ થયો છે. એટલે શુદ્ધ વિવેચનની દષ્ટિ રાખી ગાંધીજીના સાહિત્ય અને વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવું જરૂરી છે જ.

સાહિત્યનું વિવેચન કરતાં તેના સર્જકના વ્યક્તિત્વના વિકાસનો વિચાર તો કરવો પડે જ. આ વિવેચન સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને પહેલાં ગાંધીજીના જીવનને ગુણવિકાસની દષ્ટિએ ટૂંકમાં નિરૂપ્યું છે. ગાંધીજીના જીવન, લેખન અને અન્ય પ્રવૃત્તિમાત્રનું પ્રેરક ધર્મ હતું. એટલે ગાંધીજીના ધર્મવિચારને તેના વિકાસક્રમે તારવ્યો છે અને તેની વિવેચના કરી છે. દરેક પ્રકરણમાં તેના વિકાસક્રમની પદ્ધતિ જ અખત્યાર કરી છે. એ વડે જ વ્યક્તિત્વના વિકાસનો સાચો ખ્યાલ આપી શકાય.

ધર્મ પછી એમનું રાજકારણ જોવું રહ્યું. ધર્મ જ એમને રાજકારણમાં ઘસડી ગયો. રાજકારણમાં એમની એકાંગી દષ્ટિ નહોતી. સુધારણા દષ્ટિ વ્યાપક હતી. રાજકારણમાં અને અન્ય ક્ષેત્રોમાં એમની દષ્ટિ, શક્તિ અને પદ્ધતિ કેળવણીની, સુધારણાની હતી. તેથી રાજકારણના નિરૂપણ પછી એમના કેળવણી વિષયક વિચારો અને સિદ્ધાંતોની ચર્ચા અર્વાચીન કેળવણીશાસ્ત્રના સિદ્ધાંતો સાથે તુલના અને કસોટી કરતાં કરી છે.

આમ ગાંધીજી મુખ્યત્વે લોકશિક્ષક બની રહ્યા હતા અને લોક-શિક્ષણના કામમાં જ એમણે સાહિત્યનું સહજ સર્જન કર્યું, તેથી સાહિત્યનું નિરૂપણ છેવટે આવે છે. સાહિત્યના બોધક અને પ્રેરક એવા ભાગ પાડીને એમના સાહિત્યની ચર્ચા કરી છે. એમનું સાહિત્ય સાહિત્યવિવેચનના કોઈ એક રૂઢ ખોખામાં સમાઈ શકે એમ નથી. એટલે એમના સાહિત્યની વિવેચના પણ સ્વતંત્ર દૃષ્ટિથી જ કરવી રહી.

ઉપરના એક એક વિષય પર એક સ્વતંત્ર પુસ્તક લખી શકાય એટલો મસાલો ગાંધીજીના જીવન, કાર્ય અને સાહિત્યમાંથી મળી શકે છે. પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં ગાંધીજીના સાહિત્ય અને વ્યક્તિત્વનું જ મૂલ્યાંકન કરવાનો ઇરાદો હોઈ સુસંગત એવાં એ ચાર પાસાંને એક-સાથે વણી લીધાં છે. એમનાં અર્થકારણ, સમાજશાસ્ત્રવિષયક વિચારો, યંત્રની મર્યાદા, સત્યાગ્રહ શાસ્ત્ર, વગેરે પર તો ઘણું લખાયું છે, લખાય એમ છે અને લખાશે. પરંતુ એમના વ્યક્તિત્વનો વિકાસ અને એમના સાહિત્યસર્જન તરફ સાહિત્યની અને સંશોધનની દૃષ્ટિથી નિહાળવાનું અહીં વિચાર્યું છે. ગાંધીજીનું જીવન હમેશ ખુલ્લું હતું, એમનું સાહિત્ય સત્યના પ્રયોગોના વર્ણનથી ભરપૂર છે. તેમ છતાં એમના જીવનનાં ગૂઢ અંતસ્તલો, અક્ષુણ્ણ અંતર પ્રવાહો અને અજાણ બળોની તો શોધ કર્યે જ છૂટકો છે. એ શોધ જેટલી વધે તેટલો જ પ્રજાને ફાયદો છે. એવી શોધથી જ ગાંધીજીનાં અગમ ગણાતાં કાર્યો અને શક્તિનો સાચો પરિચય થઈ શકે.

સંશોધનની આવી દૃષ્ટિ રાખીને ગાંધીજીનાં લખાણોનું સાહિત્યિક મૂલ્યાંકન કરવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. આવો પ્રયાસ હજી ગુજરાતી સાહિત્યમાં થયો નથી. ગુજરાતી સાહિત્યનાં ઇતિહાસ વિષયક પુસ્તકોમાં ગાંધીજીનો નામનિર્દેશ અને ટૂંક વિવેચન થયાં છે, પરંતુ આ જાતની વિવેચના હજી સુધી થઈ નથી. એટલે પ્રથમ વાર અહીં 'આત્મકથા' 'મંગળ પ્રભાત' 'હિંદ સ્વરાજ' વગેરે પુસ્તકોનું સાહિત્યિક વિવેચન થાય છે.

એજ રીતે માનવધર્મને મૂર્ત સ્વરૂપ આપનાર તરીકે મૂર્તિમંત ધર્મમૂર્તિ કઈ રીતે બન્યા, અને ધર્મ એમના જીવનનું પ્રેરક બળ બનીને શું શું સાધી શક્યો એની પણ આદ્યંત ચર્ચા કરવામાં આવી છે. એમના જીવન ઉપર ટૉલ્સ્ટૉય, રસ્કિન વગેરેની અસરનાં પણ સવિસ્તર બ્યાન આપ્યાં છે.

કેળવણીકાર તરીકેનું મૂલ્યાંકન પણ કેળવણીશાસ્ત્રના સિદ્ધાંતોની તુલના કરીને કરવામાં આવ્યું છે. વળી પોતાના દેશની સેવા કરતાં કરતાં સમસ્ત માનવજાતને તેઓ કેટલા ઉપયોગી બની શક્યા છે એનો નિર્દેશ પણ યથાસ્થાને કરવામાં આવ્યો છે.

ટૂંકમાં ગાંધીજીના જીવન, કાર્ય અને તેમના સિદ્ધાંતોની સુસંગત તટસ્થ અને રચનાત્મક વિવેચના કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સંશોધનના આ પ્રયાસથી ગાંધીજી અંગે અને સત્યમય જીવન અંગે સંશોધનનો શોખ વાચકમાં પેદા કરવામાં જ પ્રયાસની સફળતા માની છે.

છેલ્લે, એટલું નોંધવું જરૂરી છે કે ગાંધીજી પોતે આમાંનાં ધર્મ-પ્રકરણનો મોટો ભાગ, કેળવણી અંગેનો ઘણો ભાગ જોઈ ગયા હતા — એમાં એમને સંતોષ થયો હતો અને લખાણ પૂરું કરવાને પૂરું પ્રોત્સાહન આપ્યું હતું. પુસ્તકના બીજા વિચારો વિષે એમની સાથે ચર્ચા કરી લીધી હતી અને તે મુજબ અહીં સવિસ્તર લખાણ કરવામાં આવ્યું છે. ગાંધીજીની આ પ્રેરણાને લીધે જ આ પુસ્તક પૂરું થઈ શક્યું છે.

જે મહાનુભાવો વડીલોએ આ પુસ્તક પ્રકાશિત કરવામાં પ્રોત્સાહન અને સાથ આપ્યો છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જીવનકથા

ગાંધીજીનું જીવન એમની 'આત્મકથા'થી સૌને સુલભ છે. એમના જીવનના મહત્ત્વના પ્રસંગો વિષેની બધી પ્રમાણભૂત હકીકતો એમાંથી મળી રહે છે. તેમાં ગાંધીજીએ પોતાની જાતને તટસ્થભાવે તપાસી છે, એટલે પોતા વિષે ઠેકઠેકાણે કરેલું વિવેચન પણ ઉપયોગી છે. અહીં ગુણવિકાસ નિરૂપવાની દૃષ્ટિથી એમના જીવનનું મુદ્દાસર વિવેચન કરતાં કેવળ કથાસાર આપવાનો ઇરાદો છે.

એમના જીવનવિકાસને સાત તબક્કામાં વહેંચી શકાય: (૧) બાળવય અને કિશોરવયમાં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસકાળ; (૨) બારિસ્ટરના અભ્યાસ સારુ વિલાયતમાં નિવાસ; (૩) દક્ષિણ આફ્રિકામાં પ્રથમ નિવાસ અને તે દરમ્યાન ત્યાંના હિંદીઓનો સંપર્ક ને સેવા તથા તેમાંથી જન્મ પામેલી ધર્મજિજ્ઞાસા; (૪) દક્ષિણ આફ્રિકામાં તરત જ બીજો લાંબો નિવાસ; સત્યના પ્રયોગો ને સત્યાગ્રહજન્મ. (૫) ૧૯૧૫માં હિંદમાં આવ્યા બાદ સત્યાગ્રહની કેટલીક લડતો લડવાનો કાળ. (૬) ૧૯૩૦માં દાંડીકૂચ. બીજી ગોળમેજીમાં દેશનો અવાજ સંભળાવ્યો. રાષ્ટ્રના એક માત્ર પ્રતિનિધિ બની રાષ્ટ્રપિતા બન્યા. (૭) ૧૯૩૯માં બીજા વિશ્વયુદ્ધ વખતે શાંતિ સ્થાપવાનો પ્રયાસ. ત્યાર પછી અંત સુધી 'કરેંગે યા મરેંગે'ના સૂત્રનો અમલ કરતાં વીરોચિત મૃત્યુને ભેટ્યા.

૧

બાલવય ને અભ્યાસકાળ

પૈતૃક વારસો

સૌને મળે છે તેમ ગાંધીજીને પણ માતાપિતાના વંશનો ગુણ-વારસો મળ્યો હતો. સદ્ભાગ્યે એ પૈતૃક વારસામાં ગુણોનું બાહુલ્ય

હતું. માતાપિતા ગુણીજન હોઈ એમના સારા ગુણો સૌથી નાના મોહનમાં ઊતર્યા. જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં, ધર્મમાં, રાજકારણમાં ને સમાજસેવામાં જે જે મહાન ગુણો એમણે દાખવ્યા તેનાં મૂળ આ ગુણવારસામાં જોવા મળે છે.

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદરના ગાંધી કુટુંબમાં સને ૧૮૬૯ના ઑક્ટોબરની ૨જી તારીખે થયો હતો. અસલ ગાંધિયાણાનો વેપાર કરનારું આ કુટુંબ ત્રણ પેઢી થયાં રજવાડામાં કારભારું કરતું. મોહનદાસના દાદા અને પિતા બન્ને ટેકીલા ને કુનેહબાજ હતા. કુટુંબપ્રેમ, સત્યપ્રેમ, શૂરાપણું ને ઉદારતાના એમના ગુણો મોહનદાસમાં ઊતર્યા જણાય છે. માતા સાધ્વી સ્ત્રી હતાં. અનેક વ્રતો લેતાં, પાળતાં ને ઠેઠ સુધી આગ્રહથી વળગી રહેતાં. માતાનું આ ભાવનાબળ મોહનમાં વૃદ્ધિ પામીને ઊતર્યું. માતાપિતાની વ્યવહારકુશળતા ને કાર્યપરાયણતાનો પાસ પણ નાનકડા મોહનના જીવાત્માને લાગવા પામ્યો. આગળ જતાં ગુણોના આ પૈતૃક વારસાને ગુણિયલ મોહને વધાર્યો, પોષ્યો ને વિસ્તૃત કર્યો. ધનવારસો પિતા તરફથી ન મળ્યો પણ માતાપિતાનો આ બેવડો ગુણવારસો તો મોહનને સારુ મહામૂલો થનાર હતો.

બચપણનાં પ્રથમ બાર વર્ષ દરમ્યાન કશો દેખીતો મોટો બનાવ બનતો નથી. તે વેળાનું એમનું વિદ્યાર્થીજીવન પણ સામાન્ય ગણાય. છતાં એ સામાન્યતામાં પણ નિરાળું ને છૂપું હીર હતું. અજાણપણે પણ સત્યનો આગ્રહ હતો, સત્યાચરણને માટે સહન કરવાની તાકાત હતી. પરીક્ષામાં માસ્તરે ચોરી કરવા સૂચન કર્યું પણ તેમ ન કરતાં 'મૂર્ખાઈ' કરવાનો આરોપ સહન કર્યો! આવી વિડંબના થયા છતાં માસ્તર તરફ કદાપિ વિનય ન છોડ્યો. આ પ્રસંગે દાખવેલી સહનશીલતા અને વડીલોનો દોષ ન જોવાનો ગુણ એમને ત્યારથી જ સહજસિદ્ધ હતાં. "તેઓ કહે તે કરવું; કરે તેના આપણે કાજી ન બનવું" એ સૂત્રની સમજ પાકી, ઊંડી ને સહજ હતી. પણ વડીલ

એવું કહે તે કરવાની જરાય તૈયારી ન હતી, તે ઉપરનો કિસ્સો જ સિદ્ધ કરે છે.

ધ્યાન બહાર જાય એવું એમનું નાનપણનું લક્ષણ તે બાલોચિત તોફાનનો અભાવ. મોટપણમાં શાંત પ્રકૃતિવાળા પુરુષો નાનપણમાં તોફાની હોય છે. પણ મોહનમાં ઠાવકાશ પહેલેથી જ હતી. ભવિષ્યમાં શાંતિનો સંદેશ આપનાર તે થનાર હતો તેની એ આગાહી હશે! કે પછી એમ કહીશું કે નાનપણની ઠાવકાશનું સાટું મોટપણમાં શાંતિમય ક્રાંતિ કરવામાં વાળ્યું!

બીજો એક હૃદયગુણ અત્રે નોંધપાત્ર છે. કોઈને છેતરવાનું ગમતું નહીં. આળસ થાય છતાં પાઠ વાંચવા પડતા. પાઠ ન કરતાં ઠપકો સહન કરવો પડે. ઠપકો સહન ન થાય એટલું હૃદય કોમળ ને આળું હતું. પણ હૃદયની આવી કોમળતા સાથે ભાવનાબળ ભરપૂર પડ્યું હતું. 'શ્રવણ પિતૃભક્તિ નાટક' રસપૂર્વક વાંચ્યું અને એમાંની પિતૃ-સેવાની ભાવનાને એમના બાળહૃદયે ખૂબ પોષી. સેવા માટે શ્રવણ એમનો આદર્શ થઈ પડ્યો. આવી જ સચોટ અસર હરિશ્ચન્દ્રના આખ્યાનની થઈ. એનું નાટક પણ જોયું. એ નાટક એમના બાળ મનમાં સેંકડો વાર ભજવાયું. સત્યપાલનના સ્વભાવગત ગુણને આમ ભાવનાબળની પુષ્ટિ મળી. "હરિશ્ચન્દ્રનાં સ્વપ્નાં આવે. હરિશ્ચન્દ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય?" એ ધૂન ચાલી. અને એવી ધૂન છેવટ સુધી પણ ક્યાં સુધી થઈ હતી!

લગ્નમાં નહોતી તેવી લગ્ન પછીના એમના ધણીપણામાં એક વિશેષતા હતી. લગ્ન તો સામાન્ય રીતરિવાજ મુજબ ખાનપાન ને ધમાલથી બાળપણમાં જ થયાં. પણ શરૂઆતના લગ્નજીવનમાં ખાસ કંઈ નવીન નહોતું. છતાં માનસિક દશાનો આંતર પ્રવાહ એક ધ્યેય તરફ વહેતો હતો. એકપત્નીવ્રત પાળવા વિષે નિબંધોનાં નાનાં ચોપાનિયાંમાં વાંચવામાં આવ્યું. એ હૃદયમાં રમી રહ્યું. પત્નીને ભણાવવાની પણ હોંશ જાગેલી. પણ પ્રતિકૂળ સંજોગોને કારણે ખાસ સફળતા ન મળી.

હાઈસ્કૂલના ભણતરમાં કશી અસાધારણતા ન મળે. પોતાની હોંશિયારી વિષે પોતાને પણ ખાસ માન ન હતું. પણ વર્તન વિષે ભારે ચીવટ હતી. વર્તનમાં ખામી આવે એટલે ભારે ગૌરવહાનિ લાગતી. ચારિત્ર્ય વિષે આ ચીવટ અતિ સૂચક હતી. આખા જીવન દરમ્યાન નીતિ ને ધર્મને જીવનમાં પ્રથમ સ્થાન આપવાના આગ્રહનું એ મૂળ હતું. આની સાથે તે વેળાની પ્રશસ્ય સાવધાનતા પણ ધ્યાન ખેંચે તેવી હતી. એક વેળા પોતે સાચા હોવા છતાં કેવળ ગાફેલ રહેવાને કારણે શાળામાં દંડ થયો. એના ઉપરથી સમજ્યા કે 'સાચું બોલનારે ને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ.' સાવધાનતાનો આ ગુણ એમને આંતર અવલોકનમાં ખૂબ સહાયભૂત થઈ રહ્યો અને એમના ઝડપી જીવન-વિકાસમાં અગત્યનો ભાગ ભજવી શક્યો.

આવો જ એક અન્ય મહત્ત્વનો ગુણ તે પિતૃસેવાનો શોખ. શાળાની કસરતમાંથી મુક્તિ મેળવીને પણ પિતાની સેવા કરવાની તક મેળવી. ઉંમરની સાથે આ ગુણ વૃદ્ધિ પામતો ગયો અને સેવાના એ શોખથી એક બાજુ માનવતાની સેવા કરવા શક્તિમાન બન્યા ત્યારે બીજી બાજુ માનવજીવનનાં અનેક ક્ષેત્રોમાં એમની સેવાશક્તિ વહી. "પુત્રનાં લક્ષણ પારણામાં" એ કહેવત મુજબ મહાત્માનાં લક્ષણ બાળપણમાં બહાર તો નહોતાં જણાઈ આવ્યાં, પણ એમના મહાન ગુણો બીજાંકુરરૂપે એમના બાળ ને કિશોરજીવનમાં સારી પેઠે જોવા મળે છે ખરાં.

કેટલાક સૂચક બનાવો

ભણતરમાં ભૂમિતિ અને સંસ્કૃતે થોડીઘણી મુશ્કેલી પાડી હતી. યુક્લિડના ૧૩મા પ્રમેય પર આવતાં એકાએક ગેડ ઊકલી ગઈ અને ભૂમિતિનો વિષય ખૂબ સહેલો લાગવા લાગ્યો. અને આવું જ કંઈક આકસ્મિક છૂપું પરિવર્તન એમના જીવન અંગે પણ બનતું નથી શું? અમુક વર્ષો સુધી સામાન્ય દેખાતો મોહનદાસ એકાએક કંઈક અવનવી સૂઝ પેદા થતાં અપૂર્વ માનવી બની જાય છે! જીવનમાં ગડમથલ

કરનાર ને અટવાતા એમને જીવન સહેલ થઈ પડે છે, એક પ્રયોગ-શાળા બની રહે છે.

નાનો દેખાતો કિશોરવયનો એક પ્રસંગ ભારે અગત્યનો છે; બાળપણની મનોદશાનો ઘણો સૂચક છે. અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાની હોંશ અને ઉત્સાહ મોહનના કિશોર હૃદયમાં છૂપાં પડ્યાં હતાં. એ હોંશ ને ઉત્સાહ આગળ જતાં પ્રખર રૂપ ધારણ કરી આખા દેશને તેનો ચેપ લગાડવા જેટલાં પ્રચંડ બન્યાં ને 'હિંદ છોડો'ના બુલંદ પડકારમાં પરિણમ્યાં. તેમ નાનપણમાં એ જ બાલિશ હોંશ બળવાન થવાને માંસ ખાવા તરફ દોરી ગઈ. એક મિત્રે સૂઝાડેલો માંસ ખાવાનો રસ્તો પકડ્યો. ધર્મચુસ્ત કુટુંબના આ આજ્ઞાંકિત બાળકને માટે માંસ ખાવાનો અખતરો નાનોસૂનો ન હતો. અંગ્રેજોને હાંકી કાઢવા બળવાન થવાનો એ ઉત્સાહ કેટલો તીવ્ર હશે તેનો આ ઉપરથી આંક નીકળે છે.

સુધારકવૃત્તિ પણ એટલી જ તીવ્ર હતી. જીવનસુધારણાના જે વેગવાન પ્રયત્ન કર્યા તેના મૂળમાં એ સુધારકવૃત્તિ રહેલી હતી. પણ નાનપણમાં અણસમજને કારણે તથા મિત્રના સંગદોષને લીધે થોડો સમય કુછંદે ચડ્યા. પણ એ બધી માંસાદિ ખાવાની પ્રવૃત્તિ ગુપ્ત હતી. માતાપિતાને છેતરતાં હૃદય કોરી ખાતું હતું. અંતે માંસાહાર છોડ્યો — જોકે બહુ થોડી વખત જ તેનો સ્વાદ ચાખવા પામ્યા હતા. પણ એ મૈત્રી ન છૂટી. વ્યભિચારમાંથી સંજોગવશાત્ કે શરમાળ સ્વભાવને કારણે જેમતેમ બચવા પામ્યા.

સત્યાચરણનો હિંમતભર્યો ને સુભગ પ્રસંગ આ કાળ દરમ્યાન કે તે પહેલાં થોડા સમયે બનવા પામ્યો. પિત્રાઈ ભાઈની સંગાથે બીડીની લતમાં ફસાયા. તે અંગે થોડું દેવું થયું તે ભાઈનું સોનાનું કડું કપાવી ફેડ્યું. પણ આખોય પ્રસંગ અંતરને અતિ દુઃખદાયક થઈ પડ્યો. અંતે આખી વાત ચિઠ્ઠી વાટે પિતાને જણાવીને શાંતિ મેળવી. પિતાના પ્રચંડ ક્રોધની અપેક્ષા છતાં દાખવેલી સત્યકથનની આ નીડરતા એમની સત્યપરાયણતા ને નિશ્ચયશક્તિનો આબાદ નમૂનો છે. હૃદયની નિર્મળતા

પણ એ પ્રસંગ બતાવે છે. કશુંય પાપ એમનું હૃદય ગુપ્ત રાખી સાંખી શકતું નહોતું. પાપનો સ્વીકાર કરી હૃદયશુદ્ધિ કર્યે જ શાંતિ મળતી. હૃદયશુદ્ધિના આવા આગ્રહને કારણે જ પોતાની મોટીનાની ભૂલો જીવનમાં સ્વીકારતાં કદાપિ અચકાયા નથી. એ કારણે જ એમણે પોતાના અંતેવાસીઓની ભૂલ માટેય પ્રાયશ્ચિત્તરૂપ ઉપવાસો કર્યાના દાખલા મળે છે.

ચોરીની કબૂલાતમાં એમના પિતા તરફથી એમને પ્રેમ જ મળ્યો. તેમની "આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. તેમણે ક્ષણ વાર આંખો મીંચી ચિઠ્ઠી ફાડી નાખી. . . . હું પણ રડ્યો." (આ. ભા. ૧, પૃ. ૪૭) પિતાના આ પ્રેમને તેમણે શુદ્ધ અહિંસાને નામે ઓળખાવ્યો છે. પિતાની આ શુદ્ધ અહિંસા મોહનદાસમાં સુંદર અસર ઉપજાવી શકી તે પરિણામ પરથી જોઈ શકાય છે.

અંગ્રેજી કેળવણીમાં ધર્મનું શિક્ષણ આપવાની જોગવાઈ તો કદાપિ હતી જ નહીં. કુટુંબના સંસ્કાર, વાતાવરણ ને શ્રવણ દ્વારા થોડુંઘણું ધાર્મિક જ્ઞાન મળી રહ્યું. સ્વભાવમાં જ ધર્મનાં કેટલાંક બીજ હતાં. ઘરની નોકર રંભાબાઈએ બીકથી બચવા રામનામનો મંત્ર શીખવ્યો હતો. એ મંત્ર એમને માટે તો મહાફળદાયી થઈ પડ્યો. ધર્મપ્રકરણમાં એનું ઝીણવટથી નિરૂપણ ઉચિત ગણાશે.

૨

વિલાયતમાં

નવા માર્ગે ઝંપલાવવાનું સાહસ તો જુવાનીની પ્રથમાવસ્થામાંય હતું. ગાંધી કુટુંબના સલાહકાર માવજી દવેએ જુવાન મોહનદાસને વિલાયત મોકલવાની સલાહ આપી તે તેમને ખૂબ ગમી ગઈ. કબા ગાંધીની ગાદી સાચવે એવી યોગ્યતા મેળવવા કાજે મોહનદાસે વિલાયત જઈ બારિસ્ટર થઈ આવવું જોઈએ એવી એ સલાહકારની સૂચના પર ગાંધી કુટુંબના વડીલોમાં વિચાર ચાલ્યો. વડીલોમાં તો મોટાભાઈ,

માતુશ્રી ને કાકા એટલાં હતાં. કાકા આ સલાહની વિરુદ્ધ ન ગયા; મોટાભાઈનો ટેકો હતો પણ માતા એમ ઝટ તૈયાર થાય એમ નહોતાં. પોતાને તો કૉલેજના અભ્યાસમાં ખાસ ગમ નહોતી પડતી તથા નવીન સાહસ ખેડવાની તૈયારી હતી, એટલે માતાને રિઝાવવા પ્રયત્ન આદર્યા. વિલાયત જતાં ધર્મભ્રષ્ટ થવાનો માતાને જે ભય હતો તે દારૂ, માંસ ને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લઈને દૂર કર્યો ને રજા મળી.

વિલાયત જવામાં, જવાની તૈયારીમાં, રજાની શરતોમાં, શરત અર્થે આપેલાં વચનોમાં કંઈક અસાધારણતા રહેલી હતી. વિલાયત જનારા તે જમાનામાંય કેટલાક હિંદીઓ હતા જ; તેમાંના કેટલાયે માતાપિતાને ધર્મભ્રષ્ટ ન થવાના કૉલ આપ્યા હશે પણ મોટા ભાગના પશ્ચિમમાં પ્રવેશ કરતાં જ આપેલાં વચન ભૂલતા. ગાંધીજીના જીવનમાં વિલાયતના નિવાસની ઊંડી છાપ છે—નહીં કે ત્યાં કશું અવનવું હતું તેને લીધે, પણ પોતે એ નવી પરિસ્થિતિમાંય પ્રતિકૂળ સંજોગોનો સામનો કરીનેય પ્રતિજ્ઞાપાલન કરતાં જે રીતે રહ્યા તેને કારણે. તે દેશના સ્વતંત્ર વાતાવરણથી એમનો સ્વતંત્રતાપ્રેમ પોષાયો તેની સાથે જ પશ્ચિમના સુધારા તરફ ત્યાંના અનુભવને પરિણામે આગળ જતાં ભારે અણગમો પણ પેદા થવા પામ્યો હતો.

વિલાયતની સ્ટીમર મુંબઈથી પકડવાની હતી. એકે સ્ટીમર તુરતમાં જનાર ન હતી. દરમ્યાન વિલાયત જવાની વાતથી નાતે એમને નાતબહાર મૂક્યા. એથી પોતે જરાય ડર્યા નહીં પરંતુ મોટાભાઈ પર એની અસર થાય તેની ચિંતા હતી. પણ દૈવ પાધરું હતું; એટલે વિલાયતની સ્ટીમર મળી ને ત્યાં જવા ઊપડ્યા. રસ્તે દરિયાની અસર જરાય ન થવા પામી. તંદુરસ્તી એટલી સાબૂત હતી. જેમ વિલાયત નજીક આવતું ગયું તેમ માંસમદિરા લેવાની ભલામણો થવા લાગી. પરંતુ તે લેવાની એકેય દલીલથી લોભાયા નહીં. પ્રતિજ્ઞાની કસોટી આમ પહેલેથી જ શરૂ થઈ.

લીધું કામ પૂરું કરવાની ટેવ આ ઉંમરે પ્રથમ જોવા મળે છે. પરદેશમાં આવતાં તો હોંશ હતી પણ આવ્યા બાદ ઘર યાદ આવે. નવું વાતાવરણ ને રીતભાત વિચિત્ર એટલે અડવું અડવું લાગે. અંગ્રેજી ઓછું આવડે એટલે વાક્યો મનમાં ગોઠવી ગોઠવીને વાત કરવી પડે ને છતાં કહેવાનો મુદ્દો બરાબર સમજાવી શકાય નહીં એવી દયામણી સ્થિતિ થઈ પડી! પરંતુ આવી લાચાર અવસ્થામાં પણ બારિસ્ટરનો ત્રણ વર્ષનો અભ્યાસ પૂરો કરવાનો તો આગ્રહ હતો જ.

માંસ ન ખાવાની પ્રતિજ્ઞાથી ખોરાકનો પ્રશ્ન મોટો થઈ પડ્યો. શરૂઆતમાં એ પ્રશ્નથી થોડીઘણી અગવડો ભોગવવી પડી, પણ પાછળથી તેમાં અનેક પ્રયોગો કરી નિપુણતા મેળવી. ત્યાંની હોટેલોમાં નિરામિષાહાર સ્વચ્છ મળવો મુશ્કેલ. એની ખાસ હોટેલ હોય ત્યાં તે મળી શકે. પણ તે જમાનામાં તેવી થોડી હોય. વિલાયતમાં નિરામિષાહારનો વિચાર ધીમે ધીમે પ્રચાર પામતો હતો, તોય નિરામિષાહારી ગણ્યાગાંઠ્યા જ હતા. પોતાનો માર્ગ કાઢવા મોહનદાસે વનસ્પતિ આહાર વિષેનાં તે કાળનાં પુસ્તકો વાંચી, અખતરા કરવા માંડ્યા. સાંજ સવાર ફરવામાં સદા નિયમિત રહેનાર એમનો ચાલવાનો શોખ મૂળથી જ હતો અને તેથી લંડનમાં મોટા ભાગની રોજની મુસાફરી પગપાળા જ કરતા.

માંસાદિમાંથી બચનાર મોહનદાસ વિલાયતની મોહિનીમાંથી તદ્દન બચવા તો ન પામ્યા. ત્યાંની ભભકે એક વાર તો એમને આંજ્યા. 'સભ્ય' થવાના કોડ જાગ્યા. તેથી ત્યાંના લોકોના જેવાં ઊંચી જાતનાં કપડાં સિવડાવ્યાં; વાળને બ્રશથી ઓળવાની શરૂઆત કરી; વાયોલિન ખરીદી તે શીખવા માંડ્યું; ને અધૂરામાં પૂરું ભાષણની કળા શીખવા ટ્યૂશન લેવા માંડ્યું! પણ આ આરંભ લાંબો કાળ ન ચાલ્યો. ભાષણ-કળા અંગે લીધેલા બેલના 'સ્ટાન્ડર્ડ એલોક્યુશનિસ્ટ' પુસ્તકે એમને જગાડ્યા. સારાં પુસ્તકોએ ગાંધીજીના જીવનમાં ઊંડી છાપ પાડી છે; તેનો પ્રથમ મોટો દાખલો આ છે. મનનપૂર્વક વાચનની ટેવથી પોતે પુસ્તકમાંથી ઘણું ગ્રહણ કરી શક્યા હતા. વાંચીને તે મુજબ તરત જ

અમલ કરવાની ટેવ હતી. પરિણામે 'સભ્ય' થવાને વધારેલો બધોય ખર્ચ કમી કર્યો; ને જીવનની સાદાઈ તરફ લક્ષ ત્યારથી વળ્યું, તે આગળ જતાં વધતું જ રહ્યું.

મોહમાંથી જગાડનાર બીજી પણ એક બે વસ્તુ હતી અને તે જવાબદારીનું પૂરું ભાન અને ખર્ચનો હિસાબ રાખવાની ચીવટ. જહેમત ઉઠાવીને પૈસા મોકલનાર મોટાભાઈનો ઉડાઉ ખર્ચ કરીને દ્રોહ કેમ કરાય એવું ભાન હતું અને એ ભાન જાગ્રત કરનાર ઝીણવટભર્યો હિસાબ લખવાની ટેવ હતી. આ ટેવ એમને આગળ જતાં જાહેર કામમાં ખૂબ ઉપયોગી થઈ પડી અને એમની દેખરેખ નીચે ચાલનાર દરેક કામ અંગે હિસાબ ચોખ્ખો જ રહેવા પામ્યો અને તેથી પ્રજા પણ પૂર્ણ વિશ્વાસથી એમનાં કામોમાં નાણાંનો ધોધ વહેવડાવતી રહી.

સત્ય લાગ્યું તે આચરવા માંડવાનો નાનપણનો સદ્‌ગુણ હવે તો સારી પેઠે ખીલી ઊઠ્યો હતો. એને લીધે જ વિલાયતના નિવાસ દરમ્યાન પોતાના જીવનમાં ઝડપી ફેરફારો કરી શક્યા અને તે સદા ઉત્કર્ષકારક થઈ પડ્યા. સામાન્ય માણસ સર્વ સામાન્ય વિલાસી શોખોમાં ઘસડાય અને ટાપટીપમાં ફેરફાર કરતો જાય તે રીતે ગાંધીજી પોતાના સત્યના શોખ વડે જીવનની સાદાઈ ને સાધના તરફ ખેંચાયા ને અગત્યનાં પરિવર્તનો કરી શક્યા.

હવેનો એ કાળ ખોરાકના પ્રયોગો કરવાનો હતો. આર્થિક અને શારીરિક દૃષ્ટિએ તે આદર્યા હતા. ઈંડાંને કેટલાક અન્નાહારમાં ગણતા, હાલ પણ ગણે છે. થોડો સમય ભૂલથી ઈંડાં લીધાં પણ માતાનો ખ્યાલ કરતાં જ તે છોડ્યાં. પ્રતિજ્ઞાનો અર્થ પોતે કરે તે નહીં, પણ જેને આપી હોય તે કરે તે જ સાચો. માતા ઈંડાં ખાવાની રજા કદાપિ ન આપે એ ખ્યાલ કર્યો. સાવધાનતા આવતાં પ્રતિજ્ઞાનો સાચો અર્થ કરતાં શીખ્યા.

અન્નાહારી મંડળમાં જોડાયા. તેની કાર્યવાહક સમિતિમાં પણ ચૂંટાયા. પણ તેમાં કશું બોલી ન શકાય. બોલવાનું હોય ખરું પણ

શરમાળપણાને લીધે બોલાતું નહીં. અન્નાહારને ઉત્તેજન આપવાને એક સભા મળેલી. ભાષણ લખી ગયેલા પણ તે વાંચવાનીય હિંમત ન ચાલી! એક મિત્રે વાંચી સંભળાવ્યું ને સૌએ તેને તાળીઓથી વધાવ્યું. શરમાળપણાને પોતાની ઢાલ તરીકે એમણે ઓળખાવી છે. તે વેળા તો એ ડંખતી. પણ 'તેનાથી મને પરિપક્વ થવાનો લાભ મળ્યો. મારી સત્યની પૂજામાં મને તેથી સહાય મળી.' (આ. ભા. ૧, પૃ.૧૦૩)

વિદ્યાર્થે વિલાયત જનાર હિંદુ યુવાનો તે જમાનામાં બાળ-લગ્નની પ્રથાને લીધે મોટે ભાગે વિવાહિત હોય. છતાં ત્યાં ગયા બાદ સૌ પોતાના લગ્નની વાત છુપાવતા. એમ કરવાથી સ્ત્રીવર્ગમાં કેટલીક છૂટો મળે તે મેળવવાનો લોભ જ મુખ્યત્વે હતો. મોહનદાસ પણ તેમાં ફસાયા. એક કુટુંબ સાથે એમને ઓળખાણ થયેલી. તેમાં એક વૃદ્ધા અને કેટલીક યુવતીઓ હતી. દર રવિવારે એ વૃદ્ધા એમને બોલાવે અને યુવતીઓ સાથે પરિચયનો અવકાશ આપે. પોતાના લગ્નની વાત એમણે પ્રથમ છુપાવી. પરિચય વધતો ગયો. એનો રસ લાગ્યો. પણ ઓચિંતા ભાન આવે છે. સવિવેક પત્રથી વૃદ્ધાની માફી માગી લઈ 'અસત્યરૂપી ઝેર'માંથી અંતે બચ્યા. "જાગ્યા ત્યાંથી સવાર" માનવાની એમની સુટેવ ત્યારથી સુદૃઢ થયેલી હતી. એ ગુણને લીધે જ મોટી ભૂલો કર્યાં છતાંય નાસીપાસ ન થતાં અનેક વાર પ્રગતિના માર્ગને વળગી રહી શકયા. આ ટેવ જાગૃતિની નિશાની છે. જાગૃતિ સાથે વિવેક હતો એટલે ઉપલા પ્રસંગમાં સંબંધ બગાડયા વિના વૃદ્ધા સાથેના કડવાશમાંથી બચી શકયા.

આટલી ઉંમર સુધી ગીતા વાંચવાનો પ્રસંગ આવ્યો નહોતો. એ થિયૉસૉફિસ્ટ મિત્રો સાથે તે વાંચી. એ વાંચતાં જ તેમને એ કોઈ અમૂલ્ય ગ્રંથ લાગ્યો. એની ભક્તિ એમના જીવનમાં ઉત્તરોત્તર વધતી જ ગઈ. એ જ રીતે ખ્રિસ્તી મિત્રોના સહવાસથી તેમણે નવો કરાર વાંચવો શરૂ કર્યો, અને તેના કેટલાક ભાગો તેમને અદ્દ્ભુત લાગ્યા. પછી આ અભ્યાસ પણ વધતો ગયો. અન્ય ધર્મોની પણ જિજ્ઞાસા જાગી.

૨

ઇંગ્લંડના વાસ દરમ્યાન જ વેશ્યાનું બીજું પ્રલોભન હિંદી મિત્રોના સહવાસ અને સહેલગાહમાં આવ્યું અને તેમાંથી પણ એક મિત્રની સૂચનાથી વેશ્યાસમાગમથી બચી ગયા. એઓ કહે છે: "ઈશ્વરે મને બચાવ્યો."

આ અરસામાં નારાયણ હેમચંદ્રની ઓળખાણ થઈ; નિકટ પરિચય પણ વધ્યો. એ બન્ને તે વેળાના સુવિખ્યાત મજૂર નેતા કાર્ડિનલ મૅનિંગની મુલાકાત લઈ આવ્યા.

૧૮૯૦માં પારિસનું મહાપ્રદર્શન જોયું. ઊંચા એફિલ ટાવરથી ખાસ આશ્ચર્ય એમને ન ઊપજ્યું. એમાં કંઈ સૌંદર્ય ન લાગ્યું. "એ ટાવર પ્રદર્શનનું એક રમકડું હતું." એમની આ દૃષ્ટિ એમના પશ્ચિમી સુધારા અને યંત્રવિષયક વિચારો માટે બહુ સૂચક છે.

વિલાયત જવાનું મુખ્ય પ્રયોજન તો બારિસ્ટર થવાનું હતું. બીજા વ્યવસાયમાં તેને ન ભૂલ્યા. ચાર ટર્મ ભરી, ખાણાં આપીને નામની પરીક્ષા પસાર કરીનેય ડિગ્રી તો મળતી. પણ નિષ્ઠાવાન મોહનદાસે તો અસલ પુસ્તકો વાંચવાનો જ આગ્રહ રાખ્યો. એ ન વાંચવામાં એમને છેતરપિંડી લાગી. ખર્ચ કરીનેય મૂળ પુસ્તકો વાંચ્યાં. આ વાચનનો લાભ ભવિષ્યમાં મળવાનો હતો.

પરીક્ષાઓ પસાર કરી છતાં મનની ભીતિ અને નિરાશાનો પાર નહોતો. વકીલાત કરવાની શક્તિનો જરાય વિશ્વાસ નહોતો પેદા થયો. કેટલાકની સલાહ લીધી. દાદાભાઈ, ફિરોજશાહ મહેતા વગેરેની હોંશિયારીની વાત સાંભળે ને ગભરામણ વધે. મિ. ફ્રેડરિક પિંકટને સલાહ લેવા મળ્યા. એમણે પ્રોત્સાહન આપ્યું. વ્યવહાર જ્ઞાન વધારવાને સૂચનો મળ્યાં. પ્રામાણિકપણે ને ખંતથી કામ કરવાથી સામાન્ય વકીલાત તો સારી પેઠે ચાલે જ એમ જાણ્યું. પોતાની હોંશિયારી વિષે મોટો કે ખોટો ખ્યાલ નહોતો પણ નિષ્ઠા, ખંત અને પ્રામાણિકતા વિષે તો ભરપૂર આત્મવિશ્વાસ હતો, તેથી કંઈક આશ્વાસન મેળવી શક્યા. તોય અંતરમાંનું તોફાન તો સાવ શમ્યું નહીં.

વચગાળો

એમની ધીરજની કસોટીના પ્રસંગો હવે આવનાર હતા. આંતરિક મનોમંથન સાથે સ્વદેશ પાછા ફર્યા. મુંબઈ બંદરે ઊતર્યા ત્યારે બંદર તોફાની હતું. "પણ બહારના તોફાન છતાં જેમ હું શાંત રહી શક્યો તેમ અંતરના તોફાન વિષે પણ કહી શકાય એમ લાગે છે." (આ. ભા. ૧, પૃ. ૧૩૯) ધૈર્ય સારી પેઠે હતું તેથી માતાના મૃત્યુના સમાચારે પણ અસ્વસ્થ ન બન્યા. ધારેલી મુરાદો બદલાઈ ગઈ છતાં આંસુ ખાળી શક્યા; "ને જાણે માતાનું મૃત્યુ થયું જ નથી એમ વ્યવહાર શરૂ કર્યો." જાહેર જીવનમાં પડી ચૂક્યા પછી કીમતી સાથીઓ ગુમાવી બેસવાને પ્રસંગે અતિશય દુઃખ લાગતાં છતાં કંઈ જ ન બન્યું હોય તેમ એમની કર્મસાધના અવિરત ચાલુ રહેતી.

થોડો વખત મુંબઈ રહેવાનું થયું ને તે દરમ્યાન શ્રી. રાયચંદભાઈનો પરિચય થયો. તેનાથી એમને લાભ થયો. હિંદુ ધર્મ બાબત જ્ઞાન ને માન પેદા કરાવનાર ને તેમાં તેમનો પ્રવેશ કરાવનાર રાયચંદભાઈ હતા.

વિલાયતના અવનવા અનુભવો બાદ પાછો સંસારપ્રવેશ કરવાનો વારો આવ્યો. વિલાયતમાં મળેલા નવા ખ્યાલો ને વિચારો વિષે કંઈક વિચારેલું એટલે સુધારાના વિચારો તો સાથે જ લઈને આવેલા. મોટાભાઈએ ઘણી આશાઓ બાંધી રાખેલી એટલે પ્રથમથી જ ખર્ચ વધારી મૂકેલું. તેમાં વળી નાતનો વાંધો તો ઊભો જ હતો. મોટાભાઈના આગ્રહથી વિના રસ ને વિના વિરોધ શુદ્ધિક્રિયામાંથી પસાર થયા તોય નાતમાં પાછા લેવા બાબત તેમાં એ તડ પડ્યાં. વિરોધી પક્ષનો કદાપિ પ્રતિકાર ન કર્યો. તેનાં મીઠાં ફળ જ મળ્યાં. જરૂર પડી ત્યારે આખી નાતનો સહકાર જ મળ્યો. "આ મીઠું ફળ કેવળ અપ્રતિકારને આભારી છે એમ મારી માન્યતા છે." (આ. ભા. ૧, પૃ. ૧૪૫) અપ્રતિકારનો આ ગુણ એમના સ્વભાવમાં જ હતો; આંતરિક ધીરજનું એ બાહ્ય સ્વરૂપ હતું. અનુભવે એ ગુણને પોષ્યો અને પાછળથી

એમાંથી કઈ રીતે એક મહાબળ જન્મ પામ્યું તે રાજકારણ વિષેના પ્રકરણમાં જોઈશું.

સ્ત્રી સાથેનો વ્યવહાર આદર્શ બનવા ન પામ્યો. આગળની ટેવો ચાલુ હતી. સ્ત્રીને શિક્ષણ આપવાની મુરાદો બર ન આવી શકી. પણ કુટુંબનાં બાળકોમાં સારી પેઠે ભળી ગયા, એમને શરીર ને મનની કેળવણી આપવામાં મોટાભાઈની સહાનુભૂતિ મળી. બાળકો સાથે વિનોદથી ભળી એમને સફળતાથી શીખવી શકતા. શિક્ષક તરીકે પોતાની લાયકાત તો તે વેળા પણ તેઓ જોઈ શકેલા. શિક્ષકનું ક્ષેત્ર વ્યાપક થતું ગયું અને લોકશિક્ષણની કળા હાથમાં આવતાં ભાવીમાં એ મોહનદાસ એક પ્રખર લોકશિક્ષક થનાર છે એમ કોઈને કે તેમને પોતાનેય ત્યારે ક્યાં ખબર હતી!

મુંબઈમાં ઘર માંડ્યું. હિંદુસ્તાનના કાયદાથી જાણકાર ન હોવાથી ઘરમાં કાયદા ભણવા માંડ્યા ને બહાર બારિસ્ટરનું પાટિયું ચોડ્યું! કેસ ચલાવવાની હિંમત નહોતી. મોટાભાઈની લાગવગથી એક કેસ મળ્યો. ઊલટતપાસ કરવા કેસમાં ઊભા થતાં જ પગ ધ્રૂજવા લાગ્યા, માથું ફરવા લાગ્યું ને કેસ છોડ્યો! પાછળથી સત્યાગ્રહી કેદી તરીકે ન્યાયાધીશ ને આખી કોર્ટને આંજી નાખનાર ગાંધીજીની શરૂ શરૂમાં વકીલ તરીકે તો આવી લાચાર દશા હતી! લાચાર થઈ શિક્ષકની જાહેરાત વાંચી હોંશેહોંશે અરજી આપવા પહોંચ્યા પણ શાળાના હેડ-માસ્તરને બારિસ્ટર ખપ ન લાગ્યો! નિષ્ફળતાની એ પરાકાષ્ઠા હતી.

રાજકોટમાં નોખી ઑફિસ ખોલી. ગાડું કંઈક ગબડવા લાગ્યું. કેસમાં કોઈનેય કમિશન ન આપવાનો આગ્રહ હતો. મોટાભાઈના આગ્રહ છતાં એકાદ કેસ સિવાય ક્યારેય કમિશન આપ્યું નહીં, છતાં આર્થિક પ્રશ્ન સારી રીતે ઉકેલવાનું સામર્થ્ય આવી ગયું.

અહીં ગોરા અમલદારના રુઆબનો પ્રથમ વાર પરચો મળ્યો. એક ગોરા અમલદાર સાથે ઇંગ્લંડનો થોડો પરિચય હતો. મોટાભાઈનો આગ્રહ એ જૂની ઓળખાણનો લાભ લેવાનો હતો, તેથી પોતાની

મરજી વિરુદ્ધ અમલદારને મળ્યા. વાતવાતમાં અમલદારે અપમાન કર્યું. ભાન કરાવ્યું કે વિલાયત ને કાઠિયાવાડમાં ફેર છે. આવી કઢંગી સ્થિતિમાં ફરી ન મુકાવાનો નિશ્ચય કર્યો. "આ નિયમનો કદી ભંગ ન કર્યો. આ આઘાતે મારી જિંદગીનું સુકાન બદલ્યું." (આ. ભા. ૧, પૃ. ૧૫૮)

જિંદગીમાં મૂંઝવણ વધતી જતી હતી. તેમના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ એવા કાઠિયાવાડના ખટપટિયા વાતાવરણમાં એવા સિદ્ધાંતીને અકળામણ થાય એ સ્વાભાવિક હતું. કોર્ટમાં પણ ખુશામત ચાલે. આ ખટપટનો એમને ઠીકઠીક અનુભવ મળ્યો. આ પ્રતિકૂળ વાતાવરણમાં પોતાની સ્વતંત્રતા કેમ જળવાશે એ પ્રશ્ન મનમાં રહ્યા જ કરે. વકીલાત પ્રત્યે ઉદાસીનતા આવી. નોકરી કરવાની ઇચ્છા થઈ. પણ ખટપટ વિના નોકરી પણ ક્યાંથી મળે? વકીલાત કરતાં પેલા ગોરા અમલદાર સાથેનો ઝઘડો નડતો હતો. અકળામણ વધવા લાગી.

પણ અણીને સમયે એમને જીવનમાં અનેક વાર ઈશ્વરની એકાએક સહાય મળી હતી. આ વેળાય વિધાતાએ માર્ગ કાઢ્યો. પોરબંદરની મેમણ પેઢીનું મોટાભાઈ પર કહેણ આવ્યું કે દક્ષિણ આફ્રિકામાં એક મોટા કેસને સારુ મોહનદાસની જરૂર છે. કામ તો ફક્ત ગોરા વકીલને આખો કેસ સમજાવવાનું જ હતું. એક વર્ષ માટે જવાનું હતું. યોગ્ય વળતર સાથે બધીય સગવડ પણ મળનાર હતી. ગાંધીજી લલચાયા. દક્ષિણ આફ્રિકા જઈ શું કરવાનું હતું તેનો તેમને સ્પષ્ટ ખ્યાલ નહોતો, છતાંય ખટપટના વાતાવરણમાંથી છૂટવા એ સાહસીએ હા પાડી.

૩

દક્ષિણ આફ્રિકામાં—નસીબ અને પુરુષાર્થ

પરદેશની આ મુસાફરી પહેલાં દુનિયાનો ને લાંબી મુસાફરીનો ઠીકઠીક અનુભવ એમને મળી ચૂક્યો હતો. દક્ષિણ આફ્રિકાના નવા ક્ષેત્ર માટે વિલાયતના નિવાસ દરમ્યાન જોઈતી ભૂમિકા તૈયાર થઈ હતી.

હવેની મુસાફરી તો નસીબની એક અજમાયશ હતી. "૧૮૯૩ના એપ્રિલ માસમાં હું હોંશભર્યો દક્ષિણ આફ્રિકા મારું નસીબ અજમાવવા ઊપડ્યો. (આ. ભા. ૧, પૃ. ૧૬૪)

સ્ટીમર રસ્તે ઝાંઝીબાર આઠદસ દિવસ રોકાઈ. સ્ટીમરના કપ્તાન સાથે દોસ્તી થયેલી. અજાણ્યા સાથે પરિચય કરી તેની સાથે મૈત્રી બાંધવાની વ્યવહારકુશળતા આટલા અનુભવે આવી ગઈ હતી. પણ અજાણ્યાની મૈત્રી ઘણી વાર ભયરૂપ હોય છે. મિત્રપ્રેમે વશ થઈ કપ્તાન સાથે સહેલગાહે ગયા. શરમના માર્યા સહુ સાથે વેશ્યાગૃહમાં પુરાયા. પણ અવિકારી રહી જેવા ને તેવા પોતે પાછા બહાર નીકળ્યા. વેશ્યાગૃહગમનનો આ ત્રીજો અકસ્માત હતો. "પણ આ કિસ્સાથી મારી ઈશ્વર ઉપરની આસ્થા વધી ને ખોટી શરમ છોડવાની હિંમત પણ કંઈક શીખ્યો." (આ. ભા. ૧, પૃ. ૧૬૭) સત્યનું પાલન કરનારે ખોટી શરમ રાખ્યે ન પાલવે.

ડરબન પહોંચી એમના અસીલ અબદુલ્લા શેઠને ત્યાં ઊતર્યા. એમની પાસેથી ઘણી વ્યવહારુ વાતો જાણવા મળી. બે દિવસ પછી કોર્ટમાં જવાનું થયું. માજિસ્ટ્રેટે પાઘડી ઉતારવા કહ્યું. એમણે તેમ કરવા ના પાડી ને કોર્ટ છોડી. કાઠિયાવાડની ખટપટ છોડી આફ્રિકા ગયા પણ ત્યાંય લડાઈ સામે ને સામે જ હતી! 'કુલી બારિસ્ટર'ને અંગ્રેજ જેટલા હક નહીં. દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની કફોડી સ્થિતિનો અનુભવ થયો. પાઘડીના કિસ્સા પર છાપામાં બચાવનો કાગળ આપ્યો. છાપામાં એ વિષે સારી પેઠે ચર્ચા થઈ અને એ રીતે આરંભમાં જ છાપે ચડવાનું થયું ને અણચિંતવી જાહેરાત મળી. અંતે પાઘડી તો રહી. શરૂઆત સામનાથી થઈ, નૈતિક વિજયથી થઈ. શરૂઆતનો આ નાનકડો બનાવ એમની દક્ષિણ આફ્રિકાની લાંબી વિજયવંત કારકિર્દીની લઘુ આવૃત્તિરૂપ હતો.

ઇંગ્લંડમાં સંપૂર્ણ નાગરિકસ્વાતંત્ર્યનો અનુભવ થયેલો. આફ્રિકામાં તેથી ઊલટી અણધારેલી ગુલામી દશા અનુભવતાં એમના

સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવને આ તીવ્ર વિરોધાભાસથી જબરો આંચકો લાગ્યો. એ આંચકામાં ત્યાંના ગોરા વસાહતીઓના દ્વેષી વલણથી વૃદ્ધિ થઈ. ગોરાઓ સ્વદેશમાં આપસઆપસમાં એક રીતે વર્તે છે, જ્યારે પરદેશમાં સાહેબ તરીકે તદ્દન ઊલટી રીતે વર્તે છે તેનો અનુભવ તો કાઠિયાવાડમાં થઈ ચૂક્યો હતો. પરંતુ રંગદ્વેષ કેટલી હદ સુધી જઈ શકે છે તેનો સ્પષ્ટ ખ્યાલ તો દક્ષિણ આફ્રિકા જતાં જ થયો. ગોરાઓને વર્ગો રચી હિંદીઓને શૂદ્ર બનાવવા હતા. પોતાને સ્વામી બનવું હતું — સ્વામી હતા જ. પરાણે શૂદ્ર બનાવવાના પ્રયત્નને ગાંધીનું સ્વતેજ સાંખી ન શક્યું. બાળપણથી જ ભંગી ને શૂદ્ર તરફ સહાનુભૂતિ ધરાવનાર બારિસ્ટર ગાંધીએ સમગ્ર હિંદી કોમને શૂદ્ર બનાવવાના ગોરાઓના પ્રયાસ સામે બાથ ભીડી. એ સામનામાં પોતાનું શું થશે, વકીલાત કરવા આવનારને બીજાં આડાં કામોની માથાફોડ શી, એવા દુન્યવી ડહાપણના વિચારો સુધારક કરવા નથી બેસતો. એને તો અંતરને ક્ષુબ્ધ કરનારો જે આંચકો લાગે છે તેની પ્રતિક્રિયારૂપે આવી પડેલા પ્રશ્નમાં તે મચી પડે છે. ગાંધીજીનું ય તેમ બન્યું. પ્રથમ અથડામણનો પ્રસંગ હવે આવે છે.

કેસની તૈયારી માટે પ્રિટોરિયા જવાનું હતું. રસ્તામાં એક કરતાં વધુ કસોટીઓ થવાની હતી. પહેલા વર્ગની ટિકિટ પાસે હોવા છતાં મેરિત્સબર્ગને સ્ટેશને એક અમલદારે એમને ત્રીજા વર્ગના ડબામાં જવા કહ્યું. ડબ્બામાંથી ઊતરવાની એમણે સ્પષ્ટ ના પાડી. બળાત્કારે સામાન સાથે એમને તે જ સ્ટેશને ઉતાર્યા. ગાડી વિદાય થઈ. અજાણ્યો પ્રદેશ, રાતનો વખત ને તેમાંય ઠંડીની ઋતુમાં થથરવાનો પ્રસંગ ને વધુમાં મનને તાવ આવે એવો અપમાનનો બનાવ — આ વિષમ પરિસ્થિતિમાં એમને ગંભીર નિર્ણય લેવાનો હતો. એ નિર્ણય આખા જીવન પર અસર કરનાર હતો. બે માર્ગ હતા: "કાં તો મારે મારા હકોને સારુ લડવું અથવા પાછા જવું . . . કેસ પડતો મૂકી ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે

રંગદ્વેષ. આ ઊંડો રંગદ્વેષ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર જે દુઃખ પડે તે સહન કરવાં". (આ. ભા. ૧, પૃ. ૧૭૮) સ્વભાવમાં જેટલો અપ્રતિકાર હતો તેટલો જ પ્રતિકાર કરવાનો જુસ્સો પણ હતો. પણ એ પ્રતિકારની રીત પહેલેથી જ જુદી હતી; સહન કરીને સામનો કરવાની એ રીત હતી.

સામનાના નિશ્ચયમાં આ પાર કે પેલે પારનો સવાલ હતો. અંગત સવાલ ગૌણ થઈ ગયો હતો, મુખ્ય વિચાર ત્યાં વસતી આખી હિંદી કોમનો હતો. મર્દાનગી ને જવાબદારીના પૂરા ભાનથી ભવિષ્યનો લાંબો વિચાર કર્યા વિના શ્રદ્ધાથી ડગલું આગળ ભર્યું. હિંમતથી આગળ ડગ ભરનારનો માર્ગ ઈશ્વર સદા મોકળો કરતો જ રહે છે તેની હવે પછીના એમના સમગ્ર જીવનમાં અનેક વાર પ્રતીતિ થાય છે.

સ્ટેશન પર પરાણે ઊતરવાની કસોટી પૂરી ન થઈ હોય તેમ બીજે દિવસે આગળ જતાં ચાર્લ્સટાઉનથી ટાંગામાં મુસાફરી કરતાં ટાંગાવાળાએ તુમાખીથી કરેલા હુમલાનો પ્રસંગ બન્યો. તેમના પર તમાચાનો વરસાદ વરસ્યો. પણ 'કાંડું ખડે તોય' ગાડીના સળિયા ન છોડવાનો નિશ્ચય કર્યો. બીજો એક સમજુ ગોરો વચ્ચે પડ્યો ને મામલો પત્યો. આ બે પ્રસંગોમાં એમનામાં રહેલા અપ્રતિકારના ગુણે સક્રિય રૂપ લીધું એમ કહી શકાય. ગમે તે જુલમની સામે પણ સ્વસ્થતા રાખનાર અપ્રતિકારની શક્તિ નિષ્ક્રિય નથી પણ તેને સક્રિય ને ભાવનાત્મક કહેવી જોઈએ. આવો સક્રિય અપ્રતિકાર હવે પછી મોટું રૂપ ધારણ કરનાર હતો; ને એ જ અંગત સ્વભાવ લક્ષણમાંથી સત્યાગ્રહનું સામાજિક બળ પેદા થવા પામ્યું.

પ્રિટોરિયામાં મિ. બેકર વગેરે સાથેના ખ્રિસ્તી સંબંધો બંધાયા. એ બધાયની સાથે સારી રીતે ભળી ગયા. તટસ્થપણે એમના સંપર્કનો લાભ લેવા માંડ્યો. ત્યાંના હિંદીઓના પરિચયમાં પણ અહીં જ પ્રથમ વાર આવવાનું થયું. સંગઠનની ત્યાં જ પ્રથમ વાર શરૂઆત કરી. સ્થાનિક હિંદીઓની એક સભા બોલાવી. અંગત સંબંધો પણ સારા

પ્રમાણમાં વધાર્યાં — શક્ય એટલાને કંઈક રીતે ઉપયોગી થઈ પડવાનો પ્રયાસ કર્યો. આવા સામાજિક સમાગમ વડે ત્યાંના હિંદીઓની આર્થિક, સામાજિક ને રાજકીય સ્થિતિનો ઊંડો અભ્યાસ થવા પામ્યો. દક્ષિણ આફ્રિકાના કામને સારુ એ રીતે અનુભવ-ભૂમિકા તૈયાર થઈ. "આ બધા સંબંધોનો મને પાછળથી જાહેર ઉપયોગ થઈ શક્યો હતો અને મારું કેટલુંક જાહેરકામ સરળ થઈ શક્યું હતું" (આ. ભા. ૧, પૃ. ૨૦૩)

એક બાજુ જ્યાં હિંદીઓની આગેવાની મળતી હતી, ત્યાં બીજી બાજુ કુલીપણાનો અનુભવ લેવા વારો પણ આવ્યો. પ્રેસિડંટ ક્રૂગરના ઘર આગળના સિપાઈએ એક દિવસ કશીય ચેતવણી આપ્યા વિના પગથી ઉપર ચાલવાની સજામાં ધક્કા મારી, લાત મારી, તે પરથી ઉતારી મૂક્યા ! આ બનાવના સાક્ષી એવા એક ગોરા મિત્રની સલાહ છતાં કશાંય કાયદેસર પગલાં ન લીધાં. ક્ષમાભાવનો આ પ્રથમ મોટો પ્રસંગ હતો. પણ એ ક્ષમાભાવની સાથે લાગણી એટલી જ તીવ્ર હતી. "પણ આ બનાવે હિંદીનિવાસીઓ પ્રત્યેની મારી લાગણી તીવ્ર કરી. . . . . આમ હિંદીઓની હાડમારીઓનો વાંચીને, સાંભળીને અને અનુભવીને અભ્યાસ કર્યો." (આ. ભા. ૧, પૃ. ૨૦૫)

વકીલાતે એમના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. વકીલાતના ધંધાને કારણે એમને દક્ષિણ આફ્રિકા જવાનું થયું. તેને લીધે અનેકના સંસર્ગમાં આવવાનું થયું, ને સમાધાન કરવા કરાવવાની કળા તેને અંગે જ શીખ્યા. ઠરાવ ઘડવાની કુશળતા વકીલાતમાં અરજી, કેસ વગેરે તૈયાર કરતાં કરતાં જ આવી ગઈ. વકીલાતમાં સામાન્ય જ્ઞાન વિશાળ જોઈએ ને તે માટે તેમણે જરૂર પડયે તે તે વિષયનું જ્ઞાન મેળવી લીધું.

"પ્રિટોરિયામાં મને જે એક વર્ષ મળ્યું તે મારા જીવનમાં અમૂલ્ય હતું" (આ. ભા. ૧, પૃ. ૨૦૬). જાહેર કામ કરવાની આવડત, ને વકીલાતમાં પ્રથમ મોટો વિજય અહીં જ મેળવી શક્યા ને સાથે ધાર્મિક ભાવનાનો વિકાસ કરવાની અનાયાસે તક પણ અહીં

જ મળી. ધાર્મિક મંથન ચાલુ હતું ત્યારે ધાર્મિક સંબંધોએ ધર્મ-જિજ્ઞાસા તીવ્ર કરી મૂકી. એક બાજુ ખ્રિસ્તી મિત્રો પોતાના પંથ તરફ તેમને આકર્ષી રહ્યા હતા ને બીજી તરફ ઇસ્લામીઓ. એમણે તટસ્થપણે સર્વ ધર્મોનો અભ્યાસ કરવા માંડ્યો. રાયચંદભાઈ જેવા વડીલની તેમાં સહાય શોધી.

કેસ જીતતાં દક્ષિણ આફ્રિકા રહેવાનું પ્રયોજન પૂરું થયું. તેમને વિદાય આપવાને મેળાવડો થયો. પણ ભાગ્ય કે અકસ્માત બારિસ્ટર ગાંધીને એ રીતે વિદાય થવા દે તેમ નહોતું. છાપાના એક ખૂણામાં 'હિંદી મતાધિકાર' વિષે એક ફકરો બારિસ્ટર ગાંધીના જોવામાં આવ્યો. ત્યાંની સરકારની મતલબ હિંદીઓના હક પડાવી લેવાની હતી એવો એ ફકરાનો સાર હતો. ગાંધીજીએ એ સાર સૌ હાજર રહેનારને કહી સંભળાવ્યો. એમાંથી ચર્ચા ઊપડી. એના અંગે કંઈક કરવું જોઈએ, એવા મતના સૌ થયા અને તેથી તેમાં માર્ગદર્શન કરાવવાને ગાંધીને રોકવા આગ્રહ કરવા લાગ્યા. તેથી તેઓ આવી પડેલી સેવાની તકને પકડીને રહ્યા. અને એ રીતે એમના જીવને નવો ઝોક લીધો.

સરકારને આ અંગે અરજી કરી. એ ઉપર જેટલી લેવાય એટલી સહીઓ લઈ તે રવાના કરી. છાપાંઓનો સારો ટેકો મળ્યો, ને કામ આગળ ચાલ્યું. હવે તો સ્થાયી રહેવાની જરૂર ઊભી થઈ. સાક્ષીઓ તો ફાળો કરી ઘરખર્ચ આપવા તૈયાર હતા છતાં એમની વ્યવહારુ બુદ્ધિએ વકીલાત કરતાં કરતાં જાહેર કામ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ તો વકીલ તરીકેનું નામ નોંધાવવામાં જ મુશ્કેલી પડી. કાળો આદમી વકીલાત કરે — ને તેય પોતાની સરસો થઈને — એ ગોરી ચામડી કેમ સાંખે! છતાંય મથામણ કરીને વકીલ તરીકેનું સ્થાન મેળવ્યું.

હિંદી મતાધિકાર પ્રતિબંધના કાયદાની સામે માત્ર અરજીથી કામ ચાલે તેમ ન હતું. ચળવળનું કામ સતત ચાલુ રાખવાને એક સંસ્થા સ્થાપવાની જરૂર ઊભી થઈ તેમાંથી 'નાતાલ ઇંડિયન કૉંગ્રેસ'નો જન્મ

થયો. સંસ્થાનું નામ સૂચક બનાવવા તેમણે તે બહુ વિચારપૂર્વક યોજ્યું હતું.

જાહેર કામ ને વકીલાતની સાથે એમની ધર્મભાવના વેગથી વધતી જતી હતી. સેવાની ભાવના તીવ્ર બનતાં સેવાનું ક્ષેત્ર ક્રમેક્રમે વિશાળ થતું હતું. ધાર્મિક વાચન પણ થતું. ને "જે વાંચવું ને પસંદ કરવું તેનો અમલ કરવો એ ટેવ દૃઢ થઈ." આથી જાણેલો ધર્મ આચારમાં ઊતરવા લાગ્યો ને દૃઢતાને પામ્યો.

દક્ષિણ આફ્રિકાની એ ચળવળથી હિંદને માહિતગાર કરવા ૭ માસ સારુ ૧૮૯૬માં સ્વદેશ પાછા ફર્યા. ત્યાં જુદાં જુદાં છાપાંઓના તંત્રીઓની સહાય પોતાના કાર્ય અંગે લેવા ધારી અને તે ઘણે અંશે સહેલાઈથી મળી પણ ખરી. મુંબઈની સભામાં વાંચી સંભળાવેલું (શરમાળપણાને લીધે બીજાની સહાયથી!) ભાષણ કદર પામ્યું. જાહેર કામની આવડત હોઈ દેશના નેતાઓનો સાથ લેવા ધાર્યું ને તેથી તિલક મહારાજ, ગોખલેજી, ડૉ. ભાંડારકર વગેરેને મળ્યા. મુંબઈ, પૂના, અને મદ્રાસમાં સારો ટેકો ને પ્રોત્સાહન મળ્યાં જ્યારે કલકત્તામાં કડવા મીઠા બેઉ અનુભવ થયા. એકાએક દક્ષિણ આફ્રિકાથી ત્યાં પાછા ફરવા માટેનો એક તાર આવ્યો અને કુટુંબ સહિત ત્યાં જવા ઊપડ્યા.

મનમાં અભિમાનનો તોર હોય તો સીધી વસ્તુ પણ વાંકી લાગે છે; તેવું જ કંઈક દક્ષિણ આફ્રિકાના ગોરાઓને વિષે બનવા પામ્યું. હિંદમાંના ગાંધીજીના સીધા ને સરળ પ્રચારથી તેઓ છંછેડાઈ ગયા. જાતિઅભિમાન તો હતું જ ને તેમાં છાપાંઓના વિકૃત અહેવાલોથી માની લીધું કે ગાંધીએ તેમને વગોવ્યા. ડરબન બંદરે ગાંધી ને ગાંધી કુટુંબને ઊતરવા દેવામાં જ તેમણે તોફાન માંડ્યું. ઊતરતાં તેમના પર હુમલો થયો, ઈજા થઈ; પણ આખરે વેળાસર કુમક આવી પહોંચતાં બચી ગયા. ગોરા મિત્રોએ હુમલાખોરો પર દાવો માંડવાની સલાહ આપી પણ ગાંધીજીએ તો શુદ્ધ વીરતાનો ક્ષમાભાવ બતાવી દુશ્મન

માનનારાઓને શરમાવ્યા. અંદર રહેલો અપ્રતિકારનો મહાગુણ આ રીતે સક્રિય સ્વરૂપ લઈ રહ્યો હતો. આથી એમની અને હિંદી કોમની આબરૂ વધી.

મૈત્રી બાંધવાની કુશળતા, પારકાને પોતીકો કરવાની આવડત અને દુશ્મનને પણ નિર્વૈર તથા અક્રોધથી જીતી લેવાની શક્તિ હવે સારી રીતે પ્રગટ થવા લાગ્યાં. મિલનસારપણાને લીધે ગોરાઓમાં એમના અનેક મિત્રો હતા તેવા જ ઇસ્લામીઓ પણ ઓછા ન હતા. પ્રેમ વરસાવતાં હિંદીઓ સ્વજન જેવા થઈ રહેતા. તે વેળાય કોઈ પણ જાતિ, ધર્મ કે રંગના આદમીને અપનાવવામાં ભેદ જાણ્યો ન હતો. અને તેથી મિત્રમંડળ વિશાળ બની રહ્યું, ઓળખાણો અનેક થઈ અને તે બંધાયનો લાભ એમને તથા કોમને અનાયાસે મળ્યો.

હિંદુ ધર્મમાં ભાવના-સિદ્ધિનું ભારે મહત્ત્વ ગવાયું છે. તીવ્ર ભાવના હોય તે સફળ થયા વિના રહેતી નથી. ગાંધીજીનું જીવન એટલે આ અનુભવ સત્યનાં પ્રમાણોની પ્રસંગ-માળા. જે જે ભાવના એમણે સેવી તેની સાર્થકતા એમણે જીવનમાં સત્વર અનુભવી; એમની ભાવના શુદ્ધ ને તીવ્ર હોઈ તેને સિદ્ધ થવાને યથાપ્રસંગે અનુકૂળ સંજોગો મળતા જ રહ્યા ને પરિણામે ભાવના વધુ શુદ્ધ ને વધુ તીવ્ર બનતી જ ગઈ ને જીવનને સમૃદ્ધ બનાવતી રહી. "જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિષે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે." (આ. ભા. ૧, પૃ. ૨૩૭.) સેવાની એમની તીવ્ર ભાવનાએ સેવાનું ક્ષેત્ર ઉત્તરોત્તર વિશાળ બનાવી મૂક્યું.

એમનો એ સંક્રાંતિકાળ હતો. સેવાભાવના પ્રબળ થતી જતી હતી અને તે કંઈક બાહ્ય આકાર ધારણ કરવા માર્ગ શોધી રહી હતી. જીવન સાદું બનવું જોઈએ, કંઈક શારીરિક સેવાકાર્ય પણ હોવું જોઈએ એવી ગડમથલ મનમાં ચાલ્યા જ કરતી હતી. તેથી દા. બૂથની ઇસ્પિતાલમાં સેવાકામ કરવા માંડ્યું. દવા આપવાના એ કામથી દુઃખી હિંદીઓના ગાઢ સંબંધમાં આવવાનું થયું.

આ સેવાભાવનાનું પ્રેરકબળ ધર્મજિજ્ઞાસા હતી. ધર્મનિરીક્ષણની ઊંડી ટેવ પડી જવાથી અને મોક્ષપ્રાપ્તિની અભિલાષા જાગવાંથી સેવાધર્મ સહજ થઈ પડ્યો. સેવાધર્મને મોક્ષપ્રાપ્તિનું સાધન માન્યો. આધ્યાત્મિક પ્રગતિની સાથે સેવાનો રસ વધતો ગયો. "આમ જો હું કોમી સેવામાં ઓતપ્રોત થઈ ગયો હતો તો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા હતું." (આ. ભા. ૧, પૃ. ૨૪૬)

આ કેવળ મંથનકાળ જ નહીં પણ મોટા નિશ્ચયો કરી તદનુસાર જીવનમાં ફેરફાર કરવાનો સમય પણ હતો. બ્રહ્મચર્ય વિષે મંથન ચાલ્યું. પ્રથમ પ્રજોત્પત્તિ અટકાવી અવિઘ્ન સેવા કરવાના હેતુથી પ્રેરાઈ, તેનો અમલ કરતાં આધ્યાત્મિક ફાયદા જણાયા. ઘણીય બાબતોમાં એમના વિષે એમ બન્યું છે કે પ્રથમ બાહ્ય ફાયદા ને સગવડને કારણે અમુક આચારવિચારને અમલી કર્યા પછી તેમાંથી એમને આધ્યાત્મિક ફાયદા જણાયા હોય. મૌન વિષે પણ એમ જ બનવા પામ્યું હતું.

બાળકોની કેળવણીનો પ્રશ્ન મોટો હતો પણ તે વેળાએ પણ કેળવણી બાબત પોતાના વિચારો કંઈક બંધાયેલા હતા. પોતાનાં બાળકોને શિક્ષણ આપવામાં જ શિક્ષણના એમના અખતરા શરૂ થયા. ગોરાઓને સારુ જે નિશાળો હતી તેમાં એમનાં બાળકોને મોકલી શકાય એમ હતું, પણ અન્ય હિંદીઓને જે હક ને લાભ ન મળે તે તેઓ કેમ મેળવે ? એટલે ઘર આગળ ગુજરાતીમાં શિક્ષણ આપવું શરૂ કર્યું. સાચા સ્વમાનનું અને સમાનતાનું આવું ભાન હાડમાં જ હતું.

બોઅર યુદ્ધ ફાટી નીકળતાં હિંદીઓની ટુકડીની આગેવાની લઈ રેડક્રૉસ હેઠળ ઘાયલોની સારવારનું કામ માથે લઈ બ્રિટિશો તરફની બ્રિટિશ પ્રજાજન તરીકે વફાદારી બતાવી સંતોષ લીધો ને સૌને સંતોષ આપ્યો.

ડરબનમાં મરકીના ઉપદ્રવ વેળા સરસ સેવા બજાવી. ચેપનો જરાય ભય નહોતો. શુશ્રૂષાની ધગશ એમને ભયમાં ઝંપલાવવા હિંમત

આપતી. આ રીતે એમણે પોતાની અંગત પરવા કર્યા વિના હિંદી કોમની ત્યાં વિવિધ સેવા કરી. એ સેવાનો એમના મન પર જરાય ભાર નહોતો. પણ એ સેવામાંથી પોતે જે લાભ ઉઠાવ્યો તેની ગણતરી હતી ખરી. "આ રીતે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સેવા કરતાં હું પોતે ઘણી વસ્તુઓ એક પછી એક અનાયાસે શીખી રહ્યા હતો. સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેને જેમ સેવે તેમ તેમાંથી અનેક ફળો નીપજતાં જોવામાં આવે છે." (આ. ભા. ૧, પૃ. ૩૩૭) આવી સેવામય સત્યોપાસનામાંથી સત્યાગ્રહનું મહાબળ આગળ જતાં નીપજવાનું હતું.

દક્ષિણ આફ્રિકામાં હવે રહેવાની જરૂર ન લાગતાં દેશ પાછા ફરવાનો નિશ્ચય કર્યો. મિત્રોએ જરૂર પડયે પાછા ફરવાની શરત કરીને જ જવા દેવાનું સ્વીકાર્યું. વિદાય વેળાએ કીમતી ભેટો મળી પણ તેનો અંગત સ્વીકાર ન કરતાં તેનું ટ્રસ્ટ કરી જાહેર કામને સારુ ઉપયોગમાં લેવાનું ઠરાવી ત્યાગનો ને જાહેર સેવાનો ઉત્તમ દાખલો બેસાડયો.

દેશમાં આવ્યા બાદ પ્રથમ વાર મહાસભાની બેઠકમાં હાજરી આપવાનો પ્રસંગ મળ્યો. તેમાં પ્રથમ પોતાપૂરતું ભંગીનું કામ કરવા વારો આવ્યો. કારકુની પણ કરી. મહાસભાની વ્યવસ્થા અને કામની છાપ એમના પર સારી ન પડી. દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન અંગેનો ઠરાવ જે ઉતાવળ ને બેધ્યાનપણે પસાર થયો તેથી તેમને દુઃખ થયું, પણ મહાસભાની એ પર મહોર લાગી તેને જ એક આનંદનું પૂરતું કારણ માન્યું.

કલકત્તામાં એમને ગોખલે સાથે રહેવાની તક મળી. એક માસના સહવાસથી તેઓ એકબીજાને ઓળખી અને પારખી શકયા અને બન્ને વચ્ચે સ્નેહગાંઠ બંધાઈ. એમની સુઘડતા, ઉદ્યમ અને નિયમિતતાની ગોખલે પર સરસ છાપ પડી, તેમ ગાંધીજીને પણ ગોખલેની કામ કરવાની પદ્ધતિનો પરિચય મળ્યો.

ત્યાર બાદ ઉત્તર હિંદની મુસાફરી કરતાં કાશી થઈ મુંબઈ જઈ ત્યાં સ્થિર થવા વિચાર કર્યો. બારિસ્ટરનો ધંધો કરવાના ઇરાદાથી ગિરગામમાં ઘર ભાડે લીધું. અહીં એક ધર્મસંકટમાંથી પસાર થવાનું થયું. એમનો દીકરો મણિલાલ માંદો પડ્યો. એને બીમારીમાં શક્તિ જાળવી રાખવા ડૉક્ટરે ઈંડાં ને મરઘાંનો સેરવો આપવા સલાહ આપી. એ આપવાને ગાંધીજીનું મન ન માન્યું. નિસર્ગોપચારના અખતરા કર્યા. બાળકે તેમાં સંમતિ આપી છતાં બધીય જવાબદારી તો પોતાની જ હતી એ બરાબર સમજતા હતા. એ કસોટીમાંથી રામનામે જ પાર ઉતાર્યા એમ એમણે માન્યું અને એ સફળતા પછી નિસર્ગોપચારમાં ને રોગના ઇલાજ તરીકે રામનામમાં એમની શ્રદ્ધા વધતી જ ગઈ, અને તે એટલે સુધી કે જીવનમાં છેલ્લી ઉપાડેલી મોટી પ્રવૃત્તિ તો નિસર્ગોપચારને હિંદનાં ગામડાંમાં ફેલાવવાની જ થઈ પડી હતી.

ગાંધીજીને ઠરીઠામ બેસીને કામ કરવાની વારી નથી આવી. મુંબઈમાં જ્યારે સ્થિર થવાશે એમ લાગ્યું ત્યાં દક્ષિણ આફ્રિકાથી ઓચિંતો તાર આવ્યો. એક વર્ષ પણ પૂરું નહીં થયું હોય ને ઘરનો માળો વિખેરી દક્ષિણ આફ્રિકા પહોંચ્યા. "પણ મારા ભવિષ્યની બાબતમાં મારું ધાર્યું કંઈ જ ઈશ્વરે ઊભવા નથી દીધું એમ કહીએ તો ચાલે." (આ. ભા. ૧, પૃ. ૩૮૪)

૪

ફરી વાર દક્ષિણ આફ્રિકા

દક્ષિણ આફ્રિકાનો હવેનો એમનો લાંબો નિવાસ ઘણી રીતે અગત્યનો હતો. અત્યાર સુધી કરેલા વિચારમંથનમાંથી તારવેલાં સત્યોને અમલી સ્વરૂપ આપવાનો એ સમય હતો. નવાં સત્યનાં થયેલાં દર્શનને શીઘ્ર અમલમાં મૂકવાની એમની સુદૃઢ ટેવને કારણે પોતાના જીવનમાં એક પછી એક ઝડપી ફેરફારો કરી શક્યા. એ સમયને એમનો પ્રયોગકાળ કહેવો જોઈએ. સત્યના એ અનેકવિધ પ્રયોગોમાંથી જ

સત્યાગ્રહનો જન્મ થવા પામે છે. એમના સ્વભાવમાં રહેલો અપ્રતિકારનો ગુણ ક્રમશઃ વિકસીને સામાજિક કાર્યોમાં ઉપયોગી થતાં યુદ્ધના અવેજ તરીકે કેવો ઉપયોગી થઈ સત્યાગ્રહરૂપે કેમ પ્રગટ થાય છે તેનું અવલોકન કરવું એ એક ઊંડા રસનો વિષય છે. રાજકારણમાં એથી શો પલટો આવ્યો, માનવજીવનમાં એ કેટલો ઉપયોગી થઈ પડે એમ છે એ રાજકારણના પ્રકરણમાં જોઈશું.

આ વખત એમનું કાર્યક્ષેત્ર નાતાલને બદલે ટ્રાન્સવાલ થયું. મિ. ચેંબરલેનને મળવાથી સફળતાની કશી આશા ન બંધાઈ. જાગ્યા ત્યાંથી સવાર ગણી કામની શરૂઆત નવેસરથી કરવાની છે એમ માન્યું. પ્રખર આશાવાદી હોઈ એમ થોડામાં નિરાશ થાય એમ નહોતા.

એશિયાઈ ખાતાની નવાબશાહીને કારણે ડેપ્યુટેશનમાં એમને ન લીધા. આ અપમાન એમના સાથીઓ સાંખે તેમ નહોતું. પણ ગાંધીજીએ તો એ કડવો ઘૂંટડો પી જવાનું જ યોગ્ય ધાર્યું. વખતને પારખીને આવા કડવા ઘૂંટડા પીવાનો વારો એમને અનેક વાર આવ્યો છે. સત્યાગ્રહી કદાપિ એવા પ્રસંગોમાંથી અસ્વસ્થ નથી થતો. એની પાછળ મુડદાલપણું નહીં પણ સાચી મર્દાનગી હતી. તેથી એશયાઈ ખાતાને પહોંચી વળવાને કમર કસી. એ વિષે એમનો પૂરો આત્મવિશ્વાસ હતો. આવી ટક્કરમાંથી જ શૂરાનું શસ્ત્ર સત્યાગ્રહ જન્મ પામ્યું.

હવે પછીનું એમનું જીવન મોટે ભાગે જાહેરજીવન બની રહ્યું. જાહેર સેવાકાર્યો અંગે ખાનગી જીવનમાં જરૂરી ફેરફારો તો હજુય કરતા રહ્યા પણ એમની પ્રવૃત્તિ, લક્ષ અને વિચારણા બધુંય જાહેર સેવામાં જ એક થઈ રહ્યાં. જીવન આમ મુખ્યત્વે જાહેર બની રહેવાથી એમના જીવનમાં થયેલા અંગત ફેરફારો જ હવે જોવાના રહેશે. જીવનના ખાનગી ને જાહેર એવા વિભાગ એમણે કદાપિ કલ્પ્યા નથી. જીવનને એમણે સમગ્રતાથી નિહાળ્યું છે, તેથી જાહેર કાર્યોને પહોંચી વળવાને એમણે પોતાના અંગત જીવનમાં જે ફેરફારો કર્યા તેમણે

જનતા તથા જનતાનાં કાર્યો પર અસર કરી. એ ફેરફારોને તેમની જાહેર અસર જોવાનું કામ ઘણું બોધપ્રદ છે.

દક્ષિણ આફ્રિકાના પહેલા નિવાસ દરમ્યાન જે વાંચેલું, વિચારેલું અને ચર્ચેલું તે પર મનન અને ચિંતન ચલાવી જે નિર્ણયો પર પહોંચ્યા તેનો અમલ હવે પૂરજોશથી થાય છે. મનવચનકર્મની એકવાક્યતા વધુ ને વધુ થવા લાગે છે અને પરિણામે જીવનમાં ભારે પરિવર્તનો થવા પામે છે. દક્ષિણ આફ્રિકાના પ્રથમ નિવાસને જો ચિંતન ને સ્વાધ્યાયથી જીવનની ભૂમિકા રચનાર કહીએ તો ત્યાંના આ બીજા લાંબા નિવાસને એમના જીવનની ભવ્ય ઇમારત ચણનાર કહેવો જોઈએ.

ત્યાગ વિના તપ ન હોય. તેથી એમનું તપ પણ ત્યાગથી જ શરૂ થયું. દક્ષિણ આફ્રિકા ધન કમાવાના હેતુથી જનાર ગાંધીજી પડી ગયા ધનત્યાગના કામમાં ને જનસેવાની પ્રવૃત્તિમાં. "આજ લગી કંઈક દ્રવ્ય એકઠું કરવાની ઇચ્છા હતી, પરમાર્થની સાથે સ્વાર્થનું મિશ્રણ હતું." પણ હવે તો વધતી જતી ત્યાગવૃત્તિને કારણે આવી ઇચ્છા નિર્મૂળ થાય છે, એટલું જ નહીં પણ તેને અંગે જે જે મુસીબતો આવે છે તે ભોગવી લે છે. આમાં સગાં સંબંધીને ખોટું લગાડવાનો વારો તો આવે જ. જે મોટાભાઈએ મોટી આશાઓ બાંધી પૈતૃક પ્રેમથી મોહનદાસને વિલાયત મોકલી, ભણાવી ગણાવીને બીજી જોઈતી બધીય મદદ કરી મોટે સ્થાને બેસવામાં મદદ કરેલી તેમનેય નિરાશ કરતાં જરાય અચકાયા નહીં. તેમના તરફ પૂરતો પ્રેમ ને પૂજ્યભાવ તો હતો જ. પણ ત્યાગવૃત્તિનું પ્રાબલ્ય સાચું ને તીવ્ર હતું તેથી એ દિશામાં જ આગળ ડગ માંડ્યું. મોટાભાઈએ અબોલા લીધા. "મને તેથી દુઃખ થયું. પણ જેને હું ધર્મ માનતો હતો તે છોડતાં ઘણું વધારે દુઃખ થતું હતું. મેં ઓછું દુઃખ સહન કર્યું." (આ. ભા. ૨ પૃ. ૨૦) આ ઓછું દુઃખ સહન કરવા પાછળ કેટલી જબ્બર હિંમત ને અચળ દૃઢતા રહેલાં હતાં!

અંગત સ્વાર્થ સંબંધી એકેય સહીસલામતીનું નામ માત્ર ભૂંસવા માંડયું. મુંબઈની વીમાની પૉલિસી તરત જ રદ કરી. સામાન્ય રીતે વીમો ઉતરાવીને સહુ નિશ્ચિંતતા અનુભવે છે પણ તેમને તો તેના વીમાની પૉલિસીને રદ કરવામાં જ સાચી નિરાંત લાગી. સૌની જે રાત્રી તે ગીતાના મુનિને દિવસ અને સૌને જે દિવસ તે તેને રાત્રી લાગે એવી આત્મનિષ્ઠ સ્થિતિ ગાંધીજીની થવા લાગી હતી તેનું આ સચોટ ઉદાહરણ છે.

અંગત જીવન વધુ ધાર્મિક બનતાંની સાથે એમનું જાહેરજીવન પણ ધર્મપ્રવૃત્તિ જ બની રહ્યું. ગીતાના સંદેશને જાણે જીવનમાં ઉતારતા હોય તેમ ઈશ્વરપ્રણિધાનની ભાવના વડે અંગત તેમ જ જાહેર જીવન યજ્ઞમય બન્યું. "દક્ષિણ આફ્રિકાની નવી આપત્તિને સમયે મેં જે જે પગલાં ભર્યાં તે ઈશ્વરને સાક્ષી રાખીને જ ભરેલાં" (આ. ભા. ૨ પૃ. ૧૫)

ત્યાગવૃત્તિ અને તપનો શોખ એમને ખોરાકના અખતરા તરફ દોરી ગયો. આરોગ્યની દૃષ્ટિએ તો વિલાયતમાં ખોરાકના પ્રયોગો કર્યા હતા જ. એ અનુભવની ભૂમિકા પર હવે ધાર્મિક દૃષ્ટિએ નવા અખતરા કર્યા. નિસર્ગોપચારનાં પુસ્તકો ઘણાં ઉપયોગમાં લીધાં. આ દિશામાં ધગશ પ્રબળ હોવાને કારણે એક વાર તેમાં તણાઈને નિરામિષાહારને બલિદાન પણ આપવું પડયું. એક હજાર પાઉંડની ધીરધાર એક થિયોસૉફિસ્ટ સાહસિક બાઈને એક નિરામિષાહારી ગૃહ કાઢવા સારુ કરી. તે પૈસા પાછા ન આવ્યા. "આ ધીરધાર કરવામાં મેં ગીતાના તટસ્થ નિષ્કામ કર્મના મુખ્ય પાઠનો અનાદર કર્યો હતો. આ ભૂલ મારે સારુ દીવાદાંડી થઈ પડી." (આ. ભા. ૨, પૃ. ૨૪) આ કથન એમની ભૂલ માત્રને માટે સાચું ઠરે છે. એમના જીવનમાં નાની મોટી ગંભીર ભૂલો થવા પામી છે પણ સાવધાનતાને લઈને થયેલી ભૂલ ફરીથી થવા નથી પામી. દરેક મોટી ભૂલને એમણે દીવાદાંડી બનાવી પોતાના

જીવનનાવને ખડકવાળા ભાગમાંથી બચાવી લઈ સહીસલામત રીતે તેઓ સંસારસાગરને પાર ઉતારી શક્યા.

નિસર્ગોપચારનાં પુસ્તકોના અભ્યાસથી સવારનો નાસ્તો બંધ કર્યો. ને ખોરાક ઓછો કર્યો. ખોરાકનું પ્રમાણ ઘટાડવાની સાથે તેના પ્રકાર પણ બદલ્યા. આથી માથાનું દરદ ગયું, બંધકોશ હળવો થયો. પથ્ય, પાણી અને માટીના ઉપચારો પર વિશ્વાસ દૃઢ થયો. પણ આ અંગત હેતુની સાથે એ પ્રયોગોમાં જનહિતનો ખ્યાલ પણ હતો. પોતા પરના પ્રયોગોના પરિણામોનો લાભ જનતાને મળે એ આશય પણ મૂળથી જ હતો. લોકસંગ્રહનો આ ખ્યાલ કેટલો તીવ્ર ને મુખ્ય હતો તેનો સ્પષ્ટ ખ્યાલ તો એમની એક વેળા બતાવેલી નિર્ભય તૈયારીમાં જોવા મળે છે. સર્પના ઝેરના પ્રયોગ ખાતર પોતાને સાપ કરડવા દેવાની બતાવેલી સહજ તૈયારીએ એમના સાથીઓને દિગ્મૂઢ બનાવેલા.

પ્રયોગોનો નિચોડ આપી તેને અંગે લેવા જેવી સાવચેતી પણ આપતા. પોતે કર્યા તેવા અખતરા બધા ન કરે પણ તેનું તારતમ્ય ખેંચી તેનો લાભ જ પ્રજા ઉઠાવે એવી ઇચ્છા તેઓ સેવતા. નિસર્ગોપચાર મુજબ આરોગ્ય બાબત જે પ્રયોગો કર્યા તેનો નિચોડ તેમણે "આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન" એ પુસ્તકમાં આપ્યો છે. પ્રથમ તો કટકે કટકે લેખાકારે 'ઇંડિયન ઓપિનિયન'માં એ પુસ્તક પ્રસિદ્ધ થયેલું. એ પુસ્તક ખૂબ પ્રસિદ્ધિ પામ્યું છે. લોકહિતની ધર્મ ભાવના જ એ પ્રયોગો ને પુસ્તકની પાછળ રહેલી હતી. "એ પુસ્તક લખવામાં — જેમ બીજાં લખવામાં — કેવળ ધર્મભાવના હતી અને તે જ મારા પ્રત્યેક કાર્યમાં આજે પણ વર્તે છે. (આ. ભા. ૨. પૃ. ૩૦)

તે વેળા દૂધની અનાવશ્યકતા એમના મનમાં વસી ને દૂધ છોડયું. એમની એવી દૃઢ માન્યતા થઈ રહી કે દૂધ છોડવાથી બ્રહ્મચર્યાદિ વ્રતોના પાલનમાં સહાય મળે છે. વળી એ મનુષ્યનો કુદરતી ખોરાક નથી. એનો કુદરતી ખોરાક તો વનપકફળો — લીલાં ને સૂકાં — સિવાય બીજો કોઈ ન હોઈ શકે. આ કારણે દૂધ છોડયું ને વર્ષો સુધી તે

વિના ચલાવ્યું. પરંતુ હિંદમાં આવ્યા બાદ ખેડાની લડત વેળા જ્યારે ભારે માંદગી આવી ત્યારે બકરીનું દૂધ લેવાની ફરજ પડી. વ્રત લેતી વખતે કેવળ ગાય ભેંસના દૂધના ત્યાગનો જ વિચાર હતો. ગાય ભેંસ પર થતો અત્યાચાર વ્રત લેવામાં નિમિત્તકારણ હતો. વ્રત લેતી વખતે ભેદ નહોતો પાડ્યો. "પણ મારે તો 'રૉલેટ ઍક્ટ'ની સામે ઝૂઝવું હતું, એ મોહ મને મૂકતો ન હતો. તેથી જીવવાની પણ ઇચ્છા રહી ને જેને હું મારા જીવનનો મહાન પ્રયોગ માનું છું તે અટક્યો." (આ. ભા. ૨. પૃ. ૩૧)

આ દરમ્યાન એશિયાઈ ખાતાની સામે ઝૂઝવાનું તો ચાલુ જ હતું. એ અર્થે બધીય કોમના લોકો સાથે એમને કામ લેવાનું થતું. પણ કોમ કોમ વચ્ચે કે જાતિ જાતિ વચ્ચે એમના મને કદીય ભેદ નહોતો જાણ્યો. આવો સ્વભાવસિદ્ધ વ્યાપક માનવપ્રેમ અને જાતીય અભેદ જાણનાર ગાંધીજીને ઈશ્વર જાણે દક્ષિણ આફ્રિકાના રંગદ્વેષને જડમૂળથી ઉખેડી નાખવાને તેમને બધી રીતે કસી તૈયાર કરતો હતો!

સહજ અભેદને લીધે જુદા જુદા ધર્મ અને જાતિના માણસોને પોતાના ઘરમાં સંઘરતા. જરૂર પડ્યે પોતાના મહેતાને પણ ઘરમાં રાખતા. મોરીના અભાવે એમના પેશાબના વાસણની સફાઈ કસ્તૂરબા અને ગાંધીજી કરતાં. કસ્તૂરબાને એ અસહ્ય હતું. એમાંથી એક વાર કજિયો થયો. ક્રોધમાં ગાંધીજીએ પત્નીને બારણું બતાવ્યું, બારણા સુધી લઈ પણ ગયા પણ કસ્તૂરબાની વાજબી ને દૃઢ ટકોરથી શરમાયા. આ પ્રસંગ વડે કસ્તૂરબાએ અહિંસાનું ભાન કરાવ્યું એમ તેમણે માન્યું. આવા નાના પ્રસંગો એમનામાં કંઈક અંશે સંવેદન જાગૃત કરી જતાં એટલી અંતરદૃષ્ટિ સાફ થઈ ચૂકી હતી. ઑફિસ ખાતે ટાઇપિસ્ટની જરૂર પડી. કોઈ હિંદી સારો ટાઇપિસ્ટ ન મળે. અંગ્રેજ તો કાળા આદમીને ત્યાં કેમ જ રહે? પરંતુ બે એક ગોરી કુમારિકાઓ એમને આ કામ માટે મળી રહી ને તેમણે બંનેએ દીકરીનું સ્થાન લીધું. પ્રેમથી નવરાવી પરાયાંને પોતીકાં કરવાની આવડત હવે આવી ગઈ

હતી. એમાં બાહ્ય ઉપચાર નહીં પણ અંદરનો પ્રેમ સંબંધો બાંધવામાં સફળતા આપતો હતો. અમેરિકામાં આજે મૈત્રી બાંધવાની કળાથી વેપારમાં કેમ સફળ થવાય તેનો પ્રચાર થાય છે! પણ તેમાં તો બાહ્ય ઉપચાર પર બધો મદાર બંધાય છે. ગાંધીજી જેટલી મૈત્રી કોઈએ નહીં બાંધી હોય. પણ મૈત્રી બાંધવાની એમની કળાનું મૂળ એમનો ઊંડો ને વિશાળ માનવપ્રેમ હતો. એમની ઊંચા પ્રકારની વ્યાવહારિકતા માનવપ્રેમ ને મૈત્રીકળા પર રચાયેલી હતી.

એમના સાથી વેસ્ટે એમને રસ્કિનનું પુસ્તક Unto This Last વાંચવા આપ્યું. ફિનિક્સ જતાં ગાડીમાં એક જ બેઠકે તે પૂરું કર્યું. એ પુસ્તકના વાચને એમના જીવનમાં એકદમ પરિવર્તન આણ્યું. એ પુસ્તકના વિચારોને અનુસરીને તરત જ જાતમહેનતનું જીવન જીવી શકાય તે અર્થે ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી. 'शुभस्य शीघ्रम्'માં માનનાર ગાંધીજીનો આ ફેરફાર બાહ્યતઃ ખૂબ જ ઝડપી અને આશ્ચર્યચકિત કરે એવો લાગે છે. પણ મનોભૂમિકા તો બીજક્ષેપ માટે તૈયાર જ હતી. "મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો."! (આ. ભા. ૨. પૃ. ૭૫).

ફિનિક્સની સ્થાપના પછી 'ઇંડિયન ઓપિનિયન'નું છાપખાનું પણ ત્યાં જ ખસેડ્યું. ત્યાંની અગવડોએ એમની ઠીક કસોટી કરાવી પણ એ બધાયમાંથી પસાર થઈને છાપું તો નિયમિત જ બહાર પાડતા. આ પછી મિ. પોલાક પણ એમની સાથે જોડાયા ને થોડાં કુટુંબોનું આશ્રમજીવન ત્યાં શરૂ થયું. ગાંધીજીની આશ્રમ વિષેની કલ્પના અહીં પહેલી વાર મૂર્ત થઈ. ફિનિક્સ આશ્રમ એ ગાંધીજીએ સ્થાપેલો પહેલો આશ્રમ ને ત્યાં તથા ટૉલ્સ્ટૉય ફાર્મ પર એમણે આશ્રમી જીવનના ઘણાખરા અખતરા કર્યા. બાળકોની કેળવણીનો પ્રશ્ન પણ ઉકેલવા

પ્રયત્ન કર્યાં અને આશ્રમ કેળવણીની રીતસરની શરૂઆત ત્યાં જ થઈ ગણાય.

ઝૂલુ બળવામાં સેવા બજાવતાં બ્રહ્મચર્યના વિચારો દૃઢ થયા, તેનું વ્રત લેવાની અધીરાઈ આવી. સેવાને માટે આ વ્રત આવશ્યક છે જ એમ પ્રતીતિ થઈ ચૂકી હતી. વિચારો સેવાના જ આવે, "ને કલ્પનાએ સેવાનું ક્ષેત્ર વિશાળ કરી મૂક્યું." ગાંધીજીના જીવનમાં જેમ ભાવનાએ તેમ વિધાયક કલ્પનાએ પણ ભારે ભાગ ભજવ્યો છે. સદા સર્વદા શુભ જોનારી કલ્પનાશક્તિને ભાવનાબળની પુષ્ટિ મળી અને તેથી યોગ્ય સંજોગો એમને મળતા જ રહ્યા. સેવાના વિશાળ ક્ષેત્રની કલ્પના સાચી કરી. પાછળથી હિંદ એમનું સેવાક્ષેત્ર બન્યું; હિંદ વાટે દુનિયાની પણ સેવા કરી; ને માનવતાની સેવા કરવા સો વર્ષ (સો એટલે એક મતે સવાસો ને છેલ્લે મતે ૧૩૩ વર્ષ!) જીવવાની આશા સેવી હતી. પણ વિધાતાએ બીજું જ ધાર્યું હતું.

"સત્યાગ્રહ શબ્દની ઉત્પત્તિ થઈ તે પહેલાં તે વસ્તુની ઉત્પત્તિ થઈ." ગાંધીજીના જીવનમાં આચાર દ્વારા જ પ્રચાર થવા પામ્યો ને આચારમાંથી જ અનેક સત્યો વ્યવહારયોગ્ય સિદ્ધ થયાં. આચારપ્રધાન જીવનમાં એમ જ બને. સત્ય વિષેનો એમનો આગ્રહ વ્યવહારમાં વ્યક્ત સ્વરૂપ ધારણ કરતાં એક સામાજિક શસ્ત્ર તરીકે ઉપયોગી થઈ પડ્યો. અત્યાર સુધીની એમની થયેલી આત્મશુદ્ધિ જાણે સત્યાગ્રહની ઉત્પત્તિને સારુ જ હતી.

આ સમય દરમ્યાન કસ્તૂરબાને ગંભીર બીમારી આવી. દાક્તરે માંસના સેરવાની ભલામણ કરી. તેમણે તે લેવાની ના પાડી. ગાંધીજી તો આથી રાજી થયા. પણ ડૉક્ટરે પોતાની સલાહ ન મનાય તો કસ્તૂરબાને પોતાના દવાખાનામાંથી લઈ જવાનું સ્પષ્ટ કહી દીધું. કસ્તૂરબાની મક્કમતાથી પ્રેરાઈ તથા પોતાના વિચારોની દૃઢતાને લીધે ગાંધીજીએ કસ્તૂરબાને જોખમ વહોરીને પણ ખસેડ્યાં. એથી એમને લાભ જ થયો. આ પ્રસંગમાંથી ઘરમાં સત્યાગ્રહ કરવાનો વારો

આવ્યો. દર્દને જલદી મટાડવાને સારુ ગાંધીજીએ કસ્તૂરબાને મીઠું અને કઠોળ છોડવાની સલાહ આપી. એ બે વિના તો ગાંધીજીનેય ન ચાલે એવી કસ્તૂરબાની સ્વાભાવિક દલીલથી તેજ ક્ષણે ગાંધીજીએ કઠોળ ને મીઠું એક વર્ષ માટે બિલકુલ છોડયાં. અને આ રીતે સત્યાગ્રહ કુટુંબમાં તેમ જ સમાજમાં સર્વજનસુલભ આત્મબળના એક શસ્ત્ર તરીકે તેના ઘડતરની પ્રથમ અવસ્થામાંથી પસાર થઈ રહ્યો હતો.

અન્યાય અને દોષ માત્રના નિવારણ અંગે સત્યાગ્રહ એ જ એક માત્ર ઉપાય હોય એમ ગાંધીજીને મન વસી ગયું હતું. પોતાના દોષને માટેય સત્યનો આગ્રહ એ જ એક ઉપાય એમને સુલભ હતો. પોતાની જવાબદારી હોય ત્યાં પોતાના સાથીના દોષ સારુ પણ પોતાને જ જવાબદાર તરીકે ગણતા અને એવા પ્રસંગે ઉપવાસ એ જ દોષનિવારણ ને પ્રાયશ્ચિત્તનું સાધન બનતા. બીજાના દુઃખે અને દોષે દુઃખી થનાર ગાંધીજીને પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરવાના પ્રસંગ એકથી વધુ વાર આવ્યા હતા. ફિનિક્સ આશ્રમનાં પણ આવા બે એક પ્રસંગોએ ઉપવાસ કરેલા. આવા પ્રાયશ્ચિત્તથી દોષિત વ્યક્તિ વિચારમંથનમાં તો પડી જાય છે પરંતુ તેનો સ્થાયી હૃદયપલટો કેટલો થવા પામે એ એક શંકાસ્પદ માનસશાસ્ત્રીય કોયડો છે. જેની સામે આવા ઉપવાસ એમણે કર્યાં હતા તેમના જીવનમાં ભારે પરિવર્તન જોવામાં નથી આવ્યું છતાં એ હકીકતની નોંધ પણ લેવી ઘટે કે એનાથી સામાજિક સડો તો એકદમ અટકે છે જ.

જાહેર જીવનમાં પડયા પછી ને ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી ત્યારથી વકીલાતનું કામ તેમણે સંકેલી લીધું. પણ વકીલાતના ધંધામાંથી જે શીખ્યા તેની છાપ તેમની કાર્યપદ્ધતિ પર પડી રહી. વકીલાત એમને જાહેર જીવનમાં ઘસડી ગઈ તેમ જ તેને લીધે જાહેર કાર્યોનો ઉકેલ લાવવો સરળ થઈ પડયો. એ રીતે વકીલાતે એમના જીવનમાં વિશિષ્ટ ભાગ ભજવ્યો હતો. વકીલાત કરવાની પદ્ધતિ પણ એમની પોતાની જ હતી. સત્યને વળગી રહીને જ વકીલાત કરી.

જૂઠાણાના આ ધંધામાંય ધર્મ ને સત્યની પ્રતિષ્ઠા કરી. કાયદાશાસ્ત્રમાં ધર્મભાવના જોનારી એમની આંખ અસત્યને ક્ષણભર પણ સહન નહોતી કરી શકતી. વકીલાતના ધંધાનાં અનિષ્ટો તરફ ધ્યાન ખેંચી સાચી વકીલાત તો કેસની પતાવટ કરવામાં જ છે એવા મતને પ્રસિદ્ધિ આપી. સમાજનું જ શ્રેય હરેક ધંધામાં જોનાર ગાંધીજીએ વકીલ મિત્રોને ધનનો મોહ છોડી સાચો ન્યાય અપાવવાનું કામ કરવાની સદા સલાહ આપી હતી.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના સફળ સંચાલન ને જીત પછી ગાંધીજી ગોખલેને વિલાયત મળવા ગયા. ત્યાંય જંપીને બેઠા નહીં. પાંસળીનું દર્દ હતું છતાં પહેલા મહાયુદ્ધમાં બનતી સહાય આપવાને પ્રયત્ન કર્યા. દૂધ વિના દર્દ સારું થાય એમ ન હતું. ગોખલે ને બધાયના આગ્રહ છતાં એ ન લીધું. તેથી હવાફેરને માટે છેવટે હિંદ આવવું પડ્યું.

૫
સત્યાગ્રહની લડતો

દક્ષિણ આફ્રિકાનો નિવાસ પૂરો થતાં એમની ફિલસૂફીનો પ્રાથમિક ઘડતરકાળ પૂરો થયો. તપસ્યા ને પ્રયોગોમાંથી સત્યાગ્રહ સાંપડ્યો હતો. હિંદના સ્વાતંત્ર્યપ્રાપ્તિના ભગીરથ કામને સારુ દક્ષિણ આફ્રિકામાં એમનું અને એમના નૂતન શસ્ત્ર સત્યાગ્રહનું ઘડતર પૂરું થયું હતું. એમનાં દર્શન, શાસ્ત્ર અને વિશાળ અનુભવ દેશના લાભાર્થે ઉપયોગમાં લેવાનો સમય હવે નજીક આવી ચૂક્યો હતો. હિંદુસ્તાનને પોતે કંઈક નવું આપવાનું છે એનો તેમને પોતાને પૂર્ણ આત્મવિશ્વાસ હતો.

મુંબઈ ઊતરતાં એમને માટે યોજાયેલા મેળાવડામાં જ પોતાના નૂતન માર્ગ ને પદ્ધતિની ઝાંખી કરાવવી એમણે શરૂ કરી. ફેંટો ને કાઠિયાવાડી અંગરખો પહેરીને ગુજરાતીઓના મેળાવડામાં હાજર થઈ ગુજરાતીમાં જ માનપત્રનો જવાબ-આપી પ્રથમ આંચકો આપ્યો!

કડવી મીઠી ટીકા કરી. લોકોએ તે સહી લીધી અને તેથી એમને વિશ્વાસ બેઠો કે એમની નવી ને વિચિત્ર લાગતી વાતો દેશ ઝીલશે.

હવે પછીનું એમનું જીવન ખાનગી રહેવા ન પામ્યું. પ્રયોગકાળ તો વીતી ગયો હતો પણ દક્ષિણ આફ્રિકામાં કરેલા પ્રયોગોમાંથી મળેલાં સત્યો, સત્યાગ્રહના અનુભવોને વ્યાપક સ્વરૂપે સામાજિક ઉપયોગમાં લેવાનો કાળ શરૂ થયો. ખાદીની શોધ અથવા કહો કે તેનું પુનરુત્થાન હિંદમાં આવીને કર્યાં છે પણ તેનો પ્રથમ વિચાર તો પહેલાં થઈ ચૂકયો હતો. હિંદી સમાજને પોતાની જાત સોંપી તેને અર્થે પોતાની જાત ઘસવા લાગ્યા. સ્વભાવથી જ પ્રગતિશીલ એટલે કાળક્રમે એમના વિચારો આગળ વધતા રહ્યા અને તેમ તેમ જીવનમાં ફેરફારો કરતા જ રહ્યા; તોપણ જીવનસિદ્ધાંતો તો દક્ષિણ આફ્રિકામાં ઘડાયા હતા તે જ છેવટ સુધી રહ્યા. બાહ્ય અસંગતિથી તેઓ કદાપિ સંકોચ પામ્યા નથી. નિર્ભયતાની મૂર્તિ સમા તેઓ પોતાના વિચારપરિવર્તનને જાહેરમાં મૂકતાં કદાપિ ખંચાયા નહોતા.

ગાંધીજી મુંબઈથી પૂના ગોખલેજીને મળવા ગયા. એક વર્ષ હિંદુસ્તાનમાં ફરી તેને બરાબર જોવાની અને અહીંની પરિસ્થિતિનો પૂર્ણ અભ્યાસ કરવાની ગોખલેજીએ જે ભલામણ કરી તે ગાંધીજીએ ઉપાડી લીધી. એ વર્ષ દરમ્યાન એઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પોતાના વિચારો અને વિચારપદ્ધતિનો પાસ લગાડ્યો. હિંદુસ્તાનનું એ એમનું પ્રથમ પરિભ્રમણ. કાર્યોને અંગે અનેક વાર એમણે હિંદમાં પરિભ્રમણ કર્યાં હતાં. ખાદીકામ અને હરિજનકાર્ય અંગેનાં લાંબાં પરિભ્રમણો તેમાં સૌથી વધુ યાદગાર છે.

ગોખલેજી પાસેથી પ્રથમ તેઓ શાંતિનિકેતન ગયા. દક્ષિણ આફ્રિકાના એમના સાથીઓનું આતિથ્ય કવિવર ટાગોરે કરેલું. ત્યાં જતાં જ તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે ભળી ગયા. સ્વાશ્રયનો સૌને પાઠ ભણાવ્યો અને રોજિંદા કામમાં સૌએ સ્વાવલંબી થવાનું સ્વીકાર્યું. રસોડાનું કામ પણ જાતે જ કરવાનું બધાંએ માથે

લીધું. જેટલા ઉત્સાહથી આ પ્રયોગ શરૂ થયો તેટલો લાંબો સમય તે ન નભ્યો છતાં એટલા પ્રયોગથી પણ એ સંસ્થાને લાભ જ થયો એમ ગાંધીજીએ માન્યું.

એટલામાં પૂનાથી ગોખલેજીના અવસાનનો તાર આવ્યો. ત્યાં દોડ્યા. રસ્તે ગાડીમાં અવનવા અનુભવ થયા કારણ કે ત્રીજા વર્ગમાં તેઓ મુસાફરી કરતા. તે જમાનામાં જાહેર જનતા એમને ચહેરાથી બહુ ઓળખતી નહીં. પૂના પહોંચી શ્રાદ્ધાદિ પતાવી એમણે "ભારત સેવાસમાજ"માં દાખલ થવું કે નહીં એ પ્રશ્ન તેના સભ્યોમાં ઊપડ્યો. સંસ્થામાં એમને લેવાનો ગોખલેજીનો ખૂબ જ આગ્રહ હતો. પણ સમાજના કેટલાક સભ્યો ગાંધીજીની ભિન્ન વિચારસરણીને કારણે એમને લેવામાં સંકોચાતા હતા. ગાંધીજીએ પોતે જ એ પ્રશ્નનો તોડ પાડ્યો. સમાજની બહાર રહીને જ તેની સાચી સેવા કરી શકાશે એમ જણાવી એ સંસ્થાના સભ્ય થવાનું માંડી વાળ્યું. આવો જ પ્રસંગ ૧૯૩૫માં મહાસભા સંબંધી ઊભો થયો હતો. મહાસભા ને પોતાની વિચારસરણીમાં જ્યારે ચોખ્ખો ભેદ દેખાવા લાગ્યો ત્યારે એમણે મહાસભાના ચાર આનાના સભ્ય મટી જઈ બહાર રહીને જ તેની સેવા કરવાનું યોગ્ય ધાર્યું. આ રીતે અલગ રહીને સંસ્થાની સેવા કરવાના બન્ને પ્રસંગોમાં પરિણામો શુભ જ આવ્યાં હતાં.

દેશભ્રમણમાં કુંભમેળાની મુલાકાત કરી. ત્યાં હિંદુ જનતાની ધર્મશ્રદ્ધા જોવાનો પ્રસંગ મળ્યો. ત્યાંથી પાછા ફરી અમદાવાદમાં કોચરબ ગામે આશ્રમની સ્થાપના કરી. અમદાવાદને પોતાના વસવાટ માટે પસંદગી આપવામાં રહેલું ઔચિત્ય તો સ્વયંસિદ્ધ છે. હરિજનોને અપનાવવામાં કસોટી થઈ પણ તેમાં પાર ઊતર્યા. આશ્રમ દ્વારા આશ્રમી ને સંયમી જીવનનું વાતાવરણ ઊભું થતાં તેની સુગંધ ગુજરાતમાં અને હિંદમાં ફેલાવા લાગી. સાબરમતી કાંઠેનો 'સત્યાગ્રહ આશ્રમ' આકર્ષણ ને પ્રવૃત્તિનું કેંદ્ર થઈ પડ્યો.

હજુ મહાસભામાં મોખરે આવવાનું થયું નહોતું તો પણ અંગત જવાબદારી પર ને જાતમહેનતે સરકાર સામે કેટલાક વિજયો પ્રાપ્ત કરવાના પ્રસંગો મળી રહ્યા. પ્રથમ વિજય તે હિંદ સરકારે ગિરમીટની પ્રથા કાયદેસર રદ કરી તે. ૧૮૯૪માં આ પ્રથા રદ કરવાની અરજી કરેલી તે આટલે લાંબે ગાળે ૧૯૧૫માં ફળી. વિરમગામની જકાતબારી પર લોકોને કનડગત થતી હતી તે દૂર કરાવી તે બીજો વિજય. ચંપારણમાં ગળીના વાવેતર અંગે ખેડૂતોને જે હાડમારી પડતી હતી. તે પણ સત્વર દૂર કરાવી શક્યા. સત્યાગ્રહી નિર્ભયતાનો આબાદ નમૂનો આ લડત દ્વારા દેશ સમક્ષ રજૂ કર્યો. લોકોમાં આથી હિંમત આવી ને સત્યાગ્રહી લડતની ઝાંખી થઈ. "બીજી તરફથી આખા હિંદુસ્તાનને સત્યાગ્રહનો અથવા કાયદાના સવિનય ભંગનો પહેલો સ્થાનિક પદાર્થપાઠ મળ્યો." (આ. ભા. ૨. પૃ. ૨૫૫)

ત્યાંથી એકાએક અમદાવાદના મજૂરોની વહારે ધાવું પડ્યું. મજૂરોનો પક્ષ ન્યાય્ય લાગતાં તેમને હડતાલની સલાહ આપી. હડતાલમાં મજૂરોએ ઢીલાશ બતાવતાં ઉપવાસ આદર્યા. સમાધાન થયું ને આખા આંદોલનમાંથી ફલરૂપે 'મજૂર મહાજન'ની સ્થાપના થઈ. સત્ય ને અહિંસા, જવાબદારી ને હકના સિદ્ધાંતો પર રચાયેલી મજૂર સંગઠનની એક નવી કાર્યપદ્ધતિ પેદા થઈ અને એ નીતિ અનુસાર અમદાવાદનું 'મજૂર મહાજન' કામ કરતું આવ્યું છે. એ નીતિ કેટલી ફલદાયી થઈ શકે છે તેનું એ જીવતું પ્રતીક છે. આ જગતમાં આ પ્રકારની એ એક અજોડ સંસ્થા છે.

ઉપલા બનાવ વેળાએ 'સત્યાગ્રહ આશ્રમ' અસ્તિત્વમાં આવ્યો. ત્યાં રહેવા ગયા બાદ ખેડાની લડત ચલાવી. તેમાં પણ ઠીક સફળતા મળી ગણાય. ગુજરાતને સત્યાગ્રહની તાકાતનું પહેલી વાર ભાન થયું.

હવેનું એમનું જીવન એટલે રાજકારણી પ્રસંગોની હારમાળા. એનો જોઈતો ઉલ્લેખ રાજકારણના પ્રકરણમાં કરવાનો રહેશે. અત્રે તો એ પ્રસંગો એ ક્યાં ને કેવાં બળો પેદાં કર્યાં તે ઉપર ઊડતી

નજર કરી લેવાની છે. કોમી ઐક્યની ઝંખનાને લીધે ખિલાફતની લડતમાં ભાગ લીધો અને હિંદુઓને પણ મુસ્લિમ ભાઈઓને મદદ કરવા આમંત્ર્યા ને પ્રેર્યા. અહિંસા વિષેના એમના વિચાર ઘડાઈ ચૂક્યા હોવા છતાં બ્રિટિશ સરકારમાં હજુ પણ થોડોઘણો વિશ્વાસ હોવાને લીધે સંજોગો વિચારી રંગરૂટની ભરતીમાં મન દઈને કામ દીધું. રૉલેટ ઍક્ટથી એમનો વિશ્વાસ તદ્દન ઊઠ્યો. એપ્રિલની ૬ ઠ્ઠીથી ૧૩મી સુધી રાષ્ટ્રીય સપ્તાહની ભવ્ય ઉજવણી ને તેમાં પ્રજાનો બહાર પડેલો અનોખો ઉત્સાહ; પણ હુલ્લડો ફાટી નીકળતાં 'પહાડ જેવડી ભૂલ'નો સ્વીકાર કર્યો. 'નવજીવન'ને 'યંગ ઇંડિયા'ની સોંપણી થતાં તે ચાલુ કર્યાં, અને પોતાના વિચારો પ્રજા આગળ રજૂ કરી પ્રજામાનસના ઘડતરની શરૂઆત કરી. ધીમે ધીમે મહાસભામાં જવાબદારીનાં કામ એમને શિર આવતાં ગયાં તેમ તેમ તેનું સુકાન તેમના હાથમાં આવવા લાગ્યું. "મારી બીજી શક્તિ લહિયાનું કામ કરવાની હતી, જેનો ઉપયોગ મહાસભા લઈ શકે તેમ હતું" (આ. ભા. ૨. પૃ.) અને ત્યારથી અંત સુધી મહાસભાના મહત્ત્વના ઠરાવો ઘડવાનું કામ એમને હાથે જ થવા પામ્યું.

ખાદીનો જન્મ થતાં તેના ઉછેર ને પ્રચાર અર્થે હિંદનું ભ્રમણ કર્યું. તેમાંથી જ ચરખાસંઘનો જન્મ થયો. અસહકારનો જમાનો આવ્યો અને ગયો. તેની સાથે હિંદના સંઘના રાજકારણીય કામનો પ્રથમ અંક પૂરો થયો. ખાદી પ્રવૃત્તિ હવે પછી આવનારી મહાન લડતના અનુસંધાનરૂપ થઈ પડી.

૬

રાષ્ટ્રપિતા

સ્વરાજિસ્ટોએ ધારાસભામાં પ્રવેશ કર્યો ત્યારે તેમની સાથે સમભાવ રાખી તપસ્યા અને તાટસ્થ્ય વડે પોતાના વિચારોની સમજ પ્રજાને આપતાં સંગઠન સાધવાનું ચાલુ રાખ્યું. બારડોલીની લડતના

સફળ સંચાલન પછી પૂર્ણ સ્વરાજનો ઠરાવ થયા બાદ દાંડીકૂચ કરી '૩૦ની લડતનાં મંડાણ થતાં ગાંધીજીનું તેજ સોળે કળાએ પ્રકાશ્યું. લડતનો પ્રથમ હપ્તો ગાંધી–ઇરવીન કરારથી પૂરો થયો. કોંગ્રેસ દેશની અભિલાષાઓ વ્યક્ત કરતી મહાન સંસ્થા બની ચૂકી હતી. આવી કોંગ્રેસના એક માત્ર પ્રતિનિધિ તરીકે બીજી ગોળમેજીમાં વિલાયત જઈ ગાંધીજીએ દેશનો અવાજ બુલંદ રીતે સંભળાવ્યો. દેશની સંસ્કૃતિ, અભિલાષા, ને સર્વોચ્ચ તત્ત્વોને પોતામાં વ્યક્ત કરનાર ગાંધીજીએ રાષ્ટ્રપિતાનું સ્થાન ત્યારથી સાચવ્યું. ગોળમેજીમાં જે કામ કર્યું તેના કરતાં વધુ તો ત્યાંના લોકો અને લોકનેતાઓનો સંપર્ક સાધીને કર્યું.

ગોળમેજીમાં નિરાશા સિવાય બીજું મળવાની આશા ઓછી હતી. પાછા ફરતાં તરત જ નેતાઓની ધરપકડ થતાં લડત ઊપડી. કોમી ચુકાદાના સામના અર્થે આમરણ ઉપવાસ સમજૂતી થતાં સુખરૂપ પૂરા થયા. આ વર્ષો દરમ્યાન બે વાર લાંબા ઉપવાસ કરવાના પ્રસંગ પ્રાપ્ત થયા. લડતમાં ધીરે ધીરે ઢીલાશ આવતાં તેને સંકેલી લઈ પ્રજાનું ધ્યાન હરિજન પ્રશ્ન પર કેંદ્રિત કર્યું. હરિજન ચળવળ અંગે આખા દેશનું ફરી એક વાર ભ્રમણ કર્યું તેના ફાળામાંથી મોટું ફંડ ઊભું થયું. સ્ત્રીઓએ કીમતી ઘરેણાં ભેટ ધર્યાં અને લોકોમાં અસ્પૃશ્યતાનિવારણ કરવાની ભાવના જાગૃત થઈ. આ કામમાંથી હરિજન સેવક સંઘની ઉત્પત્તિ થઈ. આ દેશાટન દરમ્યાન એકથી વધુ હુમલા તેમના પર થયા છતાં અચલ અને અડગ પોતાના માર્ગે આગળ વધતા જ રહ્યા, અને વિરોધીઓને જરાય મચક ન આપી. એ પ્રયત્નોને પરિણામે અસ્પૃશ્યતા જેવું જૂનું હઠીલું દરદ હિંદુ સમાજના શરીરમાંથી ટૂંક સમયમાં જ નાબૂદ થવા આવ્યું.

ખાદીનો વિચાર હવે નવે સ્વરૂપે વિસ્તૃત સ્વરૂપ ધારણ કરીને પ્રજા સમક્ષ મૂક્યો. રચનાત્મક કાર્યક્રમનું મહત્ત્વ લોકોને સમજાવ્યું. આ કાર્યક્રમ વડે વિના લડતે સ્વરાજ હાંસલ કરી શકાય એવી મજબૂત આશા પણ પ્રજાને આપી. એ દિશામાં પ્રયત્નો ચાલુ થયા અને વર્ધામાં

ગ્રામોદ્યોગ સંઘ સ્થપાયો ને તેનું કાર્ય વિસ્તાર પામવા લાગ્યું. ગુજરાતી સાહિત્ય સંમેલનના બારમા અધિવેશનના પ્રમુખ ચૂંટાયા અને તેમને છાજે એવો ગુજરાતી સાહિત્યકારોને ગ્રામાભિમુખ થવાનો અને ખેડૂત તથા મજૂરની દૃષ્ટિથી સાહિત્ય સર્જન કરવાનો સંદેશો સદુ:ખ સંભળાવ્યો.

નવી ચૂંટણીમાં ભાગ લેતાં કોંગ્રેસે પ્રાંતોમાં પ્રધાનપદાં સ્વીકાર્યાં; પ્રાંતિક સ્વરાજના શાસન અંગે સલાહસૂચન એમના સાપ્તાહિક પત્રે માં આપતા રહ્યા. પ્રજાને મફત કેળવણી આપવાનો કૂટ પ્રશ્ન ઊભો થયો ત્યારે વર્ધા યોજનાની ઉત્પત્તિ થઈ અને એ યોજના મુજબ કેટલીક પ્રાંતિક સરકારોએ પ્રયોગો શરૂ કર્યા.

૭

જીવન સિદ્ધાંતોની કસોટીએ

બીજું વિશ્વયુદ્ધ આવતાં આ વેળા એમાં એમનાથી ભાગ લેવાય એવી સ્થિતિ જ રહી નહોતી. અહિંસામાં એમની શ્રદ્ધા એટલી દૃઢ થઈ હતી કે નૈતિક ટેકા સિવાય બીજી કંઈ પણ મદદ મિત્રરાજ્યોને તેઓ ન આપી શકયા. હિંદ પર જાપાનના આક્રમણનો ભય ઊભો થતાં ૧૯૪૨ માં "કરેંગે યા મરેંગે" નો યુદ્ધમંત્ર આપી ફરી આખરી લડત આપવાની હાકલ કરી. તરત જ એમને અને નેતાઓને પકડવામાં આવ્યા. ને સત્યાગ્રહનાં બધાંય સ્વરૂપોમાં આ આખરી યુદ્ધ લડવાનો એમનો ઇરાદો પૂરેપૂરો બર ન આવ્યો. હિંસા ફાટી નીકળી. સરકારે દમનનીતિ અખત્યાર કરી. હિંસાદોષના પોતા પર થયેલા આરોપ સામે એકવીશ દિવસના ઉપવાસ આદર્યા ને એમાંથી પાર ઊતર્યા. જેલમાં બે જીવનસાથીઓને એમણે ગુમાવ્યાં — કસ્તૂરબા તેમ જ મહાદેવભાઈ ને.

જેલમાંથી છૂટયા ત્યારે પ્રજા દબાઈ ગઈ હતી. છતાં સ્વરાજની ભાવના ભારેલા અગ્નિ જેવી પડી હતી. અંગ્રેજો તે જાણતા હતા.

વરસેક બાદ નેતાને છોડ્યા. યુદ્ધ પૂરું થયું અને સંજોગો ને વિશ્વ પરિબળોને કારણે પણ બ્રિટન હિંદને સ્વરાજ આપવા તૈયાર થયું. ત્યાર પછીના ચાલુ ઇતિહાસથી કોણ અજાણ્યું છે? દેશના ભાગલામાં ગાંધીજી રાજી ન હતા છતાં એ સિવાય બીજો રસ્તો કોંગ્રેસ સમક્ષ બાકી રહ્યો ન હતો એટલે નછૂટકે એમાં એમણે સંમતિ આપી અને ભાગલા પછી જે ખુનામરકી ચાલી તેને શાંત કરવામાં ગાંધીજીનો ફાળો નાનોસૂનો નથી. હિંદના મુસ્લિમોના રક્ષક થઈ હિંદુસંસ્કૃતિના રક્ષક થઈ પડ્યા ને શાંતિસ્થાપકનું કામ જોરશોરથી છેવટ સુધી કરતા રહ્યા. બબ્બે ઉપવાસો વડે કલકત્તા ને દિલ્હીને શાંત કર્યાં અને એનાથી દેશને યા કહો કે બંને દેશોને—હિંદ ને પાકિસ્તાનને—શાંત કરવા કેટલેક અંશે સફળ થયા. પણ . . . . . ?

જ્યારે કાર્યસિદ્ધિની ટોચે પહોંચ્યા હતા ત્યારે એમને ભગવાને ઉપાડી લીધા; હિંદુસમાજનો એક ભાગ એમની ધર્મભાવનાને જીરવી ન શક્યો, સમજી ન શક્યો અને એણે જ એમનો ભોગ લીધો. મહાપુરુષને લાયક, અહિંસક સત્યાગ્રહીને શોભે એમ મુખમાં રામનામ મંત્ર સાથે ગોળીના વરસાદમાં વીરોચિત મૃત્યુને ભેટ્યા.

ઈશુ, કૃષ્ણ ને બુદ્ધની હરોળમાં બેસે એવા આ મહાપુરુષની ઉચિત સરખામણી રામાયણના નાયક શ્રી. રામચંદ્રની સાથે જ એક બાબતમાં તો થાય એમ છે. મર્યાદાપુરુષોત્તમ શ્રી રામની અર્વાચીન આવૃત્તિ તે ગાંધીજી. ભલે પૂર્ણતાને ન પામ્યા હોય છતાં પુરુષોમાં ઉત્તમ બની રહી લોક સંગ્રહાર્થે મર્યાદાધર્મનું પાલન કરી પ્રજા સમક્ષ પોતપોતાના જમાનામાં બંનેએ વ્યવહારધર્મનું દૃષ્ટાંત પૂરું પાડ્યું. કાળબળે એક અવતાર તરીકે ગણાઈ ચૂક્યા, બીજાનું પણ તેમ થવા બેઠું છે. પણ તેમ ન થાય એ જ ઇષ્ટ છે. તેમને બરાબર સમજવામાં જ તેમની સાચી કદર છે, નહીં કે તેમને દેવ સ્થાને મૂકી દૂરથી પૂજા કરવામાં.

રામની માફક ગાંધીજી જે જે કંઈ કરતા તેમાં સદાય સમાજનો ખ્યાલ રાખતા. લાખો કરોડો એમના જીવનને નિહાળતા હતા; તેમ જ હજારો એમના જીવનનું અનુકરણ કરનારા હતા ને છે. તેથી એમનું આચરણ મર્યાદાધર્મને અનુસરતું. જાહેરજીવનમાં પડ્યા પછીનું એમનું જીવન સમાજને દૃષ્ટાંતરૂપ થઈ પડયું હતું. તેથી ગીતાજીના નીચેના શ્લોકનું અક્ષરશઃ પાલન કરનાર લોકસંગ્રહકાર ગાંધીજીને મર્યાદા-પુરુષોત્તમની ઉપમા આપવી જ યોગ્ય ગણાય.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जन : ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

(ગી. અ. ૩. શ્લો. ૨૧)

અર્વાચીન જગતમાં ને હિંદમાં યોગસિદ્ધિને પામેલા, અધ્યાત્મમાં ખૂબ આગળ વધેલા, કેટલાક મહાપુરુષોનાં નામ તો જાણીતાં છે. પણ લોક-સમસ્તને સારુ કુટુંબધર્મ ને મિત્રધર્મ, પિતૃધર્મ ને પુત્રધર્મ, પતિધર્મ, અતિથિધર્મ, સેવાધર્મ ને સમાજધર્મ, વ્યક્તિધર્મ ને માનવધર્મના સહુ સમજે એવા મર્યાદાધર્મના સત્યાગ્રહી આદર્શને વ્યવહારમાં ઉતારનાર તો ગાંધીજી જ.

૨

ધર્મ

"છોકરામાં માબાપની આકૃતિનો વારસો જેમ ઊતરે છે તેમ તેમના ગુણદોષનો વારસો પણ ઊતરે જ છે. તેમાં આસપાસના વાતાવરણને કારણે અનેક વધઘટ થાય છે ખરી, પણ મૂળ મૂડી તો બાપદાદા ઇત્યાદિ તરફથી મળેલી હોય છે તે જ ખરી. એવા દોષોના વારસામાંથી કેટલાંક બાળકો પોતાને બચાવી લે છે એમ મેં જોયું છે. એ આત્માનો મૂળ સ્વભાવ છે, તેની બલિહારી છે."

(આ. ભા. ૨, પૃ. ૯૬)

૧

ગુણવારસો

મનુષ્યની ધાર્મિકતાના પાયામાં દૈવી સંપદ્‌નું સ્થાન મહત્ત્વનું છે. જ્યાં સાચી ધાર્મિકતા હોય ત્યાં દૈવી ગુણોનો વિકાસ અવશ્ય હોય જ. સત્ય, ક્ષમા, ધૈર્ય, પ્રેમ વગેરે ગુણોના વિકાસ સિવાય ક્યાંય ધાર્મિક વૃત્તિ ટકી જાણી નથી. ઈશ્વર પરની આસ્થા એ જ કેવળ ધાર્મિકતાની નિશાની નથી. એવી આસ્થાની સાથે નિર્મળ ચારિત્ર્યને આચરણ પણ જોઈએ જ. તેને સારુ દૈવી ગુણોનું દઢીકરણ થયેલું હોવું જોઈએ. વારસામાં મળેલા આવા ગુણો જીવનયાત્રા સરળ કરવામાં મદદ કરે છે.

એ ગુણો ઓછા યા વધુ પ્રમાણમાં બાળક માબાપ તરફથી વારસામાં લઈને જન્મે છે. ગુણોની જેમ માબાપના દોષો પણ ઊતરે જ. આનુવંશિકતાના આ કાયદાના (Law of heredity) ગાંધીજી જ કંઈ અપવાદ ન હતા; પણ ગુણોનો વારસો મેળવવામાં ઘણે અંશે ભાગ્યશાળી હતા. પણ સત્ત્વનું ઓજસ એ જીવાત્માનું પોતાનું હતું

એમ લાગે છે. કિશોર અવસ્થા સુધી સામાન્ય દેખાનાર મોહનદાસમાં અસામાન્ય એવા કેટલાક ગુણો અને કેટલાક સામાન્ય પણ પ્રબળ દોષો નાનપણમાં જોવામાં આવે છે.

દાદા ઓતા ગાંધી ટેકીલા હતા. પિતા કબા ગાંધી "કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર, પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિષે આસક્ત પણ હશે." (આ. ભા. ૧, પૃ. ૧૨.) આ ઉપરાંત પિતામાં શુદ્ધ ન્યાયનો ચાહ, લાંચથી દૂર રહેવાનો આગ્રહ, લોભનો અભાવ, વ્યવહારુ ઊંચા પ્રકારનું જ્ઞાન, ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવાની શક્તિ હતાં. માતા સાધ્વી હોવા સાથે પ્રબળ ભાવનાશાળી હતાં; વ્રતોનો તેમને શોખ હતો. માતા પણ પિતાની માફક ભારે વ્યવહારકુશળ હતાં. આવાં માતાપિતાનો આ ગુણવારસો સાંગોપાંગ ઊતરેલો અને ક્રમશઃ વધતો જતો મોહનદાસના જીવનમાં સ્પષ્ટ દેખાય છે. નાનપણમાં પણ ઠાવકા મોહનમાં સત્યપ્રેમ, ટેક, ભાવનાપ્રાધાન્ય, શ્રદ્ધા, વડીલો પ્રત્યે પૂજ્યભાવ, શુભનું શીઘ્ર આચરણ અને સેવાપરાયણતા દેખા દે છે.

કેટલાક દોષો પણ હતા. ગાંધીજીના જીવનની મહત્તાને પડછે તે સામાન્ય દોષો મોટા દેખાય છે પણ સાથે જ તેના પર તેમણે મેળવેલો વિજય ધ્યાન ખેંચે છે. દોષ સામાન્ય જીવનમાં ધ્યાન નથી ખેંચતા. એમના દોષ રૂઢ થયા તે પહેલાં તો તેમનું ઉન્મૂલન કર્યું. એમના દોષનું એક કારણ તે પ્રતિકૂળ સંજોગો હતા. સમાજ જ જ્યાં કલુષિત હોય ત્યાં એક યા બીજી રીતે સારા ઘરનું બાળક પણ મેલું ને દોષિત થાય. શરમ ને સંકોચ ભયનું એક સ્વરૂપ છે; પણ ભયજય કરીને સંકોચને એમણે ચારિત્રરક્ષાનું સાધન બનાવ્યો; શરમાળપણાને દોષના બચાવની ઢાલ માની.

અંધકારથી બીનાર મોહનની બીક કેવળ બાહ્ય મનની હતી. અંદર તો નિર્ભયતાનાં મૂળ પડેલાં હતાં. બીકણપણાનું લક્ષણ ચાઈનીઝ ફિલસૂફ કૉન્ફ્યૂસિયસ આ પ્રમાણે બાંધે છે: "To know what is right and not to do it is cowardice." "સાચું શું છે

તે જાણવું પણ તે પ્રમાણે કરવું નહીં તે કાયરતા છે." પણ થોડા બાલસહજ ભયો સિવાય મોહનમાં તો જે સત્ય લાગે તેનું આચરણ કરવાની નીડરતા હતી. આંતરમનની જબરી તાકાત અહીં પ્રતીત થાય છે: સત્યનો શોખ, સત્યનો શીઘ્ર અમલ અને અસત્યની ઉપેક્ષા. અનિષ્ટની ઉપેક્ષા કરી તેનું વિસ્મરણ કરવાની શક્તિ માટે તો યોગીઓય મથે છે. સત્ય લાગે તેનું શીઘ્ર આચરણ કરવાની શક્તિ સિદ્ધાવસ્થાનું લક્ષણ ગણાય છે. નિર્ભયતામૂલક આ મહાગુણને કારણે એઓ પોતાના દોષો પર તરત વિજય મેળવી શકે છે અને જીવનમાં ઝડપી વિકાસ સાધી શકે છે.

આ સિવાય બીજી બાબતોમાં સામાન્યતા હતી. પણ આ સામાન્યતામાં પણ એક અસામાન્યતા હતી; અને તે તેમની માનવતાના બાહુલ્યની. નાનપણમાં કથાઓ અને આખ્યાનો સાંભળવા સિવાય બીજું કશું ધાર્મિક વાચન ન મળે. એ પ્રત્યે ખાસ વલણ નહોતું. પણ માનવતા તો ત્યારે ભરપૂર પડી હતી. સેવાપ્રેમ, ઘસાઈ છૂટવાની વૃત્તિ અને ઉદારતા અને અભેદવૃત્તિ એમની વિકસતી માનવતામાં રહેલાં હતાં. આમાંથી જ આગળ જતાં માનવસમાજની સેવા કરવાની ઉમેદ એમનામાં પેદા થાય છે.

નાનપણમાં વર્તનની સચ્ચાઈ વિષેની કાળજી ધ્યાન ખેંચે તેવી છે. "મને મારી હોશિયારી વિષે કંઈ માન ન હતું . . . પણ મારા વર્તન વિષે મને બહુ ચીવટ હતી." (આ. ભા. ૧) વર્તનની ચીવટ ચારિત્રઘડતરની ચીવટમાં પરિણમી અને તે જ પાછળથી જીવનને ધર્મમય બનાવવા આગ્રહી બની. હોશિયારી કરતાં શીલને પ્રાધાન્ય આપતાં જ તે આગળ વધ્યા. ઉત્તમ શીલને લીધે જ બુદ્ધિ નિર્મળ ને તેજસ્વી બની. એમના આ સ્વકીય અનુભવને કારણે જ તેઓ હમેશાં બુદ્ધિવિકાસ કરતાં હૃદયવિકાસને, પાંડિત્ય કરતાં પાવિત્ર્યને, નરી વિદ્વત્તા કરતાં ધર્મમય સાદા જીવનને પ્રાધાન્ય ને અગત્ય આપતા રહ્યા; કારણ કે તેમણે અનુભવ્યું કે ચારિત્રગઠનથી જ આત્માભિમુખ થવાય

છે. જિજ્ઞાસા જાગે છે. નીતિમય જીવનની મહત્તા સ્વાનુભવથી પારખી તેને પોતાની ધાર્મિક વિચારસરણીમાં અગ્રસ્થાને મૂકે છે.

૨

વાતાવરણ

બાળકના ઘડતરમાં વાતાવરણ ભારે ભાગ ભજવે છે. બચપણમાં ધાર્મિક વૃત્તિ પોષાય એવું સારું વાતાવરણ એમને મળી રહ્યું. શાળા નિશાળમાં તો ધાર્મિક શિક્ષણ ત્યારેય અપાતું નહિ એટલે સીધું ધાર્મિક શિક્ષણ મળવાની તક એકે ન સાંપડી, "છતાં વાતાવરણમાંથી કંઈક ને કંઈક મળ્યા જ કર્યું. અહીં ધર્મનો ઉદાર અર્થ કરવો જોઈએ. ધર્મ એટલે આત્માભાન, આત્મજ્ઞાન." (આ. ભા. ૧, પૃ. ૫૪)

ગાંધી કુટુંબ વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારું એટલે હવેલીએ જવાનું અવારનવાર થાય પરંતુ ત્યાંના વાતાવરણે ખાસ અસર ન કરી. ઊલટું, ત્યાંના અનીતિમય આચારની વાતો સાંભળતાં તેના તરફ ઉદાસીનતા આવી. પણ ઘરનું વાતાવરણ સાચું વૈષ્ણવ હતું. વૈષ્ણવને શોભે તેવાં વ્રતપાલન, નીતિ, ચોખ્ખાઈ બાળકને શુભ સંસ્કાર પાડે તેવાં હતાં. માતા સાધ્વી હોઈ ચીવટથી ધર્મપાલન કરનારી હતી. તેની સચોટ અસર મોહનદાસ પર થવા પામી. ધર્મના ઊંડા સંસ્કાર અને ઘરના પવિત્ર વાતાવરણની એટલી પ્રબળ અસર હતી કે વિચારપૂર્વક ચાહ્યા છતાં માંસભક્ષણ કરતાં તેમને ભારે આઘાત લાગ્યો હતો.

પણ સૌથી અગત્યના સંસ્કારનું બીજારોપણ તો ઘરની દાઈ રંભાએ કર્યું. બીકણ મોહનદાસને ભૂતપ્રેતાદિના ડરથી બચવાને રામ-નામનો મંત્ર શીખવ્યો. "રામનામ આજે મારે સારુ અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઈએ રોપેલું બીજ ગણું છું." (આ. ભા. ૧, પૃ. ૫૫) આ ઉપરાંત રામાયણપારાયણનો લાભ પણ તે વેળા મળ્યો. આ ભક્તિગ્રંથ એમના બાલ મન પર ચીતરાઈ રહ્યો અને મહાન પ્રેરણા આપનાર થઈ પડ્યો.

રાજકોટના રહેવાસ દરમ્યાન સર્વે સંપ્રદાય અને ધર્મ તરફ માનવૃત્તિ રાખવાનો પાઠ પણ કુટુંબના વાતાવરણમાંથી જ મળ્યો. એમનાં માતાપિતા વૈષ્ણવ હોવા છતાં શિવાલય અને રામમંદિરે પણ જાય. વળી એમના પિતાજી પાસે જૈન ધર્માચાર્યો, મુસલમાન અને પારસી મિત્રો આવે અને પોતાના ધર્મની વાતો કરે તે બધી પિતાના 'નર્સ' બનવાથી મોહનદાસને સાંભળવાની મળે. "આ બધા વાતાવરણની અસર મારા ઉપર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો." (આ. ભા. ૧, પૃ. ૫૭) એટલું જ નહીં પણ ભાગ્યવશાત્ એમના પિતાની માફક યુવાનીમાં એમને પણ ખ્રિસ્તી, મુસલમાન વગેરે ધર્મના મિત્રોના સંપર્કમાં આવી ધર્મોની ચર્ચાનો સીધો લાભ લેવાની તક મળી. તેનાથી બાલવયમાં મળેલા એ સંસ્કારો તાજા થતાં પક્વ વિચારશક્તિ અને વિશાળ હૃદયભાવનાની મદદથી સર્વધર્મસમભાવ એમને સહજ બની રહ્યો. અને તેનો પ્રચાર એ એમનું સ્વાભાવિક સેવાકાર્ય થઈ પડયું. સર્વધર્મ સમભાવથી જ માનવધર્મ અને માનવઐક્યને પહોંચાય એવી એમની છેવટની માન્યતાનાં મૂળ આટલાં ઊંડાં ને જૂનાં હતાં.

ગાંધીજીના જીવન પર તો અનેક બાહ્ય અસર થવા પામી — કેટલાંક ઉત્તમ પુસ્તકોની, કેટલાક વિચારકોની અને કેટલાક ધર્મોની. પરંતુ તે સર્વેમાં હિંદુધર્મને જ પોતાના વિકાસનું સૌથી વધુ મહત્ત્વ તેમણે આપ્યું. મોટા થયા પછી જે ગુણવિકાસ એમણે સાધ્યો, જે શક્તિઓ એમણે કેળવી તે બધાયની ભૂમિકા નાનપણમાં ઘરના ધાર્મિક વાતાવરણમાંથી જ રચાઈ. તેથી હિંદુ ધર્મ તરફનો એમનો ઋણસ્વીકાર યથાર્થ જ હતો.

વાતાવરણના આવા સંસ્કાર છતાં એમ માની લેવાની જરૂર નથી કે એમનામાં તે વેળા ઈશ્વર પરની શ્રદ્ધા દૃઢ થઈ ચૂકી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે મનુસ્મૃતિ જેવા ધર્મગ્રંથનું ભાષાન્તર વાંચતાં એમનામાં થોડીઘણી નાસ્તિકતા આવી. જગતની ઉત્પત્તિ વિષેના

તેમાંના વિચારો પર તેમની શ્રદ્ધા ન બેઠી. શંકાઓ પેદા થવા લાગી. એમના કાકાના બીજા દીકરા પર એમને વિશ્વાસ હતો. એમની પાસેથી પોતાની એ ધાર્મિક શંકાઓનું સમાધાન માગ્યું. એમની પાસેથી મળેલા જવાબથી સંતોષ ન મળ્યો. 'કોક દિવસ બુદ્ધિ ખૂલશે, વધારે વાંચીશ ને સમજીશ' એમ વિચારી તે વેળા તો મન વાળ્યું.

નાસ્તિકતાના આ કાળ દરમ્યાન પણ એક વસ્તુએ મનમાં જડ ઘાલી કે આ જગત નીતિ પર નભે છે. "નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું રહ્યું. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. સત્યની વ્યાખ્યા વિસ્તાર પામતી ગઈ અને હજુ પામતી રહી છે." (આ. ભા. ૧, પૃ. ૫૯) આ સત્યનિષ્ઠા જ એમને નાસ્તિકતામાંથી ઉગારી શકી.

આની સાથે અકળ કારણવશાત્ કે અપ્રતિકારનો ગુણ સ્વભાવગત હોવાને લીધે અહિંસાનું પ્રતિપાદન કરનારો અખાનો છપ્પો હૃદયમાં વસ્યો. અપકારના ઉપર ઉપકાર જ હોય એમ એ છપ્પાનો સાર હતો. "અપકારીનું ભલું ઇચ્છવું ને કરવું એ મારો અનુરાગ થઈ પડ્યો. એના અગણિત અખતરા આદર્યા." સત્યની સાથે આવી અહિંસાનાં સૂક્ષ્મ બીજ પણ એમના સ્વભાવમાં પડેલાં હતાં. એટલું જ કે તે સ્ફુટ નહોતાં. તેમની મહત્તા, તાકાત અને તેમની પરસ્પર નીકટતાનો ખ્યાલ નહોતો. અખતરામાંથી જ તે સ્પષ્ટ થયાં અને તેમને જીવનમાં સ્થાપી શક્યા. મૂળના, એ પ્રાથમિક અખતરાઓમાં જ 'સત્યના પ્રયોગો'નો ઉગમ છે.

દરમ્યાન, આડે માર્ગે જવાના પ્રસંગો પણ પ્રાપ્ત થયેલા. સુધારક વૃત્તિ તો મૂળથી જ હતી. એક કુછંદી મિત્રને સુધારવાના પ્રયાસમાં પોતે જ ખરડાયા. આમ ઘરના સાનુકૂળ ને સમાજના પ્રતિકૂળ વાતાવરણમાં મિત્રના સંગદોષ છતાં નૈતિક ઉચ્ચ ભૂમિકા અને પૈતૃક ગુણના મોટા વારસાને કારણે અંતે ધર્મને જ પકડી રહ્યા. નાસ્તિકતાનો

ટૂંકો ગાળો વીતી ગયો. કયા એક કારણથી નાસ્તિકતાના રણને તેઓ ઓળંગી શક્યા તે કોણ કહી શકે?

૩

માર્ગશોધન

"આમાં પુરુષાર્થ ક્યાં છે, દૈવ ક્યાં છે, અથવા કયા નિયમોને વશ વર્તીને મનુષ્ય છેવટે પડે છે અથવા બચે છે, એ પ્રશ્નો ગૂઢ છે. તેનો ઉકેલ આજ લગી થયો નથી અને છેવટનો નિર્ણય થઈ શકશે કે નહિ એ કહેવું કઠિન છે." (આ. ભા. ૧, પૃ. ૪૨)

નાસ્તિકતાના ટૂંકા ગાળામાંથી, કુસંગના પાસમાંથી એમને બચાવવા કયું બળ કામ કરી ગયું તેનો આખરી નિર્ણય કરવો મુશ્કેલ તો છે જ. છતાં એટલું અનુમાન તો જરૂર કરી શકાય કે એમના સ્વભાવમાં રહેલા કેટલાક ગુણો વધુ દૃઢ અને સક્રિય થતાં એમનો વિકાસમાર્ગ મોકળો થયો. પણ એથી વધુ તો એમની ઈશ્વરશ્રદ્ધા જ ખૂબ કામ આવી એમ કહેવામાં કેવળ હકીકતની જ રજૂઆત છે.

જેની જેવી શ્રદ્ધા તેવો તે બને છે. यो यच्छ्रद्धः स एव सः। (ગી. અ. ૧૭. શ્લો. ૩). માણસના શ્રદ્ધાવિષય પરથી તેના વિકાસ-માર્ગનો આંક બાંધી શકાય છે. ગાંધીજીનો શ્રદ્ધાવિષય જાણે અજાણે પણ ઈશ્વર હતો; અને તેથી એમનો વિકાસ ઊર્ધ્વગામી બની રહ્યો. ગીતાજીનું આ સૂત્રવાક્ય એક સાર્વત્રિક સત્ય છે. માણસ શ્રદ્ધા વિના જીવી શકતો જ નથી. આજનું માનસશાસ્ત્ર પણ આને ઉવેખી શકે તેમ નથી કારણ કે આ અનુભવવાક્ય છે. એ કેમ કામ કરે છે તે હવે જોઈએ.

श्रद्धामयोऽयं पुरुषः। (ગી. અ. ૧૭, શ્લો. ૩) મનુષ્યનો આત્મા શ્રદ્ધામય છે. શ્રદ્ધાના પ્રકાર અનેક હોઈ શકે પણ કોઈ ને કોઈ

પ્રકારની શ્રદ્ધા તો માણસમાં હોય છે જ. શ્રદ્ધાવિષયના પ્રકાર ઉપર માણસના જીવનની ઉત્કૃષ્ટતા નિકૃષ્ટતાનો આધાર રહે છે. જેવી ને જેટલી શ્રદ્ધા તેવું ને તેટલું બળ (વીર્ય) પેદા થાય છે, આ બળને ઉત્સાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળ વિના ઉત્સાહ ટકે નહીં. આ બળ કે ઉત્સાહ પર તેની સ્મૃતિ અવલંબે છે. નિર્બળની સ્મૃતિ પણ ટૂંકી હોય. ઉત્સાહ ભરપૂર હોય તો સ્મૃતિ (જાગરૂકતા) પણ તેજ થયેલી જોવામાં આવે છે. સ્મૃતિની તેજસ્વિતા ને નિર્મળતા પર એકાગ્ર શક્તિ આધાર રાખે છે. મૂળ શ્રદ્ધાવિષય શુદ્ધ હોય તો તો એકાગ્રતા પણ શુદ્ધ વિષય પર જ ચોંટે. આ એકાગ્ર શક્તિ (કે સમાધિ) માંથી પ્રજ્ઞા જન્મે છે. પ્રજ્ઞા એટલે ઉત્તમ પ્રકારની બુદ્ધિશક્તિ જે માણસના શ્રદ્ધા વિષય પર અવલંબે છે; ને સાથે જ પ્રજ્ઞાપ્રાપ્તિથી શ્રદ્ધાવિષય પણ બદલી શકાય અને એ રીતે ઉત્તરોત્તર વિકાસનો માર્ગ મોકળો થતો રહે. પાતંજલ દર્શનના સૂત્રનો આ વિચારને પૂરો ટેકો મળે છે: श्रद्धा-वीर्य-स्मृति–समाधि-प्रज्ञापूर्वक इतरेषाम् (પાતંજલ દર્શન પાદ. ૧, સૂ. ૨૦)

પણ શ્રદ્ધા પોતે જ શેના પર આધાર રાખે છે? બુદ્ધિ શુદ્ધ ન થઈ હોય ત્યારે અંધશ્રદ્ધા શેના વડે બદલાય? શ્રદ્ધાના ફેરફારનો મુખ્ય આધાર છે મનુષ્યના કર્મ પર, કર્મો કરવાની ટેવ પર. જે કામ માણસ કરે છે તેમાં અભ્યાસથી તદ્‌વિષયક કુશળતા પ્રાપ્ત થાય છે. 'લખતાં લહિયો થાય'ની કહેવત આ અનુભવ-સત્યની વાચક છે. કામમાં કુશળતા પ્રાપ્ત થતાં તે કામ કરવા પરત્વે આત્મવિશ્વાસ (શ્રદ્ધા) સહેજે પેદા થાય છે. આવી શ્રદ્ધા દૃઢ થતાં ઉપરના સૂત્ર મુજબ તે કર્મ પરત્વે સૂઝ (પ્રજ્ઞા) પેદા થાય છે. આ રીતે કર્મપરાયણતા એ જ સામાન્ય મનુષ્યને સારુ શ્રદ્ધાદિ વિકાસ માર્ગનું મૂળ થઈ રહે છે. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે કર્મની શુદ્ધિ અશુદ્ધિ ઉપર જ આ આખાય વિકાસક્રમનો આધાર રહે છે. શુદ્ધ ને સાત્ત્વિક કર્મમાંથી જ શુદ્ધ પ્રજ્ઞા કાલક્રમે જન્મે છે.

ગાંધીજીના જીવનમાં નાસ્તિકતાનો કાળ લાંબો ન ટક્યો. તેના મુખ્ય કારણમાં એમનો કર્મપરાયણ સ્વભાવ અને સત્યપરાયણ મન હતાં. જે સત્ય હાથ લાગ્યું તેનો તરત અમલ કરવાની ટેવ ઉત્તરોત્તર શુભ પરિવર્તનો કરવાનું કારણ બની. આ ટેવથી જ વિલાયતમાં 'સભ્ય' બનવાની ઘેલછામાંથી જલદી નીકળી શક્યા. ઉત્તમ પુસ્તકોની અસર એમના જીવનમાં બહુ સચોટ થઈ તેનું કારણ પણ આ કર્મ-પરાયણતા જ હતી. બેલના 'સ્ટાન્ડર્ડ એલોક્યુશનિસ્ટ'ની પોતા પર થયેલી અસર વિષે લખે છે: "આ બેલ સાહેબે મારા કાનમાં ઘંટ વગાડ્યો ને હું જાગ્યો." આ અને આવાં ઉત્તમ પુસ્તકો તો ઘણાંએ વાંચ્યાં હશે પણ તેની અસર નીચે આવા ઝડપી ફેરફાર કરનાર કેટલા હશે?

આવી કર્મપરાયણતા સાથે સત્યનો આગ્રહ તો સ્વભાવમાં હતો જ; એમની શ્રદ્ધા સત્ય પર ચોંટેલી હતી. જેટલી તીવ્ર એમની કર્મપરાયણતા તેટલી જ દૃઢ શ્રદ્ધા પણ બનવા પામી. જેમ જેમ શ્રદ્ધાદિ વધુ ને વધુ નિર્મળ ને દૃઢ બનતાં ગયાં તેમ તેમ એમના ઉત્સાહ (વીર્ય) સ્મૃતિ, એકાગ્રતા (સમાધિ) અને સૂઝ (પ્રજ્ઞા) ઉત્તરોત્તર વધતાં ગયાં. ગાંધીજીમાં અથાગ ઉત્સાહ, તેજસ્વી સ્મૃતિ, અસાધારણ એકાગ્રતા અને વિરલ સૂઝ જે સર્વવિદિત હતાં તે આ શ્રદ્ધાદિ માર્ગે જ વિકસ્યાં; સામાન્યતામાંથી અસામાન્ય બનાવનાર પણ એ જ.

માણસમાત્ર જાણ્યેઅજાણ્યે આ શ્રદ્ધાદિ માર્ગે જ પોતાનો વિકાસ કરે છે. નાનપણમાં સામાન્ય દેખાતા ગાંધીજી પોતાના ગુપ્ત મહાગુણોને પ્રતાપે આ માર્ગે પોતાની પ્રગતિ હરણફાળે સાધે છે. અનેક ક્ષેત્રોમાં માર્ગદર્શન કરાવનાર ગાંધીજી આધ્યાત્મિક વિકાસની બાબતમાં પણ આમસમુદાયને સારુ નમૂનારૂપ થઈ પડે છે. મહાત્મા થયા પછી શ્રદ્ધા પર જ વધુ ભાર મૂકી જાણ્યેઅજાણ્યે આ શ્રદ્ધાદિ માર્ગનું જ સમર્થન કરતા રહ્યા.

૪

ગુણાભિવૃદ્ધિ

"સત્યનો શોખ તો હતો જ" (આ. ભા. ૧. પૃ. ૨૩)

કોઈ ને કોઈ શોખ તો દરેકને હોય પણ સત્યનો શોખ તો થોડાને જ હોય. સત્યના શોખનો દાવો કરનાર ઘણા હોય પણ તેનું પાલન કરનાર તો વિરલ જ હોય. જેનું મહામહેનતેય પાલન કરવું અઘરું પડે તે સત્યનો શોખ હોવો એ દુન્યવી માણસને તો આશ્ચર્યચકિત કરે એવી બીના છે. છતાં ગાંધીજીના જીવનમાં શરૂઆતથી જ સત્યના શોખે જડ ઘાલી હતી.

સત્યનો આગ્રહ એટલે અસત્યનો ત્યાગ. અસત્ય એટલે અન્યાય, દુર્બળતા, સ્વાર્થ, ભય અને અનાચાર. આના પર વિજય મેળવતાં જ સત્યનું પાલન શક્ય બને. આસુરી સંપદ સાથે અસત્ય જોડાયેલું છે, તેમ સત્ય દૈવી સંપદ સાથે; આસુરી ગુણોથી અસત્ય ને અનાચાર વધે તેમ દૈવી ગુણોથી સત્યની વૃદ્ધિ થાય. સત્યનો શોખ લાગે એવી સ્થિતિ બની રહે ત્યારે પ્રલોભનોનો સામનો કરવાની શક્તિને સારુ દૈવી ગુણોની સારી મૂડી ભેગી થયેલી હોવી જોઈએ. ગાંધીજીમાં તે હતી તે આપણે જોયું.

શોખની વસ્તુની પાછળ તો આયાસે કે અનાયાસે મનુષ્ય પ્રયત્નવાન બને છે. ગાંધીજીના સત્યશોખ વિષે પણ તેમ બન્યું. સત્યના શોખે એમના મનને સત્યની શોધ તરફ વાળ્યું. અખતરા કરવાનો શોખ તો હતો જ. આ બે શોખ ભેગા થતાં સત્યશોધનના પ્રયોગો એમના જીવનમાં થવા લાગ્યા ને સત્યની ઝાંખી વધતાં જીવન આખું સત્યના પ્રયોગોમય બની રહ્યું. જીવનના પ્રથમ કાળમાં સત્યના જે પ્રયોગો અનાયાસે ને અજાણ્યે થતા હતા તે આત્મભાન થતાં જાગૃતપણે વ્યવસ્થિત થવા લાગ્યા. એમની આત્મકથાનું બીજું નામ 'સત્યના પ્રયોગો' રાખ્યું તેની યથાર્થતા આ હકીકત સિદ્ધ કરે છે.

પ્રયોગોની પાછળ તો એકાગ્ર ચિત્તથી મંડી રહેવું જોઈએ. ચિત્તને એકાગ્ર કરવાને તદ્‌વિષયક પ્રબળ ભાવનાવાળું એકાગ્ર ચિત્ત ધ્યાનવિષયના અર્થનો સાક્ષાત્કાર કરી શકે. સત્યના શોખથી ગાંધીજીમાં ભાવનાપ્રધાન એકાગ્રતા સહજ થઈ રહી. વિલાયતના અભ્યાસકાળ દરમ્યાન ગાંધીજી ખોરાકના અને રહેણીકરણીના પ્રયોગો આવી એકાગ્રતાથી કરતા. સત્યનો જીવંત અર્થ શોધવાની સહજ અને પ્રબળ ભાવના આમાંથી જન્મ પામી. ઈશ્વરને તેઓ સત્યસ્વરૂપે જોતા ને તેથી સત્યને જીવનમાં શોધવાનો એમનો પ્રયાસ એમને સારુ ફળદાયી થઈ પડ્યો. એ પ્રયાસની પાછળ કશુંય વિશિષ્ટ જ્ઞાન કે તત્ત્વજ્ઞાનની પ્રેરણા નહોતી પણ સત્યશોધનની પ્રબળ ભાવના જ કામ કરતી હતી. तज्जपस्तदर्थभावनम् । (પાતંજલદર્શન પાદ ૧, સૂ. ૨૮) ઈશ્વરના અર્થની ભાવનાને જ યોગસૂત્રકાર જપ કહે છે. ઈશ્વરના સત્યસ્વરૂપનો પ્રત્યક્ષ જીવનમાં સાક્ષાત્કાર કરવાની પ્રબળ ભાવના ગાંધીજીમાં જાગી ઊઠી હતી. એમાંથી આંતરઅવલોકન પેદા થતાં જાગૃતિની વૃદ્ધિ સાથે શંકા, પ્રમાદ, આલસ, ભ્રાંતિદર્શન આદિ દૂર થતાં એમનું જીવનદર્શન સ્પષ્ટ થવા લાગ્યું. "જેમ જેમ હું જીવનમાં ઊંડો ઊતરતો ગયો તેમ તેમ મને બહારના ને અંતરના આચારમાં ફેરફારો કરવાની જરૂર પડતી જણાઈ." (આ. ભા. ૧, પૃ. ૯૨)

આ ફેરફારો જોકે તે વેળાએ આર્થિક ને આરોગ્યની દૃષ્ટિએ શરૂ કરેલા પરંતુ તેની પાછળની વૃત્તિ તો સત્યશોધન ને સત્યપાલનની જ હતી. એમનો ધર્મ કોઈ ગ્રહ (Dogma)ન બનતાં પણ એક જીવંત શક્તિ બની રહ્યો તેનું મુખ્ય કારણ તો જીવનના દરેક ક્ષેત્રને ધર્મમય બનાવવાનો આગ્રહ હતો. કર્તવ્યની આવશ્યક્તા નક્કી કરવામાંય એમની ધર્મબુદ્ધિ જ કામ કરતી. આ ધર્મબુદ્ધિએ એમના આંતરઅવલોકનને સ્પષ્ટ ને દોષ વગરનું બનાવ્યું.

આંતરઅવલોકનથી આંતરિક આનંદ ને રસ માણવાની શક્તિ પ્રાદુર્ભાવ થવા પામી. પ્રયોગો કરતાં સાદાઈ આવી પરંતુ સાદાઈ સાથે

જોડાયેલી રસની ઊણપ ન આવી; પણ ઊલટું "જીવન વધારે સારમય બન્યું; મારા આત્માનંદનો પાર ન રહ્યો" (આ. પ્ર. ૧૬) રસને બહાર જોવાને બદલે તે અંદર જ છે તેની તેમને સ્પષ્ટ પ્રતીતિ થઈ રહી. આંતરિક આનંદનો સ્વાદ ચાખતાં આત્મા પરની શ્રદ્ધા વધી. પ્રતિજ્ઞાપાલનથી આત્માની ધીમે ધીમે ઓળખ થવા લાગી. આત્માનંદનો મહિમા સમજાવા લાગ્યો. "પ્રતિજ્ઞાપાલનનો સ્વચ્છ, સૂક્ષ્મ ને સ્થાયી સ્વાદ મને પેલા ક્ષણિક સ્વાદ કરતાં વધારે પ્રિય લાગે છે." (આ. ભા. ૧, પૃ. ૯૫)

મોજૂદ ગુણોના અનુશીલન વડે વિવિધ અનુભવોમાંથી પસાર થતાં અને નવી પરિસ્થિતિમાંથી નવું નવું શીખતાં બદલાતા સંજોગોને પહોંચી વળવાના પ્રયાસને લીધે ગુણોની શુદ્ધિ વૃદ્ધિ થવા પામ્યાં. તેમાંય ખાસ કરીને માતા સમક્ષ લીધેલી દુષ્કર પ્રતિજ્ઞાનું પાલન વિલાયતના વાતાવરણમાં મુશ્કેલ બન્યું છતાં એ કપરી કસોટીમાંથી પાર ઊતરતાં સારી પેઠે કસાયા, નિશ્ચયબળ વધ્યું અને આત્મબળની પણ અભિવૃદ્ધિ થઈ. આ સાથે જ કરકસરની ટેવ, નિયમિત હિસાબ રાખવાની ચીવટ અને ચોખ્ખાઈ જીવનમાં જડાઈ ગયાં.

શરમાળપણાથી મૌન પરાણે રાખવું પડતું. તે વેળા તો એ ડંખતું પણ એ મૌનમાંથી જ વિચારીને બોલવાની ટેવ પડતાં પકવ થવાની સારી તક મળી. પ્રગતિને પ્રતિકૂળ શરમાળપણાનેય સારા અર્થમાં ઘટાવ્યું. એમનો અપાર ઉત્સાહ અને પ્રખર આશાવાદ તેમને હમેશાં પ્રતિકૂળ સંજોગોને, બનાવોને, અને વસ્તુઓને અનુકૂળ કરી લેવાની શક્તિ આપતા રહ્યા ને તેથી જ શરમને જુદી જ રીતે ઘટાવી: "મારી સત્યની પૂજામાં મને તેથી સહાય મળી." (આ. ભા. ૧, પૃ. ૧૦૩)

ગુણોનો રાજા વિવેક ગણાય. તે પણ વિલાયતના તેમના નિવાસ દરમ્યાન ઠીક પ્રમાણમાં ખીલવા પામ્યો. સત્ય ને અસત્યનો વિવેક કરતાં જ સત્યની જીવનમાં સ્થાપના કરી શક્યા. વિલાયત જઈ સૌ હિંદીઓની માફક એમણે પણ પોતાના વિવાહની વાત છુપાવી. એ

અસત્યરૂપી ઝેરને એમનો વિવેક જીરવી ન શક્યો ને તેથી વેળાસર ચેતીને તેમાંથી બચી ગયા. 'જાગ્યા ત્યાંથી સવાર' ગણવાની શુભ ટેવ એમને હમેશાં નિરાશામાંથી બચાવી લાભ કરનારી થઈ પડી.

૫

ધાર્મિક વાચનનો પ્રારંભ

ઇંગ્લંડના નિવાસ સુધી કશું ધાર્મિક વાચન એમણે નહોતું કર્યું. પરંતુ ધાર્મિક વાચનના ફાયદા ઉઠાવી શકાય એવી જરૂરી માનસિક તૈયારી થઈ ચૂકી હતી. આ સમયે બેએક થિયોસૉફિસ્ટ મિત્રોએ એમની સાથે ગીતાજી વાંચવાની માગણી કરી. પોતે ગીતાજી વિષે કશુંય ન જાણે, સિવાય કે તેનું નામ ને ખ્યાતિ! એ મિત્રો સાથે ગીતાજીનું વાચન શરૂ કરતાં હિંદુ ધર્મના સર્વોત્તમ ગ્રંથથી એમના ધાર્મિક વાચનની શરૂઆત થઈ.

ગીતાના બીજા અધ્યાયના ૬૨ ને ૬૩મા શ્લોકો મનમાં કોતરાઈ રહ્યા; ગીતાજીની ખરી કિંમત સમજાઈ: "અને આજે તત્ત્વજ્ઞાનને સારુ તેને હું સર્વોત્તમ ગ્રંથ ગણું છું. મારા નિરાશાના સમયે તે ગ્રંથે મને અમૂલ્ય સહાય કરી છે." (આ. ભા. ૧, પૃ. ૧૧૧) ગીતાના અનાસક્તિયોગનું આચરણ ત્યારથી શરૂ થયું તે વધતું જ ગયું; તેમાંથી પોતાને અનોખું જીવનદર્શન લાધ્યું પરંતુ તત્ત્વજ્ઞાનના કૂટ પ્રશ્નોમાંના ઉકેલમાં તેઓ કદી પડ્યા નહોતા. તત્ત્વજ્ઞાનની બાબતમાં અંતિમ પ્રશ્નોના જવાબ ગીતામાંથી જે મળે છે તે જ એમને સંતોષ આપનારા હતા. એમનો મુખ્ય પ્રયાસ તો ગીતાને જીવનમાં ઉતારી તેનાં સંદેશનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો જ હતો. એ પ્રયાસમાંથી અનેક સત્યોની અનુભૂતિ એમને ક્રમશઃ થવા લાગી ને તેમાંથી જ આગળ જતાં જીવનનું દર્શન લાધ્યું.

સ્વભાવમાં સહજ તાટસ્થ્ય હોઈ કોઈ પણ પંથમાં એકદમ ભળી જવા તેમને સાવચેત રાખતું. થિયૉસૉફીમાં જોડાવા આમંત્રણ છતાં

તેમાં ન જોડાયા પરંતુ તેમનાં પ્રકાશન ને સંપર્કનો તો લાભ લીધો. થિયોસૉફીના વાચનથી હિંદુધર્મનું વાચન કરવાની ઇચ્છા થઈ. કોઈ મિત્રે બાઇબલ હાથમાં મૂક્યું. નવા કરારના 'ગિરિપ્રવચન'ની સારી અસર પડી. "તે હૃદયમાં ઊતર્યું. બુદ્ધિએ ગીતાજી સાથે તેની સરખામણી કરી. . . . મારા બાળમને ગીતા, આર્નોલ્ડકૃત બુદ્ધચરિત અને ઈશુનાં વચનોનું એકીકરણ કર્યું. ત્યાગમાં ધર્મ છે એ વાત મનને ગમી." (આ. ભા. ૧, પૃ. ૧૧૩)

ઇસ્લામનો થોડો પરિચય અત્રે લીધો પરંતુ એથી આગળ વિશેષ ન જવાયું. ધાર્મિક વાચન વધુ કરવું જોઈએ અને બધાય ધર્મોનો પરિચય કરી લેવો જોઈએ એવો નિશ્ચય થયો. શરૂઆતના આટલા વાચને વધુ ધાર્મિક વાચન કરવાની ભૂખ તેજ કરી. આ કાળ પહેલાં નાસ્તિકતાની જડ ક્યારનીય ઊખડી ગઈ હતી. "નાસ્તિકતા-રૂપી સહરાનું રણ હું ઓળંગી ગયો હતો." (આ. ભા. ૧, પૃ. ૧૧૩) મિસિસ બેસંટ નાસ્તિક મટી આસ્તિક બન્યાં એ વાતે પણ એમનામાં નાસ્તિકતા પર ઉદાસીનતા પેદા કરી. આ સમય તો આંતરપ્રેરણાથી ધર્મ તરફ વલણ થતાં ધર્મને આચારમાં મૂકતાં શીખવાનો હતો, શ્રદ્ધાપૂર્વક ઈશ્વરશરણ લેવાનો હતો. "ધર્મ શું છે, ઈશ્વર શું છે, તે આપણામાં કેવી રીતે કામ કરે છે, તે કંઈ હું તે વખતે જાણતો ન હતો." છતાં ઈશ્વર પરની શ્રદ્ધા અચળ હોઈ તેની મૂક પ્રાર્થના કરતા. દુઃખને સમયે તેને સંભારવાની ને તેની સહાય મેળવવાની ટેવ પડી હતી. અને જ્યારે જ્યારે કસોટીમાંથી, પ્રલોભનમાંથી બચવાનું થયું ત્યારે 'ઈશ્વરે ઉગાર્યો' એમ માન્યું. પ્રાર્થના ને ઈશ્વરપ્રણિધાન ઉત્તરોત્તર વધતાં જ ગયાં.

કાયદાશાસ્ત્રના અભ્યાસી ગાંધીજીને કાયદામાં પણ ધર્મ દેખાયો. કાયદા નીતિધર્મના જ બોધક છે. જે નીતિ માણસે સમજપૂર્વક પાળવી જોઈએ તેને જ કાયદો પરાણે પળાવે છે પણ કાયદાનો હેતુ તો

નીતિને પોષવાનો જ હોય છે. કાયદાને પણ ધર્મદૃષ્ટિથી જોનાર બારિસ્ટર ગાંધીએ સત્ય વડે જ વકીલાત કરવામાં તેનું સાફલ્ય જોયું.

૬

ધર્મચર્ચા

વિલાયતથી પાછા વળતાં આ ધર્મદૃષ્ટિને વધુ તેજસ્વી થવાને જોઈતા સંજોગો મળી રહ્યા. મુંબઈમાં થયેલો રાયચંદભાઈનો પરિચય બહુ ઉપયોગી થઈ પડ્યો. "મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો." (આ. ભા. ૧, પૃ. ૧૪૨) રાયચંદભાઈનાં વચનોની એમના પર સચોટ અસર થતી. આથી આધ્યાત્મિક પ્રશ્નોના ઉકેલ શોધવામાં એમની સહાય લેવાનું અવારનવાર થયું.

રાયચંદભાઈના સમાગમથી ધર્મચર્ચાની શરૂઆત થઈ. ચર્ચાનો હેતુ સત્યશોધન હતું. ચર્ચા ખાતર ચર્ચા તો એમને ક્યારેય પસંદ નહોતી. જિજ્ઞાસાની તૃપ્તિ અર્થે ધર્મચર્ચા આવશ્યક થઈ પડી; ધર્મચર્ચા કરવાના પ્રસંગો પણ હવે પછી એમને મળી રહ્યા. રાયચંદભાઈનાં સૂચનો ઘણાં ઉપયોગી થઈ પડ્યાં તોપણ એમને ગુરુસ્થાને ન બેસાડી શક્યા.

"મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક ત્રણ મનુષ્યો છે: રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન ટુ ધીસ લાસ્ટ' — 'સર્વોદય' નામના પુસ્તકથી ચકિત કર્યો" (આ. ભા. ૧, પૃ. ૧૪૩)

આ ત્રણેય મનુષ્યોની ગાંધીજી પર થયેલી અસર તેના કાલક્રમે યથા સ્થાને તપાસવી જોઈશે. અહીં રાયચંદભાઈની સાથે શરૂઆતમાં ધર્મચર્ચાથી અને પાછળથી પત્રવ્યવહારથી થયેલી ઉત્તમ અસર નિહાળીએ. રાયચંદભાઈના સમાગમનો મળેલો લાભ એટલે સત્સંગ-લાભ. વિલાયતથી તાજેતરમાં પાછા ફરેલા ગાંધીજીના મન પર કેટલીક

હમેશની છાપ આ ગૃહસ્થ સાધુએ પાડી. વિલાયતની ભભકથી થોડાઘણા કંઈ અંજાયા હતા અને પશ્ચિમ વિષે જે મોટો ખ્યાલ હતો તે આ સંપર્કથી દૂર થવા પામ્યો. "વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો." (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૯૩)

વિલાયતમાં અને દક્ષિણ આફ્રિકાના નિવાસં દરમ્યાન દુનિયાના જુદા જુદા મોટા ધર્મો વિષે એમને ચર્ચા કરવાના પ્રસંગો સાંપડ્યા. ઇસ્લામ, ખ્રિસ્તી અને હિંદુ ધર્મનાં પુસ્તકો વાંચ્યાં, તે વિષે મિત્રો સાથે ચર્ચા કરી. દરેક જણ પોતાના ધર્મની મહત્તા ગાતો. ધર્મની શ્રેષ્ઠતાની એ ખેંચાખેંચીમાં તેમને જોઈતું ભાથું શેમાંથી મળી રહે તેનો નિશ્ચય કરાવનાર રાયચંદભાઈ હતા. રાયચંદભાઈ સાથે ગાઢ પરિચય થયો તેમાંથી આ લાભ થયો. "તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા." (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૯૨)

હિંદુધર્મની મહત્તા ગાંધીજીને એમણે સમજાવી છતાં અન્ય ધર્મો પ્રત્યે તો તેમને માન જ હતું. એટલું જ નહીં પણ તે દરેકનો તેમનો અભ્યાસ હતો અને તેની ખૂબીઓ પણ સમજતા હતા. સ્વધર્મનું શુદ્ધ આચરણ તે આ પ્રકારનું હોય.. "બધા ધર્મોની ખૂબીઓ પૂરી જોઈ જતા ને તે તે ધર્મીની પાસે મૂકતા. દક્ષિણ આફ્રિકાના મારા પત્ર-વ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી." (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૧૭૨)

ધર્મ ને કર્મનો, ધર્મ ને વ્યવહારનો સુમેળ ગાંધીજીએ પ્રથમ વાર રાયચંદભાઈના જીવનમાં પ્રત્યક્ષ જોયો. પ્રત્યેક કર્મમાં મનુષ્યનો ધર્મ જણાવો જ જોઈએ એવા આગ્રહનો પરિચય એમની પાસેથી જ થયો. ગાંધીજીમાં આવો આગ્રહ હતો જ, તે આ જીવંત દૃષ્ટાંતથી સતેજ બન્યો. જીવનમાં વણાયેલા આ આગ્રહે ગાંધીજીના જાહેરજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો; એના વડે જ જીવનના દરેક ક્ષેત્રને ધર્મમય

બનાવવાના પ્રયાસ આદર્યા અને તેમાં એકંદરે ઠીક પ્રમાણમાં સફળ પણ થયા; રાજકારણ અને વકીલાત પણ તેમાં અપવાદ ન રહ્યાં. આ અંગે રાયચંદભાઈ વિષેની પોતાની છાપ જણાવતાં એમણે કહ્યું હતું: "આમ અપવાદો છતાં વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર સુમેળ જેટલો મેં કવિને વિષે જોયો તેટલો બીજામાં નથી અનુભવ્યો. (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૯૬)

રાયચંદભાઈ કવિ પણ હતા. તેમની કૃતિઓ ગાંધીજીએ વાંચેલી. તેમાંની કેટલીક એમને પસંદ પણ પડેલી. 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો'નું કાવ્ય આશ્રમભજનાવલિમાં પણ પાછળથી લીધેલું. એમની આટલી ઊંડી અસર છતાં તેમને ગાંધીજી ગુરુ તરીકે સ્વીકારી ન શક્યા. તેમના ખ્યાલ મુજબ તો ગુરુ પૂર્ણ પુરુષ હોય; ગાંધીજીને રાયચંદભાઈ પૂર્ણ પુરુષ તરીકે ન દેખાયા. રાયચંદભાઈની માફક પૂર્ણ પુરુષ આરોગ્ય તરફ બેદરકાર ન હોય; તેને બીમારી ન આવે. તે વધુ સક્રિય હોય. વળી પછીથી તો એમની એ માન્યતા થઈ કે સદેહે મનુષ્ય પૂર્ણતાને ન પામી શકે. (અહિંસા – મંગળપ્રભાત)

રાયચંદભાઈને ગુરૂપદ ન આપી શક્યા છતાં તેમની મહત્તાનો પૂરેપૂરો લાભ તો ગાંધીજીએ વર્ષો સુધી ઉઠાવ્યો. વિલાયતથી પાછા આવતાં એમનો જે ગાઢ પરિચય થયો તે રાયચંદભાઈના મૃત્યુ સુધી ટક્યો અને એ સમય દરમ્યાન સીધા સંપર્કથી કે દક્ષિણ આફ્રિકા હતા ત્યારે પત્રવ્યવહારથી આધ્યાત્મિક ગૂંચો ઉકેલવામાં એમનો સહારો લીધો. ધર્મચર્ચાની શરૂઆત રાયચંદભાઈ સાથે થઈ, પણ દક્ષિણ આફ્રિકા ગયા પછી પણ તે ચાલુ રહે એવા સંજોગો પેદા થયા.

ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મો વિષેનું સચોટ અને તલસ્પર્શી જ્ઞાન તો દક્ષિણ આફ્રિકા ગયા બાદ ત્યાં જ થયું. એમના પહેલા અસીલ શેઠ અબ્દુલ્લા અનુભવજ્ઞાની હતા; તેમને ઇસ્લામનું અભિમાન પણ હતું. તત્ત્વજ્ઞાનની વાતોનો શોખ પણ હતો. એમના સહવાસથી ઇસ્લામનું વ્યાવહારિક જ્ઞાન ગાંધીજીને ઠીક મળ્યું. "અમે એકબીજાને ઓળખતા

થયા ત્યાર પછી તે મારી સાથે ધર્મચર્ચા પુષ્કળ કરતા". (આ. ભા. ૧, પૃ. ૧૫૯) તેઓ પુસ્તક કરતાં અનુભવ અને ચર્ચામાંથી ધર્મ વધુ શીખ્યા. ધર્મ એમને મન એક જીવંત વસ્તુ હતી, તેથી જીવનમાંથી જ તે વધુ પામ્યા.

અત્યાર સુધી જેટલો ધર્મ હાડમાં પચ્યો હતો તેની કસોટીનો પ્રસંગ હવે આવનાર હતો. પ્રિટોરિયા જતાં મેરિત્સબર્ગ સ્ટેશને બનેલો પ્રસંગ એમના સમગ્ર ભાવી જીવનને ઘડવાનો હતો. રંગદ્વેષની સામે લડી લેવાના નિશ્ચયની પાછળ એમના સમગ્ર વ્યક્તિત્વનું બળ હતું. કાચોપોચો માણસ આવો નિશ્ચય ન કરી શકે. તે વેળાના એમના ગુણવિકાસ અને આત્મબળને માપવાનો આ નિશ્ચય એક સરસ આંક છે.

જીવનમાં ધર્મ ને ધર્મભાવના તો વણાવા લાગ્યાં હતાં, પણ ધર્મો વિષેનું માહિતીજ્ઞાન ખાસ વધ્યું ન હતું. એમના પાદરી મિત્ર મિ. બેકરને પોતાના નજીવા ધર્મજ્ઞાન વિષે જણાવેલું કે, "હું જન્મે હિંદુ છું. એ ધર્મનું પણ મને બહુ જ્ઞાન નથી. બીજા ધર્મોનું ઓછું જ્ઞાન છે. હું ક્યાં છું, હું શું માનું છું, મારે શું માનવું જોઈએ, એ બધું હું જાણતો નથી. મારા પોતાના ધર્મનું ઊંડાણથી નિરીક્ષણ કરવા ઇચ્છું છું. બીજા ધર્મોનો પણ અભ્યાસ યથાશક્તિ કરવાનો મારો ઇરાદો છે." (આ. ભા. ૧, પૃ. ૧૯૦) આ વાક્યો તેમની તે વેળાની માનસિક સ્થિતિ આબેહૂબ વર્ણવે છે; એટલું જ નહીં પણ એમના વલણની સ્પષ્ટ દિશા પણ એમાં જોઈ શકાય છે. પોતાના ધર્મ પરત્વેનું નૈસર્ગિક મમત્વ તેમનામાં હતું. બીજા ધર્મો વિષે જાણવા ઇચ્છા પણ સાથે હતી.

જેટલા સરળ હતા તેટલા જ સાવધ અને તટસ્થ રહી શકતા. જુદા જુદા ધર્મોનો અભ્યાસ કરવાની તક સાંપડી પણ એકેયમાં ઝડપાઈ ન જવાની પૂરી તકેદારી રાખી હતી. "મારો ધર્મ હું પૂરો સમજી ન શકું ત્યાં લગી મારે બીજા ધર્મોનો સ્વીકાર કરવાનો વિચાર ન કરવો." (આ. ભા. ૧, પૃ. ૧૯૧) સ્વત્વ જાળવવાની જે કાળજી અહીં

જોવામાં આવે છે તે ધર્મજાગૃતિની અચૂક નિશાની છે. ધર્મનું ભાન સ્વત્વ જગાડે, તેને દઢ કરે અને પોષે, ગાંધીજીનું એમ જ થયું.

પ્રિટોરિયામાં જુદા જુદા ખ્રિસ્તી સંબંધો થયા. તેમની સાથે ખ્રિસ્તી દેવળમાં જવાનું થાય ત્યારે સૌની સાથે ઘૂંટણિયે પણ પડી પ્રાર્થના કરે. ખ્રિસ્તી ધર્મનાં પુસ્તકો મિત્રો વાંચવા આપે તે વાંચે અને તે પર ચર્ચા કરે. બુદ્ધિની કસોટીએ એ ધર્મની જે બાબતો ન ચઢી શકી તેની એમના મન પર જરાય છાપ ન પડી. "સિદ્ધાંતની દૃષ્ટિએ ખ્રિસ્તી સિદ્ધાંતોમાં મેં અલૌકિકતા ન ભાળી. ત્યાગની દૃષ્ટિએ હિંદુધર્મીઓનો ત્યાગ મને ચડતો જણાયો. ખ્રિસ્તી ધર્મને હું સંપૂર્ણ અથવા સર્વોપરી ધર્મ તરીકે ન સ્વીકારી શક્યો." (આ. ભા. ૧, પૃ. ૨૧૪) પણ સાથે જ હિંદુ ધર્મને પણ તેમણે સર્વોપરી ધર્મ તરીકે ન ગણાવ્યો. તેમાં રહેલાં અસ્પૃશ્યતા, સંપ્રદાયો અને અનેક નાતજાતની હસ્તી વગેરે ત્રુટીઓ એમની નજર આગળ હતી જ.

ખ્રિસ્તી મિત્રોની માફક મુસ્લિમ મિત્રો પણ તેમને પોતાના ધર્મ તરફ આકર્ષી રહ્યા હતા. ધર્મચર્ચા તો સહુ સાથે ખુલ્લા દિલે થાય જ. પરંતુ પોતાના ધર્મનો ઊંડો અભ્યાસ ન હોવાને લીધે એ ચર્ચાઓમાંથી કેટલીક મુસીબતો ઊભી થતી તેનો પોતાને માટે તોડ કરવો તો આવશ્યક હતો. તેથી એ મુસીબતો એમણે પત્રો દ્વારા રાયચંદભાઈ આગળ મૂકી. એમના જવાબથી એમને શાતા વળી. હિંદુ ધર્મનો જ ઊંડો અભ્યાસ કરવાની ભલામણ કરતાં રાયચંદભાઈએ લખ્યું, "હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મોમાં નથી, એવી નિષ્પક્ષપાતપણે મને પ્રતીતિ થઈ છે." (આ. ભા. ૧, પૃ. ૨૧૪) આ વાક્યોની ગાંધીજી પર સચોટ અસર થઈ. વળી તેમણે હિંદુ ધર્મનાં પુસ્તકો જેવાં કે પંચીકરણ, મણિરત્નમાળા, યોગવાસિષ્ઠનું મુમુક્ષુ પ્રકરણ, ષડ્દર્શન-સમુચ્ચય, વગેરે મોકલ્યાં તે ગાંધીજીએ વાંચ્યાં. સાથે કુરાન પણ વાંચ્યું. ખ્રિસ્તી ધર્મનાં અન્ય પુસ્તકો પણ વાંચ્યાં. પણ એ પુસ્તકો-

માંનાં કેટલાંકમાંથી તો એમને હિંદુ મતને પુષ્ટિ મળતી જણાઈ. ટૉલ્સ્ટૉયના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' પુસ્તકે તેની વિચારપદ્ધતિ ને પ્રૌઢ નીતિથી સચોટ છાપ પાડી.

આ રીતે ખ્રિસ્તી મિત્રોના સમાગમથી તેમણે ન ધારેલે માર્ગે પ્રગતિ કરવા માંડી. તેનાથી એક અચૂક લાભ તો થયો જ. "તેમના સમાગમે મારામાં જે ધર્મજિજ્ઞાસા જાગ્રત કરી તેને સારુ તો હું તેમનો સદાયનો ઋણી બન્યો." (આ. ભા. ૧, પૃ. ૨૧૫)

૭

ધર્મનિરીક્ષણ

જિજ્ઞાસા વધતાં ધર્મનિરીક્ષણ કરવાની શક્તિ આપોઆપ વધી. જુદા જુદા ધર્મોનો અભ્યાસ કરવાની તક મળતાં તેમનું દરેકનું નિરીક્ષણ અને પરીક્ષણ કરવાની ફરજ પડી. પૈસા કમાવાના હેતુથી પ્રથમ વાર દક્ષિણ આફ્રિકા જવાનું થયેલું તે તો ગૌણ થઈ રહ્યું ને તેની જગ્યાએ ન ધારેલું એવું ઈશ્વરની શોધનો ઉદ્દેશ હાથ લાગી ગયો. "હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં— આત્મદર્શનના પ્રયત્નમાં." (આ. ભા. ૧, પૃ. ૨૪૬)

ડરબનમાં રહેતા દક્ષિણ આફ્રિકાના મિશનના મુખી મિ. સ્પેન્સર વૉલ્ટનના સમાગમે ગાંધીજીની ધર્મજાગૃતિ સતેજ રાખી. સંપૂર્ણ સહિષ્ણુતાથી થતી એમની સાથેની ધર્મવાર્તાઓ એમને ધર્મનિરીક્ષણમાં મદદરૂપ થઈ પડી. દક્ષિણ આફ્રિકામાં હવે તો હિંદી કોમની સેવા અર્થે જ રહ્યા હતા, એટલે વાચનને માટે ફાજલ સમય થોડો જ રહેતો. છતાં જે કંઈ સમય મળી જતો તેનો ઉપયોગ ધર્મવાચનમાં કરતા. કવિ નર્મદાશંકરના 'ધર્મવિચાર'ની પ્રસ્તાવના એમને ગમી; મૅક્સમૂલરનું 'હિંદુસ્તાન શું શીખવે છે?' પુસ્તક રસથી વાંચ્યું; થિયૉસૉફીનાં કેટલાંક નવાં પુસ્તકો વાંચ્યાં. મહમદનું ચરિત્ર અને કાર્લાઇલની

મહમદ સ્તુતિએ મહમદ પરનું માન વધાર્યું. પારસી ધર્મની પણ જાણ કરી લીધી. પત્રવ્યવહારથી રાયચંદભાઈની દોરવણી તો ચાલુ હતી જ. પુસ્તકમાંથી સમજી પ્રાણાયામ આદિ યૌગિક ક્રિયા કરવા માંડી, પણ ગમ ન પડતાં તે પડતી મેલી. આગળ ઉપર તક મેળવી તેનો અભ્યાસ કરવાની આશા રાખી પણ તે કદી બર ન આવી.

ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું વાચન વધ્યું 'નવા કરારનો સાર,' 'ત્યારે કરીશું શું?' અને 'વૈકુંઠ તારા હૃદયમાં છે' એ ત્રણ પુસ્તકોએ એમના જીવનમાં પરિવર્તનકારી છાપ પાડી. કેટલાક નવા વિચારો એમાંથી મળતાં અંદર રહેલી સદ્ભાવનાઓ જાગ્રત થઈ અને તે જીવનનો ઉત્કર્ષ કરવામાં કેવી કામ લાગી તે હવે જોઈએ.

૮

ટૉલ્સ્ટૉય અને ગાંધીજી

રાયચંદભાઈ પછી ગાંધીજી પર પ્રબળ અસર કરનાર તે કાઉન્ટ લિયો ટૉલ્સ્ટૉય. એમનાં પુસ્તકોના વાચનથી એમના વિચાર વ્યવસ્થિત થયા. ટૉલ્સ્ટૉયના ઘણાખરા ક્રાંતિકારી વિચારો ગાંધીજીની અંતરસ્થિત ભાવનાઓને પોષક નીવડ્યા. ભાવનાઓ પુષ્ટ થતાં, વિચારો પ્રબળ થતાં શંકાના છેવટના અંશો નાબૂદ થયા અને નિશ્ચયશક્તિ દૃઢ થવા પામી. એવી સવિચાર નિશ્ચયશક્તિ જ થોડા સમયમાં એમના જીવનમાં ક્રાંતિકારી ફેરફારો કરાવનાર હતી.

સત્યશોધક તરીકે ટૉલ્સ્ટૉયને સૌ ઓળખે છે. પોતાને જે સત્ય દેખાયું તે જગત સમક્ષ રજૂ કરતાં તે કદાપિ ખંચાયા નહોતા. કટુ સત્યોને, સમાજને આંચકો આપે એવાં સત્યોને, રૂઢ વિચારોને હલાવી નાખે તેવાં નવાં દેખાતાં સત્યોને, કશાય ડર વિના તેમણે અક્ષરબદ્ધ કર્યાં અને ટીકાકારોની સખત ઝાટકણીને પણ વધાવી લીધી. એમની નીડર સત્યનિષ્ઠા એમનાં લખાણોમાં વાક્યે વાક્યે પ્રતિબિંબિત થાય છે.

સત્યનો આગ્રહ રાખનારા ને સત્યને જ શોધનારા ગાંધીજીને ટૉલ્સ્ટૉયની સત્યનિષ્ઠા રુચી; એમની સત્યની શોધ એથી કંઈક આકાર લેવા લાગી.

સંપૂર્ણ અપ્રતિકાર (Non-Resistance)ના હિમાયતી ટૉલ્સ્ટૉય અહિંસાનો પ્રચાર કરતા હતા. અહિંસાનો સંદેશ એમને 'નવા કરાર'માં સંભળાયો; અને દલીલો આપી તેનું સરસ સમર્થન કર્યું. ગાંધીજીને આ વિચારો ને દલીલો પસંદ પડી ગયાં, કારણ એમના સ્વભાવમાં જ અપ્રતિકાર હતો. એ અપ્રતિકારના ગુણને ટૉલ્સ્ટૉયની દલીલોથી પુષ્ટિ મળી; જોકે આવી પુષ્ટિ જૈનધર્મની અસરથી પણ મળી હતી. પશ્ચિમના એક વિચારક તરફથી અહિંસાને સમર્થન મળ્યું એ જ એક ધ્યાન ખેંચે એવી વિશેષતા હતી. યુદ્ધની ભયંકરતા, તેનાં અનિષ્ટો અને તેનાં દુષ્પરિણામો વિષે ટૉલ્સ્ટૉયે તેની સચોટ શૈલીમાં ખૂબ લખ્યું છે. યુદ્ધનિષેધનો આ તાદૃશ ચિતાર ગાંધીજીના મન પર છપાઈ રહ્યો. યુદ્ધની અનાવશ્યકતા એમના અહિંસક બનતા જતા માનસને સમજવામાં વાર ન લાગી. તેઓ પણ ટૉલ્સ્ટૉયની માફક યુદ્ધના વિરોધી બની રહ્યા.

શોષણ ને હિંસા પર રચાયેલી પાશ્ચાત્ય સંસ્કૃતિના દોષો બતાવી ટૉલ્સ્ટૉયે તેની પોકળતા સિદ્ધ કરવા જબ્બર પ્રયત્ન કર્યો છે. વિલાયતના નિવાસથી ગાંધીજીને તે સંસ્કૃતિનો અનુભવ થયો. 'સભ્ય' થવાનો શોખ તો તેમણે ત્યાં ગયા બાદ થોડા જ સમયમાં છોડેલો. પરંતુ દક્ષિણ આફ્રિકા ગયા બાદ ગોરાઓમાં રહેલો રંગદ્વેષ જોઈને યુરોપિયનોની સમાનતા આદિની વાતો એમને આડંબરી લાગી. પશ્ચિમના સુધારાની પાછળ કશું નક્કર ન જોઈ શક્યા; તેમાં રહેલાં વિલાસિતાનાં ઉત્તેજનોથી એમના ત્યાગી આત્માને આંચકો લાગ્યો. ધર્મ પણ મોટે ભાગે આડંબરનું એક સાધન બની રહેલો એમણે જોયો. પશ્ચિમના આ સુધારાના આ અનુભવને ટૉલ્સ્ટૉયના વિચારોએ સતેજ કર્યો અને તેથી તેઓ તેની સાથે એ બાબતમાં સંમત થયા. ગાંધીજીએ પણ પાછળથી 'હિંદ સ્વરાજ'માં પશ્ચિમના સુધારાની ખૂબ ઝાટકણી કાઢી હતી.

ટૉલ્સ્ટૉયની માફક સાધનશુદ્ધિ વિષે ગાંધીજી પણ ખૂબ આગ્રહી બન્યા. શુદ્ધ સાધ્યની પ્રાપ્તિ સારુ શુદ્ધ સાધન જ કામ લાગે એ વિચાર તો સત્યાગ્રહના જન્મ પછી તેનું મુખ્યાંગ બની રહ્યો. સમાજ-સુધારણાને સારુ સાધનશુદ્ધિ જોઈએ; તેમ જ તે પોતાની વ્યક્તિગત સુધારણાથી શરૂ થવો જોઈએ એવાં સૂચનો એમને ટૉલ્સ્ટૉયમાંથી મળી રહ્યાં. સુધારો પોતાથી શરૂ થાય તો જ અસરકારક નીવડે અને પોતાથી શરૂ થનારો સુધારો શુદ્ધ સાધનવાળો જ હોવો જોઈએ. આડંબરી સુધારો કશું ફળ ન લાવે. આથી, બાહ્ય ભભકની નિઃસારતા સમજનારા ટૉલ્સ્ટૉયે જીવનને સાદું બનાવવા તરફ ખૂબ ભાર મૂક્યો. તેણે સ્પષ્ટ બતાવ્યું કે સાદાઈથી જ સાચો સુધારો શક્ય છે. અને જીવનની સાદાઈ સાથે જાતમહેનત જોઈએ જ. ટૉલ્સ્ટૉયે જીવનની સાદાઈ અને જાતમહેનતનું જે ગૌરવ ગાયું તે ગાંધીજીના મનમાં વસ્યું. સાદાઈ તો ગાંધીજીના જીવનમાં વધતી જતી હતી, પણ જાતમહેનતનું ગૌરવ તો એમને ટૉલ્સ્ટૉયમાંથી જ સમજાયું. તેથી જ્યારે જાતમહેનત કરીને સાદાઈના ધોરણે એક ફાર્મ પર એમણે એમના સત્યાગ્રહી સાથીઓને વસાવ્યા ત્યારે તેનું નામ ટૉલ્સ્ટૉય ફાર્મ તેમના તરફના ઋણસ્વીકારને અર્થે જ આપ્યું હતું.

છતાં ગાંધીજી ખરા ટૉલ્સ્ટૉયપંથી (ટૉલ્સ્ટૉયના અનુયાયી) નથી. ટૉલ્સ્ટૉયમાંથી જે જે શીખવાનું મળ્યું તે તો લીધું જ પણ તેટલેથી તેઓ અટક્યા નહીં. પોતાની સ્વતંત્ર વિચારસરણી તેઓ બાંધતા હતા તેમાં જે જે જ્યાં જ્યાંથી મળ્યું તે બધુંય સ્વીકાર્યું. "His greatest merit as a thinker is his eclecticism." "બધેથી સારું સારું સંઘરવાની એમની ટેવ વિચારક તરીકે એમનો મોટો ગુણ બની છે.' (પી. સ્પ્રેટ) ગુરૂ દત્તાત્રેય કે મધુકરની માફક સારું સારું બધું જ્યાંથી મળે ત્યાંથી એકઠું કરી તેનો સંચય કરનાર જીવનવીર ગાંધીજીના શિષ્યભાવને અત્રે સમજી લેવો જોઈએ. ફૂલોના રસમાંથી જેમ મધુકર મધ જેવી

નવી જ વસ્તુ નિપજાવે છે તેમ ગાંધીજીના વિચારસંચય વિષે પણ થયું. એ વિચારસંચય કેવળ વિચારોનો સંગ્રહ ન બન્યો પણ પોતાના જીવનદર્શનમાં વણાઈ જઈ નવે સ્વરૂપે તે જન્મ પામ્યો. અને ચોવીસ ગુરુ કરનાર દત્તાત્રેય જેમ પોતે જ ગુરુ તરીકે ઓળખાયા તેમ ગાંધીજીનું પણ બન્યું — હિંદુસ્તાનને અને ઝઘડતા જગતને અહિંસાનો નવો પાઠ ભણાવવાનું તેમને ભાગે આવ્યું.

એમના પર થયેલી પુસ્તકોની, મહાન પુરુષોની અને ધર્મોની અસરની પ્રક્રિયા હવે જોઈએ. સામાન્ય મનુષ્ય પર વાચન કે સત્સંગની અસર કઈ રીતે થાય છે અને બહારનો વિચાર તેના મનમાં દૃઢ થઈ કાર્યમાં કઈ રીતે પરિણમે છે તેનું સરસ આલેખન કિશોરલાલ મશરૂવાળા આ રીતે કરે છે: "જેમ જ્ઞાનનો સંસ્કાર વારંવાર થાય તેમ તેમ ભાવના દૃઢ થતી જાય; જેમ જેમ ભાવના દૃઢ થતી જાય તેમ તેમ પ્રેરણા અથવા ઇચ્છાશક્તિ બળ મેળવતી જાય. પ્રેરણાશક્તિ ગાઢી થાય એટલે કર્મ કરવામાં અથવા કર્મથી અટકવામાં પરિણામ પામે." ('જીવનશોધન' પૃ. ૯૬)

કોઈ એક સારો વિચાર બહારથી મળતાં તેના પર મનન કરતાં તેનો જ્ઞાનસંસ્કાર દૃઢ થાય, પછી તે રીતે જ ભાવના દૃઢ થાય અને અંતે કાલક્રમે તે કાર્યમાં પરિણમે. પરંતુ આ તો સાધારણ ક્રમ થયો. ગાંધીજીમાં કેટલીક શુભ ભાવનાઓ આજન્મપ્રાપ્ત હતી અને તે દૃઢ થતાં ઇચ્છાશક્તિ પણ સારી પેઠે કેળવાઈને ગાઢ બની હતી. અંદરની ભાવનાઓ મુજબ વિચારો કરતા પણ થયા હતા; તેવામાં ઉત્તમ પુસ્તકો, પુરુષો અને જુદા જુદા ધર્મોમાંથી પોતાના એ વિચારોને સમર્થન મળતાં તે સ્પષ્ટ થઈ રહ્યા. જે નવા વિચારો જાણવા મળ્યા તે તરત ઝડપી શક્યા કારણ કે એ વિચારો માટેની ભાવના તો દૃઢ બની ચૂકી હતી. આમ થતાં એ બહારથી મળેલા વિચારો અને બહારની અસરો એમના જીવનદર્શનમાં વણાઈ અને તરત જ કાર્યમાં પરિણમવા લાગી. આ આખો ક્રમ થોડા જ સમયમાં પૂરો થવા

નહોતો પામ્યો પણ એમ જરૂર કહી શકાય કે સામાન્ય અનુભવની સરખામણીએ એમના વિચારોને દઢતાને પામી કાર્યરૂપે આકાર પામવાને પ્રમાણમાં ઓછો જ સમય લાગ્યો હતો. વિલાયતના અભ્યાસ-કાળ દરમ્યાન શરૂ થયેલી જીવનની સાદાઈ ફિનિક્સ આશ્રમની સ્થાપના વેળા જીવનના દરેક અંગમાં વ્યાપી રહી. બાર પંદર વર્ષનો આ ગાળો ઉચ્ચ વિચાર અને ભાવનાના દ્રઢીકરણ માટે લાંબો ન ગણાય. આ વર્ષો દરમ્યાન અનેક વિચારો એમના જીવનદર્શનમાં સમાયા અને જીવનમાં ક્રાંતિકારી પરિવર્તનના નિમિત્ત બન્યા. એમના પર થયેલી બાહ્ય અસર માત્ર આ પ્રક્રિયા વડે જ એમના જીવનમાં એક થઈ રહી.

પોતાની સ્વતંત્ર જીવનદષ્ટિને લીધે ગાંધીજી ટૉલ્સ્ટૉય કરતાં આગળ વધ્યા. આદર્શવાદી હોવા સાથે અત્યંત વ્યવહારુ હોવાથી ટૉલ્સ્ટૉયની માફક સમાજથી અળગા ન પડી જતાં પોતાના આદર્શો સમાજને વ્યવહારુ સ્વરૂપમાં આચરી બતાવ્યા. સિદ્ધાંતી હોવા સાથે સમાધાન વૃત્તિવાળા હોઈ બદલાતી જતી દુનિયાને અનુકૂળ થવા પ્રયત્ન કરતા, તેથી સિદ્ધાંત સિવાયની બાબતોમાં બાંધછોડ પણ કરતા. ટૉલ્સ્ટૉયે અહિંસાને નિર્ભેળ રાખવાનો આગ્રહ સેવ્યો જ્યારે ગાંધીજીએ તેને વ્યવહારુ સ્વરૂપ આપ્યું અને હિંસામાત્રના ત્યાગનો આગ્રહ રાખતાં છતાં શુદ્ધ રાગ વગરની હિંસાને લગભગ અહિંસા તરીકે ઓળખાવી (દા. ત પોલૅન્ડના હિટલર સાથેના હિંસક સામનાને એમણે લગભગ અહિંસા કહી હતી.) ટૉલ્સ્ટૉય જીવન ને સમાજથી અળગા પડ્યા જ્યારે ગાંધીજીએ તેમાં ઝંપલાવ્યું. આમ કેટલીક બાબતોમાં જ્યાં ટૉલ્સ્ટૉય અટક્યા ત્યાં ગાંધીજી આગળ વધતા દેખાય છે. છતાં ટૉલ્સ્ટૉયે ગાંધીજીમાં જે જ્યોત જગાવી તેને ભૂલવાપણું તો ન જ હોય. સાચો ખ્રિસ્તી ધર્મ ગાંધીજી તેમની પાસેથી જ શીખ્યા, જીવનને સાદાઈ તરફ લઈ જવાના સભાન પ્રયત્ન પણ એમની અસર પછી જ કર્યા.

બન્ને વચ્ચેનું સામ્ય ધ્યાન ખેંચે તેવું છે. બન્ને પર બાઇબલમાંના 'ગિરિપ્રવચન'ની સચોટ અસર થયેલી ને બન્નેએ તેમાંથી અહિંસા

તારવી. એમાંના ઉપદેશને અનુસરીને સામાજિક અને રાજકીય પ્રશ્નોના ઉકેલ માટે બન્ને મથ્યા. ટૉલ્સ્ટૉયનો 'ખ્રિસ્તી અરાજકવાદ' (Christian Anarchism) આ પ્રયોજનમાંથી ઉદ્‌ભવ્યો તેમ ગાંધીજીનો સત્યાગ્રહ પણ તેમાંથી જ જનમ્યો. પણ ગાંધીજીની આ વસ્તુ નવીન હતી, સમાજના બધાય પ્રશ્નોના ઉકેલ માટે સમર્થ હતી, અને આખા જીવન દરમ્યાન એમણે સત્યાગ્રહ અને સત્યાગ્રહની પદ્ધતિ વડે વ્યક્તિ અને સમાજના બધાય પ્રશ્નોના ઉકેલ માટે મથામણ કરી. એમની અહિંસાએ સત્યાગ્રહમાં જીવંત (Dynamic) સ્વરૂપ ધારણ કર્યું અને તેથી તે ઘણે અંશે સફળ થયેલી જોઈ શકીએ છીએ.

ફરી પાછા એમના ધર્મવિકાસ પર આવીએ. ખ્રિસ્તી મિત્રોથી વીંટળાયેલા તેઓ મિ. વૉલ્ટન જેવા ઉત્તમ ખ્રિસ્તીઓ પાસેથી અને ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોમાંથી સાચો ખ્રિસ્તી ધર્મ જાણવા પામ્યા. ધર્મચર્ચા પણ તક મળતાં થતી. પણ ધર્મપુસ્તકોના નિરીક્ષણને લીધે એમના વિચારો હવે સ્પષ્ટ સ્વરૂપ લેવા લાગ્યા. હિંદુસ્તાનમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની મુસીબતો સમજાવવાને હિંદ આવતાં સ્ટીમર પર મિત્ર થયેલા કપ્તાન સાથે ધર્મચર્ચા થઈ. આવી ધર્મચર્ચાઓમાંથી એ લાભ મળ્યો કે 'ધર્મ વિષેનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ જાણવાનાં તેમને મળ્યાં. કપ્તાનને પોતાનું દૃષ્ટિબિંદુ તો ન સમજાવી શકયા પરંતુ એ પરથી એટલું સ્પષ્ટ સમજી ગયા કે માનવ માત્રને સારુ પ્રાથમિક ને સાર્વત્રિક એવી ધર્મની ભૂમિકા તે નીતિધર્મ. "હું મારા વિચારમાં દૃઢ થયો કે ધર્મ અને નીતિ એક જ વસ્તુનાં વાચક છે." (વ્યાપકધર્મ) આથી એમના જીવનદર્શનમાં, એમની ધાર્મિક વિચારપદ્ધતિમાં નીતિ પાયાનું કામ કરે છે.

આ સમય દરમ્યાન પોતે બ્રહ્મચર્યના વિષે વિચારો કરતા થઈ ગયા. પણ હજી તે સ્પષ્ટ નહોતા થયા. "કયા પ્રસંગથી અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્‌ભવ્યો, એ અત્યારે મને ચોખ્ખું નથી યાદ આવતું. એટલું સ્મરણ છે કે, એમાં રાયચંદભાઈની અસરનું

પ્રાધાન્ય હતું." (આ. ભા. ૧, પૃ. ૩૧૭) આમાં ટૉલ્સ્ટૉયની અસર થઈ હોય એમ પણ સંભવે પણ વ્રતની અગત્ય અને મહિમા તો સ્વાનુભૂતિથી જ સમજ્યા. એમનો મૂળ મુદ્દો પ્રજોત્પત્તિ અટકાવવાનો હતો કારણ સમાજની સેવામાં એકાગ્રચિત્તે કામ કરવાની ધગશ જાગી હતી. જરૂર પડ્યે આવશ્યક કોયડાનો વિચાર કરનાર ગાંધીજીને બાહ્ય આવશ્યકતાથી વસ્તુનો વિચાર શરૂ કરતાં તેને આમૂલાગ્ર છણી લેવાની ટેવ હતી. ધર્મભાવના દરેક પ્રશ્નને આધ્યાત્મિક દૃષ્ટિથી જ નિર્ણય કરતાં શીખવતી.

ઝૂલુ બળવા વખતે એમને લાંબી કૂચ કરવી પડતી અને તે વેળા આત્મનિરીક્ષણને અંતે બ્રહ્મચર્યનું વ્રત લેવાનો નિશ્ચય પાકો થયો. "આ છ. અઠવાડિયાં મારી જિંદગીનો અતિશય કીમતી કાળ હતો. વ્રતનું મહત્ત્વ હું આ વેળા વધારેમાં વધારે સમજ્યો." (આ. ભા. ૧, પૃ. ૩૨૦) વ્રતપાલન અર્થે જોઈતી શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારીને બ્રહ્મચર્યનું વ્રત લીધું. એ વ્રતની વિશાળ વ્યાખ્યાનો એમને ખ્યાલ હતો; "બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે બ્રહ્મદર્શન. આ જ્ઞાન મને શાસ્ત્ર મારફતે નહોતું થયું. એ અર્થ મારી આગળ ધીરે ધીરે અનુભવસિદ્ધ થતો ગયો." (આ. ભા. ૧, પૃ. ૩૨૨) આ વિધાન એમનાં અન્ય વ્રતો, પ્રયોગો અને આધ્યાત્મિક અનુભવો વિષે પણ એટલું જ સાચું છે. આધ્યાત્મિક બાબતમાં સ્વાનુભૂતિ એ જ પ્રગતિનું ઉત્તમ આકર્ષણ છે. આધ્યાત્મિક માર્ગ પર આવું આકર્ષણ એમને સદાનું મળી રહ્યું એટલા તે ભાગ્યશાળી બન્યા.

બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યાં બાદ એમના ખોરાકના પ્રયોગો ધાર્મિક દૃષ્ટિએ વ્રતપાલનને સહેલું ને સરળ બનાવવાને અર્થે થવા લાગ્યા. તે વેળા ઉતાવળથી માન્યું કે કેવળ ફલાહારથી વિકારને જડમૂળથી નાબૂદ કરી શકાય પરંતુ થોડા જ સમયમાં અનુભવથી સમજ્યા કે બ્રહ્મચર્યના પાલન સારૂ ઈશ્વર પરની શ્રદ્ધા એ જ મુખ્ય બળ છે. "રામનામ ને રામકૃપા એ જ આત્માર્થીને છેવટનું સાધન છે, એ વસ્તુનો સાક્ષાત્કાર

મેં હિંદુસ્તાનમાં જ કર્યો." (આ. ભા. ૧, પૃ. ૩૨૬) આ સાક્ષાત્કાર ટૂંક સમયમાં જ થનાર હતો.

દક્ષિણ આફ્રિકાનું કામ પૂરું થતાં મિત્રોની રજા લઈ હિંદ પાછા આવ્યા બાદ થોડો સમય મુંબઈમાં પુત્રના તાવ વેળાની કસોટીએ એમની ઈશ્વરશ્રદ્ધા અચળ બનાવી મૂકી. ધર્મનિરીક્ષણનો કાળ પૂરો થતાં, એમની ધર્મદૃષ્ટિ સમ્યગ્ થતાં હવે પોતાના દર્શનનો અમલ કરવાનો સમય પાકી ગયો.

૯

નિરીક્ષણનું પરિણામ — તપસ્યા

એમની કર્તવ્યપરાયણતાએ હવે તપસ્યાનું રૂપ ધારણ કર્યું. ગાંધીજીનો વિકાસ જાણ્યે અજાણ્યે ધર્મના આચારથી જ થયો. અત્યાર સુધીમાં જે ધર્મનિરીક્ષણ થયું, ધર્મદૃષ્ટિ પેદા થઈ તે વડે જીવનસિદ્ધાંતોને સાક્ષાત્ અનુભવવાને તપસ્યાનો સમય હવે નજીક આવી પહોંચ્યો. બીજી વેળાનો એમનો દક્ષિણ આફ્રિકાનો નિવાસ એટલે તપસ્યાકાળ. આ ગાળા દરમ્યાન હિંદમાં કરવાની સેવાની આધ્યાત્મિક મૂડી એકઠી કરી શક્યા. પોતાના સાથીને તે વેળા એમણે લખેલું, "આપણે તૈયારી બધી હિંદને સારુ કરીએ છીએ. (મ. ગાં. પત્રો, પૃ. ૨૪)

રાયચંદભાઈ ગુજરી જવાથી એમનું માર્ગદર્શન મળતું બંધ થયું. પણ હવે તો પોતે જ પોતાના માર્ગદર્શક થઈ રહ્યા. અંતરનો અવાજ સાંભળતાં ક્યારનુંય આવડી ગયું હતું. તે માટેની શુદ્ધિ એમનામાં આવી હતી. હવે એમને ગીતાજીની ઓથ મળી ગઈ હતી. "મારે સારુ તો તે પુસ્તક આચારનું એક પ્રૌઢ માર્ગદર્શક થઈ પડ્યું. તે પુસ્તક મારો ધાર્મિક કોષ થઈ પડ્યું." (આ. ભા. ૪, પૃ. ૫) ધાર્મિક સંબંધો તો હજુય ચાલુ હતા. થિયોસોફિસ્ટો સાથેના સંબંધનો લાભ લીધો. સ્વામી વિવેકાનંદનું 'રાજયોગ' વાંચ્યું. પાતંજલ દર્શનમાંથી દયાધર્મને પુષ્ટિ મળી. "પતંજલિ ભગવાને દયા આદિનું મહત્ત્વ એવું

બતાવ્યું છે કે તેનો વિચાર કરતાં રસના ઘૂંટડા આવે છે." (મ. ગાં. પત્રો, પૃ. ૩૨) રસનો વિષય બદલાયો હતો, દિશા બદલાઈ ગઈ હતી; બાહ્ય વસ્તુને બદલે આત્મશોધ પર એમનો રસ એકાગ્ર થયો, બહારને બદલે અંદર જોતાં શીખી ગયા.

ધર્મનાં આવાં ચિંતન, મનન અને નિદિધ્યાસન સાથે તપસ્યામય જીવનમાંથી સત્યાગ્રહનો જન્મ થયો. ઉપવાસ, વ્રતપાલન, અને પ્રયોગો વડે જાણે કે બધીય તૈયારી સત્યાગ્રહના જન્મ સારુ જ થઈ રહી હતી! દક્ષિણ આફ્રિકાની ગોરી સરકાર સામે ઝૂઝવામાં હથિયાર કામ લાગે તેમ નહોતાં. હિંદીઓ પાસે હથિયાર હતાં જ ક્યાં? ભૌતિક એકેય બળ કામ લાગે તેમ નહોતું. આવી વિકટ પરિસ્થિતિમાં તેમનામાં સ્વમાન જગાડે એવું, જીવનને પોષક અને વિરોધીને પોતીકો કરી લે એવું સત્યાગ્રહનું શસ્ત્ર ગાંધીજીના આત્મમંથન અને આત્મબળમાંથી પેદા થયું. એમના જીવનમાં સત્યાગ્રહનો આચાર પ્રથમ હતો, એનું ભાન પછીથી આવે છે; એના નામની પણ પાછળથી જ ઉત્પત્તિ થઈ. ગાંધીજીનાં ઘણાંખરાં કાર્યો વિષે આમ જ બનતું આવ્યું છે. પ્રથમ પ્રયોગો અને પછી જ તેમાંથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય એવો દુનિયાનો અનુભવ છે. જીવનનું વૈજ્ઞાનિક રીતે સંશોધન કરતાં સવિચાર આચાર પ્રથમ અને પછી તેમાંથી સત્યાગ્રહ ક્રમશઃ વિકસવા લાગ્યો. 'आचारः प्रथमो धर्मः' નું રહસ્ય એમના જીવનમાં આ રીતે પણ સ્પષ્ટ થઈ રહ્યું.

૧૦

રસ્કિન અને ગાંધીજી

"કર્મયોગ સિદ્ધ થયા પછી જ્યારે એવી સ્થિતિ થાય કે અનુભવ, ભાવના અને કર્મ એ ત્રણે જાણે એકી વખતે થઈ જતાં હોય, વચ્ચે કંઈ વખત જ ન જાય એટલી શીઘ્રતા પ્રાપ્ત થાય, ત્યારે તે કર્મયોગ પૂર્ણ થયો લાગે. ('જીવનશોધન' પૃ. ૧૦૨)

શુભ ભાવનાથી સવિચાર સેવાકર્મમાં ઓતપ્રોત થતાં ગાંધીજીના ત્યારના જીવનમાં કર્મયોગની પ્રાથમિક પૂર્ણતા પેદા થઈ. એને લીધે જ એમને વિચાર કરતાં જે સાચું લાગ્યું તેનો તુરન્ત અમલ કરતા થઈ ગયા અને તેમાંથી એમનામાં એવી સૂઝ પેદા થઈ કે જેના દોર્યા તે દોરાવા લાગ્યા. દલીલને પછીનું સ્થાન મળ્યું. દલીલ ઘણી વાર કર્મ કરવામાં ઢીલ ઊભી કરે છે. સૂઝ પ્રમાણે કામનો ઉકેલ કરતાં સમજૂતીની જરૂર પડે ત્યારે જ દલીલો રજૂ કરવાની એમને ટેવ પડી. આથી દલીલોની જાળમાંથી જલદી છૂટી શક્યા. અને કર્મયોગની પૂર્ણતા જલદી પ્રાપ્ત કરી શક્યા.

જે વખતે ગાંધીજીનો અનાસક્ત કર્મયોગ વધતો જતો હતો. તે વેળાએ જ એમના હાથમાં રસ્કિનનું ‘ અન ટુ ધિસ લાસ્ટ ’ આવ્યું. માનસિક ભૂમિકા ટૉલ્સ્ટૉયના પૂર્વવાચનથી તૈયાર થઈ હોવાથી કેવળ એક ચિનગારી તેમના આત્માના દારૂગોળાને સળગી ઊઠવા માટે પૂરતી હતી. રસ્કિનના આ પુસ્તકે એ ચિનગારીનું કામ કર્યું. તરત જ પુસ્તકના આદર્શ અને વિચારનો અમલ કર્યો અને ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ. ટૉલ્સ્ટૉયની અસરથી ગાંધીજીની ભાવનાઓ પરિપુષ્ટ થઈ ત્યારે રસ્કિનની વિચારસરણી અને દલીલપદ્ધતિની અસરથી એ ભાવનાઓને આકાર મળ્યો. એ આકારનું બાહ્ય સ્વરૂપ તે એમનો ફિનિક્સ આશ્રમ.

આવી અસાધારણ અસર ઉપજાવનાર રસ્કિન એક પ્રખર સાક્ષર હતા. એમની દલીલપદ્ધતિ વેધક હતી. શબ્દોના જાદુથી વાચકને ધારેલી રીતે પોતાની સાથે લઈ શકતા. અસ્મિતાવાન હોઈ એમના હુંકારના પડઘા એમનાં લખાણમાં પડ્યા છે. તે છાપ પાડવામાં માનનાર હતા. ઉચ્ચ આદર્શોનાં સ્વપ્નાં જોઈ શકવા છતાં તે મુજબ વર્તવાની ઇચ્છાશક્તિ પૂરતા પ્રમાણમાં ન હોવાથી એમણે આંતરસંઘર્ષની તીવ્ર મનોવ્યથા ઘણી અનુભવી હતી. કર્મપરાયણતા પણ ઓછી હોવાથી એમના

મનની ગૂંચ ઉકેલી નહોતા શક્યા. એમના જીવનમાં વિચાર, ભાવના અને કર્મનો સુમેળ નહોતો જામ્યો. છતાં એમની વિચારસરણી દૂર દેશના એક માણસ પર અદ્‌ભુત અસર કરી ગઈ. એમણે જે વિચાર્યું તેનું આચરણ કરી બતાવ્યું ગાંધીજીએ. રસ્કિન કેવળ વિચારક હતા, ટૉલ્સ્ટૉય વિચારક હોવા સાથે વિચારોને અમલમાં મૂકવાને પ્રયત્નશીલ રહેતા, જ્યારે એ બન્નેની પાસેથી સાર ગ્રહણ કરનાર ગાંધીજી સ્વભાવથી કર્મી હોઈ કર્મયોગની પૂર્ણતા સિદ્ધ કરવામાં સારી પેઠે સફળ થયા. ગાંધીજીમાં આત્મગૌરવનું તીવ્ર ભાન હતું છતાં રસ્કિનની માફક વ્યક્તિગત અસ્મિતાને પોષવાને બદલે પોતાના આત્મ-ગૌરવથી પોતાના દેશના અને માનવજાતના ગૌરવની વૃદ્ધિ અર્થે જ મંડ્યા રહ્યા. પોતે શૂન્યવત્ થઈ ને જ આવો અસ્મિતાનો વિસ્તાર કરી શકાય એમ તે માનતા અને તે મુજબ તે આચરણ કરતા રહ્યા. તેને લીધે જ જ્યાં રસ્કિન ગૂંચવાયા, ટૉલ્સ્ટૉય અટક્યા ત્યાંથી ગાંધીજી આગળ વધ્યા અને 'અન ટુ ધિસ લાસ્ટ'માં વર્ણવેલી સર્વોદયની ભાવનાને પોતાના જીવનમાં અને વ્યવહારમાં મૂર્તિમંત કરી શક્યા.

પુસ્તકો દ્વારા, પત્રવ્યવહારથી કે સંપર્ક દ્વારા ગાંધીજી પર જે ત્રણ ઉચ્ચ પુરુષોની અસર થઈ તેમાં પ્રથમ સ્થાને તો રાયચંદભાઈ આવે. એમણે જીવંત સંપર્કથી ગાંધીજીને જે આપ્યું તેવું જ કંઈક ટૉલ્સ્ટૉયે ઉચ્ચ આદર્શો તરફ પ્રેરણા આપીને આપ્યું અને ગાંધીજીને તે તરફ આકર્ષ્યા. રસ્કિનની સાક્ષરી ને પ્રૌઢ વાણીએ એમના જીવનમાં તાત્કાલિક ક્રાંતિ આણી. પણ આ ત્રણ ઉપરાંત જ્યાં જ્યાંથી ગાંધીજીને શીખવાનું મળ્યું ત્યાંથી વત્તુંઓછું શીખતા જ રહ્યા. આવા નમ્ર ભાવે બધેયથી શીખવાની વૃત્તિવાળા તેઓ પોતે જ કેટકેટલા માણસોના જીવન પર ક્રાંતિકારી અસર પહોંચાડવા સમર્થ થયા! દેશનેતાઓ પર એમની છાપ ખૂબ જ છે છતાં તેમની પાસેથી સામું લેવાની વૃત્તિ પણ એમણે સદા બતાવી હતી. પંડિત જવાહરલાલના ઘડતરમાં

એમનો ઠીક ઠીક ફાળો છે, છતાં પંડિતજીની અસર પણ એમના પર થવા પામી હતી અને તે ખાસ કરીને રાજકારણીય બાબતોમાં, દેશ-પરદેશના રાજકારણ સંબંધી વિચારો ને મંતવ્યો બાબતમાં.

૧૧

આશ્રમી જીવનપદ્ધતિ

"રાજદ્વારી સ્વરાજ્ય મેળવવા માટે અને સામાજિક સુધારા દ્વારા બહુધર્મી ભારતીય જનતાના ઉદ્ધારને અર્થે ચલાવેલા આશ્રમમાં આ યમોની સુધારેલી આવૃત્તિ ફરી જાગ્રત થયેલી જોઈ, જૂના અને નવા બધા જ વિચારના લોકોને આશ્રમ વિષે કુતૂહલ અને આદરની લાગણી જન્મી." (સ. ઇ. પૃ. ૫)

રસ્કિનની અસરથી ફિનિક્સ સંસ્થાની સ્થાપના થઈ અને ત્યારથી તેમણે સ્થાપેલા આશ્રમોની પરંપરા શરૂ થઈ. પણ એક રીતે તો એમના આશ્રમજીવનની શરૂઆત તે પહેલાંની જ શરૂ થઈ હતી. દક્ષિણ આફ્રિકામાં જ્યારથી એમણે નોખું ઘર માંડ્યું ત્યારથી જ ઘર મિત્રોને સારૂ ખુલ્લું મૂકી દઈ ધર્મમય સામુદાયિક જીવનની શરૂઆત કરેલી. "આશ્રમ એટલે અહીં સામુદાયિક ધાર્મિક જીવન એવો અર્થ છે. આવું આશ્રમ, મને લાગે છે કે, મારા સ્વભાવમાં જ હતું." (સ. ઇ. પૃ. ૧) એમના સ્વભાવમાં જ રહેલી ધર્મમય સમાજસેવાની પ્રબળ વૃત્તિમાંથી ફિનિક્સ આશ્રમનો જન્મ થયો અને તેમાંથી જ ફિનિક્સ પક્ષીની માફક તેનો 'અગ્નિસંભવ' થતાં આશ્રમ સંસ્થાની પરંપરા ચાલી. ફિનિક્સ પક્ષી જેમ પોતાની ચિતાભસ્મમાંથી પાછું પુનર્જીવન પામે છે તે રીતે જ ગાંધીજીની આશ્રમ સંસ્થા વિષે પણ થવા પામ્યું. ફિનિક્સ આશ્રમ, પછી ટૉલ્સ્ટૉય ફાર્મ, અમદાવાદમાં કોચરબ અને સત્યાગ્રહ આશ્રમ અને છેલ્લે સેવાગ્રામનો ગાંધી આશ્રમ એક પછી એક અસ્તિત્વમાં આવ્યા. શ્રી. કાકાસાહેબે આવા આશ્રમ-વિકાસને ફિનિક્સ પક્ષીના અગ્નિસંભવ સાથે સરખાવવામાં ઘણું જ

ઔચિત્ય દાખવ્યું છે. છતાં એ સરખામણીને આગળ લંબાવી શકાય તેમ છે. પુરાણા હિંદની ઋષિઓની આશ્રમ સંસ્થાની આ આધુનિક આવૃત્તિ જ છે અને એ રીતે પણ પુરાણી આશ્રમ સંસ્થાનો અભિ-સંભવ થયો ગણાય. ગાંધીજીએ આશ્રમ જીવનની કલ્પના પોતાની રીતે કરી અને યુગની જરૂરિયાત અનુસાર તેને મૂર્તરૂપ આપ્યું છતાં તેનું મૂળ તો પુરાણકાળના આશ્રમની ભાવનામાં જ રહેલું છે.

હિંદુસ્તાન એટલે સાધુ, સંન્યાસી અને યોગીઓનો દેશ એવી પણ એક છાપ પશ્ચિમના દેશોમાં હિંદ વિષે વ્યાપક છે. કંઈક અંશે એક રીતે એ સાચું પણ છે. રામતીર્થ અને વિવેકાનંદની પરંપરાને ચાલુ રાખવાને ન હોય તેમ આજે પણ હિંદના આધ્યાત્મિક ક્ષેત્રમાં કામ કરનાર ઋષિઓ દેશવિદેશમાં ખ્યાતિ પામ્યા છે. શ્રી અરવિંદ તેમના પૂર્ણયોગના પ્રયાસોથી પ્રખ્યાત છે અને તેમનો આશ્રમ એક નવી જ ભાત પાડે છે. શ્રી રમણમહર્ષિનો મહાયોગ પણ કેટલાય પરદેશી મુસાફરોને આકર્ષે છે અને તેમને એમનો આશ્રમ જોવા ખેંચી લાવે છે. ભૂતકાળના કોઈ ઋષિના ભવ્ય આશ્રમનો ખ્યાલ રમણાશ્રમને જોતાં આવે છે; જ્યારે શ્રી અરવિંદના આશ્રમમાં પૂર્વ અને પશ્ચિમના સંસ્કાર ને સુઘડતાનું આબાદ મિશ્રણ જોવા મળે છે. પણ આવા જુદા જુદા પ્રકારના આશ્રમો હિંદમાં આજેય હોવા છતાં ગાંધીજીનો આશ્રમ એક નોખી જ ભાત પાડે છે. એમની આશ્રમ પ્રવૃત્તિ એટલે એમનાં બીજાં મહાન કામોની માફક એક યુગપ્રવૃત્તિ.

સામુદાયિક જીવનને અનુલક્ષીને આ આશ્રમજીવન વ્યાપક કરવાના હેતુથી ગાંધીજીએ પોતાની આશ્રમસંસ્થામાં ધર્મમય જીવનના અનેક વ્યાવહારિક પ્રયોગો કર્યા. એ પ્રયોગોનું ઠેર ઠેર અનુકરણ અને અનુસરણ બન્ને થયાં. એમની આશ્રમપ્રવૃત્તિએ દેશમાં વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું અને અનેક આશ્રમો અસ્તિત્વમાં આવ્યા. વળી પોતાના આશ્રમમાં એમણે આખા સમાજને ઉપયોગી થાય એવા પ્રયોગો કરી

પ્રત્યક્ષ અનુભવો મેળવી તેનો નિચોડ સમાજ સમક્ષ રજૂ કર્યો. આ કારણે એમના આશ્રમજીવનની પ્રવૃત્તિ એક યુગપ્રવૃત્તિ લેખી શકાય. વળી ભૂતકાળની આશ્રમજીવનની કલ્પનાને એમણે ચકાસી જોઈ નવી રીતે આ યુગને લાયક બનાવી, તેને વ્યાવહારિક બનાવી બતાવી. આવી આ વ્યાપક યુગપ્રવૃત્તિમાં કયાં કયાં અંગો વિષે પ્રયોગો થયા તે હવે જોવાનું રહે છે.

હિંદમાં પશ્ચિમી કેળવણીની અસરને લીધે જ્યારે હિંદી સંસ્કૃતિ પીછેહઠ કરવા લાગી હતી અને સર્વધર્મસમન્વયકારી ધર્મભાવના ભુલાવા માંડી હતી ત્યારે ગાંધીજીએ તેમની પ્રતિસ્થાપના માટે જાણે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. હિંદની આ પુરાતન સંસ્થાના નૂતન સંસ્કરણ વિષે હિંદી જનતાના મનમાં પૂજ્યભાવ ને પ્રેમ પેદા થયાં. તેમાં થઈ રહેલા પ્રયોગોથી આદર અને પ્રેમભર્યું કુતૂહલ સૌમાં જાગ્રત થયાં અને સાનંદાશ્ચર્ય એ પ્રયોગ પરંપરાનાં સૌ સાક્ષી થઈ રહ્યાં.

સત્યાગ્રહ આશ્રમ એટલે વ્યક્તિલક્ષી અને સમાજલક્ષી કૂટ પ્રશ્નોના ઉકેલ શોધવાને ચાલતી જીવનક્ષેત્રની જીવંત પ્રયોગશાળા. એમાં કેવળ તપશ્ચર્યાનો જ આદર્શ ન હતો. તપ તો સાધન હતું. આશ્રમ શબ્દથી કેવળ તપોભૂમિ એવો અર્થનિર્દેશ થાય. પરંતુ સત્યાગ્રહ આશ્રમનો આદર્શ કંઈક વિશેષ હતો. આશ્રમની નામપસંદગી વેળાએ જ તેની પાછળ રહેલી ભાવના વિચારાઈ હતી. "અમારે તો સત્યની પૂજા, સત્યની શોધ કરવી હતી, તેનો જ આગ્રહ રાખવો હતો, અને દક્ષિણ આફ્રિકામાં જે પદ્ધતિનો મેં ઉપયોગ કર્યો હતો તેની ઓળખ ભારતવર્ષમાં કરાવવી હતી અને તેની શક્તિ ક્યાં લગી વ્યાપક થઈ શકે તે જોવું હતું." (આ. ભા. ૨, પૃ. ૨૨૬) આ ભાવનામાં જ સત્યાગ્રહ આશ્રમની સાર્થકતા રહેલી છે.

સત્યનો આગ્રહ દ્વિલક્ષી હતો — વ્યક્તિના અંગત જીવનમાં અને વ્યક્તિઓના બનેલા સમાજજીવનમાં અને સામાજિક વ્યવહારમાં.

યમનિયમાદિ, નિષ્કામકર્મ, જાતમહેનત વગેરે વ્રતોનું સત્ય અને અહિંસાની ભૂમિકા પર મંડાણ કરી વ્યક્તિજીવનને પ્રભુમય કરવાના પ્રયત્નો સંસ્થામાં થવા લાગ્યા અને બધા સભ્યોનો પ્રયાસ એ આદર્શને પહોંચી વળવાને હતો. પણ આશ્રમની વિશેષતા તો એમાં રહેલી છે કે સમાજના પ્રશ્નોનો નાના પાયા પર આશ્રમ પૂરતો ઉકેલ શોધવાની ત્યાં મથામણ થતી હતી. આને અંગે જે પ્રયોગો થયા તેનો ઇતિહાસ તે ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ.

સમાજને દૃષ્ટાંતરૂપ થઈ પડે એવા આશ્રમના સમૂહજીવનમાં કરેલા પ્રયોગો કયા સંજોગોમાં અને કઈ રીતે થયા તે જોવા કરતાં તે કયા પ્રશ્નો બાબત થયા એનો નિર્ણય કરવો વધુ અગત્યનો છે. હિંદુ સમાજમાં પહેલાંના કાળમાં જે શુભ તત્ત્વો હતાં પણ કાળબળે ભૂંસાતાં ગયાં યા વિકૃત થયાં તેનો પુનરુદ્ધાર કરવાનો સબળ પ્રયત્ન થયો. ચાર આશ્રમો આધુનિક જીવનમાંથી લગભગ વિલીન થયા સમાન છે, વર્ણાશ્રમધર્મની તો ભારોભાર વિકૃતિ થઈ ચૂકી છે. આ બન્નેની નવરચના કરવાનો પ્રયાસ આશ્રમમાં થયો. પુરાતન કાળમાં સ્ત્રીસન્માન એક સામાન્ય શિષ્ટાચારની વાત હતી.. સ્ત્રીને એનું એ ગૌરવભર્યું સ્થાન પાછું સોંપવાના ને લેવાના પાઠ આશ્રમે આપ્યા. ગૌસેવા જે હિંદુઓનો ભુલાયેલો ધર્મ છે તેને પણ અગત્યનું સ્થાન મળ્યું અને આદર્શ ગૌશાળા ચલાવીને આશ્રમે એ દિશામાં પણ આગળ ડગ માંડ્યું.

આ સાથે આ જમાનાને અનુરૂપ એવી કેટલીક નવીન વસ્તુઓ પણ આશ્રમના સમૂહજીવનમાં દાખલ કરવામાં આવી. સામુદાયિક વ્રતપાલન, પ્રાર્થના, શરીરશ્રમ, સ્વદેશીની ભાવના અને રાષ્ટ્રીય કેળવણીના અખતરાને સ્થાન આપીને આશ્રમે નૂતન તત્ત્વોને સમૂહજીવનમાં વણીને જીવનને ક્રાંતિકારી બનાવી મૂક્યું. તેમાં અસ્પૃશ્યતાનિવારણ અંગેના તેના સફળ અખતરાએ સમાજને હલાવી મૂક્યો; અને એ રીતે આશ્રમનું ક્રાંતિકારી જીવન એક યા બીજી રીતે સમાજનું ધ્યાન ખેંચી રહ્યું. આ

આશ્રમ સંસ્થા પર ટીકાના પ્રહાર થતા છતાં તેનું આકર્ષણ પણ સૌને થતું. કારણ તેનું મૂળ ધર્મભાવના પર હતું એમ સૌ સમજતા હતા. તેમાં વળી સત્યાગ્રહની ભાવનાથી થતા આ પ્રયોગો સમાજનું એકધારું લક્ષ આશ્રમ તરફ દોરી રહ્યા હતા. સમાજે સહેજે માન્યું કે જીવનનો એક અવનવો પ્રયોગ ગાંધીજીના આશ્રમમાં થઈ રહ્યો છે. વાસ્તવમાં હતું પણ તેમ જ. સમાજજીવનનો આદર્શ રજૂ કરનારી આ સંસ્થા સમાજસુધારણાનું એક પ્રયોગક્ષેત્ર બની રહી.

આશ્રમજીવનના સિદ્ધાંતોનો સ્વીકાર કરનાર હરકોઈને તેના સભ્ય થવાની છૂટ હતી; નાતજાતનો કોઈ ભેદ નહોતો. ખ્રિસ્તી, મુસલમાન ને યુરોપિયનોએ તેમાં વસવાટ કરી ત્યાંના જીવનમાં હોંશભેર ભાગ લીધો હતો. આ રીતે આશ્રમે એક વિશાળ કુટુંબનો ખ્યાલ ઊભો કર્યો. वसुधैव कुटुंबकम्‌ના આદર્શનો પ્રત્યક્ષ વ્યવહારુ નમૂનો રજૂ કરવાનો પ્રયત્ન ગાંધીજીએ તે દ્વારા કર્યો. એનાથી એક જ દિશામાં પ્રયત્નશીલ સાધકોનો મેળો જાણે કે ઊભો થયો !

પણ આવા આદર્શ ને વ્યવહાર પર ઊભા થયેલા આશ્રમનેય પોતાના પ્રશ્નો ને મુસીબતો હતાં. રોજની નાની મોટી બાબતોનો નિકાલ ત્યાં કરવાનો રહેતો; કેટલીય ગેરસમજો, નાના મોટા મતભેદો અને બાહ્યાંતર બીજી અગવડોને પાર કરીને ધ્યેયને પહોંચવાને તડામાર પ્રયત્ન ચાલુ રહેતો. આની સાથે ખાદી અંગે ચરખાના, વણકરીના પ્રયોગો થયા. અને એ પ્રયોગોમાંથી જ ખાદીનો વિકાસ થયો અને તેની વ્યાપકતા પણ વધી. આશ્રમજીવનના આ પ્રયોગોને પરિણામે જ રેંટિયાને તેની અસાધારણ પ્રતિષ્ઠા મળવા પામી.

ગાંધીજી જ્યાં ગયા ત્યાં આશ્રમ વસ્યો જ છે. ૧૯૩૦-૩૨ ની લડત પછી સેવાગ્રામ ગયા તો ત્યાં પણ આશ્રમ ઊભો થયો. એઓ જંગમ આશ્રમ જેવા હતા એટલે જ્યાં જાય ત્યાં સામુદાયિક પ્રાર્થના ગોઠવાય અને આશ્રમજીવનનું વાતાવરણ ઊભું થઈ રહે.

૧૨

'મંગળપ્રભાત'

જે વ્રતવિચારણા પર આશ્રમની રચના થઈ તેની વિવેચના કરવી હવે જરૂરી છે. જ્યારથી વ્રતની અગત્ય સમજતા થયા ત્યારથી દક્ષિણ આફ્રિકામાં તેમણે વ્રતો પર લખવું શરૂ કર્યું. અસહકારયુગમાં પણ વ્રતોની આવશ્યકતા અને અગત્ય પર છૂટુંછવાયું લખ્યું. ૧૯૩૦ સુધી સત્ય, અહિંસા અને અન્ય વ્રતોના આચાર ને વ્યવહાર પર તેવું લખાણ પ્રસંગોપાત્ત લખાતું રહ્યું. પણ જ્યારે ૧૯૩૦ની લડતમાં એમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા ત્યારે આશ્રમવાસીઓને તેઓ આશ્રમનાં વ્રતો પર દર મંગળવારે એક એક લેખ પત્ર રૂપે મોકલતા રહ્યા. તેમાં તેમની વ્રતવિષયક પરિપક્વ વિચારસરણી રજૂ થઈ.

અસહકારયુગમાં લખેલા વ્રતવિષયક લેખોમાં કોઈ એક સળંગ વિચારસાંકળ જોવા નથી મળતી. વ્રતોનાં નામ પણ કંઈક જુદાં હતાં; જેમ કે અસ્વાદને સ્વાદેંદ્રિયનિગ્રહવ્રત તરીકે ઓળખાવેલું. વ્રતો પાછળના વિચારો મૂળે તો એક રહ્યા પણ તે સમય જતાં પરિપક્વ તો થયા, એમ બન્ને લખાણોની તુલના કરતાં સ્પષ્ટ દેખાઈ આવે છે. વ્રતોની સંખ્યામાં પણ વધારો થયો. મૂળે તો પાતંજલદર્શનનાં સત્યાદિ પાંચ મહાવ્રતો પરથી સૂચન લીધેલું. પરંતુ એ મહાવ્રતોમાં સમયાનુસાર વધારો કરી પોતાની એક સ્વતંત્ર વ્રતવિચારણા ઊભી કરી. આ વ્રતોની પાછળ પોતાનો અને સાથીઓના આચારનો દાવો એમણે કર્યો હતો. તેથી અનેરી આત્મશ્રદ્ધાથી વ્રત વિષેના પોતાના વિચારો રજૂ કર્યા ને તેમાં જોઈતા ઉમેરા કર્યા. એને લીધે જ તેમણે સ્વદેશી વ્રતને આ યુગનું મહાવ્રત ગણાવ્યું.

જેલમાંથી લખેલા વ્રત વિષેના ગાંધીજીના પત્રો આશ્રમની અંદર અને બહાર રહીને આશ્રમી જીવન જીવનારા અનેકોની જિંદગી

ઘડવામાં અને હિંદુસ્તાનના સંસ્કૃતિપ્રવાહમાં નક્કર ફાળો આપનાર થઈ પડ્યા. એ વ્રત વિષેના નિબંધોનો 'મંગળપ્રભાત' નામની પુસ્તિકામાં સંગ્રહ થયો. એ લેખો ભલે દર અઠવાડિયે છૂટક છૂટક લખાયા છે છતાં તેમાં રહેલો સળંગ વિચારતાર સમગ્ર એકમનો ખ્યાલ આપે છે. આ વ્રતવિચારણાનો આધુનિક ને ભાવી ભારતીય લોકજીવનમાં કેટલો મહત્ત્વનો ફાળો છે તેનો સ્પષ્ટ ખ્યાલ શ્રી કાકાસાહેબના શબ્દોમાં જોઈ શકાય છે : "આપણા રાષ્ટ્રીય જીવનમાં જ્યારે ઘોર નિરાશાનું સામ્રાજ્ય ફેલાયું હતું તે સમયે જે વ્રતોએ રાષ્ટ્રીય જીવનમાં આશા, આત્મવિશ્વાસ, સ્ફૂર્તિ અને ધાર્મિકતાનું વાતાવરણ ઉત્પન્ન કર્યું તે વ્રતોએ જ આખરે એક નવી સંસ્કૃતિનું મંગળપ્રભાત શરૂ કર્યું એમ આપણે માનીએ તો તેમાં જરા સરખી પણ અતિશયોક્તિ છે ખરી ?" નિરાશા અને નાસ્તિકતાના અંધારામાં ભટકનારને પણ પ્રકાશ અને આશા આપી શકનાર આ પુસ્તિકા માનવી સંસ્કૃતિમાં પોતાનો ફાળો નોંધાવે છે.

વ્રતવિચારનો વિકાસ ગાંધીજીના જીવનમાં સહજ થવા પામ્યો. જીવનમાં આગ્રહ તો મૂળથી જ હતો અને તેમાં પણ જ્યારે એ આગ્રહ સત્યને વિષે પ્રથમથી જ હતો તેથી સત્યના એ આગ્રહથી વ્રતની અગત્ય તેમને તરત સમજાઈ. તેમાં સેવાના શોખથી જેમ જેમ સેવાક્ષેત્ર વિશાળ થતું ગયું તેમ તેમ આત્મનિયમનની જરૂર ઊભી થતાં વ્રતપાલન વિસ્તાર પામ્યું. પાતંજલદર્શનના વાચનથી એમની વ્રત-વિચારણાને ટેકો મળ્યો હોય એમ ખસૂસ લાગે છે. પણ એ મહાવ્રતોને તેના પ્રાચીન અર્થમાં જ ન લેતાં તેના પર સ્વતંત્ર વિચાર કરીને તેમના અર્થોનો વિકાસ કર્યો અને અર્વાચીન યુગને બંધબેસતી તેમની સમજ આપી. આ પ્રયાસમાં કેટલાંક નવાં વ્રતોનો ઉમેરો કરવો પડ્યો — જેવાં કે અસ્વાદ, અસ્પૃશ્યતાનિવારણ, જાતમહેનત, સ્વદેશી, અભય વગેરે. આ ઉમેરો ઉમેરાને ખાતર નહોતો. ગાંધીજીના પોતાના જીવનમાંથી સહેજે ઊગેલી નવી જીવનપદ્ધતિની રચનામાં નવાં

વ્રતો સહેજે ગોઠવાયાં. આ જીવનપદ્ધતિમાં કેવળ વ્યક્તિના વિકાસનો જ ખ્યાલ નહોતો પણ વ્યક્તિ અને સમાજ બંનેનો એક સાથે વિકાસ થાય એવી ભાવના રહેલી હતી. વળી આ વ્રતવિચારણા કેવળ વાતોમાં જ ન રહે પણ આચારમાં પ્રત્યક્ષ થાય એવો આગ્રહ ગાંધીજીનો પ્રથમથી જ હતો.

આથી 'મંગળપ્રભાત'માંના લખાણમાં કેવળ આશ્રમી જીવન-પદ્ધતિની જ નહીં બલ્કે ગાંધીજીના જીવનદર્શનની સંક્ષેપમાં રજૂઆત છે. અહિંસા, સત્ય અને બીજાં વ્રતોનું માહાત્મ્ય હિંદુ ધર્મમાં ખૂબ ગવાયું છે. છતાં જે રીતે પોતાની અનેરી પદ્ધતિથી ગાંધીજી સત્યાદિ વ્રતોની આદર્શ ને વ્યવહારને જોડનારી વ્યાખ્યા કરે છે, જે રીતે અહિંસાને આચારધર્મ બનાવે છે તેમાં જ તેમની નવીન દૃષ્ટિ રહેલી છે. એ નવીન દૃષ્ટિમાંથી જ એમનું દર્શન જન્મ પામ્યું.

પણ ગાંધીજીના જીવનદર્શનની મહત્તા તેની પાછળ રહેલા વિજ્ઞાન-શુદ્ધ વલણમાં રહેલી છે. વૈજ્ઞાનિકની જેમ તાટસ્થ્યથી જે જે પ્રયોગો આદર્યાં અને તેમાંથી જે રહસ્ય મળ્યું, તેને આચારમાં ઉતારી પ્રયોગો સતત ચાલુ રાખતાં એમનું દર્શન આકાર પામતું ગયું. વૈજ્ઞાનિકની જેમ પોતાની શોધને તેઓ છેવટના સત્ય તરીકે નથી ઓળખાવતા. પણ સાથે પોતાને જે સત્ય જડે છે તેને પૂરા આગ્રહથી વળગી રહીને જ પ્રયોગોમાં આગળ વધતા રહ્યા. આટલા સામ્યને લીધે એમને જીવનક્ષેત્રના વૈજ્ઞાનિક કહેવા જોઈએ. પરંતુ વૈજ્ઞાનિક વલણનો સામાન્ય અર્થ લેતાં ભ્રમ પેદા થવા સંભવ છે. વૈજ્ઞાનિકને તેની શોધ કે જીવન સાથે કશો સ્થાયી સંબંધ નથી. તેનું જીવન ગમે તેવું હોય તેની સાથે તેના શોધનકાર્યને કશો સીધો સંબંધ નથી. જીવનના શોધકને સીધો ને સ્થાયી સંબંધ જીવન સાથે છે. તેથી જે જે સત્ય હાથ લાગે તેનો અમલ કરીને જ જીવનનો વૈજ્ઞાનિક આગળ વધી શકે. આ દૃષ્ટિએ જીવનશોધકનું કામ કપરું છે. ગાંધીજીમાં જીવનશોધનની સહજ વૃત્તિ હતી. તેથી વૈજ્ઞાનિક વલણ ધારણ કરીને તેઓ જીવનનું

પરીક્ષણ નિરીક્ષણ કરવા સમર્થ બન્યા અને તેમાંથી ઘણું નવનીત તારવી શક્યા. એમના વિજ્ઞાનશુદ્ધ વલણનું એક જ ઉદાહરણ એમની શોધનશક્તિના પુરાવા માટે પૂરતું થઈ પડશે. એમણે શ્રદ્ધા અને બુદ્ધિના ક્ષેત્ર વિષે જે નિર્ણય બાંધ્યો તે એમની ઝીણવટભરી ચોકસાઈ નો નમૂનો છે. જ્યાં બુદ્ધિનું કામ અટકે ત્યાં શ્રદ્ધાનું ક્ષેત્ર સારું થાય છે એવું જે તાત્ત્વિક પૃથક્કરણ એમણે કર્યું, તે જેટલું વ્યવહારુ છે તેટલું જ વિજ્ઞાનશુદ્ધ પણ છે જ. વૈજ્ઞાનિકો પણ અગમ્ય લાગતાં સત્યોને પહેલાં શ્રદ્ધાથી માની તેને સિદ્ધ કરવા મથે છે. આવા વૈજ્ઞાનિક વલણની સાથે આચારના આગ્રહે એમના જીવનદર્શનને વેગથી સચોટ ને સ્પષ્ટ આકાર આપવામાં અસાધારણ મદદ કરી. એને લીધે જ તેઓ ધર્મને કર્મપરાયણ અને જીવનપરાયણ બનાવવામાં ઘણે અંશે સફળ થયા. જીવનને સમગ્રપણે જોવાની તાત્ત્વિક દૃષ્ટિ પણ એમને માટે સ્વભાવસિદ્ધ થઈ રહી.

આ વિજ્ઞાનશુદ્ધ દૃષ્ટિ સાથે વ્યક્તિ અને સમાજ બંનેને ઉપયોગી થાય એવા અનેક પ્રયોગોને પરિણામે જે જીવનદર્શન એમને લાધ્યું તેનું સરસ પ્રતિબિંબ ‘મંગળપ્રભાત’ માં પડે છે. ગાંધીજીવનદર્શનનો પરિચય કરવા માટે આ નાનકડી પુસ્તિકા પૂરતી થઈ રહે. વ્રતવિચારણા એનો મુખ્ય વિષય છે. બધાંય વ્રતો પર નજર ફેરવતાં એક સર્વ-સામાન્ય લક્ષણ તરત જ નજરે ચઢે છે અને તે છે એ વ્રતવિચારણાની સૂક્ષ્મતા અને સચોટતા. જેમ ઈશુએ માનવી સદ્‌ગુણોની રૂઢ માન્યતા બદલી તેના અર્થ વિસ્તૃત કરી તેમને મનોમય ભૂમિકા સુધી લઈ ગયા તેમ ગાંધીજીએ હિંદુ ધર્મનાં વ્રતોને વિષે કર્યું. દરેક વ્રત પર ચઢેલા મેલને સાફ કરી તેની મર્યાદા ને વિકૃતિને દૂર કરી સ્વાનુભવથી સૂક્ષ્મતયા તેનું પરીક્ષણ કરી શોધન કરી તેમની રજૂઆત કરી છે. દરેક વ્રતને અલગ લઈને તેનું વિવેચન હવે કરીએ.

સત્ય : — ગાંધીજીનું સત્ય જીવંત (Dynamic) છે, જડ (Static) નથી. સત્ય ગુણ નહીં પણ ક્રિયારૂપ (Function)

છે અને ક્રિયાથી જ વ્યક્ત થાય છે એમ તેઓ સમજતા. સત્ય એ આચારધર્મ છે એમ એમણે જોયું. ક્રિયા કે આચાર વિના ધર્મને તેઓ કલ્પી જ નથી શક્યા. જીવન અને ધર્મને એક બનાવ્યાં અને તેથી જ ધર્મને જીવનના દરેક ક્ષેત્રમાં વ્યાપક અને ઓતપ્રોત બનાવ્યો.

સત્યનો એમને શોખ હતો, તેનો જ રસ હતો. જેનો જેવો રસ તેની તેવી સૂઝ પેદા થાય છે. ગાંધીજીના સત્યના રસે તેમની પાસે સત્યના પ્રયોગો કરાવ્યા અને તેમાંથી સત્યની સૂઝ પણ પેદા થઈ. જીવન સત્યાગ્રહી બની રહ્યું. દૃઢતાને લીધે વિષયને ભેદીને તેમની દૃષ્ટિ સત્ય ગ્રહણ કરવા સમર્થ બની રહી. જ્યાં તાત્ત્વિકો પણ ગૂંચવાયા છે ત્યાં ગાંધીજીની નિર્મળ સત્યદૃષ્ટિ તરત જ કામ દઈ શકી છે. કેવળ લૂખી તત્ત્વચર્ચા ને તત્ત્વચિંતનમાં તેમને રસ ન હતો. તેમને તો સત્યને જીવનમાં સ્થાપવું હતું. તેથી સત્યનો વિચાર તેઓ જીવનની દૃષ્ટિથી જ કરતા અને તેથી તેમની પાસેથી કેવળ તત્ત્વજ્ઞાનની વાતો નથી મળી. છતાં તેઓ જીવનસિદ્ધાંતોનું જરૂર પૂરતું વિવેચન કરવામાં ચૂક્યા નથી. આશ્રમવાસીઓને માટે તેમણે વ્રતો પર જે વિચારણા ચલાવી તેમાં સત્યને જ પ્રથમ લીધું.

૧૯૩૦ની સાલ સુધી ગાંધીજી પરમેશ્વર સત્ય છે એમ કહેતા પણ યરોડામંદિરથી લખેલા સત્ય પરના લેખમાં એમણે પ્રથમ વાર સત્યને જ ઈશ્વર તરીકે ઓળખાવ્યું. ઈશ્વરને સત્ય કહેવામાં એવો ભાવ રહેલો છે કે ઈશ્વર સત્ય છે તેમ બીજું પણ કંઈક છે; ઈશ્વરને સત્યમાં કંઈક ઓછાવત્તાપણું છે. પરંતુ સત્યને જ ઈશ્વર કહેવામાં બંનેને એકરૂપ બનાવી દેવાય છે; એક જ વસ્તુના તે બંને પર્યાય શબ્દો બની રહે છે. આ વિધાનનું સત્ય એકથી વધુ રીતે સિદ્ધ થઈ શકે છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એનું પરીક્ષણ કરી લેવું ઘટે છે.

જગતના લગભગ બધાય તત્ત્વચિંતકો દ્વૈતમત યા અદ્વૈતના નિર્ણય પર આવે છે. દ્વૈતમાં એટલો તો નિશ્ચય સૌ સ્વીકારે છે કે આ વિશ્વ પુરુષ–પ્રકૃતિનું યા ચૈતન્ય–જડત્વનું બનેલું છે. કેટલાક ચૈતન્યમાં જ

અદ્વૈત જોવાના નિર્ણય પર ને કેટલાક જડત્વને જ એક માત્ર સત્ય માનવાના નિર્ણય પર આવે છે. જ્યારે કેટલાક ચૈતન્ય અને જડત્વનો સમન્વય સાધીને અદ્વૈતની પ્રતિષ્ઠા કરવા ચાહે છે. પરંતુ એ સમન્વય વિજ્ઞાનશુદ્ધ તર્કથી ભાગ્યે જ કોઈ કરી શકે છે. તેમને કંઈ ને કંઈ આધાર કલ્પી લેવો જ પડે છે — જેમ કે શંકરાચાર્યને માયાનો. ગાંધીજી અનાયાસે પોતાની સહજ પ્રતિભાથી જીવનશોધન કરતાં આ બે ચૈતન્ય અને જડત્વના અંતિમોનો સમન્વય 'સત્ય' શબ્દ વડે સાધી આપે છે. હિંદુસ્તાનના અદ્વૈતવાદીઓએ આવો સમન્વય 'બ્રહ્મ' શબ્દમાં કર્યો પરંતુ 'બ્રહ્મ' શબ્દ કરતાં સત્ય શબ્દ વધુ યોગ્ય અને સાર્થ છે. તે કેમ તે જોઈએ.

ગાંધીજીએ સત્યને ચૈતન્યરૂપે ઓળખાવતાં આ રીતે તેની ઓળખ આપી છે: "આથી જ ઈશ્વરને આપણે સચ્ચિદાનંદ નામે ઓળખીએ છીએ." (મં. પૃ. ૧.) બીજી જગ્યાએ ઈશ્વરને અને તેના કાયદાને (ભૌતિક જગતનાં સત્યોને)' તેમણે એક કહ્યાં છે: "ઈશ્વર પોતે નિશ્ચયની, વ્રતની સંપૂર્ણ મૂર્તિ છે. એના કાયદામાંથી એક અણુ પણ ફરે તો તે ઈશ્વર મટે." — આમ એમના 'સત્ય' શબ્દમાં સચ્ચિદાનંદ ચૈતન્યનો અને ભૌતિક જગતનાં અચળ સત્યોનો સમાવેશ થાય છે. તેથી ઈશ્વરની ઓળખ બીજા કોઈ શબ્દ કરતાં સત્યથી કરવી વધુ ઉચિત છે કારણ તે પૂર્ણ સાર્થ છે. તેઓ અંતિમ અવસ્થાને દ્વંદ્વાતીત જ માને છે. "ને છેવટની સ્થિતિ જોડીથી — દ્વંદ્વથી — અતીત છે. પરમ સત્ય એકલું ઊભે છે." (મં. પૃ. ૧૮)

સત્યનો આ રાજમાર્ગ એમને માટે બહુ ફળદાયી થઈ પડ્યો છે. એમની પ્રગતિમાત્ર એને જ આભારી છે. "એ સત્યરૂપ પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે; આપણ બધાને સારુ નીવડો." (મં. પૃ. ૪) આ છેલ્લું અડધું વાક્ય ઘણું અર્થવાહી છે. સત્યનો માર્ગ સૌને માટે છે જેમ વિજ્ઞાનની શોધ સૌને એકસરખી ઉપયોગી છે, ફક્ત તેની આવડત જોઈએ.

સત્યાસત્યનો વ્યવહારમાં અનુભવ થાય છે. અસત્ય વડે ઈશ્વરથી દૂર જવાપણું જ હોય છે તેવો સર્વસામાન્ય અનુભવ છે. જ્યારે સત્ય બોલવા ને કરવાથી અને તેનો પાકો નિશ્ચય થવાથી ઈશ્વરની નજીક જવાય છે. સત્યથી થતી આ આધ્યાત્મિક પ્રગતિનો પ્રત્યક્ષ પુરાવો છે. જેમ જેમ સત્યની અનુભૂતિ વધતી જાય છે તેમ તેમ આત્મિક બંધારણનાં સત્યો પ્રત્યક્ષ થતાં જાય છે. એ સત્યો પદાર્થવિજ્ઞાનનાં સત્યો જેવાં જ અચળ ને સનાતન છે. એ સત્યોને અનુસરીને જ જીવનનું બંધારણ ઘડી શકાય. એ સત્યોની અનુભૂતિથી જગતમાં એક ચૈતન્ય જ કામ કરી રહ્યું છે એવી સચોટ શ્રદ્ધા પેદા થાય છે. સત્યોની એક જાણે સીડી કે શ્રેણિ ઉપર મનુષ્ય જીવ ચઢી રહ્યો હોય એમ લાગે છે. એ સત્યશ્રેણિની ટોચે ઈશ્વર (ચૈતન્ય) ઊભો છે. તેથી ઈશ્વરને સત્ય કહેવામાં ઔચિત્ય રહેલું છે.

अहिंसा :— આ સત્યશ્રેણિની ઉપાસના કેમ થાય? તેનું અહિંસા જ એકમાત્ર સાધન છે એમ સત્યની સતત ઉપાસનાથી ગાંધીજીને સૂઝ્યું. સત્યશ્રેણિમાં આંતર વિરોધ નથી, પણ ઉપરનું સત્ય અન્યને પોતામાં સમાવી લે છે. એક સત્યને ભોગે અન્યનું પાલન શક્ય નથી પરંતુ મોટા સત્યના પાલનમાં અન્યનું પાલન આવી જાય. પણ મનુષ્ય-જીવનમાં તો સંઘર્ષ છે જ. તે કેમ ટળે? સંઘર્ષ છે ત્યાં હિંસા છે જ. તેથી સંઘર્ષને ટાળવાને હિંસાનો ઘટાડો ને ત્યાગ જોઈએ. અને એમ કરીને જ સત્યપાલનનો એકતાલ અનુભવી શકાય.

વિશ્વમાં અને મનુષ્ય જીવનમાં અનેક બળો કામ કરી રહ્યાં છે. એ બળો જ્યારે અથડાય ત્યારે સંઘર્ષ ને હિંસા પેદા થાય છે. પણ પ્રકૃતિમાં તો તેનાં બળો વચ્ચે મોટે ભાગે એકતાલ હોય છે. કુદરતી બળોની અથડામણને તેની ભીષણતામાંય ભવ્યતા હોય છે. તેની પાછળ કંઈક ઈશ્વરી હેતુ હોય એમ મનાય, અને તેમાં પ્રાકૃતિક સત્યો તો કામ કરી રહેલાં તો જોઈ શકાય છે જ. પણ માનવી બળોનો સંઘર્ષ દુઃખ પેદા કરનારો ને માનવ જગતને સંતાપ કરનારો જ હોય છે.

એ સંઘર્ષની હિંસા માનવી પ્રગતિની અવરોધક થઈ પડે છે — સત્ય-દર્શનમાં તે આડખીલી થઈ પડે છે. માનવીચેતનાના ક્રમશઃ આવિષ્કારને માટે હિંસા આવરણનું કામ કરે છે. તેથી માનવીપ્રગતિને અર્થેય અહિંસા એ જ એકમાત્ર ઉપાય છે. તેથી સત્યદર્શન માટે સત્યપાલન માટે અને તેનાથી વિશ્વ સાથેની એકતા સાધવા માટે અહિંસા એ જ સાધન છે.

જુદાઈ, દ્વેષ, અને અહંકાર વડે તો માનવ માનવ વચ્ચેનું અંતર વધે છે એ સામાન્ય અનુભવ છે. એના વડે માનવીજીવન બેતાલ અને બેસૂરું બની જાય છે, ક્લેશમય બની રહે છે. સહાયવૃત્તિ અને આપસઆપસના મેળ વડે જ સમાજજીવનમાં સંગીત ને તાલ જન્મે છે, અને સંસાર સુખ અનુભવી શકે છે પ્રેમ વડે જ આ શકય છે. આ પ્રેમ તે જ અહિંસા. અહિંસા પર જ સમાજજીવનનું મંડાણ થાય તો જ સમાજ બધી રીતે સુખી થઈ શકે. અહિંસા વડે જ વ્યક્તિ અને સમાજ બન્નેનું શ્રેય સાધી શકાય તેમ છે. એનાથી જ માનવી અને પ્રકૃતિનાં બળો વચ્ચે તાલ પેદા કરી જીવનસંગીત પેદા થઈ શકે. એ અર્થમાં અહિંસા એટલે માનવી બળોમાં આંતરસંઘર્ષનો અભાવ અને સાથે જ વિશ્વબળો સાથેનો તેમનો સુમેળ.

પણ સત્ય અહિંસાનો આ માર્ગ જેટલો સીધો છે તેટલો જ સાંકડો છે. પ્રતિક્ષણ તેની સાધના કરવાની છે. સત્યના સાધકને નડતી મુસીબતોનો સામનો કરતાં પ્રશ્ન ઊભો થાય કે આવશ્યક દેખાતી હિંસા કરવી કે કેવળ સહન કરી છૂટવું? નાશથી તે આગળ નથી વધતો પણ સહન કરવામાં જ પ્રગતિ કરી શકે છે. કારણ કે જે સત્યને તે શોધે છે, તે અંદર અને બહાર બધેય છે "તેથી જ અહિંસા જિજ્ઞાસુને જડી પણ એ અહિંસા સ્થૂળ નથી. "કોઈને ન મારવું એ તો છે જ. કુવિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યાભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે."

(મં. પૃ. ૬) આવો સૂક્ષ્મ અને છતાં વ્યવહારુ દર ક્ષણે આચરવાનો આ અહિંસાધર્મ છે. એના વિના સત્યનું પાલન અશક્ય છે, માનવતાનો વિકાસ અસંભવિત છે. અહિંસાની આવી વ્યાપક અને સૂક્ષ્મ વ્યાખ્યા આપી સાધકને ચિત્તના અંતસ્તલોને નીરખતો કરી દે છે. સત્યની જેમ અહિંસાની પણ પ્રતિક્ષણ સાવધાનપણે સાધના કરવાની છે. તેથી તેની કિંમત સત્ય જેટલી તેમણે આંકી છે; અને તેને સત્યની હરોળ પર મૂકી દીધી અને સત્ય અહિંસાને સિક્કાની બે બાજુ સાથે સરખાવી. "તેમાં ઊલટી કઈ ને સૂલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ." (મં. પૃ. ૭)

ब्रह्मचर्य : — આ વ્રત વિષેના ગાંધીજીના વિચારો પોતાના અને આશ્રમવાસી સાથીઓના લાંબા અનુભવની ભૂમિકા પર રચાયા છે અને તે આદર્શપ્રધાન હોવા છતાં આજે તો વ્યવહારુ સિદ્ધ થઈ ચૂક્યા છે. સત્યના શોધકને બ્રહ્મચર્ય સહજ સિદ્ધ કરવું રહ્યું; કારણ કે ભોગવિલાસથી સત્ય જડયાનો એકેય દાખલો મળતો નથી. આવી સચોટ દલીલ કરીને બ્રહ્મચર્યનું પાલન મનવચનકર્મ ત્રણેય વડે કરવાનું હોય એમ જણાવીને તેઓ બ્રહ્મચર્યને માનસિક અને આત્મિક ભૂમિકા પર લઈ જાય છે. શરીરમનના વિરોધથી ન ગભરાવાનું કહીને તરત જ તે ટાળવાની સલાહ આપે છે. અહીં ગાંધીજી મનોવિજ્ઞાનના સત્યને આબાદ પકડી શક્યા છે. બધીય વિકૃતિ આંતરિક સંઘર્ષને આભારી છે, એમ તેઓ સહજ જોઈ શક્યા છે. તેથી તેમણે બ્રહ્મચર્ય એટલે સર્વેંદ્રિયસંયમ એવો અર્થ તારવ્યો. "બ્રહ્મચર્યનો મૂળ અર્થ સૌ યાદ કરે; બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની — સત્યની — શોધમાં ચર્યા એટલે તેને લગતો આચાર." (મં. પૃ. ૧૨) ગાંધીજીનું કે સત્યશોધકનું બ્રહ્મ તો સત્ય અને તેની જ તે ઉપાસના કરે છે, તેની સાથે જ એક થાય છે. સત્યની સાથે એક થવાથી તેનો આચાર સત્યમય થવાનો જ અને તેથી સર્વેંદ્રિયનો સંયમ તેને સહજ થઈ પડે. સત્યની આવી તાલાવેલી અને તન્મયતા વિના બ્રહ્મચર્ય અશક્ય છે, વિશ્વવ્યાપી પ્રેમ વિના કે અહિંસા વિના

પણ બ્રહ્મચર્યપાલન અશક્ય છે. તેથી સત્ય અને અહિંસા જેનામાં દૃઢ થયાં નથી તેનામાં બ્રહ્મચર્ય દૃઢભૂમિ ન થઈ શકે. એ તો સત્ય-સાધનામાંથી આપોઆપ પેદા થતો સંયમધર્મ છે, જીવનમાર્ગ છે. સત્યઅહિંસા જેનામાં હોય તેને બ્રહ્મચર્ય સિદ્ધ થવાનું પણ તેના વિના જ બ્રહ્મચર્યની કેવળ સાધના કરે તેને નિષ્ફળતા મળવાની અને એવી નિષ્ફળતાના અનેક દાખલા સમાજમાં નજરે ચઢે છે. વ્રતમાત્રનું મૂળ સત્ય અને અહિંસા છે. એ ન હોય તો બીજાં વ્રતોની કિંમત ઓછી છે — તે સ્વતંત્ર ઊભી શકતાં નથી. તેમનો સ્થાયી લાભ તો સત્યઅહિંસાના તીવ્રસંવેગથી પેદા થતા બધાંય વ્રતોના એક સાથેના પાલનમાં જ છે.

अस्वाद : — બ્રહ્મચર્ય સાથે આ વ્રતને ગાઢો સંબંધ છે. જીભ પર કાબૂ મેળવ્યા સિવાય બીજી બધીય ઇંદ્રિયો પર સંયમ મેળવવો મુશ્કેલ છે. સૌ કોઈને મુશ્કેલી પાડે તેવી રસના છે. એને કાબૂમાં લેવી એ તો મુનિવરોને પણ અઘરું પડ્યું છે. એના સંયમની અગત્ય હિંદુ ધર્મમાં સ્વીકરાયા છતાં એના પર જોઈએ તેટલો ભાર નથી દેવાયો. ગાંધીજીએ આ ખામી સુધારી છે અને પોતાની વ્રતવિચારણામાં તેને યોગ્ય સ્થાન આપ્યું છે. ખોરાક અને સ્વાદજય અંગે સ્વાનુભવથી અનેક પ્રયોગો કરીને ગાંધીજીએ અસ્વાદની આવશ્યકતા સિદ્ધ કરી છે. સ્વાદજય બધી રીતનો હોય. કેવળ જુદા જુદા સ્વાદો જીતવા એટલું જ નહીં પણ ખોરાકનું પ્રમાણ પણ શરીરને ટકાવવા પૂરતું જ હોય. ખોરાકને ઔષધની સાથે સરખાવીને ખોરાકમાં રહેલા સામાન્ય ભોગનો તેમણે છેદ ઉડાડ્યો છે. આ વ્રતનો ઉમેરો ગાંધીજીના પ્રયોગશીલ સ્વભાવમાંથી સહેજે જનમ્યો છે અને તે જેટલો વાજબી છે તેટલો જ ઉપયોગી પણ છે.

अस्तेय अपरिग्रह : — આ વ્રતો સંન્યાસી અને ત્યાગી લોકોને માટે જ હોય એમ મનાતું. સંસારીને તો પરિગ્રહી થવું જ પડે અને અપરિગ્રહી થવું હોય તો તેણે સંસાર છોડવો રહ્યો. પરંતુ ગાંધીજીએ

કરેલી વ્રતવિચારણાની અપૂર્વતા જ એમાં રહેલી છે કે તેમણે વ્રતોને સમાજોપયોગી માન્યાં અને બનાવ્યાં. એ દૃષ્ટિએ અપરિગ્રહનું વ્રત પણ સંસારીને જ શોભે, નહીં કે કેવળ સંન્યાસીને એમ એમણે બતાવ્યું. સમાજમાં રહ્યાં છતાં આ વ્રતોનું પાલન થાય એમાં જ ધર્મનું સાચું રહસ્ય સમાયેલું છે ને ધર્મની કસોટી છે. તેથી આ વ્રતોની સમાજોપયોગી વ્યાખ્યા કરી બતાવી. જે કંઈ બિનજરૂરી છે તે લેવું તે અસ્તેયવ્રતનો ભંગ ગણાય.

अभय : — અભયને વ્રતની કક્ષામાં મૂકવામાં ગાંધીજીએ યોગ્યતા જ વાપરી છે. સત્યના આગ્રહ અંગે એમને જે જે આવશ્યક લાગ્યું અને તેને અંગે જે અનુભવો થયા તેમાંથી જ એમણે વ્રતવિચારણા સળંગરૂપે વિચારી. અભય વિના સત્યની ઉપાસના પ્રથમથી જ અશક્ય બને. પણ અભયની વિચારણા એમની પોતાની અનેરી ઢબે જ કરી છે. તલવાર કે શસ્ત્રથી સજ્જ થવું એ વીરતાની નહીં પણ કાયરતાની નિશાની છે એમ એમણે બેધડક કહી નાખ્યું છે. આ નીડર અભિપ્રાય સાથે અહિંસક બહાદુરીનો આદર્શ એમણે રજૂ કર્યો છે. નિર્ભયતાથી એઓ સત્યને વળગી રહ્યા અને તેમાંથી સત્યની અનુભૂતિ થતાં અહિંસાદિ વ્રતો એમને લાધ્યાં. એમાંથી જ અહિંસક બહાદુરીનો આદર્શ પણ તેઓ જીવનમાં ઉતારી બતાવી શક્યા.

अस्पृश्यतानिवारण : — ગાંધીજીને માટે વ્રત કેવળ અંગત વસ્તુ જ નથી બની રહી; તે સમાજહિતકારી પણ બની છે. સ્વદેશમાં અને પરદેશમાં ખાસ કરીને તેમણે જે રંગદ્વેષનો અનુભવ કર્યો અને તેનાથી એમનું કરુણાપૂર્ણ હૃદય દ્રવી ઊઠ્યું. દેશેદેશમાં એક યા બીજા રૂપે અસ્પૃશ્યતા અને રંગદ્વેષ મોજૂદ છે. તેથી અસ્પૃશ્તાનિવારણ આ યુગનો ધર્મ બની રહે છે. અસ્પૃશ્યતાનિવારણને વ્રતમાં સ્થાન આપીને રંગદ્વેષનો એમણે ઇન્કાર પોકાર્યો છે. કયો સુધરેલો સમજુ મનુષ્ય આ ઇન્કારને નહીં અપનાવે ? વળી એનો બહોળો અર્થ પણ એમણે કર્યો જ છે. માનવમાનવ વચ્ચે ઊંચનીચનો ભાવ પણ દૂર

થવો ઘટે છે. આ વ્રતની આવી વિશાળ વ્યાખ્યા કરીને એમણે તેને અહિંસાની જોડે મૂકી દીધી છે. "આમ અસ્પૃશ્યતાનિવારણ અહિંસાની જોડી બની જાય છે ને વસ્તુત: છે જ." (મં. પૃ. ૩૧)

જાતમહેનત : — કર્મને અને અંગમહેનતને ગાંધીજીએ જીવનમાં ઘણું ઊંચું સ્થાન આપ્યું છે. જાતમહેનત એટલે શારીરિક પ્રાર્થના (Work is Worship) જાતમહેનતને વ્રતમાં સ્થાન આપીને ગાંધીજીએ ધર્મને જીવતો બનાવ્યો છે, અક્રિય મટાડી સક્રિય બનાવ્યો છે. ધર્મ કેવળ વાતમાં નથી, વિચારમાં ને ભાવનામાં જ નથી પણ રોટીને સારુ શ્રમ કરવામાં તે છે એમ માન્યું અને મનાવ્યું. બાઈબલમાં અને ગીતામાંથી આનું તેઓ સમર્થન ટાંકે છે. ધર્મભાવનાના વિકાસને અંગે એમને સત્ય જ્યાંથી મળ્યું ત્યાંથી સ્વીકાર્યું અને તેથી જાતમહેનત જેવી ઉપેક્ષિત વસ્તુને અપનાવી અને બાઈબલ જેવા પરધર્મના પુસ્તકમાંથી ટાંચણ પણ આપે છે. આવા સર્વધર્મ પ્રત્યેના એમના સમભાવમાંથી સર્વધર્મસમભાવના વ્રતની ઉત્પત્તિ છે.

સર્વધર્મસમભાવ : — માનવતાની એકતા માટે, અહિંસાના પાલન અર્થે બધા ધર્મો વચ્ચે ચાલી રહેલી પરસ્પરની ગેરસમજ અને વિરોધ ટાળવાં જ રહ્યાં. તેને માટે દરેક ધર્મ પ્રત્યે સત્યશોધકે સમભાવ કેળવ્યે જ છૂટકો છે. દરેક ધર્મ અધૂરો છે અને પૂર્ણ તો ફક્ત એક સ્વતંત્ર સત્યધર્મ છે જેને કોઈ પણ પૂરી રીતે સમજી શોધી નથી શક્યું. આવી જ સ્થિતિ છે ત્યાં સર્વધર્મસમભાવ એ આવશ્યક વ્રત થઈ પડે છે. એમાંથી બધા ધર્મોની ઉપાસના પદ્ધતિની 'ખીચડી ઉપાસના' કરવી કે નહીં એ એક જુદો સવાલ છે. એવી ઉપાસના-પદ્ધતિ છેવટની વસ્તુ ન પણ હોય, નથી. પરંતુ સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખવો જોઈએ અને તેના વડે દુનિયાની એકતા કે માનવતાની એકતા શક્ય બને તેમ છે એ તો દીવા જેવી સ્પષ્ટ વસ્તુ છે. સત્યશોધકની દૃષ્ટિની નિર્મળતા માટે ય તે ખૂબ જ જરૂરી વ્રત છે એમ ગાંધીજીના દીર્ઘકાલીન અનુભવ પરથી જોઈ શકાય છે.

નમ્રતા :— વ્રત તો તે ગુણની ખિલવણી વિષે હોય જે કેળવ્યો કેળવી શકાય. નમ્રતા કેળવી કેળવાય નહીં. જાણપૂર્વક કેળવતાં નમ્રતા ઊડી જાય ! એ તો સતત સત્યોપાસનામાંથી સહજ પેદા થતું સ્વભાવ-લક્ષણ છે. આ વ્રતની એવડી વ્યાખ્યા કરીને ગાંધીજીએ પોતાની સત્યશોધનની એક લાક્ષણિકતાનો પરિચય કરાવ્યો છે. એક દ્વંદ્વનાં અરસપરસ વિરોધી બે અંગોને એમણે શુદ્ધ કરી એક સાથે આ વ્રતની વિચારણામાં જોડયાં છે. નમ્રતા એટલે અહંભાવની શૂન્યતા. પરંતુ આવા એકલ અર્થથી નમ્રતાને નામે પુરુષાર્થની ઉપેક્ષા થતી જોવામાં આવે છે. તેથી તરત જ એમણે નમ્રતાની બીજી બાજુ બતાવી. " ખરું જોતાં નમ્રતા એટલે તીવ્રતમ પુરુષાર્થ." (મં. પૃ. ૪૩) એક બાજુ માણસ નમ્રતાને નામે વેવલો બને છે અને બીજી બાજુ તેજસ્વિતાના ઓઠા હેઠળ અભિમાન અને ગર્વ પોષે છે. તેથી નમ્રતાની ઉપલી દૃષ્ટિથી વ્યાખ્યા નમ્રતાનો યોગ્ય પરિચય આપે છે. આ દ્વંદ્વ પરત્વે જ નહીં પરંતુ અન્ય બાબતોમાં પણ ગાંધીજી વસ્તુની બે બાજુ એક સાથે તપાસી તે બંનેને શુદ્ધ સ્વરૂપમાં ઓળખી ઓળખાવી તેમનો સમન્વય સાધી બતાવે છે. આદર્શ અને વ્યવહારનો, ધર્મ અને કર્મનો, વિચાર અને આચારનો સમન્વય દ્વંદ્વની પરિશુદ્ધિ વડે કરી શકયા છે. તેની પાછળ તેમનામાં ગીતામાન્ય 'જ્ઞાનયોગ વ્યવસ્થિતિ'નો ગુણ કામ કરી રહેલો હતો. તેના વડે જ જીવનમાં તેઓ એ દ્વંદ્વોનો આબાદ સમન્વય સાધી શકયા. આને લીધે નમ્રતા જે સંતોનો અને સાધુઓનો ગુણ મનાતો તેને બદલે હવે તે સર્વને માટે વ્યવહાર યોગ્ય મનાયો.

સ્વદેશી — આશ્ચર્ય પમાડે એવો ઉમેરો તો સ્વદેશી વ્રતનો છે. સ્વદેશીને સત્યશોધકના વ્રતવિચાર સાથે શો સંબંધ ? સ્વદેશી એટલે દેશનો માલ વાપરવો અને સ્વદેશની ભાવના દૃઢ કરવી એવો સંકુચિત અર્થ નથી. એ તો સ્વદેશીના મૂળ અર્થમાંથી ફલિત થતો અર્થ છે. મૂળ અર્થમાં સ્વદેશી એટલે આત્માના સ્થૂળ સંબંધો માત્રથી મુક્તિ.

દેહ પણ આત્માને સારુ પરદેશી છે. આ અર્થ લેતાં સાધકને સારુ સેવાધર્મ સહજ સાધન થઈ પડે છે. આત્મા માત્ર એક છે તો તેમની વચ્ચે આવતા અંતરાયો માત્ર અડચણ રૂપ છે. તે દૂર કરવાને, મનુષ્યમાત્રની એકતા સાધવાને સેવા એ જ ઉત્તમ સાધન છે. તેથી સ્વદેશીની આ સૂક્ષ્મ વિચારણામાં સ્વદેશ-પરદેશના સ્થૂળ ભેદો અને રાગદ્વેષોને સ્થાન નથી. સ્વદેશની સાચી સેવામાં પરદેશ અને દુનિયા સમાયેલી હોય જ. "એ સાંકડો ધર્મ નથી. એ પ્રેમમાંથી — અહિંસામાંથી — ઉત્પન્ન થયેલો સુંદર ધર્મ છે." (મં. પૃ. ૪૯)

વ્રતની આવશ્યકતા : — જીવનને વ્રતમય કરી મૂકનાર માતાની પવિત્રતા ગાંધીજીમાં ઊતરી. તેની સાથે વ્રતપાલનનો શોખ પણ એમનામાં બાળપણથી જ જાગૃત થયો હતો. માતાએ લેવડાવેલાં વ્રતનું માહાત્મ્ય તે લેતી વખતે તો પૂરું નહીં સમજાયેલું પરંતુ દૃઢતાથી તેને વળગી રહેતા તેના જે અનેક ફાયદા તેમણે અનુભવ્યા તે એમની પ્રગતિને આભારી બન્યા, "હું બચપણથી જ પ્રતિજ્ઞા લેવા ટેવાયેલો હોવાથી પ્રતિજ્ઞા પ્રત્યે મારો પક્ષપાત છે." (ધર્મમંથન પૃ. ૯૮) પણ સાથે સાથે વ્રત લેવા વિષે તેઓ ચેતવણી પણ આપે છે. પોતાના ગજા ઉપરવટ વ્રત લેનાર વ્રતનો લાભ લેવા કરતાં વધુ નુકસાન ભોગવે છે. હોંશેહોંશે વ્રત લઈ બેસનાર ઉતાવળિયા ,ભાવુક સાધકોની નિષ્ફળતાના અનેક દાખલા આજે મળી આવે છે. પરંતુ તે એટલું જ સિદ્ધ કરે છે કે વ્રત કદાપિ ગજા ઉપરવટ ન લેવાય. વ્રતથી લાભ લેનાર પણ ઓછા નથી. પણ તે તો ગુપ્ત જ રહેવાના. પોતાની શક્તિ અનુસાર વ્રત લેવાના ફાયદા વિષે તેઓ લખે છે : "આમ વ્રત સર્વવ્યાપક વસ્તુ જોવામાં આવે છે. તો પછી જ્યારે આપણે પોતાનું જીવન બાંધવાનો પ્રશ્ન ઊઠે, ઈશ્વરદર્શન કરવાનો પ્રશ્ન રહ્યો છે, ત્યાં વ્રત વિના કેમ ચાલી શકે?" (મં. પૃ. ૫૨) સત્યદર્શન — ઈશ્વરદર્શન માટે વ્રત અપરિહાર્ય છે.

૧૩

"આશ્રમવાસી પ્રત્યે"

"મંગળપ્રભાત" જીવન ઘડવાની ચાવી આપે છે ત્યારે "આશ્રમવાસી પ્રત્યે" રોજબરોજના જીવન — વ્યવહારની માર્ગદર્શિકાનું કામ કરે છે. એ પુસ્તિકા પણ ગાંધીજીના યરોડા જેલમાંથી લખેલા પત્રોનો સંગ્રહ છે. એમાં કરેલી આશ્રમજીવનની વિવિધ બાજુઓની સર્વાંગી ચર્ચા આશ્રમવાસીઓને જ નહીં પણ આશ્રમ બહાર આશ્રમજીવન જીવનારાઓને ઉપયોગી છે. આશ્રમી જીવનની દિનચર્યાનું પૂરેપૂરું આ વિવરણ સત્યમય જીવનના દૈનિક કોયડાઓનો સરળ અને સુંદર ઉકેલ આપે છે.

જીવન તરફનું ગાંધીજીનું વલણ વૈજ્ઞાનિક ઢબનું છે. જીવનને બાંધવાનો સમગ્ર ખ્યાલ તેમણે વ્રતવિચારણામાં આપ્યો. તેમાં આદ્યંત સળંગ તર્કશુદ્ધ તત્ત્વચિંતન છે. તેને લાયક દૈનિક જીવન ઘડવાનું કામ કઈ રીતે થાય તેની શાસ્ત્રીય પદ્ધતિ 'આશ્રમવાસી પ્રત્યે'માં બતાવી છે. જીવનનું, જીવનપ્રસંગોનું, રોજની ટેવોનું, હાજતોનું, ક્ષણેક્ષણની ક્રિયાઓનું પૃથક્કરણ કરી તે સર્વેને નવેસરથી ગોઠવી બતાવે છે. એ ગોઠવણીમાં વૈજ્ઞાનિકની ચોકસાઈભરી ઝીણવટ પૂરેપૂરી બતાવી છે. વસ્તુઓનો જરૂરી એટલો જ ઉપયોગ, વસ્તુઓ શકય એટલી રીતે વાપરવાની ચીવટ, વિચારપૂર્વક કામ કરવાનો આગ્રહ, ઇંદ્રિયોની કેળવણી અંગેની કાળજી અને જીવનની દરેક ક્રિયાને શાસ્ત્રશુદ્ધ બનાવવાની નેમ જીવનની એમની શાસ્ત્રપૂત દૃષ્ટિનાં દ્યોતક છે.

પણ શાસ્ત્રીયતા અને તપ ઉપરના એમના પ્રેમને કારણે એવું માની લેવાને જરાય અવકાશ નથી કે જીવનને શુષ્ક બનાવી દેવામાં તેઓ માનતા. ઊલટું, જીવન રસમય બની રહેવું જોઈએ એવો એમનો સદા આગ્રહ રહ્યો છે. એમના પોતાના રોજિંદા જીવનમાં હાસ્યને મળતું યોગ્ય સ્થાન, એમનો સદાય ઊભરાતો ઉત્સાહ, દરેક

નાનામોટાં કામમાં લેવાતો રસ એમની શુદ્ધ રસવૃત્તિ દેખાડે છે. પણ આ રસનો પ્રકાર જુદો છે, તેના વિષયો પણ જુદા છે. "સત્યના પૂજારીના રસને અંત જ ન હોય. સત્યનારાયણની ઝાંખી કરવા સારુ તે કદી પોતાને ઘરડો નથી ગણતો." (આ. પ્ર. પૃ. ૪૫) સત્યશોધકનો રસ અખૂટ હોય. રસ વિના કામ ન થાય, તેમાં મઝા ન પડે. સત્યશોધકને તો અનંત સત્યનો તાગ કાઢવાનો છે, તેની ઝાંખી કરવાની છે. તેથી જ્યાં જ્યાંથી તેને સત્ય મળે ત્યાં ત્યાં તે રસપૂર્વક મથામણ કરવાનો. સત્ય અખૂટ છે તેથી તેનો રસ પણ અખૂટ હોય — સત્યની જેમ તે પણ શાશ્વત છે. ભોગના રસો ઘડપણમાં પરાણે છોડવા પડે; પણ આ રસને વૃદ્ધાવસ્થા કદી આડે આવી શકતી નથી.

આ વિચારણાની ખૂબી એ છે કે તેઓ જીવનને ભાગ પાડચા વિના જુએ છે — સમગ્ર જીવનને સત્યથી ઓતપ્રોત કરવાની દૃષ્ટિથી જુએ છે. ગાંધીજીએ બુદ્ધિપૂર્વકની જીવનવ્યવસ્થા આણવાના પ્રયત્નમાં તેને સમજપૂર્વક લોકભોગ્ય બનાવવાનો આશય રાખ્યો હતો. અને તેથી જ દરેક સૂચનની પાછળ તેની પાછળનો વિચાર હમેશાં આપતા રહ્યા છે. સત્યશોધકનું જીવન રસમય કરવાના ઇલાજો બતાવવામાં એમણે તેમની પાછળની દલીલ આપી છે. સત્યશોધક સવિચાર કાર્ય કરે, કુશળતાપૂર્વક કામ કરે, અને સમાજના કલ્યાણમાં મચ્યો રહે તો રસનો અખૂટ ઝરો એને મળતો જ રહે. આ છે એમના ખ્યાલના રસની ટૂંક મીમાંસા. આ સમજ મુજબ જો સત્યશોધક કાર્યમાત્રને જુએ તો "પરિણામે તેનો રસ વધે છે, તેથી તેને આનંદ થાય છે, થાક લાગતો નથી અને કાર્ય કલામય થાય છે." (આ. પ્ર. પૃ. ૧૪૨)

આ રસનો આધાર શો? એ રસ અને ધર્મનો શો સંબંધ? એમને મન જેમાં ધર્મ નથી તે રસ પણ મિથ્યા છે, ભ્રામક છે, માયાવી છે. રોજનાં કામ ધર્મદૃષ્ટિથી કરવામાં આવે તો જ સાચો રસ પેદા થાય. સત્યશોધકની દૃષ્ટિ તો સદાસર્વદા ધર્મમય હોય. તેથી "તેનો રસ કાર્યની જાતભાત ઉપર નિર્ભર નથી. તેનો રસ અંતર-

માંથી નીકળે છે, કર્તવ્ય-પરાયણતામાંથી નીકળે છે" (આ. પ્ર. પૃ. ૧૪૩) રસ અંતરમાંથી નીકળે છે એવા એમના મતને રસમીમાંસકો પણ ટેકો આપે પરંતુ એમણે કરેલી રસની કર્તવ્ય સાથેના જોડાણની વાત તેઓ કબૂલ ન રાખે. ગાંધીજીનો રસ વિશિષ્ટ પ્રકારનો છે; યા કહો કે તેઓ રસને શુદ્ધતમ બનાવી તેને જીવનવ્યાપી બનાવી દે છે. રસ કેવળ સાહિત્ય અને કલાથી જ ભોગ્ય નથી પણ જીવનના એકેએક કામમાં તે માણી શકાય એમ છે એવી તેઓ સૂઝ આપે છે. રસને કામ કે કર્તવ્ય સાથે જોડીને તેમણે રસમાં ધર્મદષ્ટિનો સહજ સમાવેશ કરી દીધો અને સાથે જ રસની શુદ્ધિ પણ કરી દીધી.

દૈનિક જીવનમાં રસને તેનું યોગ્ય સ્થાન આપીને સત્યશોધકનું કામ પતતું નથી. તેની સાથે એક કોયડો સદા આવીને ઊભો રહે છે કે જીવનનાં સત્યોનું પ્રતિક્ષણ પાલન કઈ રીતે થાય? અહિંસાને આચારમાં કેમ સ્થપાય? ગાંધીજીએ આ મહાવ્રતોના આચરણ સારુ વ્યવહારુ માર્ગ કાઢ્યો જ છે. અંતિમ સત્ય વિષેની કે સત્યના આદર્શ પાલન વિષેની જે કેટલીક સનાતન ગૂંચો છે તેને ઉકેલવાની મથામણમાં પડીને રોજનાં કામોમાં તેમનું શક્ય એટલું પાલન પણ ન કરવું એ ઊંધી બુદ્ધિની નિશાની છે. "આપણી નજર તળે જે રોજ બન્યા કરતું હોય તેને ભૂલી જઈને સત્યની સાધના ન થઈ શકે. એમ ઊંડા પાણીમાં ઊતરવું એ સત્યને ઢાંકવાનો માર્ગ છે. આજ જે કોયડા રોજ આપણી સામે આવી ઊભે છે તેમાં આપણે સત્યનું પાલન કરીએ તો કઠણ અવસરોમાં શું કરવું એની ખબર આપણને એની મેળે પડી જશે." (આ. પ્ર. પૃ. ૧૦૯)

'On Compromise'માં મોરલેએ અને 'સત્યમયજીવન'માં શ્રી. મશરૂવાળાએ જીવનના દરેક ક્ષેત્રમાં સત્યનો વ્યવહાર કેમ થાય તેની ઝીણવટભરી વિવેચના કરી છે. સત્યશોધકને તે જરૂર ઉપયોગી થાય તેમ છે. સત્ય કેટલું મુલાયમ તેમ જ કઠોર છે અને જીવનમાં તેને પ્રત્યક્ષ કરતાં કેટલી સાવધાનતા રાખવાની જરૂર છે તેનો ખ્યાલ આ

પુસ્તકો આપે છે. પરંતુ લાંબી વિવેચના પછી પણ સત્યના સાધકને એક સનાતન પાકું સાધન તો નથી મળી શકતું. શ્રી. કિશોરલાલભાઈ કહે છે તેમ એવું સાધન તો ગાંધીજીએ બતાવ્યું છે તે જ સાચું છે. સત્યનું જેટલું દર્શન થાય તેટલું આચરણ કરતા રહેવાથી જ જીવન સત્યમય બની શકે. આમાં અંતરમાં ક્ષણે ક્ષણે ઊઠતા સત્ય અવાજ પર આધાર રાખવાની વાત છે. એ અવાજને જીવનનાં સત્યોની કસોટી પર ચઢાવી તેની સચ્ચાઈની પરખ કાઢી શકાય. એ અવાજ સાચો ત્યારે જ હોય જ્યારે હૃદયશુદ્ધિ થઈ હોય પણ હૃદયશુદ્ધિ તો સત્યોના શક્ય એટલા પાલનથી જ પેદા થાય. આમ સત્યોના પાલન વડે જ સત્ય વિષેના કૂટ પ્રશ્નોનો ઉકેલ મળી શકે એ ગાંધીજીનું કથન જ ઉકેલનો વ્યવહારુ માર્ગ બતાવે છે.

આ રીતે જીવનને સત્યમય બનાવતાં આચાર માત્ર ધર્માચાર બની રહે છે. એ દૃષ્ટિ રાખીને જ ગાંધીજીએ આ પુસ્તિકામાં સફાઈથી માંડી મૃત્યુ સુધીના બધાએ પ્રશ્નો ચર્ચ્યા છે. ઊઠવાથી માંડી સૂવા સુધીનાં દરેક કામ અંગે વિગતે વિચારો આપ્યા છે. એમાં એકેય વિગત રહી નથી ગઈ. પાયખાનાની સફાઈ વખતે રાખવાની ઝીણી નજરથી માંડી આકાશદર્શનના લાભ વિષેની વાતોના રસનું ધ્યાન કર્યું છે. એ સર્વની અગત્ય પિતાના વાત્સલ્યથી સમજાવી છે એ એની વિશિષ્ટતા છે.

આશ્રમી જીવનમાં પ્રાર્થના અગત્યનું સ્થાન ભોગવે છે. તેની અગત્ય ભોજન કરતાંય વધુ હોય. "પ્રાર્થના જમણ કરતાં કરોડઘણી વધારે ઉપયોગી વસ્તુ છે." આ સાથે જ સુઘડતા, સ્વચ્છતા અને સફાઈની અગત્ય તરફ બિલાડીનાં બચ્ચાંનું ઉદાહરણ આપી સૌનું ધ્યાન કેંદ્રિત કરે છે.

ધર્મભાવનાથી સવિચાર ઝીણવટભેર કામ કરતાં જીવન ગાળવું અને રોજ-બરોજનાં સામાજિક કર્તવ્યો આટોપવાં એ જ ઉત્તમ શિક્ષણ છે એમ એમણે માન્યું અને સાથીઓને મનાવ્યું. આશ્રમમાં ઉદ્યોગનું સ્થાન મોખરે રહ્યું છે. સૂક્ષ્મ વિચાર અને શુભ ભાવના પૂર્વકનો ઉદ્યોગ

એ જ આશ્રમી કેળવણી. ભલે જરૂરી ભાષાજ્ઞાન વગેરે તેમાં સાથે સાથે ઉમેરી લેવાય. આશ્રમી કેળવણીનો આદર્શ છે કર્તવ્ય દ્વારા આત્મિક કેળવણી. બધુંય કામ સવિચાર કરતાં વિચારશક્તિ ખીલે, શુભ ભાવનાથી તે કરતાં ભાવો ને લાગણીઓ શુદ્ધ થાય; અને નિષ્કામ કર્મની આદત પડતાં જીવન સેવામય બને. એ સેવા જ્ઞાનમૂલક હોય, ભક્તિપ્રેરિત હોય, અને એ રીતે આશ્રમી કેળવણી એટલે જીવનની કેળવણી. એ કેળવણી જીવનોપયોગી કામોમાંથી જ ઉપલબ્ધ છે. આ વિચારસરણી મુજબ અનેક વર્ષો કામ કરતાં જ ગાંધીજીને પાછળથી વર્ધા યોજનાનો મુખ્ય સિદ્ધાંત સ્ફુર્યો કે ક્રિયા દ્વારા કેળવણી એ જ વ્યાપક કેળવણીનો પણ ઉપયોગી સિદ્ધાંત છે.

આશ્રમી કેળવણીમાં દરેકના કામ પર તપાસ અર્થે દેખરેખની જરૂર ન રહેવી જોઈએ. આવી દેખરેખની અનાવશ્યકતા એ આશ્રમી કેળવણીનો આદર્શ છે. એનો અર્થ એ નહીં કે વિદ્યાર્થીને સમજ આપવા માટે નિરીક્ષણની જરૂર નથી. દેખરેખ એટલે કે તપાસ કે એકબીજાના કામની ચોકી ત્યાં ન જ હોય. છતાંય પ્રગતિ કેટલી થાય છે તે તો જાણવું જોઈએ, કામનો હિસાબ રાખવો જોઈએ. પણ આ હિસાબ દરેક જણ પોતે જ રાખે. આથી જવાબદારી વધે અને સચ્ચાઈનો ક્યાસ પોતે જ કાઢતાં શીખે. આને માટે દરેકે કામનું સરવૈયું કાઢતાં શીખવું જોઈએ. જેમ વેપારી સરવૈયા વડે જ જાણે કે પોતાના વેપારમાં કેટલો નફો કે તોટો છે તેમ દરેક સાધકે કે વિદ્યાર્થીએ પોતાની આત્મિક અને બાહ્ય પ્રગતિનો ક્યાસ સરવૈયા વડે કાઢવો જોઈએ. " આપણો વેપાર આધ્યાત્મિક ગણાય એટલે આપણે આધ્યાત્મિક સરવૈયું કાઢવું ઘટે છે. દરેક પોતાનું કાઢે ને સમાજ આખી સંસ્થાનું કાઢે. " (આ. પ્ર. પૃ.૬૬)

૧૪
ગીતાજી

મહાવ્રતોને આધારે રોજિંદા જીવનનું ઘડતર કરવાનો પ્રયાસ કરતાં છતાંય સત્યશોધકને વિશ્વના અંતિમ પ્રશ્નોનો ઉકેલ આપતા તત્ત્વજ્ઞાન-

નો આશ્રય તો શોધવો જ પડે છે. જીવનના કૂટ પ્રશ્નોનું નિરાકરણ મળે એવા ઘણાય ગ્રંથો હિંદુ ધર્મમાં છે તો પણ ગીતા જ ગાંધીજીને ગમી. ગીતાનું તત્ત્વજ્ઞાન કાવ્યમય છે અને સાથે જ સર્વને રોચક પણ છે. જીવનના કૂટ પ્રશ્નોના ઉકેલને સારુ તત્ત્વજ્ઞાનનો આશરો લેવો જ પડે છે. ગીતાનું રોચક તત્ત્વજ્ઞાન અનેકોને હૂંફ આપનારું થઈ પડયું છે. ગાંધીજીએ પણ મૂંઝવણના પ્રસંગોમાં ગીતાશરણ શોધ્યું હતું. "હું તો મારી બધી મુશ્કેલીઓમાં ગીતામાતા પાસે દોડી જાઉં છું ને આજ લગી આશ્વાસન મેળવી શકયો છું." (ગી. ભૂ. ૪)

ગીતા ગાંધીજીની માતા કેમ બની? એવું તે એમાં શું છે કે જે ગાંધીજીના મનને સંતોષી શકયું? ગીતા ઉપનિષદોનો સાર છે એટલે કે જ્ઞાનનો સાર છે. તેમાં તત્ત્વજ્ઞાન છે પણ શુષ્ક તત્ત્વજ્ઞાન નથી; તેમાં જીવન બાંધવાનો અમૂલ્ય ઉપદેશ અને ઉપાય પણ છે જ. એકલો ઉપદેશ શુષ્ક લાગે પરંતુ તેની કાવ્યમય રજૂઆત જિજ્ઞાસુને મુગ્ધ કરી તેને આકર્ષે છે. ભિન્ન ભિન્ન મતોનો એમાં સુંદર સમન્વય છે અને તેથી ભિન્ન ભિન્ન રુચિવાળા મનુષ્યોને તે પસંદ પડી જાય છે. જુદાં જુદાં દર્શનો પણ એના મતમાં સમાઈ જાય એવી વિશાળ આર્ષ-દૃષ્ટિથી તે લગભગ બધાંય દૃષ્ટિબિંદુઓને સમાવી લે છે. આ ઉપરાંત જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તથા તેના સંચાલન અને પાલન વગેરે ગૂઢ પ્રશ્નોનું ગીતા પોતાની પદ્ધતિથી નિરાકરણ આપે છે જે હિંદુ માનસને સંતોષદાયક થઈ પડે છે. જ્ઞાન, ભક્તિ અને કર્મનો સુમેળ સાધી બતાવી જીવન જીવવાની ચાવી પણ તે આપે છે. હિંદુ ધર્મનું આ મહામૂલું પુસ્તક-રત્ન ગાંધીજીની આવશ્યકતાઓને પૂરી પાડી શકયું. ગાંધીજીને જોઈતી સર્વ સમન્વયકારી દૃષ્ટિ, યોગોનો સુમેળ, જીવનની ચાવી અને નિષ્કામ કર્મની અગત્ય ગીતામાં મળ્યાં અને તેથી ગીતા એમને મન માતા બની.

ફિલસૂફીના કૂટ પ્રશ્નોનું નિરાકરણ શોધવાની માથાકૂટમાં ગાંધીજી બહુ પડયા નથી. એમને એની બહુ જરૂર પણ નથી પડી. સતત શુદ્ધ

સેવાકાર્ય કરવાની એમની આદતને કારણે 'એક ડગલું બસ થાય'ની પ્રાર્થના અને નિશ્ચય સાથે ભવિષ્યની અને દૂરની પંચાતમાં પડયા વગર અંતરાત્માના અવાજ પ્રમાણે વર્તમાન કાર્ય કરી છૂટવાનું જ હંમેશ એમણે પસંદ કર્યું. અધ્યાત્મના ગૂઢ પ્રશ્નો કેવળ બુદ્ધિથી સમજાય નહીં એમ એમનું માનવું થયું હતું. મનોમંથનના કાળમાં બુદ્ધિથી અંતિમ પ્રશ્નોના જવાબ શોધવા કોશિશ કરેલી પણ તેમાં નિરાશા મળતાં તેની મર્યાદા સમજી ગયેલા. "એ મહાશબ્દ છે બુદ્ધિવાદ. હું કહું? મેં ધરાઈ ધરાઇને એનો સ્વાદ ચાખ્યો છે અને હવે અનુભવે હું નમ્ર બન્યો છું અને બુદ્ધિની ચોક્કસ મર્યાદા સમજતો થયો છું." (ધર્મમંથન પૃ. ૨૫૭)

બુદ્ધિની મર્યાદા સમજતાં શ્રદ્ધાની કિંમત તેઓ સમજ્યા. જ્યાં બુદ્ધિની મર્યાદા આવે ત્યાંથી આગળ શ્રદ્ધા લઈ જાય. તેથી અંતિમ પ્રશ્નો બાબત એમણે ગીતાનો આશરો શ્રદ્ધાપૂર્વક લીધો. શ્રદ્ધાની પુષ્ટિ માટે અનુભવની આવશ્યકતા છે જ. નહીં તો એ શ્રદ્ધા અંધશ્રદ્ધા બની જાય. તેથી તેમણે ગીતાને આચાર ગ્રંથ માન્યો. શ્રદ્ધાપૂર્વક તેના આદેશ અનુસાર જીવન ઘડતાં એમની શ્રદ્ધાને પુષ્ટિ મળી. આવી પુષ્ટિથી સરવાળે તેના પરની શ્રદ્ધા વધુ દૃઢ બની. અને ગીતાના "यो यच्छ्रद्धः स एव सः" સૂત્રવાક્ય મુજબ એમનું જીવન ગીતામય બન્યું. ગીતા પરની એમની શ્રદ્ધા કેટલી અવિચલિત અને ઊંડી હતી તેનો આ રહ્યો એક પુરાવો: "તેમાં (ગીતામાં) સંપૂર્ણ જ્ઞાન છે. તેમાં કહેલા સિદ્ધાંતો અવિચલિત છે. બુદ્ધિનો પણ સંપૂર્ણ પ્રયોગ છે. પણ બુદ્ધિ સંસ્કારી બુદ્ધિ છે. તેમાં અનુભવજ્ઞાન છે." (ધર્મમંથન પૃ. ૩૩૭)

ગીતા પરના એમના દૃઢ વિશ્વાસનો આ રહ્યો બીજો નમૂનો: "ગીતા એ મારે માટે એક શાશ્વત માર્ગદર્શિકા છે. મારા દરેક કૃત્ય માટે ગીતામાંથી હું આધાર શોધું છું અને ન મળે તો તે કાર્ય કરતો અટકું અથવા અનિશ્ચિત રહું." ગીતા પર આવો વિરલ વિશ્વાસ છતાં કેટલીક બાબતોમાં ગીતાના અર્થ એઓ પોતાની રીતે ઘટાવતા હતા. એમની

સ્વભાવજન્ય નમ્રતા એટલી હતી કે, પોતાના નૂતન અર્થના નાવીન્ય અને અપૂર્વતા વિષે ઉદાસીનતા બતાવતા પણ સાથે જ ઉત્સાહ એટલો બધો હતો કે ગીતાના અર્થનો વિસ્તાર બતાવવાની ઉત્કંઠા સહજ બની હતી. જીવન અને અનુભવ એમનાં કસોટી-પથ્થર હતાં. એમાંથી જે પસાર ન થાય તેના પર વિચારણા ચલાવી જે સત્ય સૂઝે અને તે જ્યારે એમની કસોટીએ પાસ થાય ત્યારે શાસ્ત્રનો અર્થ પણ વિસ્તારવા તૈયાર થતા. તેઓ સચોટ રીતે માનતા કે જમાને જમાને શાસ્ત્રના અને કવિના અર્થમાં ઉમેરો થાય છે. જેમ મનુષ્ય જાતનો અનુભવ ભંડાર વધે છે તેમ તેમ શાસ્ત્રોના અને ગીતા જેવા મહાન ગ્રંથોના અર્થમાં પણ વિસ્તાર થાય જ. તેથી એમણે ગીતાના અર્થનો જે વિસ્તાર કર્યો તે એમની ગીતા પરની અપૂર્વ શ્રદ્ધા છતાં. અને તેથી એમના અર્થ-વિસ્તારની અગત્ય પણ એટલી જ મહત્ત્વની છે. એવો અર્થવિસ્તાર એમણે 'અનાસક્તિયોગ'માં કરી બતાવ્યો છે.

'અનાસક્તિયોગ'માં ગીતાના સંવાદની યુદ્ધભૂમિકાને તેમણે રૂપક તરીકે ઓળખાવી છે અને તે વડે ગીતામાંથી અહિંસાનો અર્થ તારવ્યો છે. નથુરામ શર્માએ પોતાની ગીતા પરની ટીકામાં ગીતાને એક ઝીણવટભર્યું રૂપક આલેખી બતાવ્યું છે. પરંતુ ગીતા જેવા પુસ્તકને રૂપક તરીકે લઈને તેમાંથી મનમાન્યા અર્થ કાઢવાની રીતિ દુરાકૃષ્ટ પદ્ધતિનો જ નમૂનો થાય છે. રૂપક ઉત્તમ કાવ્યનું લક્ષણ નથી; અને લંબાણ રૂપક તો ભાષાનો શિથિલ પ્રયોગ કહેવાય. એવી શિથિલતા ગીતામાં નથી. તે એક ઉત્તમ કાવ્ય છે. તેમાંથી અહિંસાનો અર્થ તારવવા પણ તેને રૂપક તરીકે ગણાવવું એ પણ દુરાકૃષ્ટ પદ્ધતિ જ ગણાય.

છતાં અન્ય દલીલોથી ગીતામાંથી અહિંસાનો અર્થ નીકળતો હોય તો જરૂર કાઢી શકાય. ગાંધીજી જે દલીલો આપી ગીતામાં અહિંસા વાંચે છે તે સબળ છે. ગાંધીજીની એ એક ખાસિયત છે કે તેઓ પોતાના જીવનસિદ્ધાંત મુજબ શાસ્ત્રોના અર્થ કાઢે છે. અહિંસા એમનો મોટો જીવનસિદ્ધાંત. એને માટે તેઓ ગીતાના અનેક વચનોમાં

અહિંસાનું પ્રતિપાદન જોવા જ મથે છે. યુદ્ધમાં નિરાશ થતા અર્જુનને પાણી ચઢાવવાને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ભગવાને શા સારુ બતાવ્યાં ? એને યુદ્ધમાં પ્રેરવા ભક્તનાં લક્ષણો ગણી બતાવવાનો શો ઉપયોગ ? જગતને હણ્યા છતાં અનાસક્ત માનવ હિંસા કરતો નથી એવું ગીતાનું કથન કેવળ એક આદર્શ જ રજૂ કરે છે. ભૂમિતિના બિંદુ કે લીટીની વ્યાખ્યા જેવી ગીતાની અનાસક્ત મનુષ્યની વ્યાખ્યા છે. પણ તે પૂર્ણતયા વ્યવહારમાં મૂકવી શક્ય નથી તેથી તેને વ્યવહારુ બનાવવા, તેની વ્યાખ્યાની જેમ બને તેમ નજીક જવા અહિંસા એ જ એક ઉપાય છે.

ગીતામાંથી અહિંસાનો અર્થ કાઢવામાં એમની અપૂર્વતા જ રહેલી છે. અહિંસાનું વર્ષો સુધીનું આચરણ ગીતામાં અહિંસા જોવા તરફ એમને દોરી જાય છે. અને તટસ્થ દૃષ્ટિએ જોતાં પણ એમના આ મતને ટેકો આપ્યા વિના ચાલે તેમ નથી. સ્થિતપ્રજ્ઞનાં, ગુણાતીતનાં અને ભક્તનાં લક્ષણો લગભગ એક સરખાં છે અને તેમાં સર્વવ્યાપી પ્રેમલક્ષણ અગ્રસ્થાને છે. વળી દૈવી સંપદની ગણતરીમાં પણ અહિંસાની ગણતરી છે. સંપૂર્ણ નિષ્કામ પુરુષ હણતો છતો હણતો નથી એ કેવળ ભગવાનને માટે જ સાચું છે કારણ સંપૂર્ણ નિષ્કામ તો તે એક જ છે.

૧૮૮૯માં પ્રથમ વાર તેમણે ગીતા વાંચી ત્યારથી તેના આચરણના સતત પ્રયત્નનો દાવો એમણે કર્યો છે. એમનું સંસ્કૃતનું જ્ઞાન નજીવું હોવા છતાં કેવળ આચારના દાવા ઉપર જ ગીતા પર ટીકા લખવાની એમણે હામ ભીડી. ગીતા પરની અનેક ટીકાઓમાં આ એક વધારો છે પણ તે એક અતિ અગત્યનો અને નવો જ ઉમેરો છે. એને ટીકા ન કહેતાં ટૂંકું પણ ભાષ્ય કહેવું રહ્યું; કારણ કે આચાર્યને યોગ્ય ગીતાનો આચાર કરી બતાવીને એમણે ટીકા લખી છે. તેમણે ગીતામાં અહિંસા વાંચી અને સાથે યજ્ઞ, સર્વારંભત્યાગ વગેરે શબ્દોના અને વિચારોના અર્થ વિકસાવ્યા, ગીતાના અર્થ ઘટાવવાની એમની પદ્ધતિ

નવી છે પણ પૂર્ણ રીતે બુદ્ધિગ્રાહ્ય છે. શંકર, રામાનુજ, વલ્લભાદિ હિંદુ ધર્મના આચાર્યોની માફક અનાયાસે ગીતા પર પોતાનું નવું ભાષ્ય આપનાર ગાંધીજીને એ મહાન આચાર્યોની હરોળમાં બેસાડીએ તો ઔચિત્યનો ભંગ થતો કોઈનેય લાગે ખરો? અહીં પણ ગાંધીજીની એક વિશેષતા તો છે જ. તેમણે ગીતાને વ્યક્તિ અને સમૂહના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન આદર્યો. આવા પ્રયત્નની વિશેષતા અન્ય કોઈમાં નથી. ગીતાના શ્રદ્ધાપૂર્વક આચરણમાંથી જે બળ પેદા થયું તે બળને કારણે ગાંધીજીની ગીતા પરની સમજૂતી એક અનેરી ભાત પાડે છે. ભલે એમના મતને અંતિમ ન ગણીએ તોય એમાં રહેલી અપૂર્વતા અને તેની વ્યવહાર યોગ્યતાની કદર તો કરવી જ રહી.

ગીતામાન્ય જ્ઞાનભક્તિકર્મના સમન્વયની પ્રબળ અસર ગાંધીજીના જીવન પર થઈ. જ્ઞાન અને ભક્તિપૂર્વક નિષ્કામ કર્મયોગ એ જ ગીતામાન્ય યોગ છે. ગાંધીજી પણ આવો સમન્વય એમના જીવનમાં સાધી શક્યા. એમની પ્રાર્થનાની ચીવટ, પ્રાર્થનાથી જ પોતે જીવનમાં પ્રગતિ કરી શક્યા તેનો કરેલો અનેક વાર નિર્દેશ એમની અવ્યભિચારિણી ભક્તિનાં સૂચક છે. શ્વાસેશ્વાસે રામનામ થતું રહે એવા આદર્શને તે ચાહતા. એમનો ‘હે રામ’નો આર્ત પોકાર એમના સાંનિધ્યમાં અડધો કલાક પણ બેસનાર સાંભળી શકતો. જીવનની અંતિમ ઘડીએ પણ રામનામ જ મુખેથી નીકળ્યું તે આ અવિરત ભક્તિને કારણે. એમનું નિષ્કામ સેવાકાર્ય જીવનના અંતપર્યંત ચાલુ જ રહ્યું. દરેક કર્મને તેઓ જ્ઞાનપૂર્વક, વિચારપૂર્વક કરવામાં માનતા. સેવા જ્ઞાનપૂર્વક હોય, રેંટિયો ચલાવવાનું કામ જ્ઞાનપૂર્વક શાસ્ત્રીય રીતે થાય એવો આગ્રહ એમણે સદા રાખ્યો હતો. આ રીતે જ્ઞાન, ભક્તિ અને કર્મ એમના જીવનના મોટા ભાગમાં સતત સળંગપણે જોડાયેલાં જોવા મળે છે. એટલું જ નહીં પણ સૌને એ રીતે જીવન જીવવાનું શીખવતા, તેના યોગને જીવી બતાવી. તેનો પ્રચાર કર્યો અને ફરી પાછી તેની સમાજમાં પ્રતિષ્ઠા કરી.

આ જમાનામાં કર્મયોગનો પ્રથમ આદેશ આપનાર સ્વામી વિવેકાનંદ હતા. વેદાંતને જીવતો બનાવી સમાજજીવનને ઉદ્દામ અને તેજસ્વી બનાવવાની તેમણે હાકલ કરી. તિલક મહારાજે જનતાના જીવનમાં કર્મયોગને જ પ્રથમ સ્થાન છે એવો શાસ્ત્રાર્થ કરી બતાવ્યો અને દેશના સ્વરાજપ્રાપ્તિના તાત્કાલિક પ્રશ્ન અંગે લોકોનું ધ્યાન કેંદ્રિત કર્યું. સ્વામી વિવેકાનંદે આ યુગનો આદેશ આપ્યો. તેમને યુગપુરુષ (Man of Age) અને તિલક મહારાજે દેશનો અણીનો પ્રસંગ સાચવતાં શીખવ્યું તેથી તેમને પ્રસંગપુરુષ (Man of Hour) તરીકે કાકા સાહેબે ઓળખાવ્યા છે. પણ તિલક પછીના ઇતિહાસને તપાસતાં તો ગાંધીજીને યુગપુરુષ અને પ્રસંગપુરુષ બંને કહેવા પડે કારણ કે એમણે બંનેનું કામ વિશાળ પાયા પર કર્યું. ધર્મનું પાલન સમાજમાં રહીને પણ થઈ શકે, તપસ્યામય જીવન સમાજસેવામાં સમાવિષ્ટ છે, તેને સારૂ જંગલમાં ભાગી જવાની જરૂર નથી અને સંસારત્યાગની જરૂર નથી એવું માર્ગદર્શન બાવન લાખ બાવાઓથી ભરપૂર હિંદુ સમાજને પ્રત્યક્ષ ઉદાહરણથી કરાવ્યું. મુમુક્ષુએ સમાજ-ત્યાગ કરવો જ જોઈએ એવા રૂઢ મતને ફટકો લગાવનાર પ્રથમ સ્વામી વિવેકાનંદ. એમણે ઠેરઠેર આશ્રમો સ્થાપી સેવાકાર્ય શરૂ કરેલું. પણ ગાંધીજી એક ડગલું આગળ ગયા. સમાજમાં રહ્યા છતાં આંતરિક ત્યાગવૃત્તિ ખૂબ વધારીને સમાજમાં રહીને સમાજની બદીઓ દૂર કરવાના માર્ગો એમણે શોધ્યા અને અમલમાં મૂકયા ને મુકાવ્યા. આ વડે એમના પ્રવૃત્તિ નિવૃત્તિ વિષેના ખ્યાલો સ્પષ્ટ થઈ રહ્યા. અંદરથી નિષ્કામ ભાવ કેળવીને નિવૃત્તિ સેવવી અને બાહ્યતઃ સ્વભાવજન્ય સેવા કર્મની પ્રવૃત્તિ કરવી એ જ માનવસહજ સાચી પ્રવૃત્તિ નિવૃત્તિ છે.

કર્મફલત્યાગ એમને મતે ગીતાનો કેન્દ્રસ્થ વિચાર છે. તેની આજુબાજુ જ્ઞાનભક્તિ વગેરે ગોઠવાયાં છે. કર્મફલત્યાગનો અર્થ એમ તો નથી જ કે અનાસક્તને ફળ ન મળે. ઊલટું ફળની ચિંતા છોડવાથી કામ સારી રીતે થાય અને તેથી ફળ સારું મળે. યોજનાપૂર્વક કામ કરવાનો

પણ નિષ્કામ કર્મમાં બાધ નથી. ફળને વિષેની આસક્તિ ને ચિંતા છોડવાની જ વાત મુખ્ય છે. કર્મને યજ્ઞ સમજી કરવામાં આવે ત્યાં ફળ વિષે આસક્તિ શા સારુ હોય? ફળની ચિંતા જ માણસને શુદ્ધાશુદ્ધ સાધન તરફ દોરી જાય છે. શુદ્ધ સાધનથી શુદ્ધ ફળ મળવાનું જ એવી શ્રદ્ધા પાકી થતાં આસક્તિ ઘટે. સાધન હાથની વાત છે. ફળની નિષ્પત્તિમાં તો અનેક દૃષ્ટાદૃષ્ટ બળો કામ કરી રહ્યાં હોય છે જે માનવી કાબૂની બહાર હોય છે. તેથી કર્મફળત્યાગનો સિદ્ધાંત સાધનશુદ્ધિનો મહિમા અને તેની વ્યવહારમાં પૂર્ણ આવશ્યકતા શીખવે છે.

સાધનશુદ્ધિની અગત્ય બીજી એક રીતે પણ ગાંધીજીની વિચાર-સરણીથી સિદ્ધ થઈ રહે છે. ગીતાની યજ્ઞભાવના ગાંધીજીએ જીવનમાં ઉતારી. યજ્ઞનો અર્થ વ્યાપક કરી 'સેવા' જેવા સરળ શબ્દથી એની પાછળની ભાવનાને વ્યક્ત કરી. જે કામ કર્યા વગર ખાય, સેવા અર્થે કે સમાજ અર્થે કામ કરતો નથી તેનું જીવન ચોરનું જીવન છે. તેથી સેવા વિનાનું જીવન વ્યર્થ છે. "જીવન સેવાને સારુ છે, ભોગને સારુ નથી" (ગી. બો. પૃ. ૧૮) સેવામાં જ સમાજધર્મ ને વ્યક્તિનો ધર્મ એમણે સમાવ્યો. સેવાથી જ બંને ટકે છે. તેના વડે જ માણસ ઈશ્વર પ્રત્યેનું ઋણ અદા કરી શકે છે. શુદ્ધિ, વૃદ્ધિ, અને સમાજ-સમૃદ્ધિનું ઉત્તમ સાધન તે સેવા જ છે એ સત્યનું દૃષ્ટાંત પૂરું પાડી ગાંધીજીએ ગીતાની અત્યંત વ્યવહારુતા સિદ્ધ કરી. ગીતાના કેવળ પઠનપાઠન અને તેના માહાત્મ્યના વાચનમાં પુણ્ય સમાયેલું છે એ સામાન્ય વહેમને દૂર કરી ગીતાના વિચારોના આચાર વડે જ સાર્વત્રિક પુણ્યની પ્રાપ્તિ થાય એમ બતાવી ગાંધીજીએ હિંદુ સમાજની સાચી સેવા કરી છે.

પણ સેવાને કંઈ હદ નથી. માણસ ધારે તોય કેટલી સેવા કરી શકે? ત્યારે તેની મર્યાદા શી? આનો જવાબ ગાંધીજીએ ગીતામાંથી જ શોધ્યો છે. સેવા સાથે સ્વધર્મ જાણી લેવો જોઈએ અને સેવાકાર્ય કરવામાં સર્વારંભત્યાગ જોઈએ. સ્વધર્મ જોઈને જ કાર્યક્ષેત્ર નક્કી

કરવાનું હોય અને તે યદચ્છાપ્રાપ્ત હોય, સહજપ્રાપ્ત હોય. એને માટે સંકલ્પો કે તરંગો કરવાની જરૂર ન હોય. ગાંધીજીએ આ એનો જીવનમાં ઠીક ઠીક અનુભવ કર્યો અને એમના સળંગ સેવાકાર્યમાં સ્વધર્મ અને સર્વારંભપરિત્યાગ ઠેર ઠેર જોવા મળે છે — જોકે એમણે એકે ક્ષેત્રમાં કામ કરવું બાકી નથી રાખ્યું! છતાં એ બધુંય સ્વધર્મ અનુસાર જ સહજ આવી પડેલ હતું. આ રીતના સેવાકાર્યમાં કળા તો વાપરવાની હોય. "સેવામાં તો સોળે શણગાર પૂરવાના હોય, પોતાની બધી કળા તેમાં ઠાલવવાની હોય." (ગી. બો. પૃ. ૨૮)

હવે રહી ગીતાની અવતાર વિષેની માન્યતા. ગાંધીજીએ અવતારનો વ્યવહારુ અર્થ ઘટાવ્યો છે. દરેકમાં ચેતનાનો અંશ હોવાને લીધે માનવમાત્ર ઈશ્વરનો અવતાર છે. પરંતુ દરેકને અવતાર કહેતા નથી. જે સર્વથી વધુ ધર્મવાન હોય તેને ભવિષ્યની પ્રજા અવતાર ગણે. "અવતાર એટલે શરીરધારી પુરુષ વિશેષ" (અના. પૃ. ૭) અવતાર એટલે મનુષ્યરૂપે ઈશ્વર જન્મે એવો અર્થ ગીતા આપે છે છતાં ગાંધીજી તો અવતારની પોતાની જ વ્યાખ્યા આપે છે. જન્મપુનર્જન્મ પામતો અનેક પુણ્યકર્મના સંચય પછી મનુષ્ય સત્ત્વશુદ્ધિ સાધી પૂર્ણતાને પામે અને તે પોતાની વિભૂતિથી ધર્મનું રક્ષણ કરે ત્યારે અવતાર તરીકે ઓળખાય છે. રામ અને કૃષ્ણ તેમના જમાનાની સર્વશ્રેષ્ઠ વિભૂતિઓ હતી. તેમણે ધર્મસંસ્થાપના કરી. તેથી અવતાર તરીકે ગણાયા. અવતારને આ રીતે સમજવામાં કંઈ દોષ નથી એમ ગાંધીજીની માન્યતા બંધાઈ.

આ માન્યતા બંધાવાની પાછળ એમના પર પડેલા બાળપણના રામાયણશ્રવણના સંસ્કારો કારણભૂત હતા. એમનો રામ એ કેવળ ઐતિહાસિક રાજા રામ નહીં પણ અવતારરૂપ બનેલા આદર્શ ચારિત્ર્યવાળા રામ. હિંદુ ધર્મનાં બે પુસ્તકોએ એમના જીવન પર ઊંડી છાપ પાડી છે - અને તે ગીતા અને તુલસી રામાયણે.

૧૫

તુલસી રામાયણ

નાનપણથી જ તુલસી રામાયણની એમના પર અસર થતી આવી. એણે એમના સ્વભાવગત ભક્તિરસને પોષ્યો અને વધાર્યો. તુલસી રામાયણમાં વહેતો ભક્તિપ્રવાહ અનેકોનો પાવનકારી નીવડ્યો છે, તેમ તેણે ગાંધીજીના ભક્તહૃદયને પણ સ્પર્શ કરી તેમના જીવનને ભક્તિથી તરબોળ કરી મૂક્યું. એનો ભક્તિરસ જીવનને પોષક છે તેથી તો તે ગાંધીજીને માટે વધુ આકર્ષક બની રહ્યો. તેમાં દૈવી ગુણોનાં પ્રતીક સમાં જીવંત પાત્રોની આબેહૂબ રજૂઆત છે. મુખ્ય પાત્ર રામ પોતે જ મર્યાદા પુરુષોત્તમરૂપે કેવા શોભાયમાન છે? એનો સત્ય-પ્રેમ, એકવચન, કર્તવ્યપરાયણતા, અદ્‌ભુત ન્યાયનિષ્ઠા, અને ત્યાગભાવના ગુણપૂજક ગાંધીજીના હૃદયે વસે તેમાં શી નવાઈ? લક્ષ્મણ, ભરત, હનુમાન વગેરે પાત્રો પણ એકેએક કે વધુ ગુણોના જીવંત નમૂનારૂપ છે. સાથે જ આખાય કાવ્યમાં ભક્તિરસ અનુપમ કાવ્યમય શૈલીમાં ગવાયો છે.

રામાયણમાં રાજાપ્રજાપ્રેમનું ચિત્રણ અસાધારણ છે. રાજારામનું ચિત્ર હિંદુ પ્રજાને મન સર્વોત્તમ આદર્શના નમૂનારૂપ છે. રામરાજ્યની કલ્પના ગાંધીજીને ગમી હતી. હિંદુ માનસને આદર્શ રાજ્યની કલ્પના આપવા સારુ રામરાજ્યની ઉપમા જ યથાર્થ થઈ પડે અને તેથી તેમણે અનેક વાર હિંદુસ્તાનના સ્વરાજના ધ્યેયની સરખામણી રામ-રાજ્ય સાથે આપી હતી. આનો અર્થ એમ નથી કે તેઓ રામાયણના શબ્દેશબ્દને માન્ય રાખતા. સ્ત્રી તાડનને અધિકારી છે એવી વાતને કવિના જમાનાની અસર તરીકે ગણાવી છે. કવિના જમાનાની મર્યાદા સમજી લઈને જ કાવ્યનું મહત્ત્વ સમજવાનું હોય.

મૂર્તિમાં ન માનતા છતાં રામનામને જ તેમણે જપ માટે પસંદ કર્યું તેનું એક કારણ તો એ કે નાનપણમાં જ ઘરની ઘરડી દાસી

રંભાએ તે નામ શીખવેલું. સમજ આવતાં રામ શબ્દનો અર્થ વિસ્તાર પામ્યો. 'રામ એટલે સૌના અંતરમાં વસતો અંતર્યામી.' પણ નામજપનો આટલો અર્થ કરીને જ તે બેસી ન રહ્યા. એમણે તો ઈશ્વરને જીવનના પ્રત્યેક અંગમાં જોવા પ્રયત્ન કર્યો. કાર્યમાં પણ ઈશ્વર પ્રગટ થવો જોઈએ. તેથી સેવામય કાર્યમાં એમણે જીવતો જપ આદર્યો. આને પરિણામે સેવાકામોમાં પ્રગટ થતા ઈશ્વરી ગુણોનું જ અનુસંધાન કરી, તેની ભાવના કરી સેવાકાર્યને ઈશ્વરની ઉપાસના તરીકે જ ગણાવી. ઈશ્વર ત્યાં એકતા હોય. તેથી હિંદુમુસ્લિમ એકતાનું કામ કરતાં એમને ઈશ્વરની સેવા જ દેખાઈ; અસ્પૃશ્યતાનિવારણને ઈશ્વરસેવાનું જ સાધન માન્યું ને મનાવ્યું. ઈશ્વર એટલે સમત્વ. અને તેથી રંગદ્વેષની જડ ઉખેડવા એમણે એકે પ્રયત્ન બાકી ન રાખ્યો. આ રીતે પ્રત્યેક સેવાકાર્યમાં ઈશ્વરના ગુણોને ભાવનાપૂર્વક અમલમાં લાવવાનો એમનો પ્રયત્ન સતત રહ્યો — જીવનના અંત સુધી. આ હકીકતને બીજી રીતે કહીએ તો કહેવાય કે તેમણે સહજસમાધ સાધવા ચાહી. જીવનની પ્રત્યેક ક્રિયામાં અંતર્યામીની યાદ હોય. ભાવનાપૂર્વકની એ યાદ એ જ જપ. तज्जपस्तदर्थ भावनम् । (પા. ૧. સૂ. ૨૮)

જે વસ્તુ એમને શાસ્ત્રરૂપે ગીતામાંથી મળી તે જ કાવ્યરૂપે રામાયણમાંથી પ્રાપ્ત થઈ. "ગીતાને હું તેથી જ આધ્યાત્મિક શબ્દકોષ માનું છું. તુલસીદાસે તે વસ્તુ આપણને સુંદર કાવ્યરૂપે શીખવી છે." (વ્યા. ધ. પૃ. ૧૮૮) ગાંધીજીને ઉત્તમ કાવ્ય તથા ભજનોનો શોખ હતો. એમની પ્રાર્થનામાં ભક્તિની પુષ્ટિ માટે ભજનનો કાર્યક્રમ હોય જ. એમની સામૂહિક પ્રાર્થનાને લીધે ગુજરાતમાં અને હિંદમાં સામુદાયિક પ્રાર્થના વ્યાપક બની અને તેમાં સંગીતમય ભજને પણ સારું સ્થાન લીધું. કેટલાંક ભજનો તો એમને અત્યંત પ્રિય થઈ પડ્યાં. ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની જેમ વૈષ્ણવજનનું નરસિંહ મહેતાનું વર્ણન એમને ખૂબ ગમી ગયું. જન્મથી તેઓ વૈષ્ણવધર્મી હતા. સાચા વૈષ્ણવ થવાનો એમનો પ્રયત્ન ઠેઠ સુધી ચાલુ રહ્યો, અને જીવન દરમ્યાન વૈષ્ણવજનનાં

લક્ષણો વ્યવહારમાં ઉતારી બતાવ્યાં. વૈષ્ણવ હિંદુ તો છે જ. હિંદુ ધર્મની અસર એમની રગેરગમાં હતી; અને તેથી પોતાને સનાતની હિંદુ તરીકે ઓળખાવવામાં ગૌરવ લેતા હતા.

૧૬
હિંદુ ધર્મ

"હું હમેશાં જ મને પોતાને સનાતની હિંદુ તરીકે ઓળખાવું છું. . . . 'સનાતન' શબ્દ હું એના સ્વાભાવિક અર્થમાં જ હમેશાં વાપરું છું" (ધ. મં. પૃ. ૧.)

ગાંધીજીની એ એક ખાસિયત રહી કે ધર્મની બાબતમાં તેમણે શબ્દના સ્વાભાવિક અર્થ સ્વીકારીને જૂના શબ્દો વડે પોતાનું કામ ચલાવ્યું. આથી રૂઢ શબ્દોના અર્થમાં આવેલી સંકુચિતતા દૂર કરવાનો એમનો આશય હતો, શબ્દના અર્થનો વિસ્તાર કરવાનો હેતુ પણ હતો જ. પોતાનો અર્થ કે મત ક્રાંતિકારી કે નવો છતાં પોતાના વિચારનાવીન્યનો ખાસ દાવો એમણે કર્યો નથી. તેની સાથે જૂનાને જૂનું છે માટે ચલાવી લેવાનું ક્ષણભર પણ યોગ્ય ન માનીને તેમાંથી સારું એટલું લઈને તેમાં ફેરફાર કરવાનો સદા આગ્રહ સેવ્યો. આવા દ્વિવિધ આગ્રહનું પરિણામ એ આવ્યું કે જૂનાને ઓછામાં ઓછો આવશ્યક આંચકો આપીને બુદ્ધિપુરઃસર નવીનતાને જૂનામાં સમાવિષ્ટ કરવામાં તેઓ ઘણી સફળતા મેળવી શક્યા. "આ રીતે જૂનામાંથી જેટલું જીવતું હતું તે સાચવી તેને નવું રૂપ આપ્યું અને ધર્મને જીવતો કર્યો." (સ. ઇ. પૃ. ૧૪) હિંદુ ધર્મની બાબતમાં આમ જ થયું. અહિંસાનો સાર્વત્રિક વ્યવહાર કરનાર એમ જ કરે.

સનાતની એટલે વેદાદિ ગ્રંથો તથા ચાલી આવતી પ્રણાલિકા અનુસાર ચાલનાર હિંદુ. પણ 'સનાતન' એટલે 'સદાનો' એવો સાદો જ અર્થ ગાંધીજી કરે છે. પ્રણાલિકા તો વિકૃતિભરી પણ હોય અને હિંદુ ધર્મ અને સમાજમાં તો ભારે સડો પેસી ગયો છે. "આજનો હિંદુ સમાજ

ધર્મહીન, તેજહીન, અર્થહીન અને પરાધીન છે એ વિષે મેં બીજો મત સાંભળ્યો નથી." (સ. ઇ. પૃ. ૬૬) હિંદુ ધર્મની પડતીને લીધે હિંદુ સમાજની આ અવસ્થા થઈ. વિકૃત થયેલી ધર્મભાવનાને ગાંધીજી કેમ જ સ્વીકારે? તેથી તેનાં શાશ્વત મૂળ તત્ત્વોનો સ્વીકાર કરીને પોતાને સનાતની તરીકે ઓળખાવ્યા. વેદ, ઉપનિષદ કે પુરાણો વગેરે જે હિંદુ ધર્મગ્રંથો તરીકે ઓળખાય છે તેને તથા અવતાર અને પુનર્જન્મના સિદ્ધાંતોને સ્વીકાર્યાં. ગોરક્ષાને તેના વિશાળ અર્થમાં માની. મૂર્તિપૂજા વિષે અનાસ્થા નહોતી.

શાસ્ત્રવચનનાં સત્યોને સ્વીકારવા જેટલી ઊંડી શ્રદ્ધા તેમનામાં હતી તેની સાથે જ બુદ્ધિવિરોધી શાસ્ત્રવચનનો વિરોધ કરવા જેટલો બુદ્ધિપ્રામાણ્યવાદ પણ તેમનામાં હતો. શ્રદ્ધાની કિંમત કરતાં બુદ્ધિનો ઉપયોગ પણ કરી શકતા હતા. બુદ્ધિનું ક્ષેત્ર પૂરું થાય ત્યાંથી શ્રદ્ધાનું શરૂ થાય છે. "જે વસ્તુની પ્રત્યક્ષ સાબિતી આપી શકાય એમ હોય તેને શ્રદ્ધાથી માની લેવાની સાફ ના પાડવી." (ધ. મં. પૃ. ૨૫૩) આ કસોટી વડે ઋષિમુનિઓએ આપેલા હિંદુ ધર્મના સનાતન સિદ્ધાંતોનો સ્વીકાર કરીને અને પાછળથી પેઠેલી બુદ્ધિવિરોધી વિકૃતિઓનો ત્યાગ કરીને એમણે હિંદુ ધર્મની સાફસૂફી શરૂ કરી.

શાસ્ત્ર સમજવાની અને અપનાવવાની બીજી એક કસોટી પણ એમની પાસે હતી. સત્ય અને અહિંસાના કસોટીપથ્થર પર કસ કાઢી જોઈને જ સ્વીકાર્ય અને ત્યાજ્યનો નિર્ણય કરતા. "શાસ્ત્ર વાંચવાની — સમજવાની — ચાવી મને હાથ લાગી છે. જે શાસ્ત્રવચન સત્યનું, અહિંસાનું, બ્રહ્મચર્યનું વિરોધી હોય તે ગમે ત્યાંથી મળ્યું હોય છતાં તે અપ્રમાણ છે. શાસ્ત્ર બુદ્ધિથી પર નથી." (ધ. મં. પૃ. ૧૭)

વર્ણાશ્રમ વિષેના વિચારોમાં અને અહિંસક સમાજરચના વિષેના એમના ખ્યાલોમાં સમાજશાસ્ત્ર વિષયક એમની માન્યતા સ્પષ્ટ થઈ રહે છે. કોઈ પણ શાસ્ત્રને જીવન અને ધર્મથી અલગ પાડીને જોવાનું

એમને પસંદ નથી પડ્યું અને તેથી સમાજશાસ્ત્રવિષયક એમના વિચારો પણ ધર્મદૃષ્ટિથી જ ઘડાયા. વ્યક્તિ અને સમાજના હિતમાં જરાય સંઘર્ષને સ્થાન નથી પણ ઊલટું એકનો વિકાસ ને પ્રગતિ અન્યને પોષક હોય જ એમ એમના અહિંસક માનસને સૂઝ્યું. સનાતન ધર્મના સદાના સિદ્ધાંત જેવા વર્ણાશ્રમમાં તેમને સમાજની ધાર્મિક અને સાથે જ શાસ્ત્રીય વ્યવસ્થા દેખાઈ અને તેથી તેને અપનાવી.

વર્ણાશ્રમને અપનાવવા છતાં તેનો અર્થ તો પોતાની રીતે કરે છે. તેના મૂળ અર્થમાં જરાય વિકૃતિ લાવ્યા વિના તેનો વિકાસ કરે છે. "હું વર્ણાશ્રમને મને લાગે છે કે એના મૂળ વૈદિક અર્થમાં માનું છું; એના આજના લૌકિક અને અનઘડ અર્થમાં નહીં." (ધ. મં. પૃ. ૨) સમાજવ્યસ્થા અંગે, તેના સંરક્ષણને સારુ, ધંધાની વ્યવસ્થિતિના હિતમાં વંશ પ્રમાણે ગુણ ઊતરી આવે એ વંશવારસાના કુદરતી કાયદાને માન આપીને વર્ણવ્યવસ્થા કરવામાં હિંદુ શાસ્ત્રકારોએ ઘણી વ્યવહારુ બુદ્ધિનો ઉપયોગ કર્યો છે. પણ આ વર્ણવ્યવસ્થા એક દેવદત્ત રૂઢિ નથી. પણ દેશકાળ અનુસાર અનુકૂળ કરી લેવાનો સમાજ શાસ્ત્રનો એક નિયમ છે. વર્ણ ચારને બદલે બે હોઈ શકે ને ચારથી વધારે પણ હોઈ શકે." (ધ. મં. પૃ. ૩૩) આમ વર્ણધર્મને મુલાયમ બનાવીને ગાંધીજીએ નિયમને જડ બનતો અટકાવી તેને જીવંત બનાવ્યો. "પણ મારી વ્યાખ્યાના વર્ણધર્મને હું સર્વવ્યાપક સિદ્ધાંત માનું છું. તેના પાલન પર જનસમાજની હસ્તીનો આધાર છે." વર્ણધર્મ એમને મન સમાજશાસ્ત્રનો એક સુંદર સિદ્ધાંત બની રહે છે અને એને અપનાવીને તેના અર્થને વિશાળ અને વ્યાપક કરીને ગાંધીજીએ હિંદુ ધર્મ અને સમાજને સાચી દિશા બતાવી છે.

વર્ણધર્મમાં ઊંચનીચના ભેદને સ્થાન નહોતું, તેમાં ધર્મ અને અર્થનો સંગ્રહ રહેલો હતો અને વર્ણોમાં સમાનતા હતી એમ એમની કલ્પના હતી. વર્ણધર્મની જેમ આશ્રમધર્મને પણ ગાંધીજી હિંદુ ધર્મની મહામૂલી ભેટ માનતા. વર્ણ સમાજના થરોની વ્યવસ્થા કરે છે તો

આશ્રમ માનવ જીવનની વ્યવસ્થા કરે છે. વર્ણાશ્રમની સાથે જ ગોરક્ષા જોડાયેલી છે. ગોરક્ષા એટલે પ્રાણીમાત્રની રક્ષા. એ અર્થમાં તે એક માનવી સમાજની વ્યવસ્થાનો જ નહીં પણ પ્રાણીસમાજની વ્યવસ્થા અને પાલનનો ધર્મ બને છે. વર્ણાશ્રમ અને ગોરક્ષાની વિચારણાથી જ હિંદુ ધર્મ અન્ય ધર્મોથી જુદો પડે છે ને તેમાં જ તેની વિશિષ્ટતા રહેલી છે.

આ સાથે હિંદુ ધર્મમાં રહેલા કર્મના સિદ્ધાંતને પણ તેમણે અપનાવ્યો છે. આ જગતમાં અકસ્માત જેવી કોઈ વસ્તુ જ નથી; જે બને છે તે કાયદાને આધીન છે. કર્મના કાયદાનો અર્થ હિંદુ ધર્મમાં પાછળથી સંકુચિત થઈ નસીબવાદના અર્થમાં ખપ્યો. પણ કાર્યકારણનો સિદ્ધાંત એ એક અવિચલ સિદ્ધાંત છે ને તે ક્ષણે ક્ષણે માણસના અનુભવમાં આવે છે, એના ઉપર તો વિજ્ઞાનની શોધો શકય બની છે. પણ ધર્મમાં તેનો અનર્થ થવાથી તેમાંથી નિરાશા જન્મી. પણ સાચી રીતે તો તે આશા જ શીખવે છે, પુરુષાર્થ શીખવે છે. ગાંધીજીએ તેમાંથી પુરુષાર્થ ને આશાનો જ અર્થ કાઢ્યો. આ સિદ્ધાંતમાંથી જ પુનર્જન્મની માન્યતા થવા પામી હતી અને ગાંધીજીએ તેને અપનાવી લીધી છે. એના તથ્યાતથ્ય વિષે દલીલને બહુ સ્થાન નથી. એ એક શ્રદ્ધાનો વિષય છે તેથી ગાંધીજીએ પણ દલીલમાં પડ્યા વગર તેને અપનાવી છે. એમ સ્પષ્ટ કહી શકાય ખરું કે પુનર્જન્મની માન્યતા એ કાર્યકારણના સિદ્ધાંતના તર્કશુદ્ધ પરિણામરૂપ છે અને તેમાં રાખેલી શ્રદ્ધા ધર્મને પોષક નીવડે છે.

મૂર્તિપૂજાનો એક સાધન તરીકે ઉપયોગ કરવામાં ગાંધીજીએ કશો બાધ નથી જોયો. મૂર્તિપૂજા એટલે આકૃતિની પૂજા એવો અર્થ લઈએ તો માણસ એક યા બીજી રીતે મૂર્તિપૂજક રહે જ છે. ગુણની પૂજા કરનારો પણ મૂર્તિપૂજક જ છે કારણ કે ગુણ પણ આકાર છે એમ તેં માનતા. સાધ્ય તો આત્માની એકતા છે. તેમાં જે બાધક થાય તે ત્યાજ્ય છે. મૂર્તિપૂજામાં વર્ણાવર્ણનો ભેદ ન હોય. એ પેદા થાય ત્યાં

ધર્મ નથી રહેતો. તેથી તો જગન્નાથના મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોવાથી એક વાર ખુલ્લેખુલ્લા એમણે જાહેર કરેલું કે એમાં રહેલો જગતનો નાથ (જગન્નાથ) મારો નાથ નથી. અસ્પૃશ્યતાને તેમણે હિંદુ ધર્મના સડા તરીકે જ માની અને મનાવી. તેને હિંદુ ધર્મમાં સ્થાન કદાપિ ન હોય.

જેવી શોધો પશ્ચિમે ભૌતિક જગતમાં કરી છે તેવી જ અદ્ભુત શોધો હિંદુ ધર્મે આત્માના વિષે કરી છે. હિંદુ ધર્મની એ એક વિશિષ્ટતા છે કે તેણે ભૌતિક જગતની ઉપેક્ષા કર્યા વગર આધ્યાત્મિક અને વ્યાવહારિક માર્ગનો સુંદર સમન્વય સાધ્યો છે. એવો સમન્વય તેના ધર્મસિદ્ધાંતોમાં પ્રતિબિંબિત થાય છે. આ કારણે ઉપર ગણાવ્યા તે સિદ્ધાંતોની કિંમત ગાંધીજીને મન ઘણી હતી. કેવળ ભૌતિક કરતાં આત્મિક પ્રગતિ એમને વહાલી હતી. આત્મા વિષેની હિંદુ ધર્મની શોધો એમને પ્રાણપ્રિય હતી. એ શોધો હિંદુ ધર્મની પૂંજી છે. તેને વધારીને જ તેની કદર કરી શકાય. ધર્મ તો આચરવાની વસ્તુ છે તેથી તેના સિદ્ધાંતોનો અમલ કરીને જ તેની આગળની શોધ જારી રખાય. આચારને માટે પિંડ તપાસવું ઘટે. નાનકડો આદમી જગતને બાથ ન ભીડી શકે. પણ પોતાની જાતને માણસ ધારે તો ઓળખી શકે. વિશ્વ તો અનંત છે. તેને અણુ જેવો માનવી કેમ કરી ઓળખી શકે? "આટલી બધી જંજાળ હોવાથી આપણને ઋષિઓએ એક મોટી વાત શીખવી 'યથા પિંડે તથા બ્રહ્માંડે.'" (ધર્મમંથન) બ્રહ્માંડનું પૃથક્કરણ અશક્ય છે, પણ પોતાનું શક્ય છે.

પિંડના પૃથક્કરણ અને આંતરઅવલોકન વડે જ ગાંધીજીએ પોતાનો માર્ગ કાઢ્યો. જીવનમાંથી એમને જે કંઈ જડ્યું અને માનવસમાજને જે કંઈ મહામૂલી ભેટો આપી તેનું મૂળ આ આત્મ-નિરીક્ષણમાં જ છે. પિંડને શોધતાં બ્રહ્માંડનાં તત્ત્વોનું જ્ઞાન થયું; સત્ય એ જ અંદર અને બહાર, વ્યક્તિમાં ને સમાજમાં સર્વત્ર એકમાત્ર સંચાલક બળ છે એમ એમને સચોટ પ્રતીતિ થઈ રહી. એવી શ્રદ્ધા

એટલી હદ સુધી પહોંચી કે સત્ય સિવાય બીજી કોઈ વસ્તુની હયાતી જ એમને ન લાગી. સત્ય એ જ તપ, એ જ યજ્ઞ. "ત્રાજવાના એક પલ્લામાં સત્યને મૂકો, ને બીજામાં યજ્ઞાદિ મૂકો. સત્યવાળું પલ્લું સૌ યજ્ઞો — રાજસૂય અને અશ્વમેધ સુધ્ધાં — વાળા પલ્લા કરતાં નીચું નમશે. અને મહાભારતને જો પાંચમા વેદ તરીકે સ્વીકારીએ તો હું સનાતની હિંદુ હોવાનો દાવો કરી શકું. કારણ કે મારા જીવનની પ્રત્યેક ક્ષણે, હું કોઈ પણ જાતની બીજી ગણના કર્યા સિવાય સત્યનું પાલન કરવા મથી રહ્યો છું." (ધ. મં. પૃ. ૫૪)

સત્ય પરની આવી અચળ શ્રદ્ધા તો જીવનમાં ક્રમશઃ પણ ઝડપથી વિકાસ પામી. પણ જ્યારે તેનો આશરો નહોતો મળ્યો અને જુવાનીમાં થોડો કાળ નાસ્તિકતાનો આવી ગયો ત્યારે તેમાંથી ઉગારનાર તો હિંદુ ધર્મ જ હતો. હૃદયગ્રંથિનો ઉકેલ આપનાર હિંદુ ધર્મ પ્રત્યે તેઓ બે રીતે ઋણસ્વીકાર કરે છે — પોતે એક હિંદુ છે તે રીતે અને પોતાની વહારે ધાયો તેથી. "હિંદુ-ધર્મ જો મને ઉગારવા ન ધાયો હોત તો મારે માટે આપઘાત એ એક જ રસ્તો હતો. હું હિંદુ રહ્યો છું, કારણ હિંદુ ધર્મ એક એવી વસ્તુ છે જે પોતાની સુવાસ સર્વત્ર ફેલાવીને દુનિયાને મનુષ્યને વસવા યોગ્ય બનાવે છે." (ધ. મં. પૃ. ૧૨) હિંદુ ધર્મની વ્યાપકતાનો આમાં સ્પષ્ટ સ્વીકાર છે. વિશ્વધર્મ કે માનવધર્મને લેવા યોગ્ય ઘણાં તત્ત્વો હિંદુ ધર્મમાં છે. થિયોસૉફી જેવી વિશ્વવ્યાપક સંસ્થાને પણ તેના વિશાળ ધર્મસિદ્ધાંતો હિંદુ ધર્મમાંથી મળ્યા છે.

આવા સિદ્ધાંતોમાં સારી પેઠે પ્રતિષ્ઠા પામેલો એક તે ગુરુવાદ. હિંદુ ધર્મમાં તેનું ખૂબ માહાત્મ્ય ગવાયું છે. ગાંધીજીએ તેની અગત્યનો ઇન્કાર કર્યો નથી છતાં પોતાને વ્યક્તિગત રીતે ગુરુ કરવાની જરૂર નથી પડી. ગુરુની એમની વ્યાખ્યા જ એવી કપરી હતી કે તે મુજબનો ગુરુ દુર્લભ હતો. ગુરુને પરબ્રહ્મ સાથે સરખાવતા સંસ્કૃત શ્લોકનું સવારમાં રોજ પારાયણ કરનાર ગાંધીજી ગુરુનું મહત્ત્વ ઓછું તો ન જ આંકે

પણ સાથે એવો ગુરુ મળવો લગભગ અશક્ય હોવાને લીધે ઈશ્વરને કે આત્માને જ ગુરુ માનીને સંતોષ માની કામ કાઢ્યું. આત્મા જ આત્માનો ઉદ્ધાર કરે છે એવા ગીતાના ઉપદેશ અનુસાર આત્માને જ ગુરુ બનાવવો અવ્યવહારુ તો નથી જ. એમ કરવું મુશ્કેલ છે. પણ ગાંધીજી માટે તે જ સહેલું હતું. અંતર્યામીના પોકારને અનુસરવું એમાં જ સાચી પ્રગતિ રહેલી છે એમ તેઓ માનતા ને કરતા તેથી અંદરનો અવાજ સાંભળી શકતા અને તેને અનુસરવામાં જ કૃતકૃત્યતા અનુભવતા.

ગુરુનો અવેજ અંતરના અવાજને અનુસરવામાં માન્યો અને જનસમાજને સારુ પણ તેમ કરવાનું ઉદ્બોધન કર્યું. પૂર્ણ ગુરુ દુર્લભ હોય ને છે પણ અંદરનો અવાજ તો દરેકને તેની કક્ષા પ્રમાણે સંભળાય જ છે. એને અનુસરતાં પ્રગતિ થાય જ થાય. અને તેથી ગાંધીજીએ પોતે કોઈના ગુરુ થવાનું પસંદ નથી કર્યું. નાના મોટા વચ્ચે વિચારની આપલે થાય પણ જે અર્થમાં ગુરુને શરણે જઈ તેના એકેએક શબ્દને આચરવાનો ઉપદેશ હિંદુ ધર્મમાં છે તેમ તો કેવળ પૂર્ણ પુરુષને વિષે જ હોય. એ ન મળતાં કેવળ સતત શુભ તરફ લઈ જતા અંતરના અવાજને જ અનુસરવું ઉચિત છે. "મેં કોઈને ધર્મગુરુનું પદ આપ્યું નથી. મને પોતાને હું તે પદને સારુ લાયક ગણુતો નથી." (મ. ગાં. ૫. પૃ. ૫૬)

પણ અંતરને અનુસરવા માટે અંતરની શુદ્ધિ વધુ આવશ્યક છે. એટલે તો ગાંધીજીએ સિદ્ધિ કરતાં શુદ્ધિ પર હમેશાં ભાર મૂક્યો છે. શુદ્ધિની પાછળ સિદ્ધિ તો ઘસડાતી આવે છે. આ માન્યતા મુજબ એમણે શુદ્ધિવૃદ્ધિ અર્થે પ્રયાસ કર્યો અને એમનો આંતરઅનુભવ પણ ખૂબ સમૃદ્ધ થયો. એને પ્રતાપે અગમનો અનુભવ એકથી વધુ વાર થયો. અંતરનો અવાજ તો અનેક વાર એમને સંભળાયો હતો. એમનું એકેએક કામ અંતરના આદેશ પ્રમાણે થતું. પરંતુ વિશેષ નોંધપાત્ર હકીકત તો એ છે કે તેમને આકાશવાણી પણ સંભળાઈ હતી.

હરિજન ઉપવાસ વખતના પ્રસંગે આવી આકાશવાણી સંભળાયેલી. આ રહ્યું. એ અસાધારણ અનુભવનું વર્ણન, "મને જે રાત્રીએ પ્રેરણા થઈ હતી તે આ હતી: જે રાત્રીએ પ્રેરણા થઈ તે રાત્રીએ ભારે હૃદયમંથન ચાલેલું. ચિત્ત વ્યાકુળ હતું. માર્ગ સૂઝતો ન હતો. જવાબદારીનો બોજો કચરી નાખતો હતો. તેવામાં એકાએક મેં અવાજ સાંભળ્યો. એ બહુ દૂરથી આવતો જણાયો છતાં સાવ નજીકનો હતો એમ મેં જોયું. એ અનુભવ અસાધારણ હતો. જેમ કોઈ મનુષ્ય આપણને કહેતું હોય એમ આ અવાજ પણ હતો. મને કમને પણ એ સાંભળ્યા વિના ન જ ચાલે એમ હું વિવશ થઈ ગયો હતો. એ વખતે મારી સ્વપ્નાવસ્થા ન હતી. હું સાવ જાગૃત હતો." (ધ. મં. પૃ. ૧૮૯) ગાંધીજીએ આ અવાજને પ્રેરણા તરીકે ગણાવ્યો છે પરંતુ તેના વર્ણન ઉપરથી તેને પુરાણ મહાભારતમાં વર્ણવેલી આકાશવાણી સાથે સરખાવી શકાય.

એમને આવા રહસ્યમય (Mystic) અનુભવો ઘણી વાર થયા છે. આવા અનુભવોને કારણે તથા સદાસર્વદા અંતરના અવાજ અનુસાર કામ કરવાના દાવાને લીધે એમને તેટલે અંશે રહસ્યવાદી કહેવામાં યોગ્યતા જ રહેલી છે. કોઈ કૂટ પ્રશ્નની મથામણ કરતાં પણ સૂઝ ન પડે ત્યારે અંધારામાં હોવાનો અને પછી એકાએક પ્રકાશ મળ્યાના અનુભવો એમને અનેક વાર થયા છે. એમની આવી અગમની વાતો બુદ્ધિવાદી સમજી શકતા નથી. ગાંધીજીને મન તો એ જ સાચામાં સાચી વસ્તુ હતી. "સાચામાં સાચી વસ્તુઓ પણ સાપેક્ષ અથવા બીજાઓના પ્રમાણમાં જ સાચી હોય છે. સંપૂર્ણ અને શુદ્ધ સત્ય તો કેવળ ઈશ્વરને વિષે જ હોઈ શકે. મારે સારુ, મેં જે અવાજ સાંભળ્યો તે મારી પોતાની હસ્તીના કરતાં પણ મને વધારે સાચો લાગ્યો છે. આવા અવાજો મેં પૂર્વે સાંભળ્યા છે." (ધ. મં. પૃ. ૧૯૦)

પ્રાર્થના અને ઈશ્વરશરણ વડે ભક્તિયોગ, જ્ઞાન અને બુદ્ધિપૂર્વક જીવનની વ્યવસ્થિતિ કરતાં જ્ઞાનયોગ, અવિરત નિષ્કામ કર્મ કરતાં

કર્મયોગ, ગૂઢ અનુભવોથી રહસ્યવાદ — એ બધાંયની વિભક્ત નહીં પણ એક સાથે અનુભૂતિ કરતાં એમણે પોતાના અને સમાજના જીવનમાં ધર્મની સંસ્થાપના કરી. જીવનની અને ધર્મની એકતા સાધી. હિંદુ ધર્મનો સડો ને જડતા દૂર કરવા જેહાદ ઉઠાવી અને તેમાં ઠીક ઠીક સફળતા પણ મેળવી. ઉકરડાની નીચે દબાઈ ગએલો રત્નભંડાર શોધી બતાવ્યો. "હિંદુ ધર્મ ગંગાનો પ્રવાહ છે. મૂળમાં તે સ્વચ્છ છે, તેના માર્ગમાં તેને મેલ ચઢે છે." (ધ. મં. પૃ. ૪૬) વર્ષોનો ને જમાનાનો ચઢેલો મેલ તેમણે બને તેટલો ધોયો, અને ધર્મની સંસ્થાપનાનું કામ કર્યું. હિંદુ ધર્મની સર્વવ્યાપક ભાવના તે સર્વ પ્રાણી માત્રના હિતની, सर्वे सुखिनः सन्तुમાં વ્યક્ત થયેલી ભાવના હિંદુ ધર્મનું સર્વશ્રેષ્ઠ ભૂષણ છે. ગાંધીજીએ એ જ ભાવના જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહારુ બનાવીને સર્વોદયને નામે ઓળખાવી. હિંદુ ધર્મની એ ભાવનાના મૂળમાંથી સર્વોદયવાદ જન્મ્યો છે. સર્વોદયને વ્યવહારુ જીવનના દરેક ક્ષેત્રનો ઉકેલ આપતો એમણે બતાવ્યો છે. આ રીતે હિંદુ ધર્મના હાર્દને પાછું વ્યાપક બનાવવામાં હિંદુ ધર્મ સંસ્થાપના પૂર્ણ થઈ રહી. ધર્મની આવી સંસ્થાપના કરનારને તો ગીતા અવતાર કહે છે. ત્યારે ગાંધીજી અવતાર ખરા?

"જે પુરુષ પોતાના યુગમાં સૌથી શ્રેષ્ઠ ધર્મવાન છે તેને ભવિષ્યની પ્રજા અવતારરૂપે પૂજે છે. આમાં મને કંઈ દોષ નથી લાગતો." (અ. યો. પૃ. ૭) આ વ્યાખ્યા મુજબ ગાંધીજીને ભવિષ્યની પ્રજા અવતાર તરીકે પૂજે એવો સંભવ ખરો. આજેય જનતાનો કેટલોક ભાગ તેમને અવતાર ગણે છે. એમની પાછળ નહીં પણ જીવતાં જ મંદિર ઊભાં થયાં. તે તેમણે અટકાવ્યું. આવા પુરુષોને અવતાર તરીકે પૂજવાનાં કડવાં પરિણામો આજ સુધી જગતના દરેક ધર્મે અનુભવ્યાં છે. તેનાથી ફાયદા કરતાં નુકસાન જ વધુ થયું છે. અને પોતાને અસાધારણ મનુષ્ય તરીકે ગણવાનો ઇન્કાર કરનાર ગાંધીજીને જો અવતાર ગણવાની આજની કે ભવિષ્યની પ્રજા ભૂલ કરે તો એમનું અવતારકાર્ય

સફળ થવાને બદલે નિષ્ફળ જ જવાનું, જગતમાં જાગૃતિ કરતાં જડતા વધવાની અને શ્રદ્ધાને બદલે અંધશ્રદ્ધા જ સાર્વત્રિક બનવાની. ગાંધીજીએ કોઈના ગુરુ થવા ચાહ્યું નથી તો અવતાર ગણવાની તો એમને ઇચ્છા હોય જ ક્યાંથી?

૧૭

જૈન ધર્મની અસર

જૈન અને બૌદ્ધ ધર્મ હિંદુ ધર્મમાં સમાવિષ્ટ થાય છે. છતાં જૈન ધર્મની કેટલીક વિશિષ્ટ અસર ગાંધીજી પર થવા પામી છે. અહિંસા ને સ્યાદ્વાદ જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો પૈકી છે. ગાંધીજીએ પણ અહિંસાને પોતાનો સિદ્ધાંત બનાવ્યો. પણ એમની અહિંસા ને જૈની અહિંસામાં ફેર છે. જૈની અહિંસાની અસર ગાંધીજી પર કેટલી ને કેવી?

આ પ્રશ્નનો ઉત્તર શોધતાં પહેલાં અસર એટલે શું એ સમજી લેવાની જરૂર છે. વાચન કે શ્રવણ દ્વારા માણસ બહારથી વિચારો મેળવે છે. તેમાંના કેટલાક ગમી પણ જાય છે. પણ પસંદ પડેલા આવા દરેક વિચારને આપણે અસર તરીકે જ નથી ગણતા. જે વિચાર માણસના ચિત્તમાં નવો સંસ્કાર પાડે અને તેના જીવનના અંગરૂપ બની જાય તેને જ અસર કરનારો કહેવાય. આવી અસર થવાનો આધાર માણસના સંસ્કારબીજ પર છે. સંસ્કારબીજ જેટલું પ્રબળ અને તૈયાર તેના પ્રમાણમાં બાહ્ય વિચાર ને સંજોગોની અસર થાય છે. આ ગુપ્ત સંસ્કારોનો આધાર તો વ્યક્તિનાં સંસ્કારવારસો, કેળવણી અને સાવધાનતા પર રહે છે.

ગાંધીજીનો સંસ્કારવારસો, એકાગ્રતાની શક્તિ અને જાગૃતિ અસાધારણ હતાં. પોતે એક સ્વતંત્ર વિચારક હતા અને સાથે જ તેમની પાસે પોતાનાં જીવનધોરણો અને જીવનસિદ્ધાંતો પણ હતા. એમની બાબતમાં

બાહ્ય વાચન, શ્રવણ અને પ્રવૃત્તિની અસર જીવનને પરિવર્તનકારી થઈ પડી ત્યારે તે એમની અંદરના સુપ્ત કે અર્ધસુપ્ત સંસ્કાર કે વિચારને જાગૃત કરવા પૂરતી મદદરૂપ થઈ. જૈન ધર્મની ને ખ્રિસ્તી ધર્મની તથા જુદા ક્ષેત્રોના ગુરુઓની — ટૉલ્સ્ટૉય, ગોખલે, રાયચંદભાઈ — અસર આ પ્રકારની હતી.

જૈન ધર્મનો પરિચય એમને રાયચંદભાઈ મારફત થયો. એમણે મોકલેલાં એ ધર્મનાં પુસ્તકો પણ વાંચ્યાં. જે કંઈ અસર અહિંસા અને સ્યાદ્‌વાદની એમના પર થઈ તે આ રીતે જ. એ બંને એમને ગમ્યાં પણ પોતાની રીતે તેમને આત્મસત્‌ કર્યાં. જોકે અહિંસાની બાબતમાં તો એટલું કહેવાનું હોય કે તેમની અહિંસા તો સત્યના આચારમાંથી જ જન્મ પામી હતી પરંતુ તેને જૈન ધર્મનો ટેકો મળ્યો. ઉપવાસ, તપશ્ચર્યા વગેરે જૈન ધર્મના આચાર ધર્મની પણ ગાંધીજી પર સારી પેઠે સીધી અસર છે. પરંતુ એ આચારને જીવનમાં તો તેમણે પોતાની અપૂર્વ પ્રતિભાથી જ ગોઠવ્યો. ઉપવાસ જેટલું શુદ્ધિ-સાધન બન્યો તેટલું પ્રાયશ્ચિત્ત, તપશ્ચર્યા અને સામાજિક કે રાજકીય કાર્ય અંગે પણ એક અમોઘ શસ્ત્ર બની રહ્યો.

ગાંધીજીએ જૈન ધર્મની અહિંસાનું ઇરાદાપૂર્વક સંશોધન મૃતપ્રાય વાછરડાના વધ અંગે થયેલી ટીકાઓના જવાબ અંગે કરાવેલું. એમાંથી એમને તો જોઈતો ટેકો મળી રહેલો. પણ મૂળથી જ જોવા જઈએ તો ગાંધીજીની અહિંસા જૈની અહિંસાથી ભિન્ન છે. જૈની અહિંસામાં જગત તરફ વિરક્તિનો પ્રધાન ભાવ હોઈ કંઈક નિષ્ક્રિયતા તેમાં આવી જાય છે. જૈન ધર્મમાં જ નિવૃત્તિને પોષણ મળે એવું ઘણું છે. જ્યારે ગાંધીજીની નિવૃત્તિ પ્રવૃત્તિની વ્યાખ્યા ગીતાજીની વ્યાખ્યા જેવી છે: "હું નિવૃત્તિ ધર્મને માનું છું પણ એ નિવૃત્તિમાં પ્રવૃત્તિ છૂપેલી હોવી જોઈએ. . . . . નિવૃત્તિ એટલે અનાસક્તિ પૂર્વક પરમાર્થે આચરેલી પ્રવૃત્તિ." (અહિંસા પૃ. ૧૫૭–૫૮) ખોટી વિરક્તિને લીધે ધર્મની આસ્થાવાળા લોકો વૈરાગી બને છે અને તેથી સંસારની પ્રવૃત્તિઓ

સ્વાર્થી અને ખંધા પુરુષોના હાથમાં આવી પડી છે! ગાંધીજી તો પ્લેટોની માફક માનવા તૈયાર થાત કે ફિલસૂફ રાજા બની રહે તો જ દુનિયાનો દહાડો વળે.

જૈની અહિંસામાં આખા સમાજને ઉપયોગી થવાની વ્યાપકતા હોવા છતાં તેમાં સમાજના પ્રશ્નોનો ઉકેલ નથી મળતો. જ્યારે ગાંધીજીએ સમાજ અહિંસા પર ટકે છે, તેના વડે જ પ્રગતિ કરી શકે છે અને તેનો પાયો જ અહિંસા પર છે એમ તેનું વ્યાવહારિક સ્વરૂપ બતાવીને સિદ્ધ કરી બતાવ્યું. અહિંસા કેવળ વ્યક્તિધર્મ નહીં પણ સમાજધર્મ છે એમ તેમનો બહોળો વ્યવહાર અને વ્યાપક પ્રયોગો માનવા પ્રેરે છે. ગાંધીજીએ અહિંસાને તેના વ્યાપક સ્વરૂપમાં ઓળખી હતી તેથી તેઓ કેવળ હિંદુ, જૈન કે બૌદ્ધ ધર્મોમાં જ નહીં પણ ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મોનાં મૂળમાંય ઓછેવત્તે અંશે અહિંસાને જુએ છે. "અહિંસા ધર્મમાત્રને સામાન્ય છે. પણ હિંદુ ધર્મમાં એ સિદ્ધાંતની ખિલવણી તથા પ્રયોગ વિશેષ છે. (જૈનધર્મ તથા બૌદ્ધ ધર્મને હિંદુ ધર્મથી નોખા નથી ગણતો. કેવળ મનુષ્ય માત્ર જ નહીં પણ જીવમાત્ર એક છે એમ હિંદુ ધર્મ માને છે.") (ધ. મં. પૃ. ૩૬) અહિંસા સૌથી વધુ વિકસિત તો હિંદુ ધર્મમાં છે. એ અહિંસાને પણ તેમણે વધુ કસીને વધુ વ્યવહારુ બનાવી માનવ સમાજને તેની ભેટ ધરી. ત્યારે એમની અહિંસાનું સ્વરૂપ શું?

ભેદ, જુદાઈ, દ્વેષ હિંસા છે: વ્યક્તિ પોતાને અન્ય મનુષ્યોથી, સમાજથી અને જગતથી અલગ માને ત્યાં જ તેના દુઃખની અને હિંસાની શરૂઆત થાય છે. પોતાને કોઈને કોઈ રીતે અલગ ને વિશિષ્ટ માનતા છતાં મનુષ્ય કોઈ પણ પ્રકારની એકતા કોઈ વ્યક્તિ, વસ્તુ કે સમાજ સાથે તો ચાહતો જ હોય છે. એકતા એ જ એનું જીવન છે. કુદરત અને સમાજથી વ્યક્તિની તદ્દન અલગતા અશક્ય છે. એક થવાની ભાવના અહિંસાની દ્યોતક છે. એકતાથી તેને સુખ મળે છે. પણ એકતા અને અલગતાના દ્વંદ્વમાં અથડાતો કુટાતો મનુષ્ય અહિંસા

વડે પોતાનું જીવન સમાજજીવન સાથે જોડી રાખવા પ્રયત્ન કરે છે. સળંગ એકતાના તારમાં તાલબદ્ધ આ વિશ્વમાં અલગ કોણ રહી શકે ? છતાં મનુષ્ય પોતાના ગુમાનમાં વ્યક્તિત્વની ખિલવણીને નામે અલગતાનો ભાવ સેવે છે! વિવિધતા છે ત્યાં સુધી બાહ્ય અલગતા ને ભેદ રહેવાનાં જ. પરંતુ આ ભિન્નતાની પાછળ એક સળંગ એકતા રહેલી છે એ ભાન હોવું જરૂરી છે. એવા ભાનથી જ સમાજ ટકી શકે ને વ્યક્તિ પણ પોતાનો વિકાસ સાધી શકે. જીવનની આવી તાત્ત્વિક એકતા અનુભવવા અહિંસા એ એક માત્ર ઉપાય છે. ઈશ્વરની આ સૃષ્ટિના સંગીતમાં તાલ પુરાવી તેમાં તલ્લીન થઈ જવું એમાં જ મનુષ્યત્વના પૂર્ણત્વનો સમાવેશ છે. આવી સંઘર્ષમાર્ગના બેતાલપણાના અભાવની સ્થિતિ તે અહિંસા. ગાંધીજીની અહિંસામાં આત્યંતિક એકતા, શક્તિ, જાગૃતિ અને ક્રિયાશીલતાનો સહજ સમાવેશ છે. અહિંસા એટલે In tune with infinite -- અનંત વિશ્વ જીવનના તાલમાં તાલ મેળવી જીવન જીવવાનો અનેરો રસ્તો.

સ્યાદ્વાદને જૈનધર્મમાં વિશિષ્ટ સ્થાન છે. તાત્ત્વિક ચર્ચાનો તેને ખાતર ગાંધીજીને રસ નહોતો. સ્યાદ્વાદને તેના તત્ત્વાર્થમાં નહીં પણ તેના સામાન્ય રહસ્યમાં તેમણે અપનાવ્યો ખરો. એક જ વસ્તુને અનેક રીતે જોઈ શકાય છે અને દરેક ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુમાં કંઈક ને કંઈક તથ્ય હોય જ છે. એવી સમજ કાયમ કરવાને સ્યાદ્વાદ તેમને ઉપયોગી થઈ પડ્યો. એમની અહિંસા ને હૃદયની વિશાળતા તેમને આ રીતે જગત ને જગતની વસ્તુઓ તરફ જોતાં શીખવતી હતી. સ્યાદ્વાદ જુદાં જુદાં દૃષ્ટિબિંદુમાં વિરોધ ટાળી દરેકની યોગ્ય કદર કરતાં શીખવે છે એટલે સ્યાદ્વાદનું હાર્દ એમણે પકડી લીધું. સ્યાદ્વાદના સાર ગ્રહણ કરવાની એમની રીત જુસ્ટના કુદરતી ઉપચારો પરના પુસ્તક વિષે કરેલા મતપ્રદર્શનમાંથી જોવા મળે છે. "આ વાંચીને જેઓ જુસ્ટનું પુસ્તક ખરીદે તેમણે તેમાંનું બધું વેદવાક્ય ન સમજવું. બધાં લખાણોમાં લેખકની એકાંગી દૃષ્ટિ ઘણેભાગે હોય છે.

પણ દરેક વસ્તુને ઓછામાં ઓછી સાત દૃષ્ટિએ જોઈ શકાય છે; ને તે તે દૃષ્ટિએ તે વસ્તુ ખરી હોય છે. પણ બધી દૃષ્ટિઓ એક જ વખતે ને એક જ પ્રસંગે ખરી ન જ હોય." જૈનધર્મની સાત દૃષ્ટિઓની અહીં સ્પષ્ટ અસર છે. એના વ્યવહારુ ઉપયોગ સાથે તેની અગત્ય પણ સમજાવી દીધી છે. દુન્યવી સત્યો સાપેક્ષ છે. તેથી પ્રસંગે પ્રસંગે તેનું દર્શન જુદું જુદું થાય. એક જ પ્રસંગે બધી દૃષ્ટિ સાચી ન હોઈ શકે એ એમની સત્યની કસોટીએ તારણ કાઢી બતાવ્યું. જીવનની વિવિધતામાં દરેક દૃષ્ટિ તેને યોગ્ય વખતે ને પ્રસંગે સાચી હોઈ શકે. ગાંધીજીએ આ દૃષ્ટિઓનો વ્યવહારમાં પૂરો ઉપયોગ કર્યો છે. કેટલીક વખત એમના વર્તનમાં પરસ્પર વિરોધ દેખાયો ત્યાં તે કેવળ બાહ્ય વિરોધ જ હતો અને વિરોધી વસ્તુઓને પણ યથાસ્થાને ગોઠવવાના એમના પ્રયત્નમાં આ દૃષ્ટિઓ જ કામ કરતી હતી. એમનો સહુ તરફનો સમભાવ, દરેકને સમજવાની તૈયારી, નવું દૃષ્ટિબિંદુ જાણવાની સદૈવ તત્પરતા અને વિરોધીને પણ મિત્રસમ સમજવાનો અજાતશત્રુભાવ એમની આ સપ્તદૃષ્ટિના વ્યાવહારિક ઉપયોગને આભારી છે.

૧૮

ખ્રિસ્તી ધર્મ

ગાંધીજીની બુદ્ધ અને ઈશુ સાથે અનેક વાર સરખામણી થઈ છે. બુદ્ધની એમના પર કંઈ પણ સીધી અસર નથી છતાંય અહિંસાની વ્યાખ્યા અને તેના વ્યવહારને ગાંધીજી આગળ લઈ ગયા. પણ ઈશુની બાબતમાં તેમ નથી. ખ્રિસ્તી ધર્મની, ઈશુના ઉપદેશની ગાંધીજી પર અમુક અસર થવા પામી છે અને તેનો તેમણે સ્વીકાર પણ કર્યો છે. એ ધર્મે અને એ ધર્મના સાચા અનુયાયીઓએ એમનામાં ધર્મજિજ્ઞાસા પેદા કરી; પણ ખ્રિસ્તી ધર્મ તેઓ કંઈ ખ્રિસ્તી પાદરીઓ પાસેથી નહોતા શીખ્યા.

ખ્રિસ્તી ધર્મમાં માંદાની, ગરીબની અને દુ:ખીની સેવા પર ખૂબ ભાર દેવામાં આવ્યો છે. તે ધર્મના અનેક પાદરીઓ આવી રાહતનું

કામ કરતા ઠેર ઠેર જોવામાં આવે છે. ગાંધીજીને આ સેવાપ્રેમ ખૂબ ગમી ગયો. જોકે નાનપણથી જ એમને સત્યની સાથે સેવાનો પણ શોખ હતો. એમના પિતાની સેવા એમણે એક નિષ્ઠાથી કરેલી. અસ્પૃશ્યો તરફનું તિરસ્કારભર્યું લોકોનું વલણ એમને નાનપણમાં પણ ખૂંચતું. એટલી હમદર્દી ગરીબો ને દુઃખી તરફ ત્યારથી જ હતી. છતાં સેવાના આ શોખને ખ્રિસ્તી ધર્મની અસરે પોષ્યો અને વધાર્યો.

એમણે અહિંસા તો સર્વ ધર્મોમાં જોઈ. પણ અહિંસાના પાલનમાં અને તેને વ્યવહારુ બનાવવામાં પશ્ચિમી બુદ્ધિવાદની તેમના પર અસર દેખાય છે તેટલી જ અસર ખ્રિસ્તી ધર્મની પણ દેખાય છે. ખ્રિસ્તનો નમ્રતાનો ઉપદેશ જેટલો એમને 'પર્વત પરના ઉપદેશ' (Sermons on the mount) રુચ્યો તેટલી જ તેમાંની અહિંસાની વ્યવહારુતા રુચી. જોકે અહિંસાના વ્યવહાર અંગે એમની સૂઝે મુખ્યત્વે ભાગ ભજવ્યો છે છતાં કેટલાક પ્રસંગોમાં ઉપયોગિતાવાદની અસર દેખાઈ આવે છે. મરવા પડેલા વાછરડાના વધની બાબતમાં કે ખેતીને નુકસાન કરતા વાંદરાને ભગાડવાની કે તેમનો નાશ કરવાની એમની વાતમાં આવી અસર દેખાય છે. અહીં હિંદુ ધર્મમાં રહેલા આપદ્ ધર્મના રહસ્યની અગત્ય ગાંધીજીમાં સ્વયંસ્ફુરિત હતી એમ પણ કોઈ કહી શકે અને તેને લીધે જ અહિંસાને તેઓ વ્યવહારુ બનાવી શક્યા. પણ એ વ્યવહારુતાની પાછળ આપદ્ ધર્મને નામે સત્યને સહેલું બનાવવાની એમનાથી અજાણે પણ ભૂલ થઈ નથી. ક્યાં સુધી અહિંસાની વ્યવહારુતાની બાબતમાં ખ્રિસ્તીધર્મની અસર છે એ કહેવું મુશ્કેલ છે, છતાં એટલું તો જરૂર કહી શકાય કે એવી અસર હોય તો તે કેવળ સૂચન કરવા પૂરતી જ હતી, એમનામાં રહેલી અહિંસાની સૂઝને જાગૃત કરવા પૂરતી જ હતી. એમ કહેવું વધુ ઉચિત લાગશે કે ખ્રિસ્તીધર્મ અને પોતાની અહિંસા વચ્ચે રહેલું સામ્ય ખ્રિસ્તીધર્મ પર અનુરાગ વધારવા કારણભૂત હતું.

આવું જ બીજું સામ્ય તે તેમની કરુણા. ઈશુ કરુણાની મૂર્તિ સમા હતા. ખ્રિસ્તી ધર્મે કરુણાનાં ગુણગાન ગાયાં છે. ગાંધીજી ઈશુની માફક જગતનું દુઃખ જોઈ દુઃખી થતા. દુઃખી માત્ર માટે એમને સહાનુભૂતિ હતી. પાપની ઉપેક્ષા કરીનેય પાપીના દુઃખથી દુઃખી થતા પણ તેટલેથી જ અટકતા નહીં. દુઃખીનું દુઃખ દૂર કરવા પ્રવૃત્ત થતા. જગતનાં દુઃખ અનેકવિધ છે અને તે સર્વેનો ઉપાય શોધવા જતાં એમણે જીવનનું અને જીવનનાં લગભગ દરેક ક્ષેત્રનું સંશોધન કર્યું અને એ ક્ષેત્રમાં પોતાનું માર્ગદર્શન કરાવીને જ જંપ્યા. એમની કરુણા વાંઝણી નહોતી પણ એમની કરુણાની વર્ષાએ માનવજીવનના અનેક પ્રશ્નોના વ્યવહારૂ ઉકેલ આપ્યા. એ ઉકેલ શોધવાને અનેક કષ્ટ ખમીને, પ્રયોગો કરીને, તપશ્ચર્યા કરીને ઇલાજો શોધ્યા અને મહેનત અને સખત પ્રયાસથી તેનો અસાધારણ પ્રચાર પણ કરતા રહ્યા. જ્યાં પીડિત જોયા, જ્યાં દુઃખી જોયા, જ્યાં શોષિત જોયા ત્યાં ગાંધીજી દોડ્યા. તેમને દુઃખમુક્ત કરવાના માથાતૂટ પ્રયાસ કર્યા. એવાં દુઃખી ખેડૂતો હોય કે મજૂરો, સ્ત્રીઓ હોય કે અસ્પૃશ્યો, હિંદુ હોય કે મુસલમાન જાતભાતના દેશપરદેશના ભેદ જોયા વગર એમની અગાધ કરુણા સૌ પર સરખી વર્ષી. એ કરુણાને લીધે જ એમને આધુનિક ઈશુ કે બુદ્ધની ઉપમા મળી.

એમના આ કરુણા ભાવને (Purely Christian) શુદ્ધ ખ્રિસ્તી અસર તરીકે ઓળખાવવાની ઘણાને લાલચ થાય છતાં એ કરુણાની સાથે જ રહેલી એમના ચિત્તની એક ખાસિયત જોતાં એમ કહેવું ઉતાવળ જેવું લાગે છે. ભરપૂર કરુણાની સાથે એમની ચિત્તશાંતિ અસાધારણ હતી. એ શાંતિની અનેકોએ અદેખાઈ કરી છે. કરુણા સાથે ચિત્તશાંતિનો આવો સુમેળ એમના વ્યક્તિત્વની વિશેષતાનો જ દર્શક છે. છતાં એટલું નિશ્ચિત કહી શકાય કે એમનામાં જે સુધારકવૃત્તિ આવી તે ખ્રિસ્તી ધર્મની અસરને લીધે અને તેની સાથે જ એમની કરુણાને ઉત્તેજન મળ્યું ને માર્ગ મોકળો થયો.

પ્રાયશ્ચિત્તનું માહાત્મ્ય ખ્રિસ્તી ધર્મમાં ખૂબ ગવાયું છે. પ્રાયશ્ચિત્તના ખ્રિસ્તી ખ્યાલમાં ભાવનાહત વલણ (Morbidity) નો ભાસ ચોખ્ખો છે. ગાંધીજીએ ભૂલને સારુ — પોતાની કે સાથીઓના — પ્રાયશ્ચિત્તને સારી પેઠે અગત્ય આપી છે. પ્રાયશ્ચિત્તનો વિચાર તો એમને ખ્રિસ્તી ધર્મમાંથી જ મળ્યો છે અને ખ્રિસ્તી મિત્રોની લાંબી અને ગાઢ અસર પછી જ પ્રાયશ્ચિત્ત અંગે ઉપવાસ એમણે કર્યા; પરંતુ પ્રાયશ્ચિત્તનો એમનો ખ્યાલ સત્યાગ્રહી વિચારસરણી અનુસાર હતો. એમાં ભાવનાહત વલણને સ્થાન જ નહોતું. પ્રાયશ્ચિતનો એમનો ખ્યાલ કેવો હતો તે ઝીણવટથી તપાસવા જેવું છે.

ખ્રિસ્તી ધર્મમાં ઈશુની ફાંસી ઉપરથી અને માનવી જન્મથી પાપી છે એ માન્યતા ઉપરથી પ્રાયશ્ચિત્તનો મહિમા ગવાયો. ગાંધીજીએ માનવી હૃદયમાં રહેલી પ્રાયશ્ચિત્તની ભાવનાનો મનનપૂર્વક વિચાર કરી માનવી જીવનમાં તેનું યોગ્ય સ્થાન શું હોય તે વિચારી જોયું. માનવી ભૂલથી જ શીખે છે પરંતુ ભૂલથી જે જાગૃતિ આવે છે એનાથી તે સાવધ થવાને બદલે એ જાગૃતિને એળે જવા દઈ નફફટ બને તો તેની પ્રગતિના મૂળમાં જ ઘા થાય છે. તેથી ભૂલમાંથી પેદા થતી જાગૃતિને ટકાવી રાખવાને અને નૈતિક ભૂલને સદા અટકાવવાને એમણે પ્રાયશ્ચિત્તની અગત્ય ઓળખી. પ્રાયશ્ચિત્ત વિષે વિચાર પ્રેરનાર ભલે ખ્રિસ્તી ધર્મ હોય પરંતુ પ્રાયશ્ચિત્તની એમની વ્યાખ્યા તો જુદી અને નવી હતી. એ પ્રાયશ્ચિત્તમાં તપ હોય, તેમાં પોતે તવાવાનું હોય અને તે છેવટે અંતરની જાગૃતિ ને શુદ્ધિ વધારનાર હોય એમ એઓ માનતા. બીજાના દોષ માટેય જવાબદાર માણસ ઉપવાસાદિ કરી પ્રાયશ્ચિત્ત કરી શકે પરંતુ એવા પ્રાયશ્ચિત્તની પાછળ એક વિશિષ્ટ પ્રકારની વિચારગૂંથણી જોઈએ એમ એમણે સ્પષ્ટ જણાવ્યું છે.

પ્રાયશ્ચિત્તની ઉપયોગિતાની સમજ ખ્રિસ્તી ધર્મની અસરને લીધે આવી. પરંતુ તેનો અર્થ તો પોતાનો ઘટાવ્યો ને વધાર્યો. એમનું હૃદય એવું શુદ્ધિગ્રાહક હતું કે પાપ અને અશુદ્ધિને તે જરાય સાંખી

નહોતું શકતું. દોષને કાઢીને તેનું નિવારણ કરીને જ તેઓ શાંતિ પામતા. એમને પોતાના સાથીઓની અશુદ્ધિ પણ અસહ્ય થઈ પડતી કારણ કે તેમની અશુદ્ધિના જવાબદાર પોતાને જ માનતા. સંસ્થામાં જે મુખિયો છે તે જ તેના સાથીઓની શુદ્ધિ માટે જવાબદાર છે. એવું એમનું દૃઢ માનવું હતું.

ઈશુએ ધર્મસ્થાપના કરી તો ગાંધીજીએ ધર્મની સંસ્થાપના કરી. એ ધર્મ સંસ્થાપના પણ એમણે વિશાળ પાયા પર કરી અને સમસ્ત માનવ જગતને ઉપયોગી એવી ધર્મ વિચારણા પેદા કરી. એને લીધે તેઓ ધર્મની બાબતમાં પણ પોતાનો સ્વતંત્ર મત બેધડક આપતા. ખ્રિસ્તી ધર્મ પણ એમાં અપવાદ નહોતો. જેટલું ખ્રિસ્તી ધર્મમાંથી પોતે પામ્યા તેથી વધુ કદાચ એમણે ખ્રિસ્તી ધર્મને ઉદ્દેશીને તેના ચાલુ પ્રચારને શુદ્ધ કરવા સહજ પ્રયત્ન કર્યો. ખ્રિસ્તી ધર્મ તરફનું ઋણ ચૂકવવાને ન હોય તેમ તેમણે સામી અસર પહોંચાડવાને સહેજે મથવું પડ્યું અને તે પણ ખાસ કરીને ખ્રિસ્તી પાદરીઓના પ્રચાર (Christian Missions)ની બાબતમાં. આવી સામી અસર કેવળ એમણે ખ્રિસ્તી ધર્મ પૂરતી નથી કરી પરંતુ બધા ધર્મો પ્રત્યેનું એમનું વલણ એ જ રહ્યું અને તેને લીધે એમનામાં સહજ સ્ફુટ થતો વિશાળ માનવ ધર્મ પ્રગટ થઈ રહ્યો. ધર્મ સંસ્થાપનાના કામમાંથી જ આ માનવ ધર્મનો સ્ફોટ થયો કારણ કે માનવ સમસ્ત સાથે તાદાત્મ્ય એમણે સાધ્યું હતું. અને ધર્મને વિશાળ કરીને બુદ્ધિપૂત કરી શ્રદ્ધાજળે પાવન કર્યો હતો.

ગાંધીજીમાં રહેલાં ત્યાગભાવના, સેવાપ્રેમ, તપશ્ચર્યા, અપ્રતિકાર, સોદ્દેશ પ્રાયશ્ચિત્ત, કરુણા છતાં અદ્‌ભુત ચિત્તશાંતિને લીધે પશ્ચિમના કેટલાક વિચારકોએ તેમને સાચા ખ્રિસ્તી તરીકે ઓળખ્યા ઓળખાવ્યા. પરંતુ આ ગુણો એવા છે કે જેને લીધે તેમને સાચા ઇસ્લામી તરીકે પણ ઓળખાવી શકાય. સાચા સનાતની હિંદુ તરીકે તો હિંદુ સમાજે તેમને ઓળખ્યા અને પોતેય પોતાને તે રીતે ઓળખાવ્યા. સર્વને આમ લાગવાનું કારણ એ છે કે બધાય ધર્મોમાં જે સર્વસામાન્ય એવો

માનવધર્મ રહેલો છે તે ગાંધીજીએ આચર્યો ને જીવી બતાવ્યો. એમનું આ જીવનમંથન સંપૂર્ણ સ્વતંત્ર ધર્મ જે માનવ ધર્મ અને તેની શોધ ને રચના અર્થે જ હતું. એ એમને પૂર્ણતયા મળ્યો નથી. "સ્વતંત્ર ધર્મ સંપૂર્ણ છે. તે આપણે જોયો નથી, જેમ ઈશ્વરને જોયો નથી." (મં. પ્ર. પૃ. ૩૬) પરંતુ આ સ્વતંત્ર ધર્મના પાયારૂપ એમણે એક વ્યવહારુ અને આચારયોગ્ય એવો સર્વધર્મોના દૃઢભાજક જેવો એક સત્યધર્મ તો બતાવ્યો. એમણે બતાવેલો ધર્મમાર્ગ પૂર્ણ નથી પરંતુ તે વડે તેમણે એ સંપૂર્ણ સ્વતંત્ર ધર્મની ભૂમિકા અને સારામાં સારાં સાધન તો જરૂર આપ્યાં જ છે, એ સ્વતંત્ર કે પરમ ધર્મ તે શું?

૧૯
પરમ ધર્મ

ધર્મ એટલે જુદે જુદે નામે ઓળખાતા બધા ધર્મોને એકસાથે સાંકળનાર અને એકરૂપે જોનાર પરમ ધર્મ" (સ. ઈ. પૃ. ૪)

બધા ધર્મોનું શોધન સંશોધન કરતાં અને દરેકને એક પરમ-ધર્મમાં સાંકળી લેવાની ઉમેદ રાખતાં ગાંધીજીએ જેમાંથી જે કંઈ સારું મળ્યું તે અપનાવતા જઈ આત્મરચનાનો ધર્મ આચારમાં મૂક્યો. જગતના ચાલુ ધર્મોમાંથી કોઈ એક પણ સ્વતંત્રપણે માનવ સમાજના બધા કોયડા ઉકેલી શકે એવી સ્થિતિ નથી. બધા અપૂર્ણ છે. "બધા નિષ્પ્રાણ થયેલા છે, અને કોઈનોયે તેના મૂળરૂપમાં ફરીથી જીર્ણોદ્ધાર કરવામાં આવે તોયે આજના પ્રશ્નોને તે ઉકેલી શકે એમ નથી." (સ. ક્રાં. પૃ. ૬) શ્રી. કિશોરલાલભાઈની આ વાત ગાંધીજી વર્ષો પહેલાં સમજી ગયેલા અને તેથી તેઓ આત્મરચનાના પરમ ધર્મની શોધ માટે આજીવન મથ્યા રહ્યા.

એ પરમ ધર્મ વ્યક્તિ માત્રને સામાન્ય અને એટલો વ્યાપક અને વૈજ્ઞાનિક હોવો જોઈએ. એ કાળથી અબાધિત અને સનાતન હોય. એના પાલનમાં ભેદાભેદ ન હોય. 'પાળે એનો ધર્મ' જેવા લોકવાક્યમાં

રહેલી ધર્મપાલનની મોકળાશ એમાં હોય જ. પણ આવો ધર્મ કેમ મળે?

ગાંધીજીને સત્યમાં ઈશ્વર દેખાયો. સત્યની શોધનો એમને આજન્મ શોખ હતો. વૈજ્ઞાનિક પણ સત્યો જ શોધે છે. પણ ગાંધીજીને તો જીવનનાં સત્યો શોધવાં હતાં. અને તેથી જીવનનાં સત્યો શોધતાં જીવનનું વિજ્ઞાન બનાવ્યું. જીવનનું વિજ્ઞાન સર્વ વિજ્ઞાનોનું વિજ્ઞાન છે. તેથી તો જીવનવિજ્ઞાનને ખેડતાં જ પરમ ધર્મ પ્રાપ્ત થાય એમ એમને સૂઝી ગયેલું. પણ જીવનવિજ્ઞાન ખેડનાર તો ભૂતકાળમાં અનેક પયગંબરો અને સંતો થઈ ગયા છે. એમણે શોધેલાં, આચરેલાં અને અનુભવેલાં સત્યો તો ગ્રહણ કરીને જ આગળ જવામાં લાભ અને સરળતા રહેલાં છે. વૈજ્ઞાનિક પણ શોધાયેલાં સત્યોને લઈને જ આગળ વધે છે. ગાંધીજીએ પણ તેમ જ કર્યું. તેથી જુદાં જુદાં સત્યોનો સુમેળ સાધતાં એમને સરળતા પડી. વળી દરેક ધર્મનો ઉદય સત્ય શોધને અર્થે થયેલો. પાછળથી ભલે એમાં અવરોધ અને જડતા દાખલ થયાં હોય. ભલે એમાંથી કોઈ પૂર્ણ ન બનવા પામ્યો. પણ દરેકની પાછળ જીવનનાં સત્યોની શોધ રહેલી હતી. તેથી તો દરેક ધર્મમાંથી સત્યો શોધી તે અપનાવી ગાંધીજી આગળ ચાલ્યા. એમાંથી જ એમનો સર્વધર્મસમભાવ પ્રગટ્યો. એ સર્વધર્મસમભાવ પણ જીવનનું એક સત્ય છે જેના વડે માણસ માનવજાત સાથે એક થઈ શકે છે.

આ સર્વધર્મસમભાવથી એમણે જોયું કે જીવનનાં સત્યો ને જીવનનું વિજ્ઞાન ટૂંકમાં સમજી સમજાવી શકાય તો તે સત્ય અને અહિંસા વડે. સત્યની શોધ ખાતર એમને વ્રતોની આવશ્યકતા દેખાઈ. એ વ્રતો જીવનની પ્રગતિનાં અપરિહાર્ય સત્યો છે. આ સત્યોના પાલન વડે જ સાચી સ્વતંત્રતા — આત્માની સ્વતંત્રતા — મળે. સત્યોના ભંગમાં નાશ છે, પતન છે. ભૌતિક જગતનો વૈજ્ઞાનિક પણ કુદરતનાં સત્યોનું પાલન કરીને જ યંત્ર-રચના કરી શકે છે. આકાશમાં ઊડતો વિમાની કેટલાં બધાં ભૌતિક સત્યોનું એક સાથે પાલન કરે છે! એક પણ

સત્યનો ભંગ કરે કે તે નીચે આવ્યો જ છે! એ જ રીતે જીવનનાં સત્યોનું એકી સાથે પાલન કરતાં જ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત થાય — મુક્તિ મળે.

એવી સ્વતંત્રતા કેવી હોય? ત્યારે માણસ શું બની રહે? માનવ એટલે પંચભૂતોના માળખામાં રહેલું ચેતન. માનવી ચેતના જીવનનાં સત્યોનું પાલન કરીને ઊર્ધ્વીકરણને માર્ગે પરમ સત્યની અનુભૂતિ કરી શકે. એ સત્ય એ જ ઈશ્વર, એ જ ચૈતન્ય. "આ સત્ય કેવળ જડ ગુણ નહીં પણ શુદ્ધ ચૈતન્યમય છે. તે જ રાજ્ય ચલાવે છે તેથી ઈશ્વર છે." (લોકજીવન તા. ૧–૬–૫૦) ચૈતન્યમય સ્થિતિ એટલે એવી સ્થિતિ કે જેનું વર્ણન ગીતાજી આમ કરે છે: यं लब्ध्वा चापरं लाभं मन्यन्ते नाधिकं ततः। જેને મેળવ્યા પછી કોઈ વસ્તુ અધિક ન લાગે. એ મેળવતાં સર્વસ્વની પ્રાપ્તિ થાય. ચૈતન્ય એ જ માનવનું પરમ ધ્યેય. ચૈતન્યના પરમ ધ્યેયને પહોંચાડનારો વ્રતોરૂપી જીવન — સત્યોનો માર્ગ એ જ પરમ ધર્મ. પણ સત્યને પકડવું કઠિન છે. એ કેમ પકડાય? સત્યને પકડવાનો, તેની સાથે એક થવાનો એક જ રસ્તો છે અને તે સત્યને ક્રિયામાં ઉતારવાનો. ક્રિયા વડે જ સત્ય પકડાય. ભૌતિક વિજ્ઞાનમાં પણ સત્યને ક્રિયામાં જકડીને જ કુદરત પર વિજય પ્રાપ્ત થઈ શકે છે. અધ્યાત્મ કે જીવનના વિજ્ઞાનમાં તો આ વિશેષે સાચું છે. ત્યારે એ ક્રિયા અને કામ ક્યાં? ગાંધીજીને એનો જવાબ જીવનમાંથી, ગીતામાંથી મળ્યો — સેવામય જીવનથી અને સતત યજ્ઞમય કાર્ય વડે જ જીવનનાં સત્યો હસ્તગત થાય. આમ સતત શુદ્ધ સેવામય કાર્ય પરમ ધર્મનું અત્યંત આવશ્યક અંગ છે. એ વડે જ પરમ ધર્મનો જીવંત સાક્ષાત્કાર થાય. ગાંધીજીએ એનું ભરપૂર આચરણ કરીને જીવનમાં શુદ્ધ સેવાધર્મની પ્રતિષ્ઠા કરી, પણ તેની સાથે જ આ પરમ ધર્મમાંથી ક્રિયાકાંડનો છેદ ઉડાડ્યો. એમાં વહેમજનક, રૂઢ કે માનવી ભિન્ન મતો પર રચાયેલા ક્રિયાકાંડને સ્થાન નથી. પરમધર્મ ખૂબ ક્રિયાપ્રધાન છે પણ તે ક્રિયાકાંડવાળો નથી એમ ગાંધીજીએ સિદ્ધ કરી

પ્રત્યક્ષ બતાવ્યું. આવા પ્રત્યક્ષ સત્યદર્શન વડે પરમ ધર્મનો રસ્તો સાફ થઈ રહ્યો છે.

આમ પરમ ધર્મ ક્રિયાપ્રધાન છે. એ ક્રિયા ચેતના વધારનારી હોય, શુદ્ધિ વધારનારી હોય. એમાં પુરુષાર્થ સોળે કળાએ ખીલી ઊઠવો જોઈએ. તેથી તો એ સંયમપ્રધાન છે અને સાથે એટલો જ રસપ્રધાન છે. એ રસ તે અંદરનો રસ — શુદ્ધ રસ. ચેતનામય ક્રિયા કરતાં કરતાં જ મનુષ્ય ચૈતન્યમય બની શકે, અને અનંતને પામે. આવા પરમ ધર્મની ઝાંખી ગાંધીજીને થઈ અને એ માર્ગને ખેડાય એટલો ખેડયો. હજી માનવજાતે એ ખેડયે જવાનો છે. પણ એનું ખેડાણ કરતાં ગાંધીજીનું જીવન એને સારી પેઠે માર્ગદર્શન કરાવી શકે તેમ છે, એના સંદર્ભગ્રંથનું કામ આપે એમ છે.

પરમ ધર્મની સક્રિય શોધમાં ગાંધીજીને તેની જે પ્રત્યક્ષ અનુભૂતિ થઈ તેનું વર્ણન સૌ કોઈને ઉપયોગી થાય એવું છે. In Tune with the Infinite — અનંત સાથેના તાલનું એ વર્ણન છે. એમાં પરમ ધર્મની ઝાંખી થઈ શકે છે: "ઈશ્વર પોતે ચોવીસે કલાક એકશ્વાસે કામ કર્યા કરે છે, આળસ મરડવા સરખીએ ફુરસદ લેતો નથી. તેવા આપણે થઈ જઈએ; એટલે આપણો ઉદ્યમ તેના જેવો જ અતંદ્રિત્ થયો — થવો જોઈએ. સમુદ્રથી છૂટેલા બિંદુને સારુ આરામની કલ્પના આપણે કરી શકીએ છીએ; પણ સમુદ્રમાં રહેલા બિંદુને આરામ ક્યાંથી? સમુદ્રને એક ક્ષણનો આરામ છે જ ક્યાં? બરાબર એ જ પ્રમાણે આપણું છે. ઈશ્વરરૂપી સમુદ્રમાં આપણે મળી જઈએ એટલે આપણો આરામ ગયો, આરામની જરૂર પણ ગઈ. એ જ ખરો આરામ; એ જ મહા અશાંતિમાં શાંતિ. તેથી ખરી નમ્રતા આપણી પાસે જીવમાત્રની સેવા અર્થે સર્વાર્પણની આશા રાખે છે. બધું પરવાર્યા પછી આપણી પાસે નથી રહેતો રવિવાર કે શુક્રવાર કે સોમવાર. આ સ્થિતિનું વર્ણન આપવું મુશ્કેલ છે, પણ એ અનુભવગમ્ય છે. જેણે સર્વાર્પણ કર્યું છે તેણે તે અનુભવી છે. આપણે બધાં અનુભવી

શકીએ છીએ." અને બધાંને એવો અનુભવ કરાવવાનો ઉદ્દેશ જ એમને હંમેશ પ્રવૃત્તિમય બનાવી રહ્યો અને રાજકારણ અને બીજાં કાર્યોમાં ઘસડી ગયો, અને પરમ ધર્મની પગદંડી પેદા થઈ. હવે પછી એ પગદંડીનો રાજમાર્ગ કરવાને ગાંધીજીનાં જીવન અને કાર્યો માનવજાતને સારી પેઠે ઉપયોગી થઈ પડે એમ છે.

૩

રાજકારણ

૧

"મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે. મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે. અને મારું રાજ્યપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવાનું પણ એ જ વસ્તુને આધીન છે." (આ. પ્ર. પૃ. ૩).

ભાવનાકાળ

ગાંધીજીના મુમુક્ષુ આત્માએ સેવામાર્ગે ઈશ્વરસાક્ષાત્કાર કરવાના હેતુથી જાણે ગાંધીકુટુંબમાં જન્મ લીધો, તેની સાર્થકતા બહુ દૂર જોવા જવી પડે તેમ નથી. એમના પ્રબળ આત્માને માબાપના ઉત્તમ વ્યવહારુ ગુણોનો વારસો મળ્યો તેમાં ગીતાના શ્લોકાર્ધને આકાર લેતો જ જોઈ શકીએ છીએ કે, "शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते." (ગી. અ. ૬, શ્લો. ૪૧)

માતાપિતાની ધાર્મિકતાની સાથે તેમનું અનુભવજ્ઞાન અને તે અંગેના ગુણો પણ નાના મોહનમાં ઊતર્યા. ગાંધી કુટુંબ ત્રણ પેઢીથી કારભારું કરતું. દાદાનો ને પિતાનો ટેકીલો સ્વભાવ અને એ સ્વભાવને

અંગે જોખમ વહોરવાની શક્તિ મોહનદાસમાં બીજરૂપે નાનપણમાં જ દેખાતી; તે આગળ ઉપર કેટલી વિશાળ ને ઉદાત્ત થવાની હતી તેનો ત્યારે કોઈનેય ખ્યાલ સરખોય નહીં હોય. પોરબંદર છોડી નવો આશ્રય શોધતાં દાદા ઓતા ગાંધીએ જૂનાગઢના નવાબને ડાબે હાથે સલામ ભરેલી કારણ જમણો હાથ તો પોરબંદરને અપાઈ ચૂક્યો હતો ! એ જ પ્રમાણે પિતા કરમચંદ ગાંધીને એક વાર ગોરા અમલદાર સાથે ઠાકોરસાહેબના અપમાનનો બચાવ કરતાં થોડા કલાક સારૂ રોકી રાખેલા. માફી ન માગી ને હાજતમાં રહેવાનું પસંદ કર્યું ! આવા ટેકીલા ને સ્વમાનના આગ્રહી પિતાનું અનુભવજ્ઞાન ઊંચું હતું. લોકો પાસે કામ કરાવવાની આવડત પણ સરસ હતી. "ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસો પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી." (આ. ભા. ૧, પૃ. ૧૩) "માતા પણ સાધ્વી છતાં વ્યવહારકુશળ હતી. "રણવાસમાં તેની બુદ્ધિની આંકણી ઠીક મુકાતી." (આ. ભા. ૧, પૃ. ૧૪) આવા વ્યવહારૂ ગુણોનો વારસો શરમાળ મોહનદાસમાં નાનપણમાં મોટે ભાગે ગુપ્ત જ રહેવા પામ્યો. છતાં એમના કેટલાક પ્રયત્નોમાં સૂતા જ્વાલામુખીના કેટલાક અંગારા બહાર પડતા જોઈ શકાય છે.

સ્વમાનનું ભાન બહુ તીવ્ર હતું. "પાઠ કરવા જોઈએ, ઠપકો સહન ન થાય." (આ. ભા. ૧, પૃ. ૧૬) આમ આ સ્વમાની બાળકને બીજોય એક ગુણ પ્રગતિપોષક થઈ પડ્યો. પહેલેથી જ સાચા બનવાની ને સૌને સાચા બનાવવાની ધગશ પેદા થયેલી હતી. નાનપણમાં તે અંતરમાં જ કામ કરતી એટલું જ. આમ પોતાની સાથે સૌની ચિંતા ને કાળજી કરવાની ટેવ નાનપણથી જ સ્વભાવગત હતી. બાળપણમાં ઉચ્ચ ભાવનાઓ અંતરમાં પોષાતી હતી. માંસભક્ષણની પાછળનો હેતુ અંગ્રેજોની માફક બળવાન થઈ તેમને હિંદમાંથી હાંકી કાઢવા શક્તિમાન થવાનો હતો ! નર્મદની કાવ્યકડીની પણ અસર થઈ ને અંગ્રેજોને હરાવવાના હેતુથી માંસ લીધું. સ્વાદ કે શોખ માંસ ખાવાનાં પ્રેરક ન હતાં. હોંશમાં

બીજાઓને પણ 'સુધારાપંથ'માં આમંત્રણ આપવાનો વિચાર શરૂઆતમાં હતો. "બીજાને તેવા થવા નોતરવા હતા, ને પછી અંગ્રેજોને હરાવી હિંદુસ્તાનને સ્વતંત્ર કરવું હતું." પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય તેમ ગાંધીજી વિષે તેમના બાળપણના બાહ્ય પ્રસંગો પરથી તો નથી લાગતું, પરંતુ એમની ત્યારની ભાવનાઓનું પરીક્ષણ જરૂર એ કહેવતને સિદ્ધ કરે તેમ છે. બાળસમજ પ્રમાણે તે વેળા શરીરબળથી અંગ્રેજોને હરાવવાની કલ્પના કરેલી, પરંતુ દેશને સ્વતંત્ર કરવાની તે ચગશે પાછળથી જ્વાલામુખીનું સ્વરૂપ ધારણ કરીને આખા દેશને જગાડયો અને શાંતિ અને સત્યાગ્રહને માર્ગે સ્વરાજ લેવાનો મંત્ર શીખવ્યો અને અંતે તેના વડે જ સિદ્ધિ મેળવી.

આ ભાવનાકાળની બીજી નોંધપાત્ર ખાસિયત તે સેવાપ્રેમ. આ સેવાપ્રેમમાંથી જ દુઃખની વહાર કરવાની વૃત્તિ પ્રગટ થઈ. સમાજ-સેવાનું સ્વરૂપ ધારણ કરી શકી. એ વડે જ દરિદ્રનારાયણની ઉપાસના કરવાનો વિચાર લોકપ્રિય બનાવી શકયા. એમાંથી જ યજ્ઞમય જીવનનો ધાર્મિક વિચાર ગીતામાં જોયો ને સહુને તે આચરણ વડે સમજાવી શકયા. આવી સેવાની સમૂહભાવનાનાં મૂળ નાનપણના સેવાપ્રેમના શોખમાં જોઈ શકાય છે.

૨

ભાવનાપુષ્ટિ

આવી ભાવનાવાળા જુવાન મોહનદાસને ઇંગ્લંડમાં ત્યાંના રહેવાસ દરમ્યાન ઉત્તમ વાતાવરણ મળી રહ્યું. સ્વતંત્રતા શું છે તે ત્યાં અનુભવી, જોઈ. સ્વતંત્ર લોકોની રહેણીકરણીનો સહજ અભ્યાસ થયો; તેમનો વર્તાવ જોયો ને પારખ્યો. સ્વતંત્રતાનો સંપૂર્ણ સ્વાદ ચાખ્યો. એટલું જ નહીં પણ ત્યાંના કેટલાક અનુભવો સ્વતંત્રતાની ભાવનાને પોષક બન્યા. એ વેળા રાજકારણ વિષે કશીય ગમ ન હતી. ત્યાંના રહેવાસથી અંતરની ભાવના પોષાઈ ને વિચારો ઘડાયા એટલું જ.

કારણ વિલાયત જતી વેળા પણ એમની નેમ તો બારિસ્ટર થવાની જ હતી. એમના કુટુંબના સલાહકાર માવજી દવેની કલ્પના પણ એમની બાપીકી કારભારીની ગાદી સાચવવા માટે જ હતી. એમણે તો એમના મોટાભાઈને સલાહ આપેલી, "તમ ભાઈઓમાંથી કોઈ કબા ગાંધીની ગાદી સાચવવા માગો તો તે ભણતર વિના નહીં મળે." ત્યારે કોઈનેય કયાં સ્વપ્નેય ખ્યાલ હતો કે મોહનદાસ હિંદનો ઘડવૈયો બની રાષ્ટ્રપિતાની ગાદી સંભાળનાર થનાર હતો!

ઇંગ્લંડના અનુભવો વેળા રાજકારણમાં તેમને કદી ભાગ લેવાનો આવશે એવો ખ્યાલ જ નહોતો. પરંતુ આકસ્મિક જે કેટલાક અનુભવો થયા તે તેમના આગળના કામને સારુ તૈયાર કરનારા હતા. પ્રથમ તો ભર્યું પગલું પાછું ન ઉપાડાય તેવો આગ્રહ ઇંગ્લંડ જતાં વેંત દાખવ્યો. શરૂઆતમાં ઘર યાદ આવે પણ "વિલાયત આવ્યો એટલે ત્રણ વર્ષ પૂરાં કરવાનો જ આગ્રહ હતો." આવા આગ્રહનું મૂળ દૃઢતા હતું. એ દૃઢતાને કારણે તેમના ઇંગ્લંડ જવાના નાતના વિરોધને શાંતિથી પ્રતિકાર કર્યા વિના સહી લીધો.

મંડળ રચવાના પણ અનુભવ મળ્યા. એક અન્નાહારી મંડળ કાઢયું. પોતે મંત્રી બન્યા. આ અનુભવ ટૂંકો હતો કારણ મંડળ લાંબું ન ચાલ્યું. "પણ આ નાના ને ટૂંકી મુદતના અનુભવથી મને સંસ્થાઓ રચવાનો ને ચલાવવાનો કંઈક અનુભવ મળ્યો! (આ. ભા. ૧, પૃ. ૯૭)

ઇંગ્લંડના નિવાસ દરમ્યાન ધાર્મિક વાચન, મનન અને તેની સાથે સૌની સાથે હળવામળવાની ને ચર્ચા કરવાની ટેવને લીધે એમનું ઘડતર થયું. નાની લાગતી આ બાબતોથી જ એમને સમૂહમાં કામ કરવાની સૂઝ આવી. આવી સૂઝ ને ઘડતર હવે પછી બહુ ઉપયોગમાં આવનાર હતાં.

એમના અપ્રતિકારના સ્વભાવગત ગુણની કસોટી હિંદ આવ્યા બાદ થવાની હતી. નાતે તેમને નાતબહાર મૂકયા. નાતના પ્રતિબંધોને

એમણે માન આપ્યું અને ગુપ્તપણે પણ તેને અવગણ્યા નહીં અને તેથી અંતે નાતનો પ્રેમ જીતી શક્યા. "આ મીઠું ફળ કેવળ અપ્રતિકારને આભારી છે એમ મારી માન્યતા છે." (આ. ભા. ૧, પૃ. ૧૪૫)

પણ વકીલાતમાં કંઈ ગમ નહોતી પડતી ને કાઠિયાવાડની રાજખટપટ મૂંઝવતી હતી. એમના સ્વમાની મગજને સ્વતંત્રતાના પૂરા ખ્યાલ મળી ચૂક્યા હતા. એવી સ્વતંત્રતા કાઠિયાવાડમાં જાળવવી મુશ્કેલ હતી. "હું મારી સ્વતંત્રતા કેમ બચાવી શકીશ એ વિચાર મને રહ્યા જ કરે." (આ. ભા. ૧, પૃ. ૧૬૦).

આમ સ્વતંત્રતાપ્રિય સ્વભાવને ઇંગ્લંડના વાતાવરણ અને સંજોગોની પુષ્ટિ મળી. અને ભવિષ્યના કામ માટેની પૂર્ણ માનસિક તૈયારી થઈ રહી.

૩

ઘડતર ને ચણતર

"૧૮૯૩ના એપ્રિલ માસમાં હું હોંશભર્યો દક્ષિણ આફ્રિકામાં મારું નસીબ અજમાવવા ઊપડ્યો." (આ. ભા. ૧, પૃ. ૧૬૪) ધન કમાવા માટે જ દક્ષિણ આફ્રિકા જવાનું થયું, પણ ભાગ્ય ક્યાં લઈ જવાનું હતું તે તે વેળા કોણ જાણતું હતું? ભાગ્યે કેટલું કામ કર્યું, પૂર્વની ભાવના કેટલી તેમાં કારણભૂત હતી તે કેમ કહી શકાય? પણ એટલું તો નિશ્ચિત જ છે કે અવસરને અનુકૂળ વર્તન કરવાની શક્તિ તો એમનામાં આવી ગઈ હતી.

પ્રિટોરિયા જતાં મેરિત્સબર્ગ સ્ટેશને અપમાન વેઠી ઊતરવું પડ્યું અને ત્યાં રાત્રે જે ગંભીર નિશ્ચય થયો તેની અસર એમના આખાય જીવન પર થનાર હતી. એમના સ્વમાની સ્વભાવનું અહીં સંપૂર્ણ દર્શન થઈ રહે છે. રંગદ્વેષનો સામનો કરવો કે પાછા જવું એ જ સવાલ હતો. દૃઢતા વહારે ધાઈ અને રંગદ્વેષનો સામનો કરવાનો નિશ્ચય થયો. તેમાં પોતાનો નહીં પણ હિંદી સમાજનો વિચાર રહ્યો હતો.

એમની પર થતા હુમલાઓને વેઠતા વધારે મક્કમ બનતા આગળ વધ્યા. આગળ વધવાના વિચારની પાછળ ભીષણ નિશ્ચય હતો. એ નિશ્ચયે એમને મહાબળ આપ્યું. ઇગ્લંડમાં સ્વતંત્રતાના સ્વાદ પછી તરત જ આફ્રિકામાં ગુલામી દશાના અનુભવથી એમનાં આંતરિક ભાવનાબળ ને ગુણો પૂરજોશમાં પ્રગટ થવા લાગ્યાં, અને એમના જીવનનું સુકાન બદલાયું.

પરદેશમાં આવતાંની સાથે એમનું પહેલાંનું શરમાળપણું ખરી પડ્યું. તેમાંય વળી નવા મુશ્કેલીભર્યાં સંજોગોમાં તે ટકી શકે એમ હતું જ નહીં. હિંદીઓ સાથે ભળવા માંડ્યું અને તેમનામાં ચેતન રેડવાના પ્રયત્ન આદર્યાં. હિંદીઓની એક સભા કરી, તેમાં એમનું જિંદગીનું પ્રથમ ભાષણ કર્યું અને તે સત્ય વિષે! સત્યની વેપારમાં અગત્ય સમજાવી હિંદીઓની રહેણીકરણી વિષેની જવાબદારીનું સૌને ભાન કરાવ્યું. ત્યાંની સૌની રહેણીકરણીથી જ હિંદના કરોડોનું માપ થતું હતું એ સ્પષ્ટ કર્યું. એમની આ ચેતવણી ગાંધીજીની એ વેળાની પણ ઊંડી જવાબદારીના ભાનની ખૂબ સૂચક છે. દેશનો એમને ખ્યાલ હતો. આ જવાબદારી સાથે હિંદીઓને બને તે રીતે ઉપયોગી થવા તેમની જે સેવા થાય તે કરવા માંડી. નિયમિતપણે સભા તો ભરાતી જ. હિંદીઓની રેલવે અંગેની હાડમારી અંગે પત્રવ્યવહાર કર્યો. અહીં જ તેમણે દક્ષિણ આફ્રિકાના રાજકારણનો પણ અભ્યાસ કર્યો. "આ અભ્યાસનો પાછળ જતાં મને પૂરો ઉપયોગ થવાનો છે એની મને મુદ્દલ ખબર નહોતી." (આ. ભા. ૧, પૃ. ૨૦૦) જે અનેક સંબંધો બંધાયા તે પણ જાહેર કામમાં ખૂબ ઉપયોગી થઈ પડ્યા.

રસ્તા પર ફૂટપાથ પરથી ધક્કો મારી ઉતારી મુકાવાના બનાવે ત્યાંના હિંદી નિવાસીઓ પ્રત્યેની લાગણી તીવ્ર કરી. "આમ મેં હિંદીઓની હાડમારીઓનો સાંભળીને અને અનુભવીને અભ્યાસ કર્યો... આ સ્થિતિ કેમ બદલી શકાય એ વિચારોમાં મારું મન વધારે ને વધારે રોકાવા લાગ્યું." (આ. ભા. ૧, પૃ. ૨૦૫)

શેઠ અબ્દુલ્લાનો કેસ પૂરો થયો ને એમને વિદાય આપવાને મેળાવડો થયો. અગ્રગણ્ય હિંદીઓ તેમાં ભેગા થયેલા. છાપામાં ઇન્ડિયન ફ્રેન્ચાઈઝ વિષે ફકરો વાંચ્યો ને તેમાંના એક ગંભીર સમાચાર વિષે સહુને વાત કરી. સૌ વસ્તુની ગંભીરતા સમજ્યા ને ગાંધીજીને રોકાઈ જવા આગ્રહ કર્યો. "આમ દક્ષિણ આફ્રિકામાં મારા સ્થાયી રહેઠાણનો પાયો ઈશ્વરે રચ્યો ને સ્વમાનની લડતનું બીજ રોપાયું." (આ. ભા. ૧. પૃ. ૨૧૯)

નાતાલ ઇંડિયન કોંગ્રેસ :— દક્ષિણ આફ્રિકામાં થોડો સમય રોકાઈ જવાનું ગાંધીજીએ કબૂલ્યું. કામ અંગે એમણે સંસ્થા સ્થાપવાની જરૂર જોઈ. અરજી કરીને બેસી ન જ રહેવાય. અને અરજીની પાછળ સંસ્થાનો ટેકો હોય તો તેનું બળ પણ વધે. વળી જાહેર કામ નિયમિત ને ચોક્કસપણે કરવાને સંસ્થા જ એક માત્ર ઉપયોગી સાધન છે. સંસ્થાનું નામ શું રાખવું એ વિચારણીય પ્રશ્ન હતો. હિંદી કોંગ્રેસના નામ ને કામ વિષે તે વાંચતા "હિંદના દાદાનાં દર્શન કર્યાં હતાં. તેમને હું પૂજતો હતો. એટલે કોંગ્રેસનો ભક્ત હોઉં જ. કોંગ્રેસનું નામ લોકપ્રિય કરવું એ પણ વૃત્તિ." (દ. આ. સ. પૃ. ૬૨) અને આ બધાં કારણોથી નવી સંસ્થાનું નામ 'નાતાલ ઇંડિયન કોંગ્રેસ' આપતાં તેનો જન્મ ૧૮૯૪માં થયો. આ નામથી હિંદી કોંગ્રેસની શક્તિ વધી એ તેની સાર્થકતા.

પણ સંસ્થાની સ્થાપનાથી કંઈ કામનો ઉકેલ આવી જતો નથી. તેની વ્યવસ્થા ને વ્યવહારનિયમો વધુ અગત્યના છે. ગાંધીજીએ અત્યાર સુધીના ઘડતરથી ઘડાયેલી વ્યવહારદૃષ્ટિથી કેટલાક એવા અચૂક વ્યવહારનિયમો અમલી બનાવ્યા કે જેથી સંસ્થા સરળતાથી પોતાનું કામ કર્યે જાય. પોતાનો અંગત ખર્ચ કોઈના પર ન નાખવા દેતાં વકીલાતના ધંધામાંથી જ તે મેળવવાનું નિશ્ચિત કર્યું. જાહેર કામ કદાપિ કરજ કરી ન કરવાનું નક્કી કરી લીધું. તેમ જોઈએ તે કરતાં વધુ પૈસા ન રાખવાની સમજણ પણ રાખી. હિસાબની અંગત કાળજીના પ્રભાવે

સંસ્થાનો હિસાબ પણ શુદ્ધ રાખવાનો આગ્રહ સચવાયો. ચોપાનિયાં છપાવી જાહેરાત કરવાની કલા પણ હસ્તગત કરી લીધી. આવી વ્યવસ્થાશક્તિ ને પ્રચારકલા સમય જતાં અનુભવે વધવા લાગી. સૌ કોઈ સભાનું કામકાજ સમજે તે સારુ બધું કામ માતૃભાષામાં જ ચાલે. લોકો આથી ઘડાવા લાગ્યા. એમને રાજકારણનો અનુભવ મળવા લાગ્યો.

અહીં શરૂઆતમાં પણ એમના અપ્રતિકારનો આવિર્ભાવ જોવા મળે છે. ગોરાઓના પક્ષની એટલે સામા પક્ષની દલીલોમાં જે વજૂદ હોય તે સ્વીકારી લઈ તે અપનાવવાનું સાક્ષીઓને કહેતા, તેમની સાથેના સુમેળના એકેએક પ્રસંગને વધાવી લેવામાં આવતો. અલબત્ત, સ્વમાન ને સ્વતંત્રતા જાળવીને જ આવો સુમેળ સધાતો. આવા અપ્રતિકારને કારણે કેટલાય ગોરા મિત્રોની સહાનુભૂતિ એમને અને કોમને મળી રહી.

ઉત્કટ સેવાની ઇચ્છાએ એમને સેવાના પ્રસંગો મળી રહ્યા. બાલાસુંદરમના કિસ્સાએ એમને જાહેરાત આપી. ગિરમીટિયાના બંધુ તરીકે ખપ્યા. સૌ હિંદીને લાગ્યું કે તેમને સારુ કોઈ કામ કરનાર નીકળી પડયું છે.

પાછળથી હિંદુસ્તાનમાં પણ જ્યાં દુઃખ અને અન્યાય હતાં ત્યાં વહારે ધાયા અને તેથી લોકોને એમ મનમાં વસ્યું કે એમને માટે સદા સર્વદા કામ કરવાને કોઈ નીકળી પડયું છે અને તેથી તેમનું નામ ઘરે ઘરે પરદુઃખભંજન મહાત્મા તરીકે જાણીતું થઈ ગયું.

બાલાસુંદરમ્ પાસે ફેંટો બંધાવ્યો તેથી તે રાજી થયો. ગાંધીજી એથી વધુ રાજી થયા. સ્વમાન આપી સ્વમાન લેવા વધારવાની શુભ લાગણી સિવાય આમાં કશું વધુ ન હતું. સાચું સ્વમાન બીજાનું સ્વમાન રાખવાનું શીખવે જ. "બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતાં હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી શક્યો નથી." (આ. ભા. ૧, પૃ. ૨૪૦) એમણે માન આપીને જ માન મેળવવાનો માર્ગ લીધો; તે એટલે સુધી કે શત્રુ ગણાતા સામા પક્ષ

વિષે પણ હમેશ એમણે એવું જ આચરણ સદાય રાખ્યું હતું. હિંદમાં આવીને પણ એમણે એ રીતે જ શક્તિશાળી આગેવાનોને વધુ મોટા બનાવ્યા. માટીમાંથી માનવી બનાવવાની એમની શક્તિ આ ગુણને ઘણે અંશે આભારી છે. એમની પાસે જનારો માણસ હમેશ લબ્ધપ્રતિષ્ઠ થઈને જ પાછો ફરતો. એ જ એમના સ્વભાવની એક ભારે વિલક્ષણતા હતી. એની બિસંટની હિંદી માત્ર પર સાચી એવી ટીકા હતી કે હિંદીઓ સામાન્ય રીતે બીજાને પાડીને મોટા થવા પ્રયત્ન કરે છે. ગાંધીજી એ ટીકાના ભારે અપવાદરૂપ નીવડ્યા એટલું જ નહીં પણ એમણે માન આપીને માન મેળવવાના શુભ ગુણનો મોટા પાયા પર અમલ કરી દેશને ગૌરવાન્વિત બનાવ્યો.

એ સેવાક્ષેત્રનો વિસ્તાર થવાની પાછળ બીજાં કારણો પણ હતાં. લોકો પાસે કામ કરાવવાની તેમનામાં સહજ આવડત હતી. પોતાના ઉદ્યમી સ્વભાવનો ચેપ લગાડી તેઓ સૌને કામગરા બનાવી દેતા. તેથી નાતાલ ઇંડિયન કૉંગ્રેસના સભ્યો ઝપાટાભેર નોંધાયા. એમનો અદમ્ય ઉત્સાહ કામમાં ચેતન રેડતો. એ ઉત્સાહ ગમે તેવી નિરાશાનો પણ સામનો કરવા સમર્થ હતો. જેમ મુશ્કેલી વધુ તેમ તે ઉત્સાહ વધતો. લોકમાનસની તેમને સરસ પકડ આવી કારણ કે સેવા અંગે અનેકોને મળવાનું થતું. નિષ્કામ ભાવે સેવા કરતાં લોકમાનસનો અભ્યાસ સહેજે થવા પામ્યો. લોકો આકર્ષાયા પણ આ સેવાની ભાવનાને કારણે અને તેથી તેઓ તેમનાં વચનો તરત જ ઝડપી લેતા. આવી સેવામાં એમને તો હમેશ આનંદ જ મળતો. “જે સેવામાં આનંદ મળે છે તે સેવા આગળ એશઆરામ કે ધનોપાર્જન ઇત્યાદિ પ્રવૃત્તિ તુચ્છ લાગે છે.” (આ. ભા. ૧, પૃ. ૨૭૦). આવા શુદ્ધ આનંદનો પાસ લગાડી લોકોને ખેંચવામાં તેઓ સફળ થયા.

પ્રચારશક્તિ :— નવા કાયદાની સામે અરજી કરીને કે દક્ષિણ આફ્રિકામાં જ હિંદીઓમાં પ્રચાર કરીને બેસી રહેવાનું એમને યોગ્ય ન લાગ્યું. હિંદનો સાથ પણ લેવો જોઈએ એમ લાગતાં હિંદનો ટૂંકો પ્રવાસ

આદર્યો. હિંદમાં આવી નેતાઓને મળ્યા. બધા તરફથી મદદની આશા અપાઈ. છાપાંઓના તંત્રીઓને મળ્યા. છાપાંની પ્રચારશક્તિની અગત્ય તે સમજી ગયેલા અને તેથી અનેક મોટાં ગણાતાં છાપાંઓના તંત્રીઓનો સંપર્ક સાધ્યો. મોટે ભાગે સાથની આશા અપાઈ. મુંબઈમાં સભા થઈ. લખેલું ભાષણ વાંચવાનું હતું પણ ન વાંચી શક્યા. વાચ્છાએ એ વાંચી સંભળાવ્યું અને લોકો ખુશ થયા. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ સૌ સમજ્યા. ફિરોજશાને સંતોષ થયો. હજુ એમનામાં ભાષણ કરવાની હિંમત આવી ન હતી, છતાં પોતાનું જાહેર કામ તે વિના અટકતું નહીં. એ કળામાં પોતાની શાંત રીતિ પાછળથી એટલી ખીલી કે હજારોના દિલ પર ધારી અસર કરવાની શક્તિ એમનામાં આવી. ભાષણની છટા કરતાં વસ્તુ અને તેના તથ્ય પર એ ભાર મૂકતા અને એ તો એમની પાસે વિપુલ પ્રમાણમાં હતું. એક વખત એવો પણ આવેલો કે ૧૯૧૯ની નાગપુર કોંગ્રેસમાં તેમણે વિરુદ્ધ બહુમતીને એક જ ભાષણથી પોતાની કરી લીધેલી. એમાં એમની સત્યપૂત વાણીની જ બલિહારી હતી.

વફાદારી:— હિંદીઓ સારુ આવા પ્રચારની પાછળ પણ રાજનિષ્ઠા જ રહેલી હતી. રંગદ્વેષ બન્ને પ્રજાઓને નુકસાનકર્તા હતો એમ તેઓ માનતા. ને તેથી રંગદ્વેષનો નાશ કરવો એ જ એક સાચા રાજનિષ્ઠનું કર્તવ્ય હતું. આવી વફાદારીને ફરજ રૂપ સમજીને જ સદા એમણે તે અદા કરી હતી. આ કારણે જ તેઓ અંગ્રેજોના રાષ્ટ્રગીતમાં હોંશભેર ભળતા ને તેનો સૂર શીખી લઈ સૌની સાથે પોતાનો સૂર મેળવતા. આવી વફાદારી ઠેઠ સુધી ટકી એમ કહેવું જોઈએ. હિંદમાં આવ્યા બાદ જ્યારે હિંદી સરકારને રાક્ષસી સરકારના નામે નવાજી ત્યારેય આ જ વફાદારી કામ કરી રહી હતી. અંગ્રેજો તરફ નહીં પણ અંગ્રેજી રાજ્યના અન્યાય સામે એમનો વિરોધ હતો. અન્યાય તો અન્યાય કરનારનેય હાનિકર્તા છે તેથી અન્યાયનો નાશ અન્યાયીને પણ લાભકર્તા છે. આવી અસાધારણ વફાદારીને કારણે જ એમનામાં

૧૦

શત્રુને મિત્ર કરવાની કળાનો જન્મ થવા પામ્યો. અને એથી જ અંત સુધી તેઓ અંગ્રેજોના મિત્ર રહ્યા અને હિંદની સ્વરાજક્રાંતિ વિના વેરભાવે થવા પામી. આ કારણે એમનો પોતા વિષેનો નીચેનો દાવો અતિશયોક્તિ ભર્યો નહીં પણ વાસ્તવિકતાને રજૂ કરનારો હતો એમ કહેવું જોઈએ. "શુદ્ધ રાજનિષ્ઠા મેં જેટલી મારે વિષે અનુભવી છે તેટલી ભાગ્યે જ બીજામાં મેં જોઈ હોય. એ રાજનિષ્ઠાનું મૂળ સત્ય ઉપરનો મારો સ્વાભાવિક પ્રેમ હતો એમ હું જોઈ શકું છું." (આ. ભા. ૧ પૃ. ૨૬૬)

राजकारण ने स्वधर्म:—મુંબઈમાં પેસ્તનજી પણ મળ્યા. જેની મદદ મળે તેની લેવી એ આશાએ એમણે એકેય મિત્રને નહોતા છોડ્યા. પેસ્તનજીને તો ગાંધીજી જેવા દક્ષિણ આફ્રિકા જેવા દૂર દેશમાં ખરચાઈ જાય તે પસંદ ન પડ્યું. તેથી એમની પાસેથી તો મદદની આશા ન મળી. હિંદને સ્વરાજ મળે તો દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન આપોઆપ ઊકલે એમ એમની દલીલ હતી: દલીલમાં વજૂદ હતું છતાં તેમાં દોષ પણ હતો. આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો વાયદો ન ચાલે તેમ દક્ષિણ આફ્રિકામાં સળગતા પ્રશ્નનો ઇલાજ હિંદના ભાવિ પર છોડી શકાય એમ હતું જ ક્યાં? અને ગાંધીજીએ ઉપાડેલું કામ શોધીને કરવા નહોતું માંડ્યું! એ તો આવી પડેલો સ્વધર્મ હતો. અને સ્વધર્મને તો મૃત્યુ મળે તોપણ ન છોડવાની શ્રદ્ધા હતી. જે ઈશ્વરે મોકલ્યું ને સહેજે આવી પડ્યું તે સેવાકર્મ કરતા ગયા. એ રીતે ક્રમશઃ હિંદ આવ્યા બાદ એમનું સેવાક્ષેત્ર એટલું વધવા પામ્યું કે આખો હિંદુસ્તાન એમનું કાર્યક્ષેત્ર બન્યો. એમાંથી કંઈક મોટાં કામ થયાં, કંઈક ઉત્તમ વસ્તુઓની હિંદને ને જગતને ભેટ આપી શક્યા. રાજકારણમાં આચરી બતાવેલો આવો સ્વધર્મ બહુ ફલદાયી થયો. આ સ્વધર્મના વિચાર સાથે જ જોડાયેલો એમનો વ્યવહારુ એવો બીજો નિયમ તે વર્તમાન પૂરતી જ પૂરી કાળજી રાખી કામ કર્યે જવાની ટેવ. ભવિષ્યના કિલ્લા ન બાંધવાની શુભ આદત અનુભવથી શીખી ગયા હતા. દૂરના

ભાવિની વ્યર્થ ચિંતા કરવાને બદલે વર્તમાનને જ સંભાળતાં ભાવિ હાથ આવે છે એવો સુવર્ણ નિયમ એમણે પાળ્યો. સ્વધર્મનો એ પેટાભાગ બની રહ્યો. દક્ષિણ આફ્રિકાની લડત એ આવા સ્વધર્મની શરૂઆત હતી.

ઊંડાં પાણીમાં :— ગાંધીજીની રાજકારણીય લડતો ને કાર્યો એટલાં વિવિધ ને વિપુલ પ્રમાણમાં છે કે તે દરેકની વિગતવાર નોંધ અત્રે આપવી અશક્ય છે. તેની જરૂર પણ નથી. ઇતિહાસને ક્રમે સત્યાગ્રહ શાસ્ત્રનો જન્મ કેમ થયો ને ક્રમશઃ કઈ રીતે તે વિકાસ પામ્યું તેનું વિવેચન કરવું જ ઇષ્ટ માન્યું છે.

હિંદુસ્તાનથી પાછા ફરતાં, પહેલાં તો તેમને ડરબન ન ઊતરવા દેવાની ગોરાઓએ ધાંધલ મચાવી. પણ આગબોટ પરના હિંદીઓ અડગ રહ્યા ને અમુક દિવસ બાદ ગાંધીજી જ્યારે નીડરપણે બંદરે ઊતર્યા ત્યારે તેમના પર ગોરા તોફાનીઓએ હુમલો કર્યો. દૈવવશાત્ તેમાંથી બચી જવા પામ્યા. નીડરતા અને સ્થિરતાથી તોફાનનો સામનો કર્યો તે કસોટી કરતાં વધુ વીરતાનું કામ તો હુમલાખોરોને બિનશરતી ક્ષમા આપવાનું હતું. આ ક્ષમાની અસર ગોરાઓ પર શુભ જ થઈ. તેથી તેમની અને હિંદી કોમની આબરૂ વધી. છાપાંઓએ ગાંધીજીનો જ પક્ષ લીધો. "અને પરિણામે મને લાભ જ થયો. અને મારો લાભ તે કાર્યનો જ લાભ હતો." (આ. ભા. ૧, પૃ. ૩૦૪) કોમના કામ સાથે કેટલી તન્મયતા આ દરમ્યાન સાધી હતી તે પણ આ કાર્યલાભની કાળજીથી સ્પષ્ટ થઈ રહે છે.

અને ક્ષમાભાવનાની પાછળ પણ કેટલી ઊંડી માનવસ્વભાવની સમજ રહેલી હતી! જે પ્રચાર એમણે હિંદમાં પોતાના કામ અંગે કરેલો તે ખૂબ હળવો ને ન્યાયી હતો. "પણ અનુભવથી હું એટલું જાણતો હતો કે કોઈ પણ કિસ્સાનું વર્ણન અજાણ્યા માણસની આગળ કરીએ ત્યારે તેમાં આપણે જેટલો અર્થ સમાવ્યો હોય તેના કરતાં અજાણ્યો સાંભળનાર કે વાંચનાર વધારે જુએ છે." (દ. આ. સ. પૃ. ૭૧)

આ રીતે ગોરાઓના ઉશ્કેરાટને સમજતાં તેમના તરફ જરાય એમને રોષ ન થયો. સાચી સમજનું મૂળ હંમેશાં પ્રેમમાં હોય છે. ગોરાઓ પ્રત્યે પણ પ્રેમ જ હતો એટલે એમના દોષને પણ તેઓ સમજી શક્યા એ સમજ અને પ્રેમને કારણે ક્ષમા આપવી એ એમને માટે એક સ્વાભાવિક પગલું હતું.

આ બધા બનાવો એમને નજીકના ભાવિમાં પેદા થનાર સત્યાગ્રહને સારુ તૈયાર કરી રહ્યા હતા. આથી પોતાને અને કોમને લાભ થયો. "હું પણ વધારે ઘડાયો અને હવે એ દિવસનો વિચાર કરતાં એમ જોઉં છું કે ઈશ્વર મને સત્યાગ્રહને સારુ તૈયાર કરી રહ્યો હતો." (દ. આ. સ. પૃ. ૮૩)

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ના અદ્ભુત પ્રસંગોમાં એક બીજી વસ્તુ પણ પ્રગટ થવા પામી. શસ્ત્રધારી આપે તે જ કેવળ ક્ષમા ગણાય એમ નહીં, પણ નિઃશસ્ત્ર પણ આત્મબળને પ્રતાપે સર્વોચ્ચ પ્રકારની ક્ષમા દાખવી શકે છે એનું રાજકારણમાં પ્રથમ વાર દર્શન થયું. આવી ક્ષમાનું મૂળ પ્રેમભરી નિર્ભયતામાં રહેલું છે. એમના પરના અંતિમ ઘાતક હુમલા પહેલાં જે નિર્ભયતા બતાવી અને પ્રાર્થનાસભામાં પોલીસ ગોઠવવાનો ઇન્કાર કરી જે નિર્ભયતા દાખવી તેવી જ નિર્ભયતા એમના પ્રથમ વારના ઉપર કહેલા હુમલા વખતે પણ બતાવી હતી. હુમલા પછી જ્યારે આગળ ચાલતાં ચોકી આવી ને ફોજદારે ચોકીનો આશરો લેવા કહ્યું ત્યારના તેનો ઇન્કાર કરતા તેમના શબ્દો જાણે પૂર્ણ પકવાવસ્થાએ તાજેતરમાં જ બોલાયા હોય તેવા લાગે છે! "મારે તો મારે ઠેકાણે પહોંચ્યે છૂટકો છે. ડર્બનના લોકોની ન્યાયવૃત્તિ પર અને મારા સત્ય પર મને વિશ્વાસ છે." (દ. આ. સ. પૃ. ૭૯)

આ રીતે સામા પક્ષ સાથે ઉદારભાવે વર્તન રાખતાં છતાં કોમની સેવા અર્થે ચળવળ તો ચાલુ જ રાખી હતી. જેમ એક બાજુ હિંદ સાથે સંબંધ રાખી ત્યાંથી હિંદીઓની સહાનુભૂતિ અને સહાય મેળવી તે જ રીતે વિલાયતમાં પણ એવો સંબંધ કોંગ્રેસની બ્રિટિશ કમિટી

સાથે બાંધ્યો. હિંદના દાદા દાદાભાઈ પર ને કમિટીના પ્રમુખ વિલિયમ વેડરબર્ન પર સંપૂર્ણ હકીકતના તાર ને પત્ર નિયમિત મોકલવામાં આવતા. દાદાભાઈ તરફથી નિયમિત જવાબ મળતા અને "એમને કંઈ કહેવાનું ન હોય તો છેવટે પહોંચ પણ વળતી ટપાલે આવી જ હોય. અને તેમાં આશ્વાસનની એક લીટી તો દાખલ હોય જ." હિંદના મહાન દાદા તરફનું આશ્વાસન ખૂબ પ્રોત્સાહન આપનારું થઈ પડતું. તે એમને ગમતું અને એમાંથી જ ગાંધીજીએ જાણે કે એવું પ્રોત્સાહન સાથીઓને આપવાની સુટેવ પોતે જ શીખી લીધી. ઘણાય વ્યવહારનિયમો આ રીતે એઓ સંસર્ગલાભથી શીખતા ગયા. છેલ્લાં વરસોમાં જ્યારે એમની સરખામણી ભગવાન બુદ્ધ સાથે કરવામાં આવેલી ત્યારે પોતા વિષે કહેલું કે હું એવી કોઈ ઉપમાને લાયક નથી; હું એક વિશાળ અનુભવવાળો અને ડહાપણવાળો માણસ છું. એમના સંસર્ગનું ક્ષેત્ર જેમ વધતું ગયું તેમ તેમ શુભદૃષ્ટિ ને સત્યગ્રહણને કારણે જ્યાં જ્યાંથી જે જે સુંદર ને સારું જડયું તે પોતાની રીતે સંઘરતા ગયા અને તે સંગ્રહથી એમના અહિંસક સ્વભાવને પોષણ મળ્યું. સત્યાગ્રહીના વ્યવહાર-નિયમો ને તેનો આચાર જીવનમાં અનાયાસે આ રીતે વણાતાં હતાં અને જે જે શુભ અવસર મળતા તે પકડી લેવાની શક્તિ પણ તીવ્ર બની હતી. સામા પક્ષની સેવાની તક ઝડપી લઈ તેમને જીતી લેવાનો અવસર બોઅર લડાઈ ફાટી નીકળતાં એમને પ્રાપ્ત થયો. હિંદીઓમાં એવો પક્ષ હતો જે માનતો કે આ લડાઈનો લાભ લેવો; યા ઓછામાં ઓછું લડાઈમાં તટસ્થ રહેવું. શત્રુની આફતનો લાભ ન લેવાનો આગ્રહ ગાંધીજીનો હતો એટલું જ નહીં પણ એમણે તો વિરુદ્ધ પક્ષને મદદ કરી તેમને પોતાના કરવાનો એ અવસર હતો એમ સૌને મનાવ્યું. બોઅરો સાથેના યુદ્ધમાં અંગ્રેજોને એમ પ્રતીતિ કરાવી દેવી જોઈએ કે હિંદીઓ પણ બ્રિટિશ રૈયત હતા. અને આફતને સમયે એક થઈ સમાન ભાવે તેમની પડખે ઊભા રહેવા તૈયાર હતા. દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોનો હિંદીઓ સામે એ આરોપ હતો કે હિંદીઓ તો કેવળ ત્યાં

પૈસા કમાવા જ આવેલા હોઈ તેઓ તેમના પર બોજારૂપ હતા. તેથી ગાંધીજીએ માન્યું ને સૌને મનાવ્યું કે "જે આરોપને આપણે ખોટો માન્યો છે અને ખોટો સાબિત કરવાનો આપણને અનાયાસે અવસર મળ્યો છે, તે અવસરને જતો કરવો એ આપણે હાથે જ આરોપ સાબિત કર્યા બરાબર થશે." (દ. આ. સ. પૃ. ૯૭) અને તેથી બોઅર લડાઈમાં તનમનધનથી મદદ કરવાનું ઠરાવ્યું અને 'સુવર્ણ અવસર'ને સાધ્યો.

વળી હિંદુસ્તાનની ઉન્નતિ બ્રિટિશ સામ્રાજ્યમાં સંપૂર્ણતયા થઈ શકે એવો અભિપ્રાય સૌની સાથે ગાંધીજીનો પણ હતો. અને તેથી "મારી વફાદારી મને તે યુદ્ધમાં ભાગ લેવા બળાત્કારે ઘસડી ગઈ." (આ. ભા. ૧. પૃ. ૩૩૧) લડાઈમાં ઘાયલ સૈનિકોની સારવારનું સરસ કામ હિંદી ટુકડીએ કર્યું એથી હિંદીઓની પ્રતિષ્ઠા વધી.

દક્ષિણ આફ્રિકાની સરકારની સેવાની પાછળ પ્રેરક બળ તો માનવ સ્વભાવ પર એમનો અટળ વિશ્વાસ હતો. એટલું જ નહીં પણ બૂરા માણસમાં પણ શુભ વૃત્તિઓ હોય છે ને તે સેવા તથા પ્રેમથી જગાડી શકાય એવી એમની દૃઢ માન્યતા હતી. નબળા દેખાતા માનવીમાં પણ પ્રસંગ પડચે વીરતા પેદા થાય છે, પેદા કરી શકાય છે. આનો સચોટ દાખલો પરભુસિંગમાં મળ્યો. ગરીબ દેખાતા પરભુસિંગે જાનને જોખમે પણ ટોકરો વગાડી નગરવાસીઓને સાવચેત રાખવાનું સતત કામ બોઅર યુદ્ધમાં કરી બતાવેલું. આ દૃષ્ટાંતમાંથી એમના સ્વભાવ અનુસાર ગાંધીજીએ બે વસ્તુ તારવી. "એક તો કોઈ પણ મનુષ્યને હલકો કે નજીવો ન ગણવો, બીજું, ગમે તેવો ભીરુ માણસ હોય એ પણ અવસર આવ્યે વીર બની શકે છે." (દ. આ. સ. પૃ. ૧૦૭) માટીમાંથી વીર બનાવવાની એમની સહજ સિદ્ધ કલાની પાછળ આવી ઉદાત્ત ભાવના ને દૃષ્ટિ રહેલાં હતાં. તેને લીધે જ સામાન્ય દેખાતા માનવીમાં જે શુભ, સુંદર ને ઉદ્દામ તત્ત્વો સુપ્ત પડેલાં છે તેમને જાગ્રત કરવાની શક્તિ એમનામાં પેદા થઈ. આવી શુભ દૃષ્ટિ માનવી સ્વભાવ પર

અવિચળ શ્રદ્ધામાંથી જ જન્મ પામી શકી. અહિંસક સૈન્યના સેનાપતિને શોભે એવી આ દૃષ્ટિ વડે જ્યાં ગયા ત્યાં સૈન્યો ખડાં કરી શક્યા, નિરાશામાં આશા પેદા કરી અને મુડદાલમાંથી વીર પેદા કરી શક્યા. પણ પ્રજાનાં ગુણગાન કરી તેને ફુલાવીને કામ લેવાનું કદાપિ તેમને રુચ્યું નથી. હિંસક યુદ્ધોમાં આવું ઘણું બને છે ને જમાનાથી બનતું આવ્યું છે. પરંતુ સત્યાગ્રહની શુદ્ધ લડતમાં પોતાના દોષ તો પહેલા જોવાના હોય. એની શુદ્ધિ કર્યા બાદ કે તે કરતાં પોતાના સારુ ન્યાય મેળવવા લડવાનું હોય. આથી દક્ષિણ આફ્રિકાનાં આંદોલનો વેળા તેમણે હિંદીઓના દોષ બતાવતાં જરાય આનાકાની કરી ન હતી. "ફરિયાદ કરવામાં કે હકો માગવામાં હું જેટલો દૃઢ હતો તેટલો જ આંતરિક સુધારણા સારુ ઉત્સાહી ને દૃઢ હતો" (આ. ભા. ૧ પૃ. ૩૩૬) આથી તેમણે હિંદીઓની ગંદી ટેવો વગેરે અંગે કાળજી લીધી. મરકી વેળા પણ માથાતૂટ સેવા બજાવી. સેવા બજાવીને હિંદીઓના દોષોનું તેમને ભાન કરાવ્યું.

આમ દક્ષિણ આફ્રિકાનું કામ પૂરું થયું એમ લાગતાં દેશ જઈ હિંદુસ્તાનની સેવા કરવાનો વિચાર સાથીઓની જરૂર પડયે પાછા ફરવાની શરતી રજા પછી કર્યો. એક મહિનો રહેવાનું પ્રથમ ધારેલું તેને બદલે છ વર્ષ પસાર થઈ ગયાં. પરંતુ તે દરમ્યાન ઘણું ઘણું તેમણે શીખી લીધું હતું. ભવિષ્યના કામ સારૂ ભાથું પણ સારા પ્રમાણમાં તૈયાર થઈ ગયું હતું. જીવનનું દૃષ્ટિબિંદુ જ બદલાઈ ગયું હતું. સ્વાર્થને બદલે સેવાધર્મનો પાઠ હું દક્ષિણ આફ્રિકામાં શીખી ગયો હતો. તેની લહે લાગી હતી." (દ. આ. સ. પૃ. ૧૦૮)

સત્યના આગ્રહપૂર્વક સહજ આવી પડેલા સેવાકામમાંથી અનાયાસે એમનું ઘણું ઘડતર આમ થવા પામ્યું. સહજ સુલભ કર્મને કરતાં કેવું કેવું જીવનમાં નીપજી શકે છે તેનું દક્ષિણ આફ્રિકાનો તેમનો રહેવાસ વિરલ ઉદાહરણ છે. આખાય અનુભવના પાયારૂપ એ જ વસ્તુ હતી સત્યનો આગ્રહ ને અપ્રતિકાર. "સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેને

જેમ સેવો તેમ તેમાંથી અનેક ફળો નીપજતાં જોવામાં આવે છે. તેનો અંત જ હોતો નથી. જેમ જેમ ઊંડે ઉતરીએ તેમ તેમાંથી રત્નો મળ્યાં કરે છે, સેવાના પ્રસંગો જડ્યા કરે છે.” (આ. ભા. ૧. પૃ. ૩૩૭)

દેશગમન ને કૉંગ્રેસનો અનુભવ

સમાજસેવકની બધી ભૂમિકાઓમાંથી ને બધી કસોટીઓમાંથી ગાંધીજી પસાર થયા હતા. દક્ષિણ આફ્રિકાથી હિંદ આવતાં વિદાય વેળાએ કિંમતી ભેટોનો ઢગલો થયો. સેવાપ્રેમી એમના મને નિશ્ચય કર્યો કે સેવાનો બદલો ન જ લેવાય. “સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું.” (આ. ભા. ૧. પૃ. ૩૩૯.) એનું ટ્રસ્ટ થયું અને આપત્તિફાળા તરીકે એ બેંકમાં મુકાયું.

આ રીતે ચાલુ જમાનામાં સેવકનો ધર્મ શો હોય ને તેણે જીવનના જુદે જુદે પ્રસંગે કેમ વર્તવું એનાં સચોટ ઉદાહરણો ગાંધીજીના આચારપ્રધાન રાજકીય જીવનમાંથી મળી રહે છે. આજે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરનાર સેવકને માટે માર્ગ સરળ છે, સ્પષ્ટ છે. કારણ કે સેવાનો અગમ માર્ગ હવે ટિપાયેલો તેની સામે પડ્યો છે. કૉંગ્રેસે ૧૯૩૭માં પ્રધાન મંડળો સ્વીકાર્યાં ત્યારે પ્રધાનો પ્રજાના સેવકો થઈ રહ્યા. તેમની આગળ સેવકનો સાચો રાહ સ્પષ્ટ હતો; ગાંધીજીના ‘હરિજન’ દ્વારા રોજબરોજના પ્રશ્નોમાં માર્ગદર્શન તો હતું જ. પ્રધાનોએ પ્રજાના આપેલ માનપાનમાં જ ખૂંચી ન જવાના એમના આદેશની ઊંડી અસર પડતી. એનું બળ વર્ષો પૂર્વેના એમના આ કીમતી ભેટોના ત્યાગમાં ને એવા ત્યાગપરંપરામય જીવનમાં રહેલું હતું.

દેશમાં ગયા બાદ કલકત્તાની મહાસભાની મુલાકાત ઘણી રીતે એમને માટે અગત્યની થઈ પડી. મહાસભાનો એ એમનો પહેલો અનુભવ હતો. સર ફિરોજશા મહેતા સાથે એમનું ગાડીમાં જવાનું થયું,

ને રસ્તામાં જ એમના ઉત્સાહ પર ઠંડું પાણી રેડાયું. જ્યાં સુધી હિંદમાં જ હિંદીઓને સત્તા ન મળે ત્યાં સુધી સંસ્થાનોમાં કશુંય ન વળે એવું સર ફિરોજશાનું અનુમાન હતું.

મહાસભાના ચિત્રવિચિત્ર અનુભવ થયા. સ્વયંસેવકોમાં ગેરવ્યવસ્થા, સેવાની અનાવડત અને તેમની એક બીજા પર હુકમ કરવાની ને કામ સેરવવાની ટેવ ખૂંચે એવી હતી. એ જ રીતે રસોડાંની અવ્યવસ્થા પરથી ને તેમાં રહેલી અસ્પૃશ્યતાની ભાવના પરથી તે વેળાની મહાસભાનો ક્યાસ બાંધી શક્યા. ગંદકી પાર વિનાની હતી. તે જમાનામાં સ્વયંસેવક પાયખાનાની ગંદકી શેનો સાફ કરે ? પોતા પૂરતા તો ભંગી બની ને પોતાનું કામ સાર્યું. "મેં સાવરણાની માગણી કરી. પેલો સામું જોઈ રહ્યો. મેં સાવરણો પેદા કરી લીધો. પાયખાનું સાફ કર્યું." સાવરણો પેદા કરી લેવાની આવડત ગાંધીજીમાં તે વેળાય હતી. જેમ મહાસભાની બાહ્ય ગંદગી સાફ કરી — ભલે પોતા પૂરતી — તે જ રીતે આગળ ઉપર હિંદમાં આવી મહાસભાની આંતરબાહ્ય શુદ્ધિ કરી એટલું જ નહીં પણ તેનું આખુંય માળખું બદલી નાખ્યું ને તેમાં પ્રાણ પૂર્યા. એવી શુદ્ધિ માટે સત્યાગ્રહનો સાવરણો દક્ષિણ આફ્રિકાથી તૈયાર કરી લાવ્યા.

ભંગીકામની સાથે એમણે કારકુન ને 'બૅરા'નું કામ પણ કર્યું — રાજીખુશીથી ને વડીલો તરફના પૂજ્યભાવથી પ્રેરાઈને પણ નેતાઓની રીતભાત, વખતની બરબાદી અને અંગ્રેજી ભાષાનું પ્રાબલ્ય જોઈ દુઃખ થયું. અગત્યનાં કામ વેડફાતાં જોયાં. આવો જ અનુભવ વિશાળ પ્રમાણમાં આગળ ઉપર થવાનો હતો. દક્ષિણ આફ્રિકાની લડત જીતીને હિંદ આવી, ગોખલેજીની સૂચના ને સલાહ મુજબ હિંદનું એક વર્ષ પર્યંત પર્યટન કર્યા બાદ બધેય ગંભીરતાનો અભાવ ને ઉપરચોટિયાપણું જ જોયાં. હિંદમાં વર્ષ દરમ્યાન શું જોયું તેના જવાબમાં સદુઃખ કહેલું કે બધેય નાટારંભ ચાલી રહેલો હતો. એમાં મોટા મોટા નેતાઓ પણ અપવાદ ન હતા. વસ્તુસ્થિતિની ટીકા એમનું મન કરે તે વાસ્તવિક હોઈ તેમાં સંકોચને સ્થાન ન હતું. પણ એ ટીકાની પાછળ પણ

ઉદારતા હતી, સુધારણા કરવાની ઉમેદ હતી, કુટુંબજનની સહાનુભૂતિ હતી. "મારું મન આ બધી સ્થિતિની ટીકા કર્યાં કરતું હતું. પણ ચિત્ત ઉદાર હતું તેથી જે થાય છે તેમાં વધારે સુધારો અશક્ય હશે એમ માની લેતું હતું, ને કોઈના પ્રત્યે અણગમો નહોતો થતો." (આ. ભા. ૧. પૃ. ૩૪૯.)

મહાસભાના એમના પહેલા અનુભવમાં એમને ભાગ્યે જ પાંચેક મિનિટ દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન વિષે બોલવાની રજા મળી. તે વિષેનો ઠરાવ પસાર થયો ને સંતોષ માન્યો; નાસીપાસ ન થયા. નિરાશા તેમણે કદી જાણી જ નહોતી. કાગળ પરના ઠરાવનું મહત્ત્વ એમને મન વિશેષ ન હતું છતાંય મહાસભાની મહોર લાગી એ જ એમના આનંદને સારુ બસ હતી.

ગોખલે અને ગાંધીજી

મહાસભા પૂરી થયા બાદ કલકત્તામાં ગાંધીજીને ગોખલેજી સાથે એક માસ રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ગોખલે તરફથી પ્રોત્સાહન તો એમને પહેલેથી જ મળતું જ રહેલું. ગાંધીજીના સ્વાવલંબનની, સુઘડતાની, સાદાઈ ને નિયમિતતાની એમના પર સરસ છાપ પડી અને એથી એમના ગુણોનાં મુક્ત કંઠે સૌ આગળ વખાણ કરવા લાગ્યા. પહેલી નજરે પ્રેમીઓ પ્રેમમાં પડે તેમ એ બેની વચ્ચે હૃદયની એકતા જામી ને પ્રેમગાંઠ બંધાઈ. "ખરે જ પહેલી દૃષ્ટિએ જે પ્રેમમાં પડેલાંઓના જેવો જ અમારો સંબંધ હતો." (ભારતસેવક ગોખલે. પૃ. ૬).

ગોખલેને ગાંધીજીથી ખાનગી જેવું કશું ન હતું. એટલે ગાંધીજીને તેમની દિનચર્યા જોવાનો સુયોગ મળી ગયો. એમની દેશ પ્રત્યેની ઊંડી લાગણીને લીધે સદાસર્વદા દેશકાર્યમાં જ મંડ્યા રહેતા. તેમની કાર્યપદ્ધતિ નિહાળી. એમની બધી વાતો પણ દેશકાર્યને ખાતર જ હતી. બધો સમય પણ એમાં જ પસાર થતો, ને તેમાં શરીર તરફની બેદરકારી પણ થતી. ગાંધીજીના મને આ બધા ગુણોની નોંધ લીધી ને

નમ્રભાવે તેમને અનુકરણીય માન્યા. પણ જે દોષ જેવું લાગ્યું તે તરફ ઉપેક્ષા કરી ને જરૂર લાગી ત્યાં સ્પષ્ટતા માગી. એમની ફરવા વિષેની બિનકાળજી અંગેનો 'નવરાશ નથી'નો જવાબ એમને સંતોષ ન આપી શક્યો. ગાંધીજીએ પોતા માટે તો ફરવા વિષે ઠેઠ સુધી કાળજી રાખી ને નિયમિતપણે પ્રાર્થનાસમયની માફક તેના સમયને સાચવ્યો ને તે કારણે જ તેમને કદાપિ આજારીની ફરિયાદ કરવાપણું ન હતું.

આમ ગુણગ્રહણ પણ પોતાની રીતે કરતા. પોતાની પ્રતિભાને આંચ ન આવે એ રીતે ગોખલે જેવા રાજકારણના ગુરુ પાસેથી શીખવા જેવું આત્મસાત્ કરી લીધું.

ગોખલેએ ગાંધીજીનું હીર પારખ્યું હતું અને તેથી એમને મહાસભાના કાર્યકર્તા બનાવવાની હોંશ હતી. "મારે તો તમારી પાસેથી મહાસભાનું કામ લેવું છે." (આ. ભા. ૧. પૃ. ૩૫૪) ગોખલેજીના જીવતાં તો એમની આ મુરાદ બર ન આવી શકી પણ એમના મૃત્યુ બાદ ગાંધીજીએ મહાસભાને કામ આપ્યું. એટલું કામ આપ્યું કે ગોખલેજીને તેની એવડી કલ્પના નહીં આવી હોય. દક્ષિણ આફ્રિકાની લડતના બીજા તબક્કે પણ ગોખલેજીનો વિચાર ગાંધીજીને હિંદ બોલાવી લેવાનો હતો. પરંતુ નસીબ પ્રસંગોને વિચિત્ર પલટા આપતું હતું અને તેમ ન બની શક્યું. હિંદમાં ગાંધીજી આવ્યા બાદ થોડા જ સમયમાં ગોખલેજી અવસાન પામ્યા ને ગાંધીજીને મહાસભાનું કામ કરતા જોવાની ઇચ્છા અધૂરી રહી. પણ ગુરુની ઇચ્છા મુજબ, તેમની સલાહ મુજબ અને તેમના ગુણ-વારસાને પચાવીને ગાંધીજીએ કામ કર્યું અને હિંદને સ્વરાજ અપાવીને ગુરુનું તર્પણ કર્યું.

હિંદમાં ગોખલે જેવા અગ્રગણ્ય અન્ય નેતાઓ હતા છતાં એ બધામાં ગોખલે-ગાંધીજીનો સુમેળ જામ્યો. તેમના બન્નેનો સમાન સ્વભાવ તેમાં કારણભૂત હતો. બન્નેની સરળતા, દેશપ્રેમ, નિષ્ઠા, ધગશ, સૌમ્યતા ને નિખાલસતાએ બન્નેને પાસે આણ્યા. ગોખલેના પવિત્ર જીવન ને પ્રેમાળ સ્વભાવને લીધે ગાંધીજીને એઓ ગંગા જેવા લાગ્યા.

તેમનામાં પ્રેમથી સેવકોને અને અનુયાયીઓને અનુકૂળ થવાની આવડત પણ હતી ને એ રીતે તેમનો પ્રેમ સંપાદન કરી શકતા. "જ્યાં સિદ્ધાંતનો પ્રશ્ન ન હોય ત્યાં સેવકોને રીઝવવામાં ગુણ છે એમ ગોખલેએ દક્ષિણ આફ્રિકામાં પોતાના અનેક પ્રસંગે કરેલા વર્તનથી બતાવી દીધું હતું." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૧૦૪) અને ગાંધીજીએ તો આવું નિર્દોષ સમાધાન એમના જીવનમાં ડગલે ને પગલે કરીને અનેકોને પોતાના આપ્તજન બનાવી દીધા હતા.

આવું એક સ્વતંત્ર સાદૃશ્ય તે તેમની કાર્યપદ્ધતિને લેખનપદ્ધતિ અંગે પણ હતું. દક્ષિણ આફ્રિકામાં ભાષણો કરતા પહેલાં ગાંધીજી ગોખલેને નોંધ તૈયાર કરી આપતા. પણ એમની વિચારશ્રેણી એવી અપૂર્વ હતી કે એ નોંધનો ઉપયોગ ક્યાં ને કેવી રીતે કર્યો હતો એ ન ખબર પડે. એ વિચારશ્રેણિની રજૂઆત પણ એવી કે ક્યાંય શબ્દ કે વિચારની ગોઠવણી અંગે ફેરફાર કરવાની જરૂર ન જણાય. આવું સ્વત્વ ને અપૂર્વ શૈલી ગાંધીજીમાં પણ સહજ-સિદ્ધ થઈ રહેલાં. એમનાં ભાષણોમાં શું, કે એમના લેખોમાં શું, મહાદેવભાઈએ કે કોઈએ તૈયારી કરેલી નોંધનો ઇશારો સરખો જુદો તરી ન આવતો. કોઈ પ્રસ્તુત પ્રશ્ન પર અનેક નેતાઓની સલાહને પોતાની રીતે તારવણી કરી પ્રતિભાથી અપૂર્વ રીતે પોતાનો અભિપ્રાય દાખવતા. એમની પાસે એમનો પોતાનો ગજ હતો જે કોઈની પાસે ના હતો. એ ગજમાં બીજા ગજ સમાઈ જતા.

પણ આટલા સાદૃશ્યને લીધે જ ગોખલે ગુરુપદના માનને યોગ્ય નહોતા થયા. પ્રેરણા ને પ્રોત્સાહન સાથે સાચા પ્રેમની દોરવણી પણ હતી. એ પ્રેમ મતભેદ વખતે સુકાયો નહીં. દક્ષિણ આફ્રિકામાં છેલ્લે તબક્કે એવો પ્રસંગ આવેલો કે જ્યારે જનરલ સ્મટ્સે નીમેલા તપાસ કમિશનને બિનશરતે સ્વીકારી લેવાની ગોખલેની સલાહને ગાંધીજી અપનાવી નહીં શકેલા છતાંય ગોખલેની મદદ ચાલુ જ રહી. આવી પ્રેમાળ દોરવણી અને ગુરુના ધૈર્ય સાથે ગુરુને લાયક એવી શિષ્યને તૈયાર કરવાની

ધગશ પણ તેમનામાં હતી. દક્ષિણ આફ્રિકાથી પાછા વળતાં ઝાંઝીબાર સુધી ગોખલેને ગાંધીજી વળાવવા ગયેલા. ત્યાં ફુરસદનો ઉપયોગ હિંદુ-સ્તાનની રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આપવામાં ગોખલેએ ગાળ્યો. "હિંદુસ્તાનના દરેક નેતાનું પૃથક્કરણ કરી બતાવ્યું હતું. તે વર્ણનો એટલાં આબેહૂબ હતાં કે તે નેતાઓ વિષે મેં જે અનુભવ્યું તેમાં ને તેમના આલેખન વચ્ચે ભાગ્યે જ તફાવત મેં જોયો છે."

ગોખલે તરફની ભક્તિ ગાંધીજીએ પોતે જ એમની અંગત ચાકરી કરીને અને જાહેર બાદશાહી માન અપાવીને પ્રદર્શિત કરી. બાદશાહનેય દુર્લભ એવું ભવ્ય ને અનોખું માન ગાંધીજી તથા હિંદીઓએ ગોખલેને દક્ષિણ આફ્રિકામાં આપ્યું. ગોરાઓ પણ એમાં ભળ્યા. હિંદી કોમ ને હિંદી નેતાની પ્રતિષ્ઠા ત્યાં પણ વધી. આવા માન આપવાના નિશ્ચયની પાછળ ગાંધીજીનો હાથ હતો. "બાદશાહને પણ કોઈ દિવસ માન ન અપાયું હોય એવા પ્રકારનું માન ગોખલેને આપવું એવો નિશ્ચય કરવામાં આવ્યો." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૯૬) પ્રજાનેતાને આવું અપૂર્વ માન આપવાનો આથી એમણે દાખલો બેસાડ્યો. હિંદમાં નેતાઓને માન અપાતું પણ આવું વિરલ માન કોઈનેય તે જમાનામાં નહોતું મળતું. ને એક વાર જ્યાં આવી પ્રથા ચાલુ થઈ પછી પૂછવું જ શું? ગાંધીજીને પોતાને એવું માન અનેક વેળા મળી ચૂક્યું. જવાહર, સરદાર જેવા કૉંગ્રેસ નેતાઓને પણ એ સાધારણ થઈ પડ્યું. લોકનેતાની કદરની આવી શરૂઆતથી ગાંધીજીએ લોકનેતાની આબરૂ વધારી, તેમની કિંમત લોક પાસે કરાવી અને સરકારી મોટા અમલદારો કરતાંય સાચા પ્રજાસેવકો જ લોકનેતાઓ છે એ હકીકતનું પ્રજાને ભાન કરાવ્યું.

કેટલે અંશે ગોખલેજીની ગાંધીજી પર સીધી અસર હતી તેનું મુદ્દાવાર પૃથક્કરણ કરવું મુશ્કેલ છે, અશક્ય છે. સારું લાગ્યું ત્યાંથી તે પોતાની રીતે લેવાની સ્વતંત્ર પ્રતિભા ગાંધીજીમાં પહેલેથી જ હતી અને તેથી શું શું ને કેટલું કેટલે અંશે એમણે ગોખલેજી પાસેથી અપનાવ્યું એ એમના વિષે કહેવા પ્રયત્ન કરવો એ ધૃષ્ટતા કરવા

બરાબર થાય. પણ એટલું ચોક્કસ કહી શકાય કે મા જેમ બાળકની કાળજી રાખે તેવી કાળજી ગોખલેએ ગાંધીજીની રાખેલી. યુવાન ગાંધીજીની સૌની બેપરવાઈ વચ્ચે હિંદમાં પ્રથમ કદર કરનાર ને અપનાવનાર ગોખલેજી અને ગોખલેજીની મહત્તા સૌથી વધુ ઓળખનાર પ્રથમ ગાંધીજી. 'We must spiritualize politics' 'આપણે રાજકારણને આધ્યાત્મિક બનાવવું જોઈએ' ના મત પર ગોખલેજી અનુભવે આવેલા તેમ ગાંધીજીનો એવો જ મત એમના જીવનમાંથી જ ઊગેલો. આ સાથે એમનામાં અહંભાવનો અભાવ હતો. પોતાના મરણ બાદ પૂતળાં ઊભાં કરવાને બદલે "ભારત સેવક સમાજ" ને એમનું સ્મારક ગણી દેશની સેવા કરવાનો આદેશ તેના સેવકોને ગોખલેજી-એ આપેલો. આમ બન્નેમાં રહેલી ધર્મવૃત્તિ જ એમની રાજકીય પ્રવૃત્તિની પ્રેરક હતી. આવી સમાનતા છતાં "ગાંધીજીનું ઘડતર એમનું પોતાનું જ છે." (ભા. સે. પ્ર. પૃ. ૧૩) એવા કાકાસાહેબના મત સાથે સંમત થવું જ જોઈએ.

ગુરુનું આદર્યું ગાંધીજીએ પૂરું કર્યું. ગોખલે "ભારત સેવક સમાજ" સ્થાપના કરી તો ગાંધીજીએ આશ્રમો સ્થાપ્યા, ગાંધી સેવા સંઘ સ્થાપ્યો અને અનેક સેવકો તૈયાર કર્યા; ભારત સમાજ સેવકે સેવાની કડક દીક્ષા લેવી પડે છે તો ગાંધીજીના અનુયાયીઓએ અગિયાર વ્રતોની અસિધારા પર ચાલવાનું છે; ગોખલેએ હથિયારબંધી સામે પોકાર ઉઠાવેલો, ગાંધીજીએ હથિયારોને નિરુપયોગી કરે એવું આત્મબળનું શસ્ત્ર પેદા કરી દુનિયાને તે ભેટ ધર્યું; સ્વદેશી ભાવનાને પોષવા ગોખલેજીએ દેશી મિલોને ઉત્તેજન આપ્યું ત્યારે ગાંધીજીએ જમાનાની માંગ અનુસાર ખાદી આપી ને તેનું માહાત્મ્ય ગાયું; પ્રાથમિક કેળવણીને ફરજિયાત ને મફત કરવાની ઝુંબેશ એકે ઉઠાવેલી ત્યારે બીજાએ પ્રયોગોને અંતે અનેક ગુણોવાળી 'વર્ધા યોજના' દેશને ભેટ ધરી; ગોખલેજીએ મીઠાવેરો કંઈક અંશે ઓછો કરાવ્યો, ત્યારે ગાંધીજીએ મીઠાવેરા સામે લડત ઉપાડી અને અંતે સ્વરાજ આવતાં તે નાબૂદ થયેલો જોઈ શક્યા.

આમ ગોખલેએ જે જે ને જેવાં જેવાં કામ શરૂ કરેલાં તે તે નવે સ્વરૂપે ગાંધીજીએ પૂરાં કર્યાં. "शिष्य इच्छेत् पुनर्भवम्" અનુસાર "ગાંધીજીએ પોતાના જીવનમાં ગોખલેજીની સુધારેલી, વધારેલી, અને એ રીતે તદ્દન નવી જ આવૃત્તિ કાઢી" (કાકાસાહેબ. ભા. ગો. પૃ. ૧૬૦)

ગોખલેજીએ કરેલી ગાંધીજીની પરખ કેટલી ઊંડી ને તલસ્પર્શી હતી ને પોતે હીરાના પારખુ હતા તેની સાબિતી આપતા આ રહ્યા તેમના રાષ્ટ્રીય મહાસભાની વ્યાસપીઠેથી ઉચ્ચારેલા ભવિષ્યવાણી જેવા શબ્દો: "શ્રી. ગાંધીને હું સારી રીતે ઓળખું છું તે મારું સદ્‌ભાગ્ય સમજું છું. મારી ખાતરી છે કે તેમના કરતાં વિશેષ પવિત્ર, ઉદારચરિત, શૂર, મહાનુભાવ આત્માનાં આ પૃથ્વી ઉપર અગાઉ કદી પગલાં થયાં નથી." (ભા. ગો. પૃ. ૬૭) આ જમાનાના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને આવા જ શબ્દોમાં ગાંધીજીને ૧૯૪૪માં અંજલિ આપેલી પણ તે તો ગાંધીજીનાં મહાન કાર્યો જગતને જાણીતાં થયાં બાદ. પરંતુ તે જમાનામાં ઉપરના ગોખલેજીના શબ્દો તેમની પોતાની પરખ શક્તિના ઉત્તમ નમૂના રૂપ છે. એવા બીજા ઉચ્ચારણ વડે એમણે દક્ષિણ આફ્રિકામાં જ એક સભામાં ગાંધીજીને ભવ્ય અંજલિ આપેલી જે એમની દૂરદર્શિતા બતાવી આપે છે: "મારી ખાતરી છે કે બીજી જાતિના અને બીજા ધર્મના લોકો પણ શ્રી. ગાંધીને વર્તમાન સમયના એક અસાધારણ પુરુષ લેખશે." ૧૯૧૨માં ઉચ્ચારેલા શબ્દો જાણે ગાંધીજીના સ્વર્ગવાસ બાદ અપાયેલી એક સરસ અંજલિ જેવા લાગે છે.

આવા ગુણાનુરાગી પરીક્ષક ગુરુમાં જ પોતાની જાતને સમાવી દેવાનો નિર્ધાર કરીને ગાંધીજી દક્ષિણ આફ્રિકાનું કામ સમેટી હિંદુસ્તાન ૧૯૧૪માં આવેલા, "તેમની ભેટ કરી, તેમના જીવનમાં સમી જઈ, મારા ઉપરથી ભાર ઉતારી નાખવાની હોંશે હું મુંબઈ પહોંચ્યો હતો. પણ વિધાતાએ ઘાટ જુદો જ ઘડી રાખ્યો હતો." (આ. ભા. ૨. પૃ. ૧૭૪)

ફરી વાર દક્ષિણ આફ્રિકા

ગોખલેને મળી મુંબઈમાં સ્થિર થયા. થોડો સમય થયો ને દક્ષિણ આફ્રિકાથી પાછા ફરવાનો તાર આવ્યો. ત્યાં જઈ મિ. ચેંબરલેનને મળ્યા. પણ એટલેથી કામ પતે એમ ન હતું. એશિયાટિક ખાતા રૂપી નવા રાક્ષસનો સામનો કરવાનો હતો. હિંદુસ્તાન પાછા ફરી ત્યાં સેવા કરવા કરતાં આવી પડેલી સેવા કરવાનો ધર્મ તેમણે જોયો. "એક દૃષ્ટિએ વિચારતાં મિ. ચેમ્બરલેનની પૂંઠ ફરે એટલે હું પાછો હિંદુસ્તાન ફરી શકું એમ મને ભાસ્યું. બીજી તરફથી હું ચોખ્ખી રીતે જોઈ શકયો કે કોમને ભયંકર સ્થિતિમાં જોતાં છતાં હું હિંદુસ્તાનમાં સેવા કરવાના ગુમાનથી પાછો વળી જાઉં તો જે સેવાધર્મની મને ઝાંખી થઈ હતી. એ દૂષિત થાય." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૧૪) ત્યાં રહેવાના નિશ્ચયમાં કેટલું ડહાપણ હતું તે તો એમના ત્યાં રહ્યા બાદ કરેલી સેવા ને સેવામાંથી પેદા થયેલા અમૂલ્ય સત્યાગ્રહ-શસ્ત્રથી સિદ્ધ થઈ રહે છે. સેવાને માટે વ્રતોની આવશ્યકતા જણાઈ ને તેમાંથી આત્મશુદ્ધિ થવા પામી. આવી આત્મશુદ્ધિ સત્યાગ્રહને અર્થે જ જાણે તૈયારી કરી રહી હતી. "બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યાં સુધી મારી જિંદગીના બધા મુખ્ય બનાવો મને છૂપી રીતે તેને સારું તૈયાર કરી રહ્યા હતા એમ અત્યારે જોઉં છું." (આ. ભા. ૨. પૃ. ૧૦૬)

સત્યાગ્રહનો જન્મ

"જે વસ્તુને સારુ હું જીવું છું, જીવવા ઇચ્છું છું, અને જેને સારુ તેટલે જ દરજ્જે મરવાને પણ તૈયાર છું એમ માનું છું, તે વસ્તુ કેમ ઉત્પન્ન થઈ, તેની પહેલી સામુદાયિક અજમાયશ કેમ કરવામાં આવી, એ બધું પ્રજા જાણે, સમજે, અને પસંદ કરે તેટલું અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે અમલમાં મૂકે . . . ." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૨૫)

હમણાં જ આપણે જોયું કે ગાંધીજીના જીવનના પ્રસંગો ક્રમે ક્રમે એમને સત્યાગ્રહની તૈયારી કરાવવાને જ જાણેકે પ્રેરતા હતા. એમનું સત્યાગ્રહજન્મ પૂર્વેનું જીવન એ રીતે સત્યાગ્રહની તૈયારી સારુ જ હતું તેમ સત્યાગ્રહજન્મ પછીનું જીવન પણ તેને જ અર્પણ હતું: જીવન-મરણ સત્યાગ્રહને અર્થે જ હોય એમ એમણે પોતાને સારુ માન્યું. અને બન્યું પણ તેમ જ. જેમ સત્યાગ્રહને સારુ આખું જીવન જીવ્યા તેમ મર્યા પણ પોતાને જે સત્ય લાગ્યું તેને સારુ જ — હિંદુમુસ્લિમ એકતાને સારુ.

મથાળે આપેલું એમનું ટાંચણ અર્થથી ભરપૂર છે. એમાં સત્યાગ્રહની ઉપરના ને એમણે કરેલી સત્યાગ્રહની લડતો ઉપરના કેટલાય આક્ષેપોનો રદિયો આપોઆપ મળી રહે છે. એક બે આરોપ એવા છે કે એમણે પોતાની માન્યતા પ્રજા પર ઠોકી બેસાડી છે અને પોતાના મનમાન્યા આધ્યાત્મિક પ્રયોગો લોકોને ભોગે કર્યા છે. એમનો એવો હેતુ હોય જ નહીં કારણ કે લોકોને પોતાના નૂતન શસ્ત્રની જાણ કરી, સમજાવી ને પછી પ્રજા 'પસંદ કરે અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે અમલમાં મૂકે' એવો સ્પષ્ટ હેતુ એમનો હતો. હિંદુસ્તાનની પ્રજાની ભીડ સત્યાગ્રહશસ્ત્રે ભાંગી અને તેથી લોકોએ એને અપનાવ્યું. લોકો પાસે એ વિના સ્વરાજપ્રાપ્તિનો એકેય ઉપાય ન હતો. લોકોએ એને ભીડ ભાંગનાર શસ્ત્ર સમજીને પોતાની શક્તિ પ્રમાણે અપનાવ્યું. લોકોની શક્તિ એવી બહુ ભારે ન હતી કે જેને બહાદુરની અહિંસા કહી શકાય. છતાં તેનાથી એનું કામ સર્યું.

હવે આવું અનુપમ શસ્ત્ર કયા સંજોગોમાં પેદા થયું તે જોઈએ. હિંદીઓને પ્રથમ ગિરમીટિયા તરીકે દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ મળેલો. તેમની સાથે વેપારી વર્ગ ગયો. ગિરમીટની મુદત બાદ મુક્ત થનાર હિંદી વર્ગ પણ ત્યાં જ વેપાર, ફેરી વગેરે કરવા લાગ્યો. હિંદીની વેપારી કુશળતાથી ગોરા અકળાયા. તેમને હિંદીઓની આવી વસાહત પોતાની હસ્તીને જોખમકારક લાગી. રંગભેદ ને રંગદ્વેષ તો માનસમાં

૧૧

હતા જ. હિંદીઓ જો ત્યાં રહેવા માંગતા હોય તો કેવળ 'કઠિયારા ને કાવડિયા' તરીકે જ પોષાય. આને માટે તેમણે ભ્રામક દલીલ પણ શોધી. હિંદીઓ જંગલી છે, અસંસ્કૃત છે એવા આક્ષેપો તો થયા જ. હિંદ અંગે જાણકાર ગોરાઓને પક્ષમાં લેવા સંસ્કૃતિભેદની દલીલ આગળ થતી. પશ્ચિમની ગોરાઓની સંસ્કૃતિ અને હિંદીઓની પૂર્વની સંસ્કૃતિનો મેળ ખાય જ નહીં એવો પ્રચાર પણ થતો. દક્ષિણ આફ્રિકા તો પશ્ચિમના સુધારાનું પ્રતિનિધિ ગણાય. "એટલે થોડા ઘણા પણ સમુદાયમાં એ બે સુધારાની પ્રજાનો સંગમ થાય તો તેનું પરિણામ ભડકો જ થાય." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૨૧)

આવા 'ભડકા'ને અટકાવવાને દક્ષિણ આફ્રિકાની સરકારને પરાણે એવા કાયદા ઘડવા પડતા કે જેથી હિંદીઓ ગોરાઓથી દૂર રહે અને હિંદીઓનો ત્યાં પ્રવેશ પણ ઓછો થાય! આવી ગોળગોળ દલીલોથી દક્ષિણ આફ્રિકાના ગોરાઓ પોતાનું મન મનાવીને દુનિયાને સમજાવવા પ્રયત્ન કરતા અને આજેય કરે છે. ભ્રામક બુદ્ધિવાદનો આ આબાદ નમૂનો છે. ગાંધીજી અને અન્ય હિંદી નેતા આ દલીલની પોલ સારી રીતે સમજતા હતા.

ગાંધીજીને આવી સંસ્કૃતિ-સંઘર્ષની દલીલોનો સામનો કરવાનું એકથી વધુ વાર આવ્યું છે, હિંદુસ્તાનમાં પણ એમ જ બન્યું. હિંદુ અને મુસલમાન સંસ્કૃતિ તદ્દન જુદી જ છે અને તે બન્ને સાથે રહી જ ન શકે એવી ઝીણાસાહેબની દલીલોનો સામનો કરવાની વારી પણ આવી હતી. વિભેદક બળોનો સામનો એમણે જ બધીય વેળા પોતાની રીતે કર્યો — આત્મબળ પર નિર્ભર રહીને કર્યો. એવા નૈતિક ને આધ્યાત્મિક સામનામાંથી દરેક વેળા રક્તપાત થતો અટક્યો એટલું જ નહીં પણ બન્ને પક્ષોને સદા લાભ જ થયો. આવા સત્યાગ્રહ શસ્ત્રનો ઉદ્ભવ ને ક્રમશઃ ઘડતર કેમ થયું તે હવે જોઈએ.

એશિયાટિક ખાતાની કનડગતની સામે થતાં બે ત્રણ વર્ષો ગયાં અને તે દરમિયાન વિવેક વાપરી બોઅર યુદ્ધમાં પણ હિંદીઓ પાસે

અંગ્રેજોને મદદ અપાવેલી. પણ એથી ગોરાઓને સંતોષ થાય એમ ન હતો. એમને તો અધીય નાકાબારી બંધ કરી હિંદીઓને ટ્રાંસવાલ આવતા અટકાવવા હતા. તેથી ૧૯૦૬માં 'એશિયાટિક ઍક્ટ'નો ખરડો બહાર પાડ્યો. એટલામાં જ 'ઝુલુ બળવો' ફાટી નીકળ્યો. તેમાંય ગાંધીજીએ ૨૦–૨૫ માણસની નાની ટુકડી લઈ શુશ્રૂષાનું કામ ઉપાડી લીધું. આમ વિવેક ઉપર વિવેક વાપરતાં છતાં 'એશિયાટિક ઍક્ટ' વિષે તો જરાય મચક ન મળી. સરકારે તે પસાર કરવાનો નિર્ણય કરી લીધો હતો. એ પસાર થાય તો હિંદીઓનો દક્ષિણ આફ્રિકામાંથી પગ ટળે એવી સ્થિતિ હતી, વળી તેથી હિંદી કોમનું અપમાન તો હતું જ. "આવી જાતનો કાયદો દુનિયાના કોઈ પણ ભાગમાં સ્વતંત્ર માણસો સારુ હોય એવું મેં જાણ્યું નથી." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૩૫)

આથી હિંદી આગેવાનોની એક સભા બોલાવી એ ખૂની કાયદાનો અર્થ સમજાવ્યો. સૌએ એક જાહેર સભા બોલાવી તેમાં ઠરાવો પસાર કરવા અને જે કંઈ થાય તે કરી છૂટવા સંમત થયા. એ જાહેર સભા એક નાટકશાળામાં ભરી. જગ્યા ખીચોખીચ ભરાઈ ગઈ. "કંઈક નવું કરવાનું છે, નવું થવાનું છે, એમ સૌના ચહેરા ઉપરથી જોઈ શકતો હતો." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૩૮) લોકોમાં કુતૂહલ પેદા કરવાની શક્તિ અને તેમનું ચેતન સદા જાગ્રત રાખવાની કળા ગાંધીજીમાં તે વેળા હતી. શું ચંપારણની લડત વેળા કે શું અમદાવાદના મજૂરોના 'ધર્મયુદ્ધ'ના પ્રસંગે, શું દાંડીકૂચની ઐતિહાસિક પળે કે શું ૧૯૪૨ ના 'કરેંગે યા મરેંગે' ના અંતિમ યુદ્ધના સૂત્રપોકાર વખતે, લોકોનાં મુખ પર 'કંઈક નવું થવાનું છે' ના ભાવો સદા રમતા રહ્યા છે. એ ગાંધીજીની પ્રાણવાન નેતાગીરીની જ બલિહારી છે. એવું ચેતન પેદા કરવાની શક્તિને લીધે જ એમને હમેશાં પ્રજાનો સાથ મળતો રહ્યો ને સત્યાગ્રહનું શસ્ત્ર ઉતરોત્તર તેજસ્વી બનતું રહ્યું.

સભાને માટે બધાય ઠરાવો ગાંધીજીએ ઘડેલા. એમાંના મુખ્ય ઠરાવની મતલબ એવી હતી કે 'ખૂની કાયદા'ના ખરડાની સામે બધાય ઉપાયો લેવા છતાં પણ જો એ પસાર થાય તો હિંદીઓએ એને શરણ ન થવું અને એવા કાયદાભંગથી જે દુઃખો આવી પડે તે સહન કરવાં. આ ઠરાવનો પૂરેપૂરો ને લાંબો અર્થ ગાંધીજીય પૂરા સમજ્યા ન હતા. એ ઠરાવ એમના અંતર સ્વભાવમાંથી સહેજે ટપકચો હતો.

ઠરાવને ટેકો આપતાં શેઠ હાજી હબીબે ખુદાના કસમ ખાઈને કાયદાને કદી પણ વશ ન થવાની પ્રતિજ્ઞા એમના જુસ્સાદાર ભાષણમાં લીધી અને બધાને એવી પ્રતિજ્ઞા લેવા સલાહ આપી. આથી ગાંધીજી ચમકચા ને સાવધ થયા. પ્રતિજ્ઞાની ગંભીરતા ને મુશ્કેલીનું એમને ભાન હતું કારણ કે એમનું જીવન તે વેળા તપસ્યામય બની ચૂકચું હતું. વળી સમૂહમાં આવી પ્રતિજ્ઞા લેવી અને તે ટકાવી રાખવી એ તો ભારે મુશ્કેલ વસ્તુ હતી. પ્રતિજ્ઞાનું ગાંભીર્ય ને અર્થ સમાજ બહુ ઓછાં સમજે. આથી "ઉપલી પ્રતિજ્ઞાની વાતથી હું હેબતાઈ જ ગયો. મેં તેનાં પરિણામો એક ક્ષણની અંદર જોઈ લીધાં. એ ગભરામણોમાંથી જુસ્સો પેદા થયો". (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૪૦) વીર પુરુષને અંતરના મંથનમાંથી શૌર્ય જ પેદા થાય. ગાંધીજીને આવા અનેક અનુભવો થયેલા જ્યારે જ્યારે કટોકટીના પ્રસંગ આવ્યા ત્યારે મંથન તો થયું પરંતુ તેમાંથી શૌર્ય જ પેદા થતું.

એ જુસ્સો હોવા છતાં લોકોને પ્રતિજ્ઞાનો અર્થ સમજાવ્યો, તેની ગંભીરતા વર્ણવી બતાવી. જોખમ ભારે હતું એ તેઓ જાણતા હતા. સંભાળ અને ડહાપણપૂર્વક પગલાં ભરવાનો તેમનો સ્વભાવ હતો. "પણ ડર અને સંભાળની પણ હદ છે" એટલે પ્રસંગ પડચે એવી હદને પહોંચતાં આગળ ઝુકાવવામાં એમણે અનેક વાર પાછી પાની કરી નથી. ૧૯૩૦ના સત્યાગ્રહ વેળા મુસ્લિમોનો સાથ ન હતો ને ક્રાંતિકારીઓ હિંસા કરી સત્યાગ્રહને વીંખી નાખે એવો ભય હતો છતાં લડત ઉપાડી હતી. તેજ રીતે ૧૯૪૨માં પણ એવી જ કપરી પરિસ્થિતિ છતાં લડત

ઉપાડવી એ ફરજ થઈ પડી ત્યારે તે ઉપાડવામાં જરાય અચકાયા નહીં. સંભાળને સાવચેતી સામે જુસ્સાનું સમતોલન અણીને પ્રસંગે કરતાં એમને આવડી ગયું હતું એ આ નાટકશાળાની સભામાં વાપરેલી એમની સમયસૂચકતા બતાવે છે.

આખી સભાએ એ પ્રતિજ્ઞા લીધી અને તેની સાથે જ જાણે સત્યાગ્રહનો જન્મ થયો. પછી તો આવી સભાઓ ઠેકઠેકાણે થઈ અને દરેક જગ્યાએ સર્વાનુમતે પ્રતિજ્ઞાઓ લેવાઈ. 'ઇંડિયન ઓપિનિયન'માં મુખ્ય ચર્ચા આ વિષયની જ થવા લાગી ને એ રીતે પ્રજા તૈયાર થવા માંડી. સરકાર પાસે એક ડેપ્યુટેશન પણ ગયું. આ રીતે શક્ય એટલા બધા ઉપાયો લેવા શરૂ કર્યા. પ્રતિજ્ઞાનો ચેપ બધે લાગ્યો. કોમ એક બની. તેમાં બળ પેદા થયું. આમ સમુદાયમાં પ્રતિજ્ઞા લઈ કામ ઉપાડવાની રીત નવી હતી. છતાં શરૂઆતમાં તો તેથી રૂડાં પરિણામો આવ્યાં. તેનાં ભયસ્થાનો ગાંધીજી જાણતા હતા. પાછળથી કેટલાક લોકો નબળા પડ્યા. સત્યાગ્રહમાં પ્રતિજ્ઞા લેવાની વાત આવશ્યક થઈ પડે છે. તો પણ એમાંથી હમેશાં જ સારાં પરિણામ આવ્યાં એમ નથી. પ્રતિજ્ઞા જ્યારે સામાન્ય બની જાય છે, હાલતાં ચાલતાં પ્રતિજ્ઞા લેવાની સમૂહને ટેવ પડે છે ત્યારે એ બળ પેદા કરવાને બદલે નબળાઈ ઢાંકવાનું ને આડંબર પોષવાનું સાધન બની જાય છે. હિંદુસ્તાનમાં પણ જ્યારે સત્યાગ્રહની લડતો ઊપડી ત્યારે આ પ્રતિજ્ઞા લેવાનો રિવાજ તાજો કરવામાં આવેલો. દાંડીકૂચમાં તેમ જ અન્ય વખતે પ્રતિજ્ઞા લેનારાની મોટી સંખ્યાએ તે પ્રતિજ્ઞાનો ભંગ મોડોવહેલો કરેલો. એટલે જો પ્રતિજ્ઞા લેવાની આવશ્યકતા સત્યાગ્રહમાં સિદ્ધ થઈ ચૂકી છે તો તે મર્યાદિત રીતે ને મર્યાદિત સંખ્યા પૂરતી જ હોય એ પણ અનુભવે અનિવાર્ય બનાવ્યું છે.

સત્યાગ્રહનો જન્મ થયો પણ તેનું નામકરણ તો હવે કરવાનું હતું. 'સત્યાગ્રહ' શબ્દની શોધ થઈ તે પહેલાં તો તે 'પૅસિવ રિઝિસ્ટન્સ'ના નામથી ઓળખાયો. 'ઇંડિયન ઓપિનિયન'માં એનું નામ આપવા

ઇનામ જાહેર કર્યું. મગનલાલ ગાંધીએ સૂચવેલું સદાગ્રહ ઘણે અંશે પસંદ પડ્યું. તેથી ગાંધીજીએ 'સદ્'ની જગ્યાએ 'સત્ય' મૂકી તેની વ્યાપકતા વધારી 'સત્યાગ્રહ' શબ્દ યોજ્યો. યોગ્ય શબ્દો શોધી કાઢવાની ચીવટ ને તેની પરખ તેમનામાં સારી પેઠે હતી.

સત્યાગ્રહનો ક્રમશઃ વિકાસ થતો ગયો છતાં તે વેળાની નામપસંદગી ને નામકરણમાં કશોય ફેરફાર કરવાની જરૂર ન પડી. જેમ વસ્તુના અર્થમાં વ્યાપકતા આવી તેમ તેને સમાવી લેવાની શક્તિ 'સત્યાગ્રહ' નામમાં રહેલી છે તે સૌને સમજાયું.

લડતના આ નવા પ્રકારને નામ આપવાની ઉતાવળનું એક કારણ એ હતું કે તેની 'પૅસિવ રિઝિસ્ટન્સ'ને નામે ઓળખાણ અપાવા લાગી. સહાનુભૂતિ ધરાવનાર ગોરાઓની એક સભામાં હિંદીઓના મિત્ર મિ. હૉસ્કિને 'પૅસિવ રિઝિસ્ટન્સ'ને નામે ઓળખાતી આ લડતને નબળાના હથિયાર તરીકે ગણાવી. તે જ સભામાં ગાંધીજીએ નબળાના હથિયાર તરીકે નવી લડતને ગણાવા દેવાનો ઇનકાર કરી તેને 'આત્મબળ' (soul force)ના નામથી ઓળખાવી. સત્યાગ્રહનું નામકરણ આ રીતે પણ બહુ ઉપયોગી થઈ પડ્યું. એનાથી એના નાવીન્યની સૌને પ્રતીતિ કરાવી શકાઈ એટલું જ નહીં પણ તે સબળાનું શસ્ત્ર છે તે સમજાવી શકાયું.

સત્યાગ્રહ અને પૅસિવ રિઝિસ્ટન્સની તુલના કરવા પહેલાં સત્યાગ્રહનું સ્વરૂપ સમજી લેવાની જરૂર છે. ગાંધીજીના વ્યક્તિત્વમાં જે વસ્તુ વણાયેલી હતી તે પ્રસંગો મળતાં પાંગરી અને તેમના વ્યક્તિત્વમાં ક્રમિક ને ઝડપી વિકાસ સાથે તે પણ ઝપાટાભેર મોટી થઈ. અપ્રતિકાર, દુશ્મનો પ્રત્યે પણ દ્વેષનો અભાવ, ને તે છતાંય પોતાને જે સત્ય લાગે તેનું મરણનો સામનો કરતાંય આચરણ કરવાનો આગ્રહ ગાંધીજીના સ્વભાવમાં જ જડાયેલાં હતાં અને તે બધાંય ક્રમે ક્રમે શુદ્ધવિશુદ્ધ થતાં વિકાસ પામતાં હતાં. એમના આવા સ્વભાવજન્ય પ્રેમમૂલક સત્યના આગ્રહમાંથી સત્યાગ્રહનો જન્મ થયો. આ રીતે જન્મેલા સત્યાગ્રહનો

વિકાસ એ રીતે એમના વિકાસ પર સહેજે અવલંબિત રહ્યો. એ સૂક્ષ્મ શસ્ત્ર હતું અને તેથી તેના ઉપયોગ વિષે પ્રમાણ તો ગાંધીજી જ આપી શકે એમ હતું. તેથી એમના જીવન દરમ્યાન સત્યાગ્રહના એક માત્ર ઘડવૈયા તેઓ પોતે જ રહ્યા. એમ કહી શકાય કે એમનો જીવનવિકાસ એટલે સત્યાગ્રહના શસ્ત્રનું ઘડતર ને વિવિધ ક્ષેત્રોમાં તેના ઉપયોગ અંગે રાજકીય અને સામાજિક પ્રયોગો. સત્યાગ્રહને માટે જ તેઓ જીવ્યા ને તેને અંગે જ મર્યા. આ રીતે સત્યાગ્રહના તેઓ દ્રષ્ટા હતા, પ્રણેતા હતા અને ઠેઠ સુધી તેના ઘડવૈયા પણ બની રહ્યા. એમના એવા ઘડતરમાંથી સત્યાગ્રહનું એક શાસ્ત્ર બને એટલી સામગ્રી પેદા થઈ અને તેના વડે જ હિંદનો અર્વાચીન ઇતિહાસ રચાયો.

સત્યાગ્રહની ઉત્પત્તિ આ રીતે સ્વતંત્ર હતી; પુરોગામી કોઈ આવી લડતનું અનુકરણ નહોતું. સત્યાગ્રહને બહારથી મળતી આવે એવી તો પૅસિવ રિઝિસ્ટન્સની લડત છે. પણ તેમાં અને સત્યાગ્રહમાં તો પ્રાથમિક ને મૌલિક ભેદ રહેલા હોવાથી અને ગાંધીજીએ તે નામે સત્યાગ્રહને ઓળખાવવાનો ઇનકાર તરત જ કરેલો હોવાથી એની સાથે સત્યાગ્રહને કશોય મેળ ખાય એમ નથી. 'પૅસિવ રિઝિસ્ટન્સ' તો નબળાના હથિયાર તરીકે મશહૂર થયેલું છે, તેમાં લાગ મળે તો હિંસાને પણ અવકાશ છે અને ન છૂટકે જ તે અપનાવવાનું હોય છે. જ્યારે સત્યાગ્રહનો આધાર આત્મબળ ઉપર રહેલો છે. અને સત્યાગ્રહના જન્મ વખતે એવા બળ ઉપર જ લડવાની કલ્પના કરીને જ તે માર્ગ હિંદીઓને લેવા ગાંધીજીએ સૂચવેલો. "હિંદી હિલચાલની કલ્પનામાં હથિયારબળની શકયતા અશકયતાનો સવાલ મારા મનમાં તો પેદા જ નહોતો થયો, એમ હું નિશ્ચયપૂર્વક કહી શકું છું." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૫૩) આવા ભારપૂર્વકના ગાંધીજીના કથનમાંથી એટલું સહેજે સમજી શકાય છે કે હિંદીઓના હકને સારુ હથિયારથી લડવાનો એમને વિચાર સુધ્ધાં નહીં આવેલો. ક્યાંથી આવે? જેના હૃદયમાં પ્રેમ જ સદા ઊભરાતો હોય અને વિરોધીનો વિરોધ નહીં પણ તેના તરફથી

આચરવામાં આવતા અન્યાયનો જ સામનો કરવાની તમન્ના હોય ત્યાં સત્યાગ્રહનો જ ઉપયોગ કરવાનું સૂઝે. હિંદીઓને થતા અન્યાયો પ્રત્યે સત્યાગ્રહી ગાંધીજીની પ્રતિક્રિયામાંથી 'સત્યાગ્રહ' જન્મ પામ્યો.

સત્યાગ્રહ અને પૅસિવ રિઝિસ્ટન્સની તુલના

બન્નેનાં લક્ષણો પરથી સહેજે તારવી શકાય છે કે બન્નેમાં કેવળ બાહ્ય સામ્ય છે. બન્નેની ભૂમિકા અને માર્ગો તદ્દન ભિન્ન છે એટલું જ નહીં પણ કેટલીક બાબતમાં તો તદ્દન વિરોધી પણ છે. પૅસિવ રિઝિસ્ટન્સના કેટલાક ઐતિહાસિક દાખલા ઇંગ્લંડ અને બીજેથી મળે છે. સત્યાગ્રહના પણ થોડા દાખલા શોધતાં મળી રહે છે — જોકે ગાંધીજીની કલ્પનાના સત્યાગ્રહ તે નહીં હોય. ઈશુને કેટલાક લોકો પૅસિવ રિઝિસ્ટન્સના આદિ નેતા તરીકે ગણાવે છે. પરંતુ ગાંધીજી ઈશુના અને તેના અનુયાયીઓએ કરેલા સામનાને સત્યાગ્રહને નામે ઓળખાવે છે. ઈશુનાં જેવાં અન્ય થોડાં સત્યાગ્રહનાં ઉદાહરણો રિચર્ડ ગ્રેગ તેના પુસ્તક 'Power of Non-violence'માં નોંધે છે. એ બધાં સ્વતંત્ર રીતે થયેલાં સત્યાગ્રહનાં પ્રગટીકરણો છે. એમને ઇતિહાસમાંથી શોધવાની તક પણ ગાંધીજીના સ્વતંત્ર રીતે ઉદ્ભવેલા સત્યાગ્રહશાસ્ત્રના ખેડાણ ને સમજૂતી અંગે જ થઈ. ગાંધીજીમાંથી પેદા થયેલો સત્યાગ્રહ જ એક ઐતિહાસિક બળ થવાને નિર્માયો છે, એક શાસ્ત્ર ને નવીન શસ્ત્ર તરીકે અર્વાચીન જગતને સાંપડ્યો છે. ભૂતકાળને પણ સાંધી લઈ એ જ એક ભવિષ્યમાં આશાનો પ્રકાશ અત્યારે ફેંકતો દેખાય છે.

અહીં એક પ્રસ્તુત પ્રશ્ન ઊભો થાય છે. અન્યાયનો સામનો ગાંધીજીએ તો સાચા સત્યાગ્રહથી કર્યો અને કરતા રહ્યા, પરંતુ દક્ષિણ આફ્રિકા અને પાછળથી હિંદુસ્તાનમાં હિંદી પ્રજા શું સત્યાગ્રહને સમજી શકી હતી? તેમણે આપેલી લડત સાચી સત્યાગ્રહની લડત ગણી શકાય? એ શું હથિયારબળને અભાવે, લાચારીને કારણે નબળાનું હથિયાર નહોતું બન્યું? ગાંધીજીએ પોતે જ આખા પ્રશ્નનો ઉકેલ આપ્યો છે.

એમની દલીલો વેરવિખેર પડી છે. આપણે આજે જરૂર કહી શકીએ કે ગાંધીજીએ પોતે ઉપાડેલી બધીય લડત એમની દૃષ્ટિએ અને રીતિએ સાચા સત્યાગ્રહની લડત હતી. પ્રજા એને પૂરેપૂરી ઝીલી ન શકી એમ કેટલીક વાર બન્યું છે.

દક્ષિણ આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં હિંદીઓ આગળ આ નૂતન શસ્ત્ર ધરતાં તે નબળાનું હથિયાર ન બની જાય એની સાવચેતી તેમણે રાખી હતી. પણ સાવચેતી રાખતાં ડરને ઘૂસવા દેવાની તેટલા જ સામે હતા. લોકો સત્યાગ્રહને પૂરેપૂરો એકદમ ન સમજી શકે તે પણ જાણતા હતા. છતાં જો તેઓ નેતાના આદેશ મુજબ વર્તન કર્યે જાય તો ધીમે ધીમે સત્યાગ્રહીના ગુણો પ્રજા ખીલવી શકે એમ એમની માન્યતા હતી. અને તેથી સત્યાગ્રહનો ઉપયોગ જ્યાં પ્રસંગ પડ્યો ત્યાં લોકો પાસે કરાવતા. હિંદીઓ પાસે હથિયારબળ ન હતું એ વાત સાચી પરંતુ હથિયાર ન હોય તો આત્માનું બળ તો ખીલવી શકાય ને? અને આત્મબળનો આધાર આત્મવિશ્વાસ પર છે. "માણસ પોતાને જેવો માને છે તેવો છેવટે પોતે બને છે એવું વિચારનું બળ રહ્યું છે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૫૪) તેથી લોકો પોતાના અંતરના બળને ઓળખે અને આત્મવિશ્વાસ કેળવે તો સત્યાગ્રહ કરવાની સાચી આત્મ-શક્તિ પેદા થઈ રહે. "બળના જ વિચારો પોષતાં આપણે દિવસે દિવસે વધારે બળવાન થઈએ છીએ અને જેમ આપણું બળ વધતું જાય તેમ સત્યાગ્રહનું તેજ વધતું જાય." (દ. આ. સ. ભા. ૧ પૃ. ૧૫૪) આવી પાયાની માન્યતાને લીધે એમણે લોકોમાં પ્રાણ પૂર્યો, સત્યાગ્રહ શીખવ્યો અને એક પછી એક લડત આપતાં હિંદને સ્વરાજને કાંઠે લાવી મૂક્યો. લોકોએ આદરેલી લડતો કેટલે અંશે સાચી સત્યા-ગ્રહની લડત હતી, એ વિષે ટીકાકારોએ શંકા બતાવેલી. છતાં પોતાની મૂળ માન્યતાને વળગી રહ્યા અને સત્યાગ્રહને એક સામુદાયિક બળ બનાવ્યું. આ કારણે જ એમણે '૨૦ અને '૩૦ની લડતો વખતે નબળાની અહિંસા તરીકે તેને ન ઓળખાવા દીધી. તેની પાછળનો

હેતુ લોકોમાં આત્મવિશ્વાસ પેદા કરવાનો હતો. પરંતુ લાંબે ગાળે પરિણામો પરથી પોતાનો અભિપ્રાય એમણે થોડો બદલ્યો ખરો. છેલ્લે છેલ્લે હિંદના ભાગલા પડ્યા બાદ ભયંકર કોમી રક્તપાત થયો ત્યારે એમણે પણ માન્યું કે હિંદીઓએ અંગ્રેજોને આપેલી લડતો નબળાની અહિંસા હતી. જો તે શુદ્ધ સત્યાગ્રહી લડતો હોત તો આવા રક્તપાતની વારી ન આવત. ભલે એમાં નબળાની અહિંસા હતી છતાં એ લડતો-એ લોકોમાં પ્રાણ પૂર્યો, લોકોને નિર્ભય બનાવ્યા, જાગ્રત કર્યાં અને આત્મભાન કરાવી સ્વરાજને કાંઠે લાવી મૂકયા. એમ આપણે તો માનવું જોઈએ. બહાર પડેલી નબળાઈ સત્યાગ્રહની નહીં. પણ તેનો ઉપયોગ કરનારાઓની હતી.

પ્રથમ સત્યાગ્રહની શરૂઆત

પ્રતિજ્ઞાઓ હિંદી લોકોએ લીધી પરંતુ તેની સાથે જ જેટલા શક્ય એટલા અન્ય માર્ગો લઈ લેવા રહ્યા. તેથી એક ડેપ્યુટેશન વિલાયત મોકલવાનું ઠર્યું. પ્રતિજ્ઞાઓ ફરીથી લેવાઈ, જેથી વિલાયત જનાર ડેપ્યુટેશનને લોકોના નિશ્ચયનું બળ મળી રહે — તેની પીઠ મજબૂત બને. ડેપ્યુટેશનમાં જનારની સંખ્યા થોડામાં થોડી રાખવાની સૂચના પણ ગાંધીજીની હતી, "ડેપ્યુટેશનમાં જનાર પોતાના માનને ખાતર ન જાય પણ કેવળ સેવાની ખાતર, એ વિચાર આગળ લાવવો, ખર્ચ બચાવવું, એવી વ્યવહાર દૃષ્ટિ આ સૂચનામાં હતી" આગેવાન તો એ કે જે સૌથી વધુ સેવા કરે એવો અભિપ્રાય ગાંધીજીનો તે વખતથી રહ્યો હતો. એમની આવી ઝીણવટભરી વ્યવહાર દૃષ્ટિને લીધે જ એમની નેતાગીરી નીચે દક્ષિણ આફ્રિકામાં અને હિંદમાં રાજકારણની લડતોનું સુકાન લોકોએ તેમને સોંપવામાં કંઈ ખોયું નથી. એમની એ દૃષ્ટિએ રાજકારણમાં મૂલ્યપરિવર્તન પણ કર્યું કે નેતાગીરી માનને ખાતર નહીં પણ સેવાને ખાતર જ હોય.

હિંદુ મુસ્લિમ પ્રશ્ને દક્ષિણ આફ્રિકામાં કદાપિ મોટું રૂપ ધારણ નથી કર્યું છતાં તે હતો જ નહીં એમ તો ન હતું. તેથી ડેપ્યુટેશનમાં

ગાંધીજી સાથે હાજી વજીરઅલ્લીને પણ લીધા. વિલાયતમાં અનેકોને મળ્યા, ખૂબ ઉદ્યમી રહી કોમને સારું કામ કર્યું. પાછા વળતાં રસ્તે સ્ટીમરમાં ખબર મળ્યા કે એશિયાટિક ઍક્ટ નામંજૂર રાખવાની પ્રધાનમંડળે શહેનશાહને ભલામણ કરી હતી. એમને ખૂબ આશા બંધાઈ પણ એ આશા ક્ષણિક નીવડી.

હવે સત્યાગ્રહની લડત અનિવાર્ય થઈ પડી. પરવાનાના રૂપમાં હિંદી કોમને ગળે 'કૂતરાનો પટ્ટો' બાંધવા દેવાનો ગૌરવભેર ઇનકાર કરવાનો પ્રસંગ આવી પડ્યો. સભાઓ ભરી. એ સભાઓ મેદાનમાં જ ભરાતી. મેદાનમાં સભા ભરવાની ચાલ ગાંધીજીએ ત્યાંથી જ શરૂ કરેલી અને હિંદમાં આવ્યા પછી એમ કરવું સભાજનોની ભારે મોટી સંખ્યાને કારણે પણ આવશ્યક થઈ પડેલું. પ્રિટોરિયાની સભામાં મિ. હૉસ્કિન જે હિંદી કોમના મિત્ર હતા તેમણે તાબે થઈ કષ્ટોમાંથી બચવાની સલાહ આપી. પરંતુ ગાંધીજી અને અન્ય નેતાઓ તો ઊલટા એ સલાહથી પોતાના કસમમાં વધારે મજબૂત બન્યા. અહમદ મહમદ કાછલિયા જેવા મોટા વેપારીએ તો સર્વસ્વ ફના કરવાની તૈયારી બતાવી અને કોમને પાણી ચઢાવ્યું. આ રીતે કોમની આંતરિક તાકાત સારી પેઠે વધી.

પરવાના કઢાવવાની ઑફિસ આગળ સત્યાગ્રહી સ્વયંસેવકોએ પિકેટિંગ શરૂ કર્યું. સ્વયંસેવકોની આ પ્રથમ જ ભરતી હતી. તેમનો એ પહેલો જ અનુભવ હતો, છતાં શાંતિનો પાઠ એમને ગાંધીજીએ એવો ભણાવેલો કે જરાય ઉશ્કેરણી વગર પિકેટિંગનું કામ થતું. કોમમાં સંગઠન હતું છતાં કેટલાંક પ્રતિ-બળોને લીધે થોડાક તો એવા નીકળ્યા કે જેઓએ પરવાના છાનીછૂપી રીતે કઢાવ્યા. તેમને સારુ તો પિકેટિંગ પણ કંઈ કામમાં ન આવ્યું.

પિકેટિંગ કરતાં જે પકડાય તે અદાલતમાં બચાવ કરી શકતો. તે વેળા અસહકારનું તત્ત્વ સત્યાગ્રહનું અંગ નહોતું બન્યું એટલે રીતસરનો ન્યાયી બચાવ કરવાની સત્યાગ્રહીને છૂટ હતી, તે વેળા તે જરૂરી પણ હતું.

આવી લડતમાં અશુદ્ધ અને દૂષિત હેતુવાળા માણસો પણ સહેલાઈથી દાખલ થઈ જાય. એઓને જ લડતમાં ભંગાણ પાડવાનો રસ્તો સહેલો થઈ પડે પણ સચ્ચાઈ વિના તે ટકી ન શકે અને તેથી ટૂંક વખતમાં જ તે મગમાંથી કાંકરાની માફક વિણાઈ જાય ને તેને બહાર ખસી જવું પડે. આવા અશુદ્ધ માણસોનો સત્યાગ્રહી લડતોમાં દાખલ થઈ જવાનો ભય હમેશાં રહ્યો છે છતાં એક પણ વખત તેવા માણસોથી આ લડતોને નુકસાન થયું નથી. સત્યની લડતમાં અસત્ય ટકી જ ન શકે. જેટલું સત્યાગ્રહીઓનું સત્ય-બળ વધારે તેમ આવો ભય ખૂબ ઓછો. દક્ષિણ આફ્રિકાની પ્રથમ લડતમાં રામસુંદર નામનો ભૈયો પ્રથમ સત્યાગ્રહી બન્યો પણ અશુદ્ધિને કારણે ટકી શક્યો નહીં ને ભાગ્યો.

"સત્યાગ્રહની લડત બાહ્યોપચાર ઉપર ઘણો થોડો આધાર રાખે છે. આંતર ઉપચાર એ જ સત્યાગ્રહમાં અકસીર ઉપચાર છે" (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૭૫) અંદરનાં સાધનોમાં પ્રથમ તો સત્યાગ્રહીનો શુદ્ધ નિશ્ચય આવે. શુદ્ધ નિશ્ચયમાંથી આત્માનું બળ પ્રગટે. તેની સાથે જોડાયેલો ગુણ તે શત્રુ પ્રત્યે પણ પ્રેમ રાખવાની શક્તિ. વિરોધ તો કરવાનો છે પણ વિરોધીનો નહીં પણ વિરોધીથી થતા અન્યાયનો. આમ અન્યાયી અને અન્યાયને, દૂષિત અને દોષને જુદાં તારવી કાઢી અન્યાય અને દોષનો જ સામનો કરવાનું ગાંધીજીએ શીખવ્યું. આવો વ્યાવહારિક ને માનસિક ભેદ કરવા કરાવવામાં ગાંધીજીએ માનવ જાતને પ્રગતિને પંથે એક ડગલું આગળ ધરતાં શીખવ્યું. આવો ભેદ કરતાં શીખતાં અને વિરોધી પ્રત્યે તો પ્રેમ જ રાખતાં સત્યાગ્રહી લડતમાં બન્ને પક્ષોને ન્યાય મળે છે.

આવો આંતર ઉપચાર લોકોને શીખવવા થોડાં બાહ્ય સાધનોનો ઉપયોગ કરવો પણ જરૂરી હતો જ.

બાહ્ય સાધનોમાં પ્રથમ કોમનું સંગઠન આવે. તેને અર્થે પ્રચાર જોઈએ. એવા પ્રચારનું સાધન તો અખબાર હતું. ગાંધીજીએ એવા

શુદ્ધ હેતુસર 'ઇન્ડિયન ઓપિનિયન' વેચાતું લીધું. એનાથી ઘણા હેતુ સાધ્યા. જોકે એમની એવી માન્યતા રહી હતી કે જ્યાં શુદ્ધ આંતરિક બળ પૂરતા પ્રમાણમાં હોય ત્યાં આવા અખબારી સાધન વિના સત્યાગ્રહની લડત લડી શકાય. "પણ એની સાથે મારો એ અનુભવ પણ છે કે 'ઇન્ડિયન ઓપિનિયન'ની હસ્તીથી જે સગવડો મળી હતી, જે કેળવણી કોમને સહેલાઈથી આપી શકાતી હતી, જે ખબરો દુનિયામાં જ્યાં જ્યાં હિંદીઓ વસે છે ત્યાં ત્યાં બધે ફેલાવી શકાતી હતી તે બીજી રીતે કદાચ ન જ બની શકત." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૯૭) આમ આ સાપ્તાહિક તેમની એ પ્રથમ લડતનું પ્રબળ ને ઉપયોગી સાધન થઈ પડ્યું. એ જ રીતે હિંદુસ્તાનમાં શરૂઆતમાં 'નવજીવન' અને 'યંગ ઇંડિયા' અને પાછળથી 'હરિજનબંધુ'ને 'હરિજન' એમના વિચારોના પ્રચાર માટે ખૂબ ઉપયોગી બન્યાં. સાપ્તાહિક છાપું એમણે એમની રાજકારણીય કારકિર્દીમાં લગભગ બધો જ વખત ઉપયોગમાં લીધું છે. અને તેના વડે રાજકીય અને સામાજિક કાર્યો અસાધારણ વેગ ને તેજથી પાર પાડી શક્યા હતા. એ કારણે એ સાપ્તાહિકો એમનાં રાજકીય કામોની જાહેર ડાયરી જેવાં થઈ પડ્યાં. જ્યારે જ્યારે લડતને કારણે એ બંધ રહેતાં ત્યારે એની ખોટ લોકોને સાલતી.

પણ આ બાહ્ય ઉપચારનો આધાર તો આંતર ઉપચાર પર જ હતો. પોતાના જીવનનાં સત્યાદિને પચાવીને, આચરીને પછી જ તેનો પ્રચાર સત્યાગ્રહીને શોભે એ જ તેનું પ્રચાર સાધન. એમના આખાય જીવનમાં પ્રચારકામ ખૂબ થયું છે પણ તે આ સિદ્ધાંત મુજબ. તેથી 'હું તો પ્રચારશાસ્ત્રનો પંડિત છું' એવો એમનો કરેલો દાવો સાચો છે. એ સ્વીકારવામાં આનાકાની કરવાની જરૂર ન પડે. એટલું જ નહીં પણ સત્યને પ્રસંગ અનુસાર અનુકૂળ રીતે મૂકવાની કળા અને સમજાવવાની શક્તિ તેમનામાં અસાધારણ હતી અને તેને કારણે જ તદ્દન પ્રતિકૂળ સંજોગોમાં પણ તેઓ વિરોધીઓને પોતીકા બનાવી શક્યા. એવી અસાધારણ પ્રચાર-

શક્તિને બળે જ પોતાના નવા ને વિચિત્ર જણાતા વિચારોને લોકોને ગળે અમુક અંશે તો ઉતારી શક્યા. કોઈ યુગપુરુષ પોતાના જીવન દરમ્યાન લોકોનો આટલો ટેકો મેળવી શક્યો હોય એવો ઇતિહાસમાં આ વિરલ દાખલો છે.

જેલ

રામસુંદર જેવા ખોટા માણસથી જેલયાત્રાની શરૂઆત થઈ. દક્ષિણ આફ્રિકાની સરકારને હિંદી કોમનો આવો શાંતિભર્યો છતાં શૂરાતનભર્યો સામનો નવો જ લાગ્યો. પરિણામે કેટલાકને કોર્ટમાં હાજર થવાની નોટિસ આપી! આ રીતે લડતે સક્રિય સ્વરૂપ ધારણ કરવા માંડ્યું.

અત્રે એ નોંધપાત્ર છે કે સત્યાગ્રહજન્મ પછીનો ગાંધીજીનો રાજકારણમાં ભાગ એટલે સત્યાગ્રહનો જ સર્વત્ર ઉપયોગ. એવા ઉપયોગથી સત્યાગ્રહનાં અનેક રૂપો પ્રકટ થવા લાગ્યાં, તેને આકાર મળવા લાગ્યો. જુદા જુદા સંજોગોમાં તે કઈ રીતે ઉપયોગી થઈ શકે તે એક પછી એક આવનાર સત્યાગ્રહની લડત બતાવતી ગઈ.

જેલ જવું એ સત્યાગ્રહીને સારુ સહજ હોય. એના સત્યાગ્રહનું એ અનિવાર્ય ને પ્રથમ પરિણામ છે. તે જમાનામાં જેલ તો ગુનેગારો માટે જ હતી. જેલનું માહાત્મ્ય તો સત્યાગ્રહીઓએ વધારી મૂક્યું. જેલની ભયંકરતા ને તેને વિષેનો ભય પણ લોકોમાં ઓછો ન હતો. છતાં આ ભય લોકોના ઉત્સાહ આગળ પીગળી ગયો અને લોકો તો જેલ જવા અધીરા બની રહ્યા.

ભયત્યાગ અને નીડરતાની પ્રાપ્તિ એ સત્યાગ્રહીનાં આંતરિક સાધનોમાં મોખરાનું સ્થાન ભોગવે છે. આ લડતે લોકોને જે સહેજે તાલીમ આપી તે તેમનાં ભયનાશની. લોકોમાં આત્મવિશ્વાસ પેદા થયો અને જેલનાં દુઃખોને પણ સહન કરવાની તત્પરતા આવી.

ગાંધીજીનો જેલ જવાનો વારો આવ્યો. જેલના પોતાના અનુભવો એમણે બહાર નીકળ્યા પછી પ્રકટ કર્યા અને લોકોને જેલ સહેલ છે

એ સમજાવી દીધું. હિંદુસ્તાનમાં તો સત્યાગ્રહીઓમાં જેલ મહેલને નામે પ્રખ્યાત થઈ રહી.

ગાંધીજીને પોતાને પ્રથમ વાર જેલ જતાં એક ક્ષણભર જે ક્ષુલ્લક વિચારો આવેલા અને જે ક્ષણિક ક્ષોભ થયેલો તે અત્રે નોંધવો ઘટે છે. જેલમાં જતાં જ તે ઊંડા વિચારમાં પડી ગયા. "ક્યાં ઘરબાર! ક્યાં વકીલાત! ક્યાં સભાઓ! એ બધું શું સ્વપ્નવત્ અને આજે હું કેદી!" (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૦૫). આવા વિચારો ખરેખર એક ક્ષણભર જ આવ્યા ને પસાર થયા. અને તરત જ અંદર રહેલો પ્રતાપી અવાજ બોલી ઊઠ્યો, "એ વિચારો આવ્યા તેવો જ હું શરમાયો. આ કેટલું બધું મિથ્યાભિમાન! હું તો જેલને મહેલ ગણાવનારો!" (દ. આ. સ. ભા. ૧. પૃ ૨૦૬).

જેલને મહેલ કરવાની એમનામાં દૃષ્ટિ અને શક્તિ બન્ને હતાં. સંજોગોને અનુકૂળ થઈ જવાની અને સંજોગોને પોતાને અનુકૂળ કરી લેવાની કળા એમને હસ્તગત થઈ ગઈ હતી. જેલના અનુભવો લખીને પ્રજા આગળ મૂક્યા. રાજકીય ધમાલવાળા એમના જીવનમાં વાચનને માટે ત્યારે પણ અવકાશ નહોતો મળતો તેથી જેલના સમયનો ઉપયોગ ઉપયોગી વાચન વધારવામાં કર્યો. આરામનું સ્થાન પણ જેલ બની. જેલનો ખોરાક સામાન્ય રીતે કેવળ આરોગ્યની દૃષ્ટિથી જ તૈયાર થાય છે તેથી તેમાંથી એમના અસ્વાદ વ્રતને ટેકો મળ્યો. તપસ્વીને જેલનું જીવન આ રીતે ખૂબ પ્રોત્સાહક ને અનુકૂળ થઈ પડ્યું! જેલમાં કશું દુઃખ નથી પણ તેમાંથી ઘણું શીખવાનું મળે છે એમ સૌને શીખવ્યું. જેલનો ડર જનતામાંથી ભગાડ્યો. જેલ શાળા બની.

જેલમાં રહ્યે રહ્યે પણ નવા નવા આવતા કેદીઓ પાસેથી બહારના બધાય સમાચારો મેળવી લેતા અને રોજબરોજ આગળ વધતી લડત પર ચિંતન ને વિચાર કર્યે જતા. હિંદુસ્તાનમાં લડત-વેળા જ્યારે જેલમાં હતા ત્યારે તો એમને છાપાં અને બીજી ઘણી

સગવડો મળતી. છાપાં દ્વારા મળતા સમાચારોથી બહારનો ખ્યાલ રાખી લડતનું સુકાન કેમનું છે તે પર ધ્યાન રાખી શકતા.

સમાધાન

સત્યાગ્રહની પદ્ધતિમાં સમાધાનને સારું એવું સ્થાન છે. અનેક પ્રસંગોએ જ્યારે જ્યારે ગૌરવભર્યા સમાધાનની તક મળી ત્યારે ગાંધીજી વિરોધી સાથે સમાધાની કરવા ચૂક્યા નથી. એવા સમાધાનને તેઓ સત્યાગ્રહીની ફરજ ગણાવે છે. સત્યાગ્રહીને દુરાગ્રહ ન જ ખપે. એને તો વિરોધીના હૃદયને જીતવું છે. એણે બન્નેનું ભલું ઇચ્છયું છે એટલે સમાધાનને તો સહેજે આવકારે. સમાધાન તૂટી પડે તો કશી હરકત નહીં, કારણ કે સત્યાગ્રહીને તેથી કશું ખોવાનું નથી. એ તો આત્મશક્તિ પર નિર્ભર હોય એટલે જ્યારે ત્યારે સત્યાગ્રહની લડત લડવા તૈયાર જ હોય. પણ વ્યવહારમાં એમ બનવા પામ્યું નથી. સંધિથી લોકોનો જુસ્સો ઓસરવા પામ્યો હોય એવા એકથી વધુ દાખલા મળી રહે છે; કારણ કે લોકોમાં ગાંધીજીના માપની સત્યાગ્રહશક્તિ ક્યારેય હતી નહીં. વિરોધીઓએ આનો દરેક વખત લાભ ઉઠાવ્યો હતો.

દક્ષિણ આફ્રિકાની એ પ્રથમ સત્યાગ્રહી લડતમાં પણ સમાધાન માટે કહેણ આવ્યું અને વાજબી શરતો સ્વીકારતાં સમાધાન થયું. હિંદીઓ પ્રથમ પરવાના કઢાવી લે અને પછી જનરલ સ્મટ્સ યોગ્ય તક જોઈને ગોરાઓનાં મન મેળવી પરવાના અંગેનો કાયદો રદ કરે એવી જાતનું સમાધાન હતું. સમાધાન થયું ને સૌ છૂટયા. ગાંધીજીનું પ્રથમ કામ સૌને સમાધાનની સમજૂતી આપવાનું થઈ પડ્યું. પ્રથમ તો આગેવાનોને એ સમજાવ્યું. વિરોધમાં સુંદર દલીલો થઈ. પ્રથમ ખૂની કાયદો રદ થાય અને પછી જ પરવાના કઢાવવાના હોય એ સમાધાનની સામેની મુખ્ય દલીલ હતી. છતાં એના જવાબમાં સમાધાનની સુંદર ને વ્યવહારુ વ્યાખ્યા આપી સૌના મનનું સમાધાન કર્યું. "સમાધાનીનો અર્થ જ એ કે જ્યાં સિદ્ધાંતનો ભેદ ન હોય ત્યાં બન્ને પક્ષ પુષ્કળ આપલે કરે અને છૂટ મેલે" (દ. આ. સ. ભા. ૧. પૃ ૨૧૮)

આગેવાનોને તો આવી દલીલોથી સમજાવ્યા. પરંતુ જોહાનિસબર્ગની મધરાતની જાહેર સભામાં લોકોને સમજાવવું મુશ્કેલ બન્યું. સમાધાનીનો ત્યાં ભારે વિરોધ થયો. ગેરસમજ વધી પડી.

પરિણામે ગાંધીજી જ્યારે પોતાને માટે પરવાનો કઢાવવા એશિયાટિક ઑફિસે જવા નીકળ્યા ત્યાં રસ્તામાં મીરઆલમ નામના એમના જૂના અસીલે તેમના પર હલ્લો કર્યો. ડોક કુટુંબની સારવારથી એમને થોડા મહિનામાં આરામ થયો. મીરઆલમ પર તો કંઈ પણ કામ ચલાવવા દેવાની રજા ગાંધીજી ન જ આપે. ગેરસમજથી એણે એમ કર્યું હતું એમ કહી એને છોડી મૂકવાનું કહ્યું.

સમાધાનને પરિણામે આવા આંતરિક વિરોધોનો સામનો કરવાના અવસર એમને અનેક વાર સાંપડ્યા હતા, છતાં એ વિરોધને પણ સમજીને તેમાંથી પેદા થતા ઝેરને પી જવાની શિવશક્તિ એમનામાં હતી. સમજ એ પ્રેમનું મૂળ છે. વિરોધને પણ તેઓ સમજી શકતા. અને તેથી વિરોધીને પ્રેમથી જીતવાનો સદા પ્રયત્ન કરતા. જ્યારે જ્યારે સત્યાગ્રહના આંદોલનના મંથનથી સમાજમાં રહેલું ઝેર બહાર નીકળી આવ્યું ત્યારે ત્યારે એ ઝેરને પીનાર ગાંધીજી તૈયાર હતા.

સમાધાનની સોનેરી તક તે જવા દેતા નહીં. કેટલીક વાર તો આગળ પડીને પણ સમાધાન શોધતા. ૧૯૩૭માં ઝીણા સાહેબ સાથે હિંદુ મુસ્લિમ ઐક્ય અંગે સમાધાન માટે વાટાઘાટ ચલાવી. તેથી પણ વધુ નમ્ર ને ઉદાર પ્રયાસ તો ૧૯૪૪માં ફરીથી ઝીણા સાહેબને બંગલે મુંબઈમાં ૧૭ દિવસ સુધી આદર્યો. એવા પ્રયાસોને અંતે જરાય મચક ન મળતાં છેવટે દેશના ભાગલા પડ્યા. ભાગલા પડ્યા છતાં મુસ્લિમોને એમણે પરાયા ન માન્યા. મુસ્લિમોના દુઃખમાં તેમના સાથી બન્યા, કેટલાક હિંદુઓનો ગુસ્સો વહોરી લીધો અને હિંદના મુસ્લિમોનું રક્ષણ કરવાને બિલકુલ અસમર્થ ઝીણા સાહેબનું કામ તેમના દાના દુશ્મન (!) ગાંધીએ સફળ રીતે કર્યું. વિધિનો કેવો વિરોધાભાસ! આદર્શ સત્યા-

અહીંની 'સમાધાન વૃત્તિના મૂળમાં આવી બહાદુરી આવી ઉદારદિલી હોય એમ એમણે છેલ્લે છેલ્લે પણ આચરી બતાવ્યું.

સમાધાન વખતે વિરોધ થાય અને તે પણ મિત્રો તરફથી, ત્યારે પ્રસંગ દુઃખકર થઈ પડે છતાં ગાંધીજી તેવા સમયે તો વધારે મજબૂત બનતા અને અંતરનું બળ જાણે તેવા સમયે જ બહાર નીકળતું અનુભવતા. "મારો તો આવો અપવાદરહિત અનુભવ છે, અને મને લાગે છે કે એવે જ સમયે હું હમેશાં બધી આંતરિક સંપત્તિ વધારે મેળવી શક્યો છું." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૨૮)

સત્યાગ્રહની નવીનતાઓ

હિંસક યુદ્ધમાં વિરોધી પક્ષનો આદમી આવી મળે તો તે દ્રોહી ગણાય અને આજે તો પાંચમી કતારિયો ગણાય. સામા પક્ષમાં જવું એ હિંસક યુદ્ધમાં ભાગ્યે જ ફરજરૂપ થઈ પડે છે. પણ અહિંસક યુદ્ધનું નાવીન્ય એમાં રહેલું છે કે વિરોધી પક્ષનેય સત્યાગ્રહી પોતાનાં સત્ય ને ન્યાય સ્વીકારાવવા પ્રયત્ન કરે છે અને તેમ કરતાં વિરોધી પક્ષમાંથી સમજુ ને સહૃદયી માણસો સત્યાગ્રહનાં શુદ્ધ સાધનોથી પ્રહેલા પીગળે છે અને સત્યાગ્રહીને બને એ રીતે ઉપયોગી થવા પ્રયત્ન કરે છે. રામને તો એક વિભીષણ મળ્યો પણ સત્યાગ્રહમાં તો અનેક વિભીષણ મળી રહે.

દક્ષિણ આફ્રિકાની એ લડતમાં ગાંધીજીને કેટલાય ગોરા સહાયકો મળી રહ્યા. વેસ્ટ, પોલાક અને અન્ય કેટલાક ગોરા સાથીઓએ પૂર્ણ નિષ્ઠાથી તેમના કામમાં સહાય કરી. એટલું જ નહીં પણ એમની ગેરહાજરીમાં એમનું કામ પણ સંભાળ્યું. દિનબંધુ એન્ડ્રૂઝ અને મીરાંબહેનનાં જ્વલંત ઉદાહરણો તો કદાપિ ભુલાવાનાં નથી. સહાનુભૂતિ ધરાવનાર અને જરૂર પડ્યે થોડી ઘણી મદદ કરી છૂટનાર તો અનેક ગોરાઓ હતા. આવી સામાન્ય સહાનુભૂતિને કારણે જ જ્યારે ગોખલેજીએ દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી ત્યારે ગોરાઓ મોટી સંખ્યામાં તેમને સાંભળવા આવતા. સત્યાગ્રહની આ અનોખી અસર ધ્યાન બહાર ન રહે એવી, ઊડીને નજરે ચોંટે એવી છે. હિંસક યુદ્ધમાં વિરોધી

પક્ષના માણસોને આત્મીય બનાવી તેમની પાસેથી આટલા વિશાળ પ્રમાણમાં સહાય મેળવવાની કલ્પના પણ કરી શકાય કે? "સત્ય પ્રવૃત્તિઓ આવી અનેક પ્રકારની શુદ્ધ અને નિઃસ્વાર્થ મદદો પોતાની તરફ વિના પ્રયાસે આકર્ષે જ છે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૫૪) ગોરાઓ તરફથી મળેલી દરેક સહાય આવી વિના પ્રયાસે જ મળી હતી અને એઓ સર્વે સત્યાગ્રહની સુગંધથી જ આકર્ષાયા હતા.

પરદેશીઓનો આવો સાથ મેળવી શકાયો હતો પરંતુ અંદરની મુશ્કેલીઓ સમાધાનને કારણે વધી પડી હતી. ગાંધીજીનું ખૂન કરવા વિષેની અફવાઓ ઊડી, એવો એક પ્રયાસ પણ થયો. છતાં ગાંધીજી અડગ રહ્યા. પોતાનો પસંદ કરેલો માર્ગ સત્યાગ્રહીને શોભે એવો હતો. એમની શ્રદ્ધાને કોઈ ભય વિચલિત કરી શકે એમ ન હતું. કેવળ આત્મવિશ્વાસ ને અંદરનો અવાજ એ જ એમના આધાર હતા. અંદરનો અવાજ સાંભળતાં તો તેઓ ક્યારનાય થઈ ગયા હતા અને તેથી એ અવાજને અનુસરવામાં જ બધું શ્રેય માનતા. અહંભાવનો જ્યાં ભાસ થવાનો સંભવ થાય એમ હતું ત્યાં નમ્રતાપૂર્વક અંદરના અવાજનું સમર્થન કરી એવા ભાસને દૂર કરતા. પછી એ અવાજને ટેકારૂપ દલીલો શોધી સચોટ રીતે રજૂ કરવાથી લોકોને ગળે પોતાની વાત ઉતારવામાં સફળ થયા હતા.

તે વેળાની હિંદી કોમની ગેરસમજને દૂર કરવા એમણે એક કલ્પિત સંવાદ લખી કાઢ્યો અને પોતે લીધેલા સમાધાનીના રસ્તાની સમજૂતી આપી. લોકોમાં એનાથી સારી છાપ પડી. મોટા ભાગના લોકોએ સમાધાની મુજબ પરવાના કઢાવી લીધા. બીજી બાજુ મોતને ભેટવાની એમની પૂરેપૂરી તૈયારી હતી. "સત્યાગ્રહીને પોતાના સત્યનો આગ્રહ રાખતાં સત્યાગ્રહના પ્રસંગમાં જ અનાયાસે મોતની ભેટ થાય તેના જેવું મંગળ પરિણામ બીજું તે કલ્પી જ ન શકે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૬૦) મોતને ભેટવાની આવી સદાની તૈયારી તો સત્યાગ્રહમાં જ શક્ય બને. તેમાં વેરને સ્થાન જ નથી હોતું એટલે

તે મરણ શરણ થવાને નિર્વૈર ભાવે સદા તૈયાર જ હોય છે. સત્યાગ્રહી સદા માથું હાથમાં રાખીને ફરે છે. સત્યાગ્રહની આ બીજી નવીનતા ગણાય.

ત્રીજી વિશેષતા તો એ કે તેમાં કોઈ નેતા નથી. સૌ નેતા યા સૌ સૈનિક. તેથી નેતા પકડાય કે મરણ પામે ત્યારે લડતને જરાય ધોકો ન પહોંચે. પણ આવું તો જ્યાં સત્યાગ્રહની સાચી સમજ પ્રજામાં હોય ત્યારે બને. વ્યવહારમાં કાચાપોચા માણસોથી કામ લેવાનું બન્યું હતું ત્યારે હકીકતમાં આમ નથી બન્યું. સત્યાગ્રહની દરેક લડત વખતે જ્યારે નેતાઓ પકડાઈ ગયા ત્યારે ત્યારે પાછળથી લોકોમાં ઢીલાશ આવી હતી. ૧૯૪૨માં ખસૂસ એમ જ બન્યું. ગાંધીજી આ વાસ્તવિક સ્થિતિના જાણકાર હતા અને તેથી જ એમણે સમાધાનની મળતી ગૌરવભરી તકો જવા નહોતી દીધી. જોકે એમનો સત્યાગ્રહ વિષેનો મત તો આવો જ રહ્યો હતો કે "તેમાં કોઈ નેતા નથી. એટલે કોઈ સેવક નથી. અથવા તો સૌ સેવક અને સૌ નેતા છે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૬૧.) પણ આ તો આદર્શની વાત થઈ. જ્યારે પ્રજામાં સત્યાગ્રહ એક સામાન્ય વસ્તુ થઈ પડે, તે પ્રજાના હાડમાં પેસી ગયો હોય ત્યારે નેતા સેવકનો ભેદ ન રહે. પણ ભૂતકાળની કોઈ લડતમાં એવા આદર્શ સત્યાગ્રહની નજીક પહોંચાયું નથી; કારણ કે પ્રજામાં સત્યાગ્રહની એટલી સમજ નહોતી, સત્યાગ્રહને પચાવવાની એટલી તૈયારી ન હતી, ને પ્રજાને એટલા પ્રમાણમાં તૈયાર કરવાનો સમય પણ નહોતો. છતાં હિંસક લડાઈની સરખામણીએ આ સત્યાગ્રહોની લડતમાં નેતાસેવક ભેદ સારા પ્રમાણમાં ઓછા બન્યા હતા અને નેતાઓની ગેરહાજરીમાં પ્રજા લડત આપી શકી હતી.

વિશ્વાસઘાત અને પછી

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લાંબી લડત દરમ્યાન સત્યાગ્રહનું શસ્ત્ર અનેક રીતે કસોટીએ ચઢ્યું. એનાથી એ ઘડાયું અને હિંદમાં ઉપયોગમાં લેવાને સારુ જાણે કે તે બધી રીતે તૈયાર થયું. એવું કહ્યું

પાછળથી હિંદમાં ન બન્યું જેનો અનુભવ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને ન થયો હોય. ત્યાંનો ઇતિહાસ એ જાણે કે હિંદુસ્તાનમાં ભજવાતા રાજકીય નાટકનો અભ્યાસ-પ્રયોગ (Rehearsal) થઈ રહ્યો. "એ ઇતિહાસનાં સ્મરણો ઉપરથી હું જોઉં છું કે આપણી આજની સ્થિતિમાં એક પણ વસ્તુ એવી નથી કે જેનો અનુભવ નાના પાયા ઉપર દક્ષિણ આફ્રિકામાં મને ન થયો હોય. આરંભનો એ જ ઉત્સાહ, એ જ સંપ, એ જ આગ્રહ, મધ્યમાં એ જ નિરાશા, એ જ અણગમો, આપસઆપસમાં ઝઘડા ને દ્વેષાદિ, તેમ છતાં મુઠ્ઠીભર લોકોમાં અવિચળ શ્રદ્ધા, દૃઢતા, ત્યાગ, સહિષ્ણુતા તેમ જ અનેક પ્રકારની અણધારેલી મુસીબતો." (દ. આ. સ. ભા. ૨. પ્રસ્તાવના)

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ સત્યાગ્રહની એક સંપૂર્ણ આવૃત્તિ જેવો હોઈ એનું વિવેચન અત્રે યોગ્ય લંબાણથી કર્યું છે. સત્યાગ્રહનો એ ઘડતર કાળ લાંબો હતો તેથી એમાં બધાય અનુભવો એક પછી એક થયા. વળી ગોરાઓને પક્ષે જનરલ સ્મટ્સ જેવા ચાલાક માણસની સરદારી હતી એટલે પણ સત્યાગ્રહીઓને અનેક પ્રકારની મુસીબતો વેઠવી પડી.

જનરલ સ્મટ્સે આપેલું વચન તોડ્યું અને વિશ્વાસઘાત કર્યો. જે વિશ્વાસથી ગાંધીજીએ કોમનો વિરોધ સહન કરીને પણ પરવાના કઢાવી લેવા સમજાવી તે વિશ્વાસનો તેમણે આમ હડે પેટે ભંગ થતાં કેટલાક સાથીઓએ ગાંધીજી પર કટાક્ષ કર્યા છતાં તે તેમણે સહ્યા. "જેને તમે મારું ભોળપણ કહો છો એ તો મારે સારુ જડાઈ ગયેલી વસ્તુ છે. એ ભોળપણ નથી પણ વિશ્વાસ છે, અને વિશ્વાસ રાખવો એ મારો અને તમારો સૌનો ધર્મ સમજું છું." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૬)

સત્યાગ્રહની લડત વિશ્વાસ પર જ નભે છે. વિશ્વાસ રાખવો એ એની પ્રાથમિક નીતિ છે માનવી સ્વભાવમાં રહેલા સારા અંશોને જાગૃત કરી તેના વડે જ સત્યાગ્રહ પોતાનું કામ કરાવવા મથે છે. વિશ્વાસ

એ સદ્દંશોને જાગ્રત કરવાનું પ્રથમ સાધન છે, તેથી સામાનો વિશ્વાસ રાખવો એ સત્યાગ્રહીનો ધર્મ થઈ પડે છે. એ વિશ્વાસ કેવળ ગાંડું ભોળપણ ન હોય, બુદ્ધિપૂર્વક બધીય પરિસ્થિતિ સમજતાં છતાં વિશ્વાસ રાખવાનો હોય. અને ગાંધીજીને એમના વિશ્વાસુ સ્વભાવને જાણ્યા છતાં ભોળા કોણ કહે? એમની સમજશક્તિ એટલી તીવ્ર હતી કે પ્રથમ નજરે જ માણસનો ને પરિસ્થિતિનો સમ્યગ્ તાગ કાઢી લેતા. વારંવાર વિશ્વાસઘાતનો અનુભવ છતાં એમણે સત્યાગ્રહનું આવશ્યક લક્ષણ જે વિશ્વાસ તે કદાપિ છોડયો નહોતો. હિંદમાં પણ મહાયુદ્ધ પ્રસંગે સરકારે આપેલાં વચનો ન પાળ્યાં. આવા વિશ્વાસઘાતોથી સત્યાગ્રહમાં એમની શ્રદ્ધાને મજબૂત બનતી ગઈ અને સરકારની કુટિલતા વધુ ને વધુ ખુલ્લી પડતી ગઈ. પોતાનું નૈતિક બળ વધતું ગયું, જ્યારે સરકારી પક્ષે એ ઘટતું ગયું. એ રીતે સત્યાગ્રહીને વિશ્વાસઘાતથીય જરાય ડરવાનું નથી.

પણ આવો વિશ્વાસને હદ ખરી? એ કયાં સુધી ફલીભૂત થાય? આ પ્રશ્નોનો આખરી નિર્ણય સત્યાગ્રહના અનુભવોમાંથી તારવી કાઢવો પણ મુશ્કેલ છે. વિશ્વાસ રાખ્યાથી છેવટ સુધી શુભ પરિણામ જ આવે એમ ગાંધીજીના અનુભવો પણ નથી શીખવતા. દક્ષિણ આફ્રિકામાં ગોરા વેપારીઓ પરનો આત્યંતિક વિશ્વાસ અને હિંદુસ્તાનમાં ઝીણા સાહેબને મનાવી લેવાનો પ્રયત્નપૂર્વકનો વિશ્વાસ અસફળ બન્યા છે. જોકે વિશ્વાસના આડફાયદા તો મળ્યા જ હતા છતાં તેમનું અંતિમ પરિણામ શુભ નહોતું જ આવ્યું એમ આજે તો જરૂર કહી શકાય. વિશ્વાસ ત્યાં લગી કામ આવે જ્યાં સુધી સામો પક્ષ અજાણ્યે અન્યાય કરતો હોય; પરંતુ જે જાણી જોઈને વિશ્વાસનો ને ભલમનસાઈનો લાભ ઉઠાવવા માગતો હોય તેના પર વિશ્વાસની અસર જ ન પડે. ગાંધીજી આ વસ્તુ જાણતા હતા. "ઊંઘતાને આપણે જગાડી શકીએ છીએ પણ જે જાગતો ઊંઘવાનો ડોળ કરતો હોય તેને જગાડી શકતા નથી, તેમ ગોરા વેપારીઓનું બન્યું." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૯)

ગોરા વેપારીઓના દુરાગ્રહથી શ્રી કાછલિયાને નાદારી બતાવવી પડી. કોમને માટે એ બહાદુર આગેવાને તે પણ સહી. ગાંધીજીએ ને કોમે તેમને તે માટે મુબારકબાદી આપી. "નાદારી એ નાદારી મટી, નામોશી મટી, આદર અને માનમાં ખપી શકે એવી કલ્પના પણ સામાન્ય માણસને નહીં આવી શકે. કાછલિયાને એ જ વસ્તુ સ્વાભાવિક લાગી." (દ. આ. સ. ભા. ૨ પૃ. ૧૦) નાદારીનું આવું મૂલ્યપરિવર્તન વિરલ ઉદાહરણ નથી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અને પાછળથી હિંદુસ્તાનમાં કંઈક વસ્તુઓનું 'મૂલ્યપરિવર્તન કર્યું' જેલને મહેલ બનાવ્યો, પકડાવાને ગૌરવનું સાધન બનાવ્યું, શ્રમની પ્રતિષ્ઠા વધારી, સાદાઈને સમાજ-સેવકનું ભૂષણ બનાવ્યું. આવાં મૂલ્યપરિવર્તન કરાવવાની પાછળ એમની નૂતન જીવનદૃષ્ટિ કામ કરી રહી હતી. એના વડે એમણે જીવન જોયું ને જોતાં શીખવ્યું.

પરવાનાની હોળી

હિંદી કોમે મરજિયાત પરવાના કઢાવ્યા પરંતુ જનરલ સ્મટ્સે તે પરવાના પાછળથી કાયદેસર ઠરાવ્યા! કાયદો રદ કરવાને બદલે આવો વિશ્વાસઘાત ગાંધીજી કે હિંદી કોમ સહન કેમ જ કરે? પરવાના કઢાવવાની સલાહ આપનાર ગાંધીજીએ જ હવે તે બાળવાની સલાહ આપી! સમાધાનના વિરોધથી એ ગભરાયેલા નહીં કારણ કે ગમે તે સંજોગોમાં પણ કોમનું હિત એમને કરવું હતું. એ હેતુથી જ એમનો દક્ષિણ આફ્રિકામાં વસવાટ હતો. એટલે વિરોધના બળને સહન કરી પ્રસંગ આવ્યે એ જ બળને હવે તેમણે વિરોધીઓની સામે સત્યાગ્રહમાં વાપર્યું. એમનો સતત ને સાચો ઉત્સાહ હિંદીઓમાં કાયમી વિશ્વાસ જન્માવી શક્યો. અને જ્યારે પરવાના બાળવાની હાકલ કરી ત્યારે ઉમંગથી લોકોએ તે બાળ્યા, તેની હોળી કરી. પરવાના કઢાવ્યા એટલે કંઈ પરવાનાનું બંધન નથી આવી પડતું. તેને આપેલી અગત્ય નાબૂદ કરવાની શક્તિ સત્યાગ્રહીના હાથમાં છે. "એટલે, કાયદા સાથે કે કાયદા

વિના કોઈ પણ સ્થિતિમાં, આપણી મદદ વિના સરકાર આપણા ઉપર અંકુશ ન જ ચલાવી શકે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૨૦)

આવી નવી જાતની હોળી કેવળ આ પરવાના અંગે જ નથી થઈ. હિંદુસ્તાનમાં સ્વદેશીના પ્રચાર અંગે વિલાયતી કાપડનો બહિષ્કાર કરતાં તેની અનેક હોળીઓ થઈ હતી. આવી હોળીથી લોકોમાં એક જાતનો જુસ્સો પેદા થાય છે, અને કંઈક કર્યાનો સંતોષ થાય છે. એમાં નાટ્યાત્મક તત્ત્વ સહેજે રહેલું હોવાથી કંઈક કરી છૂટવાની તમન્ના જાગે છે. જીવનની મુશ્કેલીઓ એવી તમન્ના આગળ નજીવી લાગે છે. સત્યાગ્રહમાં આવાં કાર્યોને સ્થાન છે એમ સફળ રીતે અનેક વાર ગાંધીજીએ સત્યાગ્રહી લડતોમાં સિદ્ધ કરી બતાવ્યું છે.

ચાલાકી ?

એશિયાટિક એક્ટની સાથે જ જનરલ સ્મટ્સે નવા હિંદીઓને ટ્રાન્સવાલમાં આવતા અટકાવવાને પણ એક કાયદો કર્યો. ગાંધીજીએ આ કાયદો પણ હિંદી કોમને સ્વમાન અને અસ્તિત્વને ઘાતક હોઈ તેનો પણ સત્યાગ્રહની લડતના મુદ્દાઓમાં સમાવેશ કર્યો. જેમ કાયદો પાછળથી થયો તેમ તેનો ઉમેરો પણ સત્યાગ્રહનાં કારણોમાં પાછળથી થયો. આમ છતાં જનરલ સ્મટ્સ અને ગોરાઓએ ગાંધીજી પર ચાલાકીનો આરોપ મૂક્યો. આખા કિસ્સામાં ચાલાકી જેવું કશું ન હતું. આ વેળા અને આ પછી ગાંધીજીએ કહેવાતી રાજકીય હોશિયારી વાપરી નથી. જોકે એમના ઉપર મેલી મુત્સદ્દીગીરીનો આરોપ પરદેશી અને કેટલાક દેશી લોકોએ મૂક્યો છે ખરો. પણ તે સર્વે ગાંધીજીને બરાબર ઓળખતા ન હતા એમ જ કહેવું જોઈએ. રાજકારણમાં પણ ધર્મનો પ્રવેશ કરાવનાર અને ડગલે ને પગલે તેને રાહે જ ચાલનાર ગાંધીજી કઈ રીતે ચાલાકીનો ઉપયોગ કરવા પ્રેરાય? ચાલાકી એટલે તો સત્યનો ઢાંક-પિછોડો અને તેનો આશરો આ આજન્મ સત્યાગ્રહી કદાપિ ન લે. "હું પોતે તો જાણું છું કે દક્ષિણ આફ્રિકામાં એટલાં બધાં વરસ રહ્યો તેમાં

ક્યાંયે ચાલાકી વાપરી હોય એવું મને સ્મરણ જ નથી. બલ્કે આ પ્રસંગે તો હું આગળ વધીને એટલે સુધી પણ કહેતાં અચકાતો નથી કે મારી આખી જિંદગીમાં મેં ચાલાકીનો ઉપયોગ જ નથી કર્યો." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૨૮). સચોટ ઇનકાર પછી પણ એમના ઉપર આવો આરોપ ચાલુ રહ્યો છે અને કેટલાક તો કેવળ એમની મુત્સદ્દીગીરી પર જ ફીદા બન્યા હતા!

આવી ગેરસમજનું કારણ તો એ છે કે સત્યનો પંથ દોહ્યલો છે. સૂક્ષ્મ સત્યની પકડ ગાંધીજીમાં અસાધારણ હતી, અને તેથી અસંગતિ દેખાવાને જોખમે પણ તેઓ સૂક્ષ્મ સત્યને જ પકડતા ને તે અનુસાર જ આચરણ કરતા. સામાન્ય માણસો આવા સૂક્ષ્મ સત્યને ન સમજી શકવાને કારણે આવા સત્યપાલન અર્થે પેદા થતી બાહ્ય અસંગતિને ચાલાકીને નામે ઓળખવાનું પસંદ કરતા.

વળી સત્યનો વિકાસ પણ થયા જ કરે છે. અને જેને ગાંધીજી "વૃદ્ધિનો કાયદો" કહે છે તે સત્યાગ્રહની લડતને હંમેશાં લાગુ પડે છે. "દરેક શુદ્ધ લડતને વિષે જેને હું વૃદ્ધિનો કાયદો કહું છું તે લાગુ પડે છે એમ મારો અનુભવ મને શીખવે છે" (દ. આ. સ. ભા. ૨. પૃ. ૨૯). સત્યાગ્રહમાં સ્વાભાવિક ક્રિયા વૃદ્ધિની જ હોય કારણ તે ઉભય પક્ષને પોષક છે. એમાં હિંસાને, નાશને સ્થાન જ નથી. તેથી વૃદ્ધિ જ દેખાતા સંઘર્ષની પાછળ એક મહાબળ તરીકે કામ કરતી હોય છે. 'આવી સત્યાગ્રહી ગંગા'માં નાહીને પવિત્ર થનાર એ કાયદાને સમજી શકે અને ત્યારે એને ગાંધીજી પર ચાલાકીનો આરોપ મૂકવાનો ન રહે.

સત્યાગ્રહમાં સાચી મુત્સદ્દીગીરી તો છે જ. સત્યને ધોરણે કામ કરનારાની સૂઝ પ્રતિપક્ષી કરતાં આગળ ને આગળ દોડે છે. એને કશા લાંબા વિચારો નથી કરવા પડતા છતાં આગળનું એક ડગલું તો એ નિશ્ચિંત રીતે ભરી શકે છે. "તેથી જો એ ખરાં પગલાં સચોટપણે લઈ શકે તો સરકારથી હંમેશાં આગળ ને આગળ જ ચાલે" ૧૯૩૦ની લડતમાં

હિંદી સરકાર મૂંઝાઈ ગઈ હતી. એને શું કરવું એ સમજાતું ન હતું. આવી મૂંઝવણને પરિણામે હિંદી સરકાર કે જનરલ સ્મટ્સ ચાલાકીનો આરોપ મૂકે એ સમજાય તેવું છે. મનમાં તો એ પણ સત્યાગ્રહી ગાંધીજીની નિખાલસતા સમજતા જ હશે કારણ ગુપ્ત કે ખાનગી વ્યવહાર જેવું કદાપિ સત્યાગ્રહમાં ન ચાલે — ગાંધીજીનું ચાલ્યું ત્યાં સુધી તેમણે કશુંય ગુપ્ત રાખ્યું નહોતું.

મર્યાદા ધર્મ

એક બાજુ જેમ સત્યાગ્રહની લડતના મુદ્દામાં વધારો કર્યો તેમ તે મુદ્દાની મર્યાદા પણ આંકી. નવી વસ્તીના કાયદામાં જે પ્રતિબંધની અન્ય શરતો હતી તેનો સત્યાગ્રહીઓને વિરોધ ન હતો. "આમ કરી સત્યાગ્રહ એ મર્યાદા ધર્મ છે એમ સાબિત કરવું હતું." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૩૨) સત્યાગ્રહમાં રહેલી આ મર્યાદા સત્યાગ્રહી પોતે મૂકે છે. કેટલીક વાર બહારથી પણ આવી પડે છે. હિંદુસ્તાનની સત્યાગ્રહી લડતો વખતે હિંસક ક્રાંતિકારીઓનાં કાર્યો લડતને ધોકો પહોંચાડતાં તેથી ગાંધીજીએ ૧૯૩૦ની લડત વખતે હિંસાવાદીઓને પોતાનાં કૃત્યો મોકૂફ રાખી સત્યાગ્રહની પોતાને અજમાયશ કરવા દેવાની વિનવણી કરેલી. ચૌરીચૌરાનાં હુલ્લડોથી તો ગાંધીજીને સત્યાગ્રહ પાછો ખેંચવો પડેલો. આવી મર્યાદાથી જવાહર વગેરે નેતાઓ મૂંઝાયેલા અને જવાહરે એની ઉપર સખત ટીકા પણ કરી છે. સત્યાગ્રહની આ સહજ મર્યાદા છે છતાં તેથી એના મૂલ્યમાં ઘટાડો થતો નથી. દૂધમાં પડેલું ઝેરનું એક બિંદુ બધું દૂધ ઝેરી બનાવશે તેમ અહિંસક લડતમાં હિંસક કાર્યો લડતને નબળી બનાવે. હિંસક કાર્યોથી સત્યાગ્રહી ડરી જશે નહીં છતાં સામુદાયિક લડતમાં તેથી ધોકો પહોંચે એ તો એ સ્વીકારશે, છતાં અસાધારણ સંજોગોમાં તો આવાં હિંસક કાર્યોની ઉપેક્ષા કરીને પણ સામુદાયિક સત્યાગ્રહ ચલાવી શકાય એનો જાણે દાખલો બેસાડવાનો હોય તેમ ૧૯૪૨માં હિંદુ-મુસ્લિમ વિભેદનો સામનો

કરીને, હિંસા ફાટી નીકળવાનો ભય હોવા છતાં પણ 'કરેંગે યા મરેંગે'નો દેશને મંત્ર આપી સરકાર સામે સત્યાગ્રહ પોકાર્યો. પણ આ તો થઈ બહારની મર્યાદાની વાત. પોતે જાણી જોઈને ઉભય પક્ષના હિત સારુ સત્યાગ્રહી એક યા બીજી મર્યાદા મૂકે એવા પ્રસંગો તો અનેક આવવાના. સત્યાગ્રહનો માર્ગ સંયમનો માર્ગ છે એટલે તે સહેજે મર્યાદા ધર્મ બની રહે છે.

"હિંદ સ્વરાજ"

દક્ષિણ આફ્રિકાનું યુનિયન થવાની વાત ઊપડી અને હિંદી કોમે તે તર્કે પોતાનું ડેપ્યુટેશન મોકલ્યું. ગાંધીજીને વિલાયતમાં કામ કરતાં ઘણા અરાજકવાદી સાથે ચર્ચા થયેલી. તે વેળા તે અરાજકતાવાદનો પશ્ચિમમાં પવન ફૂંકાતો હતો. એ બધી ચર્ચાને પરિણામે પોતાના સિદ્ધાંતો ને માન્યતાઓને આકાર આપવાની જરૂર જણાઈ અને વિલાયતથી પાછા વળતાં આગબોટ ઉપર જ 'હિંદ સ્વરાજ' એમણે લખ્યું.

મહાદેવભાઈએ આ પુસ્તકને ગાંધીજીના વિચારોનો 'બીજરૂપ ગ્રંથ' ગણાવ્યો છે. જે વિચારો એમણે વાંચ્યા વિચાર્યા અને આત્મસાત્ કર્યા અને જે એમના જીવનસિદ્ધાંત જેવા બની રહ્યા તેનું આ ગ્રંથમાં નિરૂપણ છે. એ વિચારોમાં એક પણ શબ્દ ફેરવવાની જરૂર નથી, એમ એમણે એ પુસ્તકની આવૃત્તિઓ વેળા સ્પષ્ટ કર્યું હતું. એ વિચારો વિકાસ પામતા ગયા કારણ કે તે જીવનસિદ્ધાંતો હતા. ગાંધીજીના કેટલાક વિચારો બદલાયા જણ્યા છે પણ નહીં કે જીવનસિદ્ધાંતો. આ પુસ્તકમાં એમની જીવનની ફિલસૂફીનું નિરૂપણ છે અને તેથી એમાં ફેરફાર થયો તે કેવળ તેના વિકાસ અર્થે જ. એવો વિકાસ તો એમના મરણ સુધી ચાલુ જ રહ્યો.

ગાંધીજીના આ ગ્રંથને માર્ક્સના 'કૅપીટલ' સાથે યથાર્થ રીતે સરખાવી શકાય. જોકે એક રીતે બંનેના વિચાર તદ્દન વિરુદ્ધ દિશામાં વહે છે છતાં તે બંને આ યુગના બે મહાન વિચારકોની

ફિલસૂફીની રજૂઆત કરનારા છે એ રીતે એમનું સામ્ય છે. બંને પુસ્તકોએ બે મહાન ક્રાંતિઓને જન્મ આપ્યો છે; બંનેએ મહાન સામાજિક ને રાજકીય બળો પેદા કર્યાં છે. પણ બંનેના નિરૂપણમાં ઘણો ભેદ છે. 'કૅપીટલ'માં પાંડિત્ય ને પુસ્તકોના સંશોધન સાથે મૌલિકપણે વિચારનું વિસ્તારથી નિરૂપણ થયું છે. ત્યારે 'હિંદ સ્વરાજ'માં અનુભવ જીવનના સંશોધન ને પ્રયોગની પાછળ અવિરત કામ કરતી ને વિકસતી અપૂર્વ પ્રતિભા સંક્ષેપ અને સાદી ભાષામાં જીવનદર્શનની રજૂઆત કરી દે છે.

'હિંદ સ્વરાજ'માં આલેખેલા સ્વરાજને મેળવવાની એમની નેમ હતી છતાં એને માટે નહોતી પ્રજા તૈયાર કે નહોતી તેને એની સમજ, હિંદના દેશનેતાઓ પણ એને અપનાવે એમ ન હતું. ત્યારે શું બેસી રહેવું? એ તો બને કેમ? કારણ કે હિંદુસ્તાનનું સ્વરાજ મેળવવા તો સર્વાર્પણ કર્યું હતું. "તેવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે એમ મન સાક્ષી પૂરે છે." (હિં. સ્વ. પૃ. ૯૧ નવી આવૃત્તિ.)

તેથી લોકોની ઇચ્છા મુજબનું પાર્લામેંટરી ઢબનું સ્વરાજ મેળવવા તે મથતા રહ્યા. એવું સ્વરાજ મેળવ્યા પછી જ પોતાની કલ્પના મુજબનું હિંદ સ્વરાજ આવે એવી એમની વ્યવહારૂ પ્રતીતિ હતી. વ્યક્તિગત રીતે પોતે 'હિંદ સ્વરાજ'ને અર્થે જ છેવટ સુધી કોશિશ કરતા રહ્યા. પણ "આજે મારી સામુદાયિક પ્રવૃત્તિનું ધ્યેય હિંદુસ્તાનની પ્રજાની ઇચ્છા પ્રમાણેનું પાર્લામેંટરી ઢબનું સ્વરાજ પ્રાપ્ત કરવાનું છે એ વિષે શંકા નથી." (હિં. સ્વ. ઉપો. પૃ. ૧૭)

વ્યક્તિગત રીતે જે 'હિંદ સ્વરાજ'ની તેમની કલ્પના હતી તે ચાર મુદ્દાઓમાં આમ રજૂ કરી શકાય: ૧. સ્વરાજ તે મનનું રાજ. ૨. તેની ચાવી સત્યાગ્રહ. ૩. તેને અંગે સ્વદેશી આવશ્યક. ૪. અન્યાયનો સામનો પ્રેમભાવે — અંગ્રેજોનો દ્વેષ નહીં. આ મૂળ વિચારોના થડમાંથી જ આગળ જતાં સત્યાગ્રહ વિશાળ બનતો ગયો, ને તેમાંથી જ ખાદી, રચનાત્મક કાર્યક્રમ વગેરે જનમ્યાં. એ જીવનસિદ્ધાંતો

પાછળથી એ શબ્દોમાં રજૂ થયા અને તે 'સત્ય અહિંસા'માં. સત્ય અહિંસાની ચાવીનો એઓ જીવનનાં અનેક ક્ષેત્રોમાં ઉપયોગ કરતા ગયા અને તેના વડે જ દરેક ગૂંચનો ઉકેલ શોધી આપ્યો.

૧૯૪૬માં સ્વરાજ આવ્યું છતાં એમનો સ્વરાજ મેળવવાનો પ્રયાસ તો ચાલુ જ રહ્યો! એમનું 'હિંદ સ્વરાજ' હજુ દૂર હતું. મળેલા સ્વરાજ્યથી એમને સંતોષ ન હતો; એમને હવે અહિંસક પાયા પર રચાયેલા સ્વરાજ્યની પ્રાપ્તિ દેશને કરાવવી હતી. એ સ્વરાજ્ય દૂર હતું, તે એ જાણતા હતા. આ કાર્યક્રમના (હિંદ સ્વરાજમાં આલેખેલા) એક જ અંશ અહિંસાનો અમલ કરીને — તે પણ નબળાની અહિંસાનો — હિંદને સ્વરાજ મળ્યું છે. આખા કાર્યક્રમનો અમલ મુશ્કેલ છે એ પણ તેઓ જાણતા હતા. "પણ મને સખેદ ભાન છે કે એ ઘટના હજુ ઘણી દૂર છે." (હિં. સ્વ. પૃ. ૨૨.)

ટીકાઓ :— આ પુસ્તક પર પરસ્પર વિરુદ્ધ એવી અનેક ટીકાઓ થઈ છે. 'એ એક મૂર્ખ માણસની કૃતિ છે' એવી નાદાનીભરી ટીકાથી માંડી એ એક 'Spiritual classic' છે એવું સ્તુતિવાક્ય મિડલટન મરે જેવા ઉચ્ચારે છે. તેઓ આગળ કહે છે: "Hind Swaraj is (I believe) the greatest book that has been written in modern times." "હિંદ સ્વરાજ આજના જમાનાનું સર્વોત્તમ પુસ્તક છે એમ હું માનું છું." હ્યુજ ફ્રોસેટ એને 'એક ક્રાંતિકારી સંદેશ' તરીકે અને જીરાલ્ડ હર્ડ 'The vision of a new order' નવયુગના દર્શન તરીકે ઓળખાવે છે. 'હિંદ-સ્વરાજ' ગાંધીજીના જીવનમાંથી ઊગ્યું છે અને તેથી એને A great natural phenomenon 'એક મહાન કુદરતી બીના' તરીકે સમજવામાં આપણે સહેજે જિરાર્ડ હર્ડ સાથે સંમત થઈએ.

આર્યન પાથે 'હિંદ સ્વરાજ અંક' બહાર પાડેલો તેમાં આવી સ્તુતિભરી સમાલોચનાઓ થઈ. એમાં કોલ, કુમારી હેથઓન વગેરેએ

યંત્રવિષયક અને ગાંધીજીના વિચારો સામે વાંધો દર્શાવ્યો છે. પણ આ બધામાં જે ટીકા નથી જોવા મળતી તેવી તદ્દન વિચિત્ર ને કટુ ટીકા એની બેસંટે અન્યત્ર કરેલી જોવામાં આવે છે: "Mr. Gandhi's book, Indian Home Rule, is full of wildest statements" (India Bond or Free? p. 195) બેસંટ જેવાં વિદુષી તરફથી આવી ટીકા ગાંધીજી વિષેની તેમની કેવળ ગેરસમજ બતાવે છે. જે કોઈ આ પુસ્તકને વિચારપૂર્વક ધ્યાનથી ને તાટસ્થ્યથી વાંચે તેને એની પાછળ પ્રતિભા ને મૌલિકતાનું ભાન થયા વિના ન રહે.

ટોલ્સ્ટોય ને થૉરો

ટૉલ્સ્ટૉયે આ પુસ્તકનું યથાર્થ મૂલ્યાંકન કર્યું છે "I consider the question there dealt with — passive Resistance — to be of very great importance not only for Indians but for the whole of mankind." "હિંદ સ્વરાજમાં ચર્ચેલો પૅસિવ રિઝિસ્ટન્સનો મુદ્દો હિંદ માટે નહીં પણ આખા જગત માટે ખૂબ અગત્યનો છે." સત્યાગ્રહની પ્રાથમિક દશા જોઈને, સાંભળીને અને તેનું બ્યાન 'હિંદસ્વરાજ'માં વાંચ્યા પછી ઉપર મુજબનો દૃષ્ટાને છાજે એવો અભિપ્રાય ટૉલ્સ્ટૉયે ગાંધીજીને તેમના પરના તા. ૩, મે, ૧૯૧૦ના પત્રમાં જણાવેલો. ગાંધીજી ટૉલ્સ્ટૉયને પોતાના માર્ગદર્શક તરીકે ગણે છે છતાં ટૉલ્સ્ટૉયના અભિપ્રાયમાં કેટલું નિરભિમાન ને તાટસ્થ્ય તરી આવે છે!

સત્યાગ્રહ વિષેના વિચારો બંધાવામાં અને તેના ઘડતરમાં ટૉલ્સ્ટૉયની અસર હતી. ગાંધીજીએ તે સ્વીકારી છે. "કિંગ્ડમ ઑફ હેવન ઈઝ વિધિન યુ" નામના પુસ્તકમાંની ચર્ચાએ ગાંધીજીને હલાવ્યા, પોતાની અંદર પડેલા એવા જ વિચારો એ પુસ્તકે એમનામાં જાગૃત કર્યા. છતાં 'હિંદ સ્વરાજ'માંના વિચારો અને સત્યાગ્રહનું ઘડતર સ્વતંત્ર રીતે જન્મ્યાં અને ઘડાયાં. "જે વિચારો બતાવ્યા તે મારા છે, ને મારા

નથી. તે મારા છે કેમ કે તે પ્રમાણે વર્તન કરવાની મારી ઉમેદ છે; તે મારા આત્મામાં ઘડાઈ ગયા જેવા છે; મારા નથી કેમ કે તે મેં જ વિચાર્યા છે એમ નથી" (હિં. સ્વ. પૃ. ૨૩) આત્મસાત્ થયેલા વિચારોમાંથી જન્મેલા જીવન સિદ્ધાંતનું પોષણ ને વર્ધન તો એમણે પોતે જ તેના આચાર વડે જ કર્યું.

વૈકુંઠ તારા હૃદયમાં છે એ પુસ્તકમાં ટૉલ્સ્ટૉયે ચર્ચેલા જીવનની વિસંગતતા, યુદ્ધની ખાનાખરાબી ને નિષ્ફળતા, યુરોપનો ફુવારો ને તેની ઝાટકણીની સ્પષ્ટ અસર ગાંધીજી પર દેખાય છે. ગાંધીજીને પોતાને સ્વતંત્રપણે પણ એમ જ લાગતું હતું પણ ટૉલ્સ્ટૉયના પુસ્તકે તે વિચારો દૃઢ કર્યા. હિંસાનો પણ બન્ને વિરોધ કરે છે. ટૉલ્સ્ટૉય એ પુસ્તકમાં 'Resist not evil'નો ખ્રિસ્તી સિદ્ધાંત બહુ વિગતથી ચર્ચે છે. એક રીતે એ અંતિમવાદી છે અને તેથી અનિષ્ટનો વિરોધ માત્ર કરવાની વિરુદ્ધ છે. આ વિચારનું આબાદ પ્રતિબિંબ એની વાર્તા 'મૂરખરાજ' (Ivan, the Fool)માં પડેલું જોઈ શકાય છે. મૂળ વિચારનું આ એમનું પોતાનું સ્વતંત્ર પ્રતિપાદન છે. ક્રિમિયન વૉરમાંના યુદ્ધમાંથી યુદ્ધની નિષ્ફળતા એ સચોટપણે સમજી ગયેલા અને તેમાંથી એમની દૃષ્ટિએ Resist not evil ના સિદ્ધાંતનું પ્રતિપાદન નવી રીતે કર્યું.

ટૉલ્સ્ટૉય ને ગાંધીજી વચ્ચે કેટલેક અંશે મળતાપણું છે. ગાંધીજીને પણ બોઅર યુદ્ધ વખતે અને ઝુલુ બળવા વખતે યુદ્ધ જોવાના પ્રસંગો મળેલા અને તેની નિષ્ફળતા પ્રત્યક્ષ એમણે જોઈ. મનના અહિંસક વલણને તેથી ટેકો મળ્યો. તેથી ગાંધીજીને 'મૂરખરાજ'માં રજૂ કરેલો આદર્શ ગમી જાય છે અને તેથી તેનો તરજુમો પણ કરે છે!

પણ જ્યાં ટૉલ્સ્ટૉય અટકે છે ત્યાંથી ગાંધીજી આગળ જાય છે. અનિષ્ટનો સામનો ન કરવો એમ નહીં પણ અનિષ્ટનો આત્મબળથી સામનો કરતાંય પ્રતિપક્ષીને ચાહવો એવો સુવર્ણ ને વ્યવહારુ સિદ્ધાંત એમણે અમલી બનાવ્યો. એમાંથી જ સત્યાગ્રહ જન્મ્યો, પોષણ પામ્યો

અને વિકસીને એક મહાબળ બની રહ્યો ને ટૉલ્સ્ટૉયની ભવિષ્યવાણી સાચી પડી.

ગાંધીજીએ પોતા પર પડેલી અસરને લીધે પેદા થયેલી ટૉલ્સ્ટૉય તરફની ભક્તિ પોતાના આશ્રમનું નામ "ટૉલ્સ્ટૉય ફાર્મ" આપીને પ્રદર્શિત કરી. જેવી ટૉલ્સ્ટૉયની અસર આ પરત્વે પડી તેવી જ અસર અમેરિકન સંત થૉરોની પણ થઈ હતી. "કાયદાની સામે થવાની ફરજ" (The Duty of Civil Disobedience) નામનો નિબંધ વાંચતાં તે મનમાં વસ્યો. થૉરોની અસરે પણ એમની સત્યાગ્રહની વિચારણામાં ફાળો આપ્યો છે અને એમણે તે સ્વીકાર્યો છે. પરંતુ થૉરોને વાંચતાં પહેલાં સત્યાગ્રહનો જન્મ તો થઈ ચૂક્યો હતો. થોડા સમયને સારુ તેમણે થૉરોના 'સિવિલ ડિઝ-ઑબિડિયન્સ'ના ઉપરથી 'સિવિલ રિઝિસ્ટન્સ'નો ઉપયોગ પોતાના નવા આત્મબળના સામનાને સારુ કરેલો. આ વસ્તુની ચોખવટ ગાંધીજીએ સર્વન્ટ્સ ઑફ ઇંડિયા સોસાયટીના શ્રી કોદંડરાવને (જ્યારે તે અમેરિકા હતા ત્યારે) લખેલા પત્રમાં થઈ છે. તા. ૧૦ સપ્ટેમ્બર ૧૯૩૫માં લખેલા એ પત્રમાં ગાંધીજીએ એ વસ્તુનો સ્પષ્ટ ઇન્કાર કર્યો છે કે તેમણે થૉરો પાસેથી સત્યાગ્રહનો વિચાર લીધો હતો. વાત પણ તદ્દન સાચી છે કારણ કે સત્યાગ્રહનો વિચાર સિવિલ ડિઝ-ઑબિડિયન્સના કરતાં ઘણો જ વિસ્તૃત અને ઊંડાણવાળો પ્રથમથી જ હતો. તેને કારણે જ સત્યાગ્રહ ગાંધીજીના જીવન દરમ્યાન જ ખૂબ ઉપયોગમાં આવી 'યુદ્ધના અવેજ' તરીકે ગણાઈ શક્યો.

ફરી વચનભંગ

વિલાયત ડેપ્યુટેશનમાં જઈ આવ્યા બાદ ગોખલેજીએ પણ દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી. એમને કાળા કાયદા કાઢવાનું વચન અપાયું હતું. પણ એ વચનનો ભંગ થતાં વાર ન લાગી. ઊલટું કાયદાની પકડ વધુ મજબૂત બનાવવા પ્રયાસ થયો. હિંદીઓનાં લગ્ન-વિવાહ અમલદાર આગળ રજિસ્ટર ન થાય તો વિવાહ તે વિવાહ નહીં એવો કાયદો કર્યો.

આથી સત્યાગ્રહની લડતને વેગ મળ્યો. વિવાહને ગેરકાયદેસર ઠરાવવાની વાત આવી એટલે ગાંધીજીએ સ્ત્રીઓને પણ લડતમાં જોડાવા આમંત્રણ આપ્યું. શરૂઆત કસ્તૂરબાથી કરી પણ કેવળ સમજૂતીથી જ. એમના ઉપર કશુંય દબાણ ન હતું. ઇચ્છા હોય તે પોતાનું ગૌરવ સાચવવા સત્યાગ્રહની લડતમાં જોડાય એવા આહ્વાનને સુંદર જવાબ મળ્યો. સ્ત્રીઓ જેલ પણ ગઈ અને હિંદી કોમનું ગૌરવ વધાર્યું. "તે જાણતી હતી કે કોમના માનવસ્ત્રનું હરણ થતું હતું. તેમનું જેલ જવું તેમનો આર્તનાદ હતો, શુદ્ધ યજ્ઞ હતો." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૧૨૬)

હિંસક યુદ્ધમાં પણ આજે તો સ્ત્રીઓ ભાગ લે છે છતાં કેટલીક લશ્કરી વસ્તુઓ તો તેઓ ન જ કરી શકે એવો વ્યવહાર તો આજની વૈજ્ઞાનિક હિંસક યુદ્ધ પદ્ધતિમાંય છે. સત્યાગ્રહમાં એવો સ્ત્રીપુરુષનો ભેદ જરાય નથી; બલ્કે સ્ત્રી સ્વભાવથી સૌમ્ય હોઈ ગાંધીજીએ તેમની સત્યાગ્રહ કરવાની લાયકાત પુરુષ કરતાં વધુ આંકી છે. આ બાબતમાં સ્ત્રી પુરુષની સમોવડી નહીં પરંતુ પુરુષથી આગળ જનારી છે એવો અનુભવ સત્યાગ્રહની લડતોમાં થયો.

સ્ત્રીને સત્યાગ્રહી બનાવી ગાંધીજીએ સત્યાગ્રહ એક સર્વસામાન્ય સાધન છે તે સિદ્ધ કરવા એક સાબિતી વધુ આપી. તે સર્વોદયનું સાધન છે તેથી તેનો વ્યક્તિગત ઉપયોગ થાય ને સામુદાયિક પણ થાય, ઘરમાંય થાય અને સામ્રાજ્યની સામેય થાય એ એમણે ઉપયોગમાં આણી બતાવ્યું. એક વેળા કસ્તૂરબાએ કઠોળ ને મીઠું છોડવા આનાકાની કરતાં વાતવાતમાં ગાંધીજીએ પોતે જ તે છોડયાં. આવા પ્રેમમૂલક ત્યાગની શુભ અસર થઈ અને કસ્તૂરબાએ તે છોડયાં ને તબિયત સુધરી. આમ "ઘરમાં સત્યાગ્રહ" કરનારે તેને સર્વોદયનું સાધન બનાવ્યું એટલું જ નહીં પણ તેને સર્વસુલભ પણ બનાવ્યું.

સત્યાગ્રહ ને હિજરત

બહેનોના શરાતનની સુભગ અસર મજૂરો પર પણ થઈ અને તેઓ એમના ઉપર લાદવામાં આવેલા ત્રણ પાઉંડના કર સામે

વિરોધ બતાવવા તૈયાર થયા. એમને માટે પણ સત્યાગ્રહ એ જ રસ્તો હતો. તેઓ ખાણોમાં કામ કરનારા અને માલિકોની કોટડીઓમાં રહેનારા એટલે સત્યાગ્રહ કરતાં એ કોટડીઓ છોડવી જ રહી. હજારોની સંખ્યામાં આ ગિરમીટિયાઓએ હિજરત કરી અને હિજરતમાં એવી અદ્‌ભુત શાંતિ જાળવી કે વિરોધી ગોરાઓ સમસમીને આખું દૃશ્ય જોઈ રહ્યા !

સત્યાગ્રહમાં હિજરત પણ પ્રસંગ પડ્યે કરવાની આવે; અને પ્રસંગ પડ્યે હિજરત ન કરતાં મૂળ સ્થાનને જ વળગી રહેવાની જ ફરજ થઈ પડે. બારડોલી સત્યાગ્રહમાં એવો એક પ્રસંગ આવેલો ત્યારે ખેડૂતોને નાકરની સત્યાગ્રહી લડતમાં હિજરતની સલાહ આપવામાં આવેલી. પણ નોઆખાલીના રમખાણ વખતે ત્યાંના હિંદુઓને પોતાને સ્થાને ટકી રહેવા સલાહ આપેલી! આમાં દેખીતો વિરોધાભાસ છે પણ તે તે પ્રસંગોનો મૂળગત ભેદ હોઈ સલાહ પણ જુદી જ કે વિરોધી આપવી પડે. નોઆખાલીમાં હિંદુઓ મોટે ભાગે ડરના માર્યા ભાગતા હતા અને જો ડર છોડી હિંમતથી પ્રેમને માર્ગે મુસ્લિમોનાં દિલ જીતવાની કોશિશ થાય તો હિંદુમુસ્લિમ વૈમનસ્ય દૂર થાય એમ એમની માન્યતા હતી. જ્યારે દક્ષિણ આફ્રિકાના ગિરમીટિયા અને બારડોલીના ખેડૂતો માટે હિજરત એ જ એક માર્ગ હતો. તો જ તેઓ નિર્ભય રહી, નિર્બંધન રહી સત્યાગ્રહ કરી શકે તેમ હતું. સત્યાગ્રહનું શસ્ત્ર જેટલું સરળ છે તેટલું જ અટપટું પણ છે. જે સત્ય ને અહિંસાને સમજ્યો છે તેને માટે સરળ છે, જે તેને કેવળ નીતિ તરીકે સ્વીકારે છે તેને અટપટું છે.

હજારોની સંખ્યામાં આ મજૂરોને લઈ ગાંધીજીએ કૂચ શરૂ કરીને ટ્રાન્સવાલમાં સૌને લઈ જઈ કાયદાનો ભંગ કરવાનો નિર્ણય કર્યો. કૂચ દરમ્યાન એમને એક બે વાર પકડ્યા ને છોડ્યા. કૂચની અસર બહુ ભારે પડી. અણઘડ મજૂરોએ જાળવેલી અસાધારણ શાંતિથી સૌ ચકિત થઈ ગયા. કૂચની ઘણી અસર થઈ. સરકાર મૂંઝાઈ. તેને શું કરવું તે સૂઝતું ન હતું.

આવી બીજી ઐતિહાસિક કૂચો પણ ગાંધીજીને કરવાની આવી. ૧૯૩૦ની દાંડી કૂચ જેટલી ઐતિહાસિક છે તેથી વધુ અગત્યની એમની નોઆખાલીની શાંતિ કૂચ હતી. દાંડી કૂચ વખતે હિંદી સરકારની સ્થિતિ પણ દ. આફ્રિકાની સરકાર જેવી જ થઈ. કૂચની નાટચાત્મક અસર છે; એથી જુસ્સો અગ્નિની માફક ફેલાય છે. સૌનું ધ્યાન એ તરફ જ કેંદ્રિત થાય છે. અહિંસક હોઈ તેને કોઈ કંઈ કરી શકતું નથી. ગાંધીજીએ અમદાવાદથી દાંડી જતાં સુધીમાં તો આખા દેશને જાગ્રત કરી દીધો અને લડતની પૂરી તૈયારી થઈ ગઈ. આ કૂચમાં અગ્નિ વર્ષાવ્યો, જ્યારે નોઆખાલીની યાત્રામાં ઘેરેઘેર અને ગામેગામ શાંતિનો સંદેશ ફેલાવ્યો. હુલ્લડનો અગ્નિ હાર્યો. એવા જ ઉમદા હેતુસર એવી જ એક યાત્રા પાકિસ્તાનમાં જઈ કરનાર હતા ! તેનું કેવું પરિણામ આવત ?

આફ્રિકાની સરકારે પહેલી કૂચમાં ગાંધીજીને રસ્તે જ પકડચા. પણ લોકોએ સંપૂર્ણ શાંતિ જાળવી. “અમારી શાંતિ અને અમારા નિશ્ચયમાં અમારી જીત છુપાયેલી હતી.” (દ. આ. સ. ભા. ૨. પૃ. ૧૫૩) બધા વારાફરતી પકડાયા ને સૌ કેદમાં ગયા. સરકારે જુલમ કરવામાં બાકી ન રાખ્યું. નિર્દોષો પર ગોળી પણ ચલાવી. પણ લોકોએ જે આવું દુઃખ સહ્યું તેથી તો સરકારની નૈતિક બાજુ ઢીલી થઈ.

સરકારે તપાસ કમિશન નીમ્યું. સુલેહની વાત સંભળાવા લાગી. અંતે ઘણી ગડમથલ પછી સમાધાની થઈ અને લોકોની માગણીઓ અંગે ગૌરવભર્યું સમાધાન થયું. એનાથી ત્રણ પાઉંડનો કર રદ થયો. વિવાહ હિંદુ કે મુસલમાન ક્રિયા પ્રમાણે થયેલા હોય તે કાયદેસર ગણાય; ભણેલ હિંદીઓ એ દેશમાં દાખલ થઈ શકે; વગેરે માગણીઓ હતી તે સ્વીકારાઈ અને એ મહાન લડતનો સફળ અંત આવ્યો.

“જ્યાં મારા પોતાના જીવનનું નિશાન જોઈ શકયો” (દ. આ. સ. ભા. ૨. પૃ. ૧૯૧) તેવા દ. આફ્રિકાને છોડતાં ગાંધીજીને દુઃખ થયું. તે દેશમાં કેવળ પોતાનું જ નહીં પણ માનવજાતનું ભાવિ નિશાન

તેઓ જોઈ શક્યા હતા. ત્યાં એમને એવું અમૂલ્ય ધન મળી ગયું હતું કે જે દિવસે દિવસે વપરાશથી વધતું જ ગયું. એ સત્યાગ્રહરત્નનું વર્ણન તો મીરાંની ભાષામાં જ યથાર્થ થાય છે: "ખરચે ન ખૂટે, વાકો ચોર ન લૂટે, દિન દિન બઢત સવાયો." અને ખરેખર વિલાયત થઈને હિંદુસ્તાન આવ્યા બાદ એના અનેકવિધ ઉપયોગથી તે સવાયું દોઢું વધતું જ ગયું.

હિંદુસ્તાન આવ્યા બાદ ગાંધીજીએ શરૂઆતમાં જ પ્રજાને જણાવી દીધું કે તેઓ 'જૂની મૂડી પર વેપાર' નહોતા કરવા માગતા. એમનો વેપાર તો સેવાનો વેપાર હતો. જૂની મૂડીએ કામ ન ચાલે એ જાણતા હતા. નવાં કામ કરીને આગળ ચાલવાની એમની ધગશ હતી, એટલી અવિચળ આત્મશ્રદ્ધા પણ હતી. પણ એ આત્મશ્રદ્ધાના પાયામાં ભૂતકાળનો ભવ્ય અનુભવ તો કામ કરતો જ હતો.

એવી નવી મૂડી કેવી રીતે ઊભી કરી અને એ મૂડીથી દેશની ઇજ્જત દુનિયાભરમાં કેવી રીતે વધારી તે હવે જોઈએ.

ગોખલેજીને વચન આપ્યા મુજબ એમણે એક વર્ષ સુધી દેશને ફરીને જોયો. ગોખલેજીનું માનવું હતું કે દેશ જોયા પછી ગાંધીજીના વિચારો બદલાશે પણ તેમ ન બનતાં ઊલટા એમના વિચારો વધુ મક્કમ થયા. પણ તે વેળા તો ગોખલેજી ગુજરી ગયા હતા. એટલે તેમની સહાય વિના એમણે પોતાનું નાવ હંકાર્યું; દેશનું નાવ પોતાની દૃષ્ટિ મુજબ સ્થિરગતિએ સંભાળ્યું, હંકાર્યું અને સ્વરાજને કાંઠે લાવી મૂક્યું.

હિંદુસ્તાનમાં આવ્યા બાદ એક પછી એક એમ અનેક સત્યાગ્રહની લડત આપવાના પ્રસંગો આપોઆપ આવતા ગયા. સહજ કર્મના કરનારા તેમણે આવી પડતા લડતના પ્રસંગોને સેવાધર્મ સમજી સહર્ષ વધાવી લીધા. એમાંની એક પણ લડત એવી ન હતી કે જે શોધવા જવી પડી હોય; 'यदृच्छया चोपपन्नम्' એ દરેક લડત ધર્મયુદ્ધ બની રહી. એવાં ધર્મયુદ્ધોમાં સત્યાગ્રહનું શસ્ત્ર દિનદિને વધુ ને વધુ ઘડાતું

ગયું અને વિવિધ સંજોગોમાં તેનો કેવો ને કઈ રીતે ઉપયોગ થાય તે પ્રત્યક્ષ થવા લાગ્યું. દરેક લડતે સત્યાગ્રહની શક્યતા પ્રગટ કરી અને તેના શાસ્ત્રમાં કંઈ ને કંઈ ઉમેરણી પછીની લડતમાં થતી રહી.

વીરમગામની જકાતબારી અંગે લોકોની હાડમારી અંગે સરકારે સત્યાગ્રહની શક્યતાના ડરથી નમતું જોખ્યું. સરકાર સાથે પત્રવ્યવહાર માત્રથી કામ ઉકેલ્યું.

વીરમગામની જકાતબારીની હાડમારી દૂર કરવાના કામથી એમના કામની સફળ શરૂઆત થઈ. તેમ ચંપારણની લડતે એમને હિંદુસ્તાનના રાજકારણમાં આગળ આણ્યા. હિંદુસ્તાન આવ્યા બાદ એમણે જાહેર કરેલું કે રાજકારણમાં એમને નવી મૂડીથી કામ કરવું છે — નહીં કે દક્ષિણ આફ્રિકામાં કરેલા કામની સિલક ઉપર. નવે સ્થાને નવું કામ કરી બતાવતાં જ સૌને તેની અગત્ય સમજાય. વળી હિંદના તે વેળાના પીઢ નેતાઓ કંઈ સત્યાગ્રહના શસ્ત્રને એમ ને એમ અપનાવે તેમ ન હતા. પ્રજાને પણ સત્યાગ્રહની શક્તિનો પ્રત્યક્ષ અનુભવ થયા વિના તેમાં વિશ્વાસ બેસે નહીં. તેથી સત્યાગ્રહનું બળ બતાવવાને ઉત્સુક ગાંધીજીએ સહેજે એવા પ્રસંગો ઝડપી લીધા અને એનાથી સત્યાગ્રહનું અનેરું બળ સૌને પ્રત્યક્ષ થયું. આથી ચંપારણની લડત, અમદાવાદના મજૂરોને થતા અન્યાય અંગે આપેલી મિલમાલિકો સામેની લડત, ખેડાની નાકર લડત — એ સૌ મહાસભાથી સ્વતંત્ર વ્યક્તિગત દોરવણી ને જવાબદારી નીચે જ ઉપાડેલી સફળ લડતો હતી. આ લડતોમાં મળેલી સફળતાને લીધે સૌને સત્યાગ્રહની શક્તિનું ભાન થયું. પ્રજાને, મહાસભાને અને દેશના પીઢ નેતાઓને સત્યાગ્રહે મુગ્ધ કર્યાં. સત્યાગ્રહના આ ચમત્કારથી (!) ધીમે ધીમે મહાસભામાં એમનું સ્થાન મોખરે આવતું ગયું અને તેઓ મહાસભાના ખેવૈયા થઈ પડ્યા.

ચંપારણની લડત

ગળીને અંગે થતો ખેડૂત વર્ગ પરનો જુલમ અસહ્ય હતો. રાજકુમાર શુક્લ ગાંધીજીને ચંપારણ લઈ ગયા અને ત્યાંની વિકટ

પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. શ્રી. રાજેન્દ્રપ્રસાદ, શ્રી. વ્રજકિશોરબાબુ વગેરેએ ગાંધીજીને પૂરો સાથ આપ્યો અને ગાંધીજીની સલાહ અનુસાર ખેડૂતો પાસેથી માહિતી ભેગી કરવાનું કામ સૌએ ઉપાડયું.

ગાંધીજીને પકડવામાં આવ્યા અને તેમના પર કેસ ચાલ્યો. એ કેસ વેળા એમણે જે નિવેદન કર્યું તે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ૧૯૨૧માં અમદાવાદની અદાલતમાં કરેલું નિવેદન પણ આવું જ ઐતિહાસિક બન્યું. ગાંધીજીનાં આવાં કેટલાંક અગાઉની તૈયારી વગરનાં સ્વયંસ્ફુરણાથી કરેલાં નિવેદનોની લોકો પર જાદુઈ અસર થતી. તે નિવેદનો પ્રસંગને પૂરો ન્યાય આપતાં અને તેમાં રહેલા અલૌકિક બળથી લોકો તાજુબ થતા.

નિવેદનની અસર એ થઈ કે એમનો કેસ પાછો ખેંચાયો. સરકાર તરફથી તપાસ અંગે અડચણો દૂર થઈ. પ્રજામાં આથી ભારે ઉત્સાહ આવ્યો, સત્યાગ્રહનું પ્રત્યક્ષ દૃષ્ટાંત મળ્યું. "બીજી તરફથી આખા હિંદુસ્તાનમાં સત્યાગ્રહનો અથવા કાયદાના સવિનયભંગનો પહેલો સ્થાનિક પદાર્થપાઠ મળ્યો." (આ. ભા. ૨. પૃ. ૨૫૫) હિંદુસ્તાનમાં તો આ પહેલો જ જાહેર સત્યાગ્રહ હતો. એમાં મળેલા વિજયથી લોકોને ભારે આશા બંધાઈ.

તપાસને અંતે તપાસ સમિતિની (જેમાં ગાંધીજી પણ હતા) ભલામણો સરકારે સ્વીકારી. તીનકઠિયાનો કાયદો રદ થયો. રૈયતને પોતાની શક્તિનું ભાન થયું અને "ગળીનો ડાઘ ધોયો ધોવાય જ નહીં એ વહેમ દૂર થયો." (આ. ભા. ૨. પૃ. ૨૭૦)

આ વહેમ સાથે હિંદુસ્તાન ગુલામ મટી સ્વતંત્ર ન બની શકે એવો વહેમ આવી અન્ય લડતોમાં મળેલા વિજયથી ધીરે ધીરે દૂર થયો.

ચંપારણની લડતે બે વસ્તુ સિદ્ધ કરી. લોકસેવા એ જ એ લડતનો મૂળ હેતુ હતો. રાજકારણને એમાં ભેળવવાનો વિચાર ન હતો. છતાં એ લડતને રાજકારણી મહત્ત્વ મળી ગયું. એ રીતે શુદ્ધ લોકસેવામાં રાજકારણ છુપાયેલું જ છે એવી સ્પષ્ટ પ્રતીતિ થઈ. "શુદ્ધ લોકસેવામાં

પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે રાજ્યપ્રકરણ રહેલું જ છે, એ ચંપારણની લડત સિદ્ધ કરી રહી હતી." (આ. ભા. ૨. પૃ. ૨૫૬) ગાંધીજીના જીવનમાં લોકસેવા એ સદા પ્રેરકબળ રહ્યું હતું અને તેમાંથી સહેજે એમના ધર્મમય જીવનમાં રાજકારણે પ્રવેશ કર્યો હતો.

લોકસેવાની આ ધગશથી તેમણે ચંપારણમાં ગ્રામસેવાનું કામ ઉપાડી લીધું. લોકોને ભણાવવા સારુ નાનકડી શાળા ચાલુ કરી, લોકોને દવા આપવા સારુ ઘરગથ્થુ દવાનાં સાધનવાળું એક દવાખાનું શરૂ કર્યું. અને આ શાળા ને દવાખાનાના શિક્ષકો ને દાક્તરો એમના આશ્રમવાસી સાથીઓ બન્યા! એમને તો જે મળ્યું તેનાથી કામ ચલાવવાની ટેવ હતી. લાંબી લાંબી તાલીમ પામેલા મળે તો જ કામ થાય એમ તે નહોતા માનતા. શીખવતાં શીખવતાં શિક્ષક થવાય અને દાક્તરીનું કામ કરતાં ગામડાના દાક્તર તો થવાય. આવી માન્યતા પર એમણે કામ શરૂ કર્યું અને કામ આગળ ધપ્યું. એ વ્યવહારુ પુરુષને ન તો શિસ્ત રાખવા રખાવવા મહેનત પડી કે ન એવી શિસ્ત માટે તાલીમ વર્ગ ખોલવો પડ્યો. કામ કરનારને સાચું દિલ અને ભાવના હોય તો કામનો માર્ગ મોકળો બને છે એવું એમણે પ્રત્યક્ષ અનુભવ્યું. એમના પોતાના જીવનમાં કૂદકે ને ભૂસકે જે પ્રગતિ થઈ તે પણ આ રીતે જ ને? અને પોતાને માટે જે શક્ય બન્યું તે અન્ય માટે શક્ય બને એમ એ આજન્મ પ્રજાતંત્રવાદી (Democrat) તો માને જ. આ કારણે એમની સત્યાગ્રહની લડતમાં પ્રજાને આગળથી શિસ્તની તાલીમ આપવાની અગત્ય જણાઈ નથી.

ચંપારણના એમના ગ્રામસેવાના કામને એમના રચનાત્મક કામના પ્રારંભ તરીકે લેખવું જોઈએ. રચનાત્મક કામનું આ બીજ આગળ જતાં કેટલું વિકસિત થાય છે તેનાથી આજનું હિંદુસ્તાન અજાણ્યું નથી. એ કામને આગળ વધારવાની એમની ઉમેદ હતી પણ બીજું એક આવશ્યક કામ એમને અમદાવાદ ખેંચી ગયું અને રચનાત્મક કામનો એ મૂળ પાયો તત્કાળ પૂરતો અધૂરો રહ્યો.

મજૂરોની વહારે

અમદાવાદના મજૂરોના પગાર ટૂંકા હતા. તેને માટે એક મજૂરચળવળ ચલાવવા માટે શ્રી અનસૂયાબહેનનો એક પત્ર ગાંધીજીને મળતાં અમદાવાદ પહોંચ્યા. પગાર વધારવાની માગણી વાજબી હતી. થોડા સમયમાં એ કામ પતાવી પાછા ફરવાની આશા હતી. પણ ગાંધીજીની એ કામમાં પૂરેપૂરી દોરવણી આપવાની હોંશ હતી અને આખો કોયડો ગૂંચવાયો એટલે અમદાવાદ જ રોકાઈ જવું પડ્યું.

મજૂરોની આ લડતને મહાદેવભાઈએ 'એક ધર્મયુદ્ધ' તરીકે ઓળખાવી છે. આ લડતમાંથી પણ બે નવા મુદ્દાઓ સત્યાગ્રહની પદ્ધતિમાં ઉમેરાયા — મજૂરોનું અહિંસક ધોરણે સંગઠન અને જાહેર-કાર્યમાં ઉપવાસનો ઉપયોગ.

મિલમાલિકો હઠે ભરાયા અને મામલો ગૂંચવાયો. દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયાઓ પાસે કામ લીધેલું એટલે મજૂરોનું આ કામ એમને તદ્દન નવું ન હતું. છતાં પરિસ્થિતિ અને લડતનો મુદ્દો જુદાં હતાં. મજૂરોએ હડતાળ પાડી. રોજ સાબરમતીની રેતીમાં તેમની સભા થતી. એમને રોજ ગાંધીજી સમજૂતી આપતા, બળ આપતા. મજૂરોમાં શિસ્ત સુંદર રહી. તે ઉપરાંત હડતાળ દરમ્યાન શાંતિનો ભંગ ન કરવો, ભિક્ષાન્ન ન ખાવું અને જે કામે ચડવા માગે તે પર બળાત્કાર ન કરવો — એ ત્રણે શરતોનું સારી પેઠે પાલન થયું.

થોડા દિવસ બાદ મજૂરો ઢીલા પડ્યા. નેતાઓ પર આક્ષેપો થવા લાગ્યા. ગાંધીજી મજૂરોએ લીધેલી પ્રતિજ્ઞાના સાક્ષી હતા. એટલે સભામાં જ ઓચિંતા એમણે બોલી દીધું કે "જો મજૂરો પાછા સજ્જ ન થાય ને નિકાલ ન થાય ત્યાં લગી હડતાલ ન નભાવી શકે તો અને ત્યાં લગી મારે ઉપવાસ કરવો છે." (આ. ભા. ૨: પૃ. ૨૭૯)

ત્રણ ઉપવાસને અંતે સમાધાન થયું અને ઉપવાસ છૂટ્યા. જાહેર કાર્ય અંગેના એમના આ પ્રથમ ઉપવાસ. આ પછી તો રાજકારણ અંગે, કોમી ઐક્ય અંગે અને હરિજન ઉદ્ધારના કાર્ય અંગે ઉપવાસો કર્યા.

દક્ષિણ આફ્રિકામાં બે સાથીઓના પતનને નિમિત્તે ૧૪ દિવસના ઉપવાસ કરેલા. મજૂર ઉપવાસ પછી તો એ સત્યાગ્રહમાં તે ભીડનું સાધન છે એમ સિદ્ધ થયું. જ્યારે કોઈ ઉપાય હાથમાં ન રહે ત્યારે એમણે ઉપવાસનો આશરો લીધો હતો.

મજૂરોની લડત અંગેના ઉપવાસમાં મિલમાલિકો ઉપર દબાણ આવતું હતું અને તે દોષ હતો એમ એ સ્પષ્ટ જાણતા હતા. છતાં એવો દોષિત ઉપવાસ કરવો પણ એમને સારુ ફરજ થઈ પડી. "આવો દોષમય ઉપવાસ કરવાનો મારો ધર્મ મેં પ્રત્યક્ષ જોયો." (આ. ભા. ૨. પૃ. ૨૮૦)

રાજકારણમાં ઉપવાસને કેટલું સ્થાન સંભવે એ આખો પ્રશ્ન ચર્ચાસ્પદ છે. એમના સિવાય હજુ લગી એવો ઉપવાસ સત્યાગ્રહમાં સામુદાયિક ધોરણ ઉપર કરવામાં આવ્યો નથી. જેલમાં એવા પ્રસંગો સત્યાગ્રહીઓને આવ્યા હતા ખરા છતાં એવા ઉપવાસો ન છૂટકે જ કરવાના હોય એવી એમની સદા સલાહ રહી હતી.

એમના બધાય ઉપવાસ નિર્દોષ નથી રહ્યા. રાજકોટ સત્યાગ્રહમાં પણ આવું આડકતરું દબાણ ત્યાંના ઠાકોરસાહેબ પર બ્રિટિશ સરકાર દ્વારા લાવતાં એ દોષિત બનેલા. તદ્દન શુદ્ધ એવા ઉપવાસ તો હરિજન પ્રશ્ન અંગે કોમી ચુકાદાના વિરોધમાં કરેલા આમરણ ઉપવાસ હતા. એમાં કશું અજુગતું દબાણ ન હતું. હરિજનોને થતો ઘોર અન્યાય અને હિંદુ ધર્મના ભાગલા તેઓ સાંખી શકે એમ ન હતું. તેથી આમરણ ઉપવાસ એ તર્કશુદ્ધ પગલું હતું. એને માટે એમણે પ્રતિજ્ઞા કરી હતી. તેથી એ ઐતિહાસિક ઉપવાસ શુદ્ધતમ ઉપવાસ તરીકે ગણાવા જોઈએ. કોમી ઐક્ય અંગે ૧૯૨૪માં અને ૧૯૪૩માં આગાખાન મહેલમાં કરેલા આત્મશુદ્ધિ માટેના ૨૧ દિવસના ઉપવાસ પણ નિર્દોષ ઉપવાસ ગણાય. એમાં નૈતિક દબાણ જેવું ઓછું હતું અને હતું તો તેમાં વિરોધપૂર્વક દાબી દેવા જેવું કશું ન હતું. જ્યારે દિલ્હીમાં કરેલા કોમી રમખાણ માટેના છેલ્લા ઉપવાસમાં નૈતિક દબાણ હતું અને

તેનાથી કેવળ અમુક વર્ગ પર તો ઊલટી જ અસર થઈ એ એની પ્રતિક્રિયાઓ પરથી જોઈ શકાય છે.

અમદાવાદમાં કરેલા એ પ્રથમ જાહેર ઉપવાસથી સમાધાન થયું અને ત્યાર પછી તરત જ 'મજૂર મહાજન'ની સ્થાપના થઈ. આ મજૂર સંસ્થા હક અને જવાબદારી બન્નેની અગત્ય મજૂરોને સમજાવીને અહિંસક પદ્ધતિથી પોતાનું કામ લે છે. મજૂર જગતને સારુ ગાંધીજીની આ સંસ્થા એક નમૂના રૂપ છે. જગતમાં એ પદ્ધતિથી એટલી સરસ રીતે કોઈ મજૂર સંસ્થા ચાલતી જાણી નથી; જોકે એ સંસ્થાનો શહેરે-શહેર જોઈએ તેટલો વિસ્તાર થયો નથી.

ખેડા સત્યાગ્રહ

આ લડતને ૧૯૨૮ના બારડોલીના સત્યાગ્રહના અભ્યાસ-પ્રયોગ (Rehearsal) તરીકે ગણી શકાય. નાના પ્રમાણમાં તે નાકરની લડત બની રહી. ગુજરાતની પ્રજાને સત્યાગ્રહનો સ્વાદ પ્રથમ વાર એના વડે મળ્યો. લોકો શરૂઆતમાં તો ભારે નીડર રહ્યા. પાછળથી મોળાશ આવી. પણ એ રીતે તૈયાર થયા. એમાં એક રમૂજી બનાવ સરકારનો કાયદાભંગ કરીને ડુંગળીનો પાક ઉપાડવાનો બન્યો હતો. શ્રી. મોહનલાલ પંડ્યાએ એ કામ માથે લીધું ને 'ડુંગળીચોર'નું બિરુદ પામ્યા! સત્યાગ્રહમાં આવી ખુલ્લી ચોરી પણ ધર્મ થઈ પડી અને 'ચોર'નો બિલ્લો માનવાચક થઈ પડ્યો! મૂલ્યોની ક્રાંતિ તે આનું નામ.

પણ આ લડત ગાંધીજીને સંતોષી શકી નહીં. એના અંતમાં મીઠાશ નહોતી. સત્યાગ્રહને અંતે લોકોમાં તેજ વધે, શક્તિ વધે ત્યારે તે સફળ થયો ગણાય. આ લડતમાં આવું કશું ન બન્યું પણ બીજાં એક બે શુભ પરિણામો આવ્યાં ખરાં. "ખેડાની લડતથી ગુજરાતના ખેડૂતવર્ગની જાગૃતિનો, તેની રાજપ્રકરણી કેળવણીનો આરંભ થયો." (આ. ભા. ૨. પૃ. ૨૯૦)

આ લડત વિષે ગાંધીજીએ બાંધેલો અભિપ્રાય એમની લગભગ બધીય લડતોને કેટલેક અંશે લાગુ પડે છે. "પણ ખેડાની પ્રજા સત્યાગ્રહનું

સ્વરૂપ પૂરું નહોતી સમજી શકી, તેથી તેને કેવા કડવા અનુભવો કરવા પડ્યા એ આપણે હવે પછી જોઈશું." (આ. ભા. ૨. પૃ.૨૯૧) ૧૯૨૦ના અસહકારની લડત, ૧૯૩૦ના આખરી ફેંસલાની લડત અને ૧૯૪૩ની 'કરેંગે યા મરેંગે'ની લડત વિષે ગાંધીજીના આ ઉદ્ગાર વધતે-ઓછે અંશે બરાબર લાગુ પડે છે. ૧૯૪૭માં તો એમણે સ્પષ્ટ કબૂલ્યું કે પાછલી લડતોમાં લોકોના સત્યાગ્રહમાં નબળાની અહિંસા હતી. પ્રજા સત્યાગ્રહને કદી પણ સાચા સ્વરૂપમાં સમજી ન હતી એમ એમના કથનમાંથી જરૂર તારવી શકાય. તે વેળા જે ખેડા પૂરતું એમનું કથન હતું તે આજે આપણે આખા હિંદ માટે કહી શકીએ કે હિંદુસ્તાન સત્યાગ્રહને તેના સાચા સ્વરૂપમાં સમજી શક્યો નથી !

હિંદુમુસ્લિમ ઐક્ય

દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારથી જ એઓ જોઈ ગયેલા કે બન્ને કોમમાં જોઈએ તેવો મેળ નથી. બન્નેના ઐક્ય વગર ગાડું આગળ ન ચાલે એમ એમની દૃઢ માન્યતા મૂળથી જ હતી. દક્ષિણ આફ્રિકામાં તો થોડો ભેદ નભી ગયો કારણ બન્નેને ત્યાં એક થયા વિના છૂટકો નહોતો; બન્નેને એક શત્રુ સામે લડવાનું હતું. હિંદુસ્તાનમાં સાચી રીતે તો પરિસ્થિતિ એવી જ હતી છતાં સરકાર એક પછી એક બન્ને કોમને રીઝવી રમાડી શકતી હતી. અહીં સરકારના કોઈ કાળા કાયદા ન હતા જેની સામે થવાને બન્ને કોમને એક થવું પડે. સ્વતંત્રતાની તો કોઈને પડી નહોતી — સિવાય કે કોંગ્રેસને. અને કોંગ્રેસનો અવાજ હજુ જોઈએ તેવો બુલંદ બન્યો ન હતો. જ્યારે તેનો અવાજ ગાંધીજીની પ્રેરણાથી બુલંદ બન્યો ત્યારે તો બન્ને કોમ વચ્ચેનું વૈમનસ્ય એટલું વધી ગયું કે તે લગભગ અસાધ્ય બની ગયું હતું.

હિંદુસ્તાનમાં આવતાં જ હિંદુમુસ્લિમ એકતાના ઉપાય લેવાના ગાંધીજીએ શરૂ કરી દીધેલા. તેને માટે સારા મુસલમાનોનો સંપર્ક સાધતા ને એમના સમાજમાં ભળતા પણ ખરા. એવા અનેક મુસ્લિમ મિત્રોમાં અલીભાઈઓ પણ સમાવિષ્ટ થતા. તેઓ મુસ્લિમ કોમના નેતા હોઈ

એમની સાથેનો એમનો સંબંધ જાણીતો થયો છે. ખિલાફતના પ્રશ્નમાં સાથ આપવાનો એમણે હિંદુકોમને માટે પડોશી ધર્મ જોયો. એ સલાહ પર અનેક કડવી ટીકા થઈ છતાં કોઈને પણ ગણકાર્યા વિના એ પ્રશ્નમાં મુસ્લિમોને એમણે પૂરેપૂરો સાથ આપ્યો. આવા સાથની પાછળ ઐક્યની ઝંખના સિવાય બીજો કશો લોભ ગાંધીજીના મનમાં ન હતો. રીઝવીને પોતાનું કામ કઢાવી લેવાની ટેવ તો એમના સ્વભાવમાં જ ન હતી. "ખોટી ખુશામત કરી કે સ્વત્વ ગુમાવી તેમને કે કોઈને રીઝવવા એ મારા સ્વભાવમાં નહોતું. પણ ત્યાંથી જ હું સમજતો આવ્યો હતો કે, મારી અહિંસાની કસોટી ને તેનો વિશાળ પ્રયોગ આ ઐક્યને અંગે થવાનાં છે. હજુ પણ અમારો અભિપ્રાય કાયમ છે. મારી કસોટી ઈશ્વર પ્રતિક્ષણ કરી રહેલ છે. મારો પ્રયોગ ચાલુ જ છે." (આ. ભા ૨. પૃ. ૨૯૩)

ખિલાફત અંગે જે દેખીતી એકતા સ્થપાઈ તે ક્ષણજીવી નીવડી. તોય તે હિંમત ન હાર્યા. હિંદુમુસ્લિમ એકતાને એમણે કોંગ્રેસના કાર્યક્રમમાં દાખલ કરી. એક વખત એવો હતો જ્યારે તેઓને મુસ્લિમ લીગની સભામાં મુસ્લિમો લઈ ગયા ને એમની પાસે ભાષણ કરાવેલું. પણ એવી ભાષણ કરવાની માગણી જ્યારે ૧૯૪૪માં ગાંધી–ઝીણા મુલાકાતમાં ગાંધીજીએ કરી ત્યારે કેવળ ઉડાઉ જવાબ એમને ઝીણા તરફથી મળેલો!

ખિલાફત વેળાનું હિંદુ મુસ્લિમ ઐક્ય ટૂંકું નીવડ્યું છતાં ગાંધીજીની એ વિષેની શ્રદ્ધા લાંબી અને ઊંડી હતી. ખિલાફતની સહાય વિષે એમને જરાય અફસોસ નહોતો. એમાં કશુંય સુધારવા જેવુંય એમને ન લાગ્યું. "આજે પણ એવો પ્રશ્ન ઊઠે તો મારી વર્તણૂક એવા જ પ્રકારની હોય એમ મને ભાસે છે." (આ. ભા. ૨. પૃ. ૨૯૫) અને બન્યું પણ તેમ જ. હિંદુમુસ્લિમ એકતાની મળેલી દરેક તક એમણે ઝડપી લીધી ને તે અર્થેના એમના પ્રયાસ અંત સુધી સતત ચાલુ જ રહ્યા.

૧૯૩૭માં કૉંગ્રેસે પ્રધાનપદો સ્વીકાર્યાં ત્યારે ગાંધીજીએ આજીજી-પૂર્વક ઝીણાને સમાધાન માટે વીનવ્યા. પણ એમના સઘળા પ્રયાસ નિષ્ફળ ગયા. ૧૯૪૨માં જ્યારે દેશની આખરી લડત આવી પડી ત્યારે હિંદુમુસ્લિમ એકતાનો અભાવ છતાં લડત ઉપાડવાની હિંમત ભરી. ઝીણાએ એ લડતને મુસ્લિમ હિતની વિરોધી ગણી! ૧૯૪૪ માં ગાંધી-ઝીણા મુલાકાતમાં પણ ભારે નિષ્ફળતા મળી. સત્યાગ્રહની નમ્રતાની પરાકાષ્ટાનું દર્શન એ મુલાકાતમાં ગાંધીજીએ કરાવ્યું. આટલા પ્રયત્નો છતાં ૧૯૪૭ માં દેશના ભાગલા પડ્યા! વિધિની કેવી અવળી ગતિ! કે મનુષ્યોના અવળા પ્રયાસ?

એઓ ધારતા હતા તેમ આ પ્રશ્ને એમને કસોટીએ ચડાવ્યા. દેશના ભાગલા પડ્યા ને હિંદુમુસ્લિમ રમખાણો મોટા પાયા પર ઠેરઠેર ફાટી નીકળ્યાં. દેશની આ આગ બૂઝવવા આ ભવ્ય ડોસાએ હામ ભીડી. એ સમજતા હતા કે એમનો કસોટીકાળ આવી પહોંચ્યો છે. એ કસોટીએ હિંમતભેર ચડ્યા અને એક પછી એક બે કોમની એકતાના કિલ્લા સર કરવા માંડ્યા. નોઆખાલી શાંત કર્યું; બિહારને ઠાર્યું; પંજાબને શાંત કરવા જતા પહેલાં કલકત્તાને હોળીમાંથી બચાવ્યું. છેલ્લે દિલ્હીનો વારો આવ્યો. એમની હાજરીથી ત્યાંની મુસ્લિમ વસ્તીનું જીવન બચ્યું. અને છેલ્લે જ્યારે આ છેલ્લો ગઢ પણ ઉપવાસથી જીત્યો ત્યારે તો એમના આ શાંતિકાર્યની ટોચ આવી રહી. પણ વિજયના શિખર પછી તરત જ ઊંડી ખાઈ હતી. એ વિજયે જ હિંદુ કોમના એક ભાગને અસ્વસ્થ બનાવી ગાંડો બનાવ્યો. અને એક હિંદુએ જ તેમનો પ્રાણ લીધો! અને વિજયી વીરનું મૃત્યુ ગાંધીજી પામ્યા. અને આ વીર મૃત્યુ એટલે એકતાની ભાવનાનો જય, મરીને જીવવાના મંત્રની સાર્થકતા.

મહાયુદ્ધ ને ગાંધીજી

અહિંસાના પ્રતિપાદક ગાંધીજીને પહેલા મહાયુદ્ધમાં સક્રિય મદદ કરવી કરાવવી કે કેમ એ મૂંઝવણનો પ્રશ્ન થઈ પડ્યો. પણ શીઘ્રનિશ્ચયી તેમણે તરત જ ફડચો કાઢ્યો અને રંગરૂટની ભરતીમાં પોતાથી બનતો સાથ આપ્યો. સલ્તનતમાં એમને હજુ વિશ્વાસ હતો અને તેથી વફાદારી તો

હતી જ. વળી જે સલ્તનતનું સંરક્ષણ લેવાતું હતું તેને અણીને સમયે છેહ ન દેવાય એમ પણ એમનું મન દલીલ કરતું હતું. ખરી વાત તો એ છે કે એમણે બધાંય દૃષ્ટિબિંદુથી વિચારી સલ્તનતને મદદ દેવાનો નિશ્ચય કરેલો. પછીથી તેના ટેકામાં દલીલો શોધી કાઢી ટીકાકારોને સમજૂતી આપતા ગયા. પોતાના એ પગલાના વાજબીપણા વિષે એમને પાછળથી કદીય શંકા ઊઠી નથી.

હિંદીઓ સલ્તનતમાં ભવિષ્યમાં ભાગીદાર થવા ઇચ્છે તો સરકારને ભીડને પ્રસંગે પૂરી મદદ દેવાનો એમનો ધર્મ છે એવી સમજાવટ એમણે શરૂ કરી. સત્યાગ્રહી દુશ્મનની વિપત્તિનો કદાપિ લાભ લેતો નથી. વળી હિંદીઓને તે વેળા તો સંસ્થાનિક સ્વરાજ એ જ ધ્યેય હતું એટલે એ રીતે પણ સરકારને મદદ આપવી વાજબી હતી. અને સરકારની નબળાઈનો લાભ તો લેવાય જ કેમ? દક્ષિણ આફ્રિકામાં રેલવે કામદારોએ હડતાલ પાડેલી ત્યારે પણ ગાંધીજીએ સરકારને કનડગત ન થાય એવી કાળજી રાખેલી.

વફાદારી તો એમનો ભારે ગુણ હતો અને તેમાં તે કોઈની પણ સાથે હરીફાઈ કરે તેમ હતા. વર્ષો સુધી અંગ્રેજ સરકાર સાથે લડનાર એક વાર ચુસ્ત વફાદાર હશે એ કલ્પના જ કેટલી વિસ્મયજનક લાગે છે! પણ હકીકતે તેમ જ હતું. "હું અંગ્રેજોને ચાહું છું, અને જે વફાદારી અંગ્રેજમાં હોય તે જ વફાદારી દરેક હિંદીમાં જગાવવા ચાહું છું." (આ. ભા. ૨. પૃ. ૩૦૩) બ્રિટિશ સરકારની સામે એ વર્ષ પછી વફાદારીને બદલે વિરોધના પાઠ એ જ નેતાને શીખવવા વારો આવ્યો! પણ વફાદારી શીખવવાની એ મુરાદ સાથે બ્રિટિશ તરફ આશંકા તો પેદા થયેલી જ હતી. "હું સાટું કરવા નથી ઇચ્છતો. પણ મારે એટલું તો કહેવું જોઈએ કે, તેને વિષે નિરાશા ઊપજે તો સામ્રાજ્ય વિષેની આજ લગીની માન્યતા ભ્રમણામાં ગણાશે." (આ. ભા. ૨. પૃ. ૩૦૨)

રંગરૂટની ભરતી કરતાં એમણે એ પણ પ્રજા આગળ જાહેર કરેલું કે જો સરકાર શસ્ત્રબંધીનો કાયદો દૂર કરે તો પ્રજાને સંરક્ષણમાં

સુગમતા વધે. અહિંસાનો પ્રતિપાદક આવી દલીલ કરે એ બાહ્યતઃ અસંગત લાગે પરંતુ વસ્તુતઃ તેમ નથી. સત્યાગ્રહમાં કે અહિંસામાં શસ્ત્રત્યાગ મરજિયાત હોય, નહીં કે બળાત્કારથી કે કાયદાથી. બહાદુર જ સાચો સત્યાગ્રહી બની શકે અને તેથી શસ્ત્ર વાપરવાની છૂટ હોય છતાં પ્રજા શસ્ત્રત્યાગ કરી અહિંસા અપનાવે એવા વ્યવહારુ અને આદર્શ શસ્ત્રત્યાગના તેઓ હિમાયતી હતા.

યુદ્ધમાં આ રીતે ભાગીદાર થવા માટે એમના ઉપર ઘણી ટીકાઓ થઈ. અહિંસાનો સામુદાયિક પાયા ઉપર અમલ કરનારને આવું હિંસક કાર્ય કેમ શોભે? એમણે લંબાણથી ટીકાઓના રદિયા આપ્યા છે. છતાં ટીકાકારોને એનાથી પૂર્ણ સંતોષ થયો નથી, ન થાય. ગાંધીજીને સહાનુભૂતિપૂર્વક સમજનાર અને એમના ક્રમિક વિકાસનો અભ્યાસી જ એમના એ પગલાના વાજબીપણાને સમજી શકે. ગાંધીજીની અહિંસા એમના જીવનવિકાસ સાથે વિકસતી ગઈ. પોતાના જીવનમાં તો એ પહેલેથી સારા પ્રમાણમાં તદ્રૂપ થવા પામી હતી. પરંતુ વ્યવહારમાં સામુદાયિક ધોરણે તેના ઉપયોગની ગડ ધીમે ધીમે પ્રસંગો પડતાં ઊકલતી ગઈ. દક્ષિણ આફ્રિકામાં એનો સારી પેઠે ઉપયોગ થયો. પણ હજુ આવા મહાયુદ્ધ જેવા પ્રસંગે તેનો કયો ને કેવો ઉપયોગ થાય એ પ્રશ્ન અહિંસાના આદર્શને વળગી રહીને જ ઉકેલી શકાય એમ ન હતું. ત્યારે શું એવો ઉકેલ ન મળે ત્યાં સુધી બેસી રહેવું? ગાંધીજીના ક્રિયાશીલ સ્વભાવને એ પોસાય જ નહીં. તેથી તે વેળા જે ધર્મ લાગ્યો — પોતા માટે ને પ્રજા માટે — તે તેમણે આચર્યો. પ્રજાને હજુ અહિંસાની તાલીમ મળી ન હતી. તેથી સરકારને રંગરૂટની ભરતીમાં સાથ આપવો એ જ માર્ગ હતો. સરકાર તદ્દન દગાખોર છે તે તો હવે પછી સિદ્ધ થનાર હતું.

બીજા મહાયુદ્ધ વખતે તદ્દન જુદું વલણ એમણે અખત્યાર કર્યું. પહેલાં યુદ્ધ પછી તો બ્રિટિશ સરકારમાંથી એમનો વિશ્વાસ પૂરેપૂરો ઊડી ગયો હતો. સરકારને સત્યાગ્રહની લડતો આપી હતી. એટલે બીજા

યુદ્ધ વખતે પોતાનો નૈતિક સહકાર આપવાનું જ એમણે યોગ્ય ધાર્યું, તે પણ એટલા જ ખાતર કે કંઈક ન્યાય — સરખામણીએ — મિત્ર-રાજ્યોને પક્ષે હતો. તે સાથે લંડન પર બૉમ્બમારાની શક્યતાથી એમને એટલું દુઃખ થયેલું કે એની કલ્પના માત્રથી તે વેળાના વાઈસરૉય આગળ પોતાનું દુઃખ રડેલા. કૉંગ્રેસને માટે તો આ વખતે એક જ માર્ગ હતો. રાષ્ટ્રીય સરકાર આપવામાં આવે તો સરકારને ટેકો આપી શકાય. તે સિવાય પ્રજાને કયે મોઢે કૉંગ્રેસ જઈને કહે કે સરકારને મદદ કરો ? ભૂતકાળનો અનુભવ ભૂંડો હતો. ગાંધીજીએ કૉંગ્રેસને એવી સલાહ આપી. સરકાર અણનમ રહી અને પરિણામે કૉંગ્રેસ-પ્રધાનોએ રાજીનામાં આપ્યાં અને આખરે તેમાંથી ૧૯૪૨ની લડત આવી પડી.

પણ હવે પાછા પડતો મૂકેલો તાર ફરી સાંધી લઈએ.

પહાડ જેવડી ભૂલ :— લોકોએ સવિનય ભંગ કરવામાં ઉતાવળ કરી હતી એમ એમને ભાસ થતાં એમણે પોતાની ભૂલને 'પહાડ જેવડી ભૂલ' તરીકે ઓળખાવી. પોતાની કેવી હાંસી થશે એની એમને ચિંતા ન હતી. પોતાના દોષ મોટા કરીને બતાવવા એમ એમની સુ-દર્શન કરનારી દૃષ્ટિને યોગ્ય લાગતું. સુ-દર્શન શક્તિ એવી છે કે જે બીજાના દોષ નાના બતાવે અને પોતાના મોટા ! "મને લાગી આવ્યું; હું ભીંત ભૂલ્યો. મને લાગ્યું કે લોકો સવિનય ભંગ કરવાને લાયક બને તે પહેલાં તેના ઊંડા રહસ્ય વિષે તેમને જ્ઞાન થવું જોઈએ."

અને ત્યાર પછી 'નવજીવન' ને 'યંગ ઇન્ડિયા' દ્વારા લોકોને સત્યાગ્રહ ને સવિનય ભંગના પાઠ આપવા માંડ્યા. ૧૯૨૦–૨૧ની અસહકારની લડત પછીથી ઠેઠ ૧૯૩૦ ની લડત સુધી પણ આવું લોક-શિક્ષણનું કામ ચાલુ રહ્યું. ૧૯૩૦ના સત્યાગ્રહમાં ઠીક પ્રમાણમાં સફળતા મળી ગણાય છતાં લોકો 'સત્યાગ્રહનું ઊંડું રહસ્ય' સમજ્યા હતા એમ ન કહેવાય. ૧૯૪૨ ની લડતે તો ઊલટું એમ સાબિત કર્યું કે લોકો એ બહુ ઓછું સમજ્યા છે. કેટલાક નેતાઓ પણ એ નથી

સમજ્યા એ પણ એમણે લીધેલાં હિંસક પગલાંએ પુરવાર કર્યું. આ વસ્તુ તો આજે ભૂતકાળ પર નજર કરતાં આપણે અત્યારે સ્પષ્ટ દીવા જેવી જોઈ શકીએ છીએ. પરંતુ ગાંધીજી તો તે ભૂલ ઉપરથી જ સમજેલા કે "સવિનયભંગનું ગાડું ધાર્યા કરતાં ધીમું ચાલશે." (આ. ભા. ૨. પૃ. ૩૩૫)

આ દરમ્યાન ખાદીનો જન્મ થયો અને ખાદીને રાજકારણમાં દાખલ કરી. આર્થિક પ્રશ્નો રાજકારણથી અલગ પતી શકતા નથી. ખાદીને એ કારણે રાજકારણમાં પ્રવેશ મળ્યો. સ્વરાજ આવે ત્યાં સુધી ગરીબ જનતાનો બેલી કોણ? ગાંધીજીનો જવાબ હતો : રેંટિયો. રેંટિયાને પ્રવેશ મળ્યા બાદ તે ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિનું કેંદ્ર બન્યો. એ કેંદ્રની આજુબાજુ એમનો રચનાત્મક કાર્યક્રમ ધીમે ધીમે વિકસવા માંડ્યો. ૧૯૨૧ની અસહકારની લડત દરમ્યાન ખાદીને ખૂબ વેગ મળ્યો અને ખાદીનો સારો પ્રચાર થયો. એ રેંટિયો પછીથી તો હિંદુસ્તાનના રાષ્ટ્રધ્વજમાં બેઠો. એટલું એનું મહત્ત્વ અંકાયું. એ હિંદુસ્તાનના લોકોના સ્વરાજના આદર્શનું પ્રતીક બન્યો.

૧૯૦૫–૭ માં જે સ્વદેશી ચળવળ મોખરે હતી તેનું વિશાળ સ્વરૂપ એ ખાદીનો કાર્યક્રમ. ગાંધીજીએ જૂનાને અપનાવી તેને અમલી બનાવી બતાવ્યું. કેવળ સ્વદેશીનો જાપ જપ્યે દહાડો વળે તેમ ન હતું. સ્વદેશી એ ધર્મ હતો તો એને કેમ આચારયોગ્ય બનાવવો એ પ્રશ્ન હતો. એ પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ એમને ખાદીમાં મળ્યો. એ ખાદીએ આગળ જતાં રચનાત્મક કાર્યક્રમને જન્મ આપ્યો. એમના ક્રિયાશીલ સ્વભાવનો આ ચમત્કાર હતો. રેંટિયાની આજુબાજુ રચનાત્મક કાર્યક્રમનું સૂર્યમંડળ ઊભું થયું.

અસહકાર

"સત્યની શોધ કરતાં વસ્તુઓ મારા જીવનમાં એક પછી એક અનાયાસે કેમ આવી રહી એટલું જ બતાવવાનો અહીં આશય છે." (આ. ભા. ૨, પૃ. ૩૭૦)

ખિલાફત ચળવળ અંગે સરકારની સામે કઈ રીતે સત્યાગ્રહી વિરોધ બતાવવો એ અંગેના મનનચિંતનમાંથી અસહકારનો જન્મ થયો. આવી રાક્ષસી સરકાર સાથે જરાય સંબંધ ન રાખવો જોઈએ એવી મતલબના કથનમાં એમણે પહેલવહેલો એક સભામાં અંગ્રેજી શબ્દ Non-Co-operationનો ઉપયોગ કર્યો. અસહકાર કરતાં અસહકારનું નામ પ્રથમ જન્મ પામ્યું. અસહકારના અર્થો પણ પાછળથી ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યા. અસહકાર સત્યાગ્રહના પેટમાં જ રહેલો હોઈ પ્રસંગ પડતાં તેનો આવિષ્કાર થયો.

અત્યાર સુધી અસહકારનો એકેય પ્રસંગ નહોતો આવ્યો. સરકાર પર શ્રદ્ધા હતી. પણ જ્યારે સરકારનું મૂળ સ્વરૂપ પૂરેપૂરું પ્રગટ થઈ ચૂક્યું ત્યારે એવી અન્યાયી સરકાર સાથે કંઈ પણ સંબંધ ન નભી શકે એમ સત્યાગ્રહી ગાંધીજીના મનમાં ઊગી આવ્યું. અસત્યનો પ્રથમ સામનો તેની સાથેના અસહકારથી જ થાય. સત્યના આગ્રહને સારુ પ્રથમ કાર્ય તો અસત્ય સાથેના સર્વ સંબંધો તોડવાના હોય. યોગની ‘ઉપેક્ષા’ પણ અપુણ્યનો સામનો કરવાનું આ રીતે જ શીખવે છે. ગાંધીજીના અસહકારે ‘ઉપેક્ષા’ના અર્થને વિસ્તૃત કરી સામુદાયિક વપરાશને યોગ્ય બનાવ્યો. સત્યની શોધ કરતાં સત્યાગ્રહનાં અનેકવિધ અંગમાં એકનો વધારો થયો.

આ અસહકારના બળ સાથે ખાદીનો રચનાત્મક કાર્યક્રમ તો હતો જ. તેથી તો એક વર્ષમાં ‘સૂતરને તાંતણે સ્વરાજ’ મેળવવાની શ્રદ્ધા ગાંધીજીમાં પેદા થઈ. પ્રજા એ બન્નેને એક સાથે અપનાવત તો ગાંધીજીની શ્રદ્ધા ફળીભૂત થાત. પરંતુ હજી સત્યાગ્રહ, અસહકાર અને રચનાકાર્ય પર પ્રજાની શ્રદ્ધા એટલી બેઠી ન હતી, તેથી ગાંધીજીની એ મુરાદ બર ન આવી.

કેટલાક લોકોને સત્યાગ્રહનું અટપટાપણું સમજાતું નથી. સત્યાગ્રહમાં અસહકાર કેમ શોભે? રેંટિયાને અને સત્યના આગ્રહને શો સંબંધ? યંત્રયુગના જમાનામાં યંત્ર વિના કેમ ચાલે? આવા પ્રશ્નો ઘણાને

ઉદ્‌ભવે છે અને ગાંધીજીના માર્ગનું અટપટાપણું એમને અજ્ઞેય લાગે છે. પૂર્વગ્રહમુક્ત વિચાર વગર ગાંધીજીનો સત્યમાર્ગ સમજી જ ન શકાય. ગાંધીજીનો માર્ગ એટલે સત્યનો માર્ગ. તેથી ગાંધીજીને સમજવાને સત્યને સમજવું જોઈએ. સત્ય જેટલું સરળ છે તેટલું જ તેનું આવિષ્કરણ અટપટું પણ છે. ક્ષણે ક્ષણે નવતાને પામતા અને વિવિધ રીતે પ્રગટ થતા સત્યને પારખવા સત્યની સૂઝ જોઈએ. સત્ય આચરનાર ગાંધીજીના જીવનમાં પણ જેટલી સરળતા હતી, સ્પષ્ટતા હતી તેટલા જ દેખીતા વિરોધાભાસો અને વિસંગતિઓ દેખાતી. તેથી ગાંધીજીને સમજવા સત્યને સમજવું જોઈએ. સત્યની શોધ કરનાર તેની કઠિનતા સમજી શકે છે. તેથી ગાંધીજીએ જે અવિરત સત્યની શોધ ચલાવી તેમાંથી જે અવિચળ સિદ્ધાંતો જડયા તે સત્યાગ્રહ, અસહકાર વગેરે. રેંટિયો, રચનાત્મક કાર્યક્રમ વગેરે એ સત્યોના પાલન અર્થે યોજેલી વ્યાવહારિક યોજનાઓ છે. એ કાર્યક્રમોમાં કાલાનુસાર યોગ્ય ફેરફાર ઘટે — આવશ્યક પણ બને. પરંતુ સત્યાગ્રહના ચિરંતન સિદ્ધાંતો તો સત્યશોધને સદા સહાયક બને તેવા છે. આ અટપટો માર્ગ — ક્ષુરની ધારા પર ચાલવાનો માર્ગ — શૂરાનો માર્ગ છે. "તેમણે બતાવેલો માર્ગ વસમો અને દોહ્યલો હતો, પણ એ શૂરાનો માર્ગ હતો, અને એ માર્ગે જતાં સ્વતંત્રતાના સ્વર્ગનું દર્શન થાય એમ લાગતું હતું." (જવાહરલાલની આ. પૃ. ૮૫, નવી આવૃત્તિ)

અસહકારની લડતે ગાંધીજીને હિંદુસ્તાનના એકમાત્ર સર્વમાન્ય નેતાના પદે સ્થાપ્યા ત્યારે બીજી બાજુ કોંગ્રેસના તે ઘડવૈયા બની રહ્યા. કોંગ્રેસને નવું બંધારણ આપી કોંગ્રેસનું પરિવર્તન કર્યું. હોમરૂલ લીગની થોડો વખત એમણે સંભાળ લીધેલી પરંતુ સાચું કામ તો મહાસભા દ્વારા જ થાય એમ એમનો નિશ્ચય થયેલો. મહાસભાનું મહાપરિવર્તન કરી એના વડે જ દેશની સ્વતંત્રતા હાંસલ કરવાનો માર્ગ મોકળો થયો. તિલક મહારાજ પણ અવસાન પામ્યા હોઈ, બધી જવાબદારી એમને શિર જ આવી પડેલી. તેથી મહાસભા એમના

પ્રયોગોનું ક્ષેત્ર બની રહી. "મારા મુખ્ય પ્રયોગો મહાસભાની મારફત થયા છે." (આ. ભા. ૨, પૃ. ૩૭૭)

૧૯૨૪ પછી ધારાસભાની ચૂંટણીઓમાં ભાગ લેવા અંગે મહાસભામાં બે દેખીતા પક્ષો પડી ગયા: નાફેરવાદીઓ અને સ્વરાજિસ્ટો. તે વેળા ગાંધીજીએ જે વલણ લીધું તે સાચા સત્યાગ્રહી નેતાને શોભે એવું હતું. એમણે સ્વરાજિસ્ટોને સાથ ન દીધો પણ સહાનુભૂતિ આપી. એમણે ધારણ કરેલી તટસ્થ નીતિથી કોંગ્રેસમાં તડાં પડતાં બચી ગયાં. જ્યારે પોતાનો માર્ગ મોકળો ન હોય ત્યારે બીજાને કેમ કામ કરવા દેવા તેની આવડત તેમનામાં હતી. તેથી જ્યારે ૧૯૩૦માં એમણે સત્યાગ્રહની લડત ઉપાડી ત્યારે ક્રાંતિકારીઓ પાસે હિંસાના બનાવો ન બનવા દેવાની બાંયધરી માગેલી અને તે એ આધારે કે પ્રસંગ આવે ત્યારે એક પક્ષે બીજા પક્ષના કાર્યમાં અવરોધ પેદા ન કરવો જોઈએ.

આ શાંતિના ગાળામાં એમણે ખાદીપ્રચાર સારુ આખા હિંદુસ્તાનની યાત્રા કરી ખાદી ઠેર ઠેર ફેલાવવા માંડી અને સાથે જ દેશનું વાતાવરણ જોઈ તેને તૈયાર કરવાનો અવકાશ મેળવ્યો. શાંતિથી ખૂણામાં બેસી રહેવાનું તો એમણે કદાપિ પસંદ કર્યું નથી. તેથી ખાદીપ્રચારના કામ વડે દેશને રચનાત્મક દૃષ્ટિથી તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો. દેશને એક યા બીજી રીતે સ્વરાજ્યના સાધ્ય તરફ કાર્યમગ્ન રાખવો એ એમનું કામ હતું. જ્યારે સક્રિય લડત ન હોય ત્યારે રચનાત્મક કામમાં પરોવાઈ જવાનું એઓ મુનાસિબ માનતા. ૧૯૩૦–૩૨ની લડત પછી દેશનું ધ્યાન એકદમ હરિજન પ્રવૃત્તિમાં કેંદ્રિત કરી એમણે બે કામ સાધ્યાં. લોકોને લડતની નિષ્ફળતાની નિરાશામાં ડૂબતા બચાવી તેમનું મન એક બહુ જ આવશ્યક રચનાકાર્યમાં પરોવ્યું. આ વખતે પણ એમણે હરિજન કાર્ય અંગે આખા દેશની યાત્રા કરી. જ્યાં જ્યાં ગાંધીજી જાય ત્યાં આશા ને ઉત્સાહનું વાતાવરણ જામી જાય તેથી આ બન્નેય યાત્રાઓએ પ્રજામાં જાગૃતિ ને આશાનો સંચાર કરવાનું કામ કરતાં ખાદીનો પ્રચાર અને અસ્પૃશ્યતાની જડને ઢીલી

કરવાનું કામ કર્યું. એમણે કેટકેટલી વાર દેશની લાંબી મુસાફરી કરી હતી? એમના જેવું ને જેટલું ઉપયોગી દેશાટન કોઈએ નહીં કર્યું હોય.

દેશની નાડ પારખનાર તો ગાંધીજી જ. એમણે દેશની સાથે એટલું ને એવું તાદાત્મ્ય સાધ્યું હતું કે દેશને તકની વખતે જોઈતી વસ્તુ એમણે હમેશાં પૂરી પાડી હતી. દેશ સાથેની આવી અસાધારણ એકતાને લીધે જાણે કે તેઓ હિંદના એક મૂર્તિમંત પ્રતિનિધિ બની રહ્યા. મહાસભામાં એમનું માન અને પ્રેમ એટલાં વધ્યાં હતાં કે એમનો તેની સાથેનો સંબંધ કુટુંબના વડા જેવો થઈ પડ્યો. જવાહરલાલજી કહે છે તેમ તેઓ તો મહાસભાના પ્રમુખના પણ પ્રમુખ હતા, પ્રમુખ બનાવનાર હતા. ગાંધીજીની અસરને લીધે મહાસભાના નેતાઓમાં કુટુંબભાવ જન્મ્યો હતો. "તેમની વચ્ચે પરસ્પર મૈત્રી, બંધુભાવ અને આદર જામ્યાં હતાં. તે બધાનું મંડળ એ એક કામચલાઉ સહિયારી પેઢી ન હતી, એ તો એક કુટુંબ હતું." (જ. આ. પૃ. ૩૦૮) એ કુટુંબના વડા તે ગાંધીજી. કુટુંબનો વડો જે સત્તા, માન ને પ્રેમ ભોગવે તે બધાં ગાંધીજી ભોગવતા. આથી તો વિરોધીઓ એમના પર સરમુખત્યાર હોવાનો આરોપ મૂકતા. પણ આવો આરોપ મૂકતાં એ ભૂલી જતા કે સરમુખત્યારની સત્તા કરતાં વધુ સત્તા ધરાવનાર ગાંધીજીના પદનો આધાર પ્રેમ હતો. સરમુખત્યાર તો હિંસાને જોરે સત્તા પર આવે છે ને તેના વડે જ તે ટકાવી રાખે છે જ્યારે ગાંધીજી પાસે એથી ઊલટું બળ જે પ્રેમનું તે જ એમની અસાધારણ લોકપ્રિયતાનું કારણ હતું. એમની અનન્ય સેવાએ એમને સૌથી ઊંચે મૂક્યા હતા. વળી દેશ સાથે એમણે એવું તાદાત્મ્ય કેળવ્યું હતું કે તે જેમ માબાપનું પોતાનાં બાળકો પ્રત્યે હોય છે. બાળકોને લડતાં જોઈ મા કકળી ઊઠે છે તેમ જ્યારે હિંદુસ્તાનના ભાગલા પાડવાની વાત શરૂ થઈ ત્યારે એમણે કહ્યું કે, Vivisect me before vivisecting India—હિંદના ભાગલા કરતા પહેલાં મને ચીરો.

ધર્મભાવનાથી, કુટુંબ ભાવનાથી સંચારિત એમના રાજકારણ વિષેના બૃહદ્ કાર્યને લીધે એમણે જીવનનાં અનેક કાર્યો ને ક્ષેત્રોને આવરી લીધાં. સમાજસુધારાની આવશ્યકતા એમને રાજકારણને અંગે પણ જરૂરી લાગી. હિંદમાં ગાંધીજી આવ્યા ત્યારે ડૉ. બેસંટે સમાજસુધારાની હાકલ કરેલી. પરંતુ તિલક એના વિરોધી હતા. પણ ગાંધીજીએ પોતાની રીતે સમાજસુધારણાનો પ્રશ્ન હાથ ધર્યો. એમણે ગ્રામસુધારણાને રચનાત્મક કાર્યક્રમ વડે સમાજનો પલટો ને તેમાં ધરમૂળની ક્રાંતિ કરવાની ઇચ્છા સેવી. હરિજન પ્રશ્નને તો તેમણે પોતાનો બનાવ્યો. એટલું જ નહીં પણ તેને ધાર્મિક મહત્ત્વ આપીને પોતાના જીવના જોખમે હરિજનોને મળતા અલગ મતાધિકારનો સામનો કર્યો. ૧૯૩૦-૩૨ની લડત પછી હરિજન પ્રશ્નને પોતાનો કર્યો, ને નિરાશામાં ડૂબતા દેશનું ધ્યાન સમાજસુધારણામાં કેંદ્રિત કર્યું. આ પ્રશ્નનો ઉકેલ મરતાં પહેલાં એ લાવી શક્યા એમ જરૂર કહી શકાય. કારણ આજે કાયદેસર રીતે લગભગ દરેક પ્રાંતમાં અસ્પૃશ્યતાને દેશનિકાલ કરવામાં આવી છે. "બેશક ગાંધીજી જે પ્રાણપ્રદ શક્તિ હતા તે આજે પણ છે. તેમની અહિંસા ઉગ્ર ને વીંધી નાખનારી છે; અને ક્યારે વળી એઓ દેશને વીજળીક આંચકો આપશે તે કહી શકાય એમ નથી." (જવાહર : આત્મકથા પૃ. ૫૮૦)

૧૯૩૧માં આખી કોંગ્રેસ તરફથી તેના એકમાત્ર પ્રતિનિધિ તરીકે બીજી ગોળમેજીમાં ગયા અને દેશની ન્યાયી માગણી બુલંદ અવાજે ત્યાં સંભળાવી ત્યારથી તે રાષ્ટ્રપિતા બની ચૂક્યા. ત્યાર પછી એમની પ્રવૃત્તિ એટલી વિવિધ બની રહી કે તેમની કાર્યપ્રવૃત્તિને એક મહાનદની જ ઉપમા આપી શકાય. જેલમાં રહ્યે રહ્યે ઉપવાસ આદર્યા; હરિજનો માટે ન્યાય મેળવ્યો અને જેલમાંથી છૂટ્યા બાદ રચનાત્મક કામમાં ગૂંથાઈ ગયા અને દેશનું ધ્યાન પણ તેમાં જ રોકી લીધું. "આ પછી ઘટનાઓ જાણે નાટકનાં એક પછી એક દૃશ્ય ઊકલી પરાકાષ્ઠાએ પહોંચતાં હોય તેમ, ઝપાટાબંધ બનતી ગઈ" (જવાહર :

આત્મકથા પૃ. ૨૧૮) આ અનેકવિધ પ્રવૃત્તિને પરિણામે ગોસેવા સંઘ, હરિજન સંઘ, ગ્રામોદ્યોગ સંઘ ને પાછળથી તાલીમી સંઘ અસ્તિત્વમાં આવ્યા. ચરખા સંઘ તો ૧૯૨૪થી ચાલતો જ હતો. આ રચનાકાર્ય પણ અંતે તો સ્વરાજની તૈયારી રૂપ જ હતો.

જ્યારે કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકાર્યાં ત્યારે તેના માર્ગદર્શક પણ તેઓ જ બની રહ્યા. નાની મોટી અનેક બાબતોમાં એમની સલાહ લેવાતી. શ્રી મુનશીનું તો એવું કહેવું છે કે સમ્રાટ અશોક ને સમુદ્રગુપ્ત પછી આખા ભારતવર્ષ પર એક જ માણસે જો સત્તા ચલાવી હોય તો તે ગાંધીજી હતા ! અને તે પણ કશીય બળજબરી વગર, અને સત્તા શોધવા ગયા વિના ! કૉંગ્રેસને બંધારણ આપી તેનું ઘડતર કરનાર તો તેઓ, કૉંગ્રેસ વાટે દેશને એક રાષ્ટ્રધ્વજ આપનાર તો તેઓ, દેશને રાષ્ટ્રીય પોશાક આપનાર તો તેઓ, અને સૌથી વધુ તો દેશજનોમાં સ્વાભિમાન જાગ્રત કરનાર પણ તેઓ જ હતા. દેશમાં એકતા આણી દેશને ગૌરવસ્થાને બેસાડનાર પણ તેઓ જ હતા. દેશની આટઆટલી સેવા કરનાર નિઃસ્પૃહી મહાત્મા આગળ તો આખા જગતની સમૃદ્ધિ ખડી થાય તો દેશની પ્રજા અને નેતા તેમની આજ્ઞા ઉઠાવે તેમાં તો નવાઈ શી ?

છતાં એમનો પણ સામનો થયો. અહિંસક રીતે કામ કરનાર ગાંધીજીની સામે પણ બીજાં બળો પ્રતિબળનું રૂપ ધારણ કરી જોરાવર થયાં. સોશિયાલિસ્ટ ને કૉમ્યુનિસ્ટ પાર્ટી કેટલાક વખતથી હિંદમાં કામ કરતી હતી. છતાં ૧૯૩૦ની લડત પછી કૉંગ્રેસની પદ્ધતિથી નિરાશ થયેલા ઉદ્દામ વિચારવાળા આ બે પાર્ટીઓમાં જોડાયા. આના કરતાંય મોટું પ્રતિબળ તો મુસ્લિમ લીગનું હતું. શરૂશરૂમાં તો તે બહુ જોર કરતું ન લાગ્યું પરંતુ પ્રાંતિક સ્વરાજની ચૂંટણી વખતથી જનાબ ઝીણાની નેતાગીરી હેઠળ તે પ્રબળ થતું ગયું. તે છેવટે દેશના ભાગલા પાડીને વિરમ્યું ! એ વિરમ્યું છે એમ હજુ પણ કહી શકાય ખરું ?

'સોશિયાલિસ્ટ' પાર્ટી કૉંગ્રેસમાં જ રહી પણ છેવટે તે પણ કૉંગ્રેસથી અલગ થઈને વિરોધ પક્ષ તરીકે કામ કરતી થઈ. કૉમ્યુનિસ્ટ પાર્ટીને માટે કોઈ એક વિશેષણ વાપરવું એ કઠિન છે. તે જ્યારે ત્યારે દેશની વિરુદ્ધમાં જઈ રશિયાની નીતિને વફાદાર રહેવા પ્રયત્ન કરે છે ત્યારે તેને પ્રતિઅળ જ કહેવું જોઈએ. પણ તે ક્યારે ગુલાંટ મારે તે નિશ્ચિત નહીં!

શું ત્રાસવાદી કે શું સમાજવાદી કે શું સામ્યવાદી એકલા પોતાને જો ક્રાંતિકારી માનતા હોય તો તે ભૂલ છે. ગાંધીજી પણ એક મોટા ક્રાંતિકાર હતા. પણ 'સમાજવાદ શા માટે'માં ગાંધીજી પર અનેક ગેરવાજબી આક્ષેપો સમાજવાદી નેતા શ્રી જયપ્રકાશે કર્યા છે. સામ્યવાદીઓ તો તેમને કેવળ દયાભાવી (Philanthrophist) રાજકારણી નેતા તરીકે ઓળખાવે છે. પરંતુ ગાંધીજી તેઓ ધારે તેના કરતાંય વધારે મોટી ક્રાંતિના ચાહક હતા. તેમને તો માનવ સમાજની ક્રાંતિ કરવી હતી. એમનું 'હિંદ સ્વરાજ' તેનો જીવતો જાગતો પુરાવો છે. એક ક્રાંતિકારની પ્રબળ હિંમત ન હોત તો યંત્રઘેલા જગત આગળ પોતાનું આ પુસ્તક તે ન રજૂ કરી શકત. પણ એમની ક્રાંતિનો પ્રકાર જુદો છે, તેનો રસ્તો જુદો છે, તેનો આદર્શ જુદો છે.

એક રીતે કહીએ તો ગાંધીજીની ક્રાંતિ માર્ક્સની ક્રાંતિની વિચારસરણી કરતાંય આગળ જાય છે. જોકે બન્નેની વિચારપદ્ધતિ ને તેના પાયા જ જુદા છે તેથી બન્ને વચ્ચે સામ્ય બહુ ઓછું છે છતાં પરિણામે તો ગાંધીજીનો માર્ગ જ વધુ જલદી ને વધુ સાચી ક્રાંતિ કરનારો છે, એમ પશ્ચિમી વિચારકો પણ કહે છે. રશિયા માર્ક્સના સિદ્ધાંત મુજબ ચાલ્યું છતાં આજે ત્યાં કોનું રાજ છે? આખું વિશ્વ તેની તરફ શંકાની નજરે જુએ છે. એટલે સત્ય ને અહિંસાના પાયા પર સાધેલી ક્રાંતિ જ સ્થાયી નીવડે એ ગાંધીજીના મતને સાંભળવો તો પડે છે. એક દિવસ તેને સૌ માનશે. માર્ક્સ મજૂરોની ક્રાંતિ કરવા ચાહતો ને તેના વડે જ

ક્રાંતિ જલદી થઈ શકે એમ એણે બતાવ્યું. રશિયાએ તેમ કરી પણ બતાવ્યું. ગાંધીજી એથી એક ડગ આગળ મૂકે છે. તેઓ મજૂરો કરતાં ખેડૂતો પાસે જ એમની રીતની ક્રાંતિ કરાવવા ચાહે છે: "હું જાણું છું કે સ્વરાજની ચાવી મજૂરોની પાસે પણ નથી. સ્વરાજની ચાવી ગામડામાં છે." (ભાષણ: ગુ. સા. સ. બારમું અધિવેશન) એમને અહિંસક ક્રાંતિથી સર્વોદય સાધવો હતો તેથી સ્વરાજની ચાવી એમણે ગામડામાં જોઈ.

એમની ક્રાંતિની પ્રથમ શરત છે સાધન-સાધ્યની શુદ્ધિ. મલિન સાધનથી શુદ્ધ સાધ્ય કદાપિ હસ્તગત ન થાય. શુદ્ધ આદર્શ હતો રામરાજ્ય અને તેને માટે શુદ્ધ સાધન જોઈએ સત્યાગ્રહનું. રાજકારણમાં આવી ધાર્મિક વાતો ન ચાલે એમ માનનારા આ ન સમજી શકયા. પણ એટલું તો તેમની નજર સમક્ષ જીવતું રાજકારણી નાટક ભજવાયું કે જેમાં ગાંધીજીએ રાજકારણમાં સફળતા-પૂર્વક ધર્મ દાખલ કરી બતાવ્યો. આ પણ એક ભારે ક્રાંતિ હતી તે શું ભૂલી જઈશું ? એમના એક જ શબ્દે હિંદી સરકારે ૧૯૪૭માં પાકિસ્તાનના પંચાવન કરોડ રૂપિયા ન્યાયી રીતે પણ રોકી રાખવાને બદલે તરત જ તેને સુપરત કર્યા. સાધનશુદ્ધિના આગ્રહને કારણે જ એમણેઆમ કરાવ્યું હતું.

આ સાધનશુદ્ધિના અતિશય આગ્રહને લીધે ઝડપભેર સત્યાગ્રહનો વિકાસ થતો ગયો અને ૧૯૪૨ની લડત સુધીમાં ગમે તે પરિસ્થિતિમાં ઉપયોગમાં આવે એવું તેનું સ્વરૂપઘડતર થઈ ચૂકયું હતું. ૧૯૪૦નો વ્યક્તિગત સત્યાગ્રહ પણ તે દરમ્યાન અસ્તિત્વમાં આવી ચૂકયો હતો. તેથી ૧૯૪૨ની લડત વખતે ગાંધીજીને સત્યાગ્રહની લડત અંગે કશું નવું કહેવાનું ન હતું પણ ત્યાર સુધીમાં સત્યાગ્રહની લડતો લડયા હતા તે સર્વેનો એક સાથે યા સગવડે ઉપયોગ કરવાનો એ છેવટની 'કરેંગે યા મરેંગે'ની લડતમાં આદેશ આપ્યો. સત્યાગ્રહનું તે પ્રચંડ

આક્રમક સ્વરૂપ હતું. પણ કમનસીબે નેતાઓ પકડાતાં તેમાંથી હિંસા ફાટી નીકળી અને સત્યાગ્રહ સત્યાગ્રહને ઠેકાણે રહ્યો. પણ માનો કે સફળ થયો હોત તોપણ સત્યાગ્રહનું એક સ્વરૂપ તો સિદ્ધ કરવાનું બાકી રહેત. બાહ્ય આક્રમણની સામે સંરક્ષણના શસ્ત્ર તરીકેનો ઉપયોગ હજી સુધી તો સિદ્ધ નથી થયો. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહી લડતને થોડે અંશે સ્વમાનના સંરક્ષણની લડત તરીકે ગણાવી શકાય પરંતુ દેશ પર હિંસક આક્રમણનો તેના વડે સામનો કરવાનો પ્રસંગ હજી સુધી આવ્યો નથી અને તે અંગેની તેની ઉપયોગિતા પણ સિદ્ધ થઈ નથી. જોકે ૧૯૪૬–૪૭ના આંતરયુદ્ધ જેવાં કોમી રમખાણોને પોતાની સત્યાગ્રહી પદ્ધતિથી એકલે હાથે ખાળવા ગાંધીજીએ પ્રયત્ન કર્યો. પરંતુ જેટલી સિદ્ધિ તેમાં તેમને મળી તે તેમની વ્યક્તિગત શક્તિનું પરિણામ ગણાય. તે પદ્ધતિ સર્વોપયોગી થઈ એમ હજી ન કહી શકાય. એ દિશામાં એમણે માર્ગદર્શન કર્યું એ પણ સાચું. પણ એમનો ચીંધેલો માર્ગ હજુ કેડી પણ નથી બની તો રાજમાર્ગ બન્યો છે એમ તો કહેવાય જ ક્યાંથી? ભાવી ઇતિહાસના વિશાળ પટમાં તેમ થાય એમ શક્ય લાગે છે ખરું. ક્યારે થાય, તે તો કોણ કહી શકે?

સત્યાગ્રહનું શાસ્ત્ર હજી પૂર્ણ નથી બન્યું. તેના જન્મદાતાના જીવન દરમ્યાન એ ઠીક ઠીક ખેડાયું છતાં તે પૂર્ણ નહોતું થયું અને તેથી જ ગાંધીજીએ તેનું શાસ્ત્ર પોતે લખવાની પોતાની અશક્તિ જાહેર કરી હતી. પરંતુ તે સંપૂર્ણ નથી થવા પામ્યું તેથી એની કિંમત જરાય ઓછી થવાને બદલે વધે છે. કેટલા ટૂંક સમયમાં તે જન્મ્યું, વિકસ્યું અને સામુદાયિક ઉપયોગમાં આવી, અનેક કસોટીઓમાંથી પસાર થઈ, એક અપ્રતિમ શસ્ત્ર તરીકે બહાર આવ્યું! શાસ્ત્રને અંત નથી તેમ સત્યાગ્રહનુંય છે. તે માનવ વિકાસવૃક્ષનું અમૃતફળ છે. 'આધુનિક ભારત'ના લેખક શ્રી જાવડેકર કહે છે તેમ તે "ભારતીય સંસ્કૃતિનું અમૃતતત્ત્વ છે." એ ભારતીય સંસ્કૃતિમાંથી જ જન્મ્યું છે— તેનો જ તે પરિપાક છે છતાં તેને માનવજાતના એકંદર વિકાસના

અમૃતફળ તરીકે જોવું જોઈએ. સત્યાગ્રહના જન્મ સાથે મનુષ્યજાત પ્રગતિને પંથે એક ડગલું આગળ માંડે છે. એના સતત સાથ વડે તે પોતાની પ્રગતિ વેગથી વધારી શકે એવી સ્થિતિ છે, તેને એવી તક છે. છતાં આજે માનવજાત કઈ તરફ ધસી રહી છે?

એનું અમૃતતત્ત્વ તો એની બીજી પણ સિદ્ધિમાં રહેલું છે. આજે જગત રાજ ચલાવવાની અનેક પદ્ધતિઓના પ્રયોગો પછી પ્રજાતંત્ર (Democracy) ને જ એકમાત્ર સર્વોત્તમ પદ્ધતિ તરીકે સ્વીકારે છે. છતાં તે પણ નિષ્ફળ જતી જોઈ કંઈ નવા નવા વાદો — જેવા કે મજૂરની સરમુખત્યારી ઇત્યાદિના — પેદા થયા. છતાં તેય જગતને સુખાકારી આપે એમ નથી. તેથી પ્રજાતંત્રમાં ખરેખર પ્રજાકીય બળ પેદા કર્યા વિના છૂટકો નથી એમ સહુ રાજકારણના પંડિત પોકારીને કહે છે. સત્યાગ્રહ ને અહિંસા જ એક એવાં સાધન છે જેના વડે પ્રજાતંત્ર સફળ બની શકે. તેના વિના પ્રજાતંત્ર વણસતું આવ્યું છે. અહિંસક સમાજરચના કરવા માટે જ નહીં, પણ પ્રજાતંત્રને સફળ બનાવવા આ જ એકમાત્ર ઉપાય છે, એમ લુઈ ફિશર અનેક વાર કહે છે. અને તેમાં તથ્ય પણ ઘણું છે. અહિંસા તો પ્રજાતંત્રનો પ્રાણ છે. તે પશ્ચિમને નહોતું સમજાતું. ને તેથી ત્યાં પ્રજાતંત્ર સફળ ન નીવડ્યું. પોતાના દેશ પૂરતી કંઈક અહિંસા ઇંગ્લંડમાં હતી તો ત્યાં તેટલે અંશે પ્રજાતંત્ર સફળ થયું ખરું. સાચું પ્રજાતંત્ર તો ત્યાંય નથી. પ્રજાતંત્રને સફળ બનાવવા અહિંસાની ભેટ આપીને ગાંધીજીએ જગતના રાજકારણની વ્યવસ્થિતિનો સહેલો ને સરળ ઉપાય ક્યારનોય પોકાર કરીને આપ્યો છે:

"Because democracy, so long as it is sustained by violence, cannot provide for or protect the weak. My notion of democracy is that under it the weakest will have the same opportunity as the strongest." (Gandhiji quoted in H. R. P. 79.)

"હિંસાથી નભતી પ્રજાશાહીમાં નિર્બળનું રક્ષણ શક્ય નથી. પ્રજાશાહીનો મારો ખ્યાલ એવો છે કે એમાં શક્તિશાળીના જેટલી જ તક નિર્બળને મળે." પણ તે સાંભળે છે કોણ ? ભવિષ્યમાં મનુષ્ય જાત એના પડઘા સાંભળે, એ આશા જ અત્યારે તો રાખવી રહી.

ત્યારે સત્યાગ્રહનું ભાવી શું ? હિંસાઘેલું જગત તેની અત્યારે જે ઉપેક્ષા કરી રહ્યું છે તે ક્યારેય તેની કિંમત નહીં પારખી શકે ? અને અહિંસામાં ને સત્યાગ્રહમાં જો જગતને બચાવવાની તાકાત છે તો આજનું જગત તે કેમ પારખી શકતું નથી ? શું જગતની એટલી પારખશક્તિ નથી ? કે શું અહિંસામાં કે સત્યાગ્રહમાં દેખાય છે તેવું સત્ત્વ નથી ?

સત્યાગ્રહનું સત્ત્વ તો સૌ સમજે એવું છે. એક રીતે કહીએ તો આખું ભણેલું જગત શાંતિ ચાહે છે છતાં આજે તે યુદ્ધ તરફ, મહાવિનાશ તરફ ધસી રહ્યું છે. जानामि धर्मं न च मे प्रवृत्तिः जानाम्यधर्मं न च मे निवृत्तिः । ધર્મ જાણું છું છતાં તેનું આચરણ થતું નથી, અધર્મ જાણું છું છતાં તે અટકાવી શકતો નથી.

દુર્યોધનની દશા જેવી આખા જગતની દશા છે. ગાંધીજીએ માનવતાનો પોકાર કર્યો, અંદરનો અવાજ સંભળાવ્યો. જેમ અંદરનો અવાજ સાંભળતો, સમજતો, છતાં માણસ પાપમાં ધસડાય છે તેવી આજના જગતની પણ સ્થિતિ છે. ગાંધીજીની વાત માનવ બુદ્ધિ સમજે છે, હૃદય તે નાકબૂલ કરે છે. જેટલા પ્રમાણમાં આજના માનવીની બુદ્ધિશક્તિનો વિકાસ થયો છે તેટલા પ્રમાણમાં 'હૃદયવિકાસ' નથી થયો. તેને કારણે જ શુભ કાર્યમાં તે પાછો પડે છે. જાણતો છતાં સત્યનું આચરણ કરી શકતો નથી. યુદ્ધની અથડામણો ને કૂટામણોને અંતે જ્યારે તેનું હૃદયતંત્ર ઘડાશે ત્યારે સત્યાગ્રહ ને અહિંસાને અવકાશ મળશે. ત્યારે સમાજના પ્રશ્નોના ઉકેલ માટે તે એકમાત્ર સાધન બની રહેશે. એવો કાળ ક્યારે આવશે તે કોણ કહી શકે ? પણ એ કાળ આવશે એ વિષે શંકા નથી. આજે માનવ તેનું મૂલ્ય સમજે છે છતાં તેનું આચરણ કરી શકતો નથી. પણ ભવિષ્યમાં તેનામાં એટલું હૃદયબળ વિકસ્યું

હશે ત્યારે તે મુજબ તે આચરણ પણ કરી શકશે. માનવનું તત્કાળ ભાવી બહુ ઊજળું નથી લાગતું પણ સત્યાગ્રહનું ને પ્રકટ થયેલા અહિંસાતત્ત્વનું ભાવી ઉજ્જવળ જ છે. તેને અપનાવ્યા વિના માનવજાતનો ઉદ્ધાર નથી. આવો જ સૂર ડૉ. રાજેન્દ્રપ્રસાદ કાઢે છે :— " That is Mahatma Gandhi's greatest contribution to Indian politics, and that will be India's contribution to the deliverance of the world." (The Hindustan Review, March–'48 P. 72) "ગાંધીજીનો હિંદના રાજકારણમાં આ. ફાળો છે અને એ જ દુનિયાની મુક્તિમાં હિંદનો ફાળો બનશે."

જેને માટે ગાંધીજીનું પૂર્વજીવન વીત્યું, જેના જન્મ પછી તેને સારુ જ પછીનું જીવન વિતાવ્યું તે સત્યાગ્રહ વિષે તેમની પણ અવિચળ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધા આજ કરતાં કાલે અને કાલ કરતાં ભવિષ્યમાં વધુ ને વધુ માણસોમાં ફેલાતી જશે. એક વાર તેનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો છે તેથી તે ક્રમે ક્રમે વિકસતી જનાર છે. આવી શ્રદ્ધા ને આશા વિના જીવન કેટલું સૂકું અને નિષ્ફળ લાગે! સત્યનો જયવારો ન થનાર હોય તો માનવીની પ્રગતિનો આધાર ખસી જાય. માનવીની પ્રગતિ માટે તો નિરાશાવાદી સિવાય સહુ કોઈ શ્રદ્ધાની નજર ભાવીમાં ફેંકે છે. ભાવીમાં સત્ય ને અહિંસાના સિદ્ધાંત પર રચાયેલી સમાજરચના હશે. તેમાં પ્રેમથી માનવજાતમાં એકતાનું મજબૂત બંધન હશે. અને જે રીતે ગાંધીજીના જીવનમાં સત્ય ને અહિંસા તેમને ખૂબ ઝડપથી રાજકારણમાં ઘસડી ગઈ તેમ સત્ય ને અહિંસાને શરણે જનાર માનવજાતિનું પણ થશે. આજનું વિજ્ઞાન તેને સત્ય જ શીખવે છે — ભલે ભૌતિક. આજનો માનવધર્મ પણ તેને તે જ શીખવે છે. ત્યારે એક દિવસ એવો આવશે જ્યારે અનેક અથડામણો પછી તે શીખશે કે સત્યને વ્યાપક સ્વરૂપમાં ઓળખવામાં જ સુખ છે. તેને જીવનના દરેક ક્ષેત્રમાં પ્રત્યક્ષ જોવા તે ચાહશે.

અને ત્યારે ગાંધીજીનાં નીચેનાં વચનો સહજ અનુભવસિદ્ધ થઈ ચૂક્યાં હશે :

"આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શનને સારુ જીવમાત્ર પ્રત્યે પ્રેમની પરમ આવશ્યકતા છે. અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજપ્રકરણમાં ખેંચી ગઈ છે. ધર્મને રાજકારણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી, એમ કહેતાં મને સંકોચ નથી થતો, એમ કહેવામાં હું અવિનય નથી કરતો." (આ. ભા. ૨, પૃ. ૩૭૯)

આવી વ્યાપક ભાવનાએ લોક અને બાળકની કેળવણીના પ્રયોગો એમની પાસે કરાવ્યા. જીવનને આમ વ્યાપકપણે જોનારમાં કેળવણીની અને સુધારણાની દૃષ્ટિ હોય જ હોય. ગાંધીજીએ જીવનનાં બધાં ક્ષેત્રોને સળંગ જોયાં. કેળવણી પણ તેમ જ કરવાનું શીખવે છે. અને તેથી જ તેઓ સાચા આબાલલોકશિક્ષક બન્યા. એમને આ રીતે ઓળખવા માટે એમની કેળવણીની વિચારસરણી સમજવી જ રહી.

૪

વ્યાપક કેળવણીકાર

જગતના ઇતિહાસમાં પોતાની સળંગ અને સ્વયંસંપૂર્ણ ફિલસૂફી આપનાર મહાપુરુષો થોડા થયા છે, તેમાં પણ એવી ફિલસૂફીને તર્ક અને કલ્પનાના ગગનવિહાર પરથી વ્યાવહારિકતાની સપાટી પર લાવી તેની કસોટીમાં તેને પાર ઉતારનાર મહાપુરુષો તો ઘણા જ ઓછા થયા છે. આવી જૂજ વિભૂતિઓની હરોળમાં બેસી શકે અને તેમાં પોતાના વ્યક્તિત્વના તેજથી બહાર તરી આવે એવી એક અનોખી વિભૂતિ તે ગાંધીજી.

પોતાના જીવનમાંથી ઊગેલી, વિકાસ પામેલી અને આચારથી પ્રચાર પામેલી એવી સળંગ ને સંપૂર્ણ ફિલસૂફી ગાંધીજીએ જગતને આપી. સત્યના પ્રેમબીજમાંથી એની ઉત્પત્તિ થઈ, અહિંસાના જળસિંચનથી એનું પોષણ થયું અને આચારમાં જડ ઘાલી એ ફિલસૂફીનું વૃક્ષ ફૂલ્યું-ફાલ્યું. સત્યાગ્રહ, અસહકાર, સર્વોદયની ભાવના અને સર્વધર્મસમભાવ આદિ સિદ્ધાંતો ને ભાવનાઓ તેની વિવિધ શાખાઓ છે; જીવનસમગ્રને વ્યાપતી, તેને ઉત્કૃષ્ટ બનાવતી અને જીવનને પૂર્ણતા તરફ દોરતી 'વર્ધા શિક્ષણ યોજના'નો જન્મ થયો અને એ ફિલસૂફીના વૃક્ષને મૂલાધાર મળ્યો. સત્યાગ્રહ આદિ શાખાઓ પહેલાં અસ્તિત્વમાં આવી અને મૂલાધારરૂપી શિક્ષણ-યોજના અંતે જન્મ પામી. ऊर्ध्वमूलमधः-शाखमश्वत्थम्‌ની માફક અવળા ક્રમે અસ્તિત્વમાં આવી તેથી ગાંધીજીની ફિલસૂફીને ગીતાના અવ્યય અશ્વત્થની ઉપમા યથાર્થ રીતે આપી શકીએ.

જીવનસમગ્રને વ્યાપતી એમની ફિલસૂફી છે. સમાજશાસ્ત્ર અને કેળવણીશાસ્ત્ર, રાજકારણ અને અર્થશાસ્ત્ર, ધર્મ અને નીતિ, વૈદક અને આરોગ્યશાસ્ત્ર,— એ દરેકમાં પ્રશ્નોના ઉત્તર આપવા અને કઠિન કોયડાનું

નિરાકરણ કરવા એમની પાસે ઉપાયો તૈયાર હતા. બધાયની કૂંચી સત્ય અને અહિંસા છે. એ સાદી કૂંચી વાપરતાં સૌથી સરસ એમને જ આવડ્યું. વિવિધ ક્ષેત્રોનાં બંધ દ્વારો એ સાદી કૂંચીના કુશળ ઉપયોગથી ખોલ્યાં અને તેમાં પ્રકાશ નાખી અંધકારને દૂર કર્યો. વાદવિવાદોથી પેદા થયેલી ભુલભુલામણીઓમાંથી બહાર નીકળવાના સીધા રસ્તા એમણે બતાવ્યા.

સત્યાગ્રહ અને અસહકારથી જનતાને એમણે શિક્ષણ આપ્યું. સમાજમાં પણ ચેતના આણી અહિંસાના નૂતન પ્રયોગોથી સમાજના અને રાષ્ટ્રના જુદા જુદા વર્ગોને હલમલાવી સભાન કર્યા. રાષ્ટ્રને એનાથી ઘડ્યો; રાષ્ટ્રને કેળવ્યું; અને એ રીતે રાષ્ટ્રના એ ઘડવૈયાને કેળવણીકાર પણ તેના વ્યાપક અર્થમાં કહેવા પડે.

રાષ્ટ્રનાં બાળકો અને યુવાનો પણ એ દ્વારા ઘડાયા; એમનું પણ શ્રેય એમાં જ હતું. પરંતુ એમના શિક્ષણનું, એમની આખી કેળવણીનું શું? ગાંધીજીએ એ પણ આપી. કેળવણી આપીને રાષ્ટ્રની આઝાદી પ્રાપ્ત કરવા સ્વયંસેવકો તૈયાર કરવા જોઈએ. એવા અહિંસક યોદ્ધાઓ તૈયાર કરવા સાચા વીર યુવકોને તાલીમ આપવા વિદ્યાપીઠ સ્થાપી, પરંતુ હજુ કેળવણીનો કેળવણીને ખાતર વિચાર કરવાનો અવકાશ નહોતો આવ્યો એટલે બાળકેળવણી ખોરંભે જ પડી.

ભવિષ્યના કાર્યક્રમો ઘડવાના વિચાર ગાંધીજી કદાપિ નહોતા કરતા. એ તેમને તદ્દન નાપસંદ હતું. પ્રસંગ ઉપસ્થિત થાય તેને અનુકૂળ જે ઉપાય તત્કાળે સૂઝે તે મુજબ વર્તન કરવું જોઈએ, એવી એમની દઢ માન્યતા હતી. બાળકેળવણીનો પ્રશ્ન એમની સમક્ષ બહુ મોડો આવી પડ્યો. સાત પ્રાંતોમાં જ્યારે કૉંગ્રેસનાં પ્રધાનમંડળો સ્થપાયાં ત્યારે તેમની સામે પ્રાથમિક કેળવણીનો કોયડો તેના ઉકેલ માટે રજૂ થયો. એ કોયડાનો ઉકેલ કરતાં 'વર્ધા શિક્ષણ યોજના'નો ઉદ્ભવ થયો.

પરાધીન હિંદના જટિલ પ્રશ્નોના ઉકેલ માટે ગાંધીજીએ જે ઉપાયો બતાવ્યા છે તે સનાતન સત્યોને ધ્યાનમાં લઈ તેની ભૂમિકા ઉપર જ

તેમનું મંડાણ કર્યું છે. તત્કાળની ભીડ ભાંગવાને અર્થે યોજાયેલા ઉપાયોમાં સ્વતંત્ર હિંદને પણ ઉપયોગમાં આવે એવું ઘણું છે. સમયાનુસાર અને પરિસ્થિતિને અનુકૂળ એમાં ફેરફાર આવશ્યક થઈ પડશે. પરંતુ જે ચિરંતન સત્યો અને આદર્શો પર એ રચાયેલા છે તેને લક્ષમાં રાખી ફેરફારો કરવામાં આવે એવી ઇચ્છા ગાંધીજી પોતે પણ રાખતા ખરા. સનાતન સિદ્ધાંતો સદાને માટે સાચા હોય છે. જીવન જેમ વહેતું રહે છે તેમ ફિલસૂફીનું બહિરંગ ભલે બદલાતું રહે.

પોતાની ફિલસૂફીના આદર્શોના માપે માપી વ્યાવહારિકતાથી કસી જોઈ, સનાતન સિદ્ધાંતો પર તેનો આધાર નિર્માણ કરી, પ્રાથમિક કેળવણીની આ યોજના એમણે દેશ સમક્ષ રજૂ કરી. આમાં સ્થાયી તત્ત્વો કેટલાં છે અને હાલમાં તથા ભવિષ્યમાં એ કેટલાં ઉપયોગી થઈ પડશે એનો વિચાર કરવો એ કેળવણીકારોનો પ્રયાસ હોવો જોઈએ. આ યોજનામાં જે અંગો ચિરંતન સત્યોને અનુકૂળ છે તે હંમેશને માટે ઉપયોગી રહેશે; જે તત્કાળની ભીડ ભાંગવા પૂરતાં જ કામનાં છે તે કાળબળે આપોઆપ ખરી પડશે.

કેળવણી વિષયક વિચારોનો વિકાસ

જીવનના વિવિધ વિષયો પરત્વેના વિચારોના ક્રમશઃ વિકાસની માફક ગાંધીજીના શિક્ષણ વિષયક વિચારોમાં પણ ઉત્તરોત્તર ઉત્કર્ષ થવા પામ્યો. એ વિચારસંવૃદ્ધિ કેમ અને કેવી રીતે થવા પામી એ જોવાનો પ્રયત્ન કરવાથી જ કેળવણી વિષેના એમના સિદ્ધાંતો અને માન્યતાઓનો આપણને સાચો ખ્યાલ મળી શકે. નદીના કેવળ મુખના દર્શનથી જ તેનો પરિચય સાધી શકાતો નથી; તેના મૂળની અને જુદા જુદા પ્રદેશમાંથી વહેતા તેના મુખ્ય પ્રવાહની પણ જાણકારી જરૂરી ગણાય.

દરેક મહાન વિચારને તેની ભૂમિકા હોય છે. વર્ધા યોજનાની મૌલિકતા ત્યારે જ સિદ્ધ કરી શકાય જ્યારે તેની ભૂમિકાનું યથાર્થ પરીક્ષણ કરવામાં આવે. ત્યારે આ યોજનાની ભૂમિકા કઈ? પ્રથમ

નજરે તો દેખીતી ભૂમિકા તરીકે વર્ધા પરિષદની બેઠક અને સમિતિની નિમણૂકને ગણવાની ઇચ્છા થાય. પરંતુ સહેજ લાંબી દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં એની ભૂમિકા એથી વધુ દૂરની અને વધુ વિશાળ છે. વર્ધા યોજનાની આ ભૂમિકા કરતાં કદાચ વધુ સાચી ભૂમિકા પૂ. ગાંધીજીએ આપણા રાષ્ટ્રનું જે વ્યાપક લોકશિક્ષણ છેલ્લાં ૨૫ વર્ષોથી આદર્યું છે તે ગણાય. તેમાંય ખાસ કરીને જે તેનો કેળવણી વિષયક ભાગ છે તે તેની પ્રત્યક્ષ ભૂમિકા છે.

પરંતુ આ ભૂમિકાને પણ અન્ય એક આધાર છે. વર્ધા યોજનાનાં મુખ્ય અંગોના વિકાસની પાછળ આથી પણ લાંબો એવો કેળવણી પરત્વેના એમના પ્રયોગોનો ઇતિહાસ છે. પ્રયોગવીર ગાંધીજીએ આ વિષય બાબત કરેલા પ્રથમ પ્રયોગોના બયાન વિના વર્ધા યોજનાની ભૂમિકા પણ અધૂરી જ ગણાય. હિંદમાં આદરેલી ગાંધીજીની આખી પ્રવૃત્તિનો પાયો દક્ષિણ આફ્રિકામાં નખાયો હતો. વિવિધ સ્વરૂપવાળી એમની પ્રવૃત્તિઓનાં મૂળ આપણને દક્ષિણ આફ્રિકાની કાર્યપદ્ધતિમાં દેખા દે છે. એટલે વર્ધા યોજનામાં નિરૂપિત સિદ્ધાંતો અને વિચારોનાં મૂળ જોવાં હોય તો દ. આ. માં એમણે કરેલા બાળકોના ભણતર અંગેના પ્રયોગોનું અવલોકન આવશ્યક છે. યોજનાની સાચી ભૂમિકાનો ખ્યાલ ત્યારે જ આવી શકે જ્યારે તેમાં રહેલા વિચારોનું સળંગ અવલોકન કરવામાં આવે.

त्रण अवस्था : ગાંધીજીના કેળવણી વિષયક વિચારોની ઉત્ક્રાંતિ ત્રણ ક્રમિક અવસ્થાનું સ્વરૂપ ધારણ કરે છે. ફિનિક્સ આશ્રમના ટૉલ્સ્ટૉય ફાર્મનાં બાળકોના શિક્ષણ અર્થે અને તે પહેલાં પોતાનાં બાળકોના ભણતરને માટે પોતાની માન્યતાઓ અને મૌલિક વિચારોને આધારે કરેલા પ્રયોગોને પ્રથમ અવસ્થા ગણવી જોઈએ. એ પ્રયોગો અને તેના અનુભવને આધારે સાબરમતી આશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગુજરાતના યુવાનોમાંથી રાષ્ટ્રની મુક્તિને માટે સ્વયંસેવકો તેમ જ ગ્રામસેવકો તૈયાર કરવાનો મહાન પ્રયાસ એ બીજી અવસ્થા

છે. એ બધાય અનુભવો અને રાષ્ટ્રને કેળવવાના પ્રયત્નોને પરિણામે તથા રાષ્ટ્રને એક સસ્તી પરંતુ સર્વાંગસંપૂર્ણ શિક્ષણ યોજના આપવાના શુભ હેતુને લીધે વર્ધા યોજનાનો જન્મ થયો. આ અંતિમ અવસ્થા છે—બધાય પ્રયોગોના જયશિખર જેવી તે છે; બધાંય મંથનના માખણરૂપ છે. આ ત્રણેયમાં આંતર સંબંધ છે. એકમાંથી બીજાનો સ્વાભાવિક ઉદ્‌ભવ છે. દક્ષિણ આફ્રિકામાં ટૉલ્સ્ટૉય ફાર્મના પ્રયોગોનું જ પુનરાવર્તન ગૂ. વિ. માં નથી થતું. અનુભવજ્ઞાનને પરિણામે નાના-મોટા ફેરફાર કરી પોતાનું શિક્ષણકાર્ય તેઓ આગળ ધપાવતા રહ્યા; અને તેથી જ વર્ધા યોજના ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ પદ્ધતિથી આગળ વધી શકી. એમાં તો મુખ્ય વિચારમાં ક્રાંતિ આવી છે. રાષ્ટ્રની ભીડ ભાંગવાને અર્થે વ્યાકુળ થયેલ ચિત્તને વીજળીને ચમકારે જાણે સત્યનું એકાએક દર્શન થયું અને ઉદ્યોગ દ્વારા શિક્ષણનો સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો. આમ શૃંખલાક્રમે વિકસિત એમના વિચારો એક શુદ્ધ સત્યનું દર્શન કરાવી એક મહાન શિક્ષણ યોજનાને જન્મ આપવા સમર્થ થયા.

પ્રથમ પ્રયોગો (પ્રથમ અવસ્થા)

દક્ષિણ આફ્રિકામાં એમનાં બાળકોને હિંદથી બોલાવ્યાં અને તેમને શિક્ષણ આપવાનો કોયડો એમની સામે ખડો થયો. પોતાના વિચારો અને માન્યતાઓ પર નિર્ભર રહેનાર ગાંધીજીને પોતાનાં બાળકોને મિશનરીઓની શાળામાં મોકલવાનું ન રુચ્યું. મિશનરીની શાળામાં ભણતર આપવામાં ન તો સ્વમાન જળવાતું હતું, ન તો સાચું શિક્ષણ આપી શકાતું હતું. એટલે એમણે ખાનગી શિક્ષણ દ્વારા પણ બાળકોને ભણાવવાનું શક્ય ન દેખાયું ત્યારે પોતે જ એની જવાબદારી લીધી. પરંતુ એ જવાબદારીના બોજનું એમને ભાન હતું અને સાથે જ તેને ન્યાય આપવાની શ્રદ્ધા પણ હતી. . . . "ચાલુ પદ્ધતિ મને પસંદ ન હતી. ખરી પદ્ધતિ શી છે તેનો મેં અનુભવ નહોતો મેળવી જોયો. એટલું સમજતો હતો કે આદર્શ સ્થિતિમાં ખરી કેળવણી માબાપની

નીચે જ હોય. આદર્શ સ્થિતિમાં બાહ્ય મદદ ઓછામાં ઓછી હોવી જોઈએ." (આ. ભા. ૨. પા. ૧૩૧) આ વિચારોથી એમણે બાળકોની કેળવણીનો પ્રારંભ કર્યો. કોઈ પણ કેળવણીકાર આ વિચારોમાં રહેલા તથ્યનો ઇન્કાર ન જ કરી શકે. પોતાની આંતરપ્રેરણાથી જ સત્યને પામી જઈ નૂતન પણ અણખેડેલ માર્ગે તેમણે ઝંપલાવ્યું. સુવ્યવસ્થિત ઘર એ જ ઉત્તમ શાળા છે એ એમની પ્રાથમિક માન્યતામાં કેટલું રહસ્ય છુપાયેલું છે એ હવે જોઈએ.

સુવ્યવસ્થિત સંસ્કારી ઘરને ઉત્તમ શાળા ગણાવવામાં કેળવણીના કેટલાય સિદ્ધાંતોનું ટૂંકમાં પ્રતિપાદન થઈ જાય છે. આવા ઘરમાં બાળકો પર પ્રેમ વરસતો હોય, પ્રેમથી જ તેમની પાસેથી કામ લેવામાં આવતું હોય; ત્યાં સંપ હોય, વ્યવસ્થા હોય, નાની મોટી વસ્તુઓ વિષે કાળજી લેવાનું શીખવાતું હોય; જીવનનાં બધાં અંગો વચ્ચે સુમેળ હોય, ટૂંકમાં અહિંસક વાતાવરણમાં બાળકને કેળવણી મળે. કેવળ પુસ્તકિયા પઠનને બદલે કાન વાટે વાર્તારસ મળે; સોંપાતાં નાનામોટાં કાર્યો દ્વારા કુશળતા આવે અને એ રીતે બાળકને જરૂરી એવી સર્વાંગી કેળવણી ત્યાં ને ત્યાં મળી રહે.

એક બાજુ જ્યારે ચાલુ કેળવણીના અણગમાએ તેમને બાળકોને ઘેર કેળવણી આપવાના વિચાર પર લાવી મૂક્યા ત્યારે બીજી બાજુએ માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવાના આગ્રહે તેમને ઘરને જ શાળા બનાવવાની ફરજ પાડી. માતૃભાષા જ શિક્ષણનું વાહન બનવી જોઈએ એવો એમનો મત કેમ બંધાયો તે જાણવાનું આપણી પાસે સાધન નથી. પરંતુ એટલું તો જરૂર તારવી શકીએ કે સ્વાતંત્ર્યપ્રેમ, સ્વમાનભાન અને માતૃભાષા તરફના ઊંડા આદરને કારણે એઓ બાળકોને પોતાની પદ્ધતિએ જ શિક્ષણ આપવા કટિબદ્ધ થયા.

દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના એકમાત્ર ટેકારૂપ રાજકારણી નેતાને શિરે અનેક પ્રકારની જવાબદારીઓ આવી પડતી. પોતાનાં બાળકોના શિક્ષણની જવાબદારી પોતે જ લીધી ત્યાં એમને માથે જેલવાસી

હિંદી સાથીઓનાં કુટુંબ અને બાળકોની સંભાળ રાખવાનું કાર્ય આવી પડ્યું. આમ કુટુંબનો વિસ્તાર થયો. પોતાનાં જ બાળકોને બદલે અનેક બાળકોના પિતા થયા અને પિતાને શોભે એવી કાળજીથી એમની કેળવણીનો બંદોબસ્ત કરવા તત્પર થયા; પણ તે પોતાની રીતે જ. આમ કુટુંબ વિસ્તર્યું અને ઘરની આ શાળા ઘરશાળા બની.

ટૉલ્સ્ટૉય ફાર્મ : સાથીઓનાં કુટુંબની વ્યવસ્થા માટે ટૉલ્સ્ટૉય ફાર્મની સ્થાપના કરી. વિશાળ જગ્યા પર ગ્રામીણ વાતાવરણમાં અને કુદરતના ખોળામાં આવેલું એ ફાર્મ સત્યાગ્રહીઓને વસવાને લાયક હતું. એના ઉપર સાદાં ને કામ પૂરતાં મકાનો બાંધવામાં આવ્યાં. નિશાળ અને કારખાનાનાં મકાનો રહેવાનાં મકાનોથી અલાયદાં બાંધવાની જોગવાઈ થઈ. એ મકાનો બાંધવામાં આશ્રમવાસીઓની જાતમહેનત હતી. એ જાતમહેનત પણ બધાની કેળવણીનુ એક અંગ બન્યું હતું ! કામ એ કેળવણીનું એક પ્રધાન અંગ છે એ એમને રસ્કિન અને ટૉલ્સ્ટૉયના અભ્યાસ પછી બરાબર સમજાઈ ગયેલું અને તે સમજનો અમલ એ ગુરુઓ કરતાં ક્યાંય વધુ પ્રમાણમાં એમણે કરી બતાવ્યો.

આચારપ્રેમી ગાંધીજીએ ફાર્મ પરના શરૂઆતના કામથી જ સાથીઓને કસવાનો પ્રયત્ન આદર્યો અને તેમાં તેઓ પૂરા સફળ થયા. તેઓ લખે છે, “ટૉલ્સ્ટૉય ફાર્મમાં નબળા સબળા થયા અને મજૂરી સહુને સદી.” (દ. આ. ઇ. ભા. ૨. પા. ૬૭)

કરકસરથી સાથીઓનાં કુટુંબોને રાખવાને માટે જ ટૉલ્સ્ટૉય ફાર્મની સ્થાપના કરવામાં આવી હતી અને તેથી કરકસર એ એમના સર્વ અંતેવાસીઓ માટે વ્યવહારસૂત્ર બન્યું હતું. બુદ્ધિપૂર્વકનું શ્રમજીવી જીવન એ તેમનો આદર્શ હતો. ઉચ્ચ આત્મિક વિકાસની સાધના સાથે સાદા સરળ જીવનનો ત્યાં સુમેળ સાધવાનો સર્વનો પ્રયાસ હતો. આથી સફાઈ અને મહેનતનું કામ જાતે કરવાનું રહેતું. સફાઈની સીધી પણ ઉત્તમ યોજના અમલમાં મૂકી ફાર્મને નિતાંત સ્વચ્છ રાખવામાં સફળતા મળી હતી. બધી જરૂરી વસ્તુઓ અને ત્યાં સુધી હાથથી જ

તૈયાર કરી લેવાનો સહુમાં ઉત્સાહ હતો. આમ સ્વાશ્રય, ઉત્સાહ, ઉમંગ ને સહિષ્ણુતા ફાર્મના વાતાવરણમાં મહેકી રહ્યાં હતાં. સામાન્ય નિયમોનું યથાર્થ પાલન થતું અને તે પણ વિના બળજબરીથી. સમજપૂર્વક સર્વ તેનો અમલ કરતા અને પ્રેમના બંધનથી જ બંધાઈ અંતેવાસીઓએ પોતાના સમૂહજીવનને નમૂનારૂપ બનાવ્યું.

હસતે મુખે કાર્ય કરનાર પુખ્ત ઉંમરનાં સ્ત્રીપુરુષોએ પેદા કરેલા વાતાવરણમાં ફાર્મનાં બાળકોને કેળવવાનો ગાંધીજીએ વિચાર કર્યો. વડીલોના આચારનું બાળકો અનુકરણ કરે છે અને તેથી વડીલોનો આચાર એ જ બાળકોને કેળવવામાં મોટો ભાગ ભજવે છે એ સત્યનું રહસ્ય ગાંધીજી સ્વાભાવિક રીતે પામી ગયા હતા. આજે આ વિચાર આપણને બહુ સામાન્ય લાગે છે તેનું કારણ પણ ગાંધીજીએ વ્યાપક લોકશિક્ષણ દ્વારા કેટલેક અંશે આપણને એમની પદ્ધતિએ વિચાર કરતા કરી મૂકયા છે, એ છે. તે સમયનો વિચાર કરીએ તો એમાં રહેલી મૌલિકતા સમજાય. સ્ત્રીપુરુષોએ ઉત્પન્ન કરેલા સુંદર વાતાવરણને તેઓએ બાળકોના શિક્ષણની યોગ્ય ભૂમિકા માની અને તે દ્વારા જ બાળકોનાં ચારિત્ર ઘડવાનું યોગ્ય ધાર્યું.

ઘરશાળા : આવા એ ફાર્મ પર એક નાનકડા અને સાદા મકાનમાં શાળા બેસતી. કાર્યપરાયણ અને ભણાવવાની ધગશવાળા એ શાળાના શિક્ષકો હતા. પોતાની દિનચર્યાના સવારના વ્યવસાયથી પરવારી બપોરે થાકયા હોય અને શરીર આરામ માગતું હોય તે જ સમય શાળા ખૂલવાનો હતો! સવારના સમયની શારીરિક મહેનત પછી આંખ જ્યારે થાકથી મીંચાવા જતી હોય ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો કાર્યપરાયણ થઈ શાળામાં બેસતા. કોઈક વખત તો આંખમાં પાણી છાંટીને પણ વર્ગ ચલાવવાનું કામ ચાલુ રાખવામાં આવતું! શિક્ષકોનું પોતાના વિષયોનું જ્ઞાન પણ કેવું વિવિધ હતું! વિશાળ હતું, ભલે ઊંડું ન હોય! ત્રણ શિક્ષકો અરસપરસની સહાયથી શાળાનું તંત્ર ચલાવવા સમર્થ થયા હતા. વિદ્યાર્થીઓ પણ અનેકરંગી — કેટલાક હિંદુ, કેટલાક

મુસલમાન અને કેટલાક વળી પારસી. આટલી વિવિધતાથી કંઈ ચાલે? ભિન્ન ભિન્ન પ્રાંતના ગુજરાત, આન્ધ્ર, મદ્રાસ, અને ઉત્તર હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ પણ ત્યાં હતા; અને સહુ મળી વિદ્યાર્થીઓની કુલ સંખ્યા તો ૨૫ થી ૩૦ થતી હતી!

શિક્ષકવર્ય ગાંધીજી કેટલી જુદી જુદી ભાષાઓ જાણતા હતા અને તેમનું ભાષાજ્ઞાન કેટલું વિશાળ હતું! બધામાં જ થોડી થોડી ચાંચ બોળવામાં પાછા પડે તેમ ન હતા. એટલે વિદ્યાર્થીઓ ભલે હિંદુસ્તાનના ગમે તે ભાગમાંથી આવ્યા હોય ને તોપણ તેમને ઊઠાં સુધી ભણાવવા પૂરતા તો એ આત્મવિશ્વાસી હતા! અને નરસૈંયાની વહેલ જેવી આ શાળા ચલાવવાનું સૌથી ઉત્તમ સાધન એમની પાસે તો એ હતું કે પોતાનું અજ્ઞાન બાળકો પાસે કબૂલ કરી દેવાની હંમેશાં તૈયારી હતી! 'તામિલ સ્વયંશિક્ષક'થી તામિલ ભાષાનો કક્કો ઘૂંટેલો, થોડું ભાષાજ્ઞાન સ્ટીમર પરના ઉતારુઓ સાથેની વાતચીત પરથી ઝડપી લીધેલું, ફારસીમાં મુસ્લિમ મિત્રોના પરિચયથી પ્રવીણતા મેળવેલી, ગુજરાતીનો ઠેઠ મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો અને હિંદી તો કયો ગુજરાતી આપોઆપ નથી જાણતો કે તે જાણવામાં એમને વાંધો પડે?

એમના સાથી-શિક્ષકો ભાષાજ્ઞાનમાં એમનાથી ચડી જાય એમ ન હતા. એટલે મુખ્ય શિક્ષકની બધી જ જવાબદારી એમને શિરે આવી પડેલી! અંગ્રેજી શીખવવા કેલનબૅક અને ગુજરાતી વગેરે શીખવવાને પ્રાગજી દેસાઈની સહાય હતી. જેમ શિક્ષકોમાં ખાસ વિશેષતાઓ હતી તેમ કેટલાક વિદ્યાર્થીઓમાં તોફાન અને શિષ્ટાચારના અભાવની ટેવો હતી. આમ શિક્ષક ને વિદ્યાર્થીનો શંભુમેળો તે શાળામાં એકત્રિત થયો હતો. સારાનરસાનું, જ્ઞાનીઅજ્ઞાનીનું ત્યાં સંમિશ્રણ હતું.

આવી વિચિત્ર પરિસ્થિતિમાં થયેલો છતાં ગાંધીજીનો કેળવણી વિષયક એ પ્રથમ ને સંગીન પ્રયોગ હતો. પ્રયોગની પાછળ રહેલી એમના પ્રાથમિક વિચારોની ભૂમિકા પણ આપણે જોઈ. હવે જોવાનું એ રહે છે કે પ્રયોગને સરળ બનાવવાને એમણે કેવી શિક્ષણ પદ્ધતિ અખત્યાર

કરેલી અને જીવનનાં ભિન્ન ભિન્ન અંગોની કેળવણી કેવી રીતે આપવાનો પ્રયાસ કર્યો હતો.

શિક્ષણનાં ત્રણે વિભાગોની શારીરિક, બૌદ્ધિક અને આત્મિક સર્વાંગી કેળવણી આપવાના બધા પ્રયત્નો એમણે પોતાની રીતે કર્યા. પહેલેથી જ દરેક બાબતમાં પોતાને કંઈક મૌલિક કહેવાનું ને કરવાનું છે એમ એમને સહજ લાગતું અને પોતાના એ મૌલિક વિચાર પર નિર્ભર રહી સૂઝતા માર્ગે તેઓ આગળ વધતા રહ્યા. એમના પ્રયોગની બીજી ખાસિયત એ છે કે તેઓ હમેશાં નિર્ભય રહી તત્કાળને માટે જે ઉચિત લાગે તેને જ આચારમાં મૂકવાને આગ્રહ રાખતા હતા. આથી એમના વિચારોમાં હરહંમેશ પરિસ્થિતિ અનુસાર ફેરફાર થતા આવ્યા છે અને કેટલીક વેળા એકના એક જ વિચાર ભિન્ન સંજોગોને કારણે જ પરિવર્તન પામેલા કેવળ બહારથી દેખાય છે; જ્યારે કેટલીક વેળા એમના વિચારોમાં અનુભવને અંતે ફેરફાર થવા પામ્યા છે. પરંતુ પાછળના વિચારો હંમેશાં વધુ શુદ્ધ બનેલા હોય છે.

ટૉલ્સ્ટૉય ફાર્મ પર પોતાનાં બાળકોને કેટલાક બગડેલ અને તોફાની વિદ્યાર્થીઓ સાથે ભળવા દેવા કે નહીં તે પ્રશ્ન તેમની સમક્ષ ઊભો થયેલો. પરંતુ ભેદાભેદથી પર અને સ્વભાવથી જ સમાન દૃષ્ટિવાળા ગાંધીજીને પોતાનાં બાળકોને અલગ રાખવાનું એક સાથીનું સૂચન જરાય પસંદ ન પડ્યું. નાનપણથી જ બાળકોમાં પોતાની મોટાઈનું ભાન પેદા કરવાનું સર્વોદયની ભાવના સેવતા નમ્ર માનસને કેમ જ રુચે? અને પરિણામે અન્ય સહુ બાળકો સાથે એમનાં બાળકો ભળ્યાં, અને એમની સહુની સંભાળ સાથે જ રાખવામાં આવતી. આવો જ બીજો પ્રશ્ન પહેલી અંગ્રેજી કે પહેલી માતૃભાષા શીખવવા વિષેનો હતો. અંગ્રેજી બાળપણથી શીખવવામાં આવે તો બાળકો તે જલદી અને સરળતાથી શીખી શકે એવી મજબૂત દલીલ હોવા છતાં માતૃભાષા જ પહેલી શીખવવી જોઈએ અને તે દ્વારા જ બધું શિક્ષણ અપાવું જોઈએ એવો વિચાર ધરાવનાર ગાંધીજી મક્કમતાથી એ માન્યતાને વળગી રહ્યા.

વર્ષો બાદ આજે એ માન્યતા અને વિચારોમાં રહેલા સત્ય વિષે પ્રજામાં કોઈને ઘડીભર પણ શંકા લાવવાનું રહેતું નથી!

ઉત્પાદક શ્રમ : શારીરિક કેળવણી બાબત એમનું વલણ હંમેશાં ઉત્પાદક શ્રમ તરફ રહ્યું છે. આથી વાડીમાં પોતે શરીરશ્રમ કરવો અને બાળકો પાસે કરાવવો અને તે દ્વારા તેમનાં શરીરોને કસવાં એવો એમનો ઇરાદો બર આવ્યો. આશ્રમમાં નોકરો રાખવામાં નહોતા આવ્યા અને તેથી આશ્રમનું બધું જ કામ બધાએ મળી વહેંચી લેવાનું હતું. રસોડાથી માંડી ચંપલ બનાવવા સુધી બધું જ કામ સૌ ફાળે આવે તેમ કરી લેતાં. ટ્રેપિસ્ટ મઠમાંથી મિ. કેલનબેક ચંપલ બનાવવાનું કામ શીખી આવ્યા અને તેમની પાસેથી ગાંધીજીએ શીખી લઈ બાળકોને પણ તે કળા શીખવી. સુથારી પણ શીખવાતું. આમ ઉત્પાદક અને રોજિંદા કામથી જ એમણે બધાંનાં શરીર કસવાની તક લીધી અને તેમાં સફળ થયા.

તે અરસામાં જ તેઓ ટોલ્સ્ટોયની અસર તળે આવેલા અને એથી શરીરશ્રમના માહાત્મ્ય પર વધુ ભાર મૂકતા. શરીરશ્રમથી જ કેળવણીની શરૂઆત થાય અને એ જ શિક્ષણનું મુખ્ય અંગ છે એવા ટોલ્સ્ટોયના મતે એમના ઉપર ઊંડી અસર કરેલી. પરંતુ આ શ્રમ બુદ્ધિપૂર્વકનો હોવો જોઈએ એ ગાંધીજીની નજર બહાર ન હતું. આથી બાળકોમાં રસ પેદા કરી ઉત્પાદક શ્રમ તરફ તેમને વાળ્યાં.

બૌદ્ધિક કેળવણી : બૌદ્ધિક કેળવણી અને અક્ષરજ્ઞાન માટે તો બપોરે ત્રણ કલાક શાળા ચાલતી. એમાં અંગ્રેજી બધાને શીખવાતું. દરેકને પોતાની માતૃભાષા તો શીખવવાની હોય જ; સાથે વ્યવહારુ ગણિત અને ઇતિહાસભૂગોળ શીખવવાનો કાર્યક્રમ રાખવામાં આવતો. "મુખ્ય ભાગે તેઓને કંઈક રસિક વાતો કહેવી અથવા વાંચી સંભળાવવી એમ ગોઠવણ રાખી. તેઓને એકસાથે બેસતાં મિત્રભાવ – સેવાભાવ – કેળવતાં કરી મૂકવાં એટલો ઉદ્દેશ રાખ્યો હતો. . . . આમ ગાડું રેડવતો." (દ. આ. ઇ. ભા. ૨. પા. ૭૩) એમના આ કથન પરથી આપણને

એમના વર્ગોનો ખ્યાલ આવે છે. એકલી અક્ષરકેળવણીને એમણે બહુ મહત્ત્વ કદાપિ આપ્યું નથી. સેવાભાવ કેળવવામાં અક્ષરજ્ઞાન બહુ કીમતી નથી નીવડતું; એને માટે તો કંઈક વિશેષ વસ્તુની આવશ્યકતા છે, અને તે શિક્ષકના ઉચ્ચ સદાચારની. સેવાભાવ પેદા કરવો, સેવાભાવ કેળવવો એ જ કેળવણીનો ઉદ્દેશ હતો ને છેવટ સુધી રહ્યો. બધી જ કેળવણી જો ચારિત્ર અને સેવાભાવ જન્માવવાને ઉપયોગી ન થાય તો તે કેળવણી નામને લાયક નથી.

अक्षरज्ञान : અક્ષરજ્ઞાન આપવામાં પાઠ્યપુસ્તકોની એમને બહુ ઓછી જરૂર લાગી હતી. "વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તક શિક્ષક જ હોય એમ મને લાગ્યું છે." (આ. ભા. ૨. પા. ૧૩૬) આજે જ્યારે વિદ્યાર્થી પાઠ્યપુસ્તકોના ભારથી લદાયેલો રહે છે ત્યારે આ વિચાર આંચકો આપે એવો લાગે. પરંતુ આ વિચારનો અમલ એમણે તે વેળા કરેલો. પુસ્તકોની જરૂર શિક્ષકને ભલે હોય પરંતુ બાળક તો શિક્ષક પાસેથી જ બધું જાણી લેવાનો. એટલે પાઠ્યપુસ્તકની જરૂર વિદ્યાર્થીને નહીં પણ શિક્ષકને હોય.

હૃદયની કેળવણીને એમણે સૌથી વધુ અગત્ય આપી છે. ચારિત્રની કેળવણી એ જ સાચી કેળવણી છે અને તેને માટે શુભ વાતાવરણ, મંગળ કાર્યોમાં તન્મયતા અને ઉત્તમ શિક્ષકોનો સમાગમ અને સત્સંગ આવશ્યક છે. ચારિત્રના શિક્ષણ માટે શિક્ષકના આચાર સિવાય બીજો એકે ઇલાજ નથી. શિક્ષક પોતાના જીવન દ્વારા બાળકો આગળ સારો કે ખોટો એક આદર્શ રજૂ કરે અને તે આદર્શનું જ બાળકો તો અનુકરણ કરવાનાં. બાળક અનુકરણ પ્રવૃત્ત હોય છે અને તેથી શિક્ષકનો સદાચાર ચેપી નીવડી શકે.

चारित्रगठन : આથી ધાર્મિક અને ચારિત્રની કેળવણી અર્થે જુદા જુદા ધર્મના વિદ્યાર્થીઓ માટે તે તે ધર્મના સિદ્ધાંતો અને મૂળ તત્ત્વો સમજાવવાથી જ સંતોષ ન માન્યો પરંતુ પોતાનું જીવન જેમ બને તેમ વધુ ને વધુ ઉચ્ચ બનાવવાના પ્રયત્ન આદર્યાં. બાળકો

સારુ પણ શિક્ષકે પોતાનું જીવન ઉચ્ચ બનાવવું જોઈએ એ નિર્ણય પર તેઓ આવે છે. આમ એક રીતે બાળકો શિક્ષકોના શિક્ષકની ગરજ સારે છે! ચારિત્ર્યની કેળવણી એટલે જીવનની કેળવણી. આવી કેળવણી શિક્ષકો પણ સ્વેચ્છાએ લેવાનો પ્રયત્ન કરતા અને તે દ્વારા બાળકોને કેળવતા.

"તેમનાં ચારિત્ર ઘડવા પૂરતું જે કંઈ કરવું ઘટે તે કરવામાં મેં ક્યાંયે ઊણપ નથી રાખી એમ કહી શકું છું." (આ. ભા. ૨. પા. ૯૬) આ ઉદ્‌ગાર એમના પોતાના પુત્રો વિષેના છે. પરંતુ એ ટૉલ્સ્ટૉય ફાર્મનાં બધાં જ બાળકોના શિક્ષણ માટે સાચા છે. ભલે તેમાં અક્ષરજ્ઞાન ઓછું હતું, શરીરશ્રમ વધુ હતો. પરંતુ ચારિત્ર ખીલવવાની બધી તક સહુને આપી હતી અને તેમાં એઓ ઘણે ભાગે ફતેહમંદ થયા છે એવો એમનો વિશ્વાસ છે. "આમ આત્મિક જ્ઞાન આપવાના પ્રયત્નમાં હું પોતે આત્માના ગુણને વધુ સમજવા લાગ્યો." (આ. ભા. ૨. પા. ૧૪૧)

સહશિક્ષણનો અખતરો પણ એમણે કરી જોયો છે. તે વેળા તો તેઓ સફળ થયા પરંતુ ત્યારનો વિશ્વાસ પછીથી કાયમ ન રહ્યો. માતાની કાળજીથી એમણે બાલિકાઓની સંભાળ રાખેલી અને સાથે સહશિક્ષણની શરતો પણ એવી આકરી રાખેલી કે પ્રસંગ પડતાં એ બાલિકાઓના લાંબા વાળ કાઢી મૂંડન કરાવવા સુધીનાં આકરાં પગલાં તેમની સંમતિ લઈને લીધેલાં! તે વેળા તો એઓ કંઈ પણ આંચ વિના પ્રયોગમાંથી પસાર થયા પરંતુ અનુભવે એમણે સહશિક્ષણ વિષેના વિચારો થોડા બદલ્યા હતા. "છોકરાછોકરીને ભેગું શિક્ષણ આપવાનો પ્રયોગ મેં કરી જોયેલો છે, અત્યંત જોખમભર્યો છે. અલગ શિક્ષણ આપવું એ જ સર્વસાધારણ નિયમ થઈ શકશે." (ખરી કેળવણી પા. ૨૪૫)

સંગીત, ચિત્રકળા આદિ લલિત કળાઓને સ્થાન તેઓ ન જ આપી શક્યા. નહીં કે તેને તેઓ કેળવણીમાં ઊંચું સ્થાન આપવા નારાજ હતા. પરંતુ એને માટેનાં સમય અને સાધન તેમની પાસે ન

હતાં. એટલું યાદ રાખવું જરૂરી છે કે ટૉલ્સ્ટૉય ફાર્મની શાળા ચાલચલાઉ ઊભી કરવામાં આવેલી અને મળે તેટલાં સાધનોથી સારામાં સારી કેળવણી આપવાનો એમનો એ પ્રયાસ હતો. પોતે જ કહે છે: "અમારા આ પ્રયોગો અપૂર્ણ હતા, બાળકોને હું પોતે આપવા માગતો હતો એટલો સમય નહોતો આપી શક્યો." (આ. ભા. ૧. પા. ૩૦૯) પરંતુ સ્વતંત્રતાનો પદાર્થપાઠ, સાદાઈ, સેવાભાવ અને સરળ રહેણીનું શિક્ષણ આપવાથી સંતોષ માન્યો. પોતાના પ્રથમના વિચારો વિષે તેઓ કહે છે કે, "મારા જે વિચારો મેં તે વેળા ધરાવેલા તે જ અનુભવે વધારે દઢ થયા છે." (આ. ભા. ૨. પા. ૯૭)

શિક્ષણ વિષયક પુસ્તકોનો અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનો અભ્યાસ એમણે કર્યો ન હતો તેમ જ શિક્ષણનો સીધો એમને અનુભવ ન હતો. છતાં શિક્ષણક્ષેત્રમાં આવા ક્રાંતિકારી વિચારોની સૂઝ એમને કેવી રીતે સાંપડી? આ વિચારો એમની સત્યમૂલક સતત ઊગતી ને વિકસતી આચારપ્રધાન જીવનફિલસૂફીમાંથી નીપજ્યા. પવિત્ર હૃદયના સત્યના શોધકને સત્ય શોધતાં જે ક્ષેત્રમાં જે સત્ય જણાયું તેનો તત્ક્ષણે અમલ કરતાં નિત્ય નવીન વિચારો સાંપડે, તેમાં અસત્યથી ઘેરાયેલા સામાન્ય મનુષ્યોને તો હંમેશ આશ્ચર્ય જ લાગવાનું. સત્યના કસોટી પથ્થર પર જે સો ટચનું સોનું નીવડે તેનો જ સ્વીકાર કરવાથી અને અસત્ય પછી ભલે ગમે તેટલું આકર્ષક હોય ને પરંપરાથી ચાલતું આવ્યું હોય છતાં તેનો ત્યાગ કરવાથી જ આવી સહજોપલબ્ધિ પ્રાપ્ત થાય. ગાંધીજીના નૂતન અને ક્રાંતિકારી વિચારોનું રહસ્ય આ તથ્યમાં છે.

એમના શિક્ષણ વિષયક મુખ્ય વિચારોની પ્રથમ રજૂઆત 'હિંદ સ્વરાજમાં'માં થઈ. એમાં ચારિત્રગઠનને જ પ્રાથમિક એટલે પાયાની કેળવણી ગણી છે. "તેમાં ચારિત્ર બાંધવાને જ પ્રથમ સ્થાન છે અને એ જ પ્રાથમિક કેળવણી છે. એના પાયા ઉપર ઊભી કરેલી ઇમારત જ ટકી શકે." (હિંદ સ્વરાજ) વળી તેઓ પોતાના વિચારોને હંમેશાં

પ્રયોગો દ્વારા કસતા રહે છે, તપાસે છે અને તેમ કરતાં એ વિચારો રૂપાન્તર પામે છે. આમ એમના વિચારો ઉત્તરોત્તર શુદ્ધિ પામતા અને અંતે એક સનાતન સત્યરૂપી નવનીત હાથ આવતું. કેળવણી વિષયક વિચારોમાં પણ એમ જ બન્યું. તેઓ કહે છે: "છતાં મારા અખતરાનું છેવટનું પરિણામ તો ભવિષ્યમાં જ જણાશે." (આ. ભા. ૧. પા. ૩૧૧) આ આત્મવિશ્વાસમાં જ વર્ધાયોજનાનું બીજ રહેલું છે. વર્ધાયોજનાના મુખ્ય સિદ્ધાંતોનાં બીજ એમના આ પ્રથમ પ્રયોગોમાં કેવી રીતે રહેલાં છે તે આપણે આગળ જોઈશું.

"વળી સત્યનો પૂજારી આ અખતરામાંથી સત્યની આરાધના તેને ક્યાં સુધી લઈ જાય છે એ જોઈ શકે અને સ્વતંત્રતાદેવીનો ઉપાસક એ દેવી કેવા ભોગો માગે છે એ જોઈ શકે. એ પણ આ પ્રકરણનું તાત્પર્ય છે. . . . જ્યાં સ્વાતંત્ર્ય અને અક્ષરજ્ઞાન વચ્ચે જ પસંદગી રહી છે ત્યાં કોણ કહેશે કે સ્વતંત્રતા અક્ષરજ્ઞાન કરતાં હજાર-ગણી વધારે સારી નથી?" (આ. ભા. ૧. પા. ૩૧૨) આ આત્મશ્રદ્ધાને આધારે જ હિંદની વિદ્યાર્થી આલમને સ્વાતંત્ર્યની લડત અંગે શાળાકૉલેજો છોડવાનો પડકાર કરેલો અને તેને લીધે જ વિદ્યાર્થી આલમ પર તેની અસર પણ શુભ અને સચોટ થવા પામી હતી.

દ્વિતીય અવસ્થા

દક્ષિણ આફ્રિકા છોડ્યા પછી હિંદમાં યોગ્ય સ્થળે વસવાનો વિચાર કર્યો. સહેજે ગુજરાત પ્રાન્ત પસંદ થયો. પરંતુ અમદાવાદને વસવાટનું કેન્દ્ર બનાવવાનું નિશ્ચિત કર્યું તે પહેલાં પોતાના કુટુંબ અને સાથીઓ સાથે શાંતિનિકેતન, ગુરૂકુળ કાંગડી આદિ કેળવણીની મશહૂર સંસ્થાઓમાં રહેવાનું થયું. તેના વિદ્યાર્થીઓ સાથે ભળ્યા અને તેમના સંપર્કમાં આવતાં વિદ્યાર્થી માનસને વધુ ઓળખવાનો પ્રસંગ મળ્યો.

ત્યાર બાદ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના થઈ. આશ્રમનાં બાળકો માટે શાળા શરૂ કરી. ભૂતકાળના પ્રયોગોના અનુભવે એનો અભ્યાસક્રમ

ઘડાયો. ઉદ્યોગે શિક્ષણમાં અગત્યનું સ્થાન લીધું. ભાષા, સાહિત્ય, ગણિત, ઇતિહાસભૂગોળ આદિ વિષયોનો અભ્યાસ રાખવામાં આવ્યો. આમ અક્ષરજ્ઞાન સાથે ઉદ્યોગે એમના તે વેળાના શિક્ષણમાં સ્થાન લીધું.

ટૉલ્સ્ટૉયે પોતાની તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું હતું કે પોતાના દેશબંધુઓનાં પારાવાર દુઃખનું એક મોટું કારણ તે વખતની દેશમાં અપાતી કેળવણી હતું. મોટા પાયા પર રચાયેલી કેળવણી ગરીબ અને તવંગર, અભણ અને ભણેલા વચ્ચે એક ખોટો પડદો ઊભો કરતી એમણે જોઈ. ટૉલ્સ્ટૉયની અસર તળે આવેલા અને તેના જેવી તીક્ષ્ણ દૃષ્ટિવાળા ગાંધીજીએ પણ હિંદીઓને અપાતી કેળવણીનું એવું જ પરિણામ જોયું. સરકારી વિદ્યાપીઠોની કેળવણી લીધેલા પોતાના જ ગ્રામજનોથી, સંબંધીઓથી અતડા બને છે, શિક્ષિત વર્ગ અને અભણ આમપ્રજા વચ્ચે સંપર્ક નાબૂદ થાય છે. એ એમને અસહ્ય થઈ પડયું.

આથી એ કેળવણીનું સ્થાન લઈ શકે અને પ્રજાની માગ પૂરી પાડે એવી રાષ્ટ્રીય શિક્ષણ યોજના ને પદ્ધતિ આપી શકાય તે અર્થે નમૂનારૂપ આશ્રમની શાળા શરૂ કરી. આગળના અનુભવ મુજબ એમણે ઉદ્યોગને પ્રધાન સ્થાન આપ્યું. અને આમ હિંદમાં રાષ્ટ્રીય કેળવણીનું કાર્ય શરૂ થયું.

વિદ્યાપીઠ : વખત જતાં અસહકાર યુગમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. શરૂઆતના ઉદ્યોગનું માહાત્મ્ય પ્રજા પૂરી રીતે ન સમજેલી હોવાને લીધે ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં ઉદ્યોગને બહુ આગળપડતું સ્થાન ન આપી શકાયું. ૧૯૨૮માં ગૂ. વિ.ની પુનર્ઘટના થઈ અને ત્યાર પછી અક્ષરજ્ઞાન જેટલી જ અગત્ય ઉદ્યોગને મળી. એ પુનર્ઘટનાને પ્રસંગે ગાંધીજીના ઉદ્‌ગાર ધ્યાન ખેંચે એવા છે :

"હમણાં જે ફેરફાર થઈ ગયા અને હવે પછી થયેલા તમે જોશો તે તો બીતે બીતે કરવા પડયા કે રખેને તમારા પર ભાર પડી જાય. એ કેવી દયામણી સ્થિતિ! એમાં નથી તમને શોભા, નથી

અમને." (કે. કો. પા. ૨૦૮) આમ સમાધાનવૃત્તિથી ધીરે ધીરે એમણે કેળવણીમાં ઉદ્યોગનું ઊંચું સ્થાન છે એ વિચારનો પ્રચાર કરી લોકોને, યુવાનોને તથા વિદ્યાર્થીઓને તેનું રહસ્ય સમજતા કર્યા.

અસહકાર યુગ બેઠો અને ગાંધીજીની રાષ્ટ્રીય કેળવણી અનેક ઠેકાણે ફેલાઈ. ગૂજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, તિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, જામિયા મિલિયા ઇસ્લામિયા વગેરે રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓ જુદે જુદે સ્થળે સ્થપાઈ અને એ પ્રમાણે રાષ્ટ્રીય કેળવણીએ પહેલાં નહીં કલ્પેલું એવું એક પ્રચંડ રૂપ ધારણ કર્યું. પહેલાં નહીં મળેલો એવો વેગ, જોમ અને ઉત્સાહ મળવાને કારણે રાષ્ટ્રીય શિક્ષણ એ રાષ્ટ્રીય ઉત્થાન, લોકશિક્ષણ અને પ્રજાજાગૃતિનું એક મુખ્ય અંગ થઈ પડયું.

પરંતુ ગાંધીજીની સીધી નજર તળે અને એમના વિચારો મુજબનું સંચાલન તો સત્યાગ્રહ આશ્રમ અને ગૂ. વિ. માં જ થયાં. એમાં પણ એ પ્રયોગવીરના પ્રયોગો તો ચાલુ થયા. એ પ્રયોગો ઠેઠ સુધી ચાલુ જ રહ્યા. આપણે ત્યાં એ પ્રયોગ એટલે ગૂજરાત વિદ્યાપીઠની કારકિર્દી; આપણી રાષ્ટ્રીય કેળવણીનો અંતરંગ ઇતિહાસ.

મંત્રદ્રષ્ટા: શિક્ષણશાસ્ત્રના કયા અભ્યાસ પર, કઈ શિક્ષણ-સંસ્થાઓના સંચાલનના અનુભવે એમણે આ પ્રયોગો આદર્યા ? જીવનના હરેક ક્ષેત્રમાં એમને કંઈક કહેવાનું રહ્યું છે. દ. આ. ના પ્રયોગો વિષે એમને પૂરી આત્મશ્રદ્ધા છે. "એક વાર હું પોતે શિક્ષક વર્ગનો જ હતો. હજી પણ હું શિક્ષક છું એવો દાવો કરી શકાય." (કે. કો. પા. ૧૮) પરંતુ કેવળ બાળકો ને યુવાનોના જ તેઓ શિક્ષક ન હતા. પ્રજાના સાચા શિક્ષક હતા, ઘડવૈયા હતા. કેવળ હિંદીઓને જ નહીં પણ માનવજાતને શીખવવાની વિદ્યા એમની પાસે હતી. જે સમયે પ્રજાને જે શિક્ષણ યોગ્ય હોય તે સતત આપતા આવ્યા છે. "મારી જિંદગીમાં અમુક વસ્તુઓને અમુક વખતે જ હું ધોળા દિવસના જેવી જોઈ શકું છું." (કે. કો.) એમની અવ્યભિચારીણી બુદ્ધિ વડે યથાસમયે વાંછિત

વસ્તુ કે વિચારનું સ્પષ્ટ દર્શન થતું અને પ્રજાની ખોટ પૂરી પડતી. આવો જ એક મોટો પણ સાચો દાવો એઓ કરે છે: "અસહકારની ઉત્પત્તિનું સ્થાન ગુજરાત છે. અસહકારનું મૂળ ગુજરાતમાં રોપાયું છે. તેના ઉપર સિંચન ગુજરાતમાં થયું છે. એને માટે તપસ્યા ગુજરાતમાં થઈ છે. આ ઉપરથી એમ ન માનશો કે આ મિથ્યાભિમાની માણસ બોલે છે. એમ ન માનશો કે એ બધી તપસ્યા મેં જ કરી છે કે એ મૂળ મેં જ રોપ્યું છે. મેં તો કેવળ મંત્ર આપ્યો છે. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં એક ઋષિનું કામ કર્યું છે." (કે. કો. પા. ૯૬) આ નમ્ર દાવો અક્ષરશ: સાચો છે એમ વર્ધાની મહાન શિક્ષણ યોજના આવ્યા પછી કોણ નહીં સ્વીકારે? ઉદ્યોગ દ્વારા શિક્ષણના મહામંત્રનું મૂલ્યાંકન સમય જ કરશે અને આ ઋષિકાર્યની સાચી કદર ભવિષ્યમાં જ થશે.

असहकार अने शिक्षण : અસહકાર અને શિક્ષણ એમના આ અખતરાઓમાં પહેલેથી સંમિશ્રિત છે. એમણે હિંદમાં આવી જોયું કે જ્યાં સુધી સ્વરાજ ન મળે ત્યાં સુધી પ્રજાની બધી જ પ્રવૃત્તિઓ તેને પ્રાપ્ત કરવા અર્થે જ હોય. અસહકાર સ્વરાજપ્રાપ્તિનું એકમાત્ર સાધન છે એમ માન્યું અને તેથી શિક્ષણમાં પણ અસહકાર ભેળવ્યો. "આ બોલવાનો સમય નથી, કરવાનો સમય છે." (કે. કો. પા. ૯૫) અસહકાર માટેનો સમય ભરાઈ ચૂકેલો જોયો. શું રાજકારણમાં કે શું શિક્ષણમાં અસહકારના તેજાબને એમણે ભેળવ્યો. ઉદારમતવાદીઓને એ આકરો પણ લાગ્યો. આ રીતે અસહકારને પડછે કેળવણીના વ્યાપક પ્રયોગનું મંગળાચરણ થયું.

સ્વરાજસિદ્ધિ એ જ ધ્યેય બન્યું. સ્વરાજને અર્થે જ બધી પ્રવૃત્તિ. જ્યાં જીવવું એ જ સ્વરાજને માટે માન્યું ત્યાં શિક્ષણ પણ સ્વરાજને અર્થે જ હોય ને? આથી ગૂજરાત વિદ્યાપીઠનું ધ્યેય મુક્તિ બન્યું. એની સ્થાપના કરતી વેળા એમણે કહેલું: "અત્યારે આપણે સ્વતંત્રતાનું બીજ રોપી તેને પાણી પાઈ સ્વરાજનું સુંદર વૃક્ષ બનાવવું

છે." (કે. કો. પા. ૯૩) રાષ્ટ્રીય સંસ્થાઓની સ્થાપના થયા બાદ ધ્યેયનું ફરીથી સ્પષ્ટીકરણ કરે છે: "આપણી વિદ્યાપીઠની અને શાળાઓની હસ્તી સ્વરાજને અંગે છે. કેળવણીને ખાતર કેળવણીનો વિચાર સ્વરાજ મેળવ્યા પછી જ કરીશું." (કે. કો. પા. ૧૨૫) આમાં ધ્યેય સ્પષ્ટ શબ્દોમાં રજૂ કર્યું છે એટલું જ નહીં પરંતુ કેળવણીનો તેને ખાતર જ વિચાર કરવાનો સમય સ્વરાજપ્રાપ્તિ પછીનો છે, જ્યારે જીવનનાં જુદાં જુદાં અંગોનો સ્વતંત્ર રીતે વિચાર કરવાનો સમય આવેલો ગણાય. સાત પ્રાંતોમાં કૉંગ્રેસનાં પ્રધાનમંડળો સ્થપાયાં, થોડી-ઘણી સત્તા હાથમાં આવી અને જ્યારે પ્રજાની સેવા માટે કેળવણીનો તેને ખાતર જ વિચાર કરવાનો સમય સમીપ આવ્યો ત્યારે વર્ધા-યોજનાનો જન્મ થયો. વર્ધાયોજના કંઈ સમય પૂરતી ભીડ ભાંગવાને માટે કે સસ્તી કેળવણી આપવાને અર્થે ઉપજાવેલી કામચલાઉ યોજના નથી. પરંતુ કેળવણીને ખાતર કેળવણીનો ઊંડો વિચાર કર્યા બાદ આપેલી સધ્ધર યોજના છે. કેળવણીના સનાતન સિદ્ધાંતો ઉપર એની ઇમારત રચયેલી છે.

सा विद्या या विमुक्तये: પરંતુ આપણે પાછા મૂળ વિષય પર આવીએ. રાષ્ટ્રીય કેળવણીની કસોટી પણ એઓ સ્વરાજના ધ્યેયથી જ જ કરે છે. "હું તો સ્વરાજનો ચોકસી રહ્યો. જે કામની શાળા હોય એની જ હું કિંમત કરું છું." (કે. કો.) અને એથી જ ગૂજરાત વિદ્યાપીઠના ભાવિ વિષે બોલતાં કહે છે: "હિંદુસ્તાનના સ્વરાજનું ભાવિ એ જ વિદ્યાપીઠનું ભાવિ છે." (કે. કો. પા. ૧૭૧) અને આજે એમની આ ભવિષ્યવાણી કેટલી અક્ષરશઃ સાચી પડી છે? પરંતુ આ સ્વરાજ્યનું ધ્યેય સંકુચિત નથી. એ અત્યંત વ્યાપક છે. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના વેળા કુલપતિ તરીકે સંસ્થા તરફની શુભેચ્છા દર્શાવતાં ઉદ્ગાર કાઢે છે: "હે ઈશ્વર, આ મહાવિદ્યાલયને એવું બનાવ કે તેની અંદરથી જે સ્વતંત્રતાનો જાપ આપણે રાતદિવસ જપીએ છીએ તે સ્વતંત્રતા મળો." અને એ સ્વતંત્રતાથી એકલું હિંદુસ્તાન જ નહીં

પરંતુ આખું જગત — જેમાં હિંદુસ્તાન એક બિંદુમાત્ર છે તે સુખી થાઓ." (કે. કો. પા. ૯૮) "જે મુક્તિ અપાવે એનું નામ વિદ્યા—સા વિદ્યા યા વિમુક્તયે — એ ગૂજરાત વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર છે. મોટી મુક્તિમાં નાની પણ આવી જાય એ ન્યાયે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય અને ભૌતિક મુક્તિનો આધ્યાત્મિક મુક્તિમાં સમાવેશ થાય છે. એટલે કેળવણીની સંસ્થાઓમાં જ્ઞાન સાથે આઝાદીનો રાહ શીખવવો જોઈએ અને એ તરફ વિદ્યાર્થીને લઈ જવો જોઈએ." (કે. કો. ૨૭૭) ભૌતિક મુક્તિને અવગણીને આધ્યાત્મિક મુક્તિ ન જ મળે એ આ કથનથી સ્પષ્ટ થાય છે. આત્મિક મુક્તિમાં ભૌતિક મુક્તિ આવી જાય છે એનો અર્થ એટલો જ કે ભૌતિક મુક્તિ પ્રથમ મેળવવાની હોય અને તે પછી જ અંતિમ મુક્તિ પ્રાપ્ત થઈ શકે. પહેલું પગથિયું ચઢ્યા વિના સીડીની ટોચે કેમ જ પહોંચાય? ભૌતિક અને આત્મિક જીવનને વિભાજિત ન જ કરી શકાય.

ઉદ્યોગ : રાષ્ટ્રીય કેળવણીનું બીજું આગળપડતું અંગ તે ઉદ્યોગ. ઉદ્યોગે શિક્ષણમાં દાખલ થતાં જ સહુનું ધ્યાન ખેંચ્યું. ઉદ્યોગ ને અક્ષરજ્ઞાન વચ્ચે વિરોધ નથી એ પ્રયોગ દ્વારા સિદ્ધ કરવાના પ્રયત્ન થવા લાગ્યા. એ બેમાં ભેદ નથી, વિરોધ નથી, જુદાપણું નથી, પરંતુ ઉદ્યોગ પણ એક પ્રકારનું શિક્ષણ છે એ સમજાવવાને એમણે કોઈ પણ વજૂદવાળી દલીલ આપવી બાકી રાખી નથી. "કેળવણીની મારી વ્યાખ્યામાં બુદ્ધિ અને ઉદ્યોગ એવા વચ્ચે સિમેન્ટથી ચણાયેલી ઈંટની દીવાલવાળા વાડા નથી પણ ઉદ્યોગની કેળવણીમાં બુદ્ધિની કેળવણી અને બુદ્ધિનો વિકાસ પૂરેપૂરો રહ્યો છે." (કે. કો. પા. ૨૩૩) જો એમ હોત તો મજૂર, સુથાર, કડિયા વગેરે બુદ્ધિમાન હોવા જોઈએ એવી સામી દલીલ સહુના મનમાં ઊભી થાય. પણ એનો જવાબ સરસ રીતે આપે છે : "રસ લેશો તો તમો જોશો કે એનું (ઉદ્યોગનું) પણ શાસ્ત્ર છે. ચેતન રૂપ થઈને ઉદ્યોગ કરશો તો જોશો કે એમાં રસ ઘણો છે, એનું પણ શાસ્ત્ર છે એ સિદ્ધ કરી શકશો." (કે. કો. પા. ૨૧૩) આજના કારીગરો

મજૂરી ને ઉદ્યોગ જડવત્ કરે છે, તેમાં તેમને રસ નથી રહ્યો. એથી એ દ્વારા એમનો વિકાસ નથી થતો પણ રૂંધાય છે. યંત્રવત્ ક્રિયાના એઓ ખૂબ વિરોધી હતા. યંત્રના અતિ ઉપયોગનો વિરોધ કરવાનાં ઘણાં કારણોમાંનું એક પ્રધાન કારણ તે એ કે યંત્ર માણસને યંત્રવત્ બનાવી દે છે. ચેતન એ જ જીવન છે. એ ચેતનનો વિકાસ કરવો, એ ચેતનને સૂક્ષ્મ કરવું, એ ચેતનને અવનવી રીતે ખીલવવું એ જ કેળવણીનું કામ. આથી જો ઉદ્યોગ ચેતનપૂર્વક કરવામાં આવે, તો તે ખૂબ મોટાં પરિણામો બતાવી શકે. અને તેથી એવા શિક્ષણ પાસેથી એમની બહુ મોટી આશા રાખી. "જો એક વણકર કબીર પેદા થયો તો બીજા વણકરો કબીર નહીં તો ગિદવાણી, કૃપાલાની કે કાલેલકર કાં ન થાય?" (કે. કો. પા. ૨૧૪) "મહાવિદ્યાલયના વણકરમાંથી કબીરની, મોચીમાંથી ભોજા ભગતની, સોનીમાંથી અખાની, ખેડૂતમાંથી ગુરુ ગોવિંદની હું આશા રાખું છું. આ ચારેને હું બૌદ્ધિક કેળવણી પામેલા ગણું છું." (કે. કો. પા. ૨૩૪) આ ઉપરથી એમ ન માનવું ઘટે કે ગૂજરાત વિદ્યાપીઠમાં સોનીનું કામ પણ શીખવવાનું હતું! ઉદ્યોગમાં બુદ્ધિ કેળવવાનું સામર્થ્ય રહ્યું છે એ બતાવવાનો જ હેતુ એમાં રહેલો છે.

स्वावलंबन: ઉદ્યોગમાં વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવવાનો મહાગુણ રહેલો છે. આધુનિક સરકારી કેળવણી પામેલાને હંમેશાં ભવિષ્યમાં કમાણી કરવાના સાધન અને નોકરી વિષે ચિંતા રહે છે જ્યારે ઉદ્યોગ સાથે રાષ્ટ્રીય શિક્ષણ પામેલાને એ ચિંતા કદી રહેતી નથી. આવું સ્વાવલંબન યાચનાવૃત્તિમાંથી, પરાવલંબન અને ચિંતામાંથી મુક્તિ અપાવે છે એ શું ઓછા મહત્ત્વનું પરિણામ છે? વિદ્યાર્થીઓને ઉદ્દેશીને એમણે કહ્યું હતું: "તમારે ભવિષ્યમાં આજીવિકાનું શું થશે એનો વિચાર ન કરવો. તમને થવું જોઈએ કે ભંગીના કામમાં પુરુષાર્થ કરી આજીવિકા મેળવીશું, વણકરના કામમાંથી મેળવીશું પણ નામોશીભરેલું કામ કદી નહીં કરીએ; કોઈને બારણે યાચના કરવા

નહીં જઈએ." (કે. કો. પા. ૧૧૫) ઉદ્યોગ ઉપર ભાર મૂકીને જાંતમહેનતનું સ્થાન હિંદુ સમાજમાં ખૂબ નીચું હતું તે ઊંચું કર્યું અને એની કિંમત વધારી એનું મહત્ત્વ સમાજના ધ્યાનમાં આણ્યું. યુવાનોની કેળવણી અને વ્યાપક લોકકેળવણી બન્ને સાથે જ ચાલુ રહી.

મુખ્ય ધ્યેયો: ઉદ્યોગના મહત્ત્વનો વિચાર આપણને ગૂજરાત વિદ્યાપીઠનાં મુખ્ય ધ્યેયો ઉપર લાવી મૂકે છે. ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયો એ રાષ્ટ્રીય કેળવણીનાં ધ્યેયો હતાં અને તે ગાંધીજીનાં જ બતાવેલાં હતાં. તે હવે તપાસીએ. અંગ્રેજ સરકારની કેળવણી ઊંધે રસ્તે જ ચાલી છે એટલે જો એથી સામેનો રસ્તો લઈએ તો આપણને સાચો માર્ગ મળે એમ એમણે બતાવ્યું. સરકારી કેળવણીનું માધ્યમ અંગ્રેજી છે તો રાષ્ટ્રીય કેળવણીમાં માતૃભાષા થયું; પહેલામાં અક્ષરજ્ઞાન ઉપર જ ભાર દેવામાં આવે છે અને કારકુન બનાવવાની કેળવણી આપવામાં આવે છે તો આપણે ગ્રામસેવકો ને સ્વયંસેવકો પેદા કરવાની કેળવણી આપીએ. સરકારી કેળવણી જો હકીકતોનો ખડકલો કરતાં ને એકઠો કરતાં શીખવે છે, મનને ગુલામ બનાવતાં શીખવે છે તો આપણી રાષ્ટ્રીય કેળવણીમાં વિચાર કરતાં શીખવીએ અને સાચું જ્ઞાન મેળવવાની પદ્ધતિ શોધી કાઢીએ. આ વિચારસરણીને અનુસરીને ગાંધીજી નિર્ણય પર આવેલા કે યુરોપના અનુભવનું જ્ઞાન લેતા રહીએ છતાં આપણે આપણી કેળવણીના નવા પ્રયોગો કરવાના જ છે. આપણી પરિસ્થિતિ અને તેની આવશ્યકતા અનુસાર આપણો રસ્તો આપણે પોતે જ ખોળી કાઢીએ. એ શોધમાં પરદેશીઓનો અનુભવ ભલે કામમાં લઈએ. પરંતુ તેનાથી દોરવાઈ જઈ ઊંધે રસ્તે ન ચઢીએ, એના વિષે સુંદર શબ્દોમાં ચેતવણી આપે છે: "મારા ઘરની આસપાસ દેશદેશાંતરની સંસ્કૃતિનો પવન સૂસવતો રહે એમ જ હું વાંછું છું. પણ તે પવનથી મારી ધરતી ઉપરથી મારા પગ ફગી જાય અને હું ઊથલી પડું એ હું નથી ઇચ્છતો." (કે. કો. પા. ૫૦) આ વિધાનમાં રાષ્ટ્રીય કેળવણીનો સાચો અર્થ બતાવ્યો

છે. એટલું જ નહીં પણ, આપણા માનસને વિશાળ અને મોકળું રાખવાનો ઉદ્દેશ બતાવી તેની વિશાળતા પણ બતાવી દીધી છે.

મુખ્ય અંગો : રાષ્ટ્રીય કેળવણીનાં મુખ્ય અંગો તપાસતાં રેંટિયા-પ્રવૃત્તિ ને ખાદીપ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ અને હરિજનોદ્ધાર, અહિંસા ને અસહકાર, સ્વભાષાનું મહત્ત્વ અને ઔદ્યોગિક શિક્ષણ એ મુખ્ય ધ્યાન ખેંચે એવાં છે. તદુપરાંત એ બધી પ્રવૃત્તિની પાછળ કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તા તૈયાર કરવાનો હેતુ તદ્દન સ્પષ્ટ હતો એ આપણે જોઈ ગયા. ગ્રામોદ્ધાર અને ગામડાના રાષ્ટ્રપોષક ઉદ્યોગોનો પુનરુદ્ધાર પણ એની નેમ હતી. સર્વધર્મસમભાવ કેળવવાનું અને કળાને યથાયોગ્ય સ્થાન આપવાનું પણ આ પ્રવૃત્તિનું ધ્યેય હતું. આમ પ્રજાનો ને યુવાનોનો સર્વાંગી વિકાસ સાધી સ્વરાજ મેળવવા તૈયાર કરવા એ એનો મુખ્ય ઉદ્દેશ હતો. આ દરેક ઉપર ઊડતી નજર નાખી લઈએ.

ઉદ્યોગનું સ્થાન શું હોય તે આપણે જોયું. રેંટિયાનું સ્થાન ઊંચું અને પ્રથમ અપાયું. ઉદ્યોગની અવેજમાં નહીં પણ ઉદ્યોગની સાથે રેંટિયો તો ચાલવો જ જોઈએ. એ રેંટિયામાં તો ખૂબ તાકાત ભરી છે. 'સૂતરને તાંતણે સ્વરાજ'ના સૂત્રવાક્યમાં રેંટિયાના સૂક્ષ્મ પણ અખૂટ બળ વિષેનો ગાંધીજીનો વિશ્વાસ જનતા જાણે છે. રેંટિયાપ્રવૃત્તિથી ફાયદો જ છે. "એ રેંટિયામાં અકલ્યાણ કરવાની તાકાત નથી, પણ એના ત્યાગમાં દેશનો નાશ છે, દુનિયાનો પણ નાશ છે. કારણ કે એ સર્વોદયનું સાધન છે, અને સર્વોદય એ જ સાચી વાત છે. મારી આંખ સર્વોદયની દૃષ્ટિથી જ જુએ છે." (કે. કો. પા. ૧૯૮) કેળવણીનો ઉદ્દેશ પણ સર્વોદય સિવાય બીજો શો હોઈ શકે? આથી જ રેંટિયાને અને ખાદીપ્રચારને એમની રાષ્ટ્રનું પુનરુત્થાન કરનારી કેળવણીમાં અગત્યનું સ્થાન મળ્યું. આમાં એમની કેળવણીની ફિલસૂફીનું હાર્દ જોવા મળે છે. રેંટિયાને આટલી બધી અગત્ય આપવાને કારણે જ તેઓ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તેની પ્રગતિ કેમ થાય તેમાં જ એમની બધી શક્તિને બધું જ્ઞાન વાપરવાની સૂચના કરે છે.

અહિંસા અને શિક્ષણ: અહિંસાને એઓ કેટલી અગત્ય આપે છે તે દક્ષિણ આફ્રિકાના પ્રયોગો પરથી જોઈ શકાય છે. અહિંસા અસહકારના સ્વરૂપે હિંદમાં આપણી આગળ ખડી થાય છે. આ અહિંસા ને અસહકાર નકારાત્મક વિચારો ને ભાવના નથી પરંતુ તે પૂરી હકારાત્મક છે. એના બે પક્ષો છે — રચનાત્મક અને ધ્વંસાત્મક. જે કચરો છે, બિનઉપયોગી છે તેને દૂર કરવાં અને ક્ષેત્રને સાફસૂફ કરવું એ અસહકારનો ધ્વંસાત્મક પક્ષ છે. એમાં હિંસાથી કરેલો નાશ નથી પણ અહિંસાથી, પ્રેમથી જ કરેલી સાફસૂફી છે. બીજો પક્ષ રચનાત્મક છે. રાષ્ટ્રીય કેળવણીએ આ બંને કામ કર્યાં છે. ચાલુ કેળવણીની બદીને દૂર કરી રચનાત્મક વિચારો ને કાર્યક્રમ એણે પ્રજા આગળ રજૂ કર્યાં છે. "પણ આ દ્વંદ્વમય જગતમાં ઇતિપક્ષ પડેલો છે. બધા ધર્મો ઈશ્વરને નેતિ નેતિ કહીને વર્ણવે છે, છતાં વ્યવહારમાં તો ઇતિથી જ કામ લે છે. એ ઇતિપક્ષ કઠિન છે — એ રચનાત્મક પક્ષ છે, એની કઠિનતા હું જોઈ રહ્યો છું. એ ઇતિપક્ષના વિચારમાં હું રોજ ને રોજ પ્રગતિ કરી રહ્યો છું." (કે. કો. પા. ૧૯૫) આ વાક્યોમાં જગત તરફનું એમનું વલણ અને એમની કાર્યપદ્ધતિ ને આંતરપ્રવાહ તીક્ષ્ણ આંખ જોઈ શકે. રાષ્ટ્રીય કેળવણી ધ્વંસાત્મક હોય તો તે ખેડૂતની ખેતરની સાફસૂફી જેવી છે અને તેની રચનાત્મક પ્રવૃત્તિ તો આપણે ખુલ્લી આંખે જોઈ રહ્યા છીએ. ઇતિપક્ષને અનુસરતાં જ એઓ પોતાની જીવનફિલસૂફી બાંધી શક્યા છે અને એને આધારે જ રચનાત્મક કાર્યક્રમ દેશ આગળ રજૂ કરવા સમર્થ થયા છે. રાષ્ટ્રીય કેળવણી પણ એને જ આભારી છે.

ઉપરના વિચારના અનુસંધાનમાં એક વધુ ઉદાહરણ રજૂ કરવાનો લોભ જતો થઈ શકે એમ નથી. દેશના અને દુનિયાના કોઈ કોઈ ખૂણામાંથી ગાંધીજી ઉપર ધ્વંસાત્મક પ્રવૃત્તિ ચલાવવાનો આરોપ મૂકવામાં આવતો અને હજુ પણ કોઈ કોઈ વાર તેમ કરવામાં આવે છે. આ મોટી ગેરસમજનું એક મોટું કારણ એ છે કે તેઓ એક

જબરજસ્ત ક્રાંતિકારી છે. અને જૂની પ્રણાલિકાઓ અને બંધનોને તોડતા જોવામાં આવે છે. પણ આ સર્વ તોડફોડની પ્રવૃત્તિની પાછળ અહિંસા રહેલી છે, તેની પાછળ 'ઇતિપક્ષ'ને માર્ગે જવાનો ઇરાદો રહેલો છે એ હકીકત આક્ષેપકાર ચૂકી જાય છે. એમની ક્રાંતિકારી પ્રવૃત્તિ નવી જ ઢબની છે. એમની ક્રાંતિ Evolutionary revolution છે. વિકાસક્રમને અનુસરીને થતો શાંત વિપ્લવ છે. એમની કેળવણીની પ્રવૃત્તિમાં રાષ્ટ્રીય અને વ્યાપક લોકકેળવણીમાં પણ આવો અહિંસક અને સર્વોદય અર્થેનો વિપ્લવ છુપાયેલો છે.

સુંદર પરિણામો: રાષ્ટ્રીય કેળવણીમાં થયેલા આવા વિપ્લવને પ્રતાપે કેવાં પરિણામો લાવી શકાયાં તે હવે ગૂજરાત વિદ્યાપીઠની સેવાનું અવલોકન કરતાં જોઈએ. આભડછેટને જબ્બર ફટકો પડયો, કળાને ઊંચે સ્થાને બેસાડી સ્વભાષાનું મહત્ત્વ વધાર્યું, કોમી ઐક્ય તરફ પ્રગતિ સાધી, ખાદીનો પ્રચાર વધ્યો, ગામડાંની જાગૃતિ વધી, સેવાનો રસ પ્રચલિત અને ચેપી બન્યો અને હિંદી સંસ્કૃતિનો આદર વધ્યો.

આ બધાં સુંદર પરિણામો વિદ્યાપીઠ બતાવી શકી તેની પાછળ પ્રેરકબળ તો ગાંધીજીનું હતું. આ સ્થાને ગાંધીજીના એ સમયના કેળવણી વિષયક અન્ય વિચાર જોઈ લેવા આવશ્યક થશે.

નિશાળ અને ઘર વચ્ચે અનુસંધાન હોવું જોઈએ. એમ ન હોય તો નિશાળોની શુભ અસર સારાં સારાં પરિણામો ન લાવી શકે. ઘરનું વાતાવરણ શાળાના અધ્યાપકોના હાથમાં નથી અને તેથી એમના કાબૂમાં તો શાળાનું વાતાવરણ ઘર જેવું બનાવવું એ જ છે. આમ કરવાને માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘરના સંબંધીઓના જેવા ભાઈ ભાઈનો, પિતાપુત્રનો સંબંધ હોય. વળી ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થા કેવળ ગુજરાતની જ નહીં પણ હિંદની છે અને તેથી તેમાં ભિન્ન ભિન્ન પ્રાંતના અધ્યાપકો આવી જ્ઞાન આપે એવું એમણે ઇચ્છયું.

"અહીંયાં આ વિદ્યાના કાર્યને સારુ જે સંગમ થયો છે તે તીર્થરૂપ છે. અહીં ચારિત્રવાન પુરુષો એકઠા થયા છે. સુંદર સિંધી, સુંદર મહારાષ્ટ્રી, સુંદર ગુજરાતીઓનો સંગમ થયેલો છે." (કે. કો. પા. ૯૨) પ્રાંતપ્રાંતના ભેદ મટાડવાને જુદા જુદા પ્રાંતવાસીઓમાં ભ્રાતૃભાવ જન્માવવાને આથી વધુ સુંદર કયો પ્રયત્ન હોઈ શકે?

સ્વભાષાપ્રેમ તો એમનામાં પહેલેથી જ હતો એ આપણે જોઈ ગયા. ગુજરાતમાં વસવાટ કર્યા પછી એ વધતો ગયો અને તેની સાથે ગુજરાતી ભાષાની ગરીબ હાલત જોઈ એમનું દુઃખ પણ વધ્યું: "ઘણી વખતે ગુજરાતી ભાષા 'બાપડી' એવું વાક્ય સાંભળું છું ત્યારે ક્રોધ છૂટે છે. આ સંસ્કૃતની એક વહાલી દીકરી, એ બાપડી હોય તો દોષ કંઈ ભાષાનો નથી, પણ આપણે કે જે ભાષાના વાલી છીએ તેનો છે." (કે. કો.) આથી સામાન્ય વિષયોનું જ્ઞાન તેમ જ વિજ્ઞાનનું જ્ઞાન પણ ગુજરાતી ભાષા મારફતે જ અપાય એવો એમણે આગ્રહ રાખ્યો અને એ આગ્રહને પ્રતાપે વિજ્ઞાનની પરિભાષા સારી પેઠે યોજાવા લાગી છે. આવો જ આગ્રહ એમણે ધર્મના શિક્ષણ વિષે રાખ્યો. "ધર્મની પાછળ શાળા છે, કંઈ ધર્મ શાળાની પાછળ નથી." (કે. કો.) ધાર્મિક કેળવણીમાં ચારિત્રની કેળવણી પર એઓ હંમેશાં ભાર મૂકતા આવ્યા છે. "જ્ઞાન સાધન છે, ચારિત્ર્ય સાધ્ય છે." (કે. કો.) કારકિર્દી ને વિદ્યાનો ખોટો સંબંધ આજે જે જોડવામાં આવ્યો છે એ અનુચિત છે.

ગૂજરાત વિદ્યાપીઠે ઘણાં પાઠ્યપુસ્તકો પણ ઉત્પન્ન કરી રાષ્ટ્રીય શિક્ષણ વધારવામાં સારો ફાળો આપ્યો છે. પરંતુ એટલી સેવાથી જ ગાંધીજી સંતુષ્ટ થાય એમ નહોતા. "આપણે પુસ્તકો છાપી નાખીએ અને પ્રજા આગળ મૂકીએ એ ગરીબમાં ગરીબ બાળકને મળી શકે એવાં હોવાં જોઈએ. મારું ચાલે તો હું એક બે અને ચાર પૈસાનાં પુસ્તકો કાઢું." (કે. કો. પા. ૧૨૨) આ ઉપાય સિવાય રાષ્ટ્રીય કેળવણી વ્યાપક કેમ જ બને?

વ્યાયામ અને અખાડાપ્રવૃત્તિ ગૂ૦ વિ૦ માં ચાલતી છતાં એમાં સાચી શક્તિ કેળવવાનું સાધન નથી સમાયેલું એવી ચેતવણી એમણે આપી જ હતી. સાચું બળ શરીરબળમાં નહીં પણ હૃદયબળ કેળવવામાં રહેલું છે. હૃદયબળ કેળવાય પછી શરીરબળ પણ કેળવી શકાય. "કેવળ વ્યાયામથી આપણા વિદ્યાર્થીઓનાં શરીરો ઘડાય તેમ નથી. બધી દિશામાં સામટો પ્રયત્ન થાય ત્યારે જ આપણે મનગમતાં પરિણામો નિપજાવી શકીએ." (કે. કો.) તેમ સ્વચ્છ કપડાં તેમ જ કવાયત — બાળકોને ચાલતાં, બેસતાં, ઊઠતાં, હજારોની ટોળીમાં હરતાંફરતાં પણ આવડવું જોઈએ. Discipline યાને શિસ્તની આવશ્યકતા તેમણે સ્વીકારી જ હતી.

"કેળવણી પોતાની ભાષામાં પોતાને જરૂર હોય તેવી હોવી જોઈએ એટલું જ નહીં પણ અર્થશાસ્ત્ર જેવા વિષયો પણ દેશની પરિસ્થિતિને અનુકૂળ હોય. દેશદેશનાં અર્થશાસ્ત્ર પણ ભિન્ન હોય. અર્થશાસ્ત્ર એ સાર્વભૌમ વિષય નથી પરંતુ દેશકાળને અનુસરીને બનાવેલું શાસ્ત્ર છે." "દરેક દેશની સ્થિતિને અવલંબીને તેનું અર્થશાસ્ત્ર રચાય છે. એક દેશનું અર્થશાસ્ત્ર આખા જગતને સારુ સાચું છે એમ માનવું અયોગ્ય છે. આજે શીખવાતું અર્થશાસ્ત્ર હિંદુસ્તાનને પાયમાલ કરે છે." (કે. કો. પા. ૨૧૦) હિંદુસ્તાનનું અર્થશાસ્ત્ર ખાદીમાં, રેંટિયામાં અને ગ્રામોદ્યોગોના પુનરુત્થાનમાં સમાયેલું છે અને તેથી તેનું શિક્ષણ મળવું જોઈએ.

સ્ત્રીકેળવણી : સ્ત્રી કેળવણી જેવો મોટો વિષય એમના ધ્યાન બહાર ન હતો. એ વિષયની ગંભીરતા એઓ પૂરી રીતે સમજતા હોવા છતાં એના વિષે વધુ વિવેચન કરવા પ્રેરાયા નહીં કારણ કે એ આખો પ્રશ્ન કેવળ કેળવણીનો છે અને અસહકાર યુગમાં તો કેવળ કેળવણીનો વિચાર કરવાનો અવકાશ જ ક્યાં હતો? "અત્યારે આપણી દૃષ્ટિ સંકુચિત છે; અત્યારે તો બાળાઓને પ્રાથમિક શાળામાં ખેંચી આણી હું રેંટિયો જ કંતાવું." (કે. કો. પા. ૧૩૭) અને સત્યાગ્રહ

આશ્રમમાં એમણે અક્ષરશઃ એમ જ કર્યું હતું. આનો અર્થ એમ નથી કે તેઓ એ વિષયને હંમેશને માટે બાજુ પર રાખવા ઇચ્છતા હતા. સ્ત્રીકેળવણીની પદ્ધતિ કેવી હોય, બાળકબાલિકાઓના પ્રાથમિક શિક્ષણમાં ફાંટા કયાં પડે, એમને કેવા પ્રકારનું શિક્ષણ મળે આદિ પ્રશ્નો એમના ધ્યાનમાં હતા જ. પરંતુ એ આખો વિષય નોખો હોઈ સ્ત્રીઓને, યુવતીઓને અને બાળાઓને રેંટિયો અને રાષ્ટ્રીય શિક્ષણ આપીને જ તત્કાળ પૂરતો સંતોષ માન્યો.

પ્રાથમિક કેળવણીનું મહત્ત્વ તેઓ સમજેલા હોઈ તેના ઉપર વિશેષ ધ્યાન આપવાનો આગ્રહ રાખતા આવ્યા છે. "પણ હું ભાર તો પ્રાથમિક શાળાઓ પર દેવા ઇચ્છું છું. પ્રાથમિક શાળાઓની ઉપર વિદ્યાપીઠ વધારે ધ્યાન આપે, તેને વિષે વધારે જવાબદારી લે એમ હું ઇચ્છું છું." (કે. કો.)

શિક્ષણકળા : શિક્ષકને અને શિક્ષકની શિક્ષણકળા વિષે પણ એમને કહેવાનું છે જ. શિક્ષણ શિક્ષકનો ધર્મ છે. "એ (શિક્ષણ આપવાનો) યજ્ઞ કર્યા વિના જે શિક્ષક જમે તે ચોર ગણાવો જોઈએ." (કે. કો. પા. ૧૪૧) પાઠ્યપુસ્તકોની જરૂર વિદ્યાર્થીઓ માટે નથી પણ તે કેવળ શિક્ષકોને માટે જ છે તે મૂળ વિચારને ફરીથી રજૂ કરતાં થાક્યા વિના તેનું પુનરાવર્તન કરે છે. "સારામાં સારું પાઠ્યપુસ્તક સારામાં સારા ફોટોગ્રાફની સાથે સરખાવી શકાય." (કે. કો. પા. ૨૨૯) પરંતુ જીવતું ચિત્ર દોરી રસ પેદા કરવાનું કાર્ય તો શિક્ષકનું જ છે. એ રસ તો ત્યારે જ પેદા કરી શકે જ્યારે તે બાળકો સાથે તન્મયતા સાધે. તેથી એમનો આદર્શ શિક્ષક તો સુતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે' એ કાવ્યકડીના સૂત્ર-વાક્યનું જીવનમાં પાલન કરતો હોય.

પરંતુ રસ પેદા કેમ કરી શકાય? "મજદૂર શિક્ષક છોકરાંને રૂની બધી ક્રિયા શીખવે ને સુંદર સૂતર કઢાવે. સૂતર કઢાવતાં પોતે

પણ સામે બેસે ને કાઢે. સાથે છોકરાંઓને પાડા યાદ કરાવે, સંસ્કૃત રૂપ ગોખાવે, શ્લોકોના અર્થ સમજાવે, સારી ઐતિહાસિક વાતો કહે, છોકરાંઓનું કાંતવું રસમય અને જ્ઞાનમય કરી મૂકે. એમ થાય એટલે છોકરાંઓને કંટાળો પણ ન આવે." (કે. કો.) ઉદ્યોગની સાથે શિક્ષણ કેમ અપાય એનું સ્પષ્ટ ચિત્ર આપતાં તેમાં રસ પણ કેમ પેદા કરી શકાય તેની ચાવી પણ તેઓ બતાવે છે. ઉદ્યોગ સાથે જ્ઞાન હોય, રસ હોય અને એ બંને શરીર-ક્રિયાનાં વિરોધી નથી પણ તેને ઉપકારક છે, એ વિચારનો અમલ કેમ થાય તેનો ઉપાય અહીં બતાવ્યો છે. હજી ઉદ્યોગને જ્ઞાનનું ઉત્તમ વાહન બનાવવાનો વિચાર સ્ફુર્યો નથી. વર્ધાયોજનામાં આ વિચાર વધુ સ્ફુટ થઈ કેળવણીના ક્ષેત્રમાં ક્રાંતિકારક સત્યમાં રૂપાન્તર પામે છે.

કળાઓ: અંતે કળાનું આ રાષ્ટ્રીય કેળવણીમાં શું સ્થાન હતું અને હોવું જોઈએ તે જોઈ લઈએ. જ્યાં સુધી જીવનને કળા વધુ સુસંગત, વધુ આનંદમય, વધુ પવિત્ર ને ઉદાત્ત બનાવવામાં ઉપયોગી થાય છે ત્યાં સુધી તેનું સ્થાન કેળવણીમાં છે જ. સાચી કળા આ બધુંય કરે જ. અને તેથી સંગીતકળા જે નાટકી અને છટકેલ લોકોને જ મુબારક હોય એવી માન્યતા જનતામાં હતી તે બદલી સંગીત-કળાને એમણે યથાસ્થાને સ્થાપિત કરી. ". . . શ્વાસને નિયમમાં લાવવાને સારુ જેમ પ્રાણાયામની આવશ્યકતા છે તેમ કંઠને સંગીતની છે." (કે. કો. પા. ૨૪૪) કંઠની કેળવણી વિના કેળવણી અધૂરી છે એવો એમનો મત છે. સંગીતની દિવ્ય અસરને એઓ આવકારે છે, "સંગીત ક્રોધને શાંત કરાવે છે અને તેનો સદુપયોગ ઈશ્વરનું દર્શન કરાવવામાં બહુ સહાય આપે છે." (કે. કો. પા. ૨૪૪) હિંદના મશહૂર ભક્તો સંગીતની સહાયથી ભક્તિની મસ્તીમાં ઈશ્વરનાં દર્શન કરવા સમર્થ થયેલા એ સંગીતની દિવ્ય અસરને આ સત્યરૂપી ઈશ્વરનો અનન્ય ભક્ત કેમ જ અવગણે? પરંતુ સંગીતની વ્યાખ્યા બહુ બહોળી બાંધે છે. . . . "સંગીત જીવનમાં આવવું જોઈએ, આપણું આખું

જીવન સંગીતમય, સૂરીલું હોવું જોઈએ. સત્યાદિ ગુણોની આરાધના વિના જીવન એવું બને જ નહીં." (કે. કો. પા. ૨૪૪)

ચિત્રકળા પણ ઊંચે આવી. એને પણ એમણે કેળવણીમાં સારું સ્થાન આપ્યું. ચિત્રકળાને તેમણે કદી વખોડી નથી પણ ચિત્રકળાને નામે પ્રચલિત વિકળાને હંમેશાં અવગણી હતી. ચિત્રકળા સંગીતની માફક સાર્વત્રિક બને કે કેમ એ વિષે એમને શંકા હતી. પરંતુ "ચિત્રકળાના અંગમાં સીધી લીટીઓ કાઢવાની, સ્થાવર જંગમ વસ્તુઓના નમૂના આલેખવાની કળા બધાંને શીખવી શકાય. તેની આવશ્યકતા છે અને તેને હું દરેક બાળકને અક્ષરકલા શીખવ્યાં પહેલાં શીખવવાનો લોભ રાખું." (કે. કો. ૨૪૫) બાળકને અક્ષર ચીતરતાં શીખવતાં પહેલાં તેને આકૃતિઓ દોરતાં શીખવવી જોઈએ એ વિચાર સમય જતાં વધુ સ્ફુટ અને નિશ્ચિત બન્યો.

આમ કળાને, લલિત કળાઓને એમણે અપનાવી પરંતુ તેના પર મોહિત થઈ તેમાં જ સમસ્ત ઊંચી કેળવણી આવી જાય છે એ માન્યતાને અને કળાને ખાતર કળાના મતને અનુમોદન આપી શક્યા નથી. કળામાત્રને યથાર્થ સ્થાન આપવાનો એમનો પ્રયત્ન રહ્યો છે. આજે ગુજરાતમાં કળાના ઉદ્ધાર અર્થે થયેલા પ્રયાસમાં એમનો અને રાષ્ટ્રીય કેળવણીનો ફાળો નાનોસૂનો નથી.

યુવાનોની અને પ્રજાની વ્યાપક કેળવણી આપતાં ૩૦-૩૨ના સત્યાગ્રહનો જુવાળ ફરીથી આવ્યો અને પ્રજાએ ને વિદ્યાર્થીઓએ ગાંધીજીની હાકલને આપેલા જવાબે સાબિત કરી બતાવ્યું કે ગાંધી-શિક્ષણ નકામું નહોતું ગયું. તેમણે જે બલિદાનનું શૌર્ય અને અહિંસક વીરતા બતાવી તેથી ગાંધીજીએ આપેલી વ્યાપક લોકકેળવણીની સાર્થકતા પુરવાર થઈ રહી.

રચનાકાર્યનો સમય: આ લડતો પછીનો સમય રચનાત્મક કાર્યક્રમનો હતો; હરિજનોદ્ધારની ચળવળનો હતો. એ દરમ્યાન એઓ

વર્ધાથી સેગાંવ (સેવાગ્રામ) જઈ વસ્યા અને દેશસેવકોને ગામડામાં જઈ રચનાત્મક કાર્યક્રમ અને હરિજનસેવા કરવાનો આદેશ કર્યો.

"હવે હું એક પગલું આગળ વધવા કહું છું, અને તે એ કે આપણી વિદ્યાપીઠ હવે ગામડામાં જઈને વસે." (કે. કો. ૨૮૪) વિદ્યાપીઠને જ નહીં પરંતુ વીખરાયેલા આશ્રમવાસીઓને, ગ્રામસેવકોને અને દરેક સ્વયંસેવકને ગામડામાં બેસી જવાની સલાહ આપી. એઓ માનતા હતા કે દરેક આશ્રમવાસીમાં ગ્રામજનતાને કેળવવાની શક્તિ હતી અને તેથી દરેક કેળવાયેલા સ્વયંસેવકને માટે ગામડા તરફ પ્રસ્થાન કરવું ઉચિત હતું. "સત્યાગ્રહ આશ્રમને મકાનરૂપે વિખેરી નાખ્યું એટલે આશ્રમ તોડી નાખ્યું એમ ન હતું. જ્યાં આશ્રમવાસી આશ્રમના આદર્શોને આચરીને રહે ત્યાં આશ્રમ." (કે. કો. ૨૮૪) "જે વિદ્યાપીઠના ધ્યાનમંત્રનું રહસ્ય બરાબર સમજ્યો છે તે પોતે જ જંગમ વિદ્યાપીઠ બનીને ગામડામાં ચાલ્યો જશે." (કે. કો. ૨૮૫) આ હાકલમાં ઉદ્દેશ તો રચનાત્મક કાર્યક્રમ અને તે દ્વારા લોકકેળવણીનો જ હતો. લોકકેળવણીનો અર્થ એ કે લોકોને બધી રીતે જાગ્રત કરવા. તેમાં શિક્ષણ પણ એક અનિવાર્ય સાધન બને જ. એ હાકલના જવાબરૂપે કેટલાક સેવકો ગામડામાં જઈને બેઠા. તેમાં શ્રી બબલભાઈનો સફળ પ્રયાસ નોંધપાત્ર છે.

હરિજનોના સાર્વત્રિક ઉત્કર્ષ માટે હરિજન સેવકો ઠેર ઠેર કાર્ય કરવા લાગ્યા. એમના સામાજિક અન્યાયો દૂર કરવા, એમની હાડમારીઓ ઓછી કરવા પ્રયાસો થવા લાગ્યા. પરંતુ આ પ્રયાસોમાં તેમને શિક્ષણ આપવાનો હેતુ પણ હતો. એમને માટે જુદી ગ્રામશાળાઓ સ્થાપી શિક્ષણ આપવું કે જ્યાં સુધી ગામની સવર્ણોની શાળામાં તેમને બેસવા ન દે ત્યાં સુધી એમને અભણ જ રહેવા દેવા એવા કઠિન પ્રશ્નો ઊભા થવા લાગ્યા.

સવર્ણોમાં સમજ આવે અને તેમનામાં હૃદયપલટો થાય ત્યાં સુધી બેસી રહેવાય તેમ હતું જ નહીં. એટલે હરિજનસેવક પોતે જ નાનાં

બાળકોને શિક્ષણ આપે એમ ઠર્યું. તેમના અંગ્રેજી શિક્ષણને માટે સરકારી અંગ્રેજી શાળાઓમાં તેમને મોકલવાનો નિશ્ચય થયો. પરંતુ જે સરકારી શાળાઓનો એક વખત બહિષ્કાર કરેલો તેમાં હરિજન વિદ્યાર્થીઓને કેમ મોકલાય એવા પ્રશ્નો હરિજન સેવકોએ પૂછ્યા ત્યારે તેનું સુંદર નિરાકરણ ગાંધીજીએ આપ્યું. "નિયમ માત્ર ત્રણે કાળે સર્વ સ્થળે લાગુ પડતા નથી. એવા નિયમો આંગળીના વેઢે ગણી શકાય એટલા પણ નહીં નીકળે. બીજા ઘણા (નિયમો) કાળ, સ્થળ અને વ્યક્તિના ભેદને લીધે જુદા પડે છે . . . જે કાયદો આપણે પોતાને સારુ લાગુ પાડ્યો તે હરિજન બાળકોને કે હરિજનને લાગુ પાડતાં ભારે અન્યાય થવાનો સંભવ છે." (કે. કો. પા. ૩૩૦)

આ રીતે હરિજનોને કેળવણી આપવા માટે શિષ્યવૃત્તિઓ આપી તેમને પ્રોત્સાહિત કર્યા અને એ મુજબ હરિજનની કેળવણી આગળ વધી. ચાલુ થયેલી રાષ્ટ્રીય શાળાઓમાં તો એમને સ્થાન હતું જ પણ ઠેર ઠેર આવી શાળાઓને અભાવે ઉપર મુજબનું વ્યાવહારિક પગલું ભરેલું. તેઓ જીવનના સિદ્ધાંતોને કેવા વ્યવહાર યોગ્ય મુલાયમ કરી શકતા તેનો આ આબાદ દાખલો છે. આ પ્રમાણે ટૂંકમાં આપણે અસહકાર યુગમાં શરૂ થયેલી રાષ્ટ્રીય કેળવણી અને તેનાં મુખ્ય કેન્દ્રોની પ્રવૃત્તિઓ જોઈ ગયા. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો અને વિદ્યાર્થીઓ તથા આશ્રમવાસીઓની રાજકીય અને સામાજિક સેવા તો હવે સુવિદિત થઈ છે. તેના સંચાલકો અને કુલપતિ ગાંધીજીને તેનાથી સંતોષ તો થયો જ. પરંતુ તેથી શિક્ષણનો આદર્શ પ્રાપ્ત થયો હતો એમ ગાંધીજીને કદાપિ નથી લાગ્યું. એનું સંચાલન અને નિરીક્ષણ એમને માટે અમૂલ્ય અનુભવ બની રહ્યાં. એ અનુભવથી સમૃદ્ધ થયેલા એમના ચિત્તમાં શિક્ષણની આદર્શ યોજનાને જન્મ આપવાનાં બીજ નંખાઈ ચૂક્યાં હતાં.

હવે આપણે વર્ધાયોજનાના જન્મકાળના સમયને કાંઠે લગભગ આવી પહોંચ્યા. કયા સંજોગો અને પ્રસંગની કેવી ગંભીરતા એ યોજનાના જન્મને માટે જવાબદાર હતાં તે હવે જોઈએ.

વર્ધા યોજના : તૃતીય અવસ્થા

૧૯૩૭માં કોંગ્રેસે પ્રાંતોમાં પ્રધાનપદાં સ્વીકાર્યાં એટલે કોંગ્રેસ પ્રધાનોની સામે કેળવણીનો કોયડો ઊભો થયો. બધીય બાબતમાં ગાંધીજીની તરફ નજર દોડાવનાર એ સૌ આ કોયડાના ઉકેલ માટે પણ તેમની જ પાસે પહોંચ્યા. ફરજિયાત મફત પ્રાથમિક કેળવણી આપવી એ તો કોંગ્રેસનો સિદ્ધાંત હતો. ગાંધીજીએ આવી પડેલી સમસ્યાનો ઉકેલ શોધ્યો. આટઆટલા લાંબા ગાળાના પ્રયોગ અને ચિંતન પછી તૈયાર થયેલા એમના ચિત્તમાં ઉદ્યોગ દ્વારા કેળવણીનો સિદ્ધાંત સ્ફુરી આવ્યો. એની આજુબાજુ માતૃભાષા દ્વારા કેળવણી અને સ્વાવલંબી કેળવણીના સિદ્ધાંત સાંકળી લીધા અને આખીય વિચારસરણી વર્ધા ખાતે બોલાવેલી કેળવણીકારોની પરિષદમાં રજૂ કરી. મુદતસર ચર્ચા અને થોડીઘણી વિરોધી દલીલોના સામના પછી બધાય સિદ્ધાંતોનો સૌ કેળવણીકારોએ સ્વીકાર કર્યો. એ પરિષદે નીમેલી ઝાકીરહુસેન કમિટીએ એ અંગે પાછળથી પોતાના બે રિપોર્ટ બહાર પાડ્યા અને વર્ધાયોજનાનું કામ ચાલુ થયું.

યોજનાનાં મુખ્ય અંગો

વર્ધા પરિષદના ચાર ઠરાવો મુજબ આ યોજનાનાં મુખ્ય અંગો અનુક્રમે આ પ્રમાણે છે :

(૧) ઉદ્યોગ દ્વારા શિક્ષણ.

(૨) શિક્ષણમાં સ્વાવલંબન.

(૩) સાત વર્ષ પર્યંત મફત અને ફરજિયાત શિક્ષણ.

(૪) શિક્ષણનું વાહન સ્વભાષા.

(૫) શિક્ષણમાં અહિંસા.

उद्योग द्वारा शिक्षण: પ્રથમ આપણે ઉદ્યોગ દ્વારા શિક્ષણના નૂતન અને મૌલિક સિદ્ધાંતનું વિવેચન કરીએ. પરંતુ એ પહેલાં એ સિદ્ધાંતની સમજૂતી અને સમર્થન ગાંધીજી પોતે શી રીતે આપે છે તે જોવું જરૂરી છે.

એઓ ભારપૂર્વક કહે છે કે ઉદ્યોગનું શિક્ષણ યંત્રવત્ નહીં પણ વૈજ્ઞાનિક પદ્ધતિથી આપવું જોઈએ, જેથી કરીને બાળક ઉદ્યોગની ક્રિયા-પ્રક્રિયાનાં કારણો યથોચિત જાણે. આવી રીતે શીખવતાં ઉદ્યોગનું શિક્ષણ ઉત્પાદક બને એટલું જ નહીં પરંતુ બાળકોનો બુદ્ધિવિકાસ સાધવામાં તે ઉપયોગી થાય. આને માટે શિક્ષણનો આખો અભ્યાસક્રમ કોઈ એક ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને ગૂંથવો જોઈએ, એથી બાળકોનો સર્વાંગી વિકાસ સાધી શકાય. આવો અભ્યાસક્રમ બુદ્ધિને કસશે અને બાળકોનાં મનને સતત જાગ્રત રાખવામાં મદદરૂપ થશે. આમ પ્રાથમિક કેળવણી ઉદ્યોગના ક્રમિક અભ્યાસક્રમ દ્વારા અપાવી જોઈએ. એ દ્વારા બાળકનાં મન, શરીર, અક્ષર, કળાપ્રીતિ અને સૌંદર્યવૃત્તિ કેળવવાં જોઈએ. ઉદ્યોગના આવા અભ્યાસક્રમ દ્વારા ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, ભાષા, ચિત્રકળા અને સંગીત શીખવી શકાય; શીખવવાં જોઈએ.

નાવીન્ય : ઉત્પાદક ઉદ્યોગ સાથે શિક્ષણનું અનુસંધાન એ આ યોજનાનાં નાવીન્ય ને મૌલિકતા છે. આ નવીન તત્ત્વને સાચી રીતે સમજવાનો પ્રયાસ સાધારણતઃ કરવામાં નથી આવતો અને તેથી કેટલીય ગેરસમજૂતીઓ ઊભી થાય છે. કેટલાક ગેરસમજને કારણે એમાં કશું નવું જોવાની ના પાડે છે. વળી કેટલાક કેળવણીકારો પોતે પોતાની સંસ્થાઓમાં કોઈ પણ પ્રકારે ઉદ્યોગનું શિક્ષણ આપે છે તેટલા જ આધારે માને છે કે તેઓએ વર્ધાયોજનાના મુખ્ય સિદ્ધાંતનો અમલ તે યોજનાના જન્મ પહેલાં ક્યારનોય શરૂ કરી દીધો છે! પરંતુ 'ઉદ્યોગ સાથે શિક્ષણ' 'ઉદ્યોગ અને શિક્ષણ'નો વિચાર 'ઉદ્યોગ દ્વારા શિક્ષણ'ના સિદ્ધાંતથી તદ્દન ભિન્ન છે. ઉદ્યોગ સાથે શિક્ષણના પ્રયોગો ગૂજરાત વિદ્યાપીઠમાં અને તે પહેલાં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સ્વયં કરી જોયા હતા. વર્ધા યોજના એ પ્રયોગોનું કંઈ વ્યવસ્થિત સ્વરૂપ નથી પણ એ સર્વે પ્રયોગોનો નિચોડ છે. આ યોજનામાં ઉદ્યોગ શિક્ષણના પૂરકનું કાર્ય નથી કરતો પણ શિક્ષણના ક્રમિક અભ્યાસનું તેમાં સુસંગત અનુસંધાન થાય છે.

આ સિદ્ધાંતને દેશના અગ્રગણ્ય કેળવણીકારોનો ટેકો મળ્યો છે; એમાં રહેલા તથ્યમાં એમની સંમતિ છે અને એ વિચાર નવીન છે, ખૂબ વજૂદવાળો છે, માટે સધ્ધર છે એવી એમની સર્વેની માન્યતા થવાને લીધે એમણે એને સહર્ષ અપનાવ્યો છે. આપણે હવે આ વિચારને વિવેકબુદ્ધિ ને વ્યવહારબુદ્ધિથી, શિક્ષણશાસ્ત્રના અને માનસ-શાસ્ત્રના સિદ્ધાંતોથી કસી જોવા પ્રયત્ન કરીએ.

બાળક સ્વભાવે ક્રિયાશીલ છે. નિદ્રા સિવાયની જાગ્રત અવસ્થામાં કોઈ ને કોઈ ક્રિયા કરવી એ જ એનો મુખ્ય વ્યવસાય છે.

બાળસ્વભાવ અને કામ : ફૂલની જેમ દિને દિને ખીલતું, વિકસતું અને શક્તિથી ઊભરાતું બાળક હમેશાં કંઈ કામ માગતું હોય છે. મોટેરાં પાસેથી કામ ન મળવાને કારણે તે કંઈ પણ એકાદું કામ શોધી કાઢશે જેમાં તેને રસ હોય. કારણ દરેક કામ અને ક્રિયા એને માટે નવા અનુભવનું સાધન છે. અહીં આરોગ્યથી પ્રસન્ન રહેલા સામાન્ય બાળકની જ વાત છે. એવું બાળક કામ મળતાં ખુશ થાય છે. બાળકની હંમેશની મોટેરાં તરફથી સદ્‌વર્તનની આકાંક્ષા પૂરી પડે, તેના પ્રેમની ભૂખ ભાંગે અને તેથી પણ વધુ અગત્યની એવી ક્રિયાની તલબ સંતોષાય તો તેને માટે એથી વધું મોટું બીજું એકે સુખ આ જગતમાં નથી. એની કામની તલબને યોગ્ય દિશામાં વાળી એના સર્વાંગી વિકાસને માટે તેનો કેમ ન ઉપયોગ કરવો? જે ક્રિયાશીલ સ્વભાવ બાળકને કુદરતે બક્ષિસમાં આપ્યો છે તે પણ તેનો વિકાસ સાધવાને અર્થે જ. નિસર્ગના આ કાર્યમાં મદદરૂપ થવું એ જ શિક્ષણનું કાર્ય છે. બાળકના ક્રિયાશીલ સ્વભાવનો ઉપયોગ તેને શિક્ષણ આપવાને અર્થે વૈજ્ઞાનિક રીતે કરવો એ શિક્ષણશાસ્ત્રનો વિષય છે.

આજની કેળવણીનું વાહન કેવળ સાહિત્ય છે. બાળકની કેળવણી પણ અક્ષરજ્ઞાનથી શરૂ થાય છે. બાળક બુદ્ધિવિકાસની પ્રથમાવસ્થામાં હોઈ અને સ્વભાવે ક્રિયાશીલ હોઈ તેને કેવળ અક્ષરજ્ઞાન આપવું એ અત્યાચાર ગણાય. જેટલું તે આંખથી ગ્રહણ કરે છે તેથી વધુ કાનથી

સાંભળી ગ્રહણ કરી શકે છે. અનુકરણ એના સ્વભાવની બીજી ખાસિયત છે. તો મોટેરાંની માફક એને પણ વાંચતાં અને લખતાં કરી મૂકી શિક્ષણ આપ્યાનો સંતોષ માનવો એ કેવો અંધાપો કે આંખમિચામણાં? વિકસિત મન અને ઘડાયેલા માનસવાળા પુખ્ત ઉંમરના આદમીની માફક બાળક સાહિત્ય દ્વારા જ્ઞાન મેળવવા તૈયાર નથી, લાયક નથી. વળી સાહિત્ય એ માહિતી આપવાનું સાધન છે એ ભૂલી જઈ સાહિત્યના શિક્ષણમાં સમસ્ત કેળવણીનો સમાવેશ કરી આપણે મોટા ભુલાવામાં પડ્યા છીએ. એમાં નથી વિચાર, નથી અનુભવથી વધેલા જ્ઞાનનો લાભ ઉઠાવવાની સાચી દૃષ્ટિ. ગતાનુગતિક ગાડરિયા વૃત્તિનું જ એમાં દર્શન થાય છે.

આથી ઉદ્યોગ બાળકની સામે ધરીને ગાંધીજીએ બાળકની પીડ જાણી છે. ઉત્પાદક ઉદ્યોગમાં ગરકાવ બની, એની સાથે એની ક્રિયા-પ્રક્રિયા, તેનું જ્ઞાનવિજ્ઞાન જાણી બુદ્ધિપૂર્વક ઉદ્યોગ કરતું એ થાય એથી વિશેષ વિકાસ બીજા શાથી સાધી શકાય? ઉદ્યોગનો અર્થ અહીં વિશાળ કરવાનો છે. ઉદ્યોગ એટલે જીવનની ઉપયોગી ક્રિયામાત્ર. ઉદ્યોગ મારફત તેની સાથેના જ્ઞાનનું દરેક વિષય પરત્વે યોગ્ય અનુસંધાન થવું જોઈએ એવો વર્ધા યોજનાનો મુખ્ય વિચાર છે. એક એથી વધુ વિશાળ અર્થ પણ એમાંથી જ ફલિત થાય છે. બાળકની, યુવાનની, મનુષ્યની ક્રિયામાત્ર સજ્ઞાન, સભાન રીતે તેને કરતાં શીખવવું એવો વ્યાપક અર્થ પણ એમાંથી ઘટાવી શકાય. દિનચર્યાની હરેક ક્રિયા શું બાળક કે શું મોટેરું, જ્ઞાનપૂર્વક એકાગ્રપણે કરે તો એનું શિક્ષણ આપોઆપ સંપૂર્ણ થતું જવાનું જ. આ રીતે ઉદ્યોગ દ્વારા શિક્ષણના સિદ્ધાંતનો વ્યાપક અર્થ કેવળ બાળકના વિકાસ અર્થે નહીં પરંતુ દરેક ક્રિયાશીલ અને ઉદ્યોગ કરનારને માટે સાચો ઠરે.

मनवचन कर्म एकता : જો આ વિચારને તેના સાચા અર્થમાં અમલમાં મૂકવામાં આવે તો શિક્ષણમાં તનમનની એકતા આપોઆપ સધાય. આજે શરીર અને મનનો વિરોધ જે દુઃખ ઉપજાવી રહ્યો છે

અને સમાજને તેના વડે જે અનહદ યાતના વેઠવી પડે છે તેમાંથી છુટકારો થાય. જ્યાં તનમનની એકવાક્યતા હોય ત્યાં વાણીની એકતા પણ આવે જ. આમ આખા જીવનમાં તનમનવચનની એકતા પેદા થાય. જે ઉદ્યોગ શીખવાતો હોય, તેના વિષે જ વાતો થતી હોય અને તેની જ ક્રિયા-પ્રક્રિયાનું જ્ઞાન અપાતું હોય તથા તેના વિષે જ મનમાં વિચારો કરવાનું આપોઆપ શીખવાતું હોય, તો બાળકના જીવનની હરેક ક્ષણે તેનામાં એકવાક્યતા નજરે પડે. એકવાક્યતાની આવી ટેવ પડે, તે દઢ થાય અને તે સ્વભાવનું અંગ બની રહે. આવી ઉત્તમ ટેવથી જીવન સુસ્વરિત બને; જીવનમાંથી આંતર વિરોધને હાંકી કાઢવાનું આથી ઉત્તમ બીજું કયું સાધન હોઈ શકે ? શાળાની આવી ટેવ બાળક ઘેર પણ લઈ જશે. આ ચેપી ટેવ બધાને જ તેમ કરતા કરી મૂકશે. જીવનનો આહ્લાદ આવી ટેવને લીધે આવેલી તનમનવચનની એકવાક્યતાને પરિણામે જ સારી રીતે માણી શકાય.

આથી આવા શિક્ષણને 'સમસ્ત વ્યક્તિત્વનું અક્ષરજ્ઞાન' તરીકે ઓળખાવવું યથાર્થ ગણાય. જ્ઞાનનો જીવન સાથે મેળ થાય, જ્ઞાન અને કર્મ જીવનમાં અવિભક્ત બને ત્યારે કર્મેન્દ્રિયોનો વિકાસ ને ચિત્તવિકાસ તથા પ્રાણવર્ધન તેના ઉત્કૃષ્ટ સ્વરૂપમાં થવા પામે એ સ્વાભાવિક ને સહજ છે. પરંતુ સાધારણ રીતે એવી શંકા ઉઠાવવામાં આવે છે કે આવો સતત ઉદ્યોગ અને સતત જાગૃતિ પ્રતિક્રિયારૂપે કંટાળો ઉપજાવે. પરંતુ આવી શંકા ગેરવાજબી છે, સતત ઉદ્યમના અનુભવના અભાવની સૂચક છે. ઉદ્યમી મનુષ્યોનો એકસરખો અનુભવ છે કે Change of work is rest—ક્રિયા યથા સમયે બદલાતી રહે તો તેમાં આરામ આવી જાય. આ 'કાર્યનો ફેરફાર એ જ આરામ'ના સૂત્રનો અમલ કરતાં થાક, કંટાળો અને નીરસતાને કાર્યમાં સ્થાન નહીં રહે. વિવેકપૂર્વક કાર્યમાં એકાગ્રતા અને તેમાં યથાયોગ્ય ફેરફાર કરવાના નિયમનો અમલ કરતા ગાંધીજી પોતે છેવટ સુધી સૌને શરમાવે એટલું કાર્ય કરી શકતા.

વ્યાપક અર્થ : ઉપરની વિચારસરણી મુજબ ઉદ્યોગ અને શિક્ષણના અનુસંધાનના વિચારમાંથી આપણે ક્રિયા અને જ્ઞાનનું અનુસંધાન તારવી શકીએ. ક્રિયા માત્ર સાથે જ્ઞાનનું અનુસંધાન કરવાના વ્યાપક વિચાર મુજબ ઊઠવા બેસવાની ક્રિયા, વાંચવા લખવાની ક્રિયા, હરવા ફરવાની ક્રિયા, નાની અને મોટી સર્વ દૈનિક ક્રિયા જ્ઞાનપૂર્વક ગોઠવાયેલી હોય, વિવેક અને વિચારપૂર્વક કરવામાં આવતી હોય, જાગ્રતપણે પાર પડતી હોય; ઊડીને નજરે પડે એવી વ્યવસ્થા અને ચોકસાઈ એમાં આવી હોવી જોઈએ. આ કેમ બને? ક્રિયા સાથે, ઉદ્યોગ સાથે નિરીક્ષણ, પરીક્ષણ અને વિચાર કરવાની શક્તિ વધારીને તેનો ફરીથી ક્રિયામાં ઉપયોગ કરવાના અભ્યાસ વડે આ શક્ય બને. શક્ય એટલી વસ્તુઓનું નિરીક્ષણ અને પ્રયોગ કરવાનો આ યોજનામાં આગ્રહ છે.

"જીવન સાથે જેનું અનુસંધાન હોય તેવું પ્રયોગાત્મક અને ઉદ્યોગમય શિક્ષણ એ આ ઉદ્યોગદ્વારા શિક્ષણનો અર્થ છે." (વ. કે. પ્રયોગ, પા. ૮૫) સાદા પણ સ્પષ્ટ શબ્દોમાં આ વિચારને શ્રી બબલભાઈ રજૂ કરે છે: "ભણતરનો જીવતર સાથે મેળ મેળવવો એનું નામ વર્ધા યોજના એમ હું સમજ્યો છું." (વ. કે. પ્રયોગ, પા. ૯૦)

ઉદ્યોગની, શરીરશ્રમની આટલી શુભ અસર માનવજીવન ઉપર છે તો એનો લાભ કેળવણીમાં પણ કેમ ન લેવો? કેળવણી તો જે જે સાધન વિકાસને પોષક છે તેનો ઉપયોગ કરવાને ન ચૂકે; તો આ નૈસર્ગિક સાધન કે સહાયને શાને જ ઉપયોગમાંથી જવા દે? પરંતુ આ ત્યારે જ શક્ય બને જ્યારે એ સાધનોનો ઉપયોગ અમુક ખાસ આવશ્યક વલણ અખત્યાર કરીને કરવામાં આવે. ક્રિયાને, કાર્યને શાસ્ત્રીય રીતે કરતાં શીખવવું એ જો કેળવણીનું એક સૂત્ર બને તો જ તેનો લાભ ઉઠાવી શકાય. નિસર્ગની આ શુભ અસરને શાસ્ત્રીય રીતે ઉપયોગમાં લેવી એ કેળવણીનું કર્તવ્ય છે. ઉદ્યોગની શુભ અસર માનવ જીવન ઉપર છે જ; એ અસરને બાળકની કેળવણીને માટે સભાનપણે, જાગ્રત-પણે, અમુક શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર અને ખાસ વિચારપૂર્વક યોજેલા

અભ્યાસક્રમ પ્રમાણે ઉપયોગમાં લેવી એમ આ વર્ધા યોજનાનો મૌલિક સિદ્ધાંત શીખવે છે.

व्यक्तित्व: The aim of education is to foster individuality (T. P. Nunn) બાળક પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલવી શકે એ દરેક શિક્ષકે જોવું રહ્યું. ઉદ્યોગ અને તેમાં આવતી ક્રિયા-પ્રક્રિયા બાળક પોતાની રીતે જ કરે, પોતાની કાર્યપદ્ધતિ શોધી કાઢી તે મુજબ એમાં કુશળતા પ્રાપ્ત કરે. પરંતુ તેમાં હેતુ તો સર્વસામાન્ય હોવો જોઈએ. વર્ગના પચીસ વિદ્યાર્થીઓમાંથી દરેકની કાર્યપદ્ધતિ ભલે નોખી નોખી હોય પરંતુ દરેકનું ધ્યેય, દરેકનો હેતુ તો એક જ હોય, અને તે કયો હોઈ શકે? શાસ્ત્રીય રીતે કાર્ય કરતાં શીખવાનો, જ્ઞાન અને જાગૃતિથી ક્રિયામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરવાનો હેતુ સર્વસામાન્ય બની રહેવો જોઈએ. ગાંધીજી તો કહે છે: "સત્યમાં જ જે રસ રહ્યો છે તે રસ આપણે બાળકોની આગળ પ્રગટાવવો જોઈએ." (કે. કો.) સત્ય વિચારધારા પ્રમાણે બાળક પોતાનું વ્યક્તિત્વ રચે અને ઘડે અને પોતાની કાર્યપદ્ધતિમાં પોતાની વિશેષતા બતાવે એ જ ઇષ્ટ છે. કાર્ય અને કાર્યપદ્ધતિ સિવાય મનુષ્ય પોતાનું ખાસ વ્યક્તિત્વ પણ શામાં બતાવી શકે? પોતાની અપૂર્વતા જો કાર્યમાં ને જીવનમાં પરિણત થવા પામે તો જ પોતાની વિશેષતા અને વ્યક્તિત્વ પણ પૂરી રીતે વ્યક્ત થાય. આ રીતે ઉદ્યોગ દ્વારા શિક્ષણનો સિદ્ધાંત બાળકોનાં વ્યક્તિત્વ ખીલવવાને માટે માર્ગ મોકળો કરી આપે છે.

विचार करवानी कळा: આજે કેવળ કાલ્પનિક વાતો અને કેવળ અક્ષરજ્ઞાન દ્વારા શિક્ષણ અપાય છે તેમાં બાળકના ચિત્ત સમક્ષ ફક્ત હવાઈ ઝાંખાં ચિત્રો જ ખડાં થાય છે અને તેનાથી એ ખાસ લાભ મેળવી શકતું નથી. વિચાર અને કલ્પના ઉદ્યોગની ક્રિયાથી મૂર્ત બની પ્રત્યક્ષ થવા પામે છે. આમ થતાં સ્પષ્ટ વિચાર કરવાની દરેક ક્રિયા અને વસ્તુ ઉપર પોતાની વિચારણા ચલાવવાની એને ટેવ પડે છે. વિચારો

અને ખ્યાલો આકાર લઈ મૂર્ત થાય છે. વિચાર કરતાં ન શીખવવાની ખામી આજના શિક્ષણમાં લાગ્યા કરે છે તેનો ઉપાય આ સિદ્ધાંતમાં રહેલો છે. વિચાર કરતાં શીખવવાની પદ્ધતિને આ યોજનામાં સારી તક મળે છે. વ્યાયામ શીખવવાની, સંગીત શીખવવાની, જુદી જુદી કળા શીખવવાની, અનેક વિવિધ વિષયો શીખવવાની પદ્ધતિઓ તો આજ લગીમાં ઘણીય શોધાઈ છે, પરંતુ વિચાર કરવાની કળા શીખવવાની તો હજુ ક્યાંય જાણી નથી. વિચાર કરવાની કળા શીખવતાં જ — Education of the whole man — સંપૂર્ણ મનુષ્યત્વનું શિક્ષણ આપી શકાય એમ છે. ત્યારે આ યોજનાનો સંપૂર્ણ કેળવણી આપવાનો દાવો ખૂબ વજૂદવાળો છે એ સિદ્ધ કરવાનું હજુ બાકી રહે ખરું? ઉદ્યોગની જુદી જુદી ક્રિયા શાને કરવી, કેવી રીતે કરવી, અને તેને સરળ કેમ બનાવાય વગેરે પ્રશ્નપરંપરા અને તેના ઉત્તરો શોધતાં બાળક આપમેળે શીખે અને તેમાં જરૂરી સહાય કરતાં રહી બાળકને વિચાર કરવાની કળા સરળતાથી શીખવી શકાય. વિચારપૂર્વક ઉદ્યોગ કરવાની ટેવ એના આખા જીવન ઉપર અસર કરે અને એનું સમગ્ર જીવન વિચારપૂર્વક ઘડવાની એને અમૂલ્ય ટેવ પડે.

इंद्रियोनी केळवणी : હસ્તકૌશલ્ય અને માનવ વિકાસને ગાઢો સંબંધ છે. ચાલુ કેળવણી હાથ સિવાયની ફક્ત એકબે ઇંદ્રિયોથી જ્ઞાન આપે છે. અને તેથી એ અધૂરી જ ગણાય. જ્યારે વર્ધા યોજનાના આ મૌલિક સિદ્ધાંતમાં હાથ અને બીજી બધી ઇંદ્રિયો દ્વારા કેળવણી આપવાનો વિચાર રહેલો છે. જે મોટા ને વિસ્તૃત વિકાસનું સાધન છે તેની ઉપેક્ષા કર્યે કેમ ચાલે? વળી અન્ય ઇંદ્રિયો જે જ્ઞાનનાં સાધન છે તેનો પણ ઉપયોગ કરવો જ જોઈએ. આથી ઉદ્યોગ દ્વારા શિક્ષણ એટલે હસ્તકૌશલ્ય સાધતાં તેની સાથે સર્વ કર્મેંદ્રિયો વડે જ્ઞાન આપવાની શિક્ષણપદ્ધતિ. બધી કર્મેંદ્રિયોને જ્ઞાન આપવાનાં સાધન બનાવ્યે જ છૂટકો. આ રીતે બધી ઇંદ્રિયોની કેળવણી પણ મળે અને તે વાટે જ્ઞાન પણ આપી શકાય. સર્વાંગી કેળવણીનો હેતુ આ રીતે એમાં બર આવે એમ છે.

આ વિચારસરણી આ યોજનાથી સધાતા પ્રધાન હેતુ તરફ આપણું લક્ષ ખેંચે છે. કુશળતાપ્રાપ્તિ એ કેળવણીનો હેતુ છે. યોગનો હેતુ અને ફળ પણ એ જ છે. योगः कर्मसु कौशलम्। યોગ એટલે જોડાવું. ક્રિયામાં તન્મયતા સાધવાથી, તેની સાથે જ્ઞાનનું એકાગ્રતાથી અનુસંધાન કરવાથી કૌશલ્ય આવે જ. આપણે મનવચનકર્મની એકવાક્યતાની જે આગળ વાત કરી તે કુશળતાને જન્મ આપે જ. વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે ઉદ્યોગ સાથે જ્ઞાનના અનુસંધાનનો સિદ્ધાંત બહુ ફલદાયી છે. ટૂંકમાં એમાં જ જીવનની આખી સાધના રહેલી છે. આ સિદ્ધાંતમાં રહેલા સત્યનું આચરણ થોડેઘણે અંશે સૌ કરે જ છે; એને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી પદ્ધતિસર એક યોજનારૂપે રજૂ કરવો એ વિરલ પુરુષનું કામ છે; એને વ્યાવહારિક બનાવવો, પરિસ્થિતિ અનુકૂળ ઘટાવી એને વ્યાપક બનાવવો એ શિક્ષણશાસ્ત્રીઓનું કાર્ય છે.

કામ અને રમત : " Play is remarkably like work-the difference is only of attitude." (Ross) " રમત આબાદ રીતે કામને મળતી છે. ફક્ત તેમની પાછળના વલણમાં જ તફાવત છે." માનસશાસ્ત્રના આ નિયમને અનુસરીને જ ઝાકીરહુસેન કમિટીએ નીચેની નોંધ લખી છે:

"ક્રિયાત્મક શાળામાં રમતગમત તો તેની શિક્ષણપદ્ધતિનો જ એક ભાગ હોય છે — પુસ્તકિયા વેઠમાંથી છૂટવાના બારા તરીકે તેનો સમાવેશ થતો નથી. ઉદ્યોગ સાથે શિક્ષણ આપવાના આ પ્રયાસમાં Play-way રમતગમતની પદ્ધતિ આખી યોજનાનો આત્મા છે; અને તેથી તેમાં બાળકો રમતગમતનો રસ પણ ઉદ્યોગમાં અનુભવી શકશે.

રસપૂર્વકની ક્રિયા અને વિચારને કેટલો ઘનિષ્ઠ સંબંધ છે તે નીચેના પેરા પરથી સ્પષ્ટ થાય છે: " Doing itself is a form of thinking and it constitutes the indispensible basis for the higher stages of imaginative thought which in the last resort are imagenative

doing. Doing and experimenting and learning by doing is a charter for a good educational scheme." (Ross) "કર્મ પણ વિચારનું એક સ્વરૂપ છે અને તે ઉચ્ચ કલ્પનાની ભૂમિકા રચે છે. એ ઉચ્ચ કલ્પના પણ એક પ્રકારનું માનસિક કર્મ જ છે. ક્રિયા અને પ્રયોગ તથા ક્રિયા વડે શિક્ષણ, સારી શિક્ષણ યોજનાના ખતપત્ર જેવાં છે." આવું ખતપત્ર પ્રથમતઃ વર્ધા યોજનાને જ મળે.

"No doubt the men who in their boyhood had played hide - and seek constructed shelters and thrown stones, received the impulse to do such thing from their ancestors; but at the same time it was play of this kind that latter produced skill in the arts of trench-warfare and bombing." (Ross) "જે માણસો તેમના બાળપણમાં સંતાકૂકડીની રમત રમ્યા તેમણે જ પથ્થરબાજી કરી અને (બૉંબમાંથી બચવાનાં) આરામસ્થાનો રચ્યાં. આવું વલણ તેમનામાં વારસાગત ઊતર્યું; પણ સાથે સાથે આવી જાતની રમતને લીધે જ બૉંબ અને ખાઈઓની લડત કરવાની કળા તેમનામાં પેદા થઈ." શિક્ષણ દરમ્યાન જેવી રમતગમતો બાળકોને શીખવવામાં આવે છે તેની અસર એના આખા જીવન ઉપર થાય છે. પાશ્ચાત્ય શિક્ષણપદ્ધતિ હિંસાપ્રેરક અને ધ્વંસાત્મક વૃત્તિને પોષક એવી રમતો, કવાયતો શીખવવા બહુ ઉત્સુક રહી છે અને તેનું અશુભ પરિણામ આજે આખું જગત અનુભવી રહ્યું છે. વર્ધા યોજનામાં રચનાત્મક તત્ત્વ ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે અને એથી બાળક મોટું થયે રચનાત્મક પ્રવૃત્તિ કરનાર જ બની સમાજને ટેકારૂપ બનશે. આપણે આગળ જોઈશું કે અહિંસાના પાયા ઉપર જ આ યોજના રચાયેલી છે. અને તેનો આ રચનાત્મક કેળવણી સાથે સુંદર સુમેળ થાય છે.

"ટૂંકમાં, આ યોજનાના મૂળમાં પરસ્પર સહકાર પર રચાયેલા સમાજની કલ્પના રહેલી છે. એવા સમાજમાં, બચપણ અને જુવાનીની કુમળી વયમાં સમાજસેવાનો હેતુ બાળકોની સર્વ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહેશે. શાળાની કેળવણીના કાળમાં પણ તેમને લાગશે કે આપણે રાષ્ટ્રીય કેળવણીના મહાન પ્રયોગમાં સીધી રીતે અને જાતે મદદ કરી રહ્યાં છીએ." (વર્ધા યોજના) બચપણથી જ બાળકને લાગશે કે તે કંઈક ઉપયોગી કામ કરે છે, કરી શકે છે. તે કાંક ઉત્પાદન કરી શકે છે અને મોટેરાંની માફક તે પણ કંઈક ઉપયોગી પેદાશ કરવા સમર્થ છે. એવું આત્મભાન આમ સહેજે સુમાર્ગે વળશે; એનો આત્મવિશ્વાસ શરૂઆતથી જ ખીલશે. આધુનિક કેળવણીનો પદવીધારી યુવાન પણ પૂરતો આત્મવિશ્વાસ નથી બતાવી શકતો ત્યાં તેવી કેળવણી લેતા બાળકની તો વાત જ શી? ઉદ્યોગ કરતા બાળકને તે કુટુંબને, ગામને અને દેશને ઉપયોગી છે એવું ભાન થતાં એનામાં સેવાપરાયણ થવાનો ગુણ સહેજે પોષાશે.

પદ્ધત્તિઓનો સુમેળ : જુદી જુદી સફળ પદ્ધતિઓનો અને રીતિનો આમાં સુમેળ સાધી શકાય. ક્રિયાપદ્ધતિ, શ્રવણપદ્ધતિ ને નિરીક્ષણ આદિનો સહજ અને સુયોગ્ય મેળ આમાં થઈ શકે એમ છે. ઉદ્યોગ કરતી વેળા બાળકો શ્રવણ દ્વારા તે વિષયને લગતી વાતચીત દ્વારા ઉપયોગી માહિતી અને જ્ઞાન મેળવે. અવલોકન સાથે જો શ્રવણપદ્ધતિ અખત્યાર કરવામાં આવે તો તે ઘણી જ ફળદાયી છે એ અનુભવસિદ્ધ છે. જે વસ્તુ હાથથી કરવામાં આવે તેનું આંખથી અવલોકન થાય અને તેના જ વિષે ઉપયોગી જ્ઞાન શ્રવણદ્વારા મેળવે, એથી સચોટ રીતે મનોપટ પર છાપ પડે અને તેથી ગોખવા જેવી પોપટવૃત્તિને શિક્ષણમાંથી સહેજે રુખસદ આપી શકાય. આનો અર્થ એમ નથી કે સ્મરણશક્તિ ખીલવવાની જરૂર નથી; સ્મરણશક્તિ ખીલવતાં વિદ્યાર્થીના મગજ ઉપર બોજો ન પડે અને નૈસર્ગિક રીતે એ ખીલવી શકવાનો અહીં લાભ રહેલો છે એ જ કહેવાનો આશય છે. એક ઉદાહરણ લઈએ.

કાંતણના ઉદ્યોગ દરમ્યાન જુદી જુદી જાતના કપાસનું જ્ઞાન અપાતું હોય, સાથે વાતોમાં તેમનું વર્ણન કરવામાં આવે; પ્રશ્નોત્તરથી બાળકો પાસેથી જ તેના ભેદ, સામ્ય, રેષા આદિનું જ્ઞાન કઢાવી શકાય. આ રીતે શ્રવણ, નિરીક્ષણ, અને શ્રવણપદ્ધતિનો સરસ ઉપયોગ કરવાની તક અહીં ઉપલબ્ધ છે. અન્ય પદ્ધતિઓનો આવો સુમેળ સાધવાનું કામ અને એ વડે યોજનાની ઉપયોગિતાનો વિસ્તાર કરવાની જવાબદારીનું કામ નિપુણ કેળવણીકારોને શિરે છે.

બાળકો કામ કરતાં શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, તેમાં આનંદ અને રસ પણ માણી શકે છે તે અનુભવથી સિદ્ધ પણ થયું છે. થામણામાં વર્ધા યોજનાનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને તે પ્રયોગનો રિપોર્ટ આપતાં શ્રી નરહરિભાઈ લખે છે: "વળી અમારો અનુભવ એ પણ થયો કે બાળકો ઉદ્યોગને બોજારૂપ નથી ગણતાં, પણ આનંદરૂપ ગણે છે. શાળામાં ઉદ્યોગ બોજારૂપ થઈ પડશે એવી ભીતિ દર્શાવનારાઓ આ બાળકોને નજરે જોઈ પરીક્ષા કરે અને અભિપ્રાય બાંધે એવી અમારી નમ્ર સૂચના છે." (વ. કે. પ્ર. પા. ૧૦) જે સત્ય તેના દ્રષ્ટાના અનુભવમાંથી ઉદ્ભવ્યું હોય, જેની સિદ્ધિ પાછળ કેટલાંય વર્ષોની તપશ્ચર્યા કરવામાં આવી હોય, જેને અર્થે કેટલોય ભોગ આપવામાં આવ્યો હોય અને જે દેશના અગ્રગણ્ય કેળવણીકારોના મતની ઉગ્ર કસોટીએ ચઢ્યા પછી ફરીથી વ્યવહારમાં કસી જોવામાં આવ્યું હોય, તેમાં દોષ ભાગ્યે જ નીકળી શકે. જે સિદ્ધાંત કેવળ કેળવણીશાસ્ત્ર જ નહીં પરંતુ માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ દોષરહિત ઠરે છે તે વ્યવહારમાં પણ એટલો જ ઉપયોગી અને ફળદાયી થવો જોઈએ.

પરંતુ આ સિદ્ધાંતના પ્રતિપાદનથી જ કંઈ કામ સરે તેમ નથી. એ સિદ્ધાંતને અમલમાં મૂકવા માટે જુદા જુદા ઉદ્યોગની સાથે તેનું યથાયોગ્ય અનુસંધાન કરવાને માટે વિચારણાની અને અનુકૂળ શાસ્ત્રીય પદ્ધતિ શોધી કાઢવાની જરૂર રહેશે. ગાંધીજીએ તો ઋષિનું કામ કરી મંત્ર આપ્યો. એ મંત્રને વ્યાવહારિક સ્વરૂપ આપવા માટે તો કેળવણીકારોએ

વિચારમંથન ચલાવવું જોઈશે; શિક્ષણક્રમો તૈયાર કરવા એમના અનુભવસાગરમાં મંથન ચલાવવું જોઈશે અને ઉદ્યોગ સાથે શિક્ષણની શાસ્ત્રીય પદ્ધતિ શોધવી જોઈશે. શ્રી મગનભાઈ દેસાઈ કેળવણીકારોનું આ બાબત તરફ લક્ષ્ય ખેંચતાં સૂચવે છે: "ઉદ્યોગ શિક્ષણના એક વિષય તરીકે શીખવીએ તો જેમ ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન આદિ શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ યોજવાનું અધ્યાપનશાસ્ત્રીનું કર્તવ્ય છે તેમ જ આ ઉદ્યોગને એક Technical & cultural વિષય તરીકે શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ વિચારવાનું કર્તવ્ય છે. વર્ધા યોજનાએ કલ્પેલું ઉદ્યોગ-શિક્ષણ એવી પદ્ધતિ માગે છે અને તે વગર તે યોજના નિષ્પ્રાણવત્ થાય એમ હું માનું છું." (વ. કે. પ્ર. પા. ૧૦૫) કેવળ ઉદ્યોગ શીખવવાની ખાસ પદ્ધતિ જ નહીં પણ એ ઉદ્યોગ પદ્ધતિ સાથે શિક્ષણના અભ્યાસક્રમનું યોગ્ય અનુસંધાન પણ થયેલું હોવું જોઈએ. ટૂંકમાં ઉદ્યોગ અને શિક્ષણની શાસ્ત્રીય પદ્ધતિઓ સરસ અને સહજ રીતે સુમેળ ખાય એવી સુસંગત એક પદ્ધતિ તૈયાર થવી જોઈએ. ઠેર ઠેર થતા આવા પ્રયોગોથી એમાં ઠીક ઠીક પ્રગતિ પણ સાધી શકાઈ છે.

આપણે આગળ જોઈ ગયા કે ગૂજરાત વિદ્યાપીઠમાં ઉદ્યોગ અને શિક્ષણ બંને સાથે અભ્યાસક્રમમાં રાખવામાં આવેલાં તે વેળા શિક્ષણની સાથે ઉદ્યોગ શીખવવો એવો ખાસ આગ્રહ હતો. પરંતુ ઉદ્યોગ દ્વારા શિક્ષણનો વિચાર હજુ જન્મ પામ્યો ન હતો, જોકે આ પ્રયોગ વેળા પણ ગાંધીજીને તેની ઝાંખી તો હતી જ. પરંતુ એ અસ્પષ્ટ હતો. અને તેથી એ વિષેનું પોતાનું દુઃખ દર્શાવતાં ગાંધીજી કહે છે: "મને દુઃખ તો માત્ર એક જ વાતનું છે કે જે વસ્તુ મને ગયાં ચાલીસ વર્ષથી ઝાંખી ઝાંખી દેખાતી હતી તે હવે સંજોગોને બળે દીવા જેવી લાગે છે." (કે. કો. પા. ૪૪૫) આ વિચાર વિષે વિનોબા ભાવે એક પત્રમાં ગાંધીજીને લખે છે: "'ઉદ્યોગ – શિક્ષણ' એ દ્વૈતી ભાષા મને ગમતી જ નથી. હું તો 'ઉદ્યોગ=શિક્ષણ' એવા અદ્વૈતી સમીકરણમાં માનું છું.

'ઉદ્યોગ=શિક્ષણ' એટલે શું ઉદ્યોગમાં જ શિક્ષણનો સમાવેશ થાય છે એવો અર્થ લેવો ?

શરૂઆતમાં ગાંધીજી ચારિત્ર બાંધનાર ઉદ્યોગ–શિક્ષણમાં જ શિક્ષણનો સમાવેશ થાય છે એવી માન્યતા ધરાવતા. ઉદ્યોગ–શિક્ષણ ને જરૂરી અક્ષરજ્ઞાન સાથે આત્માની કેળવણી મળે તેમાં કેળવણી પૂરી થાય એવો એમનો દઢ મત હતો. પરંતુ વિનોબા ભાવે એ જ અર્થ અહીં ભિન્ન રીતે રજૂ કરે છે. 'ઉદ્યોગ-શિક્ષણ' એટલે ઉદ્યોગ અને શિક્ષણ એવાં ઓતપ્રોત થઈ જાય, ઉદ્યોગની ક્રિયા-પ્રક્રિયા સાથે જ્ઞાનનું, માહિતીઓનું એવું અવિભાજ્ય અનુસંધાન થાય કે જેથી ઉદ્યોગ અને શિક્ષણ બે ભિન્ન એકમો ન રહે પરંતુ એક જ થઈ રહે. ગાંધીજીના ઉદ્યોગ દ્વારા શિક્ષણના વિચારને તેઓએ બહુ સુંદર રીતે ગણિતના સમીકરણમાં ગોઠવ્યો છે. પરંતુ આ સમીકરણને આપણે હજુ આગળ લંબાવી શકીએ.

ઉદ્યોગ=શિક્ષણ=જીવન. જીવનમાંથી ઉદ્યોગ, યા જ્ઞાનપ્રેરિત ક્રિયા કાઢી લો તો શું રહે? જીવનમાંથી શિક્ષણ, વિકાસ, જ્ઞાન કાઢી લો તો શું રહે? ત્રણે એક જ વસ્તુનાં સૂચક છે છતાં જીવનમાં શિક્ષણ અને ઉદ્યોગ બન્નેનો સમાવેશ થાય છે. એ તેનાં અલગ ન પાડી શકાય એવાં અને જીવન સમગ્રને આમૂલાગ્ર સ્પર્શતાં મહાન પાસાં છે.

मानसतपास : Mental Test યાને વિદ્યાર્થીની માનસિક બુદ્ધિશક્તિનો આંક કાઢવાની પ્રથા આજે પશ્ચિમમાં ચાલુ થઈ છે. એ આંક મુજબ એની ધંધાની લાયકાત નક્કી કરવામાં આવે છે. વિદ્યાર્થીના જીવનક્ષેત્રની પસંદગી કરવામાં આવો આંક ત્યાં અત્યંત આવશ્યક માનવામાં આવે છે. પ્રત્યક્ષ ક્રિયામાં પ્રવૃત્ત થતું બાળક પોતાના કાર્યમાં પોતાની શક્તિઓ અને પ્રવૃત્તિઓનું દર્શન કરાવશે જ. જ્યાં એ બુદ્ધિપૂર્વક ઉદ્યોગ કરતું હશે ત્યાં એને પોતાને પસંદ વિષય અને કાર્ય તરફ એનું વલણ પારખવામાં અને સમજવામાં જરાય

મુશ્કેલી નહીં આવે. જ્યાં વિદ્યાર્થી પોતે પોતાનું વલણ સમજવામાં ભૂલ કરતો હશે ત્યાં શિક્ષક તો અચૂક રીતે તેનું વલણ જાણવામાં સફળ થશે. આ પ્રમાણે વિદ્યાર્થીઓની શક્તિઓ અને તેમનું વલણ જાણવાની પણ સહજ સગવડ આ નૂતન શિક્ષણ સિદ્ધાંત પૂરી પાડે છે. આ નાનોસૂનો ફાયદો ન ગણાય — ખાસ કરીને કેળવણીની દૃષ્ટિએ.

આ રીતે આ ક્રિયાપ્રધાન યોજનામાં બાળકની શક્તિઓનું વલણ, તેની ખાસ શક્તિઓ, તેની ખાસિયતો અને તેની એકાગ્રતાનો વિષય શોધવા માટે વિશેષ સરળતા છે. બાળકનું સાચું સત્ત્વ, તેની બુદ્ધિશક્તિ, તેના વ્યક્તિત્વનો વિકાસમાર્ગ જાણવાં અને તે મુજબ તેને માર્ગદર્શન કરાવવું એ કેટલું અગત્યનું કર્તવ્ય છે તે દરેક કેળવણીકાર બરાબર જાણે છે. આ ઉપરાંત પણ બીજો આવો જ એક મોટો લાભ આ શિક્ષણ-સિદ્ધાંતમાં રહેલો છે. સામાન્ય મનુષ્યને સાચો આનંદ શામાં પડે છે તેની તેને જ ખબર નથી હોતી. પોતાની જાતને શોધી કાઢી એના આનંદનો વિષય ખોળવામાં જ્ઞાનપૂર્વકનાં ઉદ્યોગ અને ક્રિયા સિવાય બીજું એક પણ ઉત્તમ સાધન નથી. જ્યાં સુધી બાળકની શક્તિઓનો કાર્યમાં વપરાશ નથી થતો ત્યાં સુધી તેનું આવિષ્કરણ થાય જ કેમ ? માનવશક્તિઓના આવિષ્કરણનું ક્ષેત્ર ઉદ્યોગ છે, વિવિધ ક્રિયા છે. આનંદ અને શોક, સુખ અને દુઃખ, રુચિ અને ઘૃણા શેમાં ઉત્પન્ન થાય છે, શેમાં રહેલાં છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય અને કેવી રીતે નિવારી શકાય અને સાથે પોતાના જીવનનો મુખ્ય રસ શેમાં રહેલો છે તે સર્વ જાણવું અને શોધી કાઢવું એ જીવન-વિકાસને અર્થે અત્યંત અગત્યનું છે. જેમ જેમ વર્ધાશાળાના વર્ગોનાં પગથિયાં વટાવી વિદ્યાર્થી આગળ વધતો જશે તેમ તેમ એ પોતાને ઓળખતો થશે; કઈ ક્રિયા અને ઉદ્યોગમાં એની રુચિ રહેલી છે તે શોધી કાઢશે. પોતે આ જાણવા સમર્થ થશે અને તેમ કરતાં શિક્ષક પણ તેને મદદ કરશે. આ મોટા લાભનું મૂલ્યાંકન આવી શાળા ચલાવવાના અનુભવ વિના બરાબર રીતે ન કરી શકાય. છતાં જે થોડા

પણ વર્ધાશાળા ચલાવવાના પ્રયોગો થયા છે તે ઉપરથી અને ભિન્ન ભિન્ન વ્યક્તિઓના અનુભવો ઉપરથી એની ઠીક ઠીક આંકણી કરી શકીએ એવી સ્થિતિમાં આજે આપણે છીએ.

सत्यं शिवं सुंदरम् : સત્યં, શિવં, સુંદરમ્‌ની વિવિધ ભાવના જે વિદ્યાર્થીમાનસમાં હંમેશાં અંકુરિત થવા પ્રયાસ કરી રહી હોય છે તેનું પોષણ પણ આ ઉદ્યોગ દ્વારા શિક્ષણના સિદ્ધાંત વડે શક્ય છે. એટલું જ નહીં પણ એના જેવો સાદો અને સરળ બીજો એક પણ માર્ગ આજ સુધીમાં સૂઝ્યો નથી.

ઉદ્યોગ દ્વારા શિક્ષણના સિદ્ધાંત મુજબ બાળકનું Creative Expansion (ક્રિયાત્મક વિકાસ) ધીરે ધીરે થતો રહે. શિક્ષક ધારે તો પોતાની શિક્ષણ કળા વડે આ રચનાત્મક વિકાસને આધારે વિદ્યાર્થીની બધી જ ગુપ્ત શક્તિઓને પ્રગટ કરી ખીલવી શકે. આ સિદ્ધાંતને અનુકૂળ વિચાર એક પશ્ચિમનો વિચારક ધરાવે છે :

" Beauty in craftsmanship is a play phenomenon." (Ross) "કૃતિને સુંદર બનાવવાની ક્રિયામાં જ વિદ્યાર્થીને साचा सौंदर्यनी झांखी अने अनुभूति थशे." સૌંદર્યની વાતો કરનારા ઘણીય વાર સૌંદર્યથી હજારો ગાઉ દૂર હોય છે એમ જાણવા મળે છે, ત્યારે કંઈક આશ્ચર્ય ઊપજે છે; પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. જેના જીવનમાં સૌંદર્ય ન હોય તેણે સૌંદર્યને કદાપિ જાણ્યું નથી; તે તો સૌંદર્યના આભાસમાં જ અટવાયા કરતો હોય છે. પણ આપણે આડા ઊતરી પડ્યા. જ્યાં કૃતિમાં સુંદરતા ઊતરી ત્યાં રમતનો આનંદ હોય જ. સાચું શિક્ષણ સત્ય, જ્ઞાન અને રમતના આનંદનું ક્ષેત્ર છે. એ શું આ નૂતન શિક્ષણ નથી બતાવતું શું? સૌંદર્ય અને શોકને, સૌંદર્ય અને અરુચિને, સૌંદર્ય અને ઘૃણાને કદાપિ મેળ ખાતો જાણ્યો છે?

સંક્ષિપ્તમાં ગાંધીજીના આ નૂતન સિદ્ધાંત વિષે જેટલો ઊંડાણથી વિચાર કરવાનો પ્રયાસ કરીએ છીએ તેમ તેમ એનું રહસ્યોદ્‌ઘાટન વધુ ને

વધુ થતું જાય છે. એનું ઊંડાણ ગંભીર છે, વિસ્તાર ઘણી શકયતાઓથી ભરેલો છે. પ્રયોગોથી એનો તાગ લેવાયો છે, વિસ્તાર મપાય છે અને તેમ કરતાં એના સાફલ્યનાં ચિહ્નો સ્પષ્ટ દેખાયાં છે. તો પરિસ્થિતિની અનુકૂળતા પ્રમાણે સંશોધન વૃત્તિથી એને અમલમાં મૂકવાને વાર શી?

સ્વાવલંબન અને બીજાં અંગો : આ અંગ પર ગાંધીજીએ ઘણો ભાર મૂક્યો છે. સ્વાશ્રય કેળવણીનો પ્રાણ છે તે કારણે પણ એમનો આ આગ્રહ હોય. વળી વિદ્યાર્થી જે ઉત્પન્ન કરે તે એવું હોય કે બજારમાં કિંમત ઉપજાવી શકે એટલું સારું હોય. સાત વર્ષના સળંગ ગાળામાં વિદ્યાર્થીઓએ એટલું ઉત્પન્ન કરવું જોઈએ કે જેથી શાળા સ્વાવલંબી બને. આ વિચારની પાછળ ભૂતકાળના ઋષિકાળનાં ગુરુકુળોની વ્યવસ્થા યાદ આવે છે. જો ઉદ્યોગ દ્વારા કેળવણીનો સિદ્ધાંત બરાબર અમલી બને તો ઘણે અંશે સ્વાવલંબનનો સિદ્ધાંત પણ સફળ થાય. આ વસ્તુનો બધોય આધાર શિક્ષક પર છે. એની જેટલી નિષ્ઠા તેટલા પ્રમાણમાં જ વર્ધાયોજનાનું આ અંગ સફળ બને. સ્વાવલંબનનો આધાર શિક્ષકોની તૈયારી પર જ છે.

સાત વર્ષ ફરજિયાત કેળવણીના ઠરાવમાં અંગ્રેજી સિવાય મૅટ્રિક સુધીનો અભ્યાસક્રમ સમાવવાનો વિચાર છે એ તો સર્વસ્વીકાર્ય બાબત હતી અને છે. માતૃભાષા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત હવે તો ચર્ચાપર થઈ ગયો ગણાય. એની પાછળ રહેલું તથ્ય સ્વયંસ્પષ્ટ થઈ ગયું છે.

શિક્ષણમાં અહિંસાનો વિચાર ક્રાંતિકારી છે. ઘણાય વાદો પોતાનું બળ શિક્ષણ દ્વારા પેદા કરવા મથ્યા છે. હિટલરે જર્મનીમાં, મુસોલિનીએ ઇટાલીમાં, લેનીન-સ્ટેલિને રશિયામાં પોતપોતાના વાદ શિક્ષણ દ્વારા ફેલાવ્યા અને તેનાં મૂળ નાખ્યાં. તેમ સમાજમાં અહિંસા સ્થાપવી હોય તો ઉત્તમ માર્ગ શિક્ષણ જ છે. વર્ધા યોજનાની પાછળ અહિંસક સમાજ-રચના, શોષણ વગરની સમાજરચના ઊભી કરવાનો હેતુ પણ છે. કર્મ જ સમાનતા સ્થાપનાર છે એમ ગાંધીજીએ અનેક વાર કહ્યું છે. સમાજમાં કર્મવ્યવસ્થા એવી થાય કે એમાં શોષણને સ્થાન જ ન

રહે. એ સાથે કામ પ્રત્યેનો શોખ પણ પેદા થતાં આજનાં બાળકો ભાવિમાં અહિંસક સમાજરચના કરવા તૈયાર થઈ શકે. એટલે તો વર્ધા યોજના પાછળની વિચારણા બહુ વિશાળ અને ઊંડી છે અને તેથી અહિંસક સામાજિક ક્રાંતિની ભાવનાને લઈને જન્મી છે.

વર્ધા યોજનાની શકયતાઓ :

ઉદ્યોગ દ્વારા શિક્ષણનો સિદ્ધાંત આજે સંપૂર્ણતયા અમલી બની ચૂકયો છે એમ ન કહેવાય. તેના પ્રયોગો થાય છે. ઓછી વધતી સફળતા તેમાં મળે પણ છે. તે ઉપરથી એ સિદ્ધાંતમાં રહેલી મૂળભૂત કેટલીક શકયતાઓનું વિવરણ કરવાનો સમય હવે પાકયો છે એમ કહી શકાય.

(૧) अनुभव द्वारा ज्ञान : કર્મ દ્વારા શિક્ષણ એટલે અનુભવ દ્વારા શિક્ષણ એમ કહેવું યથાર્થ છે. જે જ્ઞાન અનુભવમાંથી પસાર થાય છે, જે જ્ઞાન અનુભવમાંથી ઉત્પન્ન થાય છે તે સ્થાયી હોય છે, સચોટ હોય છે, સાચું હોય છે; કેવળ બુદ્ધિથી વાચન દ્વારા જ મેળવેલું જ્ઞાન ભુલાઈ જાય છે. તેથી સાચું જ્ઞાન અનુભવથી જ લેવાય છે એવો દુનિયાનો અનુભવ છે. આ વ્યવહારુ સિદ્ધાંત જ વર્ધા યોજનાના ક્રિયા દ્વારા શિક્ષણમાં યોજાયો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. બાળકને જે માહિતી આપવામાં આવે તે જ તે ઉદ્યોગમાં અનુભવી જુએ છે. તેનું માહિતી જ્ઞાન આ અનુભવથી દૃઢ બની રહે છે. ગાંધીજીનું આખું ઘડતર આ રીતે જ થયું હતું. જે વાંચ્યું ને ગમ્યું તેનું આચરણ તરત જ કર્યું. તેમાંથી વાંચેલા વિચારની કસોટી થતી અને સારું એટલું લઈ અનુભવમાંથી પસાર થયું તે ગ્રહણ કર્યું, બાકીનું રહેવા દીધું. આવા અનુભવથી જ્ઞાન લેનારા ગાંધીજીની પ્રગતિ ખૂબ ઝડપી થઈ કારણ એમની પ્રવૃત્તિઓ અનેક હતી. કર્મયોગી હોઈ કર્મપરાયણતા અસાધારણ હતી તેથી જ્ઞાન ઝપાટાભેર મળતું ગયું. પોતાના જીવનમાં જે સિદ્ધાંતે કામ કર્યું તે જ એમને કેળવણી સમગ્ર માટે યોજવાનું સ્ફુરી આવ્યું. તેથી આ સિદ્ધાંત એક મહાપુરુષના જીવનમાં પ્રત્યક્ષ

અનુભવમાંથી પસાર થયેલો હોવાથી બાળકોની ને જે કોઈ માટે તે ઉપયોગમાં લેવાય તે સર્વેની ઝડપી પ્રગતિમાં બહુ ઉપયોગી થાય એવો છે.

(૨) બુદ્ધિની કેળવણી: એ ઉચ્ચ બુદ્ધિની કેળવણીમાં પણ જબરો ફાળો આપી શકે તેમ છે. કર્મની સફળતા મનની જાગૃતિ પર છે. કર્મમાં અનેક વસ્તુઓના પરસ્પર સંબંધોનો ખ્યાલ કરવાનો હોય છે. તેમના નવા સંબંધો યોજવાના હોય છે તેથી આપોઆપ બુદ્ધિ તથા વિચાર ઘડાય છે. વસ્તુઓના આંતરસંબંધ વિચારવા ને વધારવા એ જ બુદ્ધિ ને વિચારનું કામ છે. "The highest mark of intellectual capacity lay in the ability to perceive the relation between things" (પ્લેટો). "બુદ્ધિશક્તિનું ઉત્તમ લક્ષણ તો વસ્તુઓના સંબંધો જોવાની શક્તિમાં રહેલું છે." વસ્તુઓના આવા આંતરસંબંધ જોડવા વિચારવાનો અવકાશ જ્ઞાનપૂર્વકના કર્મમાં અત્યંત છે. તેથી વિચાર ને બુદ્ધિની ખિલવણીનો પૂરેપૂરો અવકાશ આ યોજનામાં છે. ઉદ્યોગથી બુદ્ધિ કુંઠિત થાય, જડ થાય એવી કવિ ટાગોરે સેવેલી ભીતિ સાચી ત્યારે જ પડે કે જ્યારે ઉદ્યોગની પાછળ રહેલા તેના ચાલક તત્ત્વજ્ઞાનની ઉપેક્ષા થાય.

(૩) હૃદયની કેળવણી: ત્રીજી મોટી શક્યતા છે હૃદયની કેળવણી સફળ રીતે આપવા બાબત. હૃદયની કેળવણીની જ આજે તો ખોટ છે. આજે માનવી બુદ્ધિ તો ચમકારા મારે છે અને પરસ્પર અથડાઈ ને માનવજાતને નાશને માર્ગે દોરી રહી છે. હૃદય કેળવાય તો જ માનવ વિનાશમાંથી બચે તેમ છે. અથડાઈ કુટાઈ ને તે લાગણીઓને મોડા મોડા વશ રાખતાં શીખે છે, પણ લાગણીઓ અને રાગદ્વેષોને અંકુશમાં રાખતાં શીખવાનો માર્ગ કોઈ હશે ખરો? એ માર્ગ એવો હોય કે જે કોઈ વિરલ સંત કે યોગીને જ પ્રાપ્ય ન હોય પણ માનવ માત્રને સુલભ હોવો જોઈએ.

મનુષ્ય કર્મ કરે છે તે તેની કર્મેંદ્રિય અને જ્ઞાનેંદ્રિયો વડે. એની ઇંદ્રિયોનું અને કર્મનું ચાલાક તત્ત્વ છે લાગણી. જેવી લાગણી તેવું

કર્મ. શુભ લાગણીથી શુભ કાર્ય તરફ ને બૂરીથી બૂરા તરફ માણસ કામ કરવા પ્રેરાય છે. જેવી લાગણી તેવા જ વિચારો પણ હોય છે. જો આમ જ સ્થિતિ છે તો આ હકીકતને જોરે કર્મને લાગણીના ઘડતરમાં ઉપયોગી કરી શકાય — ખાસ કરીને બાળકોની બાબતમાં. વિચારપૂર્વક શુભ કર્મમાં જીવનથી ઊભરાતાં નિર્દોષ બાળકોને પ્રવૃત્ત કરતાં, તે વડે જ્ઞાન આપતાં બાળકોની સદ્‌વૃત્તિઓને જાગ્રત કરી શકાય. ધીમે ધીમે એનું લાગણીતંત્ર ઘડાવા લાગે. સહુની બાબતમાં એકસરખું જ પરિણામ ભલે ન આવે પણ શિક્ષકે જ્ઞાનપૂર્વક યોજેલા ભાવનાને પોષક કર્મમાંથી હૃદયની લાગણીઓનું શુદ્ધિકરણ ને વર્ધન કરવાની ભારે શક્યતા વર્ધાયોજનાના આ સિદ્ધાંતમાં છે એમ માનવામાં કશું ખોવાપણું નથી. ઊલટું તે મુજબ આશાભેર કામ કરતાં એમાંથી શુભ પરિણામો મળવા ચોખ્ખો સંભવ છે.

આ રીતે ક્રિયાનો અનુબંધ કેવળ વિચારો તથા જ્ઞાન સાથે જ નહીં પણ ક્રિયાપ્રેરક લાગણીઓ સાથે પણ કરી શકાય અને તેમ કરતાં હૃદયની કેળવણીનો પ્રશ્ન પણ ધીરે ધીરે ઉકેલી શકાય. આને માટે મનુષ્યસ્વભાવનું ઊંડું જ્ઞાન આવશ્યક છે. એવા જ્ઞાનનો લાભ લઈ કર્મ દ્વારા કેળવણીના સિદ્ધાંતને Theory of natural consequences (કુદરતી પરિણામોના સિદ્ધાંત) નો પૂરક સિદ્ધાંત બનાવી શકાય. મથામણ અને અથડામણ વડે માણસ માત્ર ઘડાય છે. મનને ફાવે એ રીતે કામ કરતાં અથડામણોને અંતે માણસ સાચા જ્ઞાનને પામે છે. અથડામણો ઊભી કરનાર સ્વચ્છંદતાની પ્રેરક લાગણીઓ પણ મથામણોથી જ ઘડાય છે. આવી અથડામણોમાંથી બચવાને જ્ઞાનપૂર્વક યોજેલાં ક્રિયા તથા ઉદ્યોગ લાગણીનું ઘડતર કરી શકે, સ્વચ્છંદતાને ક્રમશઃ અંકુશમાં લાવી શકે, અને એ રીતે બાળક એક દુઃખદાયક ચકરાવામાંથી બચી જઈ શકે. પુખ્ત માણસને માટે પણ એ એટલો જ ઉપયોગી થાય. આજે આ વસ્તુ સિદ્ધ થઈ છે એમ નથી; તે સિદ્ધ થઈ શકે એ વિષે મુદ્દલ શંકાને સ્થાન નથી.

(૪) સાચો સમાજવાદ: સાચા સમાજવાદની સ્થાપના મજૂરીની સમાનતાના પાયા ઉપર તેનાં મંડાણ કર્યાં વગર અશક્ય છે. મૂડીની ને ઊપજની સમાન વહેંચણી — સમાન એટલે શક્તિ મુજબ કામની વહેંચણી – વડે જ સાચા અર્થમાં સમાજવાદ હયાતીમાં આવી શકે. સમાજવાદને સૌ ઇચ્છે છે. પણ શરતી સમાજવાદ આપણને નથી જોઈતો. રશિયાનો આજનો સામ્યવાદ કોને ખપે તેવો છે? વ્યક્તિનો વિકાસ થવા દે ને છતાં સમાજમાં એકતા ને સંસ્કારિતાનું ઊંચું ધોરણ ટકી રહે એ જ સાચો સમાજવાદ. બળજબરીથી એ ન ટકે. એને માટે તો વ્યક્તિની સ્વતંત્રતા જળવાવી જોઈએ ને તેની જ સાથે તેનામાં સાચું નાગરિકત્વ કેળવાવું જોઈએ. એવો એકેય માર્ગ નથી કે જેના વડે માનવ માનવ વચ્ચે સમાનતા જળવાઈ રહે — સિવાય મજદૂરી. મજૂરીના, મહેનતના ભાગ પડતાં જ, તેમાં ઊંચનીચનો ભાવ દાખલ થયો અને અસમાન વર્ગો અસ્તિત્વમાં આવ્યા. તેથી જો સાચી સમાનતા પૃથ્વી પર લાવવી હોય, સર્વોદયને સિદ્ધ કરવો હોય તો મજદૂરીની સમાનતા વાસ્તવિક બનાવવી જોઈએ.

એક અંગ્રેજ કવિએ મૃત્યુને સમાનતાનું સર્જક કહ્યું છે: Death, the leveller. પણ તે તો માણસના મૃત્યુ પછી સમાનતા સ્થાપે છે. જીવતાં જાગતાં જો સમાનતા સિદ્ધ કરવી હોય તો Work-the leveller ને લોકપ્રિય બનાવવું રહ્યું. રાય રંક, નાનાં મોટાં, સ્ત્રી પુરુષ સૌને મજૂરી સમાન બનાવી દે તેમ છે. ગાંધીજીએ કામને (Great equalizer) મોટું સમાનતાકાર તરીકે ગણાવ્યું છે. ગાંધીજીની સર્વોદયની કલ્પનામાં આવું જ કંઈ ચિત્ર છે. એ ચિત્ર આજે ભલે કાલ્પનિક હોય, 'મૂરખરાજ'માંનું એવું ચિત્ર ભલે આજે વાર્તાનો એક કલ્પનાવિહાર હો, પણ સમાજવાદને સાર્થક કરવાને તો તેમાં સૂચિત કરેલો મજૂરીનો સિદ્ધાંત જ એક માત્ર વાસ્તવિક વસ્તુ છે. મજૂરીના સિદ્ધાંતને સર્વવ્યાપક સર્વપ્રિય બનાવ્યા વિના નથી સાધી શકાવાનો સમાજવાદ કે સર્વોદય.

વર્ધા યોજના ઉદ્યોગનો પ્રેમ શીખવે છે, તેની અગત્ય સમજાવે છે, તેનું જીવનમાં રહેલું અનન્ય સ્થાન સમજાવે છે. તેટલે અંશે વર્ધા યોજના સર્વોદયની કેળવણી છે, સમાજવાદની કેળવણી છે. વર્ધા યોજનામાં રહેલી આ શકયતાનો જેટલે અંશે લાભ લેવાય તેટલે અંશે સમાજવાદના આદર્શની નજીક પહોંચી શકાશે.

"તેથી કરીને, સાચી કેળવણી — કે જેનો અર્થ વ્યક્તિનો વિકાસ અને સામાજિક પ્રગતિ બંને થાય છે તેની દૃષ્ટિએ ગાંધીજીની યોજનાની શકયતાઓ અમાપ છે." (સ. કે. પૃ. ૫૧)

લેવા જેવી સાવચેતીઓ : વર્ધા યોજનાનું હજુ તો ખેડાણ થઈ રહ્યું છે. તેનું પ્રયોગજીવન હજું પૂરું થયું નથી. આ દશામાં — ગાંધીજીની ગેરહાજરીમાં ખાસ કરીને — જો તેને વિષે કેટલીક સાવચેતીઓ ન રખાય તો તેને અન્યાય થવાનો સંભવ રહે છે. એના વિસ્તાર ને પ્રચારની ઉતાવળ ન હોવી જોઈએ. એમ થતાં એના હાર્દને ભૂલી કેવળ તેના ખોખાને જ પકડતાં જે અમલમાં આવશે તે વર્ધા યોજના નહીં હોય પણ પ્રાણ વિનાનું તેનું શબ હશે. આજની કૉંગ્રેસ સરકારો આ બાબતમાં ઉતાવળ કરતી દેખાય છે. એ ઉતાવળનાં પરિણામો પ્રાથમિક શાળાના શિક્ષકોમાં થયેલી જબ્બર પ્રતિક્રિયામાં જોઈ શકાય છે. કારણ વર્ધા યોજનામાં આદર્શનું તત્ત્વ આજના જમાનાના હિસાબે વધુ પ્રમાણમાં છે. અનુભવ ને વ્યવહાર પર એ નિર્ભર રહી શિક્ષણ આપવાની હિમાયત કરે છે છતાં તેના કેટલાક અંશોમાં આદર્શપરાયણતા છે. શિક્ષક આદર્શ અને સજ્જનતાથી સુસજ્જ હોવો જોઈએ એ એક વાત. તેની સાથે વિદ્યાર્થીને ઉદ્યોગમાં રસ જાળવી રાખવાનો પ્રશ્ન એ બાજી વાત. વર્ધા યોજનામાં મૂળ તો સંપૂર્ણ સ્વાવલંબનનો સિદ્ધાંત હતો તે તો આજે ઘણાને અશકય આદર્શ જેવો લાગે છે. વિદ્યાર્થીઓના ઉત્પાદનને શિક્ષકોના પગાર સાથે કોઈ પણ રીતે સાંકળવામાં ભય છે જ. યોજનાના સિદ્ધાંતોને વળગી રહી સંજોગો અનુસાર તેનો અમલ કરતાં જ

આ યોજનાને વ્યાપક બનાવી શકાય તેમ છે, એને સારુ શિક્ષણશાસ્ત્રીઓ જેટલી મથામણ કરે તેટલી ઓછી છે.

એનો સ્વતંત્ર ઉદ્‌ભવ: પશ્ચિમમાં પ્રવૃત્તિશાળા (Activity School) ની હિમાયત સારી પેઠે થઈ રહી છે. આ પ્રવૃત્તિશાળાની હિલચાલ રૂસોના જમાનાથી શરૂ થઈ અને તેનું છેલ્લું સ્વરૂપ તે Project Method. રૂસોથી માંડી જોન ડયુઈ સુધીના કેળવણીકારોની પરંપરામાં આ પ્રવૃત્તિશાળાનો ક્રમશઃ વિકાસ થયો. એમાં જુદા જુદા વિચારકોએ પોતાનો સ્વતંત્ર ફાળો આપતાં જુદી જુદી પદ્ધતિઓ જેવી કે મોંટેસરી મેથડ, પ્રોજેક્ટ મેથડ વગેરે અસ્તિત્વમાં આવી.

મૌલિકતા: કામ દ્વારા કેળવણીના સિદ્ધાંત વિષે ગાંધીજી પોતે અપૂર્વતાનો દાવો કરે છે. "આ વિચાર નવો અને મૌલિક છે. એ ખોટો પુરવાર થાય એથી એની મૌલિકતામાં બાધ આવતો નથી. અને કોઈ મૌલિક વિચારને મોટા પાયા પર અજમાવી જોયો ન હોય ત્યાં લગી તેના પર સીધો ઘા કરવો ઉચિત નથી." (કે. કો. પા. ૪૨૯) આટલામાં ગાંધીજીએ મૌલિકતાની વ્યાખ્યા પણ આપી દીધી. પણ એ મૌલિકતાની ભૂમિકા પણ તેમના શબ્દોમાં વર્ધા યોજના અંગેના લખાણમાંથી મળી આવે છે: "પણ હું જે લખી રહ્યો છું તે ૧૯૨૦ થી રાષ્ટ્રીય શાળાઓને વિષે જે કંઈ મેં કહ્યું છે ને લખ્યું છે તેના મૂળમાં છુપાયેલું જ હતું. એ, મારી પાસે વખત આવ્યો એટલે, એકાએક પ્રગટ થયું છે, એવો મારો દૃઢ વિશ્વાસ છે." (કે. કો. પા. ૪૫૦) એ મૌલિક વિચાર અને સત્ય કેમ પ્રગટ થયું તે પણ તેમની પાસેથી જાણવા મળે છે: "અને જે વસ્તુ હું આ પત્રમાં બહુ અધૂરી ભાષામાં વ્યક્ત કરવા મથી રહ્યો છું તેનું દર્શન મને એકાએક ઝબકારાની પેઠે થયું છે, અને એ સત્યની પ્રતીતિ મને દરરોજ વધારે ને વધારે થતી જાય છે." (કે. કો. પા. ૪૪૬) આ વિચાર અંગેનો મૌલિકતાનો આ દાવો એમના કેળવણી વિષયક વિચારોના ઇતિહાસ પરથી સ્હેજે સ્પષ્ટ થઈ રહે છે.

ગાંધીજીએ પશ્ચિમના કેળવણીકારોનું વાચન કરીને પોતાની યોજના પેદા નથી કરી. એમનું એ દિશાનું વાચન નજીવું હતું. એમની યોજના તો એમના જીવનના અનેક પ્રયોગોમાંથી પ્રાદુર્ભાવ પામી. એ જ એની મૌલિકતા. એમની જીવનફિલસૂફીનું એ પક્વ ફળ છે. તેથી આચાર્ય કૃપાલાનીના કથન સાથે સંમત થતાં કહીશું કે, "ગાંધીજીની આ નવી યોજના કેવળ શિક્ષણપદ્ધતિ જ નથી; ને કેવળ અમુક કે તમુક અભ્યાસક્રમ પણ નથી; તે તો સમાજના સિસૃક્ષુ વર્ગને માટે, સર્વોદયની દષ્ટિએ કામ કરવા માગતા સમાજે, અને તેના સર્વાંગીણ વિકાસને અર્થે, શું કરવું એનો વિચાર છે." (સ. કે. પ્ર. પૃ. ૪)

જીવનની દૃષ્ટિ : આમ વર્ધા યોજના કેવળ યોજના જ નથી. એ તો જીવનની નવી દૃષ્ટિ છે. એનું હાર્દ છે કર્મ દ્વારા જીવનની ઉન્નતિ. બાળકથી માંડી વૃદ્ધ સુધી સૌ કોઈ જ્ઞાનમય કાર્યથી પ્રગતિ સાધી શકે છે. ગાંધીજીએ પોતાના જીવનમાં આ સિદ્ધાંત ઉત્તમ રીતે આચરી બતાવ્યો. એમની ચકિત કરે એવી ઝડપી પ્રગતિ આ સિદ્ધાંતની સત્યતાને જ આભારી છે.

રસનાં ઝરણાં : પણ કર્મનો આટલો મોટો ઊંડો અને વ્યાપક અર્થ બતાવનાર ગાંધીજીના જીવનમાં શુદ્ધ કર્મમાંથી બીજું પણ ઘણું નીપજ્યું છે. એમના અવિરત શુદ્ધ અનાસક્ત કર્મમાંથી જ પ્રચંડ શ્રદ્ધા અને જીવંત રસ પણ પેદા થયાં. એમાંથી જબરજસ્ત પ્રતિભા પણ જન્મી. કર્મમાં રસ પણ છે, જીવંત રસ પણ છે એના સાક્ષી તરીકે ગાંધીજીનું જીવન ઉત્તમ ઉદાહરણ છે. એટલું જ નહીં પણ એમનું સાહિત્ય પણ લોકો રસથી વાંચે છે કારણ કે એમાં જીવંત કર્મયોગી જીવનનાં ઉદાત્ત રસનાં ઝરણાં વહે છે. ગાંધીજીએ નિબંધ સિવાય બીજું કશું સાહિત્યસ્વરૂપ ખેડ્યું નથી છતાં એમના નિબંધ વિદ્વાન કે સામાન્ય વાચક ખૂબ રસથી વાંચે છે. એ વ્યાપકપણે વંચાય છે કારણ કે એમાં જીવનનો જીવંત રસ છે. એ રસ સાહિત્યમાં કેમ અને કઈ રીતે ઊતર્યો તે હવે જોઈશું.

૫

ગાંધીજી સાહિત્યકાર ખરા ?

"મારે હિંદને કંઈ આપવાનું છે તે બીજાની પાસે તેટલા જ પ્રમાણમાં નથી એમ હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. ઘણા પ્રયત્ને મેં કેટલાક સિદ્ધાંતો મારા જીવનમાં ગોઠવ્યા છે ને તેને અમલમાં મૂક્યા છે તેથી મને સુખ મળ્યું છે. मारा सुखनो अनुभव. હિંદને કરાવવાની મને ભારે अभिलाषा છે. એનું एक साधन તે વર્તમાનપત્ર છે." (૧૯૧૯ના नवजीवननो પ્રથમ અંક: 'અમારો ઉદ્દેશ' લેખમાં).

પોતાને એક ખેડૂત, ભંગી કે વણકર તરીકે ઓળખાવનાર ગાંધીજીએ કદાપિ પોતાને સાહિત્યકાર તરીકે ગણાવવાનો દાવો નથી કર્યો. તેમ છતાં એ એક નક્કર હકીકત છે કે, તેઓ પોતાનાં લખાણો વડે ગુજરાતીઓના હૃદયમાં સદાનું સ્થાન પામ્યા. નવજીવન અને હરિજનબંધુમાં વર્ષો સુધી સતત વહેતી લેખધારા વડે તેમનાં મન જીતી શક્યા હતા. ગુજરાતના રૂપ-પલટામાં ગાંધીજીનાં લખાણોનો અનેરો ફાળો છે.

પણ એક કાળ એવો હતો જ્યારે ગાંધીજીને સાહિત્યકાર ગણવા અંગે આશંકા ધરાવવામાં આવતી. ૧૯૧૮માં સાહિત્યપરિષદના પ્રમુખ બનાવવા એમનું નામ ડૉ. હરિપ્રસાદ દેસાઈએ સૂચવેલું ત્યારે ગાંધીજીની સાહિત્યકાર તરીકેની લાયકાત વિષે જોરશોરથી ચર્ચા ઉપડેલી. બીજાં ક્ષેત્રોમાં ગમે તેટલા તેઓ મહાન હોય તેથી તેમને સાહિત્યપરિષદના પ્રમુખ થવા જેટલી લાયકાત નથી મળતી એમ શ્રી રમણભાઈની દલીલ હતી. પરિણામે ગાંધીજી આ ચર્ચાસ્પદ ઝઘડામાં પડ્યા નહીં; પ્રમુખ થવાની પોતાની લાયકાત વિષે પોતે જ આશંકા બતાવી હતી.

છેલ્લે છેલ્લે એમના જીવન દરમ્યાન અને આજે એમના મૃત્યુ પછી સાહિત્યકાર તરીકે એમને ગણવા ગણાવવામાં સંકોચ નહીં પણ સંતોષ વ્યક્ત કરવામાં કેટલાક વિવેચકો આનંદ માને છે. તોપણ જમાનાજૂની આશંકા બધાય સાક્ષરોના મનમાંથી નિર્મૂળ થઈ હોય એ અસંભવિત છે. હજુ પણ ક્યાંક ક્યાંક ચર્ચા ચાલે છે કે "ગાંધીજી સાહિત્યકાર ખરા કે નહીં ? ઘણા વિદ્વાનો ગાંધીજીને સાહિત્યકાર તરીકે સ્વીકારતાં મુખ મરડે છે. ગુજરાતી સાહિત્યપરિષદના તેઓ પ્રમુખ થાય, તેમાં વિવેકનો અભાવ જુએ છે." (જી. સા. પૃ. ૩૨૦) આજે એ પ્રશ્ન ભલે પહેલાં જેટલો ચર્ચાસ્પદ નહીં હોય તોપણ તેનું શાસ્ત્રીય નિરાકરણ કરી શંકાને નિર્મૂળ કરવાની જરૂર છે જ.

સ્વભાવનમ્ર ગાંધીજીએ તો કશાય મોટા પદ માટે દાવો નથી કર્યો. એમણે તો સદાય ફરજ અદા કરીને જ સંતોષ માન્યો છે. જે નૈતિક જવાબદારી અને સત્તા એમને મળ્યાં તે તેમની સેવાની નીપજ હતાં. રાષ્ટ્રપિતાનું બિરદ મળ્યું છતાં પોતાને એક સેવક તરીકે ઓળખાવતા, મહાસભાના સૂત્રધાર બન્યા તોય એક અદના મહાસભાવાદી પણ પોતાને ન રહેવા દીધા. જ્ઞાની અને નેતા હોવા છતાં એક ખેડૂત કે વણકર તરીકે પોતાની ઓળખાણ આપવામાં ગૌરવ લેતા. પ્રજાએ એમની આપેલી આ ઓળખની કદાપિ ગેરસમજ નથી કરી. પ્રજા પ્રથમથી જ સમજતી આવી છે કે તેઓ રાષ્ટ્રના અનન્ય સેવક હતા તેથી જ રાષ્ટ્રપિતા બન્યા હતા, સાચા મહાસભાવાદી હતા તેથી જ મહાસભાના સૂત્રધાર હતા. પ્રજા વસ્તુની બંને બાજુ સમજે છે. સાહિત્યકાર હોવાનો દાવો ગાંધીજીએ નથી કર્યો છતાં પ્રજાએ ગાંધીજીનું સાહિત્ય જ ખૂબ વાંચ્યું ! ગાંધીજીના સાહિત્યની કદર કરવામાં ગુજરાતી પ્રજા પાછી નથી પડી. નવજીવન પ્રકાશનનાં પુસ્તકોની વ્યાપક માંગ અને ખૂબ ખપત ગાંધીસાહિત્યના બહોળા પ્રચારની સીધી સાબિતી છે. એમની સાહિત્યકાર તરીકેની ગણનામાં કંઈક ઢીલ થવા પામી તેનું બીજું કારણ એ કે તેમણે કદાપિ સાહિત્યમાં કારકિર્દી (career) શોધી

નહોતી. ઊલટું, એમના જીવનકાર્યનું તે સાધન બન્યું હતું. સાહિત્યના શોખને ખાતર એમણે વાચન નહોતું કર્યું. ઉચ્ચ સાહિત્યમાં રસ હોવાથી તેવું સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં એમણે વાંચેલું ખરું. પરંતુ સાહિત્યના વાચન કે લેખન માટે એમણે જીવન ખર્ચવું ઉચિત નહોતું ધાર્યું. પણ જે સત્યશોધને એમણે પોતાનું જીવન અર્પણ કરેલું હતું તેની અભિવ્યક્તિનું સાધન સાહિત્ય બન્યું. "એવી શોધ કરતાં મને અનેક રત્નો મળ્યાં છે. તે મારે હિંદની પાસે મૂકવાં છે. એની જાહેરખબરરૂપ આ નવજીવન છે." (૧૯૧૯ અંક. ૧. 'અમારો ઉદ્દેશ').

સત્યની અવિરત શોધ કરતાં કરતાં ગાંધીજી પાસે કંઈક અપૂર્વ કહેવાનું ઘણું એકઠું થયું. સાહિત્યકારને પણ કંઈક અપૂર્વ કહેવાનું હોય છે. ગાંધીજી પાસે જે કહેવાનું હતું તે બીજા કોઈ પાસે ન હતું — 'તેટલા પ્રમાણમાં ન હતું.' વળી જીવનના સિદ્ધાંતો ગોઠવવામાં અને અમલમાં મૂકવામાં એમને 'સુખ' મળ્યું. સાહિત્યકાર પણ સાહિત્ય સર્જન પહેલાં કંઈક અનેરું આંતરિક સુખ ને આનંદ અનુભવે છે જે તે વ્યક્ત કર્યાં વિના રહી શકતો નથી. "આનંદ એ વસ્તુ જ એવી છે કે એનો અનુભવ લેવા માટે બીજાને નોતરવાથી બેવડાય છે." (જી: આ. પ્ર.) ગાંધીજીએ પોતાના જીવનસિદ્ધાંતોમાંથી જે આનંદ મેળવ્યો તેના ભાગીદાર બનાવવાને એમણે આખા હિંદુસ્તાનને નોતર્યો તે પણ એ આનંદને અનેકગણો કરવાને જ. એમનો આનંદ સૂક્ષ્મ પ્રકારનો હતો. વસ્તુ અને રૂપ કે સુંદર આકૃતિમાંથી મેળવાતો ઇંદ્રિયજન્ય કે મનોમય આનંદ નહીં પણ તે ઇંદ્રિયાતીત સૂક્ષ્મ આનંદ હતો. ઋષિમુનિઓને ધ્યાનાવસ્થામાં તત્ત્વપ્રાપ્તિ થતાં જે અલૌકિક આનંદ થાય તે પ્રકારનો ગાંધીજીનો આનંદ હોવો જોઈએ. તત્ત્વપ્રાપ્તિની આનંદમસ્તીમાં ઋષિમુનિઓ પણ એકાએક ગાઈ ઊઠતા. ગાંધીજી પોતાની સત્યની શોધની સફળ યાત્રામાં પેદા થતા આનંદને વ્યવહારની સપાટી પર લાવી તેને લોકભોગ્ય બનાવવા સારુ સદાય સાદી સરળ ભાષામાં જ વ્યક્ત કરતા. એવા આનંદની જાહેરખબરરૂપ નવજીવન બની રહે છે!

વળી, પોતાના આનંદને પોતે જ માણીને બેસી નથી રહેતા પણ તેનો અનુભવ આખા હિંદને કરાવવાની એમને ભારે 'અભિલાષા' છે. આ અભિલાષા સાહિત્યકારની સિસૃક્ષાને મળતી જ છે. ગાંધીજીની અભિલાષા પણ અદમ્ય અને અસાધારણ હતી. એમાંથી જે લખાણની અખૂટ ધારા વહી તેમાંથી એમનું વિપુલ સાહિત્ય જન્મ્યું. "આનંદની આ સર્જકતા અદમ્ય હોય છે અને એ સર્જનને કારણે વળી નવા આનંદની સેરો છૂટે છે તે જુદી જ. (જી. આ. પ્રસ્તાવના) ગાંધીજીને વિષે એમ જ બન્યું. એમણે વહેવડાવેલી જીવંત સાહિત્યસરિતાથી દેશમાં નવા પ્રાણનું સંચરણ થયું, અનેકોનાં જીવન પ્રફુલ્લિત થયાં અને એ પ્રફુલ્લિત થયેલાં જીવન અન્ય અનેક અને અજાણ દેશજનોને પ્રેરણાદાયી થઈ પડયાં.

એમના આ સાહિત્યસર્જનમાં નાટક, નવલકથા, નવલિકા, વાર્તા વગેરે વાઙ્મયનાં વિવિધ સ્વરૂપો ઉપયોગમાં નથી લેવાયાં; પણ નિબંધ-સ્વરૂપ ખૂબ ખેડાયું ગણાય. એમને સાહિત્યના સ્વરૂપ સાથે નિસ્બત નહોતી. જ્યારે શુદ્ધ સાહિત્યમાં સ્વરૂપ (form) જ મુખ્ય બને છે. સ્વરૂપની સુંદરતાની ઉપેક્ષાને લીધે ગાંધીજીને શુદ્ધ સાહિત્યના સર્જનકાર ન કહી શકાય. એમને મન તો સત્ય અને તેનો આચાર કરતાં જીવનસ્વરૂપની સુંદરતા જ અગત્યની હતી. એમને તો સત્યનું સૌંદર્ય બતાવવું હતું. એમને તો સત્યના પાલનથી મળતા સુખનો આનંદ આમપ્રજાને કરાવવો હતો. આવા હેતુથી લખનાર ગાંધીજી લલિત વાઙ્મયના સ્વરૂપ વિષે માથાફોડ ન કરે એ સહજ છે. સ્વરૂપ સર્જન નહીં પણ સત્યની સરળ અભિવ્યક્તિ એ જ એમના સાહિત્યસર્જનનો ઉદ્દેશ હોઈ સ્વરૂપની ઉપેક્ષા થવા પામી. એમને ઉપયોગી એવું સાહિત્યસ્વરૂપ તે નિબંધ. સાપ્તાહિકોમાં નિબંધસ્વરૂપ જ બંધબેસતું આવે.

જેણે લખાણમાં સ્વરૂપ (form)ના સૌંદર્યની બેપરવાઈ કરી, જેણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો લક્ષમાં ન લીધાં અને જેણે સાહિત્ય સાહિત્યને ખાતર ન લખ્યું તેવા ગાંધીજીને સાહિત્યકાર કહી શકાય

ખરા ? પણ આની પડછે એવો જ સામો પ્રશ્ન પણ થાય છે કે જેણે લાખોને પ્રેરણા આપે એવું જીવંત ને અમર સાહિત્ય સર્જી દેશમાં પ્રાણ રેડ્યો, જેના સાહિત્ય તરફ લોકો આકર્ષાયા, જેનું સાહિત્ય ખૂબ પ્રચાર પામ્યું, જેના સાહિત્યમાં ચેતનના ધબકાર સંભળાયા તેના લખાણને શું સાહિત્ય નહીં કહીશું ? જીવનને વધુ ચેતનભરી રીતે, વધુ બુદ્ધિપૂર્વક તેના અંતરંગો તરફ ધ્યાન ખેંચી તેના સૌંદર્યનું ભાન કરાવવું તે સાહિત્યનું કામ. વળી સાહિત્યકારની જેમ તેમની પોતાની પાસે કંઈક અપૂર્વ કહેવાનું હતું, એ કથન કરવાની ભારે અભિલાષા હતી. આમ સાહિત્યકારની જેમ ગાંધીજીમાં અપૂર્વતા અને અદમ્ય સિસૃક્ષા હતાં પણ તેમનો પ્રકાર નવો ને જુદો જ હતો.

એક બાજુ ગાંધીજીના સાહિત્યને શુદ્ધ સાહિત્ય કહી શકાય તેમ નથી (કેટલાક લેખો, ભાષણો અને आत्मकथा સિવાય) તેમ તેમના લખાણને સાહિત્યની ગણનામાંથી બાકાત પણ રાખી શકાય તેમ નથી. સાહિત્યનું કામ છે લોકોને પ્રેરણા આપવાનું, સૌંદર્યનું ભાન ને પાન કરાવવાનું અને જીવનનાં ઉચ્ચ મૂલ્યોની સમજ આપવાનું. ગાંધીજીના સાહિત્યે આ કામ કર્યું છે એટલું જ નહીં પણ સરસ રીતે કર્યું છે. તેમના સાહિત્યનાં પ્રેરક બળો ભલે જુદાં હોય પણ તેમનું સર્જન સાહિત્ય છે એમ જરૂર કહી શકાય.

વાઙ્મયના બે પ્રકાર આમ પાડી શકાય: (૧) લલિત (૨) ઇતર. લલિત સાહિત્ય ગાંધીજીએ જાણીને નથી લખ્યું, એ લખવાની એમની તૈયારી નહોતી. ઇતર સાહિત્યના બે ભાગ પાડી તેને (૧) બોધક અને (૨) પ્રેરક તરીકે ઓળખાવી શકાય. ગાંધીજી પાસે કંઈક અપૂર્વ એવું દેશને ને દુનિયાને કહેવાનું હતું તેથી તેમનું સાહિત્ય બોધક કહેવાય. પરંતુ બોધક હોવા સાથે જ તે પ્રેરક પણ એટલું જ હતું. એ સાહિત્યે જે વ્યાપક અને અપૂર્વ જીવનપરિવર્તનકારી પ્રેરણા અનેકોને આપી છે તેટલી બહુ થોડા જ સાહિત્યકારોના સર્જને આપી હશે. એમના જીવન દરમ્યાન જ એમના પર અને એમના ઉપદેશ પર લખાયાં તેટલાં

પુસ્તકો ભાગ્યે જ કોઈ અન્ય મહાપુરુષ વિષે લખાયાં હશે. આનું કારણ એમના પોતાના સાહિત્યની પ્રેરકતા જ છે. પ્રેરણા આપવી એ સાહિત્યનો ગૌણ નહીં એવો અગત્યનો ગુણ છે અને તેથી ગાંધીજીનું સાહિત્ય લલિત ન હોવા છતાં સાહિત્ય તરીકે પ્રચાર પામ્યું અને તે સૌને ભાવ્યું પણ ખૂબ.

ગાંધીજીના સાહિત્યને વિવેચનના કોઈ નિશ્ચિત ચોકઠામાં ગોઠવ્યું ગોઠવાય તેમ નથી. એટલે એને બોધક અને પ્રેરક સાહિત્યની ગણનામાં મૂકીને જ સંતોષ માનવો જોઈએ. અપૂર્વ પ્રતિભાથી જીવંત સાહિત્ય લખનાર ગાંધીજી એક સાહિત્યકાર જ નહીં પણ તેથી ઘણા વધુ હતા. એમના સાહિત્યની વિપુલતા, તેની સરળતા અને સચોટતા સાથે તેમાં રહેલું ગૌરવ, તેમાંનો વિચારભાવ અને કથનરીતિનું નાવીન્ય એમને એક સમર્થ સાહિત્યકાર તરીકે સ્થાપે છે એટલું જ નહીં પણ એમણે ગુજરાતી સાહિત્યમાં યુગસર્જન કર્યું તેથી તેમને રા. રમણલાલ દેસાઈ સાહિત્યમાં યુગપ્રવર્તક તરીકે ઓળખાવે છે. "ગાંધીજી હિંદના યુગપ્રવર્તક છે એટલું જ નહીં, ગુજરાતી સાહિત્યના પ્રેરક છે એટલું જ નહીં, તેઓ જાતે એક મહા સમર્થ સાહિત્યકાર છે. વર્તમાન યુગનું ગુર્જર સાહિત્ય એ ગાંધીઅંકિત સાહિત્ય છે. માટે વર્તમાન સાહિત્ય સમયને હું ગાંધીયુગ કહું છું." (જી. અને સા. પૃ. ૩૨૮) માટે જ તેમને કેવળ એક સાહિત્યકાર કહેવામાં સ્વાભાવિક રીતે જ સંકોચ રહે.

પ્રેરક બળો

"લખવાને દિવસે જેમ મને અંતર્યામી દોરે છે તેમ લખું છું એમ કહી શકાય. જે ક્રિયા મારામાં ચાલે છે તે અંતર્યામીની છે એમ કહી શકાય કે નહીં એ હું નિશ્ચયપૂર્વક નથી જાણતો. પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારાં મોટામાં મોટાં કહેવાયાં છે તે અને નાનામાં નાનાં ગણાય તે કાર્યો કર્યાં છે, તે તપાસતાં તે અંતર્યામીનાં પ્રેરાયલાં થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું." (આ. ભા. ૨. પૃ. ૪૧)

સમજણા થયા ત્યારથી ગાંધીજી સત્યના શોધક બની રહ્યા. એ શોધની સાથે જીવનશુદ્ધિ અને હૃદયશુદ્ધિનો એટલો જ પ્રખર આગ્રહ રાખતાં રાખતાં પોતાના અંતરની સ્ફુરણાને કે અંતરના અવાજને અનુસરવાની ટેવ ઘણી વહેલી પડેલી. એ અવાજને તેઓ અંતર્યામીનો અવાજ ગણતા. આગળ જતાં ઈશ્વરાર્પણબુદ્ધિથી સેવાકાર્ય કરતાં એ અંતરનો અવાજ સ્પષ્ટ થતો ગયો, એટલું જ નહીં પણ તે તેમના નાના મોટા દરેક કાર્યનો પ્રેરક બની રહ્યો. એમના લેખનકાર્યને સારુ પણ એ જ જવાબદાર હતો. કંઈક લખવું છે એ ભાન સાથે લખવા બેસતાં લેખનકાર્યની સાદ્યંત પ્રેરણા તો એ અંતઃસ્ફુરણા જ હતી. આથી એમનું સમગ્ર લખાણ આંતરપ્રતીતિનું લખાણ કહેવાય. લખવા ખાતર એમણે કશું નથી લખ્યું.

અંતરનો તે અવાજ બુદ્ધિ અને વિવેકની છણાવટમાંથી અવશ્ય પસાર થતો. તેથી એમનું લખાણમાત્ર બુદ્ધિશુદ્ધ પ્રેરણાકાર્ય બની રહ્યું. વિશેષમાં એ પણ એક નોંધપાત્ર હકીકત છે કે એમનું લેખનકાર્ય એમના સત્યના પ્રયોગો પૈકી એક હતું. અંતિમ સત્ય ન મળે ત્યાં સુધી એમના પ્રયોગો જીવનભર ચાલુ જ રહ્યા અને એની પ્રાપ્તિ માટે અનેક પ્રવૃત્તિ એમણે આદરી તે પૈકી એક તે આ લેખનપ્રવૃત્તિ. "આ કથા ટીકાકારોને સંતોષવા નથી લખાતી. સત્યના પ્રયોગોમાંનો આ પણ એક પ્રયોગ જ છે." (આ. ભા. ૨. પૃ. ૪૩) આત્મકથાને અંગે આ કથન જેટલું સાચું છે તેટલું એમનાં બધાંયે લખાણને માટે સાચું છે.

ભવિષ્યની નાહક ચિંતામાં ન પડનાર ગાંધીજીને મન 'એક ડગલું બસ થાય'નો મંત્ર એક વ્યવહારસૂત્ર બન્યો હતો. ઈશ્વરાર્પણ-બુદ્ધિથી કામ કરનારને લાંબી યોજના કરવાની નથી હોતી; જે કંઈ આયોજન કરવું પડે તે ખપ પૂરતું અને તત્કાળનું. લેખનકાર્યમાં પણ એમણે તત્કાળ પૂરતું ઉચિત એટલું લખીને સંતોષ માનવાનું યોગ્ય ધાર્યું. પ્રત્યેક કામ પૂરતી પ્રેરણા મળી રહેતી તેમ લખાણમાં પણ બનતું. છતાં દરેક કાર્યને આમૂલાગ્ર તપાસી તેની વર્તમાન પૂરતી

અગત્ય જોઈ લઈ, તેને ન્યાય આપતા. આ કારણને લીધે 'આત્મકથા' પણ કટકે કટકે જ લખાઈ. 'હિંદ સ્વરાજ' સિવાય એમનાં બધાંય લખાણો છૂટક છૂટક અને પ્રસંગોપાત્ત થવા પામ્યાં.

બધીય પ્રવૃત્તિની પાછળ જેમ ધર્મભાવના કામ કરી રહી હતી તેમ એમના લેખનકાર્ય વિષે પણ તે જ પ્રેરક બળ બની. તેઓ એક પ્રખર ધર્મપુરુષ હતા તેની સાથે જ એક જબ્બર ધર્મ પ્રચારક પણ હતા. આ અસાધારણ પ્રચારક ગુણને લીધે જ પોતાની અનુભૂતિ તેઓ દેશ અને સમાજને આપવા પ્રેરાયા. "ધર્મપ્રચારકની જેમ તેઓ પણ ભાષાને એક સમર્થ, ચોક્કસ, સ્થાયીતમ, વિશાળતમ સાધન તરીકે વાપરે છે." (રા. વિ. પાઠક: ગાંધીજીનું ગદ્ય) ભાષાનો આવો બૃહદ્ ઉપયોગ જોકે પોતાના જમાનાને ઉદ્દેશવા માટે કરે છે, તત્કાળના પ્રશ્નોની છણાવટ જ તેઓ તે દ્વારા કરે છે છતાં એમાંથી નીપજતું લખાણ સાર્વલૌકિક અને ચિરંતન બની રહે છે, કારણ કે એની પાછળનું પ્રેરક બળ પોતે જ ચિરંતન છે. સ્થાયીતમ માર્ગ બતાવી સમાજજીવનને ઉત્કૃષ્ટ બનાવવાનો મહાન ઉદ્દેશ એમનાં લખાણોને સર્વકાળનું સર્વોપયોગી સાહિત્ય બનાવે છે.

"જેણે પોતાની ભાષાનો અનાદર કર્યો છે તે પોતના દેશનું ભલું શું કરશે? ગુજરાતની મહાન પ્રજા કોઈ કાળે ગુજરાતી ભૂલી બીજી ભાષાનો અંગીકાર કરે એમ સ્વપ્ને પણ નથી સંભવતું." (ત્રીજી ગુ. સા. પ. ૧૯૦૯).

ગુજરાતી ભાષા પ્રત્યેનો એમનો સહજ અને ઉત્કૃષ્ટ પ્રેમ અને બને ત્યાં સુધી ગુજરાતીનો જ ઉપયોગ કરવાનો આગ્રહ એમનાં ગુજરાતી લખાણો માટે જબ્બર પ્રેરક બળ હતાં. નર્મદ પછી કોઈએ પોતાની ભાષા પ્રત્યેનો આટલો તીવ્ર પ્રેમ સાર્થક કરી બતાવ્યો હોય તો તે ગાંધીજીએ. માતૃભાષા પરનો એમનો પક્ષપાત મૂળથી જ હતો. એમનાં બાળકોની કેળવણીનો પ્રશ્ન આવી પડ્યો ત્યારે એમણે માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવા આગ્રહ રાખેલો. દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા

ત્યારે મુંબઈમાં ગુજરાતીઓના મેળાવડામાં એમની કદર કરતાં ભાષણો થયાં તે અંગ્રેજીમાં હતાં પણ એમણે તો સર્વેને જવાબ ગુજરાતીમાં જ આપ્યો. "પણ ગુજરાતીમાં ઉત્તર વાળવાની મેં હિંમત કરી તેનો કોઈએ અનર્થ ન કર્યો ને સૌએ મારો વિરોધ સાંખી લીધો એ જોઈ હું રાજી થયો, ને મારા નવા લાગતા બીજા વિચારો પ્રજા આગળ મૂકવામાં મને અડચણ નહીં આવે એવો સાર પણ મેં આ સભામાંથી ખેંચ્યો." (આ. ભા. ૨. પૃ. ૧૯૩) જ્યાં પાછળથી મશ્કરી થાય એવો પૂરો સંભવ હતો, વિરોધ પણ થાય એવી શક્યતા હતી, એવી સભામાં તે જમાનામાં પણ ગુજરાતીનો વપરાશ કરી ગુજરાતી ભાષાને ગુજરાતીઓમાં સાચું સ્થાન આપવાનાં મંડાણ ત્યારથી જ માંડ્યાં. એ સભામાંથી જ તેઓ પોતાના કાર્ય અંગેની શક્યતા પણ પામી ગયા એ એમની વ્યવહારચકોર આંખ જોઈ ગઈ. જોકે કેટલીક જગ્યાએ એમની પદ્ધતિનો થોડોઘણો વિરોધ પણ થતો છતાં એને ગણકાર્યા વગર કે તેને સહન કરીને પણ ગુજરાતી ભાષાનો આગ્રહ તેમણે ચાલુ જ રાખ્યો. 'સભામાં ગુજરાતી ભાષાના ઉપયોગના મારા આગ્રહે ને મારી બીજી કેટલીક પદ્ધતિએ તેમને મૂંઝવ્યા." (આ. ભા. ૨. પૃ. ૩૧૫) દિલ્હી દરબારમાં હિંદીમાં પ્રથમ વાર ભાષણ કરીને રાષ્ટ્રભાષાનું મહત્ત્વ વધારવા પ્રથમ હામ ભીડી, તેને કોંગ્રેસની કામગીરીનું વાહન બનાવવા આગ્રહ સેવ્યો તેવો જ આગ્રહ ગુજરાતમાં ગુજરાતીઓ માટે ગુજરાતી વિષે રાખ્યો. ગુજરાતી તરફનો એમનો આ સ્વાભાવિક પ્રેમ એમને બને ત્યાં સુધી ગુજરાતીમાં જ લખવા પ્રેરતો.

ગાંધીજી પ્રજાના હતા, પ્રજા એમની બની રહી હતી. એટલે એમને તો પોતાનું લખાણ ગામડાંને ઝૂંપડે ઝૂંપડે પહોંચાડી તેને લોકભોગ્ય બનાવવું હતું. પ્રસંગોપાત્ત આવી પડતા વિષય પર એમને હમેશાં લખવાનું હોવાથી ચર્ચાનો વિષય એવો એકેય બાકી રહેવા ન પામ્યો જેને વિષે એમની કલમમાંથી શબ્દો ન ટપક્યા હોય. લોકશિક્ષક હતા તેથી ઈશ્વર, ધર્મ, સમાજસુધારણા ને રાજકારણથી માંડીને સફાઈશૌચાદિ ઘરગથ્થુ વિષયો

વિષે પણ એમની કલમ ચાલતી. " 'નવજીવન' મારે તો ખેડૂતોનાં ઝૂંપડાંમાં ને વણકરોનાં ઘરોમાં પહોંચાડવું છે. મારે તેઓની ભાષામાં લખવું છે. તેથી ખેડૂત ઇ૦નાં સુખદુઃખની વાતો 'નવજીવન' હમેશાં તેઓની ભાષામાં કરશે." (૧૯૧૯નો 'નવજીવન' અંક ૧) સાહિત્યને આ રીતે આટલું લોકભોગ્ય બનાવવાની ઉત્કટ ઇચ્છા એમના લખાણ માટે ઓછી જવાબદાર નથી. ખેડૂતો સમજે એવી ભાષાનો આગ્રહ પણ એમનાં બધાંય લખાણોના મૂળમાં રહેલો છે. પોતાના સાહિત્યને લોકભોગ્ય બનાવવાના એમના આગ્રહમાં બે કારણો નજરે ચડે છે. પોતે એક આજન્મ સાચા પ્રજાતંત્રવાદી (democrat) હોવાથી પ્રજાસમસ્તને પોતાનો સંદેશો પહોંચાડી સર્વોદય સાધવાની એમની મહેચ્છા હતી. એમને મન પ્રજા એટલે કેવળ લલિતસાહિત્ય વાંચનારો ને માણનારો ઉપલો કે મધ્યમ વર્ગ નહીં, પણ ઝૂંપડાંઓમાં વસતી હિંદની જનતા. બીજું, એમનું ધર્મપ્રેરિત કથન પણ આવી આ વિશાળ આમ-જનતાને સ્પર્શે એમ તેઓ ઇચ્છતા હતા. એમના ધર્મમાં વર્ગભેદ ન હતો. એટલે પ્રજાના નીચેના થરને પોતાનું લખાણ પહોંચે એવો એમનો 'નવજીવન' કાઢતી વેળાનો હેતુ હતો. આ હેતુ કેટલે અંશે બર આવ્યો એ આગળ જોવાનું રહેશે.

છેલ્લું પ્રેરક બળ તે એમની જીવનસિદ્ધાંતો પરની અચળ શ્રદ્ધા કે આત્મવિશ્વાસ. શું જીવનમાં કે શું રાજકારણમાં, શું લડતમાં કે શું દૈનિક વ્યવહારમાં, શ્રદ્ધા એમનો સદાનો આશરો રહી. એમની શ્રદ્ધા બહુ ઉચ્ચતમ સ્થાને બેઠેલી હતી. "અને જેમ દક્ષિણ આફ્રિકામાં તેમ અહીં થશે એવો મારો દૃઢ વિશ્વાસ છે કેમ કે તપશ્ચર્યા પર, સત્ય પર, અહિંસા પર મારી અડગ શ્રદ્ધા છે." (દ. આ. સ. ભા. ૨. પૃ. ૬) એમની શ્રદ્ધા એક મહાબળ હતું. એમાંથી જ એમનાં મહાન કાર્યોની નીપજ થઈ. એ શ્રદ્ધાના દોર્યા એમને જે કામ હિંદમાં કરવું હતું તે જીવન દરમ્યાન સિદ્ધ કર્યું તેથી એમની શ્રદ્ધામૂલક આશા ફળીભૂત થયેલી આજે આપણે જોઈ શકીએ છીએ.

જે સત્ય અને અહિંસા પર એમની અડગ શ્રદ્ધા હતી તેનું હાર્દ બતાવવાનો અને તેનું સામર્થ્ય સર્વને સમજાવવાનો એમનો લખાણ દ્વારા પ્રયાસ હતો. તે અર્થે એમણે સત્યને જેવું જોયું ને આચર્યું તેવું અક્ષરમાં ચીતરી બતાવ્યું. "સત્યને મેં જેવું જોયું છે, જે માર્ગે જોયું છે, તે બતાવવાનો મેં સતત પ્રયત્ન કર્યો છે, ને વાંચનારને તે વર્ણનો આપતાં ચિત્તશાંતિ ભોગવી છે. કેમ કે તેમાંથી વાંચનારને સત્ય અને અહિંસાને વિષે વધારે આસ્થા બેસે એવી મેં આશા રાખી છે." (આ. ભા. ૨. પૃ. ૩૭૮) સાહિત્યકાર જેમ પોતાની સૌંદર્યાનુભૂતિ વાચકને કરાવવા ઇચ્છે તેમ ગાંધીજીએ સત્યાનુભૂતિનો ખ્યાલ પ્રજાને આપવા ચાહ્યું. સાહિત્યકારનેય લોકોત્તર અનુભૂતિ થાય છે, તેમ ગાંધીજીને પણ થઈ. પણ બંનેની અનુભૂતિમાં ફેર છે. પહેલાનામાં પ્રચારભાવના પ્રધાન ન હોય, ગાંધીજી તો સ્વભાવે જ પ્રચારક હોઈ, ઉદ્‌બોધન કરનાર ને પ્રેરણા આપનાર હોઈ તેમનામાં પોતાના સિદ્ધાંતોમાંથી મળતા સુખનો ખ્યાલ પ્રજાને આપવાનો અદમ્ય ઉત્સાહ હતો. તેઓ પોતાના અનુભવ પરથી માનતા કે જે એકને સારુ શક્ય છે તે બધાયને સારુ શક્ય બની શકે છે. એમની આ માન્યતામાં ભરપૂર આશાવાદ છે,— કોઈને તે વધુપડતો આશાવાદ પણ લાગે— છતાં એની વ્યાવહારિકતાની મર્યાદા એમણે બાંધી આપી હતી. બધા જ પોતાની જેમ ને જેટલી સત્યાનુભૂતિ એકદમ કરી શકશે એમ એમણે કદાપિ નહોતું માન્યું. સત્યાગ્રહની સમજ આપતાં પોતાના લખાણનો હેતુ એમણે તદ્દન સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કર્યો છે: "એ બધું પ્રજા જાણે, સમજે અને પસંદ કરે તેટલું અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે અમલમાં મૂકે એ છે." (દ. આ. ઇ. ભા. ૧. પૃ. ૧૨૫) અહીં આશાવાદ સાથે એમની વ્યવહારુ દૃષ્ટિ ગૂંથાયેલી જોઈ શકાય છે. એમનો હેતુ વાજબી ને વ્યવહારુ છે. પોતાના લખાણમાંથી પ્રજાને કંઈક શીખવાનું છે એમ તેઓ માનતા. પોતાના લખાણમાંથી થોડું લેનારો પછીથી વધુ લેશે એવું લોકસ્વભાવના આ અભ્યાસીએ માન્યું ને લેખનકાર્ય આગળ ધપાવ્યું.

દરેક કામને સર્વાંગસંપૂર્ણ નિહાળી, તેને વિષે ચિંતન મનન કરી વિવેકસર ઝીણવટભરી રીતે તેનો ઉકેલ લાવવાની એમની પદ્ધતિને લીધે એમનામાં સહજ અંતઃપ્રેરણા પેદા થવા પામી હતી. એ પ્રેરણાને પ્રતાપે જોઈતી પ્રસંગોચિત ભાષા એમને લખાણ સારુ મળી રહેતી. ભાષા અને શબ્દોની એમને કદી ભીડ નથી પડી. પેલી પ્રેરણાશક્તિ પોતાનું કામ કરતી અને સહજ સ્વાભાવિક સરળ ભાષા ઊગી નીકળતી. "એટલે નિશ્ચયપત્રની ભાષા સ્વાભાવિક રીતે ઊગી નીકળી અને તે અશોભતી ન લાગી." (દ. આ. ઇ. ભા. ૨. પૃ. ૧૯) નિશ્ચયપત્રની ભાષા વિષેનું એમનું આ કથન એમના લખાણમાત્રની ભાષા વિષે એટલું જ સાચું છે. શબ્દોની ચર્ચા કરતા એમને જાણ્યા છે, શબ્દોની પસંદગી વિષે કાળજી રાખતા પણ જાણ્યા છે છતાં લખતી વેળા તો જે અંદરની પ્રેરણા લખાવે તે જ ભાષા ને શબ્દોનો ઉપયોગ તેઓ કરતા. એ અંતર-પ્રેરણા જ એમનું સર્વોત્તમ ને સમર્થ પ્રેરકબળ હતી. અંતરપ્રેરણા જ ઉત્તમ લેખકનો સર્વોત્તમ ગુણ છે.

લખાણો

"જેમ અત્યારે 'યંગ ઇંડિયા અને 'નવજીવન' મારા જીવનના કેટલાક ભાગનો નિચોડ છે તેમ 'ઇંડિયન ઓપીનિયન' હતું. તેમાં હું પ્રતિ સપ્તાહ મારો આત્મા રેડતો, ને હું જેને સત્યાગ્રહરૂપે ઓળખતો હતો તે સમજાવવા પ્રયત્ન કરતો." (આ. ભા. ૨. પૃ. ૫૨)

દરેક સાહિત્યકાર કે લેખક આજન્મ લેખનસિદ્ધિ લઈને નથી જન્મતો. એની પ્રતિભા જન્મોપલબ્ધ હોય પણ તેની ભાષા ને રીતિ તો ધીમે ધીમે ઘડાય છે. દરેક લેખકને ક્યાંક તો પોતાની કલમ કસવી પડે છે. તેથી તો દરેક લેખકના પૂર્વકાળના લખાણ અને ઉત્તરકાળના લખાણમાં શૈલી, રીતિ ને ભાષામાં ફેર પડી જાય છે. ગાંધીજીને પણ પોતાની કલમ ઘડવાના પ્રસંગ આપોઆપ યુવાન વયથી જ સાંપડ્યા.

દક્ષિણ આફ્રિકામાં શેઠ અબ્દુલ્લાનો કેસ જીતી પાછા ફરતાં ગાંધીજીને દૈવ જાહેર જીવનમાં ઘસડી ગયું. જાહેર કામને અંગે એમને

અવારનવાર અરજીઓ ને નિવેદનો કરવાનો મોકો મળતો. વકીલ તરીકે પણ કેસના મુદ્દા ઘડવા ને ગોઠવવાનો મહાવરો સારી પેઠે મળ્યો હતો. તેટલામાં આ જાહેર જીવને એમને લખાણ તરફ પ્રવૃત્ત કર્યા.

વકીલના ધંધામાં લખાણ અને ભાષણ તો અનિવાર્ય સાધનો છે. શરૂઆતમાં ગાંધીજીને ભાષણ કરતાં નહોતું આવડતું, શરમાળપણાને લીધે કોર્ટમાં બોલવું અઘરું હતું ત્યારે પણ અરજી ઘડવાલખવાની ઢબ તો સારી રીતે આવડી ગઈ હતી. એમ કહી શકાય કે અરજી ઘડવાના કામથી જ વિલાયતથી પાછા ફરેલા એ બારિસ્ટરે પોતાની વકીલાતની શરૂઆત કરેલી. ભાષા પરનો કાબૂ એટલા પ્રમાણમાં હતો અને લખવા માટે એટલો વિચાર તથા ગોઠવણી હતાં કે જેના વડે અરજી ઘડવાનું કામ શરૂઆતથી જ સફળતાપૂર્વક કરી શકેલા. "એ અરજી પાસ થઈ ને મને કંઈક વિશ્વાસ બેઠો કે, હું અરજી ઘડવા જેટલો લાયક હોઈશ,—હતો પણ ખરો." (આ. ભા. ૧. પૃ. ૧૫૨)

પાછળથી તો દક્ષિણ આફ્રિકામાં જાહેર કાર્ય કરનાર આ વકીલને વકીલાતની જ નહીં પણ કોમની સેવા અંગે મોટી મોટી અગત્યની અરજી ઘડવાના પ્રસંગ સાંપડ્યા. તે પછી હિંદુસ્તાન આવી ત્યાંના કાર્યના પ્રચાર અંગે છાપાંની સહાય લીધી, લેખિત ભાષણો કર્યાં અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓના બળતા પ્રશ્ન અંગે એક પુસ્તિકા બહાર પાડી. આ એમનાં લખાણના પ્રથમાંકુરો. એમનું જાહેર કામ એમને લેખનકાર્ય તરફ દોરી ગયું અને તેણે જ તે છેવટ સુધી ચાલુ રખાવ્યું.

આ લખાણપ્રવૃત્તિ જાહેર કામના વિસ્તાર સાથે વધતી ગઈ અને તે એટલે સુધી કે પોતાના વિચારો પ્રજા સમક્ષ રજૂ કરવાને, પ્રજાને પોતાનો મત સમજાવવાને પોતાની પાસે એક સ્વકીય છાપું હોવું એમને આવશ્યક લાગ્યું. સત્યાગ્રહનો જન્મ થયો અને તેની સમજ હિંદી કોમને આપવાને છાપા જેવું એક ઉપયોગી સાધન ઊભું કરવાનો

સહજ પ્રસંગ પ્રાપ્ત થયો. "આ અરસામાં જ શ્રી મદનજિતે 'ઇંડિયન ઓપીનિયન' છાપું કાઢવાનો વિચાર કર્યો. મારી સલાહ અને મદદ માગ્યાં. છાપખાનું તો તે ચલાવતા જ હતા. છાપું કાઢવાના વિચારમાં હું સંમત થયો. આ છાપાની ઉત્પત્તિ ૧૯૦૪માં થઈ. મનસુખલાલ નાજર અધિપતિ થયા, પણ અધિપતિપણાનો ખરો બોજો મારા ઉપર જ પડચો. મારે નસીબે ઘણે ભાગે દૂરથી જ છાપાનું તંત્ર ચલાવવાનું આવ્યું છે." (આ. ભા. ૨. પૃ ૫૦)

ત્યારેય એમની પાસે એવું કંઈક કહેવાનું હતું જે બીજા પાસે નહોતું. એ બધું પ્રજાને કહેવાની અને સમજાવવાની એમની ફરજ થઈ પડી. લખાણ તથા છાપું એમના કાર્યનાં અનિવાર્ય અંગ થઈ પડ્યાં. જ્યારે ન રહેવાયું ત્યારે જ એમણે લખ્યું. પણ અસાધારણ રીતે ઉદ્યોગી રહેનાર એ માનવીના હાથમાં અનેક પ્રવૃત્તિઓ રહેતી અને તેને અંગે લખાણની અનેક જરૂરિયાતો ઊભી થતી. આવી જરૂરી થઈ પડેલી સેવાપ્રવૃત્તિનું સ્વરૂપ એમની લેખનપ્રવૃત્તિએ ધારણ કર્યું. લેખનપ્રવૃત્તિ એમની સેવાનું સાધન બન્યું પણ તેટલા માત્રથી એની કિંમત ઓછી થતી નથી. સાધન કઈ રીતે અને કઈ વસ્તુનું બને છે એ જોતાં એમના લેખનકાર્ય વિષેની ગેરસમજ દૂર થવી જોઈએ. એમનું લખાણ એમના જીવન અને અંતરનું પ્રતિબિંબ હતું. સાહિત્ય પણ જીવનનું પ્રતિબિંબ છે. "It is fundamentally an expression of life through the medium of language." (An Intro. To The Study of Literature p. 11) "ભાષાના વાહન દ્વારા થયેલું તે મુખ્ય તથા જીવનનું એક આવિષ્કરણ છે." એમનાં લખાણ જીવનવ્યાપી ને જીવનમાં ઓતપ્રોત સત્યાગ્રહનાં ને સત્યવિચારણાનાં પ્રતિબિંબ છે. સત્યાગ્રહ જેવી કોઈ જીવંત અને નિત્યનવીન વસ્તુ નથી એમ તેઓ કહેતા. એવી જીવંત જીવન-પ્રક્રિયાની અભિવ્યક્તિનું એમનું સાહિત્ય સાધન બન્યું. "સત્યાગ્રહની લડતનાં બહારનાં અંદરનાં બધાં સાધનો વાંચનારની

આગળ મૂકવાનાં છે." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૯૫) આ બહારનું સાધન તે છાપું.

સત્યને પ્રચારની જરૂર ન હોય, તે આપમેળે ફેલાય છે. ઉપદેશ કરતાં આચાર વધુ ચેપી છે એવી એમની માન્યતા હતી, છતાં એમણે સત્યના પ્રચાર માટે છાપાનો ઉપયોગ કર્યો. સાહિત્ય પણ એક રીતે તો સૂક્ષ્મતમ પ્રચાર જ છે ને ? તે પણ સત્યં શિવં સુંદરમ્‌ના ફેલાવા અંગે જ રહ્યું છે. સાહિત્યકાર પોતાના સૂક્ષ્મ ને સુંદર અનુભવોને ભાષામાં વ્યક્ત કરે તે પણ વાચકમાં તે અનુભવો સંક્રાંત કરવાને અર્થે જ. પણ ગાંધીજીની પ્રચારભાવના સાહિત્યકારની સિસૃક્ષા કરતાં કંઈક જુદી ને વધુ તીવ્ર હતી. એમને તો પોતાનાં સંવેદનોને પ્રજા સમક્ષ રજૂ કરી તે મુજબ શક્ય એટલો અમલ કરાવવો હતો. કર્મયોગી હોઈ, નેતા હોઈ પ્રજાને કાર્યમાં પ્રેરવાનું કામ એમણે લખાણ દ્વારા કર્યું. સત્યમાં આપમેળે પ્રચાર પામવાની શક્તિ છે એમ માનતાં છતાં એમણે લખાણનો આશરો લઈ તેને અભિવ્યક્ત કરી તેનો પ્રચાર કરવાનું યોગ્ય ધાર્યું. "મારી એવી માન્યતા છે કે આંતરિક બળ ઉપર જે લડતનો મુખ્ય આધાર હોય તે લડત અખબાર વિના લડી શકાય; પણ એની સાથે મારો એ અનુભવ પણ છે કે 'ઇંડિયન ઓપીનિયન'ની હસ્તીથી જે સગવડો મળી હતી, જે કેળવણી કોમને સહેલાઈથી આપી શકાતી હતી, જે ખબરો દુનિયામાં જ્યાં જ્યાં હિંદીઓ વસે છે ત્યાં ત્યાં બધે ફેલાવી શકાતી હતી, તે બીજી રીતે કદાચ ન બની શકત." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૧૯૬) વખત સમજી કામ કરનાર ગાંધીજી આ જમાનામાં અખબારની કિંમત પહેલેથી જ સમજી ગયા હતા. આ યંત્રયુગમાં, ઝડપના જમાનામાં વેગથી વિકસતા સત્યાગ્રહને યોગ્ય ઝડપથી પ્રચલિત કરવા છાપા જેવા બાહ્ય સાધનનો ઉપયોગ અનિવાર્ય હતો. પાછળથી હિંદુસ્તાન આવીને એ જ કામ એમણે 'નવજીવન' અને 'હરિજનબંધુ' દ્વારા આગળ ધપાવ્યું. 'ઇંડિયન ઓપીનિયન' એક મહાશક્તિ થઈ

પડયું હતું તેમ હિંદમાં 'નવજીવન' અને 'હરિજન' સાપ્તાહિકોનું પણ બન્યું. જ્યારે જ્યારે જેલનિવાસ કે કોઈ બીજે કારણે ગાંધીજીનાં આ સાપ્તાહિકો થોડો વખત પણ બંધ રહેતાં ત્યારે તેની ખોટ કેટલી બધી જનતાને સાલતી! જાણે કે વાચકના જીવનમાંથી કંઈક ખોવાયું હોય એમ લાગતું! ગાંધીજીનાં છાપાં એક મહાશક્તિ જેવાં હતાં તેની આથી વિશેષ પ્રતીતિકર સાબિતી બીજી કઈ હોય?

'હિંદ સ્વરાજ' સિવાય ગાંધીજીનું મોટા ભાગનું લખાણ દક્ષિણ આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં આ ત્રણ સાપ્તાહિકો દ્વારા જ થવા પામ્યું. 'હિંદ સ્વરાજ' એક સ્વતંત્ર પુસ્તકના રૂપમાં લખાયું અને છપાયું, જ્યારે બાકીનું લગભગ બધું લખાણ લેખોના રૂપમાં પ્રતિ સપ્તાહ પ્રકાશિત થતું. એમના મૃત્યુ બાદ બહાર પડેલાં બે પુસ્તકો—'સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ' અને 'આરોગ્યની ચાવી'— સળંગ લખાયાં હતાં ખરાં. પણ તેમાંનું પહેલું અધૂરું રહી ગયું છે જ્યારે બીજું આગાખાન મહેલના જેલનિવાસ દરમ્યાન લખાયેલું હતું. 'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' એ બે સળંગ પુસ્તક લખવાના ઉદ્દેશથી કટકે કટકે લખાયેલાં ને છપાયેલાં. પ્રથમ વાર બહાર પડેલાં સર્વોદય વગેરે નાનાં પુસ્તકો વિષે પણ એમ જ બન્યું. પરંતુ બાકીનું બધુંય લખાણ નિબંધના રૂપમાં લખાયું હોઈને નિબંધસાહિત્ય લેખી શકાય. એ લેખોનું વિષયવાર સંકલન કરીને નવજીવન પ્રકાશન મંદિરે તેમને પુસ્તકાકારે બહાર પાડયાં છે (જુઓ પરિશિષ્ટ).

ગાંધીજીનાં બધાંય લખાણોને ત્રણ રીતે ગોઠવી શકાય: (૧) વિષયવાર ગોઠવણી (૨) સ્વરૂપવાર વહેંચણી — જેવા કે લેખો, આત્મકથા, ભાષણ, પત્રો વગેરે (૩) જે ક્રમે લખાતાં ગયાં તે વર્ષવાર કાલાનુક્રમે ગોઠવણી. આ ત્રણેય પ્રકારે ગાંધીજીના સાહિત્યના વિભાગો પાડી તેનું વિવેચન કરવું જોઈએ.

વિષયો: મનુષ્યજીવનને સ્પર્શતો એકેય ઉપયોગી વિષય બાકી રહ્યો નથી જેના ઉપર ગાંધીજીએ કંઈક ને કંઈક ન લખ્યું હોય. જીવનને એકસાથે સમગ્રતાથી અને ઝીણવટથી જોનાર ગાંધીજીને જીવનના મોટામાં મોટા ને નાનામાં નાના પ્રશ્નોની છણાવટ કરવાના પ્રસંગો સહેજે પ્રાપ્ત થયા. તેમાં એમના વ્યાપક થતા જતા જાહેર જીવને અનેક વિષયોને સ્પર્શવાનું કર્યું અને તેથી તે દરેકને પોતાના નૂતન દૃષ્ટિબિંદુથી જોઈ તેમનું સાચું મૂલ્યાંકન કરતાં શીખવ્યું.

લખાણને માટે એમને વિષયો શોધવા નથી જવું પડ્યું. પ્રસંગોપાત્ત જે કામ આવી પડે તે અંગે એમનું લખાણ થતું હોવાથી એમનાં લખાણોને હમેશાં એમનાં જાહેર કાર્યો સાથે ઘનિષ્ઠ સંબંધ રહ્યો હતો. જે પ્રસંગે જે કામ હોય તેને વિષે લખવાનું થતું. એમના કાર્યવિસ્તારની સાથે એમના લખાણનો પણ વિસ્તાર થયો અને તેમાં વિવિધતા પણ ખૂબ પ્રવેશ પામી.

આનો અર્થ હરગિજ એમ નથી થતો કે એમણે વિષયોની પસંદગી કર્યા વગર જેમ આવે તેમ લખ્યે રાખ્યું. દરેક લખાણનાં વિષય, મુદ્દા, અને પ્રમાણ વિષે પૂર્ણ ને ચોક્કસ વિચાર કર્યા બાદ જ એમનું દરેક લખાણ બહાર પડતું. કયે વખતે કયા વિષય પર લખવું યોગ્ય છે, કેટલે અંશે તેની છણાવટ કરવી અનિવાર્ય છે એવી સાવધાની રાખીને જ તેઓ દરેક વિષયને ન્યાય આપતા. કેટલાક વિકટ પ્રસંગોએ શું અને કેવું લખવું એવો વિચાર કરતા અવશ્ય જોવામાં આવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની પહેલી સમાધાની થઈ તે વેળા હિંદીઓમાં મોટી ગેરસમજ પેદા થવા પામી હતી. એ ગેરસમજને દૂર કરવાને કયા વિષય પર કેમ ને કેટલું લખવું તેનો એમણે પુખ્તપણે વિચાર કરી એક કલ્પિત સંવાદ યોજી કાઢી 'ઇંડિયન ઓપીનિયન'માં છાપ્યો. એનાથી ઘણી ગેરસમજ દૂર થઈ. "ગેરસમજૂતી દૂર કરવા સારુ ખૂબ લખવાનું શરૂ કર્યું. અધિપતિ અને શંકાશીલ વાચકવર્ગ વચ્ચે એક કલ્પિત સંવાદ લખી નાખ્યો. તેમાં જે જે શંકા અને

આક્ષેપો મેં સાંભળ્યા હતા તે બધાનો મારાથી બની શકે તેટલી વિગતથી નિકાલ કર્યો. પરિણામ સારું આવ્યું એમ માનું છું." (દ. આ. સ. ભા. ૧. પૃ. ૨૫૯) આ રીતે પ્રસંગને ઉચિત વિષયની પસંદગી અને લખાણની રીતિ ને સ્વરૂપ પસંદ કરી લેવાની આવડત લેખનકાર્યની શરૂઆતથી તેમનામાં હતાં. એમની લેખનકળા આમાં તેમને દોરી રહી હતી.

પરિશિષ્ટમાં આપેલાં તેમનાં લખાણોના વિષયોની વહેંચણી નીચે મુજબ કરીએ: (૧) જીવન: આ અંગેનાં ત્રણ પુસ્તકોમાંથી એમના જીવનનો ખ્યાલ વાચકોને મળી રહે છે. પોતાના જીવનના પ્રસંગો આપવામાં એમનું દૃષ્ટિબિંદુ જુદું જ હતું. પણ તે વિષે આગળ વધુ જોઈશું. (૨) ઇતિહાસ: આમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો સંપૂર્ણ ઇતિહાસ તેના નેતાએ જાતે જ આપ્યો છે. અહીં પણ વિગતો અને પ્રસંગો આપવામાં એમનું પેલું દૃષ્ટિબિંદુ કામ કરી રહેલું દેખાય છે. (૩) ધર્મનીતિ: આ અંગેનાં પુસ્તકોમાં એમની ફિલસૂફી, તત્ત્વચિંતન, ધર્મ અને નીતિ વિષેના વિચારો જાણવા વાંચવા મળે છે. (૪) સમાજ વિષયક: આ વિભાગમાં મુખ્ય પુસ્તક 'હિંદ સ્વરાજ' છે. તેમાંથી પેદા થતા રચનાત્મક કાર્યક્રમ અને સમાજસુધારણા અંગેના વિચારો અને મંતવ્યોનું એ વિષેનાં અન્ય પુસ્તકોમાં પ્રતિપાદન છે. (૫) અર્થશાસ્ત્ર: અર્થશાસ્ત્રનો રૂપપલટો કરનાર સત્ય–અહિંસા પર સ્થાપિત થયેલા પ્રજાકીય અર્થશાસ્ત્રની જાણ આ પુસ્તકોમાંથી મળે છે. (૬) કેળવણી: કેળવણીની કાયાપલટ કરનારી વર્ધા યોજનાનો કેટકેટલા પ્રયોગોને અંતે ઉદ્ભવ થયો અને તે ક્રાંતિકારી યોજના પ્રજાને કેટલી ઉપયોગી છે તેની માહિતી અહીં મળી રહે છે. (૭) આરોગ્ય: કુદરતમય જીવન જ સાચું આરોગ્ય આપનારું છે અને નિસર્ગોપચાર એ જ સૌથી સહેલો, સસ્તો અને સર્વોપલભ્ય ઉપચાર છે એવી પ્રતીતિ આ વિષય અંગેનાં પુસ્તકો સચોટ રીતે કરાવે છે. (૮) સાહિત્ય: સાહિત્ય તરીકે આ પુસ્તકોને ઓળખવાનું કારણ એટલું જ કે તે ઉપરના કોઈ વિભાગમાં

આવી શકે તેમ નથી. ઉપરાંત, એ પુસ્તક-પુસ્તિકાઓ પ્રજાને ઘડવાને અને પ્રજાને ઉત્તમ સાહિત્યના નમૂના આપવાના ઇરાદાથી અનુવાદરૂપે કે સંક્ષેપમાં લખાયેલાં. (૯) રાજનીતિ: એમના રાજકારણ અંગેનો ઇતિહાસ, તે વિષેના એમના વિચારો, સત્યાગ્રહની લડતોની વિગતો આમાં મળી રહે છે. (૧૦) આધુનિક ઇતિહાસ: હિંદી જનતાને આ જમાનાના મોટા રાજકીય પુરુષોનો પરિચય આપવા એમણે જે થોડું ઘણું લખેલું તે આ પુસ્તિકાઓમાં સંઘર્યું છે. (૧૧) સામયિકો અને સંગ્રહો: 'નવજીવન' અને 'હરિજન' સાપ્તાહિકોમાં એમના લેખોનો મોટો ભાગ પ્રસિદ્ધ થયો. એટલે એ બે પત્રોની ફાઈલો પુસ્તકાકારે બહાર પડી હતી. ઉપરનાં લગભગ બધાં પુસ્તકો એમનાં સાપ્તાહિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખોના વિષયવાર કરેલા સંગ્રહો જેવાં છે.

પણ આટલેથી જ ગાંધીજીએ છણેલા વિષયોની સમાપ્તિ થતી નથી. ઉપર ગણાવેલા વિષયો તો મુખ્ય ગણાય. બાકી જીવનના કોઈ ઉપયોગી અંગ વિષે પણ વિચારણા ચલાવી પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપવાનું તેઓ ચૂક્યા નથી. એમને જીવનની સર્વાંગી ચર્ચા કરવાની ફરજ પડી અને તેથી સહેજે નાના મોટા દરેક વિષયનું એમના લખાણમાં નિરૂપણ થયું. આવી જીવનવ્યાપી દૃષ્ટિને લીધે જીવનના દરેક ક્ષેત્રમાં ખેડાણ થયું, અને તેની સાથે તે દરેકમાં કંઈક ને કંઈક સંશોધન કરવાનું અન્યોને સૂઝ્યું. આનાથી ભાષા પણ ખૂબ ખેડાઈ. ગુજરાતી સાહિત્યમાં પહેલાં કદાપિ જે વિષયો પર લેખન નહોતું થયું તે પર ગાંધીજીના આવ્યા બાદ લેખનકાર્ય થયું, એટલું જ નહીં પણ તે તરફ લોકોની નજર જતાં તે તે વિષયની છણાવટ પણ શરૂ થઈ. તે તે વિષયો-પયોગી એવા શબ્દપ્રયોગો પણ યોજાવા લાગ્યા. આમ ગાંધીજીને લીધે પ્રવેશ પામેલી વિષયવિવિધતાએ ગુજરાતી સાહિત્યમાં ભાષાના ખેડાણને વેગ આપ્યો. એ વેગ આજે પણ ચાલુ જ છે; અને એને લીધે જ આજે માતૃભાષા દ્વારા કેળવણી આપી શકવાની વાતો ગુજરાતમાં થવા લાગી છે. જોકે દરેક વિષયમાં ભાષાખેડાણ હજુ

પૂરતું તૈયાર નથી થયું, છતાં શરૂઆત કરવા જેટલું તો તે તૈયાર છે એમ અવશ્ય કહેવું જોઈશે.

સાહિત્ય સ્વરૂપો : ગાંધીજીને ક્યાં લલિત સાહિત્યનું સર્જન કરવું હતું કે તેઓ નાટક, નવલકથા, વાર્તા વગેરે સાહિત્યસ્વરૂપોને ઉપયોગમાં લઈ પોતાનું સાહિત્યસર્જન કરે? એમને સાહિત્યસ્વરૂપ વિષે જેટલી લેવાદેવા હતી, તે કરતાં ક્યાંય વધુ જીવનનાં સ્વરૂપ અને સુંદરતા વિષે કાળજી હતી. સ્વરૂપની પરવા એમણે સાહિત્ય વિષે નહીં પણ જીવનને ઉત્કૃષ્ટ કરીને તેના સ્વરૂપનું સૌંદર્ય વધારવામાં જ કરી. આમ કરવામાં સાહિત્યનું જે સ્વરૂપ એમને કામ લાગ્યું તે તેઓ ઉપયોગમાં લેતા ગયા અને પોતાનું કામ કાઢ્યું.

કોઈ કહેશે ગાંધીજીએ નિબંધ સિવાય બીજા કોઈ સાહિત્યસ્વરૂપ પર હાથ અજમાવ્યો નથી. તો પછી એમના લખાણના સ્વરૂપપ્રકાર વિષે બહુવચનનો પ્રયોગ મિથ્યા છે! ગાંધીજીએ ક્યાં કોઈ નવલકથા, નવલિકા કે નાટક લખ્યાં છે કે એમનાં લખાણોના સ્વરૂપ વિષે ઝાઝો વિચાર કરવો પડે તેમ છે! ગાંધીજીએ આવું કશું નથી લખ્યું છતાં જે લખ્યું છે તે બધું એક જ ઢાળમાં નથી ઢળાયું. વળી સાહિત્યના સ્વરૂપમાં અમુક સ્વરૂપ જ અગત્યનું અને બીજું ગૌણ એવું કંઈ છે જ નહીં. ગુજરાતી સાહિત્યમાં જે કેટલાંક સ્વરૂપો ઓછાં ખેડાયાં છે તેને ગાંધીજીએ સારો ન્યાય આપ્યો છે. એમની આત્મકથા આત્મચરિત્રોમાં ઉત્તમ નમૂનો છે; ઇતિહાસનિરૂપણમાં એમનો 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' અનેરી ભાત પાડે છે. 'હિંદ સ્વરાજ' સ્વયંસંપૂર્ણ એક મહાનિબંધ (Thesis) તરીકે અપ્રતિમ છે. સામાન્યતઃ જે બહુ પરિચિત છે તેના ગુણો અને રૂપનું બારીક અવલોકન થવામાં વાર લાગે છે. તેથી એમનાં ભાષણો, વ્યાખ્યાનો અને વાર્તાલાપોની કિંમત આંકવામાં હજુ વિવેચકો પૂરતો પ્રયાસ કરી નથી શક્યા. એમનું પત્રસાહિત્ય પણ એક નવી જ ભાત પાડે છે, એટલું જ નહીં, પણ

એમના અંગત વ્યવહારસંબંધો પર તથા એમની વાત્સલ્યભરી વર્તણૂક પર એથી ઘણો પ્રકાશ ફેંકાય છે.

નિબંધસાહિત્ય પણ એમણે ક્યાં ઓછું ખેડ્યું છે? નિબંધના વિવિધ પ્રકારો પર જરૂર પડ્યે એમણે હાથ અજમાવ્યો છે. એમના લેખોમાં સુંદર આબેહૂબ કેટલાંક રેખાચિત્રો મળી આવે છે, તો કેટલાકમાં સરસ વર્ણનો હોય છે; જ્યારે સામાન્યતઃ બુદ્ધિપુરઃસર ગોઠવેલી દલીલ સાથે વહેતી એમની વાણી કેટલાય નિબંધોને સર્વાંગસંપૂર્ણ બનાવી દે છે. એમનાં પ્રાર્થનાપ્રવચનો, સંદેશાઓ અને કેટલાંક તત્કાળ આપેલાં સ્વયંસ્ફુરિત નિવેદનો સાહિત્યમાં પણ ઊંચું સ્થાન ભોગવે તેવાં છે. આ રીતે જોતાં એમનાં લખાણોનાં સ્વરૂપોમાં ઓછી વિવિધતા નથી. કોઈ નવલકથાકાર કેવળ નવલકથાઓ અને કોઈ નાટ્યકાર એકલાં નાટકો જ આપે તેથી કંઈ તેમની સાહિત્યકાર તરીકે કિંમત ઘટતી નથી. તેમ ગાંધીજીએ મુખ્યત્વે પોતાનું બધું લખાણ નિબંધ સ્વરૂપે આપ્યું તેથી એમના લખાણમાં તે જ કારણે કશી ઊણપ નથી આવતી. બલ્કે એમ કરવું એ તો ગાંધીજીની બાબતમાં એક અનિવાર્ય આવશ્યકતા થઈ પડી હતી.

કયા સ્વરૂપમાં પોતાનું કથન રજૂ કરવું એ પ્રશ્ન ગાંધીજીને મન હમેશ ગૌણ રહ્યો હતો. જે રીતે સ્પષ્ટતયા પોતાના કથનની રજૂઆત થાય એ જ સ્વરૂપપસંદગીમાં એમનો પ્રધાન હેતુ રહ્યો હતો. નિબંધ વિચારપ્રધાન સાહિત્ય માટે સૌથી વધુ અનુકૂળ સાહિત્યસ્વરૂપ છે. અને તેથી અનેક નવા વિચારો આપનાર, સતત પોતાની વિચારધારા વહેવડાવનાર ગાંધીજીને નિબંધનું સ્વરૂપ સરળ ને અનુકૂળ થઈ પડ્યું.

कालानुक्रम : ગાંધીજીનાં લખાણોનો કાલાનુક્રમે વિચાર કરતાં તેના ત્રણ વિભાગો પાડી શકાય: (૧) દક્ષિણ આફ્રિકામાં 'ઇંડિયન ઓપીનિયન'માં લખેલાં લખાણો જેમાંનાં કેટલાંક પુસ્તકાકારે બહાર પડ્યાં છે; જેવાં કે 'મૂરખરાજ', 'એક સત્યવીરની કથા', 'સર્વોદય' વગેરે. 'હિંદ સ્વરાજ' પણ ત્યાંના રહેવાસ દરમ્યાન જ લખાયેલું.

(૨) હિંદુસ્તાનમાં આવ્યા બાદ 'નવજીવન' અને 'યંગ ઇંડિયા' મારફત હિંદુસ્તાનને પોતાની વિચારસરણીથી પરિચિત કરી તેને સ્વરાજની લડત સારુ તૈયાર કરવાને કરેલાં લખાણો બીજા વિભાગમાં આવે. 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'યરોડાનો અનુભવ', 'મારા જેલના અનુભવો' વગેરે આમાં મુખ્ય ગણાય. (૩) ૧૯૩૦ની લડત પછીથી જીવનના અંત સુધીનાં લખાણો એમની ફિલસૂફીના પરિપાકરૂપ છે. તેમાં મુખ્યત્વે ઘણાં અગત્યનાં લખાણોનો સમાવેશ થાય છે. 'મંગળપ્રભાત', 'ધર્મમંથન', 'વ્યાપક ધર્મભાવના', 'રચનાત્મક કાર્યક્રમ', 'આખરી ફેંસલો' વગેરે આ કાળ દરમ્યાન જ લખાયાં. કાલાનુક્રમે એમના સાહિત્ય ને શૈલીમાં કેમ વિકાસ થતો ગયો તે હવે પછી જોઈશું.

लखाणनो प्रथम काळ : દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ પોતાના 'જીવનનું નિશાન' જોયું. ત્યાં આગળ જ એમના જીવનનું ઘડતર અને જીવનકાર્યનું ચણતર એકમેકને આધારે થતાં ગયાં. આવા ઘડતર અને ચણતરકામને એમણે પ્રયોગરૂપ બનાવી મૂકી તેમાં સાથીઓને ભાગ લેવા આમંત્ર્યા. મિત્રો સાથેના સામૂહિક પ્રયોગોને લીધે એમનું જીવન જાહેર પ્રયોગ જેવું બની રહ્યું; તેમાંય જ્યારથી પોતાના પ્રયોગોનો હિંદી કોમને પરિચય આપવો શરૂ કર્યો ત્યારથી એમને અંગત કે ખાનગી જીવન જેવું કશું ન રહ્યું, એમનું જીવન જાહેર સેવાને સમર્પિત હતું. તેથી તે વેળાનાં એમનાં લખાણોમાં એમના પ્રયોગોની આપેલી સમજૂતીમાં તેની વ્યાપકતા વધારવાનો રણકો સંભળાય છે.

પોતાની નવીન વસ્તુઓમાં હિંદી કોમનો અને સાથે બને તો સૌનો સાથ એમને જોઈતો જ હતો. પોતાના સતત ઘડાતા ને વિકસતા જતા વિચારોનો પરિચય કરાવી કોમને પોતાને રસ્તે લેવા માટે લેખનકાર્ય એક ઉપયોગી સાધન થઈ પડ્યું. આ ઉદ્દેશથી પીરસેલી તેમની કેટલીક વાનગીનું વિવેચન પ્રથમ કરવું ઘટે છે.

एक सत्यवीरनी कथा: દક્ષિણ આફ્રિકામાં લખાયેલું આ પુસ્તક તે વખતના ગાંધીજીને ઓળખવામાં ઘણી રીતે સહાયભૂત થાય છે. સત્યના પૂજારી ગાંધીજીને સૉક્રેટીસનું જીવન તેની સત્યનિષ્ઠા માટે ગમી જાય એ તદ્દન સ્વાભાવિક છે. જૂના જમાનાના એ અદ્‌ભુત સત્યવીરની કથા ગાંધીજીએ ગુજરાતીમાં ઉતારી. સત્યનો આમરણ આગ્રહ, તેને સારુ જાન દેવાની તૈયારી, સત્યમાં જે છટા છે તે છટાને જ વરવાની હંમેશ રાખેલી ઇંતેજારી વગેરે મહાગુણોના સામ્યને લીધે સહેજે એ પુરાણકાલીન સત્યવીરની કથા વડે પોતાના વિચારોનું સમર્થન કરવાનું ગાંધીજીને સૂઝયું. તે વેળા એમના પ્રશસ્ય ગુણોનો આદર્શ સૉક્રેટીસ બની રહ્યો. એના ગુણોનું પાન કરી તેને પોતાનામાં પચાવવા એ મથ્યા. સૉક્રટીસ ભાગ્યો નહીં, પણ બહાદુરીથી મોતને ભેટયો. કાયદામાંથી છટકવાનો એનો જરાય ઇરાદો નહોતો. અહિંસક વીરતાના ઉપાસક ગાંધીજીને આ ગમી ગયું. સૉક્રેટીસે અદાલતની સમક્ષ નિવેદનમાં કહ્યું, "હું તો તમારી આગળ જે સાચું છે તે જ અને તે બધું રજૂ કરવાનો છું." વળી આગળ ઉપર કહે છે: "હું નાના મોટા બધાને એક જ વાત સમજાવ્યા કરું છું અને તે એ કે જાનમાલની થોડી દરકાર કરજો—આત્માની ખૂબ સંભાળ રાખજો." (સ. ક. પૃ. ૧૪.) સૉક્રેટીસની આવી અજોડ સત્યપરાયણતા, તેણે આપેલી આત્માને અગત્ય અને તેની મૃત્યુ વિષેની નિર્ભયતા ગાંધીજીમાં ત્યારેય સારી પેઠે હતાં તેથી તેમને ગમી ગયાં. એમને પોતાને જ આવી કસોટીઓમાંથી દક્ષિણ આફ્રિકામાં પસાર થવું પડતું અને એ વડે આ મહાગુણોને દૃઢ કરતા હતા. સૉક્રેટીસના અભ્યાસ અને તેના વિષેના લખાણ વડે તેઓ પોતાનામાં અને અન્યોમાં એ ગુણો ખીલવવા મથી રહ્યા હતા.

પુસ્તકલેખનનો હેતુ દર્શાવવામાં ગાંધીજીએ ઘણું કહી દીધું છે. "આ ઐતિહાસિક વાત છે; એટલે કે બનેલો બનાવ છે. જેમ સૉક્રેટીસે અંત સુધી નીતિ જાળવી અને મોતની ભેટ આશક જેમ માશૂકને મળે તેમ કરી, તેવું નીતિબળ અમારા વાંચનારને અને

અમને પ્રાપ્ત થાય એવું અમે ખુદાની પાસે માગીએ છીએ. સૉક્રેટીસનાં વચન અને રહેણીનો વારંવાર વિચાર કરવા અમે બધાને સૂચવીએ છીએ." (સ. ક. પૃ. ૨૬.) ગાંધીજીનાં તે વેળાનાં લખાણનો સામાન્ય હેતુ અહીં પ્રકટ થાય છે. એમણે આખા જીવન દરમ્યાન જે જે મેળવ્યું અને આંતરિક સુખ અનુભવ્યું તે તે સત્યાનુભૂતિનો પરિચય પ્રજાને આપવા ચાહ્યું. તેથી પ્રૌઢ લોકશિક્ષક બન્યા પછી પણ તેમના લખાણનો આ હેતુ તો જારી જ રહ્યો. એમના લખાણનો પ્રધાન હેતુ પ્રજાની ઉન્નતિ હતો તેથી પહેલેથી જ એમના પ્રેરક સાહિત્યની અસર મર્મસ્પર્શી બની.

'એક સત્યવીરની કથા'નો વાચકોએ મનનચિંતન કરી કેટલો લાભ ઉઠાવ્યો એનો તાગ કાઢી ન શકાય પરંતુ તેના લેખકની ખુદા પાસેની માગણી તો જીવનના અંત સુધી ફળવા પામી એ તો ગાંધીજીના આખા જીવને બતાવી આપ્યું છે. આ વસ્તુ એમના વાચન અને મનન પર ખૂબ પ્રકાશ ફેંકે છે. એમણે જે જે વાંચ્યું તે આવી ગુણગ્રાહી દૃષ્ટિએ; અને એ ગુણગ્રહણ પણ કેટલું શીઘ્ર હતું તે તો રસ્કિનના 'Unto this Last'ના વાચનને બીજે દિવસે કરેલી ફિનિક્સ આશ્રમની સ્થાપના બતાવી આપે છે. એ જ પુસ્તકને એમણે 'સર્વોદય'ને નામે ગુજરાતીમાં ઉતાર્યું.

સૉક્રેટીસ અને ગાંધીજી વચ્ચે બીજું એક સામ્ય તે બંનેની સંવાદપદ્ધતિમાં રહેલું છે. એમની દલીલપદ્ધતિ પણ ઘણી મળતી આવે છે; આ એક નોંધપાત્ર હકીકત છે. જે તેજસ્વિતાથી સૉક્રેટીસ અદાલતમાં પોતાનો કેસ રજૂ કરે છે અને ઊંચે માથે સ્વસ્થતાથી ઇન્સાફ માગે છે, જે રીતે એક પછી એક દલીલો એ ધરતો જાય છે અને આત્મિક મૂલ્યોનું મહત્ત્વ સ્થાપિત કરે છે, તેવી રીતે વર્તતા (જોકે ઘણી સુધરેલી પરિસ્થિતિમાં) ગાંધીજીને આપણે અમદાવાદની કોર્ટમાં નિવેદન કરતી વેળા જોઈએ છીએ. બંને અંતરના અવાજને માન આપનારા હતા છતાં બંને સરખી રીતે બુદ્ધિગમ્ય દલીલો વડે જ,

વ્યવહાર ચલાવનારા હતા! વળી સંવાદમાં પણ કદી ન પકડી શકાય એવી દલીલો વડે સામાને પોતાનું કથન સમજાવવામાં બંને ખૂબ કુશળ હતા. ખંડન કરતાં મંડનમાં વધુ માનનાર હોવાથી ગાંધીજી સામાની દલીલ તોડવા કરતાં સત્યાનુકૂળ દલીલો શોધી તેના બળથી જ સામાને સમજાવી શકતા એ એમની વિશિષ્ટતા હતી.

આ પુસ્તકની લેખનશૈલી સત્ય જેવી સાદી ને સરળ છે. કથામાં મુખ્ય તો સૉક્રેટીસનું નિવેદન છે. શૈલીનું ટૂંક વર્ણન સૉક્રેટીસના શબ્દો વડે રજૂ કરી શકાય તેમ છે: "મને છટા આવડતી નથી. પણ જો સત્યને તેઓ છટા કહે તો તે મારામાં છે, એમ હું કબૂલ કરું છું." પ્રસ્તુત પુસ્તકની શૈલી વિષે પણ એમ જ કહેવું જોઈએ; એટલું જ નહીં પણ ગાંધીજીની ઘડાતી જતી લેખન શૈલી અને પાછળથી ઘડાયેલી શૈલી માટેય ઉપરના શબ્દો એટલા જ સાચા છે. એમની ભાષા વખત જતાં ખીલી તેમાં એમની સરળતા રહેવા છતાં નવા વાક્યવળોટો દાખલ થયા, નવા શબ્દો ને શબ્દપ્રયોગો પણ દાખલ થયા. એમાંની છટા તો હૃદયમાંથી નીકળતા ને વાચકના હૃદયને સ્પર્શતા સત્યની જ હતી. સત્યનું એમનું દર્શન જેટલું સ્પષ્ટ થતું ગયું, જેટલી એમની સત્યાનુભૂતિ ગાઢ બનતી ગઈ તેમ તેમ તે સત્યોની અભિવ્યક્તિમાં પણ તેટલી જ સ્પષ્ટતા અને વેધકતા વધતાં ગયાં. પ્રસ્તુત પુસ્તક તો સરળ ભાષામાં લખાયેલું છે, તેમાં સ્પષ્ટતા છે. તેમાં છટા નથી અને છે તો તે સત્યની અને સત્યવીરના જીવનની, સોત્સાહ કરેલા અભ્યાસની અને ગુણગ્રહણની. એમાં બીનાની સરળ રજૂઆત છે.

हिन्द स्वराज: "A good book is the precious life-blood of a master-spirit, embalmed and treasured upon purpose to a life beyond life."

— Milton

"ઉત્તમ પુસ્તક તો જીવનથી પર એવા હેતુને સંઘરતું મહાન આત્માનું કીમતી સત્ત્વ છે."

ગાંધીજીના ચિંતન, મનન અને સ્વતંત્ર વિચારસરણીને અક્ષરબદ્ધ કરતા આ ગ્રંથને માટે મિલ્ટનના આ અતિપ્રચલિત શબ્દો તેનું ટૂંકમાં યથાર્થ વર્ણન કરી દે છે. આ જમાનાના મહાન આત્માના સત્ત્વનો સાર એમાં સમાયેલો છે. એનું મૂલ્યાંકન આજે જેટલું થાય છે તે કરતાં વિશેષ ભવિષ્યમાં થશે એમ કહેવામાં જરાય અતિતર્ક નથી. 'A vision of the new order'— નવીન સમાજરચનાનું દર્શન એમાં છે એમ જીરાલ્ડ હર્ડ કહે છે. તેની સાથે આ પુસ્તકનું (A great natural phenomenon) 'એક કુદરતી ઘટના' છે એવું તે જ લેખક યોગ્ય વર્ણન આપે છે. વિજ્ઞાન કૂદકે ને ભૂસકે વધતું જાય છે તેમ તેમ માણસની હિંસક વૃત્તિને બહાર ફાટી નીકળવાને પૂરતો અવકાશ ને સાધનો મળી રહ્યાં પણ તેની સાથે માનવજાતનું રક્ષણ અને ઉન્નતિ થઈ રહે એવી કોઈ નૈતિક તાકાતનો જન્મ થવાની પણ જરૂર હતી જ. રાજકારણને આધ્યાત્મિકતાના રંગે રંગવાથી જ માનવતાનો બચાવ છે એમ કહેનારા ઘણા નીકળ્યા છતાં તેને સારું વ્યવહારુ ઉકેલ આપી શકે એમ હોય તો તે આ એક જ પુસ્તક છે. તેથી ઍટમ બૉમ્બની સામે આત્મબળને ધરનાર મહાત્માએ આપેલા આ મૌલિક પુસ્તકને એક કુદરતી ઘટના તરીકે ઓળખવામાં એની સાચી કદર રહેલી છે. જગતના પરિબળોનું આજે નિરીક્ષણ કરતાં તો એમ જ લાગે કે મનુષ્યની આધ્યાત્મિક શક્તિનો સામુદાયિક રીતે ઉપયોગ અનેક ક્ષેત્રમાં બતાવનાર આ પુસ્તક બહુ વખતસર અસ્તિત્વમાં આવ્યું છે. વળી આ મહાન પુરુષ પણ એક કુદરતી ઘટના છે ને આ મહાન પુસ્તકને કુદરતી ઘટના તરીકે માનવામાં હરકત નથી.

ગુજરાતીઓ માટે આ પુસ્તકની અગત્ય એ છે કે તે પ્રથમ ગુજરાતીમાં જ લખાયેલું. તેની બીજી વિશેષતા એ કે તે એક સળંગ પુસ્તક રૂપે જ લખાયેલું. ગાંધીજીનાં કટકે કટકે લખાયેલાં લખાણોમાં આ એક મોટો અપવાદ છે. ધ્યાન ખેંચે એવી વસ્તુ તો એની રચના

છે. તે સંવાદરૂપે લખાયું છે. સંવાદમાં કશો આડંબર કે સંવાદની રસાકસીને સ્થાન નથી મળ્યું. સંવાદનું એક જ ધ્યેય હોય એમ લાગે છે અને તે વિચારતંતુને આગળ વધારવાનું. કશાય લંબાણ વગર અધિપતિ ને વાચક વચ્ચેનો સંવાદ દલીલોને કડીબદ્ધ કરી વિચાર-શૃંખલા પરિપૂર્ણ કરે છે.

"Conversation is natural, though it scarcely throbs with life." (Guj. & Lit. p. 315) 'આત્મકથા'ના સંવાદો વિષે આપેલો શ્રી મુનશીનો અભિપ્રાય 'હિંદ સ્વરાજ'ના સંવાદ વિષે કેટલેક અંશે યથાર્થ છે. એવું જીવનતત્ત્વ તેના સંવાદની રમઝટમાં નહીં તો તેની ફિલસૂફીમાં તો છે ખરું. 'આત્મકથા'માંના સંવાદો વિષે શ્રી મુનશીના અભિપ્રાય સાથે સંમત ન થવાય. તેમાં પૂરો પ્રાણ છે. વળી ગાંધીજી જે વાર્તાલાપ અનેક મુલાકાતીઓ સાથે કરતા તેમાં પ્રાણના ધબકારા ને બુદ્ધિના ચમકારા જોવા મળે છે. શ્રી મહાદેવભાઈએ પરદેશીઓ કે અસાધારણ મુલાકાતીઓ સાથે થયેલી મુલાકાતના હેવાલ 'હરિજનબંધુ'માં આપ્યા છે તે પરથી તો સ્પષ્ટ જોઈ શકાય છે કે એમના વાર્તાલાપ કલાનું રૂપ ધારણ કરતા. તેમાં રહેલી પ્રત્યુત્પન્નમતિ, મર્માળા વાક્યો, શબ્દોની યોગ્ય પસંદગી, અપ્રતિહાર્ય દલીલો, ને એ બધાંની પાછળ સામાને જીતી લેનારો સમભાવ એમના સંવાદમાં પૂરેપૂરો પ્રાણ પૂરતો જોઈ શકીએ છીએ.

'હિંદ સ્વરાજ'ની શૈલી એમના દક્ષિણ આફ્રિકાનાં બધાં લખાણોની શૈલીના નમૂનારૂપ છે. જે સહેલી ભાષામાં લોકો સમજી શકે તેમાં ગાંધીજીએ પોતાનાં કથનો ઢાલવ્યાં હતાં. એવી સરળ શૈલીને કારણે ત્યાંની હિંદી જનતાના વેપારી વર્ગથી માંડી મજૂર વર્ગ સુધી સૌ કોઈ એમનાં લખાણો વાંચી સમજી શકતાં હતાં. વાણીનો કેવલ પોતાના વિચારોના વાહન તરીકે જ ઉપયોગ કર્યો છે; નથી તેને શણગારવા પ્રયત્ન કર્યો કે નથી તેને શિષ્ટમાન્ય ભાષા તરીકે ગણાવવાનો ઇરાદો રાખ્યો. જ્યારે લખ્યા વિના ન રહેવાયું ત્યારે જે ભાષા એમને

ઊગી આવતી હતી તેનો જ ઉપયોગ કર્યો. "જ્યારે મારાથી ન રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું." (હિં. સ્વ. પૃ. ૨૩)

'હિંદ સ્વરાજ' લખ્યું તે પહેલાં એમણે ઘણું વાંચી કાઢ્યું હતું. વિચાર પણ ખૂબ કરેલો. અને એવા વાચન-મનનને પરિણામે પોતાને જે સૂઝ્યું તે 'હિંદ સ્વરાજ'માં આપ્યું છે. સામાન્ય રીતે એવી માન્યતા કે છાપ લોકોમાં છે કે ગાંધીજી વાચનના વિરોધી છે. અલબત્ત એમણે હિંદની યુનિવર્સિટીઓમાં ચાલતા અકુદરતી અભ્યાસક્રમને અંગે એકાંગી કેળવણીની ટીકા કરતાં કેવળ વાચનને વખોડયું છે. છતાં તેનો અર્થ એવો કદાપિ થતો નથી કે તેઓ વાચનમાત્ર, કે અભ્યાસી વૃત્તિના વિરોધી હતા. શ્રી કૃપાલાનીએ વિદ્યાપીઠના સ્નાતકોના પદવીદાન સમારંભમાં આ વિષે ઉલ્લેખ કરતાં જણાવેલું કે વિદ્યાર્થીઓએ સાચા અભ્યાસી થવું જોઈએ અને તેમની સમક્ષ તેમના કુલપતિ ગાંધીજીનો જ ઉત્તમ દાખલો મોજૂદ છે. તે પછી એમણે ગાંધીજીએ વાચન કરેલાં પુસ્તકોની યાદી વાંચી સંભળાવી — સેંકડો પુસ્તકોની તે યાદી હતી. રાજકારણ ને જાહેર જીવનમાં પડ્યા બાદ પણ એમણે સારી પેઠે વાચન કરેલું અને તે જેલમાં. ગાંધીજીના વિશાળ વાચનમાં ગુજરાતીનું વાચન ઝાઝું ન હતું. અખાના છપ્પા તેમણે વાંચેલા, નર્મદનું 'ધર્મ-વિચાર' વાંચેલું તથા રાયચંદભાઈએ ગુજરાતીમાં કેટલાંક ધાર્મિક પુસ્તકો મોકલ્યાં હતાં તે વાંચેલાં. એટલે એમની ગુજરાતી ભાષાનું ઘડતર થવાનો અવકાશ જ ન હતો. છતાં એમની પાસે કંઈક નવું કહેવાનું હતું, વિચારોનું બળ હતું, મનન મૌલિક અને સ્પષ્ટ હતું એટલે જે કહેવું હતું તે સ્પષ્ટ યા જોરદાર ભાષામાં કહી શક્યા છે. નીચેનો પેરો એનો સરસ નમૂનો છે:

"આ પ્રજાને હું કહીશ કે જે હિંદીને ખરી ખુમારી ચઢી હશે તે જ ઉપર પ્રમાણે અંગ્રેજને કહી શકશે. ને એના રુઆબમાં નહીં દબાય.

"ખરી ખુમારી તો તેને જ ચઢે કે જે જ્ઞાનપૂર્વક માને કે હિંદી સુધારો તે સર્વોપરી છે ને યુરોપી સુધારો ત્રણ દહાડાનો તમાસો છે. એવા સુધારા તો કંઈ થઈ ગયા ને રોળાયા, કંઈ થશે ને રોળાશે.

"ખરી ખુમારી તેને જ હોઈ શકે કે જે આત્મબળ અનુભવી શરીરબળથી નહીં દબાતાં નીડર રહેશે અને તોપબળનો સ્વપ્ને પણ ઉપયોગ કરવા નહીં ધારે.

"ખરી ખુમારી તેને જ રહેશે કે જે હિંદી અત્યારની દયામણી દશાથી બહુ જ અકળાયો હશે ને જેણે ઝેરનો પ્યાલો પહેલેથી જ પી લીધો હશે. તેવો હિંદી એક જ હશે તો તે પણ ઉપર મુજબ અંગ્રેજને કહેશે અને તે અંગ્રેજને સાંભળવું જોઈશે.

"ઉપરની માગણી તે માગણી નથી, પણ હિંદીના મનની દશા સૂચવે છે. માગ્યું નહીં મળે, લીધું લેવાશે. લેવાનું બળ જોઈએ." (હિં. સ્વ. પૃ. ૮૮)

કેટલું ખુમારીભર્યું આ લખાણ છે! અને છતાં તે ખૂંચતું નથી. નથી તેમાં અભિમાનનો અંશ લાગતો કે નથી તેમાં દીનતા. વિરોધી સામે પોતાના સ્વત્વનું રક્ષણ ચાહનારના સ્વમાનનો તેમાં હુંકાર છે. એવા હુંકારવાળા એક જ હિંદીનું કથન અંગ્રેજને, જગતને સાંભળવું પડ્યું છે. માગવાની રીત છોડી, લેવાનો રસ્તો એમણે જ કોંગ્રેસને શીખવ્યો, 'લેવાનું બળ' આપ્યું અને જે ખુમારીની વાત ઉપર કરી છે તે હિંદી જનતામાં પેદા કરી. કોણ કહેશે 'હિંદ સ્વરાજ'ની ભાષામાં કૌવત નથી ભર્યું? જે પુસ્તકની ભાષા મડદાના મરદ કરે એવી કૌવતવાળી છે, જેમાં ઓજસની સાથે પ્રસાદનો ગુણ ભર્યો છે તે પુસ્તક સાહિત્યિક દૃષ્ટિએ પણ ઊંચે સ્થાને મૂકવું જોઈએ.

નર્મદનાં કાવ્યો અને 'ધર્મવિચાર' વાંચેલાં એટલે એની વાક્યરચનાની અસર ઉપરના ટાંચણમાં અને બીજે ક્યાંક ક્યાંક દેખાય છે. 'ખરી ખુમારી તો તેને જ હોઈ શકે. . .' એવી વાક્યરચના નર્મદની શૈલીની યાદગાર છે, પણ આ છાપ કાયમની નથી.

આમ છતાં કહેવું જોઈએ કે આ પુસ્તકની ભાષા અણઘડ છે. તળપદાપણું અણઘડતાની હદ સુધી પહોચ્યું છે. શ્રી મહાદેવભાઈએ પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું છે, "મારે એટલું કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીએ 'તેમના વિચારની તીવ્રતા'માં યંત્રો વિષે અણઘડ ભાષા વાપરી છે." (હિં. સ્વ. પૃ. ૮) પણ આ અણઘડતા જ એની લોકોપયોગિતાને સારું કારણરૂપ બની રહી. શ્રી રમણભાઈએ આ પુસ્તકની ભાષાને મૅટ્રિકના વિદ્યાર્થીની ભાષા સાથે સરખાવી હતી. મૅટ્રિકના વિદ્યાર્થી જેટલી એમની ભાષા સરળ છે એમ કહેવામાં દોષ નથી પણ તેટલી જ કાચી અને દોષિત તો નથી. થોડું ભણેલાને ઉદ્દેશીને આ લખાણ કરેલું એટલે પણ ભાષાની સરળતાનો એમણે આગ્રહ રાખેલો. ગાંધીજીને પોતાને તો પાછળથી પણ એ પુસ્તકની ભાષા કે વિચારો એમાંથી એકેમાં કશું સુધારવા જેવું નથી લાગ્યું. "આ વખતે આ પુસ્તક એમ ને એમ પ્રકાશિત કરવું આવશ્યક સમજું છું." એમ કરવામાં ડહાપણ જ હતું, કારણ કે એ પુસ્તક તે વખતના ગાંધીજીને ઓળખવામાં મદદ કરે છે. એટલું જ નહીં પણ તેની શૈલી પણ એક વિશિષ્ટ પ્રકારની છે. ગાંધીજી કહે છે તેમ તે પુસ્તક બાળકના હાથમાં પણ મૂકી શકાય એવું છે. "મારા અભિપ્રાય પ્રમાણે આ ચોપડી એવી છે જે બાળકના હાથમાં પણ મૂકી શકાય." ક્રાંતિકારી વિચારોવાળું આ મહાન પુસ્તક આટલી સહેલી શૈલીમાં મૂકીને ગાંધીજીએ સાહિત્ય વિષેના પોતાના વિચારોનો પ્રત્યક્ષ અમલ કરી બતાવ્યો છે. ગુજરાતી સાહિત્યનું આ પુસ્તક કોશિયો પણ સમજી શકે ને બાળક પણ વાંચી શકે — પ્રયાસ કરે તો.

આ પુસ્તકમાં ઘરગથ્થુ કહેવતોનો બહુ ઉપયોગ ધ્યાન ખેંચે એટલો છે. પાને પાને એકાદ કહેવતનો, કે ઘરગથ્થુ શબ્દપ્રયોગનો વપરાશ થયેલો હોય છે. તેના થોડા નમૂના જોઈએ: "તેઓએ જ આપણને શીખવ્યું છે કે જેનું મન ચંગા છે તેને ઘેર બેઠે ગંગા છે." "હિંદુ મુસલમાનને તો હાડવેર છે એમ કહેવાય છે. આપણી કહેવતો

પણ તેવી જ છે. 'મિયાં મહાદેવને ન બને.'" (પૃ. ૩૨) "'હા' ને 'ના' ને હંમેશાં વેર છે. જો હું વાદ કરું તો મુસલમાન પણ વાદ કરશે." "તેઓ જ્યાં સુધી મુલકમાં છે ત્યાં સુધી જંપ નથી વળવાનો." (પૃ. ૩૫) "પરાધીનને સપને સુખ નાહીં." (તુલસી રામાયણ) (પૃ. ૫૨) "જેઓ તલવાર ચલાવે છે તેમનું મોત તલવારથી થાય છે." "'તારાનું મોત પાણીમાં છે' એવી આપણામાં કહેવત છે." "આપ આપકી ફોડિયો, મેં મેરી સમાલતા હૂં." વગેરે. આ કહેવતો એમની ભાષામાં તળપદાપણું લાવે છે, અને ઓછું ભણેલો પણ મોટા ને ગંભીર વિચારને તરત સમજી જઈ શકે છે.

કહેવતોની આટલી ભરમારનું એમને કારણ પૂછવામાં આવતાં એમણે મને જણાવેલું કે નાનપણમાં હાઈસ્કૂલમાં ભણતા ત્યારે એક લીલા પૂંઠાવાળી કહેવતમાળા હાથમાં આવેલી તે વાંચેલી અને તેમાંથી ઘણી મોઢે ચઢી ગયેલી. એ કહેવતોનો મોટો ભાગ આ પુસ્તકમાં ઠલવાયેલો આપણે જોઈએ છીએ! કહેવતોનો આટલો વિપુલ ઉપયોગ એમના બીજા કોઈ લખાણમાં નથી.

अजोड वर्तमानपत्रकार: મદનજિત પાસેથી ગાંધીજીએ 'ઇંડિયન ઓપીનિયન' ખરીદી લીધું પછી તેને પોતાની રીતે ચલાવવા લાગ્યા. પોતાના વિચારોમાં જેમ પલટો આવવા લાગ્યો તેમ આ છાપામાં પણ ફેરફારો થવા લાગ્યા. ફિનિક્સ આશ્રમ શરૂ થયો એટલે આખું છાપખાનું પણ ત્યાં પહોંચ્યું. "મારે હસ્તક હતું ત્યાં સુધીમાં એમાં થયેલા ફેરફારો મારી જિંદગીના ફેરફારો સૂચવનારા હતા." (આ. ભા. ૨. પૃ. ૫૨)

છાપાએ એમના પોતાના ઘડતર ને ચણતરમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેમાંથી એમને ખૂબ શીખવાનું મળ્યું. જાહેર જીવનને ઉપયોગી એવી અનેક વસ્તુઓની જાણ એમને આ છાપાના સંચાલનથી થઈ. હિંદુસ્તાનમાં આવ્યા બાદ પણ એમણે ચાલુ કરેલાં 'નવજીવન' ને 'યંગ ઇંડિયા' ને પાછળથી 'હરિજન' ને 'હરિજનબંધુ' વડે

લોકસંપર્ક ચાલુ રાખી શક્યા અને લોકલાગણી ને લોકમાનસનો તાગ એના વડે જ એમને મળતો રહ્યો. છાપાં વાંચનારને જે માહિતી અને હકીકતો ન મળી શકે તે એમને છાપાંને અંગે આવતી ટપાલ વડે મળી રહેતી. છાપાં વડે એમણે પ્રજાને શિક્ષણ આપ્યું. એમની પાસે જે હતું તે પ્રજાને આપવું હતું. પ્રજાકાર્યના ચણતર વડે આપોઆપ પોતાની પ્રગતિ સહેજે થતી હતી. પરંતુ દક્ષિણ આફ્રિકામાં 'ઇંડિયન ઓપીનિયન' ચલાવવામાં એમને ઘણું નવું જાણવાનું મળ્યું. "આ છાપા વાટે રંગએરંગી મનુષ્યસ્વભાવને જાણવાનું મને બહુ મળ્યું, તંત્રી અને ગ્રાહકની વચ્ચે નિકટ અને સ્વચ્છ સંબંધ બાંધવાની જ ધારણા હોવાથી મારી પાસે હૃદય ઠાલવનારા કાગળોના ઢગલા થતા. તેમાં તીખાં, કડવાં, મીઠાં એમ ભાતભાતનાં લખાણો મારી પાસે આવે. તે વાંચવાં, વિચારવાં, તેમાંથી વિચારોનું તારણ કરી જવાબ આપવા, એ મારે સારુ ઉત્તમ શિક્ષણ થઈ પડ્યું. તે માટે હું કોમમાં ચાલતી વાતો ને વિચારો કેમ જાણે સાંભળતો હોઉં નહીં, એવો અનુભવ થયો. તંત્રીની જવાબદારી હું સારી પેઠે સમજતો થયો, ને મને કોમના માણસો ઉપર જે કાબૂ મળ્યો તેથી ભવિષ્યમાં થનારી લડત શક્ય થઈ, શોભી ને તેને જોર મળ્યું." (આ. ભા. ૨. પૃ. ૫૨, ૫૩) હિંદની અને માનવતાની નાડ એમના હાથમાં આવવાનું આ પણ એક બાહ્ય કારણ હતું.

હિંદુસ્તાનમાં આવીને આ અનુભવનો એમણે ઉપયોગ કર્યો. ૧૯૧૫માં હિંદમાં આવ્યા બાદ હિંદનો અભ્યાસ કરી લીધા પછી ૧૯૧૯માં 'નવજીવન' શરૂ કર્યું. તેનો હેતુ જણાવતાં લખે છે, "જન્મ અને કર્મથી ગુજરાતી હોઈ હું ગુજરાતના જીવનમાં ઓતપ્રોત થઈ જાઉં તો જ હું હિંદની શુદ્ધ સેવા કરી શકું. વેપારની દૃષ્ટિએ પણ મારી શક્તિનો સારામાં સારો ઉપયોગ હું ગુજરાતને મારું મુખ્ય ક્ષેત્ર ગણીને જ આપી શકું." સેવામાં પણ વેપારી વિદ્યાની ગણતરી કરનારા ગાંધીજીને ગુજરાત સાથે તન્મયતા સાધવી હતી; અને સાધી

પણ ખરી. એવી તન્મયતાથી એમની પાસે જે હકીકતો ને ટપાલનો ખડકલો થતો તેને સહાનુભૂતિથી ને વિચારથી તપાસનાર આ રાજપુરુષના હાથમાં દેશની નાડ સહેજે આવી ગઈ. નાડ હાથમાં આવતાંની સાથે પોતાની પાસે જે ઇલાજો તૈયાર હતા તે જોઈતી માત્રામાં આપતા ગયા અને દેશનું કામ આગળ વધ્યું.

ફક્ત સેવાના દૃષ્ટિબિંદુથી ચાલતાં એમનાં પત્રોમાં સહેજે ભાષાની શુદ્ધિ ને સાદાઈ પ્રવેશ પામ્યાં. કશીય ભભક એમાં ન શોભે. સત્યના પ્રચારને સારુ નીકળતું આ છાપું સત્ય હકીકતો જ પીરસતું. એમાં મતમતાંતરો ને પક્ષાપક્ષીને સ્થાન નહોતું. પક્ષાપક્ષી ને રાગદ્વેષનો એને સ્પર્શ નથી થવા પામ્યો. નીડરતા જે દરેક છાપાનો ગુણ હોવો જોઈએ તે એણે સંપૂર્ણપણે પ્રકટ કરી બતાવ્યો. જાહેરખબરોનું નામનિશાન ન મળે. આવું છાપું દુનિયામાં પણ ભાગ્યે કોઈ ચાલ્યું હશે !

"વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવાં જોઈએ એ હું 'ઇંડિયન ઓપીનિયન'ના પહેલા માસની કારકિર્દીમાંથી જ જોઈ ગયો. વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાવે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે." (આ. ભા. ૨. પૃ. ૫૩)

ગાંધીજીએ જે જે વસ્તુને સ્પર્શ કર્યો તેની કાયાપલટ કરી નાખી છે; દરેકનો તેમણે જાણે સત્ય ને સેવાની જાદુઈ લકડીથી અજબ સ્વરૂપપલટો કરી દીધો છે. દરેક ધંધો સેવાની દૃષ્ટિથી થવો જોઈએ એવી દૃષ્ટિ એમણે આપી. વર્તમાનપત્રકારત્વનો ધંધો આજે તો કમાણીનો ધંધો છે; તેમાં સ્વતંત્રતા પણ ઘણી છે. એને એવી સ્વતંત્રતા હોવી જોઈએ એવી હિમાયત કરતા છતાં અંદરનો અંકુશ રાખવાની ફરજ તંત્રીની છે એમ પણ સમજાવે છે. પોતે એનો આબાદ નમૂનો પણ પૂરો પાડ્યો.

આવી દૃષ્ટિથી વર્તમાનપત્ર દ્વારા જ લગભગ બધું લખાણ કરનાર ગાંધીજીને રા. વિ. પાઠક વાજબી રીતે વર્તમાનપત્રકારના વર્ગમાં મૂકે છે. "લેખક તરીકે તો પત્રકારના વર્ગમાં જ તેઓ આવે." (ગાંધીજીનું ગદ્ય, 'સંસ્કૃતિ,' પૃ. ૮૯) પત્રકારના વર્ગમાં આવે પણ તેમાંય એમની વિશિષ્ટતાથી એઓ અનેરી ભાત પાડે છે.

વૃત્તવિવેચન : એક અંગ્રેજ લેખકે વૃત્તવિવેચનને 'ઉતાવળે લખેલું સાહિત્ય' કહ્યું છે. એટલે એની સાહિત્ય તરીકે એણે ખાસ કિંમત નથી આંકી સિવાય કે એમાંના કોઈ કોઈ રડ્યાખડ્યા સરસ લેખોની. આથી ઊંધો જ અભિપ્રાય અંગ્રેજ લેખક નેવિનસન આપે છે. તે કહે છે કે, "ઘટનાઓના ઉત્તમ ને મૂલગામી અભ્યાસ પછી સ્પષ્ટ ને સ્વતંત્ર, વિચારપૂર્વક મુદ્દાસર ત્વરિત ગતિથી લખાયેલું લખાણ સાહિત્ય નહીં તો બીજું શું હોય?"

આ બંને છેડાના અભિપ્રાયો છે. બંનેમાં સત્ય છે અને સાથે અભિપ્રાય બાંધવામાં ઉતાવળ છે તેથી તે એકાંગી સત્ય છે. વૃત્તવિવેચન સાહિત્ય બની જ ન શકે એમ નથી તેમ જ તેમાંનું બધુંય લખાણ સાહિત્ય જ છે એમ પણ ન કહેવાય. પ્રથમ વિચારે જ લાગે છે કે વૃત્તવિવેચન વર્તમાન હેતુપૂરતું જ ને વર્તમાન ઘટનાઓના બયાન જેવું હોઈ તેની સ્થાયી કિંમત ઓછી હોય. છતાં એડિસન, ડીફો, હેઝલિટ, ડિકન્સ, આર્નોલ્ડ, કિપલિંગ, ગયટે, આનાતોલ એ બધાય વૃત્તવિવેચકો હતા છતાંય મોટા સાહિત્યકારો બની શક્યા છે. એમ પણ ન કહેવાય કે તેમણે લખેલું બધુંય વૃત્તવિવેચન સાહિત્ય બન્યું છે. જે તત્કાળની જરૂર પૂરતું જ ઉપયોગી હતું તે કાળને ચાળણે ચળાઈ ગયું છે અને જે ચિરંજીવ મૂલ્યવાળું છે તે જ આજે સાહિત્ય તરીકે ટકી રહ્યું છે. આવા ચિરંજીવ મૂલ્યવાળા સાહિત્યની વ્યાખ્યા શી? શ્રી મહાદેવભાઈએ એમના વૃત્તવિવેચનના (બારમી સાહિત્ય પરિષદના) વ્યાખ્યાનમાં કહ્યું હતું તેમ રસ્કિનની વ્યાખ્યા આ પરત્વે ઘણી ઉપયોગી થાય એવી છે. રસ્કિન કહે છે કે, "લેખકને પોતાના લખાણ વિષે આમ

લાગવું જોઈએ: 'હું લખું છું તે સત્ય છે, જનહિતકારી છે, સુંદર છે.' એ એવા ભાનથી લખાયેલું હોય કે એવું બીજા કોઈએ લખ્યું નથી. એને પોતાના કથનનું સ્પષ્ટ દર્શન થયું હોય અને અનુભવમાંથી પસાર થયું હોય. એને એમ પણ લાગે કે, 'આમાં મારું હીર અને નૂર નિચોવાયું છે. . . તેમાં મારું અમોલું જ્ઞાન અને દર્શન છે, એ તમારી સ્મૃતિમાં સંઘરવા જેવું છે.' એની અલ્પ રીતે પણ એને ઈશ્વરે જે દર્શન કરાવ્યું તેટલે અંશે એ એનો શિલાલેખ છે, શાસ્ત્ર છે. એ પુસ્તક છે, એ ચિરંજીવ સાહિત્ય છે." રસ્કિનની આ વ્યાખ્યાનો પડઘો કેટલો આબાદ રીતે 'નવજીવન'માં લખાણો લખવાના જાહેર કરેલા ગાંધીજીના ઉદ્દેશમાં પડતો દેખાય છે! પુનરાવર્તનનો દોષ વહોરીને પણ એમની એ જાહેરાત ફરી નોંધવાની ઇચ્છા રોકી શકાતી નથી. આ રહ્યા ગાંધીજીના એ યાદગાર શબ્દો: "મારે હિંદને કંઈ આપવાનું છે, તે બીજાની પાસે તેટલા જ પ્રમાણમાં નથી, એમ હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. ઘણા પ્રયત્ને મેં કેટલાક સિદ્ધાંતો મારા જીવનમાં ગોઠવ્યા છે ને તેને અમલમાં મૂક્યા છે તેથી મને સુખ મળ્યું છે. મારા સુખનો અનુભવ કરાવવાની મને ભારે અભિલાષા છે. એનું એક સાધન વર્તમાનપત્ર છે." રસ્કિનની એકેએક શરત શું આમાં આબેહૂબ પળાતી નથી? રસ્કિનની સાહિત્યની વ્યાખ્યા સંપૂર્ણતયા ગાંધીજીનાં લખાણોને લાગુ પડે છે.

જેવી ચિરંજીવ સાહિત્યની તેવી ક્ષણજીવી સાહિત્યની વ્યાખ્યા પણ રસ્કિનને આપી છે: "અમુક ઘટના અથવા સ્થિતિનું સુવાચ્ય વર્ણન; અથવા અમુક મિત્રોની સુવાચ્ય ચર્ચા કે ભાષણ જેને એક કાળે આપણે સવારે નાસ્તો કરતાં વાંચીએ છીએ, એને વાંચવું જોઈએ, ન વાંચીએ અને તેનો ઉપયોગ ન કરીએ તો શરમાવું જોઈએ — એ વસ્તુ ક્ષણજીવી લેખનમાં આવી જાય છે." ગાંધીજીનાં જે પત્રો નીકળતાં રહ્યાં— 'નવજીવન' ને 'યંગ ઇંડિયા' તથા 'હરિજન' અને 'હરિજનબંધુ' — વિષે એવી એક સમજ શિષ્ટ સમાજમાં ઊભી થવા પામી હતી કે તેમાંનાં લખાણો ન વાંચનારને શરમાવું પડતું!

ગાંધીજીનાં લખાણો ને લેખોને ઉપલી બન્ને વ્યાખ્યાઓ લાગુ પાડતાં એટલું કહેવું જ પડે કે એમનાં લખાણોનો લગભગ બધો ભાગ ચિરંજીવ સાહિત્યમાં આવે. જે કેવળ તત્કાળ પૂરતી જ અગત્યનું હતું, જેનું સ્થાનિક મહત્ત્વ હતું તે લેખો પણ રસ્કિનની ક્ષણજીવી વ્યાખ્યામાં સમાઈ જાય. ગાંધીજીની કંઈ વસ્તુ કે વાત કે લખાણ એવાં ન હતાં કે જેને જાણવાને સૌ ઉત્સુક નહોતું બની રહેતું ? એટલે ચિરંજીવ સાહિત્યની વ્યાખ્યામાં સમાવેશ ન પામે એવું કેટલુંક એમનું લખાણ ક્ષણજીવી સાહિત્યમાં ખપે. પણ અસાધારણ લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર ગાંધીજી વિષેનું બધુંય આજે લોકોને પ્રિય છે. એમના દરેક લખાણનું સંશોધન થશે અને વખત જતાં ક્ષણજીવી જેવું કશું નહીં રહેવા પામે — કારણ પ્રજાને ગાંધીજીના સાહિત્યનું ઐતિહાસિક મહત્ત્વ આજે તો દેખાય છે. પછી તો કાળ પોતાનું કામ કરે તે ખરું.

ગાંધીજીનાં લખાણો ચિરંજીવ છે ને બનશે તેનાં કારણોમાં મુખ્ય તો એ છે કે તેમાંનું કથન ચિરંજીવ છે. ગાંધીજીને જે કંઈ કહેવું હતું તે, ક્ષણિકતા દ્વારા સનાતનને, વર્તમાન દ્વારા ઇતિહાસને, વ્યવહાર દ્વારા આદર્શને, પ્રવૃત્તિ દ્વારા સ્થાયી સત્યોને કહ્યાં છે. અને તેથી જ ક્ષણિક ગણાતા વર્તમાનપત્રકારત્વ દ્વારા તેઓ ચિરંજીવ સાહિત્ય પ્રજાને આપી શક્યા. શ્રી. રા. વિ. પાઠક યથાર્થ કહે છે કે, “જીવનના મહાન સિદ્ધાંતો પર સ્થિત થઈને તે બોલે છે ત્યારે તે ચિરંતન જીવનને સ્પર્શે છે અને એમનાં લખાણો ચિરંતન સાહિત્ય બને છે.” (ગાંધીજીનું ગદ્ય, ‘સંસ્કૃતિ’, માર્ચ, ૧૯૪૮)

ગાંધીજીની બધી પ્રવૃત્તિઓની જેમ એમના સાહિત્યનું પ્રેરકબળ પણ ધર્મભાવના જ હતી. એ ધર્મપ્રચારક હતા પણ તેમનામાં ધર્મપ્રચારકનું ઝનૂન નહોતું. સત્યના પોતાના બળ વડે જ તેનો પ્રચાર કરવાની હોંશ ને હેતુ હતાં. તેથી કેવળ સમજૂતીના બળ વડે જ પોતાને લાગતા સત્યનો પ્રચાર હમેશ કરવા ધાર્યો. આથી તેમણે ભાષાનો ઉપયોગ ‘એક સમર્થ ચોકસ સ્થાયીતમ ને વિશાળતમ સાધન’

તરીકે કર્યો. તેને લીધે જ એમની વાણીમાં કંઈક એવું બળ હતું જે એમના કથનને હૃદય સોંસરું ઉતારી દે છે. "સત્યના પ્રચાર માટે મહાત્માજીએ વાણીનું સાધન પસંદ કરેલું." (ગાંધીજીનું ગદ્ય 'સંસ્કૃતિ', માર્ચ ૧૯૪૮) અને તેથી શ્રી રા. વિ. પાઠક તેમનાં લખાણોને દુનિયાભરના ઉત્તમ ધાર્મિક સાહિત્ય જેવાં કે ઉપનિષદો, કુરાન, બાઇબલ વગેરે સાથે સરખાવે છે. બંનેની પ્રેરણા એકસરખી છે છતાં બન્નેમાં દેખીતો ભેદ પણ છે જ. બંનેમાં આર્ષદર્શન છે, બંને બધાયને માટે છે, બંને વર્ગના ભેદથી પર છે છતાં બંનેની અભિવ્યક્તિમાં ભેદ છે. ગાંધીજીનું સાહિત્ય વધુ લોકભોગ્ય છે, વધુ લોકવ્યવહારની નજીક છે. પણ બંનેના ભેદોમાં ન પડતાં એટલું તો જરૂર સમર્થન કરાય કે બંને વચ્ચેની સરખામણી કરવામાં જરાય અનૌચિત્ય નથી.

ગાંધીજીને એક વાર સત્યાગ્રહનું શાસ્ત્ર લખી કાઢવાની સૂચના શ્રી વિજયરાઘવાચારી તરફથી ૧૯૧૯માં થઈ હતી. "આ કામ મારા ગજા ઉપરવટનું છે એમ મેં જણાવ્યું." (આ. ભા. ૨. પૃ. ૩૧૮) સત્યાગ્રહના જન્મદાતા અને તેના વિષેની જાણકારીનો દાવો કરવાનો હક પોતાને છે એમ અનેક વાર કહેનાર ગાંધીજીએ સત્યાગ્રહનું શાસ્ત્ર લખવાની કેમ ના પાડી હશે? એમણે પોતાનો ધર્મ જોયો હતો કે સત્યાગ્રહનું પૂરેપૂરું કે પૂરતું ખેડાણ ન થાય ત્યાં સુધી તેનું શાસ્ત્ર કેવી રીતે લખાય? અને સત્યાગ્રહનું ખેડાણ કેમ થાય? તે તો તેમણે આબાદ રીતે આચરી બતાવીને, જીવનના ને રાજકારણના પ્રશ્નોની ગૂંચ ઉકેલવામાં સત્યાગ્રહનો ઉપયોગ કરીને બતાવ્યું. એ અનુભવોમાંથી જ પાછળથી શાસ્ત્ર રચાય એમ એ માનતા. જીવનને તેઓ કલા માનતા અને સત્યાગ્રહને તે કલાનું વૈજ્ઞાનિક સાધન માનતા. તેથી સત્યાગ્રહનો પ્રત્યક્ષ વ્યવહારમાં ઉપયોગ કરીને એમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે જીવનને જો દિવ્ય બનાવવું હોય, તો બદલાતા જતા જીવનને ચિરંતન સત્યોથી જીવો, ક્ષણિકને સનાતનની ભૂમિકા પર રાખીને જીવતાં શીખો, તેથી તો એમની ક્રિયામાત્રમાં સત્ય, અહિંસા

આદિ જીવનસિદ્ધાંતોનો રણકો સંભળાયા કરે છે. એમના અતિ ક્રિયાશીલ જીવનનો તાણો સત્યાદિ સનાતન સત્યો હતાં. તેથી એમના સાહિત્યમાં પણ એમના આ આચારસિદ્ધાંતનું પ્રતિબિંબ પડ્યું. તેથી તો ક્ષણજીવી ગણાતા વર્તમાનપત્રનાં રોજિંદાં લખાણોમાં જ એમના સનાતન સિદ્ધાંતોનું પ્રતિપાદન થવા પામ્યું હતું. ક્ષણિક ને સનાતનનો સુમેળ એમના જીવનમાં ને સાહિત્યમાં — સાહિત્યસર્જન પણ એમના જીવનકાર્યનું એક અંગ જ હતું — વણાઈ ગયેલો આપણે જોઈ શકીએ છીએ.

વર્તમાનપત્ર કે માસિક દ્વારા સાહિત્યનું ખેડાણ કરનારાઓમાં આપણે ત્યાં સ્વ. મણિલાલ નભુભાઈ, સ્વ. નવલરામ, આનંદશંકર અને તિલક મહારાજના લેખોને શુદ્ધ સાહિત્યમાં ગણ્યા વિના ન ચાલે. એમના કેટલાય લેખો આજે પણ વાચકો વાચે છે અને ભવિષ્યમાં પણ વાંચશે. પણ "ગાંધીજી અને તિલક મહારાજની જાત ને ભાત આ બધાથી જુદી છે. તેમના વૃત્તવિવેચન પર તેમના લોક-નેતૃત્વની છાપ છે. બંને રાષ્ટ્રવિધાયકો ને લોકશિક્ષકો. પણ ગાંધીજી અન્યાયની સામે — રાજા અને પ્રજા બંનેના અન્યાયની સામે — આમરણ ઝૂઝનારા સત્યનિષ્ઠ યોદ્ધા છે." (મહાદેવભાઈ, બારમી સાહિત્ય પરિષદ)

મહાદેવભાઈએ વર્તમાનપત્રકારના ત્રણ વિભાગો પાડ્યા હતા. (૧) મોટા ભાગના લોકમતનું પ્રતિબિંબ પાડનારા જેમની નજર કમાણી પર જ હોય છે; (૨) થોડા લોકમત જાણીને પ્રસંગ આવ્યે ન્યાયને સારુ તેની સામે ઝૂઝનારા (૩) બહુ થોડા લોકશિક્ષકો હોય છે, પોતાના જમાનાને પલટનારા હોય છે." ત્રીજા વિભાગમાં ગાંધીજી અને તિલક મહારાજને છોડીને બીજા કોઈ સૂઝતા નથી. આથી આગળ વધીને એટલું કહેવામાં જરાય ધૃષ્ટતા નથી કે ગાંધીજી તિલક મહારાજથી પણ એક ડગ આગળ ગયા છે. તિલક મહારાજે રાજકારણ પૂરતું પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત રાખ્યું જ્યારે ગાંધીજીએ પોતાનાં છાપાંઓમાં દરેક વિષયને ન્યાય આપ્યો છે. તિલક મહારાજ લોકશિક્ષક હતા એમ

કહીએ તો ગાંધીજીને લોકશિક્ષણના આચાર્ય કહેવા જોઈએ. ગાંધીજીને લોકશિક્ષણના આચાર્ય તરીકે ઓળખાવવામાં ઘણું ઔચિત્ય રહેલું છે. લોકજીવનનો એક પણ પ્રશ્ન એવો નથી જેને માટે એમણે મથામણ ન કરી હોય, જેની ઝીણવટભરી છણાવટ કરી ઉકેલ શોધી આપ્યા ન હોય. સમાજજીવનના એકેએક અંગને સ્પર્શ કરતાં તેમણે તેની સુધારણાનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો પણ પૂરાં પાડ્યાં. હરિજનોને અપનાવવાને એમણે ભગીરથ પ્રયત્ન આદર્યા હતા અને છેવટે એમાં સફળતા મળેલી આપણે આજે જોઈ શકીએ છીએ. અસ્પૃશ્યતા આજે તેના છેલ્લા શ્વાસ લઈ રહી છે. આને માટે એમને સમાજનો અને સમાજની ટીકાનો સામનો પણ કરવો પડ્યો. હિંદુ સમાજનો જ ખ્યાલ રાખ્યો એમ નહીં પણ હિંદી સમાજનો ખ્યાલ પણ એટલો જ રાખ્યો. કોમ કોમ વચ્ચેના ભેદો અને સંઘર્ષોને માટે પણ આમરણ અનતું કર્યું. આગળ જઈને એમ પણ કહેવું જોઈએ કે એમનું કાર્ય માનવજાત માટે હતું. હિંદમાં કરેલા પ્રયોગો વડે જગતનું ભલું કરવાની એમની મુરાદ હતી. સ્વદેશાશ્રમ પાળનારા એઓ પોતાના ધર્મકર્મને બરાબર રીતે ન્યાય આપતાં જ જગતની સેવા કરવાની ઉમેદ રાખતા. એમના જીવનસિદ્ધાંત જગતને માટે પણ એટલા જ ઉપયોગી છે જેટલા તે હિંદને છે. આજની માનસિક બીમારી ભોગવતી દુનિયાને ગાંધીજીનો ઇલાજ જ સાજી કરે એમ છે.

પણ આટલામાં જ એમનું લોકશિક્ષણ સમાપ્ત નથી થતું. સ્ત્રીઓને પણ ગૌરવભર્યું સ્થાન આપ્યું, એમને આગળ લાવી એમને સ્વત્વનું ભાન કરાવ્યું; એટલું જ નહીં પણ તેને પુરુષસમોવડી બનાવવાને બદલે તેને પુરુષ કરતાંય ઊંચે સ્થાને બેસાડી. "પણ સત્યાગ્રહની સીમા કંઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધમાં જ સમાપ્ત થતી નથી. સંસારી સુધારાને સારુ પણ એ જ અમૂલ્ય શાસ્ત્ર છે. આમાં સ્ત્રીઓની સ્થિતિ, આપણા કેટલાક નઠારા રિવાજો, હિંદુ મુસલમાનો વચ્ચે ઊભા થતા સવાલો, અત્યંજોને લગતી અડચણો — આવા અનેક પ્રશ્નોનો

નિવેડો આવી શકે છે. એટલે આ બધા પ્રશ્નોની ચર્ચા 'નવજીવન' પ્રસંગોપાત્ત કરશે....ઘેર ઘેર સ્ત્રીઓ 'નવજીવન' વાંચે એમ હંમેશાં પ્રભુ પ્રત્યે માગીશ. સ્ત્રીઓના વિના ધર્મની રક્ષા કોણ કરે ? સ્ત્રીઓ અજ્ઞાન ને મૂઢ દશામાં રહે, સ્ત્રીઓને હિંદુસ્તાનની દશાની ખબર ન હોય તો ભવિષ્યની પ્રજાની શી વલે થાય ? તેથી 'નવજીવન' સ્ત્રીઓને જાગ્રત કરશે, અને પુરુષ વર્ગને સ્ત્રીઓ પ્રત્યેની પોતાની ફરજનું ભાન કરાવવા પ્રયત્ન કરશે." ('નવજીવન' અં. ૧, ૧૯૧૯)

બીજો તવક્કો : હવે આપણે ગાંધીજીના લખાણના બીજા તબક્કા સુધી પહોંચી ગયા. હિંદુસ્તાનમાં આવ્યા બાદ ૧૯૩૦ સુધીનાં એમનાં લખાણોનો આ વિભાગમાં સમાવેશ થાય. એ લખાણો લગભગ બધાંય 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'માં બહાર પડચાં. એમની આત્મકથા પણ કટકે કટકે એમાં જ પ્રસિદ્ધ થઈ. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પણ એ ખંડમાં લખાયો ને છપાયો.

દક્ષિણ આફ્રિકા કરતાં આ સમયમાં એમની ભાષા ને શૈલીએ ઘણી પ્રગતિ સાધી દેખાય છે. જોકે પ્રયોગશીલ તો છેવટ સુધી રહ્યા. છતાં એમના જીવનસિદ્ધાંત બંધાવાનો પ્રયોગકાળ તો ક્યારનોય વીતી ગયો હતો. હવે તો એ જીવનદર્શનનો લાભ હિંદને આપવાની અભિલાષા હતી. એટલે સહેજે એમાં આત્મવિશ્વાસ પૂર્ણપણે પ્રગટ થાય છે. કહેવાની સાચી તમન્ના હતી એટલે નિષ્ઠા (Sincerity)નો રણકાર તો શબ્દે શબ્દે સંભળાય છે. એમણે કહ્યું હતું કે જેમ એમના જીવનમાં ફેરફાર થતા ગયા તેમ તેમના છાપામાં પણ તે ફેરફાર દેખાયા. તે મુજબ આપણે કહી શકીએ કે એમનો જીવનવિકાસ એમની શૈલીમાં પણ પ્રતિબિંબ થતો હતો. એમનું જીવન એટલે સતત પ્રગતિ કરતું જીવન. "નિત્ય નવીન વિકાસનો અનુભવ કરી રહેલા એવા, હું તો બીજા એકલા ગાંધીજીને જ જાણું છું." જવાહરની આત્મકથાની પ્રસ્તાવનામાંનાં મહાદેવભાઈનાં આ વચનો ગાંધીજીની શૈલી માટે પણ એટલાં જ સાચાં છે.

ગાંધીજી પોતાની આ વેળાની (એટલે 'નવજીવન'ની) ભાષા વિષે નમ્રતાપૂર્વક કહે છે, "મારું ભાષાજ્ઞાન ઘણું ઓછું છે." એમને ગુજરાતીનું સાક્ષરી જ્ઞાન ક્યારેય ન હતું છતાં પોતાના ઉપયોગ પૂરતું નિર્દોષ શુદ્ધ ગુજરાતી એઓ લખી શકતા હતા. શૈલીના વિકાસ સાથે એમની ભાષાનો વિકાસ પણ થયો હતો. 'અણઘડતા' હવે બિલકુલ રહી નહોતી. સંસ્કૃત શબ્દોનો ઉપયોગ પ્રથમ કરતાં વધુ પ્રમાણમાં થવા લાગ્યો હતો. વાક્યવળોટોમાં વિવિધતા દાખલ થઈ હતી. આ સમયની શૈલીનો ઉત્તમ નમૂનો તે એમની આત્મકથા.

आत्मकथा : "એ અદૃષ્ટ અંતર્યામીને વશ વર્તીને આ કથા હું લખી રહ્યો છું એવી મારી માન્યતા છે."(આ. ભા. ૨. પૃ. ૪૨)આવી પ્રેરણાથી કોઈ આત્મકથા હજી સુધી લખાઈ જાણી નથી. પોતાનું જીવનચરિત્ર આપવાનો ઇરાદો એમાં મુદ્દલ નથી પણ સત્યના પ્રયોગો જે એમણે જીવન દરમ્યાન આદર્યા ને પાર ઉતાર્યા તેનો હેવાલ આપવાનો એકમાત્ર હેતુ આ કથા લખવાનું પ્રેરકબળ છે. પણ આટલો જ હેતુ હોય તો તો એમાં પોતાનું જીવન ભેળવવાની જરૂર ન રહેત. પણ સાથે એમને એ પ્રયોગોનો ઇતિહાસ આપવો છે. અને એમનું જીવન પ્રયોગોથી એટલું ભરચક છે કે જીવન અને પ્રયોગોને વિખૂટાં પાડવાં મુશ્કેલ બને, અશક્ય બને. જીવન યાદ કરતાં પ્રયોગો યાદ આવે. તે જ સ્વાભાવિક ક્રમ છે. એટલે પ્રયોગોનો ઇતિહાસ આપવાને સારુ જેટલો જરૂરી એટલો જીવનકથાનો ભાગ એમણે આપ્યો છે. "જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું ન જ લખું. પણ મારે તો તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઇતિહાસ આપવાનો છે, અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે." (આ. ભા. ૧, પૃ. ૫)

આ રીતે સત્યના પ્રયોગોમાં વણાયેલું એમનું જીવન આ કથામાંથી જાણવા મળે છે. કથાના લેખન માટે આટલી કડક કસોટી

ન રાખી હોત તો ઘણું જાણવા જેવું એમના આત્મચરિત્રમાંથી મળી રહેત. પણ એમને તો પોતે કેવા છે, પોતાની મહત્તા કે કરેલાં મહાન કાર્યો કેવાં હતાં તે નહીં પણ એ કાર્યો દ્વારા સત્યના કેવા પ્રયોગો થવા પામ્યા તે જ દર્શાવવાનો હેતુ હોવાથી, પરદેશી સરકારના ગ્રંથ-નિરીક્ષક (censor) કરતાં વધુ આકરાં ધોરણોથી તોળીને આ લખાણ લખ્યું છે. "मारे सत्यना शास्त्रीय प्रयोगो वर्णववा छे, हुं केवो रूपाळो छुं એ વર્ણવવાની तलमात्र इच्छा नथी." પોતાને સૂરદાસના ભજન 'મો સમ કૌન કુટિલ ખલ કામી' ના માપે માપનાર ગાંધીજીની નમ્રતા અદ્ભુત હતી. મહાત્માઓને ટપે એવા આ નમ્રતાપૂર્ણ વલણ છતાંય મહાત્માઓની જેમ પોતાને વિષે 'હું' કે 'મેં કર્યું' એવો સ્વાભાવિક શબ્દપ્રયોગ છોડવાનો દંભ સેવ્યો નથી. અને તેથી નમ્રતા અને નિર્લેપ તેજસ્વિતાના અલૌકિક મિશ્રણ જેવા આ જીવનની સુગંધ એને પાને પાને મહેકતી માણી શકાય છે.

સત્યના પ્રયોગો એટલે એમના જીવનના આધ્યાત્મિક પ્રયોગો. એવી એક રૂઢ માન્યતા પ્રચલિત છે કે આધ્યાત્મિક અનુભવો ને પ્રયોગો તો ગુપ્ત રહે અને રખાય. અધ્યાત્મમાં અધિકારભેદને કેટલાક માને છે. ગાંધીજીએ આ વહેમને તોડ્યો છે. ઈશ્વર સત્ય છે, તો તેને અંગેના કરેલા પ્રયોગો સૌને સારુ ઉપયોગી થવા જ જોઈએ. સત્ય જેવી કોઈ બીજી જાહેર ને ખુલ્લી વસ્તુ નથી. તેથી એ પ્રયોગો પણ જાહેર થવા જોઈએ. 'એ સહુ જોઈ શકે એમાં મને તેની આધ્યાત્મિકતા ઓછી થતી હોય એમ નથી લાગતું.' (આ. ભા. ૧, પૃ. ૪) કોઈ આવા લખાણમાં અહંકાર આવી જવાનો ભય બતાવે તો તેની સ્પષ્ટતા પણ છે જ. "જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં ફૂલણશીને સ્થાન જ નથી." (આ. ભા. ૧, પૃ. ૩) છતાં ગાંધીજીનો બધોય આધ્યાત્મિક અનુભવ આ આત્મકથામાં આવી ગયો છે એમ નથી. આત્મિક અનુભૂતિનો સ્વભાવ જ એવો છે કે તેમાંનો કેટલોક ભાગ વાણીથી અવર્ણનીય જ રહે. "એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે

જે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે." (આ. ભા. ૧. પૃ. ૪) તોપણ સત્યાનુભૂતિનો જે ભાગ વ્યવહાર યોગ્ય છે, સમાજોપયોગી છે, બાહ્ય આવિષ્કારને યોગ્ય છે તે અન્યોને ઉપયોગી થાય તે સારુ તેને લખાણબદ્ધ કરી શકાય. પણ મહાત્માને જે સરળ તે કંઈ સર્વને સરળ ઓછું જ થાય? સર્વજનસમભાવ જેના હાડમાં પ્રવિષ્ટ છે એવા ગાંધીજીને તો લાગ્યું છે કે દરેક માણસ ઉત્ક્રાંતિને પંથે હોઈ જે એક કરી શકે તે બીજો પણ કરી શકે. "પણ મૂળથી મારો એવો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારુ શક્ય છે, તે બધાને સારુ શક્ય છે." (આ. ભા. ૧. પૃ. ૪)

આવી સત્યનિષ્ઠાથી લખેલી આત્મકથાનું મૂલ્ય માનવઉત્ક્રાંતિના અભ્યાસીઓ માટે ઘણું જ છે. જેમાં કેવળ સત્યની જ ભક્તિ છે, સત્યની ઉપાસના આગળ પોતાની કશી વિસાત નથી ગણી એવા મહાત્માની આત્મકથા અનેક દૃષ્ટિએ મહત્ત્વની છે. "ભલે મારા જેવા અનેકનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવા સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો." (આ. ભા. ૧. પ્ર. પૃ. ૭) ટૂંકું એવું આ વાક્ય કેટલા અર્થથી ભરપૂર છે? એ સૂત્રાત્મક વાક્ય જીવનવિજ્ઞાનના પ્રયોગવીરનો મુદ્રાલેખ બને એવું છે. એ ગજે માપી લખનાર ગાંધીજીની જેમ આ પુસ્તક માનવઉત્ક્રાંતિના અભ્યાસીને પણ ઉપયોગી થાય એમ છે. "છતાં, મારા અખતરાનું છેવટનું પરિણામ તો ભવિષ્યમાં જ જણાય. આ વિષયને અહીં ચર્ચવાનું તાત્પર્ય તો એ છે કે મનુષ્યજાતિની ઉત્ક્રાંતિનો અભ્યાસી, ગૃહકેળવણી અને નિશાળની કેળવણીના ભેદનું, અને પોતાની જિંદગીમાં માબાપોએ કરેલાં પરિવર્તનોની પોતાનાં બાળકો પર થતી અસરનું, યત્કિંચિત માપ કાઢી શકે." (આ. ભા. ૧, પૃ. ૩૧૧) કેળવણીના અખતરા વિષેનું આ કથન એમના બધા પ્રયોગો માટે તેટલું જ સાચું છે.

આ પ્રકારના વલણથી સત્યના પ્રયોગોનું વર્ણન થયેલું હોવાથી ગાંધીજીના જીવનના આંતરબાહ્ય બધાય પ્રવાહો તો નથી મળી શકતા

છતાં એમના જીવનની ઝાંખી તો મળે છે. આત્મકથાના ખ્યાનમાં કલમનો સંયમ દેખા દે છે. કેટલાય ચિરસ્મરણીય પ્રસંગોને ટૂંકાણથી અને સંયમથી વર્ણવેલા છે. એ પ્રસંગોને આબેહૂબ કલ્પવા ખાતર એક પ્રકારની ઝીણી દૃષ્ટિ રાખવી પડે છે. જેમ જેમ આત્મકથાના વાચનમાં આગળ વધતા જઈએ છીએ તેમ તેમ લાગે છે કે લખાણ વધુ ને વધુ છૂટથી થતું જાય છે. બાલ્યકાળ ને જુવાનીના થોડા સમયનું વર્ણન આપ્યા પછી જ્યાં જાગ્રતપણે સત્યના પ્રયોગોની શરૂઆત થાય છે, જીવનનું દર્શન સ્પષ્ટ થાય છે ત્યાંથી છૂટ વધે જ. કારણ કે ત્યાં તો કેવળ સત્યનું વર્ણન કરવાનું રહે છે, નહીં કે પોતાના જીવનનું. છતાં ત્યાંય જાગ્રત સંયમ તો ઠેઠ સુધી કલમને અંકુશમાં રાખી રહ્યો છે.

આટલો સંયમ હોવા છતાં આત્મકથાને નવલકથાના રસથી વાંચી શકાય છે. એક વખત પુસ્તક પકડ્યા પછી તેને છોડવાનું મન થતું નથી. એક પછી એક પ્રસંગો એવા સાંકળ્યા છે કે પછી શું આવશે એની ઇંતિજારીથી વાચક આગળ વધ્યે જ જાય છે. કેટલાંય પ્રકરણના અંત એવી સરસ રીતે, રસને ઉત્તેજતા હોઈ આકર્ષક બની રહ્યા છે કે વાર્તારસના આસ્વાદને માટે આગળનું પ્રકરણ ખોલવાને વાચક પ્રેરાય છે. પ્રકરણોનાં શીર્ષકો પણ કેટલાં અર્થવાહી ને નવલકથાનાં શીર્ષક જેવાં સૂચક છે! જીવનપ્રસંગો જ જ્યાં નવલરસથી, અદ્ભુતાદિ રસથી ભરપૂર હોય ત્યાં તેવું સુરેખ આલેખન રસમય બને જ.

લેખનપદ્ધતિમાં એક બીજું લક્ષણ પણ જોવા મળે છે. ભૂતકાળને તપાસતાં પ્રસંગની વસ્તુ યા આખા બનાવને લઈ તે અંગે ગુણદોષની તારવણી કરતા રહ્યા છે; ત્યાર બાદ તે સાથે લખતી વેળાના પોતાના પક્વ વિચારો એવી રીતે ગૂંથી લે છે કે ગાંધીજીને સમગ્રપણે ઓળખી શકાય છે. હાઈસ્કૂલમાં અભ્યાસનું બ્યાન કરતાં સંસ્કૃત ભણવાની અગત્ય સમજાવે છે, પોતાના બાળલગ્નની વાત કરતાં લગ્નજીવનની સુધારણા વિષે મત દર્શાવે છે, વિલાયતમાં અભ્યાસ અંગેનું વર્ણન કરતાં સાચા અભ્યાસી વલણનો ખ્યાલ આપે છે, પોતાના બાળકોની કેળવણીનો

ખ્યાલ આપતાં તે વિષેના પોતાના પક્વ વિચારો લખતા જાય છે. આમ પ્રકરણે પ્રકરણે કથાભાગો સાથે પોતાના વિચારોને ગૂંથી લીધા છે. સત્યના પ્રયોગોના દર્શનમાં તે આવશ્યક છે. નવલકથામાં પણ આવી પદ્ધતિ અખત્યાર કરતા કેટલાક નવલકથાકારો જોવામાં આવે છે. તેથી રસક્ષતિ થવાનો સંભવ રહે છે. છતાં ગાંધીજીની આત્મકથામાં તેમ બનવા પામતું નથી. કારણ એક તો વાચક એવાં ગંભીર વચનો ને વિચારો માટે તૈયાર થઈને એ વાંચે છે અને બીજું ગાંધીજી આવી વિચારગૂંથણી ટૂંકમાં જ પતાવી કથાતંતુને આગળ વધારે છે.

ગાંધીજીની પ્રસંગનિરૂપણની શક્તિ પણ સારી પેઠે ખીલેલી અહીં જોઈ શકાય છે. પ્રસંગોમાં રહેલું નાટ્યતત્ત્વ પણ બરાબર ટૂંકમાં બહાર પ્રગટ કરી શકે છે. માંસાહારનો પ્રસંગ ને આપઘાતનો પ્રયત્ન, વેશ્યાગૃહેથી પોતાની શરમને કારણે અપમાનપૂર્વક બહાર નીકળવું પડેલું તે પ્રસંગ, 'અસત્ય રૂપી ઝેર' માં પોતાને અવિવાહિત દર્શાવીને છેવટે તે વૃદ્ધ અંગ્રેજ બાઈની માગેલી માફી, પ્રિટોરિયા જતાં મેરિત્સબર્ગના સ્ટેશને વિતાવેલી રાત્રીના અનુભવનું વર્ણન, બાલાસુંદરમનો ફેંટો બંધાવવાનો પ્રસંગ, 'તોફાન'માં એમના પર થયેલો હુમલો, કોચરબ આશ્રમમાં અકસ્માત, અણીને સમયે મળી જતી પૈસાની મદદ, વગેરે અનેક રસભર્યા પ્રસંગોને એમણે આકર્ષક બનાવ્યા છે; જોકે એ બધા પ્રસંગો પોતે જ રસભર્યા છે.

કેટલાંક સુંદર આબેહૂબ રેખાચિત્રો આ પુસ્તકમાં ચિતરાયેલાં જડી આવે છે. સત્યનિષ્ઠ પુરુષ અન્યાય કર્યા વગર કેવાં રેખાચિત્ર દોરે, ભભક ઉમેર્યા વગર વ્યક્તિની વાસ્તવિક સુંદરતા કેવી આબેહૂબ રીતે પ્રકટ કરી શકાય તેના આબાદ નમૂના આત્મકથામાં મળે છે. નારાયણ હેમચંદ્રનું રેખાચિત્ર આનો એક ઉત્તમ નમૂનો છે. એમના વિષેનું પ્રકરણ વાંચ્યા પછી આપણે નારાયણ હેમચંદ્રને ઓળખતા થઈ જઈએ છીએ. એમનાં સ્વભાવલક્ષણો, ટેવો અને પ્રવૃત્તિનું સરળ

ને સ્પષ્ટ ચિત્ર આપી દઈને નારાયણ હેમચંદ્રને વાચકની સમક્ષ જીવતા રજૂ કર્યા છે. આવાં જ બીજાં ચિત્રો છે એમના પિતા ને માતાનાં. ટૂંકાં રેખાચિત્રો દ્વારા એમનાં માતપિતાને આપણે ઓળખતા થઈએ છીએ. આ રેખાચિત્રો આપવામાં ગાંધીજીએ બીજી પણ એક કલાનું દર્શન કરાવ્યું છે. દાદાથી માંડી મોટાભાઈ સુધીના વડીલોનું વર્ણન કરતાં પોતે કયા વાતાવરણમાં ને કયો વંશવારસો લઈને જન્મ્યા હતા તેનું પણ કલામય સૂચન એ વર્ણનમાંથી વાચકને મળી રહે છે.

ચિત્રણશક્તિ સારી હતી કારણ કે એમની દૃષ્ટિ તીક્ષ્ણ ને તાદૃશ જોનારી હતી. સ્મૃતિ તેજ હતી. તેથી કેટલાય પ્રસંગોનું વર્ણન કરતાં લખે છે કે હું ચિતારો હોઉં તો આખો પ્રસંગ ચિત્રમાં આલેખું! "હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એટલું તે આજે પણ મારી આંખ આગળ તરી રહ્યું છે." (આ ભા. ૧, પૃ. ૪૭)

ગાંધીજીએ રેખાચિત્રો દોરવા ખાતર તો કોઈ દોર્યાં નથી. પ્રસંગ પડ્યો ને તેમ કરવું પડ્યું ત્યારે વ્યક્તિઓનો પરિચય આપવા કેટલાંક રેખાચિત્રો દોર્યાં છે. ગોખલેજીનું સારું એવું રેખાચિત્ર 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસ'માં મળે છે. પણ તે પૂરું નથી. આંશિક છે. એમની લેખનશૈલીમાં આવાં રેખાચિત્રો દોરવાની શક્તિ છે તે હકીકત તેમની ઓછી સંખ્યાને કારણે લક્ષ બહાર રહી જાય એવી છે. આ રહ્યો આ અંગેનો મુનશીનો અભિપ્રાય : "Fewest possible words, deftly arranged, suffice to paint a striking picture." (Gujarat & its Literature p. 315) "કળાપૂર્વક શક્ય એટલા ઓછા શબ્દો યોજીને અસરકારક ચિત્ર ઊભું કરી દે છે."

आत्मकथानी भाषा : "It's language, though monotonous at times, presents, Gujarati in one of its best forms." (Gujarat & its Literature p. 315)

"ભાષા એકસરખી છે છતાં કેટલીક જગ્યાએ સર્વોત્કૃષ્ટ રૂપમાં પ્રગટ થાય છે."

'હિંદ સ્વરાજ'ની ભાષા જેવી કેવળ તળપદી ભાષા 'આત્મકથા'ની નથી. છતાં તેની સાદાઈની શોભા વધી છે. તેમાં સંયમ તો વાક્યે વાક્યે ટપકે છે. જોઈતા શબ્દોથી જ કામ ચલાવી આગળ વધે છે. શબ્દોનું પુનરાવર્તન થાય તો તેની ચિંતા નથી પણ અર્થ બરાબર કહેવાય છે કે નહીં તેની ઝીણવટભરી કાળજી છે. એમાં રસનો ઉછાળો નથી પણ સંયમની ઝમક છે. "It is not the expression of an exuberant temperament but of an effort to control it." (Gujarat & its Literature p. 316) મુનશીની આ ટીકા સાચી છે. "એમાં ઉમળકાનો ઊભરો નથી પણ સંયમનો પ્રયત્ન દેખા દે છે."

એમનો સંયમ ચોકસાઈનું બીજું સ્વરૂપ છે. સત્યનિરૂપણમાં એવી ચોકસાઈ જોઈએ જ. તેને લીધે જ અવર્ણનીય અસર વાચક પર થવા પામે છે અને લેખકના રજૂ કરેલા મંતવ્યને ક્ષણભર વશ થઈ રહે છે. આ આત્મકથાનું વાચન એટલે પુસ્તક વાટે સાધેલો સત્સંગ — સત્ય બીનાઓનો સંગ, સત્ય સિદ્ધાંત અને વિચારોનો સંગ અને તે પણ રસિક કથાસ્વરૂપમાં.

કથાનિરૂપણમાં અવતરણો આપવાની ગાંધીજીને રુચિ છે. જ્યાં જરૂર પડે ત્યાં યોગ્ય ને અનુકૂળ એવું ટાંચણ આપીને પોતાના કથનને સમર્થન આપી દે છે. એમનાં ટાંચણો તુલસી રામાયણમાંથી, ગીતાજી-માંથી કે કોઈ સુપ્રસિદ્ધ કવિના ભજનમાંથી હોય છે. એ ત્રણેએ એમના ધર્મવિચારમાં મોટો ભાગ ભજવ્યો છે એટલે એમાંથી જ યોગ્ય અવતરણ એમને જડી આવે છે. આવી રીતે કહેવાયેલી આ કથામાં કથનની કુશળતા અને સામર્થ્ય અનુભવી શકાય છે. "The Story is told with great skill and energy." (Gujarat & its Literature p. 315) "આખીય કથા કુશળતાથી કહેવાઈ છે."

આત્મકથાનો અંત પણ તેને લાયક છે. પ્રયોગો એમનું અમૂલ્ય ધન છે. પોતે તટસ્થભાવે એની ભારે કિંમત આંકે છે. અને તેથી એનું વર્ણન ખૂબ મમતાથી વાચકની સાથે તાદાત્મ્ય સાધીને કરેલું છે. તેથી તો આ લખાણની પૂર્ણાહુતિ કરી વાચકની રજા લેતાં એમને દુઃખ થાય છે. "વાંચનારની રજા લેતાં મને આઘાત પહોંચે છે. મારા પ્રયોગોની મારી પાસે બહુ કિંમત છે. તેમને હું યથાર્થ વર્ણવી શક્યો છું કે નહીં એ હું નથી જાણતો. યથાર્થ વર્ણવવામાં મેં કચાશ નથી રાખી." અને વાચકને પણ કચાશ તો નથી લાગતી. પણ સત્યની સાથે શિવ ને સુંદરનું જે મિશ્રણ એકસાથે કરી બતાવ્યું છે તે જાણીને તે 'સુખી' થાય છે.

એવી જ રીતે એમના કથાંતે આવતા બીજા એક વચન સાથે પણ સંમત થવું પડશે. "સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાનેપાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી." આ પુસ્તકથી એમની મુરાદ મુજબની છાપ વાચક પર પડે છે, તે તેની સમજશક્તિ અનુસાર સત્યઅહિંસાનો મહિમા સમજે છે, અને તેથી પ્રયત્નય વ્યર્થ નથી, વચન તો વ્યર્થ હોય જ ક્યાંથી? બંને પૂરાં સફળ થયાં છે અને એમાં જ 'આત્મકથા'ની સફળતા અને શક્તિ સમાયેલાં છે.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ: પોતાના દ્વારા ને પોતાની નેતાગીરી હેઠળ ઘડાયેલા ઇતિહાસનું બયાન આપવાનું સુભાગ્ય વિરલ છે. અને તેમાંયે ઇતિહાસના નાયક તરીકે રહ્યા છતાં તેના નિરૂપણને માટેની પોતાની જ લાયકાત સૌથી વધુ ગણાવાની મહત્તા કેવળ ગાંધીજીને જ મળી છે. એ પણ એક અસાધારણ બનાવ છે કે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ તેના ઘડવૈયા અને સત્યાગ્રહશાસ્ત્રના જન્મદાતા ગાંધીજીએ જ લખ્યો છે. એ ઇતિહાસના હેવાલની રજૂઆતમાં ગાંધીજી સિવાય બીજી કઈ વ્યક્તિ વધુ પ્રમાણભૂત હોઈ શકે? એમનું બધુંય

લોકોત્તર હતું, તેમ આ નિરૂપણકાર્ય પણ એક રીતે તો એક અપૂર્વ બનાવ છે.

એ ઇતિહાસની નિરૂપણપદ્ધતિ પણ અપૂર્વ જ છે. એ અપૂર્વતા વસ્તુતઃ તો ઇતિહાસકારનો ધર્મ જ છે. એમની અપૂર્વતા એ ઇતિહાસના સત્યને વાસ્તવિક રીતે નિરૂપણ કરવામાં રહી છે, પૂરેપૂરું તાટસ્થ્ય જાળવવામાં રહેલી છે, અતિશયોક્તિને જરાય સ્થાન ન આપવામાં રહેલી છે, કોઈને પણ અન્યાય ન કરવામાં લીધેલી સાવચેતીમાં રહેલી છે. આ બધાય ધર્મો ખરું જોતાં દરેક ઇતિહાસકારે પાળવા જોઈએ —પણ સત્યનો આગ્રહ, સમજ અને તટસ્થ રહેવાની શક્તિમાં ભેદ હોવાને લીધે દરેક ઇતિહાસકાર એકસરખી રીતે ઇતિહાસની નિષ્પક્ષ રજૂઆત નથી કરી શકતો. પણ ગાંધીજી તો આથીય આગળ ગયા છે. એમાં એમનો હેતુ ઇતિહાસ આપોને સત્ય ને અહિંસામાંથી જન્મ પામેલ સત્યાગ્રહની નીતિરીતિ ને કાર્યપદ્ધતિ બતાવી તેનો વિકાસ બતાવવાનો જ હતો. એમાં વ્યક્તિ કે વ્યક્તિઓનું મહત્ત્વ વધારવા ગાવાનો હેતુ હતો જ નહીં. "આ પ્રકરણો નામો અમર રાખવા સારુ નથી લખાતાં પણ સત્યાગ્રહનું રહસ્ય સમજાવવા તથા એનો વિજય કેમ થયો, તેમાં કેવાં વિઘ્નો આવે છે અને તેમને કેમ દૂર કરી શકાય તે બતાવવા લખાય છે. જ્યાં ગુણીની ઓળખ કરાવી છે ત્યાં તેનું નહીં પણ કેવળ ગુણનું સ્તવન કર્યું છે." (દ. આ. સ. ભા. ૨, પૃ. ૪૨)

દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ સમજી શકાય તે સારુ તે દેશની ભૂગોળનો ટૂંક પરિચય કરાવી ત્યાંના મૂળ રહેવાસીઓનો પરિચય પણ કરાવ્યો છે. એમનો સમભાવ એમના તરફ પણ એટલો બધો છે કે તેમની કુદરતી સ્થિતિની એમની નિર્દોષતા અને બીજા ગુણોની કદર કરવાનું નથી ચૂકતા. તેમને માટે 'રૂપાળા' વિશેષણ વાપર્યું છે. સૌંદર્ય ગૌર વર્ણમાં જ નથી પણ કૃષ્ણ વર્ણમાં પણ છે તે કૃષ્ણને ભજનારા હિંદુઓ જાણે છે છતાં વ્યવહારમાં તો તે ભૂલી જ જાય છે અને કાળાનો તિરસ્કાર જ કરે છે. "આ વહેમ જો ઘડીભર બાજુએ

મૂકીએ તો ઝૂલુને ઘડીને બ્રહ્માએ કંઈ કચાશ રાખી હોય એમ આપણને નહીં લાગે." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૫) આ રીતે કૃષ્ણનાં સદ્દર્શન શક્તિનો ચેપ ગાંધીજી વાચકને લગાડે છે. ઝૂલુનું આખુંય વર્ણન એક સુંદર વર્ણન છે — સાહિત્યિક સૌંદર્યવાળું છે.

આ ઝૂલુ લોકોને જંગલી ગણવાનો પણ ગાંધીજી ઇન્કાર કરે છે. કુદરતના બાળકો જેવા આ લોકોનું જ્ઞાન કુદરતના અનુભવો પૂરતું સીમિત હોય છે. એ લોકો પોતાનાં તન પણ પૂરતાં ઢાંકતા નથી છતાં સુધરેલા જગત કરતાં બહુ ઓછા વિકારી છે. "આ હબસીઓ એકબીજાની તરફ જોયા કરવાને નવરા હોતા જ નથી." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૭)

એમની વિકારરહિત અવસ્થાનું કેવું કારણ આપે છે! "આમને આપણે જંગલી ગણીએ છીએ તે આપણા અભિમાનનો પડઘો છે. આપણે માનીએ છીએ એવા તેઓ જંગલી નથી." (દ. આ. સ. ભા. ૧, પૃ. ૧૭) એમને ભણતર આપવાની જરૂર છે અને સાથે તેઓ વધુ જ્ઞાનવાન બની સમજપૂર્વક કુદરતમય જીવન જીવે એમ તો ગાંધીજી ઇચ્છે જ. પણ જે કારણે આપણે તેમને જંગલી કહીએ છીએ તે આપણા વહેમને તો કાઢ્યે જ છૂટકો છે.

ઝૂલુઓના વર્ણન પછી હિંદીઓ કઈ રીતે ગિરમીટથી ત્યાં દાખલ થયા, એમણે કેવી રીતે પોતાનો પગ વેપાર અને ખેતીમાં સ્થિર કર્યો અને એમની એ કુનેહ જ અંગ્રેજોની ઈર્ષાનું કારણ થઈ પડતાં તેમણે જે જુલમી કાયદાઓ હિંદીઓને ત્યાંથી જડમૂળથી કાઢવા કર્યા તેનું આબેહૂબ વર્ણન ગાંધીજીએ આપ્યું છે. ત્યાર બાદ એ કાયદાઓનો સામનો કરવાના પ્રસંગ પ્રાપ્ત થતાં ગાંધીજીને કઈ રીતે સંડોવાવું પડ્યું અને તેમાંથી જ સત્યાગ્રહનો જન્મ થયો અને વર્ષો સુધી સત્યાગ્રહી લડત ચાલતાં તે વિકાસ પામ્યો, પોષાયો અને અંતે વિજયવંતો બન્યો. સત્યાગ્રહ ગાંધીજીના જીવનનું અવિભાજ્ય અંગ બની રહ્યું હોવાને લીધે આ બધા વર્ણનમાં ગાંધીજીના

જીવનનું દર્શન પણ થઈ રહે છે. તેથી એક રીતે આ ઇતિહાસ ગાંધીજીના જીવનના પ્રસંગ ચીતરનારું પુસ્તક આપમેળે બની રહે છે અને તેટલા પૂરતો એ આત્મકથાનો પૂરક બની રહે છે. ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાં કરેલા પ્રયોગોનું વર્ણન આપણને અહીં વિગતથી મળી શકે છે.

ઇતિહાસનું આ પુસ્તક ઇતિહાસ તરીકે પણ અનેરી ભાત પાડે છે. એમાં પ્રસંગોને મહત્ત્વ આપવા કરતાં પ્રસંગમાંથી ફલિત થતા અર્થો ને સિદ્ધાંતોને વધારે મહત્ત્વ અપાયું છે તેથી વ્યક્તિઓ, પ્રસંગો અને વર્ષ ને તારીખ ગૌણ બની રહ્યાં છે. એ બધાં જ્યાં જરૂરી હોય તેટલા પૂરતાં જ આપ્યાં છે. આ અર્થમાં એ સત્યાગ્રહનો જ ઇતિહાસ છે અને તેથી તેને અપાયેલું નામ પૂર્ણતયા સાર્થક છે. સત્યાગ્રહના જન્મ પહેલાંની પૂર્વભૂમિકા, એના જન્મનાં કારણો, કઈ રીતે તે પોષાયો અને કઈ રીતે વિજયવંતો બન્યો તેનો જ આ આખો ઇતિહાસ છે. દુનિયાની સંસ્કૃતિમાં પ્રથમ વાર જન્મ પામતા અને ઝપાટાભેર વિકસતા આ નૂતન શાસ્ત્રનું આટલું સાચું દિગ્દર્શન કરાવવામાં ગાંધીજીએ વિષયને પૂર્ણ ન્યાય આપ્યો છે. એમના સિવાય બીજો કોણ એને આટલો ન્યાય આપી શકે એમ હતું ? સત્યાગ્રહના જન્મદાતા કરતાં બીજું કોણ એને વધારે સમજી શકે એમ હતું ? પણ એક વાર સત્યાગ્રહની સમજ અપાયા બાદ તેનું સ્વરૂપ વ્યાપક થતાં બીજા સત્યાગ્રહોના ઇતિહાસ લખાવા પામ્યા; જેમ કે 'ચંપારણની લડતનો ઇતિહાસ' રાજેન્દ્રબાબુએ લખ્યો; તે જ રીતે અમદાવાદની મજૂરોની લડતનું વર્ણન 'એક ધર્મયુદ્ધ'માં મહાદેવભાઈએ આપ્યું. અને એ પછી તો હિંદમાંના એમના અન્ય સત્યાગ્રહોનાં વર્ણન અનેક પુસ્તકોમાં લખાયાં. રિચાર્ડ ગ્રેગે તો 'Power of Non-violence'માં ગાંધીજીની સત્યાગ્રહી પદ્ધતિનું માનસશાસ્ત્રીય સમર્થન આપ્યું છે. સત્યાગ્રહનું શાસ્ત્ર એ રીતે ખીલતું ગયું, વિકસતું ગયું અને ગાંધીજીના જીવન દરમ્યાન જ તે સંતોષકારક પ્રગતિની ટોચે પહોંચવા પામ્યું.

પણ એ બધીય પ્રગતિના મૂળમાં દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ અને તેના ઇતિહાસનું આલેખન છે એ ભૂલવું ન જોઈએ. આ દૃષ્ટિથી જોતાં આ ઇતિહાસનું મૂલ્ય ખૂબ છે. સત્યાગ્રહના તથા તેના ઇતિહાસના અભ્યાસીને આ પુસ્તક વાંચ્યા વિના ન જ ચાલે.

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ જગતમાં સામુદાયિક સત્યાગ્રહનો પ્રથમ અખતરો હતો એમ ટૉલ્સ્ટૉયે કહ્યું. ગાંધીજીને તેની ખબર નહોતી. "વળી સામુદાયિક અને સામાજિક સત્યાગ્રહનો ટ્રાન્સવાલનો અખતરો એ, ટૉલ્સ્ટૉયના કહેવા પ્રમાણે તો પહેલો જ ગણાય. હું પોતે શુદ્ધ સત્યાગ્રહના ઐતિહાસિક દાખલા જાણતો નથી. મારું ઐતિહાસિક જ્ઞાન નજીવું હોવાથી હું આ વિષે નિશ્ચયપૂર્વક અભિપ્રાય નથી બાંધી શકતો." (ગાંધીજી) ભૂતકાળમાં સત્યાગ્રહના થોડાઘણા રડ્યાખડ્યા દાખલા મળી આવે છે એમ રિચાર્ડ ગ્રેગ કહે છે, પણ તેમાં શુદ્ધ સત્યાગ્રહ તો બહુ જ થોડામાં હતો. તેમાંથી કોઈ પદ્ધતિ ઊભી થવા નહોતી પામી. જ્યારે ગાંધીજીના આ અખતરાઓએ તો સત્યાગ્રહના સમાજોપયોગી શાસ્ત્રને જન્મ આપ્યો છે.

આ ઇતિહાસના પુસ્તકમાં બીજું પણ એક નાવીન્ય છે. ઇતિહાસમાં એમણે ધાર્મિક અને સામાજિક પ્રગતિનાં તત્ત્વો ગૂંથી લીધાં છે. ઇતિહાસમાં સામાજિક ને ધાર્મિક પ્રગતિનાં વર્ણન હોય પણ તે કદાપિ એકમેકની સાથે વણાયેલાં તો ભાગ્યે જ હોય. સત્યાગ્રહ પદ્ધતિ જ એક એવી વસ્તુ છે જે જીવનને સળંગ બનાવે છે. તેમાં જીવનનાં વિવિધ અંગોને સ્થાન છે છતાં તે બધાંય અંગોને જીવનને વફાદાર પણ બનાવે છે. તેથી ધર્મ ને સમાજની પ્રગતિ તેમાં અલગ ન હોય. તેથી તો અલગ ગણાતી ધાર્મિક અને સામાજિક પ્રગતિનું સુરેખ સંમિશ્રણ આ ઇતિહાસમાં વાંચવા મળે છે.

છેલ્લે, આવું ઉત્તમ પુસ્તક ગાંધીજીએ લખ્યું તે કેવા સંજોગોમાં ને કયા હેતુથી આપ્યું તે જોઈ લેવું જોઈએ. "જેલમાં મારી પાસે આધારોને સારુ પુસ્તક ન હતાં. અહીં પણ (જૂહુમાં) તે એકઠાં

કરવા ઇચ્છતો નથી. વિગતવાર ઇતિહાસ આપવાને સારુ મને અવકાશ નથી. અને નથી ઉત્સાહ કે ઇચ્છા. ચાલુ લડાઈમાં મદદરૂપ થઈ પડે અને નવરાશવાળા સાહિત્યવિલાસીના હાથથી એ ઇતિહાસ વિગતવાર લખાય તો તેના કાર્યમાં મારો પ્રયત્ન સુકાનરૂપ થઈ પડે એ જ આશય છે. જોકે આધાર વિના લખેલી વસ્તુ છે તોપણ તેમાં એક પણ હકીકત બરોબર નથી અથવા એક પણ જગ્યાએ અતિશયોક્તિ છે એમ કોઈ ન સમજે એવી વિનંતિ છે" (દ. આ. સ. ભા. ૧, પૃ. ૫) આ કથન એમની લેખક તરીકેની નિષ્ઠા, તેજસ્વી સ્મૃતિ અને પૂર્ણ તાટસ્થ્યનો સાચો ખ્યાલ આપે છે.

પત્રો: ગુજરાતી સાહિત્યમાં પત્રસાહિત્ય હજુ પણ બહુ ઓછું ખેડાયું છે. એને માટે વિશેષ અધિકાર જોઈએ, અનેરી પ્રતિભા જોઈએ ને તેવી શૈલી પણ હોવી જોઈએ. કલાપીના પત્રો બહાર પડ્યા છે, વૈષ્ણવના નિબંધો પત્રરૂપમાં બહાર પડ્યા છે, અને કાકાસાહેબના કેટલાક પત્રો અવારનવાર બહાર પડતા રહે છે. ગાંધીજીના પત્રો જાહેર જનતાને ઉપયોગી હોય એવા અવારનવાર બહાર પડતા રહ્યા છે પણ પ્રમાણમાં તે બહુ ઓછા છે. એમનું પત્રસાહિત્ય પણ વિપુલ છે. એમને અનેક માણસો સાથે સ્નેહસંબંધ બંધાયેલા, અનેકોને એ સ્વજન જેવા લાગતા, અનેકોના પિતાસમાન ને ગુરુસમાન બન્યા હતા. આથી અનેકના તે માર્ગદર્શક વડીલ અને ગુરુ બની ચૂક્યા હતા. તેથી અનેકો સાથે એમનો વ્યક્તિગત કે કામ અંગે કે જાહેર કામ અંગે સંબંધ બંધાયેલો હતો. તેથી પત્રવ્યવહારનો સંબંધ પણ ઘણા સાથે રહેતો. એ બધાય પત્રો તો કદાચ પ્રસિદ્ધિ માટે ન મળી શકે પણ તેમાંથી અંગત પત્રો બાદ કરતાં એવા સેંકડો ને હજારો પત્રો મોડાવહેલા પણ પ્રકાશનને માટે એકઠા કરી શકાશે.

જેટલા પત્રો બહાર પડ્યા છે તેના બે પ્રકાર પડી જાય છે: (૧) દક્ષિણ આફ્રિકામાં પોતાના પુત્રો ને ફિનિક્સના આશ્રમવાસીઓને લખેલા પત્રોનો સંગ્રહ અને (૨) ૧૯૨૦–૨૧ની સાલોમાં જે 'ખુલ્લા

પત્રો' લખ્યા હતા તેનો સંગ્રહ. પ્રથમ પ્રકારના અંગત સંબંધવાળા પત્રોમાં ગાંધીજીનો વાત્સલ્યભર્યો સ્વભાવ પ્રગટ થાય છે. તેઓ સ્નેહીજનની ઝીણામાં ઝીણી કાળજી રાખે છે. તેને સીધો ઉપદેશ પણ આપવા ચૂકતા નથી. ટૂંકાણ એ પત્રોનો આત્મા છે. ટૂંકમાં એકાદ હૃદયસ્પર્શી વાક્યથી વાચકના હૃદયના તારને ઝણઝણાવી તેને સુસ્વરિત કરી મૂકે છે. તાજેતરમાં 'બાપુના પત્રો–૧ : આશ્રમની બહેનોને' બહાર પડ્યા છે તે પણ એમના પત્રલખાણના એક નમૂનારૂપ છે.

ગાંધીજી કોઈનાય પોતે ગુરુ હોવાનો દાવો નહોતા કરતા. પત્રમાં ઉપદેશ આપતા તે સલાહના રૂપમાં જ, ગુરુભાવે કદાપિ નહીં. તેમની ખૂબી તો એમાં રહેલી છે કે ઉદ્દેશ્યની સાથે એકતા સાધીને તેને વિશ્વાસમાં લઈ તેને અસર કરવા હમેશ પ્રયત્ન કરે છે. જોકે આ એમની સાહિત્યશૈલીનો વિશિષ્ટ ગુણ છે પરંતુ તે આ પત્રસાહિત્યમાં વિશેષરૂપે પ્રગટ થાય છે. જવાહરલાલ પર આવા જ પત્રો જેલમાં લખેલા અને જવાહરલાલજી ગાંધીજીના પત્રોમાં રહેલી આત્મીયતાની તારીફ કરે છે.

બીજા પ્રકારના 'ખુલ્લા પત્રો'નો પ્રકાર ગુજરાતી વર્તમાનપત્રકારત્વમાં પ્રથમ વાર દેખા દે છે. સમાજના એકાદ પ્રશ્ન અંગે, કે સંસ્થાને, જ્ઞાતિને કે કોઈ વ્યક્તિને ઉદ્દેશીને લખેલા આ પત્રો વડે લોકમત કેળવવાને જાગ્રત કરવાનું સુગમ થઈ પડે છે. તેમાં સચોટતા આવે છે. વળી ઉદ્દેશ્યની હૃદયજાગૃતિ કરવાનો ઉદ્દેશ પણ એમાં હોય છે જ. સમાજનું ધ્યાન તે પર વિશેષ કેન્દ્રિત બને છે. ૧૯૨૧ની સાલ સુધીમાં ગાંધીજીએ આવા ૩૨ પત્રો લખેલા. ત્યાર પછી પણ આવા ખુલ્લા પત્રો લખવાના પ્રસંગ આવ્યા છે. પહેલાં લખેલા પત્રોમાં મુખ્યત્વે 'બહેનો પ્રત્યે', 'હિંદુ પ્રત્યે', 'અંગ્રેજ બંધુ પ્રત્યે', 'વૈષ્ણવો પ્રત્યે', 'પારસીઓ પ્રત્યે', 'શૂરા શીખો પ્રત્યે', 'સાક્ષર નરસિંહરાવ પ્રત્યે', 'કામદારોને', 'સાથીઓને' વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૪૦–૪૨ ના ગાળામાં 'હિટલરને', 'દરેક બ્રિટનને', 'દરેક જાપાનિસને'

જેવા અગત્યના ખુલ્લા પત્રો 'હરિજન' અને હરિજનબંધુ'માં પ્રગટ કરેલા. લોકમત જાગ્રત કરવામાં આ પત્રોની કેટલી સરસ અસર થતી એ તો એ તાજા ઇતિહાસનાં સ્મરણો આપણને કહે છે. પોતાની શૈલીને પ્રસંગ પ્રમાણે અનુકૂળ કરી લેવાની કળા એમને હસ્તગત થઈ ગઈ હોવાને લીધે દરેક જાતના નિબંધપ્રકાર કે પત્રપ્રકારને તેઓ ન્યાય આપી શક્યા છે. એ પત્રો પ્રસંગોચિત પોતાનું સ્વરૂપ ધારણ કરતા ગયા. દરેકમાં રહેલું ઔચિત્ય અને કલામય નિરૂપણ એમની વ્યવહારુ પ્રતિભાને આભારી છે.

ત્રીજો તબક્કો: ત્રીજા તબક્કાનાં ગાંધીજીનાં લખાણોની પ્રતિનિધિ જેવી કેટલીક પુસ્તિકાઓ કદે નાની છતાં ગુણમાં મોટી છે. 'મંગળપ્રભાત' તેનો ઉત્તમ નમૂનો છે. છતાં તેના વિવેચનની સાથે અન્ય પુસ્તિકાઓ પર ઊડતી નજર નાખીશું.

ગાંધીજીના સંસર્ગમાં આવનાર જાણે છે કે તેઓ પોતે અંગ્રેજી ભાષાના વપરાશને જેમ બને તેમ દોષમુક્ત બનાવી અર્થની સ્પષ્ટતા ખાતર તેના નવા શબ્દો ને શબ્દપ્રયોગોને ચીવટથી નોંધી લઈ યાદ રાખી લેતા. અંગ્રેજી પાછળ એમની અને મહાદેવભાઈની ચીવટભરી મહેનતને પરિણામે જ એમનું અંગ્રેજી એવું સરસ બન્યું કે તેમની અંગ્રેજી શૈલીએ એક નવી જ ભાત પાડી; અને પોતાને પણ પછી લાગ્યું કે એમના અંગ્રેજીમાં કંઈક 'ખૂબી' છે! અંગ્રેજીની જેમ પોતાની ગુજરાતી શૈલીને વિકસાવવાનો એમણે પ્રયત્ન કરેલો ખરો? ગુજરાતીના પક્ષપાતી ગાંધીજીએ પોતાનું ગુજરાતી સાક્ષરી બને એવો પ્રયાસ કદી કર્યો કોઈએ જાણ્યો નથી. સમાજના નીચલા થરને પોતાની ભાષા સુવાચ્ય બને એવો એમનો હેતુ હોવાથી તેમની ભાષા અઘરી બને એ તો એમને પાલવે તેમ ન હતું. છતાં મહાવરાથી એમની ભાષા ક્રમશઃ વધુ સમૃદ્ધ બનતી જ ગઈ. ભાષા વિષેની એમની ચીવટ, ઝીણવટ ને શબ્દોની પસંદગી કરવાની ટેવને લીધે આપોઆપ ભાષામાં વધુ ને વધુ સંસ્કૃત શબ્દો પ્રવેશ પામતા ગયા. 'હિંદ સ્વરાજ'ની

ભાષા તે 'મંગળપ્રભાત'ની ભાષા નથી છતાં બંનેને સરળ તો કહેવી જ જોઈશે. 'મંગળપ્રભાત'ની ભાષામાંથી અણઘડતા દૂર થઈ. કાળ-બળે ને લાંબા અભ્યાસે એમની ભાષાને અનાયાસે ઘડી. એમની ભાષાના ઘડતર સાથે વાચકવર્ગ પણ ઘડાતો ગયો.

ભાષાના ઘડતરની પાછળ તેમનો જીવનવિકાસ પણ કારણભૂત છે જ. હવે તેઓ પ્રયોગશીલ તપસ્વી કે પ્રજાને તૈયાર કરનાર નેતા મટી, રાષ્ટ્રપિતા બની ચૂક્યા હતા; એમને જીવનભરના પ્રયોગોમાંથી હવે એક જીવનદર્શન લાધી ગયું હતું. એટલે હવેના લખાણમાં આ વિકસિત સમૃદ્ધ જીવનની છાપ હોય જ. જીવનના દર્શનની પરિપૂર્ણતા થતી જતી હતી તેમ તેમના શ્રદ્ધા, નમ્રતાદિ ગુણો પણ એટલા જ વિકસતા હતા. તેટલા જ પ્રમાણમાં સહેજે એમની શૈલી પણ વિકસી. સાથે એમ પણ કહેવું જોઈએ કે જેમ 'લખતાં લહિયો થાય' તેમ વર્ષો સુધી લેખો લખનાર ગાંધીજી ઉત્તમ લેખક બને એમાં શી નવાઈ?

મંગળપ્રભાત: ગાંધીજીને નિરાંતે લખવાનો અવકાશ તો જેલમાં જ મળ્યો. યરોડા જેલમાંથી આશ્રમવાસીને તેમના જીવનમાં ચેતન રેડવાના હેતુથી દરેક મંગળવારે નિયમિત રીતે લખેલા લેખોનો આ સંગ્રહ છે. એ ભલે કટકે કટકે અને જુદાં જુદાં વ્રતો પર લખાયેલા લેખોનો સંગ્રહ હોય છતાં તેમાં એક સળંગ વિચારસરણીની રજૂઆત છે તેથી તેને એક પુસ્તક તરીકે ગણતરીમાં લેવું જોઈએ, નહીં કે કેવળ સંગ્રહ તરીકે.

આશ્રમમાં વ્રતો એ ત્યાંના જીવનનું મુખ્યાંગ હતું. એ વ્રતોની પાછળની વિચારસરણીનું આલેખન કરતાં ગાંધીજી તેની ભવ્યતા આ પુસ્તિકામાં સારી રીતે બતાવી શકે છે. તે કેવળ યમનિયમો જ નથી, કે તેની સમજૂતી માત્ર નથી પણ આર્વાચીન કાળમાં વ્યક્તિ ને સમાજધર્મનો સમન્વય કેવી સુંદર રીતે આ મહાવ્રતોમાં થાય છે તે સ્પષ્ટતયા ગાંધીજી બતાવી શક્યા છે. અર્વાચીન કાળને અનુરૂપ છે

છતાં સદા ઉપયોગી થાય એવાં સ્થાયી તત્ત્વોવાળી એ સિદ્ધાંતરચના છે. એ માનવધર્મની માર્ગોપદેશિકા છે. ગાંધીજીની ધાર્મિક ફિલસૂફીનો એમાં નિચોડ છે. 'હિંદ સ્વરાજ' જેવું સમાજધર્મનું ક્રાંતિકારી ને ચિરંતન મૂલ્યવાળું પુસ્તક છે તેવું ગાંધીજીના ધર્મવિચારમાં 'મંગળપ્રભાત' છે.

ખરી ખૂબી સત્ય અહિંસા આદિ વ્રતોને એઓ જે રીતે એક પછી એક સાંકળે છે તેમાં રહેલી છે. સત્યના પાલનને સારુ અહિંસા જોઈએ જ. અહિંસા વિના સત્યનું પાલન અશક્ય છે. અહિંસાના પેટમાં બ્રહ્મચર્ય સમાયેલું બતાવે છે. પહેલા જ લેખમાં અભ્યાસ-વૈરાગ્યની બધા સમજે એવી ઘરગથ્થુ વ્યાખ્યા આપે છે: "સત્યની ધાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિષે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય." (મં. પ્ર. પૃ. ૨) એ રીતે જ બ્રહ્મચર્યના લેખમાં સચોટ ને છતાં સરળ ને હૃદયગમ્ય હકીકતપૂર્ણ દલીલ આપે છે જેનો જરાયે ઇનકાર ન કરી શકાય: "ભોગવિલાસથી કોઈને સત્ય જડ્યાનો આજ લગી આપણી પાસે એકે દાખલો નથી." (મં. પ્ર. પૃ. ૮) ધર્મબુદ્ધિવાળા છતાં વિલાસી ભોગાત્માને જાગ્રત કરે એવું આ વચન છે; છેલ્લે બ્રહ્મચર્યની વ્યાખ્યા પણ વિશાળ ને છતાં વહેવારુ આપી છે: "બ્રહ્મચર્યનો મૂળ અર્થ સહુ યાદ કરે; બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની — સત્યની — શોધમાં ચર્યા એટલે તેને લગતો આચાર. આ મૂળ અર્થમાંથી સર્વેન્દ્રિય સંયમ એવો અર્થ નીકળે છે." આ રીતે એમણે મૂળ વ્રતોના અર્થ ને તેના મૂળ અર્થની યાદ આપીને તેમની પુનઃ પ્રતિસ્થાપના કરી. આવું તો અનેક શબ્દો વિષે બન્યું છે તે આગળ જોઈશું.

બ્રહ્મચર્ય સ્વાભાવિક બનાવવા અસ્વાદ વ્રત પાળવું જોઈએ જ. તે વિના બ્રહ્મચર્યની જે કઠિનતા છે તે જીતી ન શકાય. ત્યાર પછી અસ્તેયાદિ વ્રતો એ રીતે જ સત્ય અહિંસા સાથે સાંકળીને વ્રતવિચારની એક સંપૂર્ણ એકમ તરીકે રજૂઆત કરે છે. અંતે વ્રતની આવશ્યકતાનું

અપ્રતિહાર્ય દલીલ ને શ્રદ્ધાબળથી પ્રતિપાદન કરી વાચકને તેની પ્રતીતિ કરાવે છે.

આ તબક્કામાં આવતાં લખાણોમાં આ નાની પુસ્તિકાએ ઉપરાંત 'હરિજનબંધુ'નાં લખાણોનો સમાવેશ થાય. આ સમયની શૈલી ને ગદ્ય એમના લેખનના પરિપાકરૂપ હોઈ તેમનું અલગ વિવેચન કરવાને બદલે એમની શૈલી તથા ગદ્યને સર્વસામાન્ય રીતે સમજવાના પ્રયત્નમાં જ તેનો સમાવેશ કરીશું.

આટલા લાંબા સમયના ગાળા દરમ્યાન લખાયેલા એમના સાહિત્યમાં એકના એક વિષયનું પુનરાવર્તન થયું છે. તેઓ વર્તમાનપત્રકાર હોઈ એમ સહેજે બનવા પામ્યું. એકના એક વિષયનું નહીં પણ એકના એક વિચારના પ્રતિપાદનનું પણ પુનરાવર્તન થવા પામ્યું. છતાં પુનરાવર્તનનો દોષ આપણને નથી લાગતો. કારણ એક તો એ બધું લખાણ વર્તમાન-પત્રમાં કટકે કટકે પ્રસિદ્ધ થતું હોઈ પુનરાવર્તન ખટકતું નથી. બીજું, પ્રસંગોની વિવિધતા એવી હોય છે કે એ પ્રસંગો ભાગ્યે જ તદ્દન સરખા હોઈ શકે. એવા ભિન્ન ભિન્ન પ્રસંગો પર સનાતન સત્યોને આધારે અને ઝીણવટભર્યા વિવેકસર ગાંધીજીએ લખ્યું છે, તેથી બાહ્યતઃ સરખા દેખાતા પ્રસંગો પરના લેખોની સ્વતંત્ર કિંમત ઊભી થઈ.

ગીતાકારે પણ એકની એક વસ્તુ પુનરાવર્તનનો દોષ વહોરીને પણ કહી છે! ત્યાં પુનરાવર્તન આપણને કઠતું નથી તેમ તે નિરુપયોગી પણ નથી લાગતું. એકના એક સિદ્ધાંત વ્યવહારમાં ભિન્ન ભિન્ન રીતે, અટપટા સંજોગોમાં પણ કઈ રીતે કામ કરે છે તે ગીતાકારને તેમ જ ગાંધીજીને બતાવવું હતું, અને જ્યાં કંઈક નવીન કહેવાનું હોય છે ત્યાં પુનરાવર્તનના દોષની પણ પરવા નથી રહેતી, ન રહેવી જોઈએ. વળી પત્રકાર તરીકે પણ પુનરાવર્તન થાય જ. ચરખાની વાત એમણે સેંકડો વાર કહી હતી. છતાં દરેક પ્રસંગ જુદો હોઈ તેમની કહેવાની રીતમાં ફેર પડતો જ. વળી જીવનસિદ્ધાંત એકાંગી નથી હોતા. વ્યવહારમાં તેમને વિવિધતાનો સ્વાંગ ધારણ કરવો પડે છે અને તેથી તેમના

પ્રતિપાદનમાં દરેક વખતે કંઈક નાવીન્ય આવવાનું જ. "But what if one does say the same things — of course in a little different form each time — over and over? If he has any thing to say worth saying that is just what he ought to do" (Oliver Wendell, Thought for to-day – Times of India 20–3–'47)

એમના ગદ્યસ્વરૂપમાં ફેરફાર થતો ગયો કારણ એમના કથનના સ્વરૂપમાં પણ ફેરફારની આવશ્યકતા હતી. એકની એક વસ્તુ ઘણી વાર કહેતાં આપોઆપ ગદ્યમાં ફેરફાર થાય જ. 'નવજીવન'ની જે ભાષા હતી તે સહેલી અને પ્રજાનો નીચલો થર પણ સમજી શકે તેવી હતી. પરંતુ છેલ્લા તબક્કાનું ગદ્ય થોડું કઠણ બને છે. "મારે લખવું હતું સહેલું પણ લખાઈ ગયું કઠણ." (મં. પ્ર. પૃ. ૭) આવી દશા એમની છેવટ સુધી રહી. વિકસતા જતા એમના જીવનદર્શનને સારુ અમુક કઠણ શબ્દો ઉપયોગમાં લેવા જ પડ્યા. જ્યાં વિષય જ કઠણ હોય ત્યાં અનિવાર્ય એવું ભાષાનું ગૌરવ ને ભારેપણું આવ્યા વિના ન રહ્યું. કોશિયાને સારુ લખાણ લખવા લખાવવાની હિમાયત કરનારા ગાંધીજીની ભાષા છેવટનાં વર્ષોમાં તેવી ન રહી. તેમાં ગુજરાતી ભાષાને તો લાભ જ થવા પામ્યો છે. આ સમયની એમની શૈલી એક અનેરી ભાત પાડે છે. એમનું ગદ્ય અસાધારણ રીતે બળવાન ને ગૌરવવાન બની ચૂક્યું છે. પોતાના અંગ્રેજીના ઘડતર જેટલો ગુજરાતીની પાછળ એમનો પ્રયત્ન ન હતો; પણ તે લખતાં લખતાં થયેલો સ્વાભાવિક વિકાસ હતો.

શૈલી :

"હૃદયમાંથી જે આવે છે તે કહું છું, ઓપ ચઢાવ્યા વિના કહું છું." (ભાષણ, બારમું ગુ. સા. સં.)

ગાંધીજીની સંતવાણીમાં બુદ્ધિયોજિત અલંકારોનો ઠઠારો ક્યાંયે નહીં જોવા મળે: લખાણ લખ્યા પછી તેને તપાસી જવાની એમને ટેવ હતી — પછી ભલે તે એક કાગળનું પત્તું હોય કે મહાસભાનો

કોઈ મોટો ઠરાવ હોય. તપાસતી વેળા શું ઉમેરવું એનો ખ્યાલ રાખવા કરતાં ક્યાંયે પણ બિનજરૂરી શબ્દ વધુ તો નથી રહી ગયો એની નજર રાખતા. આવી કડક ચકાસણી પછી બિનઉપયોગી અલંકાર તો રહી જવા પામે જ ક્યાંથી? "'નવજીવન'માં ક્યાંયે વગર વિચાર્યું વાક્ય નહીં હોય, નકામું વિશેષણ નહીં હોય; ખરું જોતાં સત્યને વિશેષણના શણગારની જરૂર નથી હોતી. शुद्ध हकीकतमां जे कळा छे, ते नकामा विशेषणथी खरडायेली हकीकतोमां नथी ज होती." (૧૯૧૯, 'નવજીવન' અં. ૧.)

સત્યનું માહાત્મ્ય એમના જેટલું કોઈનેય નથી લાગ્યું. જીવનમાં ને લેખનમાં બધેય સત્યની સુંદરતા જોનાર ગાંધીજીને સત્યને શણગારવાનો પ્રયત્ન માત્ર તે કળા નહીં પણ વિકળા લાગે છે! આનો અર્થ કાંઈ એમ નથી કે વિશેષણ તથા અલંકાર માત્રની બિનઉપયોગિતા તેઓ સિદ્ધ કરે છે. અલંકાર અને વિશેષણો ત્યાં જ સુધી ખપનાં છે જ્યાં સુધી તે સત્યની રજૂઆત કરવામાં ઉપયોગી થાય છે. સત્યકથનનાં તે સાધન બને, નહીં કે ઘડીભર ગમ્મતને સારુ શબ્દોની મિથ્યા રમતનાં પ્યાદાં. સત્યની રજૂઆતને જરૂરી વિશેષણો ને અલંકારોનો ઉપયોગ ગાંધીજીએ પોતે કર્યો છે. પણ તેમાં એક પણ શબ્દ વધારાનો ખોળી કાઢી શકાય તેમ નથી. ભાષાને સત્યકથનની દાસી બનાવી અને શબ્દાળુતાનો છેદ ઉડાડ્યો છે.

શૈલીના અવિભાજ્ય અંગ જેવી Sincerity (નિષ્ઠા)નો ગુણ એમના લખાણમાં પાનેપાને નહીં પણ શબ્દેશબ્દે દેખાય છે. જે કહેવાનું છે તેની પાછળ સાધના છે, શ્રદ્ધા છે અને તેથી જનહિતને સારું તે કહી છૂટવાની તમન્ના છે. "The foundation of all good and lasting work in literature is entire sincerity to oneself, to one's own experience of life, and to the truth of things as one is privileged to see it. (Study of Literature pp. 19–Hudson) સાહિત્યના સારા

અને સ્થાયી લખાણનો પાયો આત્મનિષ્ઠા, પોતાના અનુભવની સચ્ચાઈ અને વસ્તુદર્શનની સત્યતામાં રહેલો છે. આ વર્ણન મુજબની નિષ્ઠા સોળે કળાએ ગાંધીજીનાં લખાણોમાં પ્રગટી છે. પોતા તરફની નિષ્ઠા એટલી હતી કે જે પોતે માને છે તેનું સમર્થન આખા જગતનો સામનો કરીને પણ કરવા તૈયાર હતા. પોતાના અનુભવ પરના બળ ઉપર જ તે કેટલીય વાર સામાને સમજાવવાનો પ્રયત્ન કરતા અને તેથી 'મારા ચાલીસ વર્ષના સતત અનુભવ પછી' 'મારા પચાસ વર્ષના અમલ પછી' એવા શબ્દપ્રયોગો એમના લખાણમાં ઠેર ઠેર જોવા મળી આવે છે. સત્ય તરફની એમની નિષ્ઠા તો જગજાહેર છે. ઉત્તમ સાહિત્યનો આ મહાગુણ એમનામાં ને એમનાં લખાણોમાં ભરપૂર પડ્યો છે અને એટલે અંશે એમના સાહિત્યની અસરકારકતા ખૂબ વધી છે.

પોતાના જીવનમાં રહેલા બીજા મહાન ગુણો જેવા કે શ્રદ્ધા, બળ અને જીવનમાં રહેલો તાલ એમના સાહિત્યમાં સહેજે પ્રતિબિંબિત થયા. એમની ભાષા ગૌરવશીલ ને સૌમ્ય હોવા સાથે ભવ્યતા ને ઉદાત્ત-પણાના ગુણને પ્રકટ કરનારી છે. એમની મર્મગામી વિચારણાને લાયક ભાષા એમને શોધવા જવી નથી પડતી, જેમ જેમ વિચારભાર વધતો ગયો તેમ તેમ સમય જતાં એમની ભાષામાં સંસ્કૃત શબ્દોનો વપરાશ પણ વધતો ગયો. પણ એમનો વિકાસ ક્રમિક હતો તેથી એમની ભાષાથી ટેવાયેલો વાચક વર્ગ ધીમે ધીમે કેળવાતો ગયો અને તેને ભાષાની થોડી વધેલી આ કઠિનતા કદાપિ નડી નહીં. એમની ભાષા ઘડાઈ અને સુશ્લિષ્ટ બની, જોમદાર બની એક 'અનેરી શૈલી'ની વાહક બની રહી, તે કેમ તે હવે જોઈએ.

પ્રેમ એ ગાંધીજીના સ્વભાવનું મુખ્ય લક્ષણ હતું. એક વખતે એમણે કહેલું કે, "હું પ્રેમથી ઊભરાઉં છું." એમનો એ પ્રેમ કુટુંબ, જ્ઞાતિ, પ્રાંત, દેશ કે માનવજાત પૂરતો મર્યાદિત ન હતો. એ પ્રેમ વિશ્વવ્યાપી પ્રેમ હતો. અને છતાં એ પ્રેમ નજીકનાને ભૂલ્યા વગર દૂરનાને

ચાહવા નહોતો જતો. એ પ્રેમના બળથી તેઓ સંપર્કમાં આવેલાની સાથે તરત જ તાદાત્મ્ય સાધી શકતા. પ્રેમ તો ઘણામાં ઘણો હોય છે છતાં તેમને તાદાત્મ્ય સાધવાની કળા નથી આવડતી હોતી. એ વ્યક્તિઓની વચ્ચે, એ પ્રેમીઓની વચ્ચે અસ્મિતાની, અહંકારની દીવાલ ઊભી હોય છે, તેનો વિલય કરતાં પ્રેમ તાદાત્મ્ય સાધી શકે છે. પણ આ અસ્મિતાનો વિલય કેમ થાય, એ વચ્ચે ટકરાવાનો પ્રસંગ જ શાથી દૂર થાય? એની પણ કળા છે. કાં તો પોતાની અસ્મિતાનો એટલો વિસ્તાર કરવો કે જેથી તેમાં પ્રેમપાત્રની અસ્મિતાનો સમાવેશ થઈ જાય યા તો પોતાને શૂન્ય બનાવીને તેની અસ્મિતામાં વિલીન થઈ જવું. આ બે રસ્તા સિવાય બીજો એક રસ્તો પણ છે. તે બન્ને એક એવા આદર્શને વરી છે કે તેની સિદ્ધિમાં જ પોતાની અસ્મિતાનું સાર્થક્ય સમજે. ગાંધીજીમાં આ ત્રણેય રીતિની આવડત હતી. એ આવડતને લીધે તો ભલભલા અસ્મિતાવાન પ્રતાપશાળી માણસો પણ એમનાથી જિતાયા હતા. મોતીલાલ નેહરુ જેવા પ્રતાપી મનુષ્ય છેવટે એમના તેજમાં અંજાયા. જ્યારે સ્વ૦ મહાદેવભાઈ જેવા અનેક શિષ્યો ને અનુયાયીઓ પોતાની અસ્મિતા ગાંધીજીમાં જ વિલીન કરવા રાજીખુશીથી મથ્યા. સ્વરાજસિદ્ધિના આદર્શને પ્રાપ્ત કરવાને વિવિધ મતના વિવિધ પ્રકૃતિવાળા દેશભક્તો પોતાની અસ્મિતાને ક્ષણભર બાજુએ મૂકી, દેશની આઝાદીની પ્રાપ્તિ સારુ ગાંધીજીને અનુસર્યા, તેમને વશ થયા, તેમની સાથે કામ કર્યું. જવાહરલાલજી આનો ઉત્તમ દાખલો છે.

આ જ શક્તિ એમના લખાણમાં પણ વાક્યે વાક્યે કામ કરી રહેલ છે. વાચકની અસ્મિતાને ઘવાયા દીધા વિના તેના પર અસર કરી ધારેલી અસર પેદા કરી શકે છે, કાં તો એની અસ્મિતાને વિસ્તૃત કરી કાર્યાર્થે જાગ્રત કરી તેમાં પ્રવૃત્ત કરે છે. દા. ત. દેશને અર્થે સત્યાગ્રહી લડત આપવાને પડકાર કરતા હોય, કે નૈતિક જીવન અર્થે જાગ્રત કરતા હોય ત્યારે આવી રીત ધારણ કરે છે. ગેરસમજ દૂર કરવાના પ્રસંગ કે પોતાના પરના આક્ષેપોને જવાબ આપવાના હોય

કે પોતાની ભૂલ કબૂલ કરવાની હોય ત્યારે પોતાને ક્ષણભર શૂન્યવત્ બનાવી દેવાની કળા પણ એમના લખાણમાં જોઈ શકીએ છીએ. પણ આની સાથે જ નમ્રતામિશ્રિત તેજસ્વિતા પણ એટલી જ ભભૂકી રહે છે. આનું સુંદર ઉદાહરણ આ રહ્યું: "હું ભૂલ કરતો હોઉં, હું અંગ્રેજોને અન્યાય કરતો હોઉં, મેં ઇતિહાસને ખોટી રીતે જાણ્યો હોય, આ સંભવે છે. પણ મારી પ્રવૃત્તિ આજે વેરથી ભરેલી છે અથવા તો તે ઓછી ધાર્મિક છે એમ તો નથી જ. જે મિત્રો મને ભૂલથી બચાવવા ઇચ્છે તેમને મારી વિનંતી છે કે તેમણે પ્રથમ મને જાણી લેવો. હું નિર્મળ થવા અને રહેવા પ્રયત્ન કરું છું; ભૂલથી ભરેલો છું, ભૂલ સુધારવા તૈયાર છું. આ જગતમાં એવું મારું કંઈ જ નથી કે જે હું છુપાવવા ઇચ્છું છું. જે વિચારો મને સૂઝે છે તે તરત જાહેર કરું છું. પણ હું અતિશય વિચારપૂર્વક કામ કરનારો હોવાથી મારો મત એકાએક છોડી શકતો નથી. આથી મને મારા સાથીઓ પણ 'આપખુદી' માનતા હોય તો નવાઈ નથી. હું 'ઑટોક્રેટ' નથી એવી મારી નમ્ર માન્યતા છે. આપખુદ માણસ બીજાનું સાંભળવા જ ઇચ્છતો નથી. મને તો એવાંય સ્મરણ છે કે હું બાળકોનું પણ સાંભળું છું અને તેમની પાસેથી ઘણુંયે શીખ્યો છું. મેં ભરવાડો, ખેડૂતો પાસેથી ઘણુંયે જ્ઞાન મેળવ્યું છે." (મ. ગાં. ૫. પૃ. ૫૫)

ગમે તેવો વેરી પણ આવી લેખનશૈલીથી પીગળે. નમ્રતાના અને તેજસ્વિતાના આવા અદ્‌ભુત સંમિશ્રણથી તે તાજુબ થયા વિના નથી રહેતો. તેજસ્વિતાથી અંજાય છે, આકર્ષાય છે, નમ્રતાથી તેની સાથે એક થવા ચાહે છે. આમ ગાંધીજીની ભાષામાં વેધકતા છે, મોહકતા પણ છે. આવી શૈલી ગુજરાતી ભાષાના ઇતિહાસમાં અજોડ છે. કોણ છે એવો જેણે આવી શૈલીથી ગરીબ ને તવંગર, વિદ્વાન ને અભણ, બાળક ને સ્ત્રીઓને એકસરખાં આકર્ષી શક્યો હોય? એમનું વ્યક્તિત્વ અંગ્રેજી લખાણ વડે પણ આજ શૈલીથી વાચકના મનને ધારેલી રીતે વશ કરે છે.

આ રીતે અસ્મિતાના પડદા દૂર હટાવી વાચકના લાગણીતંત્ર સાથે એકતા સાધવાનું કામ એમનો અખૂટ પ્રેમ કરવા માંડે છે. એમનો પ્રેમ દરેક જાતની લાગણીને સમજી શકે છે કારણ જ્યાં પ્રેમ ત્યાં સમજ હોય જ. વાચકની શુભ લાગણીને સચોટ વાણીથી જાગ્રત કરવાની શક્તિ પણ એટલી જ છે. એવી લાગણી ઊર્મિ જાગ્રત કરી તરત જ તેને શુભ વિચારમાં પ્રવૃત્ત કરી દે છે. પણ શુષ્ક વિચાર — કેવળ વિચારને ખાતર વિચારની તો એમને મન બિલકુલ કિંમત નથી. એ વિચારોને કર્મમાં પ્રવૃત્ત કર્યા વિના આ કર્મયોગીનું લખાણ કેમ જ ચૂકે? એમનો ધર્મ કાર્યલક્ષી છે. એમના ધર્મની જેમ એમની શૈલી પણ કાર્યલક્ષી જ છે. એમની શૈલીથી અભિપ્રવૃત્ત બની પ્રજાએ કેટલી લડતો આપી, કેટલી નવી પ્રવૃત્તિઓ શરૂ કરી, કેટલું જીવનપરિવર્તન કર્યું છે?

આથી તો એમની શૈલીને બંદૂકની ગોળી સાથે સરખાવવામાં આવી છે.

"But I had seen men after listening to his clipped sentences, depart as ballets shot of guns." (The Hindustan Review, Feb. 1948)

"બંદૂકની ગોળી જેવાં ટૂંકાંટચ વાકચોથી મંત્રમુગ્ધ થતાં માનવી મેં જોયાં છે." અપ્ટન ક્લોઝની સાથે કાકાસાહેબે પણ આવી જ ઉપમા ગાંધીજીની ભાષાશૈલીને આપી છે.

કેવળ શૈલીની આવી વેધકતા હોત તેથી કંઈ એમનું કામ ન સરત. પોતાના કથનમાં ને કથનવિષયમાં નાવીન્ય ભરવાની શક્તિ પણ એવી હતી કે માણસોના મનને સદૈવ આકર્ષી શકતા. ગાંધીજી ક્યારે કંઈ નવો ધડાકો કરશે તે કોઈ કહી શકતું નહોતું. આકસ્મિક પ્રતાપી પગલું ભરી સાથીઓને અને જનતાને આશ્ચર્યમુગ્ધ કરી મૂકવાનું લક્ષણ એમના સ્વભાવમાં જડાઈ ગયું હતું. એમના શીલનું એ અવિભાજ્ય અંગ બની ગયું હતું. જોકે કેટલાંક મોટાં આકસ્મિક કાર્યો પાછળ તો

અંતઃપ્રેરણા જ કામ કરી રહી હતી એમ એમણે જાહેર કરેલું. છતાં આશ્ચર્ય વડે આકર્ષણ ઊભું કરવાની ટેવ, નાનીમોટી બધીય વસ્તુમાં સત્યસૌંદર્ય જોવાનું એમનું વલણ એમના લખાણના નાવીન્યતત્ત્વને ઉપકારક હતાં. જોકે ગાંધીજી તો એમ કહે કે સત્યમાં જ એવી સુંદરતા છે. વસ્તુએ વસ્તુએ અને પ્રસંગે પ્રસંગે એ નવીન રીતે પ્રગટે છે — પણ મૂળ સ્વરૂપે તે એક જ છે. પણ એક રૂપ રહેતાં સત્યને નવી નવી રીતે પ્રગટ કરવાને દર્શન જોઈએ, સ્વપ્નદ્રષ્ટાની દૃષ્ટિ જોઈએ.

ગાંધીજીએ પોતાને સ્વપ્નદ્રષ્ટા તરીકે ઓળખાવ્યા છે. કંઈક અંશે તેઓ તેવા હતા પણ ખરા. યુરોપના સુધારામાં અંજાયેલી દુનિયા આગળ 'હિંદ સ્વરાજ'માં ચીતરેલા આત્મબળ પર રચાયેલા સુધારાની હિમાયત કરીને પોતાને સ્વપ્નદ્રષ્ટા સિદ્ધ કર્યા. ઘણાઓએ એમને કેવળ સ્વપ્નદ્રષ્ટા ગણી કાઢીને એમને અવ્યવહારુ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યા પણ તે સર્વ નિષ્ફળ ગયા. તેઓ સ્વપ્નદ્રષ્ટા હતા તેની સાથે વ્યવહાર પુરુષ પણ તેટલા જ હતા. સ્વરાજ મેળવતા સુધી મથતા રહ્યા ને સ્વરાજ મેળવ્યું પણ ખરું. એ એમની સાચી વ્યાવહારિકતા. પણ સ્વરાજ આવ્યા છતાં એમના સ્વપ્નનું સ્વરાજ નહોતું આવ્યું એટલે તે મેળવવાને સારુ પ્રયત્ન ચાલુ રાખ્યા. સ્વપ્નદ્રષ્ટા (Visionary) હોવાથી નવીનતા તરફ હરહમેશ તે ગતિ કરતા ને કરાવી શકતા. તેને જ આભારી એમની શૈલીમાં રહેલું નવીનતાનું તત્ત્વ છે.

એમનું સેવામય જીવન પણ રસાળ હતું. જીવનમાં એવું ચેતન હતું કે જેનો પાસ તેની પાસે જનારાઓને લાગ્યા વિના ન રહેતો. એમનું સાહિત્ય પણ આને લીધે જીવંત બન્યું. આ જીવંત તત્ત્વને લીધે જ એમનું લખાણ તરત જ ઓળખી કાઢી શકાય છે. પોતે જે 'સુખ' અનુભવ્યું છે, તેનો વાચકને પણ અનુભવ કરાવી શકે છે. એમનામાં જે અપાર કરુણા હતી તેને લીધે જ એમનું સાહિત્ય પણ જીવંત બને છે. અને તેને લીધે જ દરેક પ્રકારના માનસને તેઓ આકર્ષી શકયા છે.

"Only through sympathy can we ever get into living touch with another soul." (Intro. Sta PP. 33)

"સહાનુભૂતિ દ્વારા જ આપણે અન્યનો જીવંત સંપર્ક સાધી શકીએ છીએ."

એમની ગદ્યશૈલીનું બીજું અગત્યનું લક્ષણ તે એમની વાસ્તવ-મૂલક ને વિધાયક કલ્પના. સહેજે આશ્ચર્ય થાય કે ગાંધીજીએ વળી ક્યારે કલ્પનોડ્ડયન કર્યું છે? કલ્પનાને તેનો વિહાર કરવા દીધો છે પણ સત્યની શોધ ખાતર. વળી न हि कुर्याद् निष्फलं कर्म । ના સિદ્ધાંત અનુસાર કંઈ પણ હેતુ વિના તો કલ્પનાવિહાર થાય જ શેનો? તેથી કલ્પના વિધાયક અને તો જ તેનો સદુપયોગ થયો ગણાય. આ શરતોથી કલ્પનાને વિહાર કરવાને ક્ષેત્ર તો સંકુચિત બની જાય એમ કોઈ પણ સાહિત્યવિલાસી કહે. પણ મર્યાદા પણ ઘણી વાર ઘણું રક્ષાનું ને પોષણનું કામ કરે છે. તેમ ગાંધીજીની બાબતમાં પણ બન્યું. તેમની કલ્પનાએ કોઈ કાવ્ય ન સર્જ્યું કે કોઈ નવલકથા ન રચી. પણ જીવનને ઉપયોગી, દેશના વાસ્તવિક જીવનને ઉપયોગી એવી વસ્તુઓ સરજી. એમની વિધાયક વાસ્તવમૂલક કલ્પનાએ રેંટિયામાં દેશનો ઉદ્ધાર જોયો, હિંદની જનતાની વાસ્તવિક ગરીબીનો એકમાત્ર સહારો તેમાં જોયો અને તેવું દર્શન થતાંની સાથે રેંટિયાને સજીવન કર્યો. "આ વિચારશ્રેણીનો આશ્રય લેતાં મેં ખાદીમાં સામાજિક શુદ્ધ સ્વદેશી ધર્મ જોયો. બધા સમજી શકે તેવો, બધાને જે પાળવાની આ યુગમાં, આ દેશમાં બહુ આવશ્યકતા છે એવો કયો સ્વદેશી ધર્મ હોઈ શકે? જેના સહજપાલનથી પણ હિંદુસ્તાનના કરોડોની રક્ષા થઈ શકે એવો કયો સ્વદેશી ધર્મ હોય? જવાબમાં રેંટિયો અથવા ખાદી મળ્યાં." (મં. પ્ર. પૃ. ૪૭)

એ વિધાયક વાસ્તવમૂલક કલ્પનાને બળે જ એમણે રેંટિયાના નવા નવા અર્થો ને ઉપયોગો બતાવી તેને સજીવન કર્યો. તેથી રેંટિયાનું પ્રતિપાદન કરનાર લેખો આ યંત્રના જમાનામાં પણ કેટલાય લોકો પર

અસર કરનારા થઈ પડ્યા ને તેમને કાર્યપ્રવૃત્ત પણ કરે એટલા તે અસરકારક નીવડ્યા. આવી કલ્પનાને જ તેઓ ઉત્તેજન આપનારા હોઈ કેવળ સાહિત્યવિલાસને સારુ નવરાશે કરેલાં કલ્પના તથા કલ્પના-સર્જન તેમને મન નિરુપયોગી હતાં. જે સાહિત્ય ગરીબોને પ્રાણદાયક ન થઈ પડે અને તેમની ઉપેક્ષા કરીને વિલાસમય જીવન બનાવે તેને તેમણે રેઢિયાળ કહ્યું. "હૈયું કઠણ કરું છું. પણ એ સેગાંવ – ત્યાંનાં હાડપિંજરો જોઉં છું. (અહીં ડૂમો ભરાઈ આવ્યો: થોડી વાર અટકીને બોલ્યા) ત્યારે મને તમારું સાહિત્ય રેઢિયાળ લાગે છે. (ભાષણ, બારમું ગુ. સા. સં.)

એમની કલ્પના ભાવનાપ્રેરિત હતી. શુભ ભાવનાની દોરવણી હેઠળ એમની કલ્પના કામ કરતી. ભાવના તો સેવાની અને સત્યોપાસનાની રહેતી. તેથી કલ્પના પણ તે તે ક્ષેત્રમાં વિહાર કરતી છતાં વાસ્તવિક જગતને તે ભૂલતી નહીં. ઉત્સાહ ને આનંદભરી કલ્પના કેમ વિચરતી તેનું આ રહ્યું સુંદર ઉદાહરણ: "આ વિચારોથી મને એક પ્રકારનો આનંદ આવ્યો ને મારો ઉત્સાહ વધ્યો. કલ્પનાએ સેવાનું ક્ષેત્ર બહુ વિશાળ કરી મૂક્યું." (આ. ભા. ૨. પૃ. ૧૦૩) એમની કલ્પના नियतिकृत नियमरहिता સૃષ્ટિમાં વિહાર કરનારી નહીં પણ नियतिकृत-नियमपोषितावर्धिता સૃષ્ટિમાં કામ કરનારી હતી. ને તેથી જ એમને આપણું સાહિત્ય રેઢિયાળ લાગ્યું. તેઓ જીવનને સળંગ જોનારા હતા, તેમ તેનું ઝીણવટથી પૃથક્કરણ કરી જીવનનાં અંગોપાંગોની સળંગ જીવનમાં વ્યવસ્થિત ગોઠવણી કરવાનું ચાહતા. પણ કોઈ વિષયને વિશેષ મહત્ત્વ આપી તેને જીવનને ભોગે ખીલવવામાં માનતા નહીં. તેમણે કહેલું કે, "વિશેષજ્ઞતામાં મને શ્રદ્ધા નથી." તેથી સાહિત્ય પણ જો જીવનપોષક ન બને તો તે શા કામનું? સાહિત્ય જીવનમાંથી ઊગે છે, તેમાંથી જ પોષણ પામે છે તો તેને ઉપયોગી થવું જ જોઈએ. હિંદુસ્તાનનું જીવન એટલે ગામડાંનાં ગરીબોનું જીવન. તેથી એમને જે સાહિત્ય તેને ઉપયોગી ન થાય તે શા કામનું? સાહિત્યને જીવનનિષ્ઠ બનાવવા

પૂરતું સખ્તાઈભર્યું આ કથન ઘણું ઉપયોગી થાય ખરું. અમુક પ્રકારનું વલણ આપવાને આવાં એકમાર્ગી જેવાં દેખાતાં કથનો કરવાની એમની ખાસિયત હતી. વસ્તુની બીજી બાજુ પણ સમજતા તો હતા જ. એમ ન હોત તો રસ્કિન જેવા સાહિત્યકારની ઉચ્ચ સર્જનશક્તિ ને ભાષાશક્તિનાં વખાણ ન કરત. "રસ્કિનના ભાષાશાસ્ત્રના જ્ઞાનની સાથે મારા જેવા મુકાબલો ન કરી શકે. પણ એવો કાળ અવશ્ય આવશે કે જ્યારે માત્ર ભાષાનો પ્રેમ વ્યાપક થશે; ત્યારે ભાષાની પાછળ ભેખ લેનારા શાસ્ત્રીઓ રસ્કિન જેવા નીકળી પડશે, ત્યારે તેઓ જેવું પ્રભાવશાળી અંગ્રેજી રસ્કિને લખ્યું, તેવું પ્રભાવશાળી ગુજરાતી લખશે." (આ. પ્ર. પૃ. ૨૫) અહીં ગાંધીજીએ ગુજરાતી સાહિત્યનું ઊજળું ભવિષ્ય પણ ભાખ્યું છે. ભાષાની ખિલવણી પણ થવી જોઈએ અને થશે એવી એમની શ્રદ્ધા હતી. પણ એવી ખિલવણી ભાષાની પાછળ ભેખ લેનારા જ કરી શકે, નહીં કે સાહિત્યવિલાસીઓ — એવું સૂચન પણ એમાં સ્પષ્ટ છે.

આવો મત ધરાવનાર ગાંધીજીએ એવું ગદ્ય ઉપયોગમાં આણ્યું જેમાં ન મળે ભારે અલંકારો કે ન મળે ભારે શબ્દો. એમની ઉપમાઓ ઘરગથ્થુ અને સૌને સમજાય તેવી છે. કેટલીક ઉપમાઓ તો વારંવાર આપે છે. ભૂમિતિની રેખા ને બિંદુની વ્યાખ્યાઓ સાથે આદર્શ ને તેના વ્યવહારની સરખામણી, કેન્દ્ર ને વર્તુલની સરખામણી, હિમાલય ને ગંગા, રત્નચિંતામણિ, વૃક્ષ ને પાંદડાંના સંબંધની સરખામણી — આવી ઉપમાઓ તો વારંવાર એમના લેખોમાં આવે છે. ઉપમા જેવો સાદો અલંકાર સમજ આપવામાં સરળતા પડે માટે વપરાશમાં લીધો છે ખરો, અને તે પણ સારી પેઠે. આ રહ્યાં કેટલાંક ઉદાહરણો:

(૧) છાતી ખુલ્લી મૂકીને જેમ મોઈદાંડિયામાં મોઈ ઝીલીએ તેમ ગોળીને છાતીએ ઝીલીશું.

(૨) જેને ગમે તે રમે. જેને પાલવે તે જ મેદાનમાં આવે. નોતરું સૌને છે પણ ભૂખ્યા જ ભાણે બેસે.

(૩) જેમ રૂપિયો તેમ દેહ સારા કામમાં ખરચવો જ ઘટે.

(૪) ગોખલેની ગંગા જેવી ને તિલક મહારાજની સમુદ્ર સાથે સરખામણી.

(૫) પોતાની ભૂલની હિમાલય સાથે સરખામણી — ભૂલનું ભારેપણું મોટાપણું બતાવવા.

(૬) એ સત્યરૂપ પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે, આપણ બધાને સારુ નીવડો.

(૭) ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે.

(૮) પણ સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુ રૂપ છે તે કેમ મળે?

(૯) સત્ય અહિંસાનો માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો છે.

રામકૃષ્ણ પરમહંસ પણ આવાં ઘરગથ્થુ ઉદાહરણો ને ઉપમાઓથી પોતાનાં કથનોને સચોટ બનાવતા. આથી શબ્દોની કરકસર થઈ અને ભાષા મિતાક્ષરી બની. આ ભાષાની અસર ગુજરાતી ભાષામાં શબ્દાળુતાનો છેદ ઉડાવવામાં નિમિત્ત બની. જોકે આજના ગુજરાતી સાહિત્યમાં શબ્દાળુતા ઘટવાને બદલે વધતી જાય છે, છતાં તે એક દોષ છે એ તો સૌ સમજી ગયું છે. ગાંધીજીની ભાષા એ બાબતમાં માર્ગ-સૂચક સતંભનું કામ કરે છે ને કરશે.

હવે કેટલાક સચોટ શબ્દપ્રયોગો ને શબ્દગુચ્છો એમની ભાષામાં કેવા સહજ રીતે ગોઠવાઈ જાય છે તેનાં ઉદાહરણો જોઈએ:

(૧) પણ મારો ઉદ્યોગ વધતો ગયો. મફત અરજીઓ ઘડવાનો ધંધો કરું તો અરજીઓ લખવાનું મળે, પણ તેથી કંઈ છોકરાં ઘૂઘરે રમે? (આ. ભા. ૧. પૃ. ૧૫૨).

(૨) સર ફિરોજશાહ તો મને હિમાલય જેવા લાગ્યા. લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા. ગોખલે ગંગા જેવા લાગ્યા. તેમાં હું નાહી શકું.

હિમાલય ચડાય નહીં. સમુદ્રમાં ડૂબવાનો ભય રહે. ગંગાની ગોદમાં તો રમાય. તેમાં હોડકાં લઈને તરાય. (આ. ભા. ૧. પૃ. ૨૭૭)

(૩) પણ અત્યારે હું જોઉં છું કે અમે બધાં સુધારાની કાંચળી ઉતારીને હળવાં થયાં છીએ. (આ. ભા. ૧. પૃ. ૨૮૮)

(૪) સ્વયંસેવકો એકબીજા સાથે અથડાય. જે કામ જેને સોંપો તે તેનું ન હોય. તે તુરત બીજાને બોલાવે; બીજો ત્રીજાને. બાપડો પ્રતિનિધિ તો નહીં ત્રગમાં, નહીં તેરમાં ને નહીં છપ્પનના મેળમાં. (આ. ભ. ૧. પૃ. ૩૪૫)

(૫) મેં સાવરણાની માગણી કરી, પેલો સામું જોઈ રહ્યો. સાવરણો પેદા કરી લીધો. પાયખાનું સાફ કર્યું. (આ. ભા. ૧. પૃ. ૩૪૬)

(૬) હું જ્ઞાનવાપિ નજીક ગયો. મેં અહીં ઈશ્વરને ખોળ્યો પણ તે ન જડ્યો. તેથી મનમાં ધૂંધવાઈ રહ્યો હતો. જ્ઞાનવાપિ પાસે પણ મેલ જોયો. કંઈ દક્ષિણા ધરવાની શ્રદ્ધા નહોતી. (આ. ભા. ૧. પૃ. ૩૭૨)

(૭) હું સ્વસ્થ હતો. મેં કહ્યું 'મહારાજ, મારું તો થવાનું હશે તે થશે. પણ તમારા મોંમાં આ એલફેલ ન શોભે. આ દુકાની લેવી હોય તો લો, નહીં તો એ પણ ખોશો. 'જા, તેરી દુકાની મુઝે નહીં ચાહિયે' કહી વધારે સંભળાવી. હું દુકાની લઈ ચાલતો થયો ને માન્યું કે મહારાજે દુકાની ખોઈ ને મેં બચાવી. પણ મહારાજ દુકાની ખુએ તેવા નહોતા. તેમણે મને પાછો બોલાવ્યો, 'અચ્છા ધર દે, મેં તેરે જૈસા નહીં હોના ચાહતા. મેં ન લૂં તો તેરા બૂરા હોવે. (આ. ભા. ૧. પૃ. ૩૭૨)

(૮) 'કરણી તેવી ભરણી; કર્મને મિથ્યા કોણ કરનારું છે? પછી ભગવાનને વચ્ચે પડવાપણું જ ક્યાં છે? તેણે તો પોતાનો કાયદો બનાવીને હાથ ધોઈ નાખ્યા છે.' (આ. ભા. ૧ પૃ. ૩૭૩)

(૯) છોકરીઓ બંને ભવ્ય હતી. અહો! એક આજે નથી. તે તેજસ્વિની હતી. બીજી હયાત છે. તે પોતાનો ગૃહસંસાર ચલાવી રહી છે. છેવટે તે બંને સમજી. તે જ ક્ષણે જે હાથ આ પ્રસંગ ચીતરી

રહેલ છે તે હાથે આ બાળાઓના વાળ પર કાતર ચલાવી! ને પછી વર્ગમાં આ કાર્યનું પૃથક્કરણ કરી બધાને સમજાવ્યું. (દ. આ. સ. ભા. ૭૬)

(૧૦) એટલું જ હું જાણું છું કે આવા ઘરગથ્થુ ઉપચારોથી અને ટૉલ્સ્ટૉય ફાર્મમાં દાખલ કરેલ સાદાઈથી કોમના કંઈ નહીં તોયે બે ત્રણ લાખ રૂપિયા બચી ગયા, રહેનારાઓમાં કૌટુંબિક ભાવના ઉત્પન્ન થઈ, સત્યાગ્રહીઓને શુદ્ધ આશ્રયસ્થાન મળ્યું, અપ્રામાણિકતા અને દંભને અવકાશ ન રહ્યો; મગ અને કાંકરી નોખાં પડી ગયાં. (દ. આ. ભા. ૨. પૃ. ૯૧)

(૧૧) પણ અમે ચાર્લ્સટાઉનમાં કંઈ શાંતિને સારુ નહોતા આવ્યા. શાંતિ જેને જોઈએ તેણે અંતરમાંથી મેળવી લેવી, બહાર તો જ્યાં જુઓ ને જોતાં આવડે તો 'અહીં શાંતિ મળતી નથી' એવાં પાટિયાં નજરે પડે છે. પણ એ અશાંતિની વચ્ચે મીરાંબાઈ જેવી ભક્તાણી હાથમાં ઝેરનો પ્યાલો રાખી મોઢે માંડતી હસે છે. પોતાની અંધારી કોટડીમાં બેઠેલો સૉક્રેટીસ પોતાના હાથમાં ઝેરનો પ્યાલો રાખે છે ને પોતાના મિત્રને ગૂઢ જ્ઞાન આપે છે અને આપણને શીખવે છે: 'જેને શાંતિ જોઈએ તેણે પોતાના હૃદયમાંથી શોધી લેવી.' (દ. આ. સ. ભા. ૨ પૃ. ૧૪૨)

(૧૨) સૃષ્ટિનો એવો એક નિયમ છે કે જે વસ્તુ જે સાધનથી મળે તે વસ્તુ તે જ સાધન વડે સાચવી શકાય. એટલે દંડથી મળેલી વસ્તુ દંડ જ સાચવે; સત્યથી મળેલી વસ્તુનો સંગ્રહ સત્ય વડે જ થઈ શકે. (દ. આ. સ. ભા. ૨ પૃ. ૧૯૧)

આવાં તો અનેક ઉદાહરણો આપી શકાય. તેમાં થોડા શબ્દોમાં ઘણો અર્થ સમાવી દેવાની એમની શક્તિનો તરત જ પરિચય થાય છે. ટૂંકાં વાક્યો સીધાં વાચકના હૃદયમાં ઊતરી જાય છે. લખાણમાં સીધું આત્મબળ પ્રવેશે છે અને તે વાચકના મન પર ધારી અસર કરે છે. પોતાને જે પ્રતીતિ થઈ હોય છે તેનું આબાદ પ્રતિબિંબ લખાણમાં પડતું હોઈ વાચકને પણ આ મિતાક્ષરી ભાષા તેવી પ્રતીતિ કરાવે છે.

લખાણમાં દાખલાદલીલ એટલાં સરળ અને સ્પષ્ટ હોય છે કે તે બધાં સમજે તેવાં ને સચોટ હોય છે. વાક્યો ટૂંકાં હોવાથી ભાષા બળવાન બને છે — 'બંદૂકની ગોળી' જેવી સોંસરી ઊતરે એવી બને છે. આથી તો શ્રી રા. વિ. પાઠક 'ટૂંકાં વાક્યોના તો તેમને કલાકાર કહી શકાય' એવો યથાર્થ અભિપ્રાય એમને વિષે આપે છે.

ભાષા સાદી હોવા છતાં ગૌરવવાળી છે. વસ્તુના ગૌરવને રજૂ કરે છે તેમ અર્થગૌરવ પણ તેમાં એટલું જ હોય છે. સંસ્કૃત શબ્દો આવે છે છતાં ભાષા કઠિન બને છે એમ તો ન જ કહેવાય. સંસ્કૃત શબ્દોનો વપરાશ અનિવાર્ય થઈ પડે ત્યારે વાપરે છે. તેવો શબ્દ વાપરવા ખાતર કદાપિ વાપરતા નથી છતાં એમ કહેવું પડે કે શબ્દની પસંદગી કરવાની આવડત પણ પૂરેપૂરી છે. આ રહ્યું ઉદાહરણ: "મારી ઉપર આવી ભીડ આ પહેલી વાર નહોતી. દરેક વારે છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી દીધી છે." (આ. ભા. ૨ પૃ. ૨૨૯) અહીં 'શામળા' શબ્દ કેટલો બધો ઉચિત છે! તેની જગ્યાએ ઈશ્વરનું કોઈ પણ બીજું નામ આટલી સરળતા અને અર્થ ન લાવી શકત. 'શામળા' શબ્દ આપણી આખ્યાન પરંપરામાં ભક્તની વહારે ધાતા કૃષ્ણની યાદ આપી દે છે! અને પોતે એક નમ્ર ભક્ત જ છે એવું સૂચન પણ એમાંથી મળી રહે છે.

વળી ભાષા સાદી છે છતાં તે નિર્બળ નથી. ઊલટું એમ કહેવું જોઈએ કે ગુજરાતી ભાષામાં બળ પૂરવાનું કામ પણ ગાંધીજીએ કર્યું છે. તેના માટે જ તેમણે ગુજરાતને સત્યાગ્રહની લડતો વાટે તૈયાર કર્યો હતો. તેના વાટે જ ગુજરાતની સ્ત્રીઓને રણમોખરે આણી ઊભી રાખી; તેના વાટે જ તેમણે માટીમાંથી વીર પેદા કર્યા. આ રહ્યાં થોડાં ઉદાહરણો :

(૧) બીજી તરફથી અસહકારની જે પહેલ ગુજરાતે કરી તે શોભાવવી રહી. ગુજરાતે એક તાલુકો ઓછામાં ઓછો તૈયાર કરવો

જોઈએ કે જે મરણપથારી કરવા રાજી હોય ને તેટલી શક્તિ ધરાવતો હોય.

(૨) કાયદાનો સવિનય ભંગ? એથી પણ આપણે અજાણ્યા નથી. જેલ તો તેની સાથે છે જ, તે ભોગવી આવીશું. ભલભલા ગયા છે, જોઈ આવ્યા છે, તો આપણે શીદને આટલું ન કરી શકીએ? એટલે એમાં તો કંઈ નથી.

પણ માર્શલ લૉ થાય તો? ગુરખા આવે તો? ટૉમી ઍટકિન્સ આવે તો? તે પછી ભાલાં મારે, ગોળી છોડે, પેટે ચલાવે તો? અરે ભલેને આવે. છો આવતો. પેટે ચલાવે તો સારું? મરીએ પણ પેટ ન ઘસડીએ. ભાલું મારે તો મારે. મરકીને બદલે ભાલે મરશું. તે ગોળી-બાર કરે તો થોડા આપણે પીઠ ફેરવવાના હતા? હવે તો જોર એવું આવ્યું છે કે છાતી ખુલ્લી મૂકીને જેમ મોઈદાંડિયામાં મોઈ ઝીલીએ તેમ ગોળીને છાતીએ ઝીલશું, ગુરખાને ભાઈ બનાવશું, ને નહીં બને તો ભાઈને હાથે મરવું તેના જેવું સુખ કયું? આમ કહેતાં તો શેર લોહી ચડે જ.

(૩) હું તો વિશ્વાસ રાખું છું કે બીકણું ગુજરાત આ વેળા કરી બતાવશે. પણ આ વચન લખતાંએ કલમ ભારે લાગે છે. ગુજરાતે બંદૂકના ભડાકા કયે દહાડે સાંભળેલા? ગુજરાતે લોહીની નદીઓ ક્યારે જોયેલી? ફટાકડાની જેમ માથાં ફૂટતાં હોય તે ગુજરાતીથી જોયાં જાય કે?

બીજાનાં માથાં ફૂટતાં ગુજરાત જોઈ શકે તો એ ગરવી ગુજરાત મટે. પોતાનાં માથાં ફૂટતાં જુએ તો ગુજરાત અમર પદ મેળવે. તેને સારુ તાલીમ શી?

(૪) એટલે હિંદુ મુસલમાન પારસી ઈસાઈ યહૂદી ગમે તે, જે પોતાને હિંદુસ્તાની માને છે, તે બધાને મરવાનો મંત્ર શીખવાનો ને સાધવાનો છે. એ પાઠ તો કેવળ જે ઈશ્વર ઉપર આસ્થા રાખનાર છે તે જ ભણીને ભજવી શકે.

બંદૂકની ગોળી જેવી આ ભાષાએ ગુજરાતને બળવાન બનાવ્યું. એ બળ એમના સંકલ્પબળમાંથી જન્મ પામ્યું, એમની અવિચળ શ્રદ્ધામાંથી જન્મ્યું. સત્ય પરની પ્રચંડ શ્રદ્ધામાંથી એમનું વ્યક્તિત્વ વિકાસ પામતું ગયું તેમ તેમ એમની ભાષા પણ વધુ ને વધુ બળવાન ને વેધક બનવા પામી. મહાન પ્રસંગોએ લોકોને તૈયાર કરવાને લખેલા જીવંત લેખોમાં, અંતરાત્મા શુદ્ધ બન્યો હોય ત્યારે કાઢેલા ઉદ્‌ગારોમાં, લડત વખતે લોકોમાં પ્રાણ રેડવાને કરેલા પડકારમાં એમની ભાષા ખીલી ઊઠે છે.

ચોકસાઈ એમના ગદ્યનું એક અગત્યનું લક્ષણ છે. નવલરામની જેમ શબ્દને તોળી તોળીને વાપરે છે. શબ્દની પસંદગી કરતા અને ચર્ચા કરી યોગ્ય શબ્દ ખોળી કાઢતા. સત્યના આગ્રહીને પોતાનો અર્થ બરાબર રજૂ કરવાનો આગ્રહ હોય જ. જરા પણ અર્થ ફેર ન થાય તેની ભારે ચીવટ રાખતા. सत्याय मितभाषिणाम्‌ના સૂત્રાનુસાર ટૂંકમાં ઘણા અર્થનો સમાવેશ કરી દેવાની આવડત તેમનામાં આવી ગઈ હતી. એકે શબ્દ કે એક પણ વાક્ય નિરર્થક ન હોય. છતાં આટલું બધું વિપુલ લખાણ કરનારને મિતભાષી કહેવાય ખરા? જવાબ કઠિન છે છતાં હકારમાં જ આપવો પડશે. જ્યારે જરૂર પડી ત્યારે એમણે બોલવા લખવાનું રાખ્યું હતું. તે પણ મિત એટલે માપેલું. એટલા અંકુશ છતાં આટલા વિપુલ સાહિત્યનું સર્જન થવા પામ્યું. તેથી જ એમના સાહિત્યના એકેએક લખાણમાં કલમ પરના સંયમની છાપ છે. અંકુશ હેઠળ ગરવી ચાલે રવતા ઘોડાની જેમ એમની કલમ સ્વાંકુશ હેઠળ વહેતી લાગે છે.

શબ્દોના વપરાશ અંગેની ચોકસાઈ અને ભાષાસંયમને લીધે તેમને સહેજે ગુજરાતી ભાષામાં કેટલાક શબ્દો ઉમેરવાની જરૂર ઊભી થઈ. ગુજરાતી ભાષા હજી ખેડાતી ભાષા છે, તેમાં અમુક ભાવના કે વિચારને અભિવ્યક્ત કરવાને સારુ યોગ્ય શબ્દ ન જડતાં તેવા શબ્દો એમણે પેદા કરી લીધા — પોતે ને બીજાની મદદથી આવા શબ્દોમાં

સહુને પરિચિત એવા શબ્દો આ છે: સર્વોદય, સત્યાગ્રહ, સર્વધર્મ સમભાવ, હરિજન, અસહકાર, અસ્વાદ, અસ્પૃશ્યતાનિવારણ, આત્મકથા. દરેક શબ્દની પાછળ કંઈક આવશ્યકતા હતી જ ને તેથી તે દરેકને યોગ્ય ન્યાય મળતાં તેમાં રહેલું ઔચિત્ય સમજાય છે. સત્યાગ્રહ: આત્મબળની લડત અંગે તેની વિશિષ્ટતા બતાવે એવો યોગ્ય શબ્દ ખોળી આપવા ઇનામ જાહેર કરેલું. તે નિમિત્તે મગનલાલ ગાંધીએ 'સદાગ્રહ' શબ્દ આપ્યો. "પણ 'સદાગ્રહ' શબ્દને વધારે સ્પષ્ટ કરવા ખાતર મેં 'ત્ય' અક્ષરને વચ્ચે ઉમેરીને 'સત્યાગ્રહ' શબ્દ બનાવ્યો, ને તે નામે ગુજરાતીમાં એ લડત ઓળખાવા લાગી." (આ. ભા. ૨. પૃ. ૧૦૭)

સર્વધર્મસમભાવ:— આ શબ્દ પણ તેમને પોતાનો સર્વધર્મ પ્રત્યેનો સમભાવ વ્યક્ત કરવાને શોધવો પડ્યો. શબ્દના અર્થ પરત્વે કેટલી ચોકસાઈ રાખતા તેનો એ નમૂનો છે. પોતાનો ભાવ વ્યક્ત બરાબર રીતે કેટલી ઝીણવટભરી તપાસ ને તોલન પછી કરે છે તે એમના જ શબ્દોમાં જોઈએ: "આપણાં વ્રતોમાં જે વ્રતને સહિષ્ણુતાને નામે ઓળખીએ છીએ તેને આ નવું નામ આપ્યું છે. સહિષ્ણુતા અંગ્રેજી શબ્દ 'ટૉલરેશન'નો અનુવાદ છે. એ મને ગમ્યો ન હતો. પણ બીજું નામ સૂઝતું ન હતું. કાકાસાહેબને પણ એ નહોતું ગમ્યું. તેમણે સર્વધર્મઆદર શબ્દ સૂચવ્યો. મને એ પણ ન ગમ્યો. બીજા ધર્મોને સહન કરવામાં તેની ઊણપ માની લેવામાં આવે છે. આદરમાં મહેરબાનીનો ભાવ આવે છે. અહિંસા આપણને બીજા ધર્મો પ્રત્યે સમભાવ શીખવે છે. આદર અને સહિષ્ણુતા અહિંસા દૃષ્ટિએ પૂરતાં નથી. બીજા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં પોતાના ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર આવી જાય છે. અને સત્યની આરાધના, અહિંસાની કસોટી એ જ શીખવે." (મં. પ્ર. પૃ. ૩૫)

આત્મકથા:— સ્વજીવનના નિરૂપણ માટે ગુજરાતી ભાષાને યોગ્ય શબ્દ આપ્યો. આજે એ શબ્દ ખૂબ ચલણી બની ચૂક્યો છે.

"ચાર અથવા પાંચ વર્ષ પૂર્વે નિકટના સાથીઓના આગ્રહથી મેં આત્મકથા લખવાનો વિચાર કર્યો હતો." (આ. ભા. ૧. પૃ. ૧.)

આ રીતે જ અંત્યજોને માટે સારો શબ્દ શોધતાં તેમને કોઈકે 'હરિજન' શબ્દ આપ્યો અને તેને અપનાવી પ્રચલિત કર્યો. અસહકાર મૂળે તો અંગ્રેજી શબ્દ Non-cooperationનો અનુવાદ છે છતાં પૂર્ણ અર્થવાહક છે. આભડછેટ દૂર કરવાના હેતુને સારુ અસ્પૃશ્યતા-નિવારણ યોજાયો.

જાતમહેનત:—જાતમહેનત અંગ્રેજી શબ્દ 'બ્રેડ લેબર'નો અનુવાદ છે.' 'બ્રેડ લેબર'નો શબ્દશઃ તરજુમો 'રોટી (ને સારુ) મજૂરી' (મં. પૃ. ૩૨). અનુવાદ છે છતાં પૂરેપૂરો ભાવવાહી છે.

અસ્વાદ:— અસ્વાદ વ્રત એમણે વ્રતમાળામાં નવું ઉમેર્યું છે. પહેલાં કદાપિ અસ્વાદની અગત્ય પર પૂરતું ધ્યાન નથી અપાયું. એને વ્રતમાં સ્થાન મળવું જોઈએ એમ ગાંધીજીને લાગ્યું. તેથી આ શબ્દના શબ્દ અને અર્થ બંને એમણે જ યોજ્યાં છે. "બ્રહ્મચર્યની સાથે બહુ નિકટ સંબંધ ધરાવતું આ વ્રત છે. મારો અનુભવ છે કે આ વ્રતને પહોંચી વળાય તો બ્રહ્મચર્ય એટલે જનનેંદ્રિય સંયમ સાવ સહેલો થઈ પડે. પણ આને વ્રતમાં નોખું સ્થાન સામાન્ય રીતે નથી અપાતું. સ્વાદને મોટા મોટા મુનિવરો પણ જીતી નથી શક્યા, એટલે તે વ્રતને નોખું સ્થાન નથી મળ્યું. આ તો માત્ર મારું અનુમાન છે. એમ હો યા ન હો, આપણે આ વ્રતને નોખું સ્થાન આપ્યું છે અને તેથી તેનો વિચાર સ્વતંત્રપણે કરી લેવો ઘટે છે." (મં. પ્ર. પૃ. ૧૨)

કેટલાક શબ્દો ભુલાવા આવ્યા હતા અને પુરાણા બની જવા આવ્યા હતા તેમાં પ્રાણ રેડી જાણે નવા બનાવ્યા! ખાદી, રેંટિયો, આશ્રમ, અહિંસા. હિંદુસ્તાનના જીવનમાંથી ખાદી અલોપ થવા લાગી હતી. તેને પુનરુજ્જીવન આપતાં ખાદી શબ્દ પણ પાછો વપરાશમાં આવ્યો પણ નવે સ્વરૂપે, નવો અર્થ લઈને. તે જ રીતે 'રેંટિયો' ને

'આશ્રમ'નું પણ બન્યું. 'અહિંસા' શબ્દ ધર્મની પરિભાષાનો એક શબ્દ બની ચૂક્યો હતો તેને ઘરગથ્થુ બનાવ્યો. ભલે સહુ જન તેના ઊંડા ને વ્યાપક અર્થને ન સમજી શકે પણ તેમની આગળ અહિંસાના ખ્યાલો જે પ્રત્યક્ષ દૃષ્ટાંતો દ્વારા ઊભા કર્યા છે, તે વડે તેની કંઈક સમજ જુદે રૂપે સ્પષ્ટ થઈ છે.

કેટલાક શબ્દોના અર્થને વિકસાવ્યા, જેવા કે સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, નમ્રતા, સ્વદેશી, વગેરે. એક રીતે તો એમ કહી શકાય કે જે જે વસ્તુ પર ગાંધીજીએ લખ્યું તેના અર્થને વિકસિત કર્યો. તેમની અપૂર્વ પ્રતિભા દરેક વસ્તુને પોતાની રીતે જોતી હતી અને તેથી દરેકમાંથી કંઈક ને કંઈક નવો અર્થ તારવતી હતી. સત્યનો સાક્ષાત્કાર કરવાની તમન્ના હોવાથી ને ક્ષણે ક્ષણે તે મુજબ જ આચરણ થતું હોવાથી તેના નવા નવા અર્થો મળતા ગયા. તેવું જ અન્ય વ્રતો વિષે બન્યું. સેવા શબ્દને કેટલો વ્યાપક બનાવ્યો ?

નમ્રતાનો અર્થ એમણે નવો જ ઘટાવ્યો છે. એ અર્થ એટલો વજૂદવાળો ને સહુને અનુભવગમ્ય છે કે તે તરત જ સહુને ગમી જાય છે. "આને વ્રતોમાં નોખું સ્થાન નથી અને ન હોઈ શકે. અહિંસાનો એ એક અર્થ છે, અથવા કહો કે એના પેટમાં છે. પણ નમ્રતા કેળવવાથી આવતી નથી. તે સ્વભાવમાં આવી જવી જોઈએ. . . . સત્ય કેળવાય, દયા કેળવાય, નમ્રતા કેળવવી એટલે દંભ કેળવવો એમ કહેવાય." (મં. પ્ર. પૃ. ૪૧)

'અભ્યાસ' અને 'વૈરાગ્ય'ને પણ કેવી સાદી રીતે સમજાવ્યા છે ! "સત્યની જ ધાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિષે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય." (મં. પ્ર. પૃ. ૨)

તળપદા શબ્દોનો વપરાશ વધારી તેમને સાહિત્યમાં સ્થાન આપી તેમનું ગૌરવ વધાર્યું. સાહિત્યમાં તળપદા શબ્દોના વપરાશ વિષેની લેખકોની સામાન્ય શરમ આથી ધીમે ધીમે દૂર થવા લાગી.

કેટલાક લાક્ષણિક ને નવા શબ્દો યોજ્યા અને વપરાશમાં લાવ્યા તેમાંના થોડા નીચે મુજબ છે :

'હિંદ સ્વરાજ'માંથી (જૂની આવૃત્તિ)

૧ અડીક	(પૃ. ૧૩)	૧૨ ધાલાવેલી	(પૃ. ૯૮)
૨ હિંદુસ્તાનનું બળ અતુલિત છે	(પૃ. ૧૨૧)	૧૩ જડજપણું	(પૃ. ૨૦૯)
		૧૪ ઠગવૈદ	(પૃ. ૧૦૬)
૩ અવીર્યવાન	(પૃ. ૧૬૬)	૧૫ તોપબળ	(પૃ. ૧૫૯)
૪ અસત્યાગ્રહી	(પૃ. ૧૫૬)	૧૬ તોપબળિયો	(પૃ. ૧૫૯)
૫ અસિદ્ધતા	(પૃ. છેલ્લું)	૧૭ દયાબળ	(પૃ. ૧૪૪)
૬ આપભોગ	(નવજીવન)	૧૮ ધર્મધુતારો	(પૃ. ૬૧)
૭ ઊગી આવવું	(પૃ. ૬૯)	૧૯ પ્રજાભંગ	(પૃ. ૭૮)
૮ એકરાજ્ય	(પૃ. ૭૨)	૨૦ પ્રજામંડળ	(પૃ. ૧૬૩,૧૬૪)
૯ એકધર્મ	(પૃ. ૭૯)	૨૧ પાટે ચડવું	(પૃ. ૪)
૧૦ એકપ્રજા	(નવજીવન)	(ઉદા. આપણું ગાડું પાટે ચડે તેમ નથી જોતા)	
૧૧ એકમુલક	(પૃ. ૭૩)		

'સર્વોદય'

૧ સ્વાર્થરાજ્ય	(પૃ. ૬૦)	૫ પૈસાબળ	(પૃ. ૪૦)
૨ સાર્વજનિક અર્થશાસ્ત્ર	(પૃ. ૩૦)	૬ નરકરાજ્ય	(પૃ. ૬૦)
૩ સર્વોદય	(પૃ. ૪)	૭ જીવંત જાગ્રત	(પૃ. ૨૧)
૪ લેવદેવ	(પૃ. ૮)	૮ ચોર દલાલ	(પૃ. ૩૭)

"પુસ્તક લખવાનો હેતુ સર્વનું કલ્યાણ — સર્વનો ઉદય (માત્ર વધારેનો નહીં) એવો હોવાથી અમે આ લખાણને 'સર્વોદય' એવું નામ આપ્યું છે."

અહીં એક પ્રશ્ન ચર્ચી લેવો ઘટે છે. સત્યાગ્રહ એક શાસ્ત્ર બની શકે એટલું એમના જીવન દરમ્યાન તેનું ખેડાણ થવા પામ્યું હતું. જો તેને શાસ્ત્ર બનાવવું હોય તો તેને સારુ તેની પરિભાષા પણ જોઈએ.

સત્યાગ્રહના સિદ્ધાંતોને મુખ્ય વિચારોને સારુ ગાંધીજીએ શબ્દો આપ્યા જ છે. એનું એક શાસ્ત્ર બને તેમ તેઓ ઇચ્છતા પણ હતા પણ તે તેમના જીવન દરમ્યાન નહીં. આમજનતા શાસ્ત્રમાં શું સમજી શકે? તેથી સત્યાગ્રહ જેવી નવી વસ્તુને પણ તેમણે રોજની ભાષામાં સમજાવી. એમ ન કર્યું હોત તો આમ પ્રજા સત્યાગ્રહને સમજી ન શકત અને સત્યાગ્રહ આટલો વ્યાપક ન બની શકત. એમને એક વાર સત્યાગ્રહની પરિભાષાની આવશ્યકતા વિષે પૂછવામાં આવતાં જણાવેલું કે જેને તે તૈયાર કરવાનું ઉચિત લાગે તે ભલે તૈયાર કરે. સત્યાગ્રહને સર્વજનસુલભ રાખતાં છતાં તેનું શાસ્ત્ર બને તો તેમને વાંધો ન હતો. એની પરિભાષાને માટે તેમનાં લખાણોમાંથી જ ઘણાખરા શબ્દો મળી શકે એમ છે. આ રીતે લોકભાષાનો આગ્રહ રાખતા છતાં આવશ્યક પરિભાષાની કદર કરતા પણ આપણે એમને જોઈ શકીએ છીએ.

એમની કલાદૃષ્ટિ :— " તેમની મહત્તા અને વિરોધાભાસો અને લોકોને હલાવી મૂકવાની શક્તિને લીધે તેઓ સર્વસામાન્ય માપોથી પર છે". (જવાહરની આત્મકથા પૃ. ૫૮૦)

ગાંધીજી ને તેમના સાહિત્યની વિવેચના રૂઢ માપોથી જ કરતાં તેમને અન્યાય થવાનો ઘણો સંભવ રહે છે. પંડિત જવાહરલાલ કહે છે તેમ તેઓ સામાન્ય માપોથી પર છે. એઓ એક એવી બહુરૂપી વિભૂતિ હતા કે તેમને માપવા નવાં માપલાં તૈયાર કરવાં જોઈએ. એવાં નવાં માપ એમની પોતાની પાસેથી જ મળી રહે છે. જેમ જીવનનાં અનેક મૂલ્યોનું પરિવર્તન કર્યું તેમ સાહિત્ય, કલા અને વિવેચના અંગે પણ પરિવર્તનકારી સૂચનો તેમના લખાણમાંથી મળી રહે છે.

ગાંધીજી સંત હતા અને સંત હોવાની સાથે ગીતાકથિત યોગી પણ હતા. તેથી આત્મનિરીક્ષણ એમણે વૈજ્ઞાનિકની ઢબે કર્યું હતું. સંત

હોવાથી પોતાની કસોટીનાં માપ આકરાં રાખ્યાં હતાં, બીજાને માપવાનાં માપ હળવાં રહેતાં. આત્મનિરીક્ષણ તાટસ્થ્ય વગર સંભવિત જ નથી. અને બીજાને હળવાશથી માપવાનું કામ સહાનુભૂતિ વિના અશક્ય છે. ગાંધીજીમાં આ બંને ઘણા સારા પ્રમાણમાં મોજૂદ હતાં તેથી તેમની કરેલી વિવેચના પ્રજા પર ઘણી અસરકારક નીવડતી. પોતાની વિવેચનામાં પણ પૂર્ણ પરલક્ષી ભાવ દેખાઈ આવે છે અને તેથી આત્મશ્લાઘા જેવાં લાગતાં એમનાં વચનોની ગેરસમજ થવા પામતી નહીં કારણ કે તેમનામાં અહંકાર નહોતો, અથવા તે સાત્ત્વિકતા ને બહુ સૂક્ષ્મતાને પામ્યો હતો. પોતે તો ઈશ્વરના સાધન માત્ર હતા તેમ માનતા ને તે રમાડે તેમ રમવાનું પસંદ કરતા. મરણના દિવસની સવારે પણ 'મારે આ જાતનો ખેલ ક્યાં સુધી ખેલવાનો છે?' એ ભાવના શબ્દો સહજ ઉચ્ચાર્યા હતા. "રાજાનો વેશ લેનાર કલાકાર પોતાના વેશથી મોહિત નથી થતો. ગાંધીજી પોતાની મોટાઈમાં બેભાન નથી. અહંકાર મોહનું બીજું નામ છે. જાગ્રત માણસને મોહ કેવો, અહંકાર કેવો? આથી જ ગાંધીજી કોઈ કોઈ વાર વગર સંકોચે આત્મશ્લાઘા પણ કરી બેસે છે. 'હું પ્રચારશાસ્ત્રનો પંડિત છું; પત્રકારિત્વમાં હું નિપુણ છું, હું પાકો વાણિયો છું; હું શરીરશાસ્ત્રનો વિદ્યાર્થી છું; મારો દાવો છે કે આડત્રીસ વરસથી ગીતા અનુસાર આચરણ કરતો આવ્યો છું; હું સત્યનો પૂજારી છું; મારું જીવન અહર્નિશ ઈશ્વર સેવામાં વીતે છે.' બીજાના મોઢામાંથી આ શબ્દો નીકળે તો એમાં અહંકારની ગંધ પણ આવે, પણ ગાંધીજીના શબ્દોમાં ન આવે, કારણ કે ગાંધીજી તટસ્થ થઈને પોતાની સમાલોચના કરે છે." ('બાપુ', બિરલા, પૃ. ૧૪૬)

આવા તાટસ્થ્યથી કલાનું વિવેચન કરી કલાને તેઓ અહં પોષણનું સાધન બનતી અટકાવવા માગતા હતા. દિલીપકુમાર રોય સાથે થયેલા કલા અંગેના વાર્તાલાપમાં એમના કલા વિષેના વિચારો કંઈક જાણવા મળે છે. શું કલામાં કે શું સાહિત્યમાં, કે શું વિવેચનમાં અહંકાર

પોષવાપણું ન હોવું જોઈએ એવો એમનો નિશ્ચિત અભિપ્રાય હતો. તેઓ આ બાબત ખૂબ જાગ્રત હતા. તેથી સંસ્કૃતિ અને કળા વડે પોષાતાં અભિમાન ને આત્મસંતોષ તરફ એઓ તરત જ સીધો નિર્દેશ કરે છે: "માણસ પોતાની સંસ્કૃતિને શું પોતાના માટે ઈંધણ બનાવશે? . . . એક રીતે કલા માણસો વચ્ચે એકતા સ્થાપવાને બદલે તેમને જુદા પાડે છે તેનું મહત્ત્વ શામાં છે?" ('તીર્થસલિલ')

ગાંધીજી કલાની ઉપાસનાની વિરુદ્ધ ન હતા. રસ્કિન જેવા સમર્થ સાહિત્યકારો ગુજરાતમાં જન્મે એવી પ્રબળ ઇચ્છા વ્યક્ત કરી હતી. ને સાહિત્ય કે બીજી કોઈ પણ કળા સર્વગમ્ય બને એમ ઇચ્છતા હતા. "પણ મેં તમને કહ્યું નહોતું કે કલાની આરાધના ન થવી જોઈએ. એવું હું કહી જ ન શકું. માણસની રુચિ, જાત, મિજાજ ભિન્ન ભિન્ન હોય છે. હું માત્ર એટલું જ કહેવા માગતો હતો કે હું પોતે ચિત્રકલા જેવી કલાનો પક્ષપાતી નથી—એની મને જરૂર નથી. મારી પ્રેરણા માટે મને તો પૂરતો સંતોષ મળી રહે છે તારાજડિત આકાશ જોઈને. સંભવ છે કે યુરોપને ચિત્રની જરૂર હોય. તેમને ત્યાં ક્યાં આપણા જેવું આકાશ છે? માત્ર હું એટલું કહું છું કે કલાને નામે આત્મસંતોષ અને આત્મવંચનાને ન પોષો—એટલું યાદ રાખો કે સમસ્ત માનવો પ્રત્યે તમારું કર્તવ્ય રહ્યું છે. તમારી કલા જેટલે અંશે સાધારણ માણસના કામમાં આવશે તેટલે જ અંશે તે શુભ કહેવાશે, જેટલે અંશે તે કામમાં નહીં આવશે તેટલે અંશે તે અશુભ ગણાશે. વિશેષજ્ઞતામાં મને શ્રદ્ધા નથી. સાચી કલા સૌને રસ આપે." ('તીર્થસલિલ')

જીવનનાં સર્વ ક્ષેત્રોમાં આજન્મ પ્રજાતંત્રવાદી હોઈને એમને સહુને મળી શકે એવા આનંદમાં ને કલામાં જ રસ હતો. સાર્વજનીન બનવા માટે કલાએ નીચે ઊતરવું કે ઉપભોગ કરનાર સહુએ ઉચ્ચ કલા સમજવાને સમજશક્તિ ખીલવી ઊંચે આવવું? આ કલાવિવેચનનો આજના જમાનાનો કૂટ પ્રશ્ન છે. ગાંધીજી વિશેષજ્ઞતામાં માનતા નથી

એનો અર્થ એ નથી કે કલા સત્ત્વ ગુમાવી હળવી બની પ્રજાને સમજાય એવી બને. એમની તો એ દૃઢ માન્યતા હતી કે જેમ કલાનો પ્રાદુર્ભાવ નૈસર્ગિક ને સહજ તેમ તે સહેજે હળવી રીતે જ સહુને સમજાય એવા સ્વરૂપમાં અવતરે. "હું તો માનું છું કે મહાન કલાની અપીલ બરાબર કુદરતના સૌંદર્યની પેઠે વિશ્વજનીન હોય છે. ખરી રસિકતાને વિશેષજ્ઞતા સાથે અને અતિશય ચીકણુવેડા સાથે કશો જ સંબંધ નથી." ('તીર્થસલિલ')

કુદરતના સૌંદર્યને શક્તિ અનુસાર સૌ સમજે છે તેમ કલા ને સાહિત્ય વિષે છે. જેમ કલા ને સાહિત્ય ઊંચાં ને મહાન તેમ તે સહુ પ્રકારના માણસને આકર્ષી શકે. જેમ જેમ સમજશક્તિ વધે તેમ તેમ વધુ ને વધુ અર્થ મળતો જાય. કુદરતના સૌંદર્યને નાનું બાળક પણ માણે ને સાક્ષર પણ તેના સૌંદર્યને સમજપૂર્વક પીએ. એ બે અંતિમોની વચ્ચેના જુદી જુદી સમજવાળા માણસો સૌ સૌની સમજ પ્રમાણે તેની મોજ લે છે. તે જ રીતે સાહિત્ય ને કલા જો તે સાચાં હોય તો સૌ પોતાની સમજ પ્રમાણે સમજી શકે એવાં હોવાં જોઈએ. ઉદાહરણ તરીકે ગીતા, રામાયણ વગેરેને સૌ કોઈ પોતાની સમજ પ્રમાણે વાંચી સમજીને તેમાંથી આનંદ મેળવી શકે છે. "આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં નથી હોતી." (આ. ભા. ૨. પૃ. ૭૫) આ રીતનું સાહિત્ય વાચકની સમજશક્તિને તેની કક્ષા વધારવામાં પણ ફાળો આપે છે. ગાંધીજીનું સાહિત્ય આ પ્રકારનું સાહિત્ય છે. તેમનું લખાણ ગંભીર છે છતાં તે આમપ્રજાને આકર્ષી શકયું, ગંભીર વાચનનો પ્રજાને શોખ લગાડયો અને ધીમે ધીમે પ્રમાણમાં કઠિન લખાણ સાથે તેને પરિચિત પણ કરી અને પ્રજાની કક્ષા વધારી.

કલાને નામે વિલાસિતા પોષાય એ તેમને ઘણું અપ્રિય હતું; તેની તેમને સૂગ હતી. કલા ને સાહિત્યને નામે ભોગવિલાસ પોષવામાં

આવે છે તેની સામે અવાજ ઉઠાવે છે. સ્ત્રીને કલામાં મોખરાનું સ્થાન આપીને સ્ત્રીનું ગૌરવ નથી વધાર્યું પણ તેમાં તેનું અપમાન જ છે એમ કહેતાં સૂચના આપે છે કે, "સાહિત્યની કલમ ઉઠાવો તે એ જ વિચારથી ઉઠાવજો કે સ્ત્રી એ મારી જનની છે. . . . પણ આજે તો તમે બાપડી સ્ત્રીને શાંતિ આપવાને બદલે એનું મન ઉત્તેજવાને ધગાવી મૂકો છો; એનામાં કદી ન હોય તેવા વિકારો ઉત્પન્ન કરવા તમે કેમ પ્રયત્ન કરો છો? . . . આવાં વર્ણનો એ સાહિત્યનો અનિવાર્ય ભાગ છે શું? તમે ચીતરો તો તેને વિકારી ન ચીતરો. ઉપનિષદો, બાઇબલ, કુરાન, રામાયણમાં શું આવું છે? શું એ મહાગ્રંથો સાહિત્ય નથી?" ('ગુજરાત સમાચાર', તા. ૧૯-૨-'૪૮)

જીવનને સમગ્રપણે જોનાર ગાંધીજીને તરત જ મનમાં વસેલું કે સાહિત્ય જીવનમાંથી ઉત્પન્ન થયેલ છે અને તેથી તેનું પોષણ જીવનમાંથી થાય. તેમ સરવાળે સાહિત્ય જીવનને પોષક બને, જીવનને ઘાતક તે સાહિત્ય નહીં. જીવનને લક્ષમાં રાખીને જ જીવનનું દરેક કાર્ય ને પ્રવૃત્તિ મનુષ્ય જાણ્યેઅજાણ્યે યોજે છે. તો સાહિત્ય અને કલા એ પણ એવી જ પ્રવૃત્તિ છે. તેથી કલાની ઉપાસના જીવનની ઉપાસનાનું એક અંગ છે, એક રીત છે. "જીવન સૌ કલાથી અદકું છે. હું તો માનું છું કે જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કલાકાર. ઉત્તમ જીવનના પૃષ્ઠતલ વિના કલા શી રીતે ચીતરી શકાય? કલાની કિંમત જીવનને ઉન્નત બનાવવામાં રહેલી છે. જીવન જ કલા છે. કલા જીવનની દાસી છે; અને તેની સેવા કરવાનું જ તેનું કાર્ય છે. એ અર્થમાં કલાને હું માનું છું, કદર કરું છું. કલા વિશ્વ પ્રત્યે જાગ્રત હોવી જોઈએ, કલા જીવન પ્રત્યે જાગ્રત હોવી જોઈએ." ('તીર્થસલિલ')

ગાંધીજીમાં જીવન તરફની જાગૃતિ ને સાથે આત્મજાગૃતિ પણ હતી. એઓ કહે છે તેમ અંતર્યામીની પ્રેરણાથી જ તેમણે બધું લખ્યું હતું. પોતાના આંતરિક અનુભવની પ્રતીતિ કરાવવાને એમણે લખ્યું. તેમાં કેટલાય એવા અનુભવો હતા જેનું વર્ણન ભાષા ન કરી શકે

એવા લાગ્યા. એવે પ્રસંગે એમની ભાષામાં રહસ્યવાદીઓની અગમ વાણી ઊતરતી આપણે જોઈએ છીએ. 'અંતરનો અવાજ' 'ઈશ્વરપ્રેરણા' 'ઈશ્વરકૃપા' 'પ્રકાશ' વગેરે શબ્દપ્રયોગોનો વપરાશ એમના એવા અનુભવોનો કંઈક ખ્યાલ આપે છે પણ તે વડે તેની સ્પષ્ટ રજૂઆત થઈ શકતી નથી, થઈ પણ ન શકે. "આ વસ્તુને, અનુભવને બીજી ભાષામાં મૂકતાં મને આવડતું નથી. લૌકિક ભાષામાં ઈશ્વરની કૃતિને મૂકતાં છતાં હું જાણું છું કે તેનું 'કાર્ય' અવર્ણનીય છે. પણ જો પામર મનુષ્ય વર્ણન કરે તો તેની પાસે તો પોતાની તોતલી બોલી જ હોય." (આ. ભા. ૨. પૃ. ૨૭૭) એ દૃષ્ટિએ એવા પ્રસંગોએ ગાંધીજીએ વાપરેલી ભાષા ભલે 'તોતલી' હોય છતાં તે સચોટ ને અનર્થ ન કરનારી છે. સત્યને ઈશ્વર ગણાવીને એમણે ઈશ્વરની અગમ્યતા ઘણી સમજાય એવી કરી મૂકી છે. એ જ એમની 'તોતલી' ભાષાનું સામર્થ્ય સિદ્ધ કરે છે.

કલા અને સાહિત્યવિષયક એમના વિચારો ટૉલ્સ્ટૉયને મળતા છે. ટૉલ્સ્ટૉયની એમના પર થોડીઘણી અસર પણ હોય છતાં એમના આ વિષયના વિચારો આપમેળે જ બંધાયા હતા. જેની જેની એમના પર સીધી અસર થઈ તેમનો ગુજરાતી જનતાને એક યા બીજી રીતે પરિચય કરાવ્યો. સૉક્રેટીસનો પરિચય આપવા 'સત્યવીરની કથા' લખી, રસ્કિનનો 'સર્વોદય' આપીને, ટૉલ્સ્ટૉયનો પરિચય તો એમણે સીધો જ આપ્યો છે. થૉરોના નિબંધનો તરજુમો 'કાયદાની સામે થવાની ફરજ' માં કરીને આપ્યો. આ બધામાંથી એમને સૂચનો મળ્યાં હશે પણ તેમના વિચારો તેથી જ એ પ્રકારના બંધાયા એમ ન કહેવાય. કલા ને સાહિત્ય વિષે પણ એમણે પોતાના બધા વિચારો નહીં પણ તે અંગેનાં ફક્ત સૂચનો જ આપ્યાં છે.

ઘણી બાબતોમાં ગાંધીજી કેવળ સૂચનો કરીને માર્ગદર્શન કરી તે સૂચનને આપમેળે આગળ વધવા દે છે. કળા વિષે પણ એક નવી દિશા સુઝાડી તેમાં આગળ ન વધતાં — કારણ પોતે એક કલાકાર કે

તેના તજ્જ્ઞ નહોતા — સૂચન ને મતપ્રદર્શન કરીને જ સંતોષ માન્યો. સત્યં શિવં સુંદરમ્‌નો જ પુરાણો સિદ્ધાંત ગાંધીજીએ પોતાની રીતે સમજાવ્યો છે. સત્યથી વિહીન કળા ન હોય; સત્ય ત્યાં સુંદરતા હોય ને તેની સાથે કલ્યાણ પણ જોડાયેલું જ છે. સત્યની સાથે પછીનાં એ એકપછી એક આવી જ જાય. સત્ય સાથે સાદાઈ હોય, ભાવો ને વિચારો પર સ્વામિત્વ હોય. આ એમનાં કલાવિષયક મંતવ્યોનો પ્રધાન સૂર છે.

યુગંધર :— ૧૯૩૧માં દસમી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી ગાંધીજીની 'સર્વોત્કૃષ્ટ કલારસિકતા' વિષે બોલતાં શ્રી ભૂલાભાઈ દેસાઈએ કહેલું કે ગાંધીજીની ગુજરાતી સાહિત્યની સેવાનો આંક કાઢનાર આપણે કોણ? ત્યારે આવા પ્રશ્નનો જવાબ આપવો ઉતાવળ ગણાત કારણ સમય પાક્યો નહોતો. આજેય જોઈએ તેટલું સમયનું અંતર તો નથી પડ્યું છતાં તેમની સાહિત્યસેવાનો અંદાજ તો કાઢી શકાય ખરો. તેમણે આગળ કહ્યું, "જેણે પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિઓનો અને જૂના અને નવા વિચારોનો સુંદર મેળ સાધી અનંત સત્યનું સ્વરૂપ પ્રગટ કરી સમજાવ્યું, એટલું જ નહીં, એ સત–દીવડાના પ્રકાશ વડે ગુજરાતને ગામડે ગામડે ને ઘેર ઘેર અજવાળાં કર્યાં, એની સેવાની આંકણી શી રીતે થઈ શકે?" ૧૯૩૧ના જમાનામાં ગાંધીજી પ્રત્યે નેતાઓમાં ને પ્રજામાં ભક્તિ ને પૂજ્યભાવના સમુદ્રમાં ભરતી આવી હતી, તે કાળે ગાંધીજીની સેવાનું મૂલ્યાંકન કરવું અશક્ય નહીં તોપણ અઘરું તો હતું જ. ઇતિહાસલક્ષી, રસલક્ષી ને વ્યક્તિલક્ષી દૃષ્ટિબિંદુથી એમનું મૂલ્યાંકન કરવાના પ્રયાસમાં હવે તેમની ગુજરાતી ભાષા ને સાહિત્ય પરની અસરો જોવાની રહે છે.

એમની અસરો :— જે પ્રવૃત્તિ એમના હાથમાં આવી પડી તેને ઈશ્વરદત્ત સમજી પૂરો ન્યાય આપવાને ગાંધીજી કદી ચૂક્યા નથી. જેમાં ને તેમાં એમને કંઈક નવું કહેવાનું અને કરવાનું હતું. તેથી આવી પડતી પ્રવૃત્તિને સ્વીકારી લઈ તેમાં પ્રવૃત્ત થતા. પણ સાહિત્યક્ષેત્રમાં કદી

પણ પોતાને જાણકાર માન્યા નહોતા. તેમાં એક તજ્જ્ઞ તરીકે કામ કરવાનું કે સલાહ આપવાનું પોતાને માટે યોગ્ય નહોતું માન્યું. બારમા સાહિત્યસંમેલનનું પ્રમુખસ્થાન પણ આવી પડેલી ફરજ માનીને જ સ્વીકારેલું.

એમણે ઇચ્છા ન સેવી હોવા છતાંય એમની ગુજરાતી સાહિત્ય પર ઘણી અસર થવા પામી છે; પણ તે સીધી નહીં. એમના પ્રખર વ્યક્તિત્વની જે છાપ પ્રજાના જીવન પર પડી તે જ છાપ જીવનના એક ક્ષેત્ર સાહિત્ય પર પણ પડી. એમણે પ્રજાજીવનનાં ધોરણો બદલ્યાં, નવાં મૂલ્યાંકનો આપ્યાં અને પ્રજામાં નવો પ્રાણ રેડ્યો. તેથી પ્રજાજીવનમાં જે પરિવર્તન થયું તે સાહિત્યમાં પ્રતિબિંબિત થયું; કારણ સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે. આમ એમની અસર આડકતરી — પ્રજાજીવન દ્વારા — પ્રજાના ઘડાતા સાહિત્ય પર પડી. એમના જીવન દરમ્યાન ભારતનો જે અદ્‌ભુત ઇતિહાસ રચાયો તેનાં પ્રતિબિંબ ગુજરાતી ભાષાના દરેક સાહિત્યસ્વરૂપમાં જોવા મળે છે, જે નવા જીવનસિદ્ધાંતો એમણે આપ્યા તે અનેક વાર અનેક રીતે ચર્ચાવા લાગ્યા અને જે નૂતન વિચારો આપ્યા તે જાણ્યે અજાણ્યે સહુને સ્પર્શ કરી ગયા.

એમણે ઘણા મોટા ભાગને ગંભીર વાચનનો શોખ લગાડ્યો. પહેલાં જે વર્ગ ગમે તેવું વાર્તાસાહિત્ય વાંચતો અને શું વાંચવું ને શું ન વાંચવું તેની જેને ગમ નહોતી તેને પણ ધીમે ધીમે ગંભીર વાચન તરફ ધીમે ધીમે વળતો કર્યો. 'નવજીવન' ને 'હરિજન'નાં લખાણો એટલે ગંભીર લખાણો. તે તરફ વાચકવર્ગના મોટા ભાગને આકર્ષી તેનો રસ લગાડ્યો તે શા કારણે? એમની પહેલાં મણિલાલ નભુભાઈ, આનંદશંકર ધ્રુવ, રમણભાઈ, નવલરામ વગેરે ગંભીર નિબંધોના લેખકો સામયિકોમાં ઉપયોગી સાહિત્ય નિયમિત પ્રકટ કરતા છતાં તેમના લખાણ પ્રત્યે જેટલું આકર્ષણ ન થયું તેટલું ગાંધીજીની બાબતમાં થયું. જોકે આમપ્રજાને સારુ જ લખ્યું છતાં આ સાહિત્યકારો સંસારસુધારા અને ધર્મ વિષેના લેખો જ લખતા. તેઓ મોટા વિદ્વાનો હતા છતાં તેમની પાછળ કાર્યવેગ

નહોતો. વિચારકો હોઈ સરસ નિબંધો પ્રજા આગળ પીરસતા. પણ તેમાં જુસ્સો નહોતો. લખે એ મુજબ કરનાર ગાંધીજીની છાપ પ્રજા પર સચોટ પડી કારણ તેમના લખાણમાં કર્મયોગનું બળ હતું. વળી તે સહુ સમજે એવી સરળ ભાષામાં લખતા એટલે થોડુંઘણું ભણેલો વર્ગ પણ એમનાં લખાણો સમજી શકતો. એ પણ ખરું છે કે આગલા જમાના કરતાં ધીમે ધીમે ભણતર વધતું પણ ગયું. છતાં વાચકવર્ગને આકર્ષવાનું મોટું કારણ વધુમાં એ પણ છે કે તેમણે પ્રજાના રોજના પ્રશ્નોને લઈ તેની દર સપ્તાહ છણાવટ કરી પ્રજાના જીવનને સ્પર્શ્યું, તેમનાં હિતોને સારુ મથામણ કરી, તેમની ઉન્નતિનો પ્રત્યક્ષ માર્ગ બતાવ્યો. તેથી સ્વહિતથી દોરાયેલા આમવર્ગમાં ગંભીર લખાણ તરફનો પક્ષપાત પેદા થયો.

નવલરામની ભાષા સરળ ને સહુ સમજે એવી હતી છતાં ઉપર કહ્યાં તેવાં ગાંધીજીના લખાણનાં વિશિષ્ટ તત્ત્વો એમના લખાણમાં મોજૂદ નહોતાં. છતાં સરળ, શુદ્ધ ને ગૌરવભરી શૈલી તો એમણે જ શરૂ કરી. એક વિવેચકમિત્રે તો એટલે સુધી કહ્યું કે ગાંધીજીની ભાષાશૈલી નવલરામની ભાષાશૈલી કરતાં આગળ વધી નથી. એક રીતે આ વાત સાચી છે. છતાં તેમાં એકાંગી સત્યદર્શન છે. ગાંધીજીએ નવલરામ જેવી સરળ ભાષાશૈલીથી અનેક વિષયોને ન્યાય આપ્યો. એને અનેક રીતે ઉપયોગમાં લઈ કઠિનમાં કઠિન વિષયને પણ સરળ શૈલીથી ન્યાય આપી શકાય છે એ સિદ્ધ કર્યું. એ શૈલીથી જ પ્રજાની હૃદયતંત્રીના તારને હલાવી તેમને ગંભીર વાચનના રસિયા બનાવ્યા. નવજીવન પ્રકાશનની વધતી જતી પ્રવૃત્તિ અને એનાં પ્રકાશનોની વધતી જતી ખપત એની સીધી સાબિતી છે.

"વિદ્યાવિલાસરત રહેવું અને પોતાના જ વર્ગના ગણ્યાગાંઠ્યા લોકો સમજી શકે એવું લખવું એવો કાળ નવલરામભાઈ પછી છેક ૧૯૨૦ સુધી—ગાંધીજીએ લોકસેવા માટે સાહિત્યના સાધનનો ઉપયોગ કરવા માંડ્યો ત્યાં સુધી—લગભગ ૩૦-૩૨ વર્ષનો ગયો. તેમાં મણિભાઈ

નભુભાઈ, અંબાલાલ સાકરલાલ, સર રમણભાઈ વગેરે જેવા કેટલાક અપવાદરૂપ લેખકો બાદ કરતાં બીજા લેખકો આમવર્ગથી અળગા જ પડી ગયા." (નવગ્રંથાવલિ પ્ર. પૃ. ૫૯) પણ આ સંબંધમાં ગાંધીજી જેટલું કોઈ પણ જનતાની જોડે ભળી શક્યું નથી. એમની આવી એકતાને લીધે જ તેઓ પ્રજાને પોતાની સાથે લઈ શક્યા.

નવજીવનનાં પ્રકાશનો ઊછરતી પ્રજા સારા પ્રમાણમાં વાંચે છે. તેમાં એક વર્ગ એવો છે જેને બીજાં છાપાંઓમાં આવતી જાહેરખબરો, ને ગંદા સાહિત્યની સૂગ પેદા થઈ છે. 'નવજીવન'ની કેટલીક ખાસિયતોથી તેઓ એટલા ટેવાઈ ગયા છે કે તેની સુઘડતા, નિયમિતતા, સાદાઈ એમને ગમી ગયાં છે. 'નવજીવન' મારફત આવી સ્વાસ્થ્યદાયી અસર ગાંધીજીએ પત્રકારો પર પણ પાડી છે. પત્રકારો 'નવજીવન'ની ખાસિયતોથી વાકેફ છે, તેને તેઓ વખાણે છે પણ ધંધાર્થે ને નફા અર્થે તેનાં સારાં લક્ષણો અપનાવી શકતા નથી.

વર્તમાનપત્રકારિત્વ પર ગાંધીજીએ કેટલીક તો સીધી અસર પાડી છે. પત્રકાર હમેશાં પોતા માટે 'અમે' વાપરતો. ગાંધીજી પણ શરૂઆતમાં રૂઢિને અનુસરીને પોતાને માટે બહુવચનનો પ્રયોગ કરતા. પરંતુ તરત જ આ વસ્તુ એમના લક્ષમાં આવતાં 'અમે'નો 'હું' કર્યો અને તેની અસરથી પત્રકાર સાહિત્યમાં બધેય પત્રકારોએ પોતાને માટે એકવચન વાપરવાનું શરૂ કર્યું. શાંત રીતે પ્રણાલિકાના તોડનારા ગાંધીજીએ પત્રકારોનું માન ઉતારીને એકંદરે તો તેમનું માન ને ગૌરવ વધાર્યાં જ છે. પત્રકારોએ એમની સાદી ભાષાનું અનુસરણ કરવાનું પણ ઉચિત ધાર્યું છે. છતાં આજે સહુ તેમ કરે છે એમ નથી. પણ તે તરફ સૌનો ઝોક તો થયો જ છે. જનસમાજના પ્રશ્નો પર પણ એમણે જ તેમનું ધ્યાન દોર્યું.

વ્યવસ્થા ગાંધીજીને પ્રિય હતી. સાત્ત્વિક સ્વભાવ સાથે વ્યવસ્થાપ્રેમ જોડાયેલો જ હોય. એમણે કયા ક્ષેત્રમાં વ્યવસ્થા નથી આણી?

સાહિત્યમાં પણ એક જાતની વ્યવસ્થા આણી ને તે ભાષાની જોડણીમાં. જોડણીકોષ તૈયાર કરવાની પ્રેરણા આપનાર તેઓ જ અને તેમણે જ ગૂજરાત વિદ્યાપીઠ પાસે પ્રથમ વાર આધારભૂત જોડણીકોષ તૈયાર કરાવ્યો અને એના ઉપર લખ્યું કે, 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.' કશી પણ પાર્થિવ સત્તા વગરના આ આ આદમીનો આદેશ ગુજરાતી પ્રજાએ ઝીલી લીધો અને ભાષાની જોડણી વ્યવસ્થિત થઈ રહી.

એમણે લોકભાષાને પ્રેરણા આપી લોકસાહિત્યને પ્રોત્સાહન આપવામાં ફાળો આપ્યો. પોતે લોકસાહિત્ય ભેગું નથી કર્યું છતાં તેના સંશોધનને પ્રોત્સાહન આપ્યું છે. પણ આ ને આવી અનેક બાબતમાં એમણે પ્રોત્સાહન આપ્યું ને શુભ પ્રવૃત્તિઓને વેગ આપ્યો. સાહિત્ય પરની એમની સીધી અસર તો પત્રકાર તરીકે કરી શકયા. 'જેનું સઘળું અન્ય સહુથી અનેરું જ છે તેવા આ યુગવિધાતા મહા પુરુષ લેખક તરીકે તો પત્રકાર જ છે, પણ 'પત્રકાર' તરીકે એમણે ગુજરાતી ભાષામાં સાદી, સીધી અને સચોટ છતાં તળપદી નહીં, કિન્તુ આત્મસંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઈક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરે છે.' (આનંદશંકર. સા. રૂ. પૃ. ૩૩૨)

આ અવર્ણનીય શૈલીથી વહેવા પામેલી અપૂર્વ વિચારધારાએ ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગનું સર્જન કર્યું, જે વિચારસરણી આખા સમાજને અસર કરી તેમાં એકસામટું પરિવર્તન કરી તેના ઉપર સ્થાયી અસર કરી જાય, તે યુગ સર્જ્યા વિના ન રહે. ગાંધીજીના સીધા ચિંતને લોકોના હૃદયને સ્પર્શ કર્યો એટલું જ નહીં પણ સાહિત્યકારો પર પણ થોડેઘણે અંશે એક યા બીજી રીતે અસર કરી. એનાથી સાહિત્યમાં નવાં વલણો ઊભાં થવા પામ્યાં. લખાણુમાં સંયમ પેદા થયો; ઊર્મિલતા પર અંકુશ મુકાયો. લખવા ખાતર લખાયેલા સાહિત્યની જગ્યાએ અનુભવમૂલક સાહિત્યની કિંમત

વધી. સાહિત્યમાં કેવળ વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ કરીને નહીં પણ જીવનમાં વાસ્તવવાદ ઉતાર્યો હોય તો જ તેની કિંમત અંકાવા લાગી. ગરીબોનાં દુઃખોનાં શબ્દચિત્રો કરતાં તેમનાં દુઃખ દૂર કરનારના લખાણની કિંમત વધી. એ રીતે સાહિત્યકાર પહેલાં જે ઊંચા નિરાળા સ્થાન પર બેસી ખાસ હકો ને પ્રતિષ્ઠા ભોગવતો તેને હવે કંઈક આમ જનતાની નજીક આવવા નીચે ઊતરવું પડ્યું, કારણ પ્રજાને સાહિત્યના મૂલ્યાંકનનું નવું ધોરણ મળી ગયું છે. કેવળ અભ્યાસવૃત્તિ કે સાક્ષરતાને બદલે અનુભવ પર ને કાર્ય પર રચાયેલા જ્ઞાનની કિંમત વધુ થવા લાગી છે. ભલે આચરણમાં પ્રજા સત્યનું પાલન વધુ કરવામાં ખાસ આગળ નહીં વધી હોય પણ સત્ય તરફનો કંઈક આગ્રહ તો વધ્યો જ છે. છૂટક વ્યક્તિઓમાં સત્યનો આગ્રહ ખૂબ વધ્યો દેખાય છે. સત્ય કેવળ ધર્મમાં જ હોય એવા ખોટા ખ્યાલો હાલી જવાને લીધે વેપાર જેવા ધંધામાં પણ સત્યનું ઓઠું તો સૌને લેવું પડે છે! કેવળ વિચારમાંય સત્ય તરફનો પક્ષપાત કંઈક વધ્યો છે એમ કાળાં બજારો ને પ્રજાના તૂટેલા નૈતિક ધોરણને જોયા છતાં કહેવું જોઈએ.

આ બધી અસરોને લીધે ગુજરાતી સાહિત્યમાં સર્જાયેલા ગાંધીયુગને આ. આનંદશંકરભાઈ ઇંગ્લંડના ઇલિઝાબેથના સાહિત્યયુગ સાથે સરખાવે છે. તે યુગમાં જેમ અંગ્રેજ પ્રજાએ વીર્ય શૌર્ય વડે જીવનનો નવોલ્લાસ અનુભવ્યો અને તેમાં જેમ મહાન સાહિત્યકારો પેદા થયા, તેવું કંઈક ગુજરાતી સાહિત્યના આ યુગમાં થયું. "ઇલિઝાબેથના ઇંગ્લંડમાં પ્રજાજીવનમાં જેમ અપૂર્વ વેગ, પરાક્રમ અને સમુલ્લાસનો પ્રાદુર્ભાવ એ એના સાહિત્યનું કારણ બન્યું હતું તેમ આપણા અર્વાચીન સાહિત્યમાં પણ બન્યું છે. માત્ર આપણી નસોમાં એ વેગ, પરાક્રમ અને સમુલ્લાસનું બળ જેટલું ઓછું તેટલું આપણું સાહિત્ય પણ ઇલિઝાબેથના ઇંગ્લંડના સાહિત્ય કરતાં ઊતરતું." (આ. આનંદશંકરભાઈ ગુ. સા. તા. ૧૯–૨–'૪૮)

આચાર્યશ્રીના આ મતમાં ઘણું સમતોલ અવલોકન છે. ગાંધીજીના પ્રખર તેજને જેટલે અંશે પ્રજા ઝીલવામાં પાછી પડી તેટલે અંશે ગુજરાતી સાહિત્ય આગળ વધી શક્યું નહીં. છતાં એ તેજે એમના સાથીઓ પર તો પ્રબળ અસર કરી છે અને ગાંધીમતના લોકોમાં ગાંધીજીની સીધી ને ઊંડી છાપ પડેલી છે. કાકાસાહેબ, મહાદેવભાઈ, વિનોબા ભાવે, કિશોરલાલ મશરૂવાળા, નરહરિ પરીખ વગેરે ગાંધીમતના લેખકો ગણાય અને તે દરેકે કંઈક ને કંઈક વિશિષ્ટ રીતે ગુજરાતી સાહિત્યમાં સુંદર ફાળો આપ્યો છે.

ગાંધીયુગની આટલા લેખકો પર જ સીધી અસર થઈ છે એમ નથી. વાતાવરણમાં રહેલી ગાંધીદર્શનની અસર તો ઓછેવધતે અંશે સહુ કોઈ પર છે જ. કોઈક વિરલ એકલદોકલ સ્વમત આગ્રહી સાહિત્યકાર એનાથી તદ્દન અસ્પૃશ્ય રહ્યો હશે. પણ તેને ગાંધીયુગનો સાહિત્યકાર ન ગણાય. તે આગલી પેઢીનો જ હોય.

ગાંધીયુગને સમીપથી જોતાં એને અન્યાય થઈ બેસવાનો સંભવ છે. ગાંધીદર્શન એ તો માનવી ઉત્ક્રાંતિનો માર્ગસૂચક મોટો સ્તંભ છે. એને આમજનતા કે ભણેલો બધોય વર્ગ એકદમ નહીં સમજી શકે એમ પણ બને. જે અસર સાહિત્ય પર કે જીવન પર નથી થવા પામી તે કાળક્રમે ને કાળબળે થાય ને થશે.

"Gandhism inaugurated the unity of the triple fundamentals of logic, ethics and acsthetics."

V. V. K. Rangachari

"તર્ક, નીતિ અને રસજ્ઞતાનાં વિવિધ મૂળતત્ત્વોની એકતા ગાંધીવાદે પેદા કરી પ્રચલિત કરી છે."

એમણે સાધેલા આ નીતિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને રસશાસ્ત્રની અને જીવનનાં વિવિધ અંગો વચ્ચેની એકતાને બહુ થોડા સમજી

શક્યા છે. તેથી નજીકના વર્તમાન પર ગાંધીજીની અસર બહુ ન થવા પામે. એમની વિશિષ્ટ પ્રકારની વિચારપદ્ધતિ એકદમ સમજાય તેવી નથી છતાં તે સરળ તો છે જ. અંતરના સંવેદન પર (અંતર અવાજ) પર તે બધો આધાર રાખતા. તે જ તેમના દરેક કાર્યમાં પ્રવૃત્ત કરનાર કારણ હતું. છતાં તેને પણ બુદ્ધિથી કસી જોતા. હૃદય નિર્મળ ને મજબૂત હોઈ શુદ્ધ ભાવો ને ભાવનાઓનું બળ એ તટસ્થ બુદ્ધિ ને જીવનસિદ્ધાંતોની કસોટીએ ચઢી ચૂકેલા અંતર અવાજને મળતું ને તરત જ તે કાર્યમાં પરિણમતું. આને લીધે તર્ક, નીતિ ને રસનો સુંદર સમન્વય એમના જીવનમાં, કાર્યમાં ને સાહિત્યમાં થઈ રહ્યો.

એમનું જીવન એ જ સાહિત્ય હતું એમ કહેવામાં અતિશયોક્તિ-દોષ નથી જ થતો. એમના જીવનમાં શું શું નહોતું? નવલકથાના રસને શોભાવે એવા અદ્ભુત પ્રસંગો છે, અકસ્માતો ને તેમાંથી કંઈક અજબ બળથી બચાવના કિસ્સાઓ છે; નાટ્ય તત્ત્વો પણ બધાં છે. નાટ્ય તત્ત્વ તો એમના એ નિષ્કામ કર્મયોગના જીવનનું પાસું બની ગયું હતું. જીવનને એક લીલા તરીકે લેતાં જ જવાબદાર કામોનો ઉકેલ લાવી શકતા. જીવનના અનેક પ્રસંગો વાર્તા જેવા બની ગયા છે. જીવનના બધાય રસો એમણે તેના શુદ્ધ સ્વરૂપમાં ચાખ્યા હતા. ઉચ્ચ વિચાર, લાગણી, પ્રેરણા અને અગમ સંવેદનો એમના દૈનિક જીવનના ભાગ બની ગયાં હતાં. વિરલ કરુણા ને પ્રજ્ઞા એમના જીવનનાં ચાલક તત્ત્વો હતાં. "જીવનનાટકમાં, એક જ પાત્રના જીવનમાં આટલી નાટ્યચમત્કૃતિઓ ભાગ્યે જ થઈ હશે." (રા. વિ. પાઠક 'ગાંધીજીનું ગદ્ય', સંસ્કૃતિ, ૩–'૪૮)

ગાંધીજીનું આવું વ્યક્તિત્વ અને સાહિત્ય તો મહાકાવ્યનો ઉત્તમ મસાલો છે.

ઉપસંહાર

આજના રોગિષ્ઠ વાતાવરણમાં ગાંધીજીની ફિલસૂફી નિસર્ગોપચારનું કામ દે તેવી છે. યંત્ર પાછળની ગાંડી દોટ, આંધળિયાં કરતો ભૌતિકવાદ, વિજ્ઞાનને નામે પોષાતી બહિર્મુખતા, સગવડ અને આનંદને ઓઠે પોષાતી વિલાસિતા આ જમાનાના મહારોગો છે. જેમ આ રોગો પેદા થયા તેમ તે રોગનો ઉપચાર પણ સાથે સાથે આવિષ્કાર પામ્યો. એ ઉપચાર બનાવટી કે બહારનો નથી. એ નૈસર્ગિક છે. કુદરતનાં સત્યોનો જ આધાર લઈને તેનો ઉપાય કરવાનો હોય છે. એમાં કંઈ બહારથી યોજાયેલી સખત કે જલદ દવા નથી પણ નિસર્ગોપચારની માફક કુદરતનો આધાર લઈ તેના બળથી જ માનવતાના જીવનનું આરોગ્ય અને આબાદી સાધવાની રીતિ છે.

યંત્ર માણસને દુ:ખદાયી થઈ પડ્યું છે તો તેની મર્યાદા આંકો. માનવ પણ એક જીવંત યંત્ર છે. એ યંત્રને જ ઉત્તમ બનાવો, એનો જેટલો વિકાસ થાય એટલો સાધો. વિજ્ઞાનનો બહિષ્કાર કરવાનો નથી, પણ વિજ્ઞાન જીવનના અંતરંગોમાં યોજી જીવનવિજ્ઞાનને આધારે બહારનાં ભૌતિક વિજ્ઞાનોને ગોઠવવાનાં છે. જીવનમાં આનંદ તો જોઈએ પણ તે વિષયોનો નહીં પણ સૂક્ષ્મ અને ઊર્ધ્વગતિ કરે તેવો ને શુદ્ધ અતીંદ્રિય બની રહેવો જોઈએ. આમ કુદરતના કાનૂનોનો આશરો લઈ, ઉત્ક્રાંતિને ઝડપી કરતી ગાંધીજીની ફિલસૂફી વિસ્તૃત અર્થમાં નિસર્ગોપચાર જ છે. આમજનતાને તે સુલભ છે. જેટલી તે શાસ્ત્રશુદ્ધ છે તેટલી જ તે વ્યવહારુ છે. ગાંધીજી આવી સર્વસુલભ વ્યવહારુ ફિલસૂફી આપી શક્યા કારણ કે તેઓ દિવ્ય જીવનના જ્યોતિર્ધર હતા તેની જ સાથે સામાન્યતાના શ્રેષ્ઠ પ્રતીક હતા. એટલે

આમસમાજ માટે ઉન્નતિનો, તથા જીવનની સાર્થકતાનો માર્ગ ખોળવામાં જ અને શોધેલે માર્ગે આગળ જવામાં જ તેમનું જીવન વીત્યું અને તેમાંથી જ એક સર્વોપયોગી વ્યવહારુ જીવનપદ્ધતિ અને ફિલસૂફી ઊભાં થયાં. એટલેથી પરમ સત્યની શોધ પૂરી નથી થતી. પણ તેની શોધ માટે અનેક ઉપયોગી માર્ગસ્તંભો સત્યશોધકો માટે તૈયાર થયા છે. જીવનના પરમતત્ત્વ અને હેતુ તથા સાધ્યની શોધમાં શરૂઆતમાં જ ગૂંચવાતા સાધકો માટે શોધનો વિશાળ પ્રદેશ ખુલ્લો થયો છે. તેની શરૂઆતની મુસીબતો ટળી ગઈ છે. વિચાર, આચાર અને વિવેકથી માર્ગનું સારી પેઠે ખેડાણ થઈ ગયું છે. જીવનવિજ્ઞાનના શોધકો અને સાધકોને માટે આથી વધુ બીજી ઉપકારક વસ્તુ કઈ હોઈ શકે? તેઓ ગાંધીજીના જીવન અને સાહિત્યમાંથી સત્યશોધનના પાઠ ભણી, ગાંધીજીની જેમ પોતાની તમન્ના તીવ્ર અને તેજસ્વી કરી, અવિરત સત્યશોધ કરવા પ્રેરાય તો ગાંધીજીના એ અમર વારસાનો સદુપયોગ થયો ગણાય અને તો જ એ વારસાને આપણે લાયક ઠરીએ.

અંતે સત્યમય જીવનનું જે સરળ ને સરસ ચિત્ર તેમણે દોર્યું છે તે યાદ કર્યા વિના ચાલે તેમ નથી. "આ ઈશ્વર, જેનો સાક્ષાત્કાર કરવા ઇચ્છીએ છીએ તે, સત્ય છે. અથવા કહો કે સત્ય એ જ ઈશ્વર. સત્ય એટલે સાચું બોલવું એટલું જ નહીં, સત્ય એટલે આ જગતમાં જે હમેશાં એને રૂપે હતું, છે અને હશે, અને એના સિવાય બીજું કાંઈ જ નથી, જે પોતાની શક્તિ વડે છે, જેને કોઈનો આશ્રય નથી જોઈતો, પણ જેને આશ્રયે જે કંઈ છે તે છે. સત્ય જ શાશ્વત છે, બાકી બધું ક્ષણિક છે. એને આકૃતિની જરૂર નથી. એ જ શુદ્ધ ચેતન છે, એ જ શુદ્ધ આનંદ છે. એને ઈશ્વર કહીએ કેમ કે એની સત્તા વડે જ બધું ચાલે છે. એ અને એનો કાયદો એક જ છે; તેથી એ કાયદો ચેતનરૂપ છે. એ કાયદાને આધારે આખું તંત્ર ચાલે છે. એ સત્યની આરાધના તે પ્રાર્થના — એટલે કે આપણી સત્યમય થવાની તીવ્ર ઇચ્છા. આ ઇચ્છા ચોવીસે કલાક હોવી જોઈએ. પણ આપણામાં એટલી જાગૃતિ

નથી, તેથી અમુક વખતે તો પ્રાર્થના, આરાધના કે ઉપાસના કરીએ જ, ને એમ કરતાં કરતાં આપણને ચોવીસે કલાક સત્યનું ચિંતવન રહે." (સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ પા. ૩૦–૩૧)

આવી સતત અનુભૂતિ જીવનનું ધ્યેય છે. એને માટે જ ધર્મ છે, કેળવણી છે. રાજકારણ કે સમાજકારણ પણ તે અર્થે જ છે. સાહિત્ય પણ એવી અનુભૂતિનો આવિષ્કાર બને. ગાંધીજીના જીવનમાં તો આમ જ બન્યું અને તેમનું સાહિત્ય એવી અનુભૂતિઓના, સત્યોના સાક્ષાત્કારોના આવિષ્કાર સમ બની રહ્યું. 'એ સત્યરૂપ પરમેશ્વર મારે સારુ રત્ન-ચિંતામણિરૂપ નીવડેલ છે, આપણ બધાંને સારુ નીવડો. (મંગળપ્રભાત પા. ૪)

ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની સૂચિ

પુસ્તક	લેખક	પ્રાપ્તિસ્થાન
આત્મકથા	ગાંધીજી	નવજીવન, અમદાવાદ
મારો જેલનો અનુભવ	,,	રાષ્ટ્રીય સાહિત્ય પ્રચારક મંડળ
કેળવણીનો કોયડો	,,	નવજીવન, અમદાવાદ
ખરી કેળવણી	,,	,,
રાષ્ટ્રભાષા વિષે વિચાર	,,	,,
સૉક્રેટીસનો બચાવ	,,	,,
અનાસક્તિયોગ	,,	,,
આશ્રમવાસી પ્રત્યે	,,	,,
ગીતાબોધ	,,	,,
મંગળપ્રભાત	,,	,,
ધર્મમંથન	,,	,,
વ્યાપક ધર્મભાવના	,,	,,
દિલ્હી ડાયરી	,,	,,
ગામડાંની વહારે	,,	,,
'નીતિનાશને માર્ગે'	,,	,,
રચનાત્મક કાર્યક્રમ	,,	,,
વર્ણવ્યવસ્થા	,,	,,
ગોસેવા	,,	,,
અહિંસા	,,	,,
દારૂનિષેધ	,,	,,
હિંદ સ્વરાજ	,,	,,
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	,,	,,

દેશી રાજ્યોનો પ્રશ્ન	ગાંધીજી	નવજીવન, અમદાવાદ
ગાંધીજીનો સરકાર સાથેનો પત્રવહેવાર	,,	,,
સર્વોદય	,,	,,
સો ટકા સ્વદેશી	,,	,,
બેલગામ મહાસભા	,,	,,
સાચી મજૂર ચળવળનાં મૂળતત્ત્વો	,,	સસ્તું સાહિત્ય, અમદાવાદ
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન	,,	,,
જીવનશોધન	કિશોરલાલ મશરૂવાળા	નવજીવન, અમદાવાદ
કેળવણીના પાયા	,,	,,
સમૂળી ક્રાંતિ	,,	,,
સંસાર અને ધર્મ	,,	,,
સત્યમય જીવન	,,	પ્રસ્થાન, અમદાવાદ
ગીતામંથન	,,	નવજીવન, અમદાવાદ
સ્ત્રી-પુરુષ-મર્યાદા	,,	,,
સુવર્ણની માયા	,,	,,
ગાંધીવિચારદોહન	,,	,,
નિર્ભયતા	,,	,,
જીવનવિકાસ	કાકા કાલેલકર	,,
જીવનનો આનંદ	,,	,,
જીવનસંસ્કૃતિ	,,	,,
ગીતાધર્મ	,,	,,
જીવનભારતી	,,	,,
કાલેલકરના લેખો	,,	,,
સત્યાગ્રહની મર્યાદા	મહાદેવ દેસાઈ	,,
એક ધર્મયુદ્ધ	,,	,,

બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ	મહાદેવ દેસાઈ	નવજીવન, અમદાવાદ
એ ખુદાઈ ખિદમતગાર	,,	,,
મારી જીવનકથા (નેહરુ)	,,	,,
સત્યાગ્રહની મીમાંસા	મગનભાઈ દેસાઈ	,,
રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	,,	,,
ગાંધીજીની લંડનયાત્રા	ક. મ. દવે	,,
ગાંધીજીની સાધના	રાવજીભાઈ પટેલ	,,
અમારાં બા	વનમાળા પરીખ, સુશીલા નય્યર	,,
બાપુ	ઘનશ્યામદાસ બિરલા	,,
વર્ધા શિક્ષણ યોજના	ઝાકિર હુસેન કમિટી	,,
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	જુગતરામ દવે	,,
ગાંધીજી	,,	,,
ભારતસેવક ગોખલે	,,	,,
અહિંસાની તાલીમ	ચં. પ્રા. શુક્લ	,,
હિન્દુ જીવનદર્શન	,,	,,
યંત્રો સામે બળવો	,,	,,
રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	રાજેન્દ્રપ્રસાદ	,,
સર્વોદયની જીવનકળા	ગો. જી. પટેલ	,,
વિશ્વશાંતિ	ઉમાશંકર જોષી	,,
મધુકર	વિનોબા ભાવે	,,
માનવ અર્થશાસ્ત્ર	નરહરિ પરીખ	,,
વર્ધા કેળવણી પ્રયોગ	,,	,,
ત્યારે કરીશું શું?	,,	,,
સામ્યવાદ અને સર્વોદય	,,	પ્રસ્થાન, અમદાવાદ

યંત્રની મર્યાદા	નરહરિ પરીખ	ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
મારું ગામડું	અમલભાઈ મહેતા	,,
સ્વરાજ્યશાસ્ત્ર	વિનોબા ભાવે	,,
આહાર અને પોષણ	ઝવેરભાઈ પટેલ	,,
આધુનિક ભારત	જાવડેકર	,,
નવજીવન, અને હરિજનબંધુની ફાઈલો		
ગુજરાતનો તપસ્વી	કવિ નાનાલાલ	
યુગપુરુષ ગાંધી	કૃષ્ણમૂર્તિ, વાય. જી.	કિશોર પ્રાણલાલ, મુંબઈ
ઈશુ અને ગાંધી	કપિલપ્રસાદ મહાસુખભાઈ	અમદાવાદ
યુગાવતાર ગાંધી	રામનારાયણ પાઠક	
ગાંધીમણિમહોત્સવ અંક	,,	પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ
ગાંધીજી સાથે અઠવાડિયું	લુઈ ફિશર	વોરા અને કંપની, મુંબઈ
ગાંધીજીના સાંનિધ્યમાં		ભારતી પ્રકાશન મંદિર, ભાવનગર
મ. ગાંધીજીના સહવાસમાં	ઇન્દુલાલ યાજ્ઞિક	હિન્દુસ્થાન ન્યુસ પેપર, મુંબઈ
ગાંધીજીને જગવંદના	રાધાકૃષ્ણન	વોરા અને કંપની, મુંબઈ
ગ્રામ ઉદ્યોગ – ગ્રામ પુનર્રચના	ભારતન કુમારપ્પા	અ. ભા. ગ્રા. ઉ. સંઘ, વર્ધા
તીર્થસલિલ	દિલીપકુમાર રૉય	મહાગુજરાત કંપની, મુંબઈ
ગાંધીજીના સમાગમમાં	ચંદ્રશંકર શુક્લ	રાયચુરા બુક ડીપો, વડોદરા
હિન્દી સંસ્કૃતિ અને અહિંસા	ધર્માનંદ કોસંબી	જી. અ. મહેતા, અમદાવાદ
વીરની હાકલ	સરદાર વલ્લભભાઈ	પ્રસ્થાન, અમદાવાદ
રાજકોટ સત્યાગ્રહ	રામનારાયણ ના. પાઠક	ભારતી સાહિત્ય સંઘ
આપણો ધર્મ	આનંદશંકર ધ્રુવ	મ. રા. જાગુષ્ટે અમદાવાદ
હિન્દુ ધર્મની બાળપોથી	,,	લક્ષ્મી ઇલેક્ટ્રિક પ્રિ. પ્રેસ, વડોદરા

ગીતા સંકલન	રમણ મહર્ષિ, ગાંધીજી, મશરૂવાળા	સસ્તું સાહિત્ય, અમદાવાદ
શ્રીમદ્ રાજચંદ્ર		હેમચંદ ટોકરશી મહેતા, મુંબઈ
ધર્મોનું મિલન	રાધાકૃષ્ણન	ભારતીય વિદ્યાભવન, મુંબઈ
અસહકાર ભા. ૧, ૨, ૩		નગીનદાસ અમુલખરાય દેસાઈ
હિન્દ કયે રસ્તે?	જવાહરલાલ નેહરૂ	ક. મ. પંડ્યા, દાહોદ
સમાજવાદ શા માટે?	જયપ્રકાશ નારાયણ	નવી દુનિયા, અમદાવાદ
કેળવણીની પગદંડી	નાનાભાઈ	ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા
સંસાર મંથન	ના. દ. કવિ	અમદાવાદ
આચાર્ય કૃપાલાનીના લેખો	જે. જી. ગાંધી	અમદાવાદ
સૂરખરાજ, બાઈબલ રહસ્ય, સત્યવીરની કથા		ગાંડીવ, સુરત
જીવન અને સાહિત્ય ભા. ૧–૨	રમણલાલ વ. દેસાઈ	આર. આર. શેઠની કંપની, મુંબઈ
ગુજરાતની અસ્મિતા	ક. મા. મુનશી	ગૂજરાત સાહિત્ય પરિષદ, મુંબઈ
બાપુનાં પારણાં	ઝવેરચંદ મેઘાણી	સ્વાધીન મુદ્રણાલય, રાણપુર
એશિયાની ભીતરમાં	જોન ગંથર	યુગધર્મ કાર્યાલય, અમદાવાદ
રેખાચિત્રો	લીલાવતી મુનશી	જી. અ. મહેતા અમદાવાદ
માણસાઈના દીવા	ઝવેરચંદ મેઘાણી	ભારતી સાહિત્ય સંઘ અમદાવાદ
ગુજરાતના સેવકો	ચંદ્રકાન્ત શાહ	સસ્તું સાહિત્ય, અમદાવાદ
સર્વે શુભોપમા યોગ્ય મહાદેવભાઈ	સંસ્કાર સાહિત્ય મંદિર	ભાવનગર
The Tragedy of Gandhi	Bolton Glorney	London George Allen
Gandhi Versus Lenin	Dange S. A.	Bombay

Mr. Gandhi : An Indian Patriot in South Africa	Doke Joseph J.	
Out of Dust	Karaka D. F.	Bombay
Seven Months With Mahatma Gandhi	Krishnadas Gandhi	Navajivan, Ahmedabad
I Follow The Mahatma	K. M. Munshi	Bombay, Allied Publishers
Mahatma Gandhi	Radhakrishnan S.	London, George Allen
Mahatma Gandhi	Wadia P. A.	Bombay New Book Co.
Mahatma Gandhi's Ideas	Andrews C. F.	London, George Allen
Aryan Path (Special Number)	Hind Swaraj	Bombay, Theosophical Society
The Political Philosophy of Mahatma Gandhi	Dhawan G. N.	Navajivan, Ahmedabad
The Power of Non-Violence	Gregg Rechard	Navajivan, Ahmedabad
Ends & Means	Huxley Aldous	London, Chatto & Windus
The Gandhian Way	Kripalani Acharya J. B.	Vora & Co. Bombay
Practical Non-Violence	Mashruwala K. G.	Navajivan, Ahmedabad
Gandhi & Gandhism VOL. 1 & 2	Pattabhi Sitaramaiyya	London, Victor Golannez

Gandhism An Analysis	Spratt	Madras, The Huxley Press
Gandhism Reconsidered	Dantawala M. L.	Padma Publication Bombay
Socialism Reconsidered	Masani M. R.	,,
The Latest Fad	Kripalani J. B.	Sewagram
The Wardha Scheme	Varky C. J.	London, Oxford Press
Gujarat & Its Literature	Munshi K. M.	Longman's Green & Co.
Christian Missions Their Place in India	Mahatma Gandhi	Navajivan, Ahmedabad
Gandhi's Challenge To Christianity	George S. K.	London, Georg Allen
The Religion of Man	Tagore, Rabindranath	,,
Men & Machinery	Chase Stuart	New York, Macmillan
Women & Social Injustice	Gandhiji	Navajivan, Ahmedabad
What Congress & Gandhi Has done to Untouchables	Ambdedkar B. R.	Bombay, Thekar
The Epic Fast	Pyarelal	Navajivan, Ahmedabad
The Gandhian Plan	Agraval S.	Padma Pubication Bombay

Available files of Young India and Harijan

વિષયસૂચિ

સંજ્ઞાઓ

અ. યો. પૃ.	અનાસક્તિયોગ પૃષ્ઠ
આ. ભા.	આત્મકથા ભાગ (ખંડ)?
આ. પ્ર. પૃ	આશ્રમવાસી પ્રત્યે પૃષ્ઠ
કે. કો.	કેળવણીનો કોયડો
ખ. કે.	ખરી કેળવણી
ગી. અ. શ્લોક.	ગીતા અધ્યાય શ્લોક
ગી. બો.	ગીતાબોધ
ગી. ભૂ.	ગીતાબોધની ભૂમિકા
ગૂ. સા. પ.	ગૂજરાત સાહિત્ય પરિષદ
ગૂ. સા. સ.	ગૂજરાત સાહિત્ય સભા
જી–સા	જીવન અને સાહિત્ય
દ. આ. ઇ. ભા.	દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ભાગ
દ. આ. સ. ભા	,,
ધ. મં.	ધર્મમંથન
પા. ૧. સૂ. ૨૮	પાતંજલ દર્શન સૂત્ર ૨૮
ભા. ગો. પૃ.	ભારત સેવક ગોખલે પૃષ્ઠ
મ. ગાં. પત્રો	મહાત્મા ગાંધીજીના પત્રો
મં. પૃ.	મંગળપ્રભાત પૃષ્ઠ
વ. કે. પ્ર.	વર્ધા કેળવણીનો પ્રયોગ
સ. ક.	સત્યવીરની કથા
સ. ઇ.	સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ
હિં. સ્વ. પૃ.	હિંદ સ્વરાજ પૃષ્ઠ

સત્યાગ્રહની મીમાંસા

[સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ]

લેખક: **મગનભાઈ દેસાઈ**

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દૃષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પ્રથમ પુસ્તક. શ્રી કાકાસાહેબ કાલેલકરની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૩-૦-૦ ટપાલ રવાનગી ૦-૮-૦